ચોથી શ્રેણી

પુસ્તક-૯૦

તા. ૨૩મી માર્ચ, ૨૦૨૨
ચૈત્ર ૨, ૧૯૪૪ શાકે
થી
તા.૨૫ મી માર્ચ, ૨૦૨૨
ચૈત્ર ૪, ૧૯૪૪ શાકે

सत्यमेव जयते

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## દસમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક-૯૦

# અ નુ ક્ર મ ણિ કા

ચોથી શ્રેણી


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૨૩મી માર્ચ ૨૦૨૨ ચૈત્ર ૨, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ | ૧૪૮ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર (વડાપ્રધાનશ્રી માટે કરેલ સૂત્રોચ્ચાર અંગે) | ૧૪૯ | ૧૫૦ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૧૫૦ | ૧૫૦ |
| વૈધાનિક પ્રસ્તાવ સિવાયનો સરકારી પ્રસ્તાવ (નિયમ-૧૦૧) | ૧૫૧ | ૧૫૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧૫૭ | ૧૯૦ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત (માનનીય રાષ્ટ્રપતિશ્રીના સંબોધન અંગે) | ૧૮૨ | ૧૮૩ |
| **તા.૨૪મી માર્ચ ૨૦૨૨ ચૈત્ર ૩, ૧૯૪૪ શાકે** | | |
| રાષ્ટ્રપતિશ્રીનું સંબોધન | ૧૯૧ | ૧૯૭ |
| તારાંકિત પ્રશ્નો | ૧૯૭ | ૨૧૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૫ | ૩૪૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૩૪૫ | ૩૬૪ |
| બિન-સરકારી વિધેયકો | ૩૬૫ | ૩૭૦ |
| ગુજરાત લાંબી બીમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક-૨૦૨૧ | ૩૬૫ | ૩૭૦ |
| **તા.૨૫મી માર્ચ ૨૦૨૨ ચૈત્ર ૪, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૭૧ | ૩૮૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૮૨ | ૪૭૩ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર (વિધાનસભા પરિસરમાં સભા ભરી પ્રદર્શન કરવા બાબત) | ૪૭૪ | ૪૭૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૭૬ | ૪૭૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૪૭૭ | ૫૦૩ |

ચૈત્ર ૨, ૧૯૪૪ શાકે
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૨૨**
**ચૈત્ર-૨, શાકે ૧૯૪૪**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**તારાંકિત પ્રશ્નો**

**રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ના રેપીડ અને આર.ટી.પી.સી.આર. ટેસ્ટની કીટ ખરીદવા બાબત**

* ૪૪૫૨૨ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ના રેપીડ અને આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટે કઈ કંપની પાસેથી કેટલી ટેસ્ટકીટ શા ભાવે ખરીદવામાં આવી, અને

(૨)ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઈ કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧) અને (૨)

- આર.ટી.પી.સી.આર. ટેસ્ટકીટની માહિતી પત્રક-૧ મુજબ.
- રેપીડ ટેસ્ટકીટની માહિતી પત્રક– ૨ મુજબ.

**પત્રક-૧**

| **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **કંપનીનું નામ** | **ઓર્ડરની તારીખ** | **ભાવ રૂ. પ્રતિ ટેસ્ટ** | **જથ્થો ટેસ્ટ** | **કુલ રકમ રૂ.** | **ચૂકવેલ રકમ રૂ.** | **ચૂકવવાની બાકી રકમ રૂ.** |
| મે.કોસારા ડાયગ્નોસ્ટીક | ૧૭-૦૪-૨૦૨૦ | ૭૮૨.૮૮ | ૧૬૦૦ | ૧૨૫૨૬૦૮ | ૧૨૫૨૬૦૮ | ---- |
| | ૧૮-૦૪-૨૦૨૦ | ૬૧૬ | ૧૮૪૦૦ | ૧૧૩૩૪૪૦૦ | ૧૧૩૩૪૪૦૦ | ---- |
| મે.એબોટ હેલ્થકેર પ્રા.લિ. | ૦૭-૦૫-૨૦૨૦ | ૧૬૪૮ | ૮૦૦૦ | ૧૩૧૮૪૦૦૦ | ૧૩૧૩૧૨૬૪ | પેઢીએ પેકિંગ સાઈઝના લીધે ૩૨ ટેસ્ટ ઓછી સપ્લાય કરેલ છે. તેથી કોઈ ચૂકવણું બાકી રહેતું નથી. |
| મે.મેરીલ ડાયગ્નોસ્ટીક પ્રા.લિ. | ૨૭-૦૭-૨૦૨૦ | ૪૭૯.૩૬ | ૭૫૦૦૦ | ૩૫૯૫૨૦૦૦ | ૩૫૯૫૨૦૦૦ | ---- |
| | ૧૮-૦૯-૨૦૨૦ | ૨૨૮.૪૮ | ૧૪૦૦૦૦ | ૩૧૯૮૭૨૦૦ | ૩૧૯૮૭૨૦૦ | ---- |
| | ૧૩-૧૧-૨૦૨૦ | ૬૪.૯૬ | ૧૦૦૦૦૦ | ૬૪૯૬૦૦૦ | ૬૪૯૬૦૦૦ | ---- |
| મે.પોક્ટ સર્વિસીસ | ૧૮-૦૯-૨૦૨૦ | ૨૨૮.૪૮ | ૬૦૦૦૦ | ૧૩૭૦૮૮૦૦ | ૧૩૭૦૮૮૦૦ | ---- |
| મે.ઇમ્પીરિયલ લાઇફ સાયન્સ | ૦૨-૧૨-૨૦૨૦ | ૬૪.૯૬ | ૨૦૦૦૦૦ | ૧૨૯૯૨૦૦૦ | ૧૨૯૯૨૦૦૦ | ---- |
| | ૧૪-૧૨-૨૦૨૦ | ૬૪.૯૬ | ૫૦૦૦૦ | ૩૨૪૮૦૦૦ | ૩૨૪૮૦૦૦ | ---- |
| મે.પી.ડી. Hb-951-3-22-SIS-10 | ૧૮-૧૨-૨૦૨૦ | ૪૦.૫૫ | ૩૦૦૦૦૦ | ૧૨૧૬૫૦૦૦ | ૧૨૧૬૫૦૦૦ | ---- |
| | [illegible]૧-૨૦૨૧ | ૪૦.૨ | ૪૫૦૦૦૦ | ૧૮૦૯૦૦૦૦ | ૧૮૦૯૦૦૦૦ | ---- |
| **તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨** | | | | | | |
| **કંપનીનું નામ** | **ઓર્ડરની તારીખ** | **ભાવ રૂ. પ્રતિ ટેસ્ટ** | **જથ્થો ટેસ્ટ** | **કુલ રકમ રૂ.** | **ચૂકવેલ રકમ રૂ.** | **ચૂકવવાની બાકી રકમ રૂ.** |
| મે.પી.ડી. | ૦૧-૦૪-૨૦૨૧ | ૩૦.૫ | ૪૫૦૦૦૦ | ૧૩૭૨૫૦૦૦ | ૧૩૭૨૫૦૦૦ | ---- |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એન્ટરપ્રાઇઝ | ૧૮-૦૪-૨૦૨૧ | ૩૦.૫ | ૧૧૨૫૦૦ | ૩૪૩૧૨૫૦ | ૩૪૩૧૨૫૦ | ---- |
| | ૨૦-૦૪-૨૦૨૧ | ૩૦.૫ | ૧૧૨૫૦૦ | ૩૪૩૧૨૫૦ | ૩૪૩૧૨૫૦ | ---- |
| મે.જીસીસી બાયોટેક ઇન્ડીયા પ્રા.લિ. | ૨૪-૦૪-૨૦૨૧ | ૨૩ | ૭૫૦૦૦૦ | ૧૭૨૫૦૦૦૦ | ૧૭૨૫૦૦૦૦ | ---- |
| | ૧૨-૦૫-૨૦૨૧ | ૨૫ | ૧૦૦૦૦૦૦ | ૨૫૦૦૦૦૦ | ૨૫૦૦૦૦૦૦ | ---- |
| | ૨૩-૦૯-૨૦૨૧ | ૧૭.૬ | ૧૦૫૦૦૦૦ | ૧૮૪૮૦૦૦૦ | ૧૬૩૬૮૦૦૦ | ૨૧૧૨૦૦૦ |
| મે.મેરીલ ડાયગ્નોસ્ટીક પ્રા.લિ. | ૨૩-૦૯-૨૦૨૧ | ૧૭.૬ | ૪૫૦૦૦૦ | ૭૯૨૦૦૦૦ | ૭૯૨૦૦૦૦ | ---- |
| | ૦૭-૦૧-૨૦૨૨ | ૧૯.૭૫ | ૧૫૦૦૦૦૦ | ૨૯૬૨૫૦૦૦ | ૧૩૮૨૫૫૭૪ | ૧૫૭૯૯૪૨૬ |
| | ૨૯-૦૧-૨૦૨૨ | ૧૯.૭૫ | ૩૭૫૦૦૦ | ૭૪૦૬૨૫૦ | ---- | ૭૪૦૬૨૫૦ |

**પત્રક-૨**

| તા.૦૧-૦૨-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **કંપનીનું નામ** | **ઓર્ડરની તારીખ** | **ભાવ રૂ. પ્રતિ ટેસ્ટ** | **જથ્થો ટેસ્ટ** | **કુલ રકમ રૂ.** | **ચૂકવેલ રકમ રૂ.** | **ચૂકવવાની બાકી રકમ રૂ.** |
| મે.એસ.ડી. બાયોસેન્સર | ૧૦-૦૭-૨૦૨૦ | ૪૭૨.૫ | ૪૦૦૦૦ | ૧૮૯૦૦૦૦૦ | ૧૮૯૦૦૦૦૦ | ---- |
| | ૨૩-૦૭-૨૦૨૦ | ૫૦૪ | ૨૫૦૦૦ | ૧૨૬૦૦૦૦૦ | ૧૨૬૦૦૦૦૦ | ---- |
| | ૨૭-૦૭-૨૦૨૦ | ૫૦૪ | ૨૫૦૦૦ | ૧૨૬૦૦૦૦૦ | ૧૨૬૦૦૦૦૦ | ---- |
| | ૦૫-૦૮-૨૦૨૦ | ૪૫૯.૨ | ૨૧૦૦૦૦ | ૯૬૪૩૨૦૦૦ | ૯૬૪૩૨૦૦૦ | ---- |
| | ૧૧-૦૮-૨૦૨૦ | ૪૫૯.૨ | ૫૦૦૦૦ | ૨૨૯૬૦૦૦૦ | ૨૨૯૬૦૦૦૦ | ---- |
| | ૧૩-૦૮-૨૦૨૦ | ૪૫૯.૨ | ૩૦૦૦૦૦ | ૧૩૭૭૬૦૦૦૦ | ૧૩૭૭૬૦૦૦૦ | ---- |
| | ૧૯-૦૮-૨૦૨૦ | ૪૫૯.૨ | ૮૦૦૦૦૦ | ૩૬૭૩૬૦૦૦૦ | ૩૬૭૩૬૦૦૦૦ | ---- |
| | ૦૩-૦૯-૨૦૨૦ | ૪૫૯.૨ | ૧૦૦૦૦૦૦ | ૪૫૯૨૦૦૦૦૦ | ૪૫૯૨૦૦૦૦૦ | ---- |
| | ૧૭-૦૯-૨૦૨૦ | ૪૫૯.૨ | ૨૪૦૦૦૦ | ૧૧૦૨૦૮૦૦૦ | ૧૧૦૨૦૮૦૦૦ | ---- |
| | ૦૬-૧૦-૨૦૨૦ | ૪૧૪.૪ | ૧૫૦૦૦૦૦ | ૬૨૧૬૦૦૦૦૦ | ૬૨૧૬૦૦૦૦૦ | ---- |
| મે.માયલેબ ડીસ્કવરી સોલ્યુસશ પ્રા.લિ. | ૧૯-૦૮-૨૦૨૦ | ૪૫૯.૨ | ૨૦૦૦૦૦ | ૯૧૮૪૦૦૦૦ | ૯૧૮૪૦૦૦૦ | ---- |
| | ૩૦-૦૭-૨૦૨૦ | ૪૮૫ | ૧૦૦૦૦૦ | ૪૮૫૦૦૦૦૦ | ૪૮૫૦૦૦૦૦ | ---- |
| | ૧૦-૧૧-૨૦૨૦ | ૨૫૫.૯૨ | ૧૦૦૦૦૦૦ | ૨૫૫૯૨૦૦૦૦ | ૨૫૫૯૨૦૦૦૦ | ---- |
| મે.લેબકેર ડાયગ્નોસ્ટીક પ્રા.લિ. | ૦૫-૦૮-૨૦૨૦ | ૪૫૯.૨ | ૯૦૦૦૦ | ૪૧૩૨૮૦૦૦ | ૪૧૩૨૮૦૦૦ | ---- |
| | ૧૭-૦૯-૨૦૨૦ | ૪૫૯.૨ | ૬૦૦૦૦ | ૨૭૫૫૨૦૦૦ | ૨૭૫૫૨૦૦૦ | ---- |
| મે.ટ્રીવીટ્રોન હેલ્થકેર પ્રા.લિ. | ૨૪-૧૧-૨૦૨૦ | ૧૦૫.૧૭ | ૧૦૦૦૦૦૦ | ૧૦૫૧૭૦૦૦૦ | ૧૦૫૧૭૦૦૦૦ | ---- |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૧૮-૧૨-૨૦૨૦ | ૧૦૫.૧૭ | ૧૨૦૦૦૦૦ | ૧૨૬૨૦૪૦૦૦ | ૧૨૬૨૦૪૦૦૦ | ---- |
| **તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨** | | | | | | |
| મે. ઓસ્કાર મેડીકેર પ્રા.લિ. | ૩૦-૦૩-૨૦૨૧ | ૨૯.૨૩ | ૧૦૦૦૦૦૦ | ૨૯૨૩૦૦૦૦ | ૨૯૨૩૦૦૦૦ | ---- |
| | ૧૧-૦૪-૨૦૨૧ | ૨૯.૨૩ | ૨૫૦૦૦૦ | ૭૩૦૭૫૦૦ | ૭૩૦૭૫૦૦ | ---- |
| | ૧૧-૦૧-૨૦૨૨ | ૧૧.૧૭ | ૯૦૦૦૦૦ | ૧૦૦૫૩૦૦૦ | ---- | ૧૦૦૫૩૦૦૦ |
| મે. એચ.એલ.એલ લાઇફ કેર લિ. | ૨૯-૦૪-૨૦૨૧ | ૬૭.૨+૫% સર્વિસ ચાર્જ | ૫૦૦૦૦૦ | ૩૫૨૮૦૦૦૦ | ૩૫૨૮૦૦૦૦ | ---- |
| | ૨૯-૦૪-૨૦૨૧ | ૬૭.૨+૫% સર્વિસ ચાર્જ | ૧૦૦૦૦૦૦ | ૭૦૫૬૦૦૦૦ | ૭૦૫૬૦૦૦૦ | ---- |
| મે.ટ્રીવીટ્રોન હેલ્થકેર પ્રા.લિ. | ૦૯-૦૪-૨૦૨૧ | ૩૨.૪૮ | ૧૦૦૦૦૦૦ | ૩૨૪૮૦૦૦૦ | ૩૨૪૮૦૦૦૦ | ---- |
| | ૦૭-૦૫-૨૦૨૧ | ૭૨.૮ | ૧૦૦૦૦૦૦ | ૭૨૮૦૦૦૦૦ | ૭૨૮૦૦૦૦૦ | ---- |
| | ૧૧-૦૫-૨૦૨૧ | ૭૨.૮ | ૨૫૦૦૦૦ | ૧૮૨૦૦૦૦૦ | ૧૮૨૦૦૦૦૦ | ---- |
| | ૧૨-૦૫-૨૦૨૧ | ૭૨.૮ | ૨૫૦૦૦૦ | ૧૮૨૦૦૦૦૦ | ૧૮૨૦૦૦૦૦ | ---- |
| મે.અલ્પાઇન બાયોમેડિકલ પ્રા.લિ. | ૦૩-૦૪-૨૦૨૧ | ૨૯.૨૩ | ૨૫૦૦૦૦ | ૭૩૦૭૫૦૦ | ૭૩૦૭૫૦૦ | ---- |
| મે.પી.ભોગીલાલ પ્રા.લિ. | ૨૪-૦૪-૨૦૨૧ | ૩૨.૨૫ | ૪૮૦૦૦૦ | ૧૫૪૮૦૦૦૦ | ૧૫૪૮૦૦૦૦ | ---- |
| મે.પી.ડી. એન્ટરપ્રાઇઝ | ૨૬-૦૪-૨૦૨૧ | ૩૩.૨૪ | ૧૨૫૦૦૦૦ | ૪૧૫૫૦૦૦૦ | ૪૧૫૫૦૦૦૦ | ---- |

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ના રેપીડ અને RTPCR ટેસ્ટ માટે કઇ કંપની પાસેથી કેટલી ટેસ્ટકીટ શા ભાવે ખરીદવામાં આવી અને રાજ્ય સરકાર દ્વારા કોરોનાની RTPCR કીટ ૭૮૩ અને ૧૭ રૂપિયામાં પણ ખરીદ કરવામાં આવી છે અને RTPCR ટેસ્ટ કીટ ૫૦૪ થી ૧૧ રૂપિયા સુધી ખરીદવામાં આવી છે. તો સસ્તા ભાવે કીટ મળતી હોવા છતાં આટલા ઉંચા ભાવે કીટ ખરીદવાનાં કારણો શાં છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં RTPCRની જે રેપીડ કીટ તા.૧૧-૧-૨૨ના રોજ ઓસ્કાર મેડિકલ પ્રાઇવેટ લિમિટેડ પાસેથી ૧૧ રૂપિયા અને ૧૭ પૈસાના ભાવે આપણે ખરીદી છે. ૯૦હજાર જેટલી કીટો ખરીદી છે અને RTPCR કીટ આપણે તા.૧૮-૧-૨૨ના રોજ અને એ ૧૯ રૂપિયા અને ૭૫ પૈસાના ભાવે ખરીદી છે અને સાથે સાથે એમણે કહ્યું છે કે ભાવનો ફરક છે. એમાં આપણી કોવિડ-૧૯ની જે તે સમયની પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઇ સદર આઇટમ RTPCR કીટ ૨,૫૦૦ ટેસ્ટ કીટ પ્રતિ માસ જથ્થા માટે તાત્કાલિક ખરીદી માટે અધિક નિયામકશ્રી તરફથી તા.૪-૪-૨૦૨૦ના રોજ ઇન્ડેન્ટ મળેલ, સદરહુ આઇટમ જેમ ઉપર ઉપલબ્ધ નહોતી એટલે સદરહુ આઇટમની ખરીદી માટે મળેલી દરખાસ્ત તેમજ વધુ સ્પર્ધા મળે તેમજ પારદર્શકતા જળવાઇ રહે તે માટે GMSCLની વેબસાઇટ ઉપર જાહેરાત દ્વારા કવોટેશનથી કુલ ૨૬ દરખાસ્તો આપણને મળેલી, જેની ટેકનિકલ કમિટી દ્વારા સ્ક્રૂટીની કરાવતા સ્વીકૃત થયેલી દરખાસ્તોમાંથી પાંચ ઓફર આઇ.સી.એમ.આર. એપ્રુવ અને ૩ ઓફર USFDA & CAIVD એપ્રુવ BGCI એપ્રુવ સહિતની હતી. વિગતો સહ એજન્ડા ખાસ ખરીદી સમક્ષ રજૂ કરાયેલ, આ ઓફરો પૈકી મે. કોસારા ડાયગ્નોસ્ટિક તરફથી સૌથી નીમ્ન ક્રમે ભાવ રૂ. ૭૮૨.૮૮ પ્રતિ ટેસ્ટથી ઓફર રજૂ થયેલ જે ભાવ ખાસ ખરીદી સમિતિએ મંજૂર કરેલ, જે મુજબ પેઢી કોસારા ડાયગ્નોસ્ટિકને કુલ ૨૦હજાર ટેસ્ટ માટેના ખરીદ આદેશ આપવાના નિર્ણય લેવાતા તા. ૧૭-૪-૨૦૨૦ના રોજ પેઢી કોસારા ડાયગ્નોસ્ટિક એ કુલ ૧૬૦૦ ટેસ્ટ તાત્કાલિક ભાવ રૂ.૭૮૨ પ્રતિ ટેસ્ટથી એસે.એસ.જી. હોસ્પિટલ, વડોદરા ખાતે સપ્લાય થયેલ અને બાકી કુલ ૧૮,૪૦૦ ટેસ્ટ માટે ભાવ રૂ. ૭૮૨.૮૮ પ્રતિ ટેસ્ટથી તા.૧૮-૪-૨૦૨૦ના રોજ ખરીદી આદેશ અપાયેલ, જે અંગે પેઢીએ સપ્લાયમાં વિલંબ બાબતે જણાવતા અને ભારતમાં ઉત્પાદિત કીટ સપ્લાય કરવાની રજૂઆત કરતા જી.એમ.એસ.સીએલ. દ્વારા ભાવમાં નેગોશીએશન કરાતા, આપેલ ખરીદ આદેશમાં પ્રતિ ટેસ્ટ રૂ.૬૧૬થી સુધારા આદેશ આપતા પેઢીએ સદર કીટ પ્રતિ ટેસ્ટ ભાવ રૂ.૬૧૬થી સપ્લાય કરેલી છે.

## તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

## તારાંકિત પ્રશ્નો

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે કોવિડ-૧૯ના દર્દીનું નિદાન કેવી રીતે કરવામાં આવે છે અને તે માટે રાજયમાં શું વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં વર્ષ ૨૦૨૦ની શરૂઆતથી જ કોરોનાના શંકાસ્પદ દર્દીઓનું સર્વેલન્સ કરી શંકાસ્પદ દર્દીઓના સેમ્પલ ટેસ્ટિંગ માટે એન.આઇ.વી. પૂણે ખાતે મોકલવામાં આવતા હતા. તા.૧૨-૩-૨૦૨૦ના રોજ અમદાવાદ ખાતે બી.જે. મેડિકલ કોલેજના માઇક્રોબાયોલોજી વિભાગમાં કોરોના ટેસ્ટિંગની શરૂઆત કરવામાં આવી હતી અને તબક્કાવાર ભારત સરકારના સહયોગથી રાજ્યની લેબોરેટરીઓની સુવિધામાં વધારો કરવામાં આવેલ. અત્યાર સુધીમાં કુલ ૧૯૨ લેબોરેટરીઓ જેમાં ૧૧૧ સરકારી અને ૮૧ ખાનગી લેબોરેટરીઓ ખાતે આર.ટી.પી.સી.આર. ટેસ્ટિંગ કરવામાં આવે છે. ૧૬મી જુલાઇ ૨૦૨૦ થી રાજ્યમાં એન્ટીજન ટેસ્ટ કીટ દ્વારા કોવિડ-૧૯નું ટેસ્ટિંગ કરવાનું શરૂ કરવામાં આવેલ છે. આ કીટથી દર્દીનું જે તે સ્થળ ઉપર ઝડપથી નિદાન થાય તે માટે આરોગ્ય કેન્દ્રો જેવાં કે, સબ ડિસ્ટ્રિક્ટ, ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ અને અર્બન હેલ્થ સેન્ટરો ખાતે ટેસ્ટિંગ કરવામાં આવે છે. ઉપરાંત મોટા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, મોટાં ગામડાં, નગરપાલિકા ખાતે ટેસ્ટિંગની સુવિધા રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ છે. વધુમાં આરોગ્ય વિભાગ દ્વારા કોવિડના શંકાસ્પદ કેસો શોધી કાઢવા માટે સઘન સર્વેલન્સ કરવામાં આવે છે. જેમાં દરેક ગામ અને શહેરી વિસ્તારમાં આશા બહેનો, સ્ત્રી આરોગ્ય કર્મચારી, પુરુષ આરોગ્ય કર્મચારી, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર, આર.બી.એસ.કે.ની ટીમ દ્વારા ઘેર ઘેર સર્વેલન્સની કામગીરી કરી તાવ, શરદી, ઉધરસ, ઝાડા-ઉલ્ટીના કોવિડના શંકાસ્પદ કેસ શોધીને ટેસ્ટિંગ કરવામાં આવે છે. આ ઉપરાંત કન્ટેન્ટમેન્ટ ઝોન, વધુ કેસ ધરાવતા વિસ્તાર, હોટસ્પોટ એરિયા, સ્લમ વિસ્તાર તેમજ ફેક્ટરી વિસ્તારમાં ધન્વંતરી આરોગ્ય રથ દ્વારા ઓ.પી.ડી. ચલાવી છે. સઘન સર્વેલન્સ અને ધન્વંતરી રથની ઓ.પી.ડી. જાહેર જનતા સુધી પહોંચી અને તેમને નજીકના આરોગ્ય કેન્દ્ર ખાતે બોલાવી તેમજ ધન્વંતરી રથના આરોગ્ય સ્ટાફ દ્વારા સ્થળ ઉપર જ રેપીડ એન્ટીજન ટેસ્ટ, આર.ટી.પી.સી.આર. રૂબરૂમાં કરવામાં આવેલ છે. જાહેર જનતા નજીકના સ્થળે તુરત રિપોર્ટ કરાવી શકે તે માટે જાહેર સ્થળ ઉપર પણ રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવા માટેનાં કેન્દ્રો પણ આપણે ઉભાં કર્યાં હતાં.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કોવિડ-૧૯ WHO દ્વારા સર્વ પ્રથમ ડિસેમ્બર-૨૦૧૯માં એની ચેતવણી આપવામાં આવી હતી. આપણા ભારત દેશની વાત કરીએ તો લગભગ ૨૭મી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ કેરાલામાં પહેલો કેસ ડિટેક્ટ થયો હતો. ફેબ્રુઆરી-૨૦૨૦માં આખા દેશમાં એડવાઇઝરી ઇન્સ્ટ્રક્શન આપવામાં આવી હતી. એમાં સ્પષ્ટ હતું કે હોસ્પિટલો તૈયાર રાખવામાં આવે, બેડ તૈયાર રાખવામાં આવે, પી.પી.ઇ. કીટ અને ટેસ્ટિંગ કીટ તૈયાર રાખવામાં આવે અને તમામ તૈયારીઓ કરે. અમેરિકા દ્વારા પણ જાન્યુઆરી ૨૦૨૦માં હેલ્થ ઇમરજન્સી જાહેર કરવામાં આવી હતી. આપણે અહીંયા જ્યારે તૈયારી કરવાની હતી, ત્યારે આખુ તંત્ર નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં વ્યસ્ત હતું. પ્રશ્ન એટલા માટે ઉપસ્થિત થાય છે કે પહેલો ઓર્ડર એપ્રિલ-૨૦માં આપવામાં આવ્યો. આપણને જાન્યુઆરીથી ખબર હતી કે આ કોવિડ આવે છે, ખૂબ ગંભીર છે, અમારા નેતા રાહુલજીએ પણ ચેતવ્યા હતા. આખા વિશ્વના લોકોએ ચેતવ્યા હતા. તેમ છતાં એપ્રિલ મહિનામાં એનો ઓર્ડર અપાય છે. જો આપણે આગોતરી તૈયારી કરી હોત તો આની કીટ પહેલા આપણે મેળવી શક્યા હોત. બીજું કે કીટ આપણી પાસે અવેલેબલ નહીં હોવાના કારણે લોકોએ ખાનગી હોસ્પિટલોમાં ટેસ્ટ કરાવવા પડ્યા અને ૩ હજાર, ૪ હજાર કે ૫ હજાર મનફાવે એવી રીતે ખાનગી હોસ્પિટલો દ્વારા ફી લેવામાં આવી. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે અહીંયા રેપીડ અને આર.ટી.પી.સી.આર. કીટની વાત છે તો પહેલો ઓર્ડર કયા મહિનામાં ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવ્યો? કેટલી ક્વોન્ટિટીનો આપવામાં આવ્યો અને ક્યારે એની ડિલિવરી થઇ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : જ્યારે એમણે કોવિડની વાત કરી છે ત્યારે કોવિડે સમગ્ર દુનિયામાં જ્યારે હાહાકાર મચાવ્યો અને પહેલો કેસ કેરાલામાં આવ્યો અને આપણે ત્યાં શરૂઆત થઇ. સમગ્ર દેશમાં જ્યારે કોરોનાએ ભરડો લેવાની શરૂઆત કરી એ શરૂઆતમાં જ હતી. તા. ૭-૪-૨૦૨૦ના રોજ આપણે પહેલો ઓર્ડર આપ્યો હતો. શરૂઆતમાં આપણે પૂના સેમ્પલ મોકલતા હતા. આપણે ત્યાં વ્યવસ્થા ન હતી. પરંતુ એ વખતે આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે સમગ્ર દેશમાં કોરોનાની પરિસ્થિતિ જોતા લોકડાઉન કર્યું. અને લોકડાઉન દ્વારા બાકીની તૈયારી કરવા માટેનો સમય આપણને મળ્યો અને એ સમય દરમિયાન જ આપણે પી.પી.ઇ. કીટ, ટેસ્ટિંગ સેન્ટરો વધારવાં, ટેસ્ટિંગ કીટ મેળવવી, આર.ટી.પી.સી.આર.નાં કેન્દ્રો ખોલ્યા આ બધી તૈયારીઓ આપણે ચાલુ કરી અને એના પરિણામે તા. ૧૨-૩-૨૦૨૦ થી બી.જે. મેડિકલમાં આપણને મંજૂરી મળી. શરૂઆતમાં જી.સી.એમ.આર.થી કીટ મળતી હતી અને આમ જોઇએ તો જયારે જયારે કોવિડની વાત નીકળે એટલે આખી દુનિયામાં ટ્રમ્પસાહેબે જ જાણે કોરોના ફેલાવ્યો હોય અને કોરોના ચીનથી આવ્યો ન હોય એ રીતની વાત રજૂ કરવામાં આવે છે. પરંતુ હકીકતમાં તમે આખી દુનિયાના આંકડા લો એમાં અમેરિકાની ૩૬ કરોડની વસ્તી એમાં એ સંખ્યા લો, બ્રિટનની સંખ્યા લો, યુરોપીયન દેશની સંખ્યા લો અને ૧૩૫ કરોડનો આપણો દેશ એમાં પણ જો આંકડાની કમ્પેરીઝન કરશે અને કોવિડ જેવી પરિસ્થિતિમાં જયારે યુદ્ધ આવે એટલે દેશપ્રેમની વાત કરતા હોય, દેશપ્રેમમાં બધાએ સાથે રહેવું એવી વાત હતી, તો કોવિડમાં પણ એક મહામારી અને યુદ્ધ જેવી પરિસ્થિતિ હતી. કોવિડ જેવા નાજુક વિષય ઉપર રાજકારણ ન થાય એમાં સરકારને સહયોગ આપી અને એ બાબતમાં પોઝિટિવલી આપણે જવું જોઇએ અને કોવિડની અંદર થયેલી ખરીદીની બાબત હોય કે કોઇપણ વિષય હોય સરકારે ધ્યાન નથી આપ્યું, આ નથી આપ્યું (અંતરાય)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમે કોઇ ભ્રષ્ટાચારની વાત જ નથી કરી. બાકી તો ૧૯ રૂપિયામાં જે કીટ અત્યારે મળે છે, એના આપણે ૭૦૦ અને ૮૦૦ રૂપિયા ચૂકવ્યા છે. અમે એમાં પડયા જ નથી. અમારી સ્પષ્ટ વાત છે કે સરકાર

પાસે જાન્યુઆરી-૨૦૨૦માં માહિતી હતી કે કોરોના આવી રહ્યો છે તૈયારી કરો. કેન્દ્ર સરકારની ઇન્સ્ટ્રકશન હતી, સર્કયુલર હતા તેમછતાં તમે પહેલો ઓર્ડર એપ્રિલ-૨૦૨૦માં આપ્યો, એટલે ૩ મહિના સુધી તમે કોઇપણ જાતની કાર્યવાહી ના કરી. અમે એમ નથી કહેતા કે ટ્રમ્પ આવવાથી અહીંયા કોરોના આવ્યો છે. અમે એમ કહીએ છીએ કે કોરોનાની તૈયારી કરવાની હતી, ત્યારે તમે ટ્રમ્પના કાર્યક્રમમાં હતા. મારો પ્રશ્ન એટલો સ્પેસીફિક હતો કે પહેલો ઓર્ડર કેટલી કીટનો આપવામાં આવ્યો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે પહેલી કીટ તા. ૧૭-૪-૨૦૨૦ અને તા. ૧૮-૪-૨૦૨૦ના રોજ ૧,૬૦૦ અને ૧૮,૪૦૦ કીટનો ઓર્ડર આપ્યો. આર.ટી.પી.સી.આર.નો અને (અંતરાય) જવાબ નથી સાંભળવો? અને સાથેસાથે રેપીડ ટેસ્ટ કીટ ખરીદવાની શરૂઆત આપણે કરી દીધી અને આઇ.સી.એમ.આર. એ સપ્લાય કરતું હતું અને એ વખતે આ કીટવાળો વિષય સમગ્ર દેશ માટે અને દુનિયા માટે પણ નવો હતો. આપણા માટે તો બિલકુલ નવો હતો એના પરિણામે ચોથા મહિનામાં જ આ ખરીદી ચાલુ કરી દીધી અને લોકોને સુવિધા મળે એમ ક્રમશઃ આપણે આર.ટી.પી.સી.આર. કેન્દ્રોની પણ શરૂઆત કરી અને વધારતા ગયા અને પરિણામે આજે કોઇ જગ્યાએ તકલીફ ન પડે એ રીતની વ્યવસ્થા આપણે ઉભી કરી.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આજે ૨૩ માર્ચ શહીદ દિવસ છે તો આપના મારફત હું બધા જ શહીદોને વંદન કરું છું. વાત નીકળી છે કોવિડની તો કોવિડની મહામારીમાંથી દેશ અને સમગ્ર વિશ્વ બહાર આવી રહ્યું છે એ આનંદના સમાચાર છે. મારે માનનીય મંત્રીશ્રીને એ પ્રશ્ન પૂછવો છે કે આજે કોવિડની ટેસ્ટિંગ કીટનો પ્રશ્ન લઇને માનનીય સભ્યશ્રી આવ્યા છે અને એ રેપીડ કીટથી ઘણા બધાને તાત્કાલીક સારવાર મળી અને ઘણા બધા દર્દીઓને ફાયદો પણ થયો, તો આજે કોવિડ-૧૯ ની ટેસ્ટિંગ કીટ છે, એની જે લેબોરેટરી હોય છે એને માન્યતા આપવા માટે શું પ્રક્રિયા છે અને જિલ્લાવાર કેટલી લેબોરેટરીને માન્યતા આપી છે અને જિલ્લાવાર અત્યાર સુધીમાં કુલ કેટલા કોવિડના ટેસ્ટ થયા છે એ પૈકીના પોઝિટિવ કેટલા આવ્યા છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોરોના માટે ઉચ્ચ ગુણવત્તા ધરાવતી લેબોરેટરીને જ આપણે માન્યતા આપી છે. આ માટે લેબોરેટરી પાસે નેશનલ એક્રીડેટેશન બોર્ડ ફોર લેબોરેટરી દ્વારા અપાયેલું પ્રમાણપત્ર હોવું જરૂરી છે. ઉપરાંત બાયોસેફટી લેવલ ટુએ ઉપરાંત આર.ટી.પી.સી.આર. મશીન, માઇક્રોસેન્ટીફયુઝ અને તાલીમ પામેલ સ્ટાફ હોય તેવી લેબોરેટરી તરફથી પ્રથમ ભારત સરકારશ્રીની આઇ.સી.એમ.આર. સંસ્થામાં અરજી કરવાની હોય છે. ત્યારબાદ આઇ.સી.એમ.આર. દ્વારા યોગ્યતા ચકાસી ખાનગી કે સરકારી લેબોરેટરીને કોરોના ટેસ્ટિંગની મંજૂરી આપવામાં આવે છે. આઇ.સી.એમ.આર. ની માન્યતા મળ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા જે તે લેબોરેટરીને રાજ્યકક્ષાએથી મંજૂરી આપવામાં આવે છે. મંજૂરી મળ્યા બાદ જે તે લેબોરેટરી કોરોના ટેસ્ટિંગ કરી શકે છે. કેટલીક લેબોરેટરીને આપણે માન્યતા આપી છે. જિલ્લાવાર મારી પાસે છે. આપ કહેતા હોય તો બધુ વાંચી જઉં?

અધ્યક્ષશ્રી : ટેબલ ઉપર મૂકી દેશો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કોરોના મહામારીમાં બધા પરેશાન હતા એ સમજીએ છીએ. ડબલ્યુ.એચ.ઓ. એ ચેતવણી આપ્યા પછી પણ આપણે હાઉસ બંધ કરવાની વિધાનસભા ગૃહમાં વાત કરી હતી કે કોરોના ફેલાયો છે. હાઉસ બંધ નહોતું થયું. સરકાર કેટલી કોરોના માટે ચિંતા કરતી હતી એનું મોટામાં મોટું ઉદાહરણ આપીશ. આ દેશના વડાપ્રધાનશ્રીએ તા. ૨૨-૩-૨૦૨૦ ના રોજ સમગ્ર દેશની અંદર લોકડાઉન લાગુ કર્યું. લોકડાઉન એટલા માટે લાગુ કર્યું કે કોરોનાના કેસ દિન-પ્રતિદિન આખા દેશમાં વધી ગયા હતા. દેશમાં વધે એટલે ગુજરાતમાં વધ્યા જ હશે. તા. ૨૩-૩-૨૦૨૦ ના રોજથી લોકડાઉન જે કોરોના મહામારીના કારણે હતું. ગુજરાતની ભાજપની સરકારે અને એનો વિભાગ સ્વતંત્ર રીતે સૂતા હતા. એમણે કોરોનાની કોઇ ચિંતા કરી નહોતી. એ કારણોસર તા. ૨૨-૩-૨૦૨૦ નું થયેલ લોકડાઉન અને કોરોનાના આર.ટી.પી.સી.આર. કે રેપીડ ટેસ્ટની કીટો તા. ૧૭-૪-૨૦૨૦ એ ખરીદવાનો ઓર્ડર આપ્યો છે. તમે સમજી શકો છો કે તમે ૨૫ દિવસ પછી ઓર્ડર આપો છે. અમે રાજનીતિ નથી કરવા માગતા, પણ તમારી સાથે ટેકામાં તૈયાર હતા અને અત્યારે પણ છીએ. તા. ૨૨-૩-૨૦૨૦ ના લોકડાઉન થયા પછી સરકારે કેમ આટલો મોડો ઓર્ડર આપ્યો? પ્રશ્ન-૧ અને પ્રશ્ન-૨ તા. ૧૭-૪-૨૦૨૦ ના રોજ ૭૮૨ રૂપિયામાં આર.ટી.પી.સી.આર. કીટ ખરીદવામાં આવી. તા. ૭-૫-૨૦૨૦ ના રોજ ૧,૬૪૮ રૂપિયાની કીટ ખરીદવામાં આવી. ડિફરન્સ વધી જાય છે. શું કારણો રહ્યાં? આ રીતે સરકારે ૧,૬૪૮ની કીટ ખરીદી છે. ૧૭.૬૦ રૂપિયા ની ખરીદી છે. રેપીડ ટેસ્ટની કીટ ૪૭૨ રૂપિયામાં ખરીદી છે અને ૧૧.૧૭ રૂપિયાની પણ ખરીદી છે. સરકાર આનો જવાબ આપે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આપણે સૂતા રહ્યા નહોતા. અમદાવાદમાં સિવિલ હોસ્પિટલમાં ફેબ્રુઆરી-૨૦૨૦ થી જ ટેસ્ટિંગની શરૂઆત કરી હતી. જે રેપીડ કીટનો ઓર્ડર ફેબ્રુઆરી-૨૦૨૦ આપવામાં આવેલ હતો. આપે ૨૦૨૨-૨૩ ની વાત કરી. તે સમયગાળામાં જ ટેસ્ટિંગની શરૂઆત કરી હતી. રેપીડ કીટનો ઓર્ડર આપવામાં આવેલ હતો. એ વખતે શરૂઆત હતી. નવું નવું હતું. કોઇ કંપની સપ્લાય કરી શકતી નહોતી. પ્રાથમિક તબક્કે આઇ.સી.એમ.આર. દ્વારા તમામ કીટ પૂરી પાડવામાં આવતી હતી. માર્કેટમાં ઉપલબ્ધ પણ નહોતી. શરૂઆતમાં પૂના લેબોરેટરીમાં ટેસ્ટ કરાવતા હતા. આઇ.સી.એમ.આર. દ્વારા કીટ આપવામાં આવતી હતી. એના કારણે આજે ૨૫ દિવસના ગાળામાં ઘણી બધી કંપનીઓ જેને માન્યતા પ્રાપ્ત હોય એને યુ.એસ.એફ.ડી.એ. અને આઇ.સી.એમ.આર. માન્યતા એ લેવાની, એને ઉત્પાદન કરવાની અને ઉત્પાદન કર્યા પછી નાગરિકો સુધી કીટ પહોંચાડવાની સપ્લાય ચેઇન. માનો કે આજે કોઇ વસ્તુ બની તો તરત જ બીજા દિવસે બીજા જ કલાકે અથવા એ જ દિવસે થઇ જાય એવું ન હોય. કોરોનાની મહામારી નવી હતી. એના પરિણામે આપણે કરી શક્યા નહોતા. જે બીજી વાત કરી કે ઉંચા ભાવે જે ખરીદી હતી. એમાં બે વિષય છે. તા. ૧૭-૪-૨૦૨૦ એ તા.૧૮-૪-૨૦૨૦ ના મે.કોસારા કંપનીને ઓર્ડર આપેલ. પરંતુ તા. ૭-૫-૨૦૨૦ ના રોજ

એબોટ કંપની પાસે આપણે ૧,૭૦૦ ના ઉપરના ભાવે કેમ ખરીદી. તો સૌ પ્રથમ ગુજરાતમાં માર્ચ-૨૦૨૦નો કોવિડનો પ્રથમ કેસ નોંધાયેલ.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ ગુજરાતમાં માર્ચ-૨૦૨૦ કોવિડ-૧૯ નો પ્રથમ કેસ નોંધાયેલ. હુ દ્વારા એટલે કે WHO દ્વારા ૧૧-૩-૨૦૨૦ ના રોજ કોવિડને મહામારી જાહેર કરવામાં આવેલી. માર્ચ-૨૦૨૦ દરમ્યાન ગુજરાતમાં કોવિડ-૧૯ના ટેસ્ટિંગ માટે આઇ.સી.એમ.આર.આર દ્વારા માન્યતા અપાયેલ ફક્ત બે જ લેબોરેટરી આપણી પાસે હતી. પેન્ડેમિકને ધ્યાને રાખી ટેસ્ટિંગ કેપેસિટીને વધારવા તાત્કાલિક અન્ય લેબોરેટરીઝને આઇ.સી.એમ.આર.આર દ્વારા કોવિડ-૧૯ ટેસ્ટિંગ ની માન્યતા પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન કરેલ હતો. જે વ્યાપ વધતાં મે-૨૦૨૦ સુધીમાં કુલ ૧૯ ટેસ્ટિંગ લેબોરેટરી કાર્યરત કરી દીધી હતી. પેઢી કોસારા ડાયગ્નોસ્ટીકને તા.૧૭-૪-૨૦૨૦ તથા તા. ૧૮-૪-૨૦૨૦ ના રોજ ભાવ રૂ. ૭૮૨.૮૮ પ્રતિ ટેસ્ટથી ૨૦ હજાર ટેસ્ટિંગ કીટ માટેની ખરીદી સમિતિએ મંજૂરી આપેલ હતી અને તાત્કાલિક એસ.એસ.જી. હોસ્પિટલ વડોદરા ખાતે ૧,૬૦૦ કીટ સપ્લાય કરી હતી. બાકીની ૧૮,૪૦૦ કીટ માટે પેઢીએ સપ્લાય કરવામાં જૂન-૨૦૨૦ નો સમય લીધો હતો. સરકારશ્રીએ ''નાકો'' એટલે કે નેશનલ એઇડ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશન દિલ્હી દ્વારા એચ.આઇ.વી.ના આર.ટી.પી.સી.આર ટેસ્ટિંગ માટે ગુજરાતમાં ચાર મશીન સપ્લાય કરવામાં આવેલા. તેમાં કોવિડ-૧૯ ટેસ્ટિંગ કરી શકાય તેમ હોવાનું ધ્યાને આવેલ. આથી જો આ મશીન પણ કાર્યરત કરવામાં આવે તો રાજ્યની ટેસ્ટિંગ કેપેસિટી વધારી શકાય અને નાકો દ્વારા ફળવાયેલા આ એબર્ટ આર.ટી.પી.સી.આર ઓટોમેટેડ કલોઝ સિસ્ટમની મશીન માટેની કીટની વાત છે. તેના ઉપયોગની વિશેષતાઓ છે. તેમાં લેબોરેટરીની ટેસ્ટિંગ કેપેસિટી ૧૦૦ થી વધીને ૪૦૦ થાય, સાથે બીજી સાત પ્રકારની વિશેષતાઓ છે. ફુલ્લી ઓટોમેટિક હોઇ ટેકનિકલ સ્ટાફ એકવાર સેમ્પલ લોડ કરે પછી તે બીજા સેમ્પલના પ્રોસેસિંગ માટે ફ્રી થઇ જાય છે.

અધ્યક્ષશ્રી : તે કીટ કેમ મોંઘી આવી તેની ક્વોલિટી બતાવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી મારો પ્રશ્ન બહુ સરળ છે. તમે મને જવાબ પણ સરસ આપી દીધો છે. તા.૧૭-૪-૨૦૨૦ થી ટેસ્ટિંગ કીટ ખરીદી. લેબોરેટરીની મંજૂરી WHO દ્વારા અને ભારત સરકાર દ્વારા માર્ચમાં આપવામાં આવી. કીટ એપ્રિલ મહિનામાં ખરીદવામાં આવી. માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં એમ જણાવ્યું કે, ફેબ્રુઆરી મહિનાથી કોરોનાના ટેસ્ટિંગની કીટો આપણી પાસે પડી હતી અને તેના આધારે ટેસ્ટિંગ ચાલુ કરી દીધા હતા. માનનીય મંત્રીશ્રી મારે એક જ જવાબ જોઇએ છે અને તમે તમારા જવાબમાં કહ્યું છે કે, ફેબ્રુઆરી મહિનામાં ટેસ્ટિંગ ચાલુ થઇ ગયું હતું તો આ ટેસ્ટિંગ કેવી રીતે કરવામાં આવ્યું, જયારે લેબોરેટરીની મંજૂરી જ નહોતી મળી તો ટેસ્ટિંગ કેવી રીતે થતું હતું, કયાં થતું હતું અને કેટલી કીટ હતી તે મારે જાણવું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ આપણી પાસે જે સપ્લાય હતો તે આપણો નહોતો, પરંતુ થોડી માત્રામાં આઇસીએમઆર એ આપણને મોકલ્યો હતો, એટલે આપણે ફેબ્રુઆરીમાં તે કરી શક્યા હતા. તારીખ મારી પાસે નથી. તારીખ જોઇતી હશે તો પણ તમને મળશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી પાસે જેટલી માહિતી હોય એટલી આપશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આ આઇ.સી.એમ.આર.આર એ આપેલી કીટો હતી.

અધ્યક્ષશ્રી : આપણે તેવો આગ્રહ ના રાખીએ. જેટલી માહિતી હશે એટલી આપશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : શૈલેષભાઇ, આ આઇ.સી.એમ.આર.આર એ સપ્લાય કરેલી હતી. એમણે એક બીજો પ્રશ્ન પૂછયો કે, નાકો દ્વારા જે મશીન સપ્લાય થયેલા હતા, તે આઇ.સી.એમ.આર.આર દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલ કોવિડ-૧૯ ટેસ્ટિંગની બે લેબોરેટરી માટે પેઢી એબર્ટ હેલ્થકેર પ્રાઇવેટ લિમિટેડ પાસેથી ક્વોટેશન મંગાવી દસ દિવસના જથ્થા પૂરતી મુખ્ય અધિક સચિવના અધ્યક્ષસ્થાને રચાયેલી ખાસ ખરીદ સમિતિની મંજૂરી ૧,૬૪૮ રૂપિયાના ભાવથી ૮,૦૦૦ કીટ આપણે ખરીદી હતી અને બીજા રાજ્યોની સંસ્થાઓ એસ.એન.મેડિકલ કોલેજ જોધપુર અને જયપુર દ્વારા પણ આ જ ભાવે રાજસ્થાનમાં ખરીદેલી હતી. ત્યારબાદ ઓપન સિસ્ટમ માટેની આર.ટી.પી.સી.આર. કીટ જેમ પોર્ટલ ઉપલબ્ધ થતાં જી.એમ.એસ.સી.એલ દ્વારા નિયમાનુસર બીડિંગ કરી તમામ કીટની ખરીદી કરાતા ઉક્ત એબોર્ટ હેલ્થકેર પ્રાઇવેટ લિમિટેડની કીટ ફરીથી આપણે ખરીદી નથી. સમય જતાં જેમ જેમ કીટની ઉપલબ્ધતા થતી ગઇ, કંપનીઓએ તેનું ઉત્પાદન વધાર્યુ, તેમ અત્યારે આપણે ૧૧ રૂપિયા અને ૧૯ રૂપિયાના ભાવે રેપીડ અને એન્ટીજન કીટો ખરીદી રહ્યા છીએ. એકદમ તળીયાના ભાવે ઉત્પાદન વધવાના કારણે અત્યારે આ કીટો સસ્તા ભાવે મળી રહેલ છે.

**અદાણી પાવર લિમિટેડ સાથે વીજ ખરીદીના કરારો**

* ૪૪૪૨૯ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અદાણી પાવર લિમિટેડ સાથે સને ૨૦૦૬ અને ૨૦૦૭માં ૨૫ વર્ષ માટે વીજ ખરીદીના કરારો થયા બાદ તા.૧૫-૧૦-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૨૦ સુધીના સમયગાળા માટે વીજ દરમાં વધારો આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) અને (૨) જી.યુ.વી.એન.એલ. દ્વારા અદાણી પાવર સાથે વર્ષ ૨૦૦૭માં બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત રૂ.૨.૮૯/યુનિટ અને રૂ.૨.૩૫/યુનિટના લેવલાઇઝ દરે ૨૫ વર્ષ માટે વીજ ખરીદ કરાર કરવામાં આવેલ છે.<br>ત્યારબાદ રાજ્ય સરકારના તા.૦૧-૧૨-૨૦૧૮ના ઠરાવ |

(૨) જો હા, તો ૨૫ વર્ષ માટે કયા દરે વીજ ખરીદીના કરારો થયેલા,

મુજબ તા.૧૫-૧૦-૨૦૧૮ પછીના સમયગાળા માટે ટેરિફમાં સુધારા અન્વયે GUVNL દ્વારા તા.૦૫-૧૨-૨૦૧૮ના રોજ અદાણી પાવર સાથે તા.૦૨-૦૨-૨૦૦૭ અને તા.૦૬-૦૨-૨૦૦૭ના કરાર માટે સપ્લીમેન્ટરી કરાર કરવામાં આવેલ છે, જે માનનીય કેન્દ્રીય વીજ નિયમન આયોગ દ્વારા તા.૧૨-૦૪-૨૦૧૯ના રોજ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સમયગાળા દરમ્યાન દરમાસે કયા દરે કેટલી વીજળી ખરીદવામાં આવી, અને

(૪) તે અન્વયે દરમાસે કયા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૩) અને (૪) ઉક્ત સમયગાળા દરમિયાન માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તે પૈકી ચૂકવવામાં આવેલ ટેરિફ અને રકમની વિગત પરિશિષ્ટ-૧ મુજબ છે.

**પરિશિષ્ટ-૧**

| માસ | મિલિયન યુનિટસ | ફિક્સ કોસ્ટ રકમ (રૂ-કરોડ) | વેરિએબલ કોસ્ટ સરેરાશ પ્રતિ યુનિટ દર | વેરિએબલ કોસ્ટ રકમ (રૂ-કરોડ) | કુલ રકમ (રૂ-કરોડ) |
|---|---|---|---|---|---|
| ૧૫-૧૦-૨૦૧૮ થી ૩૧-૧૦-૨૦૧૮ | ૪૦૨ | ૪૭ | ૩.૧૩ | ૧૨૬ | ૧૭૩ |
| નવેમ્બર ૧૮ | ૭૧૨ | ૮૬ | ૩.૫૨ | ૨૫૦ | ૩૩૭ |
| ડિસેમ્બર ૧૮ | ૧૩૩૩ | ૧૫૯ | ૨.૯૩ | ૩૯૧ | ૫૫૦ |
| જાન્યુઆરી ૧૯ | ૧૩૨૩ | ૧૫૬ | ૨.૯૭ | ૩૯૩ | ૫૪૯ |
| ફેબ્રુઆરી ૧૯ | ૧૧૯૭ | ૧૪૮ | ૨.૯૭ | ૩૫૫ | ૫૦૩ |
| માર્ચ ૧૯ | ૧૩૮૨ | ૧૭૧ | ૨.૯૭ | ૪૧૧ | ૫૮૧ |
| એપ્રિલ ૧૯ | ૧૪૪૮ | ૫૭ | ૩.૨૩ | ૪૬૭ | ૫૨૪ |
| મે ૧૯ | ૧૬૦૩ | ૧૩૫ | ૩.૨૩ | ૫૧૮ | ૬૫૩ |
| જૂન ૧૯ | ૧૫૧૭ | ૧૩૦ | ૨.૯ | ૪૪૦ | ૫૭૦ |
| જુલાઈ ૧૯ | ૯૯૨ | ૮૩ | ૩.૨૨ | ૩૧૯ | ૪૦૨ |
| ઓગસ્ટ ૧૯ | ૬૨૧ | ૬૦ | ૩.૧૨ | ૧૯૪ | ૨૫૪ |
| સપ્ટેમ્બર ૧૯ | ૬૭૪ | ૭૧ | ૩.૧૪ | ૨૧૨ | ૨૮૨ |
| ઓક્ટોબર ૧૯ | ૭૮૦ | ૭૪ | ૨.૦૧ | ૧૫૭ | ૨૩૧ |
| નવેમ્બર ૧૯ | ૭૫૬ | ૭૨ | ૨.૮૭ | ૨૧૭ | ૨૮૯ |
| ડિસેમ્બર ૧૯ | ૭૫૯ | ૬૪ | ૨.૮૩ | ૨૧૫ | ૨૭૮ |
| જાન્યુઆરી ૨૦ | ૬૨૫ | ૬૧ | ૨.૮૫ | ૧૭૮ | ૨૩૯ |
| ફેબ્રુઆરી ૨૦ | ૭૩૮ | ૬૯ | ૨.૮૫ | ૨૧૦ | ૨૭૯ |
| માર્ચ ૨૦ | ૫૩૮ | ૬૭ | ૨.૯૧ | ૧૫૬ | ૨૨૩ |
| એપ્રિલ ૨૦ | ૫૩ | ૪૮ | ૨.૬૮ | ૧૪ | ૬૨ |
| મે ૨૦ | ૩૨૪ | ૬૦ | ૨.૭૯ | ૯૦ | ૧૫૦ |
| જૂન ૨૦ | ૩૬૬ | ૫૮ | ૨.૬ | ૯૫ | ૧૫૩ |
| જુલાઈ ૨૦ | ૬૯૨ | ૬૦ | ૨.૩૧ | ૧૬૦ | ૨૨૦ |
| ઓગસ્ટ ૨૦ | ૪૮૦ | ૪૯ | ૨.૦૪ | ૯૮ | ૧૪૭ |
| સપ્ટેમ્બર ૨૦ | ૭૪૫ | ૫૮ | ૨.૦૫ | ૧૫૩ | ૨૧૧ |
| ઓક્ટોબર ૨૦ | ૮૮૧ | ૬૦ | ૨.૦૦ | ૧૭૬ | ૨૩૬ |
| નવેમ્બર ૨૦ | ૭૬૨ | ૫૮ | ૨.૧૧ | ૧૬૧ | ૨૧૯ |
| ડિસેમ્બર ૨૦ | ૭૯૨ | ૬૦ | ૨.૨૪ | ૧૭૭ | ૨૩૭ |

તદુપરાંત અદાણી પાવર દ્વારા તા.૧૫-૧૦-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૨૦ દરમ્યાન રજૂ કરેલ વીજ સપ્લાય બીલમાંથી જી.યુ.વી.એન.એલ. દ્વારા કપાત કરેલ રકમની ચૂકવણી સંદર્ભે માનનીય કેન્દ્રીય વીજ નિયમન આયોગના હુકમ મુજબ, રૂ.૩૬૨ કરોડ ચૂકવવામાં આવેલ છે.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અદાણી સાથે વર્ષ ૨૦૦૬ અને ૨૦૦૭માં ૨૫ વર્ષ માટે કરાર કરવામાં આવેલ હતા, છતાં સપ્લીમેન્ટરી કરાર કરવાનાં કારણો શું? મૂળ કરારમાં સપ્લીમેન્ટરી કરાર કરવાની જોગવાઇ હતી કે કેમ? અદાણીને નુકસાન થવાની ચિંતા કરીને ભાવ વધારો અધવચ્ચેથી આપ્યો તેવી જ રીતે અદાણી કરોડો રૂપિયાનો નફો થાય તો સરકારને કોઇ નાણાં પરત આપે છે કે કેમ? અને રૂપિયા ૩૬૨ કરોડ બિલમાંથી કપાત કરી હતી તે શાની હતી અને શું આદેશ થવાથી પરત ચૂકવવામાં આવ્યા?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૬માં નેશનલ ટેરીફ પોલિસી જાહેર કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૦૭માં અદાણી સાથે પાવરનો કરાર કરવામાં આવ્યો હતો. તા. ૨-૦૨-૨૦૦૭માં ૧,૦૦૦ મેગાવોટનો કરાર કર્યો હતો અને આ કરાર ટેરીફ પદ્ધતિથી કરવામાં આવ્યો હતો. જેમ જેમ કોલસાના ભાવમાં વધ-ઘટ થાય એમ આપણે પરિશિષ્ટ-૧માં બતાવ્યા પ્રમાણે જે તે સમયે જે ભાવ હતો એ ભાવ પ્રમાણે આપણે કરાર કર્યા છે, એની અંદર નવેમ્બરમાં ૩.૫૨ રૂપિયાનો ભાવ હતો અને કોલસાનો ભાવ ઘટ્યો છે તો ભાવ ૨.૦૦ રૂપિયા પણ આવ્યો છે અને જે રીતે છાપ્યા પ્રમાણે કરાર કર્યા છે એ પ્રમાણે આપણે જોઇએ તો ઓવરઓલ ૨.૭૬ રૂપિયામાં આપણને આ વીજળી મળી છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે કહ્યું છે કે, અદાણીને પેનલ્ટી કાપવામાં આવી છે કે કેમ? તો પેનલ્ટી તરીકે આપણે ૪૨૬ કરોડ રૂપિયાની એના બિલમાંથી કપાત કરી હતી અને એ જે ટેરીફ કપાત કરી હતી એ કેન્દ્રીય વીજ નિયમનની જોગવાઇ અનુસાર ૮૫ ટકા રકમ એટલે કે ૩૬૨ કરોડ રૂપિયા એના બિલના આપણે ચૂકવ્યા છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, દેશની સરેરાશ વીજ વપરાશની સામે ગુજરાતની વીજ વપરાશ કેટલી છે? મારો આશય દેશના પરિપ્રેક્ષમાં આપણે કેટલા સદ્ધર છીએ એ જાણવા માટેનો છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં માથાદીઠ વીજ વપરાશ ૧,૨૦૮ યુનિટ છે, ત્યારે ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ ૨,૩૮૮ યુનિટ છે. એટલે ગુજરાતમાં કેટલી વીજળી વપરાય છે એના પરથી ખબર પડે છે કે ગુજરાતમાં વીજળીનો ખૂબ મોટા પ્રમાણમાં વપરાશ થાય છે અને ગુજરાત આખા દેશમાં વીજ વપરાશમાં પ્રથમ ક્રમે છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આજના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ પ્રશ્ન ક્રમાંક ૨૩૫નો જવાબ આપ્યો છે એમાં કહ્યું છે કે, આપણે ગુજરાત સરકાર દ્વારા અને ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોરપોરેશન જે વિદ્યુત મથકો છે એ કુલ ૧૫ છે. આ ૧૫ વિદ્યુત મથકો કોંગ્રેસની સરકારમાં બની ગયા હતા. આ પૂરેપૂરું ચલાવવામાં આવે તો એની વીજળી ઉત્પાદન કરવાની ક્ષમતા છે એ ૮,૭૨૯ મેગાવોટ છે. કર્મચારીઓની અછત કે બીજાં કોઇ કારણોસર તમે પૂરેપૂરી ક્ષમતાથી ચલાવી શકતા નથી, એટલે જે ઉત્પાદન ૯,૦૦૦ મેગાવોટ જેટલું થવું જોઇએ, એના બદલે ફક્ત તમારા જ જવાબ મુજબ જોઇએ તો ૩,૦૦૦ મેગાવોટ જેટલું જ થાય છે. એટલે ૬,૦૦૦ મેગાવોટ વીજળી જે સરકારના વીજ મથકો છે, એમાં તમે ઉત્પન્ન કરતા નથી અને ટાટા, અદાણી જેવી કંપનીઓ પાસેથી વીજ ખરીદી તમે કરો છો, એનો પણ વાંધો નથી. પણ ૨૫ વર્ષના તમે કરાર કર્યા તો રીવાઇઝ્ડ કર્યા તમે વર્ષ ૨૦૧૨માં એમાં તમે કરોડો રૂપિયા એને કમાવી આપ્યા એવું મારું કહેવું છે. ત્રીજું, હજુ પાછું ઇલેક્શન આવે છે એટલે તમે એની સાથે પાવરના એગ્રિમેન્ટ ઉભા કરવા જઇ રહ્યા છો એ મને ખબર છે. મારો પ્રશ્ન એ છે કે, તમે આપણી જે ઉત્પાદન ક્ષમતા છે એ વધારવા માગો છો કે કેમ? અને તમે ૨૭ વર્ષમાં કેટલા વીજ મથકો નવા ખોલ્યા અને, હાલ શું કરવા જઇ રહ્યા છો?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચાવડાજી જે વાત કરતા હતા, તેમાં આપણા સરકારના જે વીજ મથકો છે, તે વીજ મથકો ૨૫ વર્ષ જૂનાં બનેલા હતા અને તે જ વીજ મથકોની અંદર (અંતરાય)

અધ્યક્ષશ્રી : બળદેવભાઇ, જવાબ સાંભળો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ઇન્ડિયન કોલસાથી ચાલતા હોય છે અને તેને ત્યાંથી લાવવાના રેઇટ અને આવવા-જવાનું મોંઘુ પડે છે, તેના લીધે આપણે જે કોલસો આવે છે તે કોલસો મોંઘો પડે છે તેનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ મોંઘો પડે છે, તેના લીધે આપણને મોંઘા પડે છે. (અંતરાય) મારી વાત સાંભળો. હાલ જે ૨૫ વર્ષ પ્લાન્ટ જૂનાં થઇ ગયેલાં છે અને તે પ્લાન્ટ નવા કરવા માટે અમારી કામગીરી ચાલુ છે. વર્ષ ૨૦૦૦ની અંદર ૪,૮૪૮ મેગાવોટની વીજળી હતી, ૨૦૨૧ના અંતમાં ૩૬,૩૮૪ મેગાવોટ વીજળી થઇ છે, એટલે કે છેલ્લાં ૨૧ વર્ષની અંદર આપણે લગભગ ૨૭,૯૩૬ મેગાવોટની ક્ષમતા આપણે ધરાવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે જોઇએ તો અમારા જે વીજ મથકો છે તે વીજ મથકોના પણ હમણાં નવા ટેન્ડરો કર્યા છે અને તેની ક્ષમતા વધારવા માટે અમારા તમામ પ્રયત્નો ચાલુ જ છે અને હમણાં જે ખેડૂતોને વીજળી આપવા માટે આપના સભ્યો જોડે મીટિંગ કરી હતી (અંતરાય ) અને તેને પણ વીજળી અમે પૂરતાં પ્રમાણમાં આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી જવાબ આપે છે, આપ ઉભા ના થઇ જાવ, બેસો, શાંતિ રાખો. તમને બોલવાની તક આપીશ. વચ્ચે ના બોલો. (અંતરાય ) ( સૂત્રોચ્ચાર ) *(x x x )

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તારાંકિત પ્રશ્નો

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : આ રીતે પ્રશ્નોત્તરીમાં શબ્દોચ્ચાર કરવા અને આવી રીતે હાઉસને ડિસ્ટર્બ કરવુ એ બરાબર નથી. શાંતિથી જવાબ સાંભળો, તમને બધાને તક મળશે અને મંત્રીશ્રી પાસે જે જવાબ હશે તે આપશે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એટલો છે કે અદાણીનું નામ આવે છે અને સીધો કરંટ લાગે છે. હું માનનીય મંત્રીશ્રીને એટલુ પૂછવા માગુ છું કે, આ અદાણીની તમે જે ચિંતા કરો છો તો છેલ્લાં ચાર કેલેન્ડર વર્ષમાં જીયુએનએલ દ્વારા આવેલી વીજળી ખરીદીમાં અદાણી પાવરમાંથી કેટલો હિસ્સો ખરીધો છે એટલે ખબર પડી જશે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અદાણી પાસેથી વર્ષ ૨૦૧૮ની અંદર ૪,૫૦૧ યુનિટ આપણે ખરીદ્યા હતા, એટલે લગભગ ૭ ટકાનો હિસ્સો ખરીદ્યો હતો. એ જ રીતે વર્ષ ૨૦૧૯માં ૧૪ ટકા આપણે વીજળી ખરીદી હતી અને વર્ષ ૨૦૨૦ની અંદર ૬,૯૯૬ એટલે ૮ ટકા વીજળી ખરીદી હતી, વર્ષ ૨૦૨૧ની વાત કરીએ તો ૫,૫૦૦ એટલે ખાલી ૫ ટકા જ વીજળી અદાણી પાસેથી આપણે ખરીદી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, પ્રશ્ન પહેલાંના જવાબમાં તમે જણાવ્યું છે કે સુધારો જે તમે કરાર ૨૫ વર્ષના નક્કી કરેલા હતા, તેમાં વચગાળામાં તમે સુધારો કર્યો છે, તો આ સુધારો કર્યા પછી અદાણીને કેટલા રૂપિયાનો વધારો આપણે ચૂકવ્યો છે ? અને એવી શું પરિસ્થિતિ હતી કે તમારે વચગાળામાં ૨૫ વર્ષ સુધી કરાર કર્યા પછી સુધારવા પડયાં અને હવે સુધાર્યા પછી જો તેને નફો થયો છે તો એ નફામાંથી રાજ્ય સરકારને નફા પછી કોઇ રકમ પાછી ચૂકવવામાં આવી છે કે કેમ ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે પુંજાભાઇ કહેતા હતાં તેમાં તેનો ટેરિફ રેઇટ જે નક્કી થયો છે તેની અંદર વર્ષ ૨૦૦૬ની અંદર જે ટેરિફ પોલિસી બની. (અંતરાય )

અધ્યક્ષશ્રી : જવાબ તો પૂરો થવા દો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ સાંભળો. વર્ષ ૨૦૦૭ની અંદર અદાણી પાવર લિમિટેડ સાથે વીજ ખરીદી કરવા કરાર કરવામાં આવ્યા હતા. સાથે સાથે (અંતરાય ) આવે જવાબ આવે.

અધ્યક્ષશ્રી : જવાબ તો પૂરો સાંભળો, હવે તેમને કહેવા તો દો પછી પૂછજો. (અંતરાય) હું તમને પછી તક આપીશ. હમણા બેસો. તેમનો જવાબ પૂરો થાય પછી હું તમને તક આપીશ, જવાબ તો પૂરો થવા દો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી હું જવાબ આપુ છું. અદાણી પાવર મુંદ્રા લિમિટેડ પાસેથી તા.૧૫/૧૦/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધીના સમયગાળા માટે કેન્દ્રીય વીજ આયોગ દ્વારા મંજૂર કરેલ સપ્લિમેન્ટરી કરાર અંતર્ગત રૂ.૨,૧૭૮ કરોડ ચૂકવવામાં આવેલ છે. જે પૈકી ૨૭,૬૮૧ મિલિયન યુનિટ વીજળી ખરીદવામાં આવી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : (પોતાની જગ્યા પર ઊભા થઇ) માનનીય અધ્યક્ષશ્રી, આ મારો જવાબ જ નથી.

અધ્યક્ષશ્રી : સિનિયર સભ્ય થઇને તમે ત્રણવાર ઊભા થયા છો. એવું નહિ કરો. બોલો હવે શું પૂછવું છે?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : તમે જવાબમાં આપ્યું છે કે સુધારો કર્યો છે. ૨૫ વર્ષના કરાર કર્યા છે. વચગાળામાં તમે ટેરિફમાં સુધારો કર્યો છે. ભાવ વધારો આપ્યો છે. ભાવ વધારો આપ્યા પછી અદાણીને કેટલા રૂપિયા વધારાના ચૂકવવા પડ્યા છે એ રકમનો આંકડો જ આપો. મારે બીજું કાંઇ નથી જોઇતું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે કરાર થયા, ત્યારપછી વર્ષ ૨૦૧૨ થી સમગ્ર વિશ્વમાં ઇન્ડોનેશિયામાં કૉલસો મળે છે. (અંતરાય) (શ્રી પુંજાભાઇ જગ્યા પર ઊભા થઇ જતા)

અધ્યક્ષશ્રી : શ્રી પુંજાભાઇ, જવાબ તો સાંભળો. (સતત અંતરાય)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું વર્તન બરાબર નથી. અમારા સિનિયર કેબિનેટ મંત્રી જવાબ આપે છે. એ જવાબ એમને સાંભળવો જ નથી.

અધ્યક્ષશ્રી : શ્રી પુંજાભાઇ તમે જે પ્રશ્ન પૂછ્યો છે એનો મંત્રીશ્રીને જવાબ આપવા દો. તમને સંતોષ ન હોય તો બીજી તક આપીશ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : મારો તમને એક જ સવાલ છે કે આપણે ખેડૂતોને વીજળી આપવી કે ન આપવી**?** જો વીજળી આપવી હોય તો આપણે સંશોધનો કરવા જ પડે. જ્યારે સમગ્ર વિશ્વમાં કોલસાની તંગી હોય અને ઇન્ડોનેશિયાએ પોતાના કોલસાની પૉલિસી બદલી હોય અને આ પ્લાન્ટ વર્ષ ૨૦૦૮માં થયા પછી વર્ષ ૨૦૧૨માં આપણો સપ્લાયનો કોન્ટ્રાક્ટ ચાલુ થયો, ત્યારથી જ પ્રોબ્લેમ છે. આપણે વર્ષ ૨૦૧૮ સુધી આપણા એગ્રીમેન્ટ પ્રમાણે ખેચ્યું. આમાં બધી એમાઉન્ટ આપેલી જ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે બહુ થઇ ગયું બસ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : તમે ૨૫ વર્ષના કરાર કર્યા છે. વચગાળામાં તમે સુધારો કરીને ભાવ વધારો આપ્યો. એ ભાવ વધારો આપ્યા પછી અદાણીને કેટલી રકમ ચૂકવવી પડી**?**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : એ ભાવ વધારો જુદો-જુદો હોય છે. (અંતરાય) અદાણી પાવરનો એવરેજ રેટ ૪.૩૨ પૈસાએ લીધો છે. પરંતુ આપણું જે પ્રોડક્શન છે એ ૫.૧૨ પૈસામાં પડે છે. એસ્સાર પાવરે આપણને ૨.૯૨ પૈસાએ આપેલું છે. એસ્સાર પાવર બંધ છે. કેન્દ્રીય સાહસો પાસેથી આપણને ૩.૬૫ પૈસાએ મળે છે. આ સ્ટૉક એક્ષચેન્જ જેવું છે. આપણે બહારથી વીજળી ખરીદી હોય તો ઓન ધ સ્પૉટ લેવાય છે. (અંતરાય) એક મિનિટ સાંભળો.

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : શ્રી પુંજાભાઇ, પ્લીઝ મેં આપને બહુ કીધું. તમે એમ વચ્ચે-વચ્ચે ઊભા થાવ એ બરાબર નથી. આવું નથી કરી શકતા. પ્લીઝ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : અદાણીનો હિસ્સો આપણી ખરીદીમાં ખાલી ૮ ટકા જ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ના, એવું ન હોય, એમ તમે ધારો એટલો જવાબ ના મળે. એમની પાસે હોય એટલો જ જવાબ મળે. એ રીત જ બરાબર નથી. (સતત અંતરાય) (આ તબક્કે બંને પક્ષના સભ્યો પોતાની જગ્યા પર ઊભા થઇ ગયા અને વિરોધ પક્ષના સભ્યો સૂત્રોચ્ચાર કરવા લાગ્યા.)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : પૂરેપૂરો જવાબ આપ્યો છતાં એમને સંતોષ નથી અને વિરોધ જ કરવો છે.

અધ્યક્ષશ્રી : (વિપક્ષના નેતાને સંબોધીને) બધાને બેસાડો તો પ્રશ્ન પૂછવા દઉં. બધાને બેસાડો. તમારા જ સભ્યો ઊભા થઇ ગયા છે. એ બધાને સૂત્રોચ્ચાર કરવાની ના પાડો. હાઉસમાં બેઠા-બેઠા સીધા સૂત્રોચ્ચાર જ કરવા લાગે છે. મંત્રીશ્રી બે-ત્રણ વાર જવાબ આપે છે. માનનીય શશીકાન્તભાઈ આપ બેસો. મેં આપનું નામ નથી લીધું. આપ બેસો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ ખૂબ આભાર. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સમાજિક - આર્થિક સર્વેક્ષણ રિપોર્ટ મુજબ ગુજરાતની ૮,૭૨૯ મેગા વૉટની વીજ ઉત્પાદન ક્ષમતા સામે વર્ષ ૨૦૨૧માં કુલ ૧ લાખ ૧૬ હજાર ૬૧૦ મિલિયન યુનિટનું કુલ ઉત્પાદન થયું. તે પૈકી ગુજરાત રાજ્ય વીજ કોર્પોરેશને માત્ર ૨૦,૭૫૯ મિલિયન યુનિટ ઉત્પાદન કર્યું. અદાણી સહિત તમામ ખાનગી ક્ષેત્ર પાસેથી ૬૩,૧૨૪ મિલિયન યુનિટ ખરીદવા મજબૂર થવું પડ્યું. વર્ષ ૨૦૦૭માં જ્યારે ઠરાવ કર્યો, કરાર કર્યા, બીડ-૧, બીડ-૨, અદાણી અને એસ્સાર સહિત બીજી કુલ ૧૦ જેટલી કંપનીઓ પાસે આપણે ૨૦-૨૫ વર્ષના લાંબાગાળાના વીજ ખરીદીના કરાર વીજળી સસ્તા ભાવે મળે એટલે કર્યા અને આ કંપનીને વિશેષ સહાય સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવી. સરકારે જે જવાબ આપ્યો છે તેમાં બીડ-૧ અને બીડ-૨ મુજબ એવરેજ રૂ. ૨.૬૫ ના ભાવે જે વીજળી ખરીદવાની હતી તે કોલસાના ભાવ વધારાના બહાના તળે વર્ષ ૨૦૧૮માં સુધારા કરાર મુજબ રૂ. ૪.૫૦ લેખે ખરીદી. અદાણી પાવરને રૂ. ૨,૧૭૮ કરોડ વધારાની રકમ સહિત કુલ રૂ. ૮,૯૧૬ કરોડ ચૂકવવા પડ્યા. હવે મારો સવાલ માત્ર એટલો જ છે કે સરકારી કંપનીઓએ પાંચ વર્ષમાં રૂ. ૧૫ હજાર કરોડ ખર્ચ્યા છતાં વીજ ઉત્પાદન ૪,૬૦૦ મિલિયન યુનિટ હતું તે ૨,૦૦૦ મિલિયન યુનિટ સુધી આવી ગયું. સરકારી ઉત્પાદન ઘટતું જાય છે અને સરકારનો રૂપિયો મોંઘા ભાવે વીજળી ખરીદવામાં વપરાઈ રહ્યો છે.

અધ્યક્ષશ્રી : આપને પ્રશ્ન શું પૂછવો છે તે પૂછો?

શ્રી પરેશ ધાનાણી : માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરે કે ગુજરાતમાં સરકારની માલિકીના વીજ ઉત્પાદન યુનિટને ૧૦૦ ટકા કેપેસિટીએ ચલાવી અને સરકારી ઉત્પાદન વધારવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર હસ્તકના યુનિટોમાં વીજળીનું ઉત્પાદન રૂ. ૪.૭૬ની કિંમતે થાય છે. અદાણી પાસેથી રૂ.૩.૩૯ ના તદ્ન ઓછા ભાવે ખરીદીએ છીએ. વીજળીનું ઉત્પાદન વધારવા માટેના આપણા પ્લાન તૈયાર છે અને ફાઈલમાં પ્રોસેસમાં છે.

(વિરોધ પક્ષના સભ્યો પોતાની જગ્યા પરથી ઊભા થયા અને સૂત્રોચ્ચાર શરૂ કર્યો)

અધ્યક્ષશ્રી : બહુ જ થઈ ગયું. એક પ્રશ્નમાં જ ૨૦ મિનિટ થઈ ગઈ. બંને પ્રશ્નમાં પોણો કલાક થઈ ગયો. પાંચ મિનિટથી વધારે ચર્ચા ન થાય છતાં પણ અગત્યનો પ્રશ્ન હતો, એટલે મેં આટલો બધો સમય આપ્યો. (સતત અંતરાય) આપ બધા ઊભા ન થઈ જાવ. બેસો પ્લીઝ. (સતત સૂત્રોચ્ચાર) આપણે ઇચ્છીએ એ પ્રમાણે અહીંયા બધું ન થાય. મંત્રીશ્રી પાસે જે જવાબ હોય તે જ આપે. આપણે ધારીએ તેવા જવાબ ન મળે.

**રાજકોટ જિલ્લામાં ધન્વંતરી રથની સેવાઓ**

* ૪૩૪૮૪ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કોરોના મહામારીને પહોંચી વળવા રાજકોટ જિલ્લામાં ધન્વંતરી રથની સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા તો ઉક્ત સ્થિતિએ ધન્વંતરી રથનો કેટલી વ્યક્તિઓએ લાભ લીધો ? | (૨) રાજકોટ જિલ્લામાં કુલ ૫,૫૬,૬૨૨ વ્યક્તિઓએ લાભ લીધો. |

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ધન્વંતરિ રથના ઉદ્દેશો શું છે? તેમાં ક્યા ક્યા પ્રકારની સારવાર આપવામાં આવે છે? અને ધન્વંતરિ રથની ટીમમાં ક્યા ક્યા સભ્યોનો સમાવેશ થાય છે? (સતત અંતરાય અને સૂત્રોચ્ચાર)

શ્રી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૧૯મી માર્ચે કોરોનાનો પ્રથમ કેસ આવ્યો હતો. ગુજરાતમાં કોરોનાની મહામારીની શરૂઆત થઈ હતી. આફતને અવસરમાં પલટાવવાનો ગુજરાતીઓનો મિજાજ છે. કોરોનાના કપરા કાળમાં જ્યારે જનથી જનનો સંપર્ક તૂટ્યો, એક વ્યક્તિ બીજી વ્યક્તિને મળી ન શકે તેવો તબક્કો આવ્યો. પ્રાથમિક તબક્કે ઘણી ખાનગી હોસ્પિટલો હતી ત્યારે તબીબો, ડોક્ટરોએ પોતાની સેવાઓ બંધ કરી દીધી હતી. એક વ્યકિત બીજી વ્યકિત સાથે વાતચીત ન કરી

શકે, મળી ન શકે, બિમાર વ્યકિત ઘરેથી નીકળી હોસ્પિટલ સુધી જવા માટે પણ ચિંતા અનુભવતો હતો, ત્યારે ગુજરાતની નિર્ણાયક અને સંવેદનશીલ સરકારે આરોગ્યલક્ષી નવતર અભિગમ અપનાવીને ધન્વંતરી રથ કાર્યરત કર્યો. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે કે ધન્વંતરી રથનો ઉદ્દેશ શું છે? તો કોવિડ-૧૯ ના રોગચાળાને કાબૂમાં રાખવા રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા અંતિમ પંકિતમાં બેઠેલી વ્યકિત સુધી આરોગ્યની પાયાની સુવિધાઓ પહોંચે, પ્રજાજનોને પ્રાથમિક તબીબી સારવાર ઘરઆંગણે મળી રહે એ હેતુથી રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ધન્વંતરી આરોગ્ય રથની શરૂઆત કરવામાં આવી. જે વિસ્તારમાં કોરોનાથી સંક્રમિત હોય તેવા તમામ પ્રકારના દર્દીઓ, જે વિસ્તારોને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરાયા હોય તથા કોરોનાના સંક્રમિત દર્દીઓ વધુ મળી શકે તેવા પિન્ક ઝોન, અંબર ઝોન વિસ્તારોમાં આરોગ્ય સેવા પૂરી પાડવા માટે ધન્વંતરી રથ જાય. આ ધન્વંતરી રથ દ્વારા ઘરઆંગણે ઓ.પી.ડી. કરવામાં આવે, કોરોનાના કેસોની ચકાસણી કરવામાં આવે અને અગાઉથી જ કોરોનાના કેસો શોધીને, બીજી વ્યકિત અન્યત્ર સુપરસ્પ્રેડર ન બને એવી સેવાઓ પૂરી પાડીને મૃત્યુ દર ઘટાડવાનો ધન્વંતરી રથનો ખૂબ મોટો ઉદ્દેશ છે. સરકારશ્રી દ્વારા કોરોનાની મહામારીમાં ગ્રામ્ય કે શહેરી વિસ્તાર હોય આરોગ્યની પ્રાથમિક સુવિધાઓ ઘરઆંગણે મળી રહે એ હેતુથી, તાવ, શરદી, ડાયેરિયા, ડાયાબિટીસ કે બી.પી. વિગેરેને લગતી સારવારો ધન્વંતરી રથ દ્વારા પૂરી પાડવામાં આવે છે. કોરોનાના પોઝિટિવ દર્દીઓને જરુરી સારવાર તો આપવામાં આવે છે પણ વધુ પડતી બીમારી હોય તો નજીકના પી.એચ.સી. સેન્ટર, સી.એચ.સી. સેન્ટર અથવા હોસ્પિટલમાં રીફર કરવામાં આવે છે. બીજો પ્રશ્ન હતો કે, એમાં કેટલા સભ્યો હોય છે? કોરોનાની મહામારીને પહોંચી વળવા તથા પ્રજાજનોને સ્થળ ઉપર સારવાર મળી રહે તે માટે ધન્વંતરી રથની સાથે ડોકટરોની ટીમ, પેરામેડિકલ સ્ટાફ, જરૂરી સારવાર માટે લેબૉરેટરી ટેસ્ટની સુવિધા, દવાઓ, એક ડ્રાઇવર વિગેરે જાય છે. જેથી કરીને ત્યાં ઓ.પી.ડી. કરી સારવાર આપીને આરોગ્યલક્ષી તમામ સુવિધાઓ આપી શકાય.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ ધન્વંતરી રથ કઇ તારીખથી ચાલુ કર્યો? અને કેટલો ખર્ચો આવ્યો?

શ્રી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા પણ વાત કરી કે, ગુજરાતમાં કોરોનાની માર્ચ-૨૦૧૯થી શરૂઆત થઇ હતી. ત્યારે માર્ચ મહિનો હોય, ૪૦ થી ૪૨ ડિગ્રી તાપમાન હોય એવા કોરોનાના કપરા સમયે લોકોને આરોગ્યલક્ષી સુવિધાઓ જેવી કે ટેસ્ટિંગ કરવાની, દવાઓ આપવાની વિગેર મળી રહે તે માટે ધન્વંતરી રથની મેડિકલના સ્ટાફ સહિત શરૂઆત કરવામાં આવી. કોરોનાની શરૂઆત જયારે જેમ જેમ વધારે કન્ટેનમેન્ટ ઝોન આવ્યા, જેમ જેમ પીન્ક ઝોન, અંબર ઝોન આવ્યા તેવી રીતે મેડિકલ સ્ટાફની સહાય લઇને ધન્વંતરી રથની ઓ. પી. ડી. સાથે શરૂઆત કરી અને મને કહેતા આનંદ થાય છે કે આજે શહીદ દિવસ પણ છે, તો આ ગૃહના માધ્યમથી જયારે ધન્વંતરી રથની સેવા અને તેની કામગીરીને યાદ કરવાનો આજે સમય છે. લોકો સમક્ષ તેને રજૂ કરવાનો અવસર મને આ ગૃહ દ્વારા પ્રાપ્ત થયો છે, ત્યારે આ ગૃહના તમામ સભ્યશ્રીઓને ધનવંતરી રથમાં તમામ આરોગ્યની સેવાનો યજ્ઞ આદરીને લોક સેવાનું જે કાર્ય કર્યું છે, તેવા તમામ આરોગ્ય કર્મીઓની કર્તવ્ય નિષ્ઠાને આપણે બિરદાવવા જોઇએ. અને તેની શરૂઆત કોરોના કાળમાં કરવામાં આવી હતી.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે શહીદ દિન નિમિત્તે આ દેશને આઝાદી અપાવવા માટે જે લોકોએ પોતાના જાનની કુરબાની આપી છે તે તમામ શહિદોને નત મસ્તકે મારા વંદન કરું છું. માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં ધનવંતરી રથ મારફત કયા કયા રોગોની સારવાર કરવામાં આવી અને કેટલા લોકોએ તેનો લાભ લીધો?

શ્રીમતી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, સર્વે ભવન્તુ સુખીન: સર્વે સન્તુ નિરામયા, આ વિચારધારાથી ભારતીય જનતા પાર્ટીની અમારી સરકાર કામગીરી કરી રહી છે, ત્યારે ધનવંતરી રથમાં જેવી રીતે મેં વાત કરી તે રીતે કોરોનાની મહામારીમાં કોરોના તો હતો જ, પણ એની સાથે સાથે જયારે કોઇ કોવિડ પેશન્ટ હોય તેના પરિવારના અન્ય સભ્ય ને કોઇને તાવ, શરદી, ઉધરસ થઇ હોય, ત્યારે બહાર ન જઇ શકે તેવી પરિસ્થિતિ હતી, અને એ પરિસ્થિતિમાં શરદી, કફ, ડાયેરિયા, ઉલટી અને કોઇને શ્વાસની પણ તકલીફ હોય, ડાયાબિટીસ હોય, હાઇપરટેન્શન હોય આવા તમામ પ્રકારના રોગોની સારવાર આ ધનવંતરી રથ દ્વારા કરવામાં આવી. રાજકોટ જિલ્લાની માહિતી માગી છે ત્યારે રાજકોટ જિલ્લામાં ૫૧ ધનવંતરી રથ છે. અને આ તાવના ૮,૭૫૪, ડાયેરિયા અને વોમીટિંગના ૧૪,૭૦૪, સારી એટલે કે સીવીયર એક્યુટ રિસ્પેન્ટરી ઇન્ફેક્શનના ૫૨, આ ધનવંતરી રથના આરોગ્યના કર્મચારી દ્વારા જયારે ટેસ્ટિંગ કરવામાં આવ્યું ત્યારે આવા સારી ના દર્દીઓ, જેને શ્વાસની તકલીફ છે તેવા દર્દીઓ ડિટેકટ થયા, ડાયાબિટીસના ૪,૬૬૦ જેટલા, બ્લડ પ્રેસરના ૪,૯૧૬ જેટલા દર્દીઓ અને અન્ય જે રોગો છે, એ અન્ય રોગોના પણ ૫,૨૩,૫૩૬ દર્દીઓ, આમ કુલ મળીને આટલા દર્દીઓને સારવાર આપવામાં આવી છે.

**અમરેલી જિલ્લાની બંધ નાની સિંચાઇ યોજના**

* ૪૪૪૭૭ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૩-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૬૪૩૫ (અગ્રતા-૧૧૯)ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાની ઇંગોરાળા, પાડાગાળા અને વાડાલીયા નાની સિંચાઇ યોજનાઓ ક્યારથી બંધ છે, | (૧) આ નાની સિંચાઇ યોજનાઓમાં ચોમાસામાં પાણી સંગ્રહ થઇ ભૂગર્ભ જળ રીચાર્જ થતા આસપાસના ખેડૂતોને પરોક્ષ રીતે સિંચાઇનો લાભ મળે છે. |
| (૨) ઉક્ત યોજનાઓ બંધ હોવાથી કયા તાલુકાના કેટલા | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ગામોને સિંચાઇ માટે પાણી મળતું બંધ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત બંધ યોજનાઓ કાર્યરત થાય તે માટે સરકારે શાં પગલાં લીધા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા ઇચ્છું છું કે જે રીતે મેં પ્રશ્ન પૂછ્યો છે તેના જવાબમાં કયાંક વિસંગતતા છે, મારો પ્રશ્ન એવો છે કે મારા ખાંભા તાલુકાની ઇંગોરાળા, પાડાગાળા અને વાડલીયાની નાની સિંચાઇ યોજનાઓ કયારથી બંધ છે? એના જવાબમાં લેખિતમાં મને એવું આપ્યું છે કે આ નાની સિંચાઇ યોજનાઓમાં ચોમાસામાં પાણી સંગ્રહ થઇ ભૂગર્ભ જળ રીચાર્જ થતા આસપાસના ખેડૂતોને પરોક્ષ રીતે સિંચાઇનો લાભ મળે છે. તો હું એ પૂછવા માગું છું કે આ પ્રત્યક્ષ અને પરોક્ષ એનો ભેદ મને સમજાવે અને બીજો મારો નાનો એવો પ્રશ્ન એ છે કે આ ઇંગોરાળા, પાડાગાળા અને આ વાડલીયા નાની સિંચાઇ યોજના અંતર્ગત કેટલા ગામોને પાણી સરકારશ્રી પહોંચાડે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રત્યક્ષ અને પરોક્ષ, જે આપણી નાની સિંચાઇની યોજનાઓ આપણે તૈયાર કરીએ છીએ એ યોજનાઓ દ્વારા પાણી રોકી અને આજુ બાજુના વિસ્તાર રીચાર્જ થાય અને ત્યાંથી જો પાણી નાની સિંચાઇ યોજનામાં વધારે રહેતું હોય તો કેનાલો દ્વારા અથવા તો બીજી કોઇ રીતે એને આપણે ખેતરો સુધી પાણી પહોંચાડીએ છીએ, પરંતુ અમુક યોજનાઓ એવી છે અને જમીનના તળ પણ એવા હોય કે પાણી સીધે સીધુ નીચે ઉતરી જાય અને લગભગ નવેમ્બર-ડિસેમ્બર સુધીમાં એ પાણી શોષાઇ જતું હોય છે અને રીચાર્જ થઇ જતું હોય છે, એટલે આજુબાજુના વિસ્તારની અંદર એ ગામોના કૂવાઓ રીચાર્જ થાય છે અને કૂવાઓના રીચાર્જ થવાના કારણે જે સિંચાઇ થાય છે તેને આપણે પરોક્ષ કહીએ છીએ.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : આ ત્રણેય યોજનાઓ હેઠળ કેટલા ગામો આવેલા છે એ ગામોના નામ અને બીજું એટલું સમજાવો કે આ સિંચાઇ યોજનાની કેનાલો છે એ અત્યારે સારી હાલતમાં છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : ખાંભા તાલુકાની કુલ સાત યોજનાઓ છે. ઇંગોરાળા,પાડાગાળા, વડાલીયા, કંટાળા, મોભનેસ કોડીયા અને સરકડીયા. આપણી આટલી યોજનાઓ છે એમાં ઇંગોરાળામાં ૧૬૬ હેક્ટરમાં લાભ મળે છે જેમાં એક ગામોનો સમાવેશ થાય છે. પાડાગાળામાં ૧૭૬ હેક્ટર સિંચાઇ અને એક ગામ. વડાલીયામાં ૯૩ હેક્ટર જેમાં એક ગામ. કંટાળા નાની સિંચાઇમાં ૫૨૭ હેક્ટર અને એક ગામ. મોભનેસ નાની સિંચાઇમાં ૫૮૭ એક ગામ. કોડીયામાં ૮૫ અને એક ગામ. સરકડીયામાં ૧૬૨ હેક્ટર અને એક ગામને આપણે પાણી પહોંચાડીએ છીએ.

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના**

* ૪૪૩૮૭ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કોરોનામાં અનાથ/નિરાધાર થયેલ માતા કે પિતાને ગુમાવનાર બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં માસિક કેટલી રકમની સહાય આપવાની જોગવાઇ ક્યારે કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે ઉક્ત યોજનામાં સહાય મેળવવા બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી,

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૫) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને પડતર રહેવાનાં કારણો શાં છે ?

**જવાબ**

(૧) માતા/પિતા બંનેનું અવસાન થવાથી અનાથ બનેલ બાળકોને માસિક રૂ.૪૦૦૦/-ની સહાય કરવાની જોગવાઇ તા.૧૧-૬-૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે, જ્યારે માતા/પિતા પૈકી કોઇ પણ એક વાલીનું અવસાન થયેલ હોય તેવા બાળકોને માસિક રૂ.૨૦૦૦/-ની સહાય કરવાની જોગવાઇ તા.૨૮-૭-૨૦૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે.

(૨)

| વર્ષ | જિલ્લાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૨૦ | બનાસકાંઠા | ૦ |
| | કચ્છ | ૦ |
| ૨૦૨૧ | બનાસકાંઠા | ૧૦૦૭ |

(૩)

| જિલ્લાનું નામ | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| બનાસકાંઠા | ૭૮૪ |
| કચ્છ | ૭૭૧ |

(૪)

| જિલ્લાનું નામ | નામંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| બનાસકાંઠા | ૨૧૯ |
| કચ્છ | ૪૦ |

(૫)

| જિલ્લાનું નામ | પડતર અરજીઓ |
|---|---|
| બનાસકાંઠા | ૪ |
| કચ્છ | ૧૯૮ |

ઉક્ત અરજીઓ અધૂરી વિગતો અને અપૂરતા દસ્તાવેજોના કારણે પડતર રહેલ છે.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : કોરોના કાળમાં માતા પિતા ગુમાવનાર બાળકને મુખ્યમંત્રી બાળ સેવા યોજના સહાય

મેળવવા બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ૨૦૨ અરજીઓ પડતર હતી તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને બાકી અરજીઓ છે એ કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે?

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય સભ્યશ્રી ઉંમરલાયક અને ખૂબ જ વિદ્વાન છે કારણ કે એમણે ખૂબ સુંદર પ્રશ્ન પૂછ્યો છે એ બદલ એમને હું અભિનંદન આપું છું. કોરોના કાળ દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં સન ૨૦૨૦માં એક પણ અરજી મળી નહોતી, એ જ રીતે કચ્છ જિલ્લામાં પણ એક પણ અરજી મળી નહોતી. જયારે સન ૨૦૨૧માં બનાસકાંઠા જિલ્લામાં કુલ ૧,૦૦૭ અરજીઓ મળી હતી, જયારે કચ્છ જિલ્લામાંથી ૧,૦૦૯ અરજીઓ મળેલ હતી. આ અરજીઓ પૈકી બનાસકાંઠામાં ૭૮૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. જયારે કચ્છ જિલ્લામાં ૭૭૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. નામંજૂરની વાત કરીએ તો બનાસકાંઠામાં ૨૧૯ અરજીઓ હતી, જયારે કચ્છ જિલ્લામાં ૪૦ અરજીઓ છે. બનાસકાંઠા જિલ્લામાં પડતર અરજીઓ ૪ છે, જયારે કચ્છમાં ૧૩૮ અરજીઓ પડતર છે.

શ્રી શૈલેષ મ. પરમાર : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બાળ સેવા યોજના હેઠળ દર મહિને ૨ હજાર રૂપિયાની સહાય માતા પિતા ગુમાવનારાં બાળકને આપવામાં આવે છે. રાજય સરકારે કોરોનાની મહામારીમાં ૧૦,૯૪૨ લોકોના મૃત્યુ થયા હતા તેવું જાહેર કર્યું છે. માનનીય મંત્રીશ્રી જે પ્રશ્ન લઇને આવ્યા છે એના આજની પ્રશ્નોત્તરીના જવાબમાં બાળ સેવા યોજના હેઠળ ટોટલ ૨૭,૬૭૪ અરજીઓ મળી છે અને એ પૈકી ૨૦,૯૭૦ વારસદાર તરીકે બાળકોને આપવા માટેની અરજીઓ મંજૂર કરવામાં આવી છે. સરકાર એક બાજુ એમ કહે છે કે ૧૦,૯૪૨ લોકોના જ કોરોનામાં મૃત્યુ થયા છે, જયારે બીજી બાજુ સરકારના જ જવાબમાં બાળ સેવા યોજના હેઠળ ૨૦,૯૭૦ લોકોની સહાય મંજૂર કરવામાં આવી છે. જયારે ૩,૦૦૯ અરજીઓ પડતર છે. અરજી કરનારા ૨૭ હજાર હતા અને ૩ હજાર પડતર છે. રાજય સરકારે કોરોનાની અંદર સુપ્રીમ કોર્ટમાં એફિડેવીટ આપ્યા પછી ૫૦ હજારની સહાય ચૂકવી એનો આંકડો ૧,૧૭,૦૦૦ થાય છે. આજે વિધાનસભાગૃહની અંદર કોરોનાની અંદર કેટલા મૃત્યુ પામ્યા છે. ૩ લાખ કરતા વધારે લોકોના મૃત્યુ ગુજરાતમાં કોરોના વખતે થયા છે તો સરકાર આનો જવાબ આપે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : કોરોનાના મૃત્યુની શ્રી શૈલેષભાઇએ વાત કરી છે ત્યારે વખતો વખતની આઇ.સી.એમ.આર. ની અને...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**વલસાડ જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી**

૪૩૪૩૬ **શ્રી ભરતભાઇ પટેલ** (વલસાડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કેટલા ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કુલ ૩૧૯૩ ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજક્ષમતા કેટલી છે ? | (૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજક્ષમતા ૧૨૬૮૬ કિલો વોટ છે. |

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી**

૪૩૪૯૫ **શ્રી કેતનભાઇ ઈનામદાર** (સાવલી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કેટલા ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કુલ ૩૬૪૭૩ ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે. |

(૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજક્ષમતા કેટલી છે ?

(૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજક્ષમતા ૧૪૩૪૯૪ કિલો વોટ છે.

- - - - - - - - -

**રાજ્યમાં બિન અનામત વર્ગોના કલ્યાણ માટે શિક્ષણની યોજનાઓ**

૪૪૪૩૮ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં બિન અનામત વર્ગોના કલ્યાણ માટે શિક્ષણની કોઇ યોજનાઓ અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજનાવાર કેટલા વિદ્યાર્થીઓને ઉક્ત યોજનાઓનો લાભ આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| ક્રમ | યોજનાનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભોજન બિલ સહાય | ૧૭૨૪૨ |
| ૨ | કોચિંગ (ટ્યુશન) સહાય | ૫૨૬૨ |
| ૩ | કોચિંગ (JEE, NEET, ગુજકેટ) સહાય | ૨૫૭૯ |
| ૪ | સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ સહાય | ૪૩૪૯ |
| ૫ | વિદેશ અભ્યાસ લોન | ૨૮૮૭ |
| ૬ | શૈક્ષણિક અભ્યાસ લોન | ૧૨૯૭ |
| ૭ | કોમર્શિયલ પાયલોટ તાલીમ લોન | ૦ |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી**

૪૩૪૩૭ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કેટલા ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજક્ષમતા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કુલ ૨૭૫૯ ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજક્ષમતા ૯૭૫૩ કિલો વોટ છે.

- - - - - - - - -

**અદાણી પાવર લિમિટેડ પાસેથી વીજ ખરીદી પેટે ચૂકવવામાં આવેલ રકમ**

૪૪૪૦૮ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અદાણી પાવર લિમિટેડ પાસેથી વીજળી ખરીદવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) અને (૨) હા, જી. તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અદાણી પાવર લિમિટેડ પાસેથી

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કંપનીને માસવાર ફિક્સ કોસ્ટ પેટે અને વીજ ખરીદી પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ?

કરવામાં આવેલ વીજ ખરીદી પૈકી ચૂકવવામાં આવેલ ફિક્સ કોસ્ટ અને કુલ રકમની વિગત નીચે મુજબ છે.

| માસ | ૨૦૨૦ | | ૨૦૨૧ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | ફિક્સ કોસ્ટ રકમ (રૂ-કરોડ) | કુલ રકમ (રૂ-કરોડ) | ફિક્સ કોસ્ટ રકમ (રૂ-કરોડ) | કુલ રકમ (રૂ-કરોડ) |
| જાન્યુઆરી | ૬૧ | ૨૩૯ | ૪૯ | ૨૩૭ |
| ફેબ્રુઆરી | ૬૯ | ૨૭૯ | ૪૪ | ૧૪૪ |
| માર્ચ | ૬૭ | ૨૨૩ | ૬૦ | ૧૮૨ |
| એપ્રિલ | ૪૮ | ૬૨ | ૬૦ | ૨૯૨ |
| મે | ૬૦ | ૧૫૦ | ૫૮ | ૨૧૯ |
| જૂન | ૫૮ | ૧૫૩ | ૫૮ | ૨૬૯ |
| જુલાઈ | ૬૦ | ૨૨૦ | ૪૯ | ૧૫૦ |
| ઓગસ્ટ | ૪૯ | ૧૪૭ | ૪૯ | ૨૧૬ |
| સપ્ટેમ્બર | ૫૮ | ૨૧૧ | ૫૭ | ૧૩૯ |
| ઓક્ટોબર | ૬૦ | ૨૩૬ | ૪૫ | ૨૧૧ |
| નવેમ્બર | ૫૮ | ૨૧૯ | ૫૬ | ૧૦૯ |
| ડિસેમ્બર | ૬૦ | ૨૩૭ | ૭૨ | ૨૨૭ |

તદુપરાંત અદાણી પાવર દ્વારા જાન્યુઆરી-૨૦૨૦ થી જુલાઇ-૨૦૨૧ દરમ્યાન રજૂ કરેલ વીજ સપ્લાય બીલમાંથી જી.યુ.વી.એન.એલ. દ્વારા કપાત કરેલ રકમની ચૂકવણી સંદર્ભે માનનીય કેન્દ્રીય વીજ નિયમન આયોગના હુકમ મુજબ રૂ.૪૭૫ કરોડ ચૂકવવામાં આવેલ છે.

- - - - - - - - -

**બાલાસિનોર તાલુકાનું ઘાંટીયા તળાવ ભરવા બાબત**

૪૪૫૦૧ **શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના પાંડવા ગામે આવેલ ઘાંટીયા તળાવ સિંચાઈ માટે પાણીથી ભરવા બાબતની કેટલી અરજી સરકારને મળી, | (૧) એક. |
| (૨) મળેલ ઉક્ત અરજીઓ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) ઉક્ત અરજી અન્વયે સરકારશ્રી દ્વારા રૂ.૭૫૪.૦૦ લાખની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત તળાવ ક્યાં સુધીમાં પાણીથી ભરવાનું આયોજન છે ? | (૩) આર્થિક અને તાંત્રિક પાસાઓની ચકાસણી પૂર્ણ થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. |

- - - - - - - - -

**અમદાવાદ અને મોરબી જિલ્લામાં કોરોના વોરિયર્સના આશ્રિત કુટુંબને સહાય**

૪૪૪૧૭ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નોવેલ કોરોના વાઈરસ (કોવિડ-૧૯)ના સંક્રમણના કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન આરોગ્ય વિભાગના સંક્રમિત થયેલ કોરોના વોરિયર્સના દુઃખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય આપવાની જોગવાઈ કરવામાં | (૧) રૂ. ૫૦ લાખની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. |

આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને મોરબી જિલ્લામાં કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે, અને

(૨)

| જિલ્લાનું નામ | ચૂકવાયેલ હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા | ચૂકવેલ રકમ રૂ. | ચૂકવવાની બાકી હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા | કેટલી સહાય ચૂકવવાની બાકી છે રકમ રૂ. |
|---|---|---|---|---|
| **તાઃ-૦૧-૦૨-૨૦૨૦ થી તાઃ-૩૧-૦૧-૨૦૨૧** | | | | |
| અમદાવાદ | ૦૩ | ૧.૫ કરોડ | ૦૦ | ૦૦ |
| મોરબી | ૦૧ | ૫૦ લાખ | ૦૦ | ૦૦ |
| **તાઃ-૦૧-૦૨-૨૦૨૧ થી તાઃ-૩૧-૦૧-૨૦૨૨** | | | | |
| અમદાવાદ | ૦૨ | ૦૧ કરોડ | ૦૦ | ૦૦ |
| મોરબી | ૦૦ | ૦૦ | ૦૧ | ૫૦ લાખ |

(૩) ઉક્ત સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) મોરબી જિલ્લામાં એક આશ્રિત કુટુંબને સહાય ચૂકવવા અંગે આશ્રિત કુટુંબ તરફથી પૂરતા આધાર પૂરાવા રજૂ ન કરવાના લીધે સહાય ચૂકવવાની બાકી છે. મોરબી જિલ્લામાંથી દસ્તાવેજો મળ્યેથી આગળ કાર્યવાહી સારૂ મોકલી આપવામાં આવશે.

---------

**અમદાવાદની બી.જે.મેડિકલ કોલેજનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૪૪૪૨૦ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૧ની સ્થિતિએ બી.જે.મેડિકલ કોલેજ, અમદાવાદમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૩૪૨ |
| વર્ગ-૨ | ૧૦૫ |
| વર્ગ-૩ | ૨૭૩ |
| વર્ગ-૪ | ૧૬૪ |
| **કુલ** | **૮૮૪** |

(૨) ઉક્ત પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૨૭૯ | ૬૩ |
| વર્ગ-૨ | ૯૦ | ૧૫ |
| વર્ગ-૩ | ૧૧૩ | ૧૬૦ |
| વર્ગ-૪ | ૧૬૪ | ૦૦ |
| **કુલ** | **૬૪૬** | **૨૩૮** |

(૩) ઉક્ત સ્થિતિએ ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારિત, ફિક્સ પગાર આધારિત, માનદ વેતનથી ભરાયેલ છે,

(૩)

| સંવર્ગ | ભરાયેલ જગ્યાઓની વિગત | | |
|---|---|---|---|
| | કરાર આધારિત | ફિક્સ પગાર આધારિત | માનદ વેતન |
| વર્ગ-૧ | ૩૩ | ૦૦ | ૦૦ |
| વર્ગ-૨ | ૧૧ | ૦૦ | ૦૦ |
| વર્ગ-૩ | ૦૦ | ૫૪ | ૦૦ |
| વર્ગ-૪ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૪) ઉક્ત જગ્યાઓ કરાર આધારિત અને ફિક્સ પગારથી ભરવાના કારણો શાં છે, અને

(૪) યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ ન થવાના કારણે વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓ કરાર આધારિત ભરવામાં આવે છે. જ્યારે વર્ગ-૩ની જગ્યાઓ નાણા વિભાગના ફિક્સ પગારની નીતિ

(૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

મુજબ ફિક્સ પગારથી ભરવામાં આવે છે.
(૫) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

- - - - - - - - -

**રાજ્યમાં કાર્યરત સરકારી અને ખાનગી ડેન્ટલ કોલેજો**

૪૪૪૭૧ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી અને ખાનગી ડેન્ટલ કોલેજો કાર્યરત છે,

**જવાબ**

(૧) રાજ્યમાં બે સરકારી અમદાવાદ/જામનગર અને મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત AMC ડેન્ટલ કોલેજ તથા ડેન્ટલ સોસાયટી સંચાલિત સિધ્ધપુર, ડેન્ટલ કોલેજ દેથલી, સિધ્ધપુર ખાતે કાર્યરત છે. વિશેષમાં નવ સેલ્ફ ફાઇનાન્સ ડેન્ટલ કોલેજ ગુજરાત રાજ્યમાં કાર્યરત છે. આમ કુલ મળીને હાલ-૧૩ ડેન્ટલ કોલેજ રાજ્યમાં કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી અને નવી ખાનગી ડેન્ટલ કોલેજોને મંજૂરી આપવામાં આવી, અને

(૨) છેલ્લા બે વર્ષમાં નવી સરકારી અને ખાનગી ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી નથી.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડેન્ટલ કોલેજોમાં સ્નાતક કક્ષાએ સરકારી અને ખાનગી કેટલી સીટોમાં વધારો થયો ?

(૩) ડેન્ટલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કુલ-૧૦૦ સીટોનો વધારો થયેલ છે. જેમાં સરકારી ડેન્ટલ કોલેજ અમદાવાદ/જામનગર તથા મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત AMC ડેન્ટલ કોલેજ અને સોસાયટી હસ્તક સિધ્ધપુર ડેન્ટલ કોલેજનો સમાવેશ થાય છે.

- - - - - - - - -

**ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમને અંદાજપત્રમાં નાણાકીય જોગવાઈ**

૪૪૪૬૮ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબાની ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર માટે અંદાજપત્રમાં કોઈ નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષના અંદાજપત્રમાં કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે, અને

(૨)

| **ક્રમ** | **વર્ષ** | **અંદાજપત્રમાં લોન પેટે થયેલ જોગવાઈ** |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | રૂ. ૧૦૦૦.૦૦ લાખ |
| ૨ | ૨૦૨૧-૨૨ | રૂ. ૯૭૧.૫૦ લાખ |

(૩) ઉક્ત વર્ષવાર ફાળવણી કરવામાં આવેલ નાણા પૈકી કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩) પત્રક મુજબ.

**પત્રક**

| **વર્ષ** | **ફાળવણી કરવામાં આવેલ પૈકી વણવપરાયેલ રકમ** | **વણવપરાયેલ રકમના કારણો** |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ. ૭૦૦ લાખ | વર્તમાન પત્રમાં જાહેરાત આપી અરજીઓ મેળવવામાં આવેલ છે. જે ટૂંક સમયમાં કોમ્પ્યુટરાઇઝડ ડ્રો કરી લાભાર્થીઓની પસંદગી કરવામાં આવનાર છે. |

| | | |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | રૂ. ૬૦૦ લાખ | યોજનાઓની આખરીકરણની કામગીરી ચાલુમાં છે જે પૂર્ણ થતા સમાચાર પત્રોમાં જાહેરખબર આપી અરજી મેળવી, કોમ્પ્યુટરાઇઝડ ડ્રો કરી લાભાર્થીઓની પસંદગી કરવામાં આવનાર છે. |

\- - - - - - - - -

**થરાદ સિવિલ હોસ્પિટલમાં લેબોરેટરીનાં સાધનોની ઘટ**

૪૪૩૭૫ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં થરાદ સિવિલ હોસ્પિટલમાં લેબોરેટરીમાં ક્યા પ્રકારના અને કેટલા સાધનોની ઘટ છે, | (૧) બ્લડ સેલ કાઉન્ટરની ઘટ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ સાધનોની ઘટ રહેવાના કારણો શાં છે, અને | (૨) જૂનું બ્લડ સેલ કાઉન્ટર ખરાબ થઈ જવાથી. |
| (૩) ઉક્ત ખૂટતા સાધનો ક્યાં સુધીમાં પૂરા પાડવામાં આવશે ? | (૩) તા.૨૧-૧-૨૦૨૨ના રોજ માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી મળેલ છે. |

\- - - - - - - - -

**દાંતીવાડા તાલુકાના પાંથાવાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રની કામગીરી**

૪૪૩૭૮ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાનાં દાંતીવાડા તાલુકાના પાંથાવાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) હાલ કોઈ આયોજન નથી. |
| (૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

\- - - - - - - - -

**અદાણી પાવર લિ. કંપની પાસેથી પેનલ્ટી કે અન્ય વસૂલવાની થતી રકમ**

૪૪૩૯૦ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અદાણી પાવર લિમિટેડે પાવર સપ્લાય કરવાના કરાર કર્યા પછી કંપની પાવર સપ્લાય ન કરે તો પેનલ્ટી કે અન્ય કોઈ રકમ વસૂલવાની થાય છે કે કેમ, | (૧) હા, જી . |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ વસૂલવાની થાય છે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કંપની ઉક્ત રકમ સમયસર ન ચૂકવતી હોય તો તે રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યા ? | (૨) અને (૩)<br>તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ, કરારની જોગવાઈઓ મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને ૨૦૨૦-૨૦૨૧ દરમ્યાન પાવર સપ્લાય અન્વયે પેનલ્ટી પેટે કે અન્ય કોઈ રકમ અદાણી પાસેથી વસૂલવાની રહેતી નથી. જયારે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટે પેનલ્ટી પેટે વસૂલવાપાત્ર થતી રકમની ગણતરી વર્ષના અંતે વાર્ષિક ઉપલબ્ધતાના આધારે આખરી થશે. |

\- - - - - - - - -

**ખેડા જિલ્લામાં આવેલ માઈનોર કેનાલો**

૪૩૫૬૨ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૨-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં | (૧) ખેડા જિલ્લામાં કુલ ૪૯૪ માઈનોર કેનાલ આવેલી |

કેટલી માઈનોર કેનાલો આવેલી છે, — છે.

(૨) ઉક્ત પૈકી કેટલી કેનાલો કાર્યરત છે અને કેટલી કેનાલો બંધ છે, — (૨) ૪૮૦ કેનાલો કાર્યરત છે જ્યારે ૧૪ કેનાલો બંધ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેનાલો કેટલા સમયથી બંધ છે અને બંધ રહેવાના કારણો શા છે, અને — (૩) વર્ષ-૨૦૦૫ વર્ષ-૨૦૦૫ના ચોમાસામાં ભારેથી અતિભારે વરસાદના કારણોસર.

(૪) ઉક્ત કેનાલો પુનઃ શરૂ કરવાનું શું આયોજન છે ? — (૪) ૧૧ કેનાલો કામગીરી હાલ ટેન્ડર તબક્કે હોઈ, માર્ચ-૨૦૨૩ સુધીમાં પુનઃ શરૂ કરવાનું આયોજન છે અને બાકીની ૦૩ કેનાલોની કામગીરી નક્શા અંદાજ તબક્કે છે, જે જૂન-૨૦૨૩ સુધીમાં પુનઃ શરૂ કરવાનું આયોજન છે.

---------

### ગાંધીનગર શહેરમાં ધન્વંતરી રથની સેવાઓ

૪૩૪૮૩ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કોરોના મહામારીને પહોંચી વળવા ગાંધીનગર શહેરમાં ધન્વંતરી રથની સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો, હા તો ઉક્ત સ્થિતિએ ધન્વંતરી રથનો કેટલી વ્યક્તિઓએ લાભ લીધો ? | (૨) ગાંધીનગર શહેર (કોર્પોરેશન)માં કુલ ૯,૪૫,૯૦૦ વ્યક્તિઓએ લાભ લીધો. |

---------

### મહેસાણા જિલ્લામાં ધરોઇ જૂથ પાણી પુરવઠા યોજના

૪૩૪૭૦ **શ્રી કરશનભાઇ સોલંકી** (કડી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ધરોઇ જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગે કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ આયોજનની અંદાજિત રકમ કેટલી છે, અને | (૨) રૂ. ૨૮૮૮.૩૦ લાખ ગ્રોસ. |
| (૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) માહે ૦૬/૨૦૨૩ સુધીમાં. |

---------

### ગાંધીનગર જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી

૪૩૪૩૨ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કેટલા ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કુલ ૬૭૨૮ ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૨૬૩૯૩ કિલો વોટ છે. |

---------

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**ડાંગ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો**

૪૩૪૫૫ **શ્રી વિજયભાઇ પટેલ** (ડાંગ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ કેટલા ઘરવપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૧૫૨૨ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૫૩.૭૫ લાખનો ખર્ચ થયો. |

---------

**જૂનાગઢ જિલ્લાના ડેમોમાં પાઇપલાઇન મારફત નર્મદાનું પાણી નાખવાની કામગીરી**

૪૧૮૪૨ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના ડેમોમાં નર્મદાનું પાણી પાઇપલાઇન દ્વારા નાખવા માટે ક્યા ડેમોમાં પાઇપલાઇન નાખવામાં આવી છે અને કયા ડેમોમાં પાઇપલાઇન નાખવાની બાકી છે, અને

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં સૌની યોજના અંતર્ગત નર્મદાનું પાણી આપવા નીચેના ડેમો જોડવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧) ધ્રાફડ | ૨) આંબાજળ |
| ૩) ગળથ | ૪) ઉબેણ |
| ૫) ઉબેણ પીક-અપ વિયર | |

અને નીચે મુજબના ડેમો જોડવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

| | |
|---|---|
| ૧) ઓઝત વિયર આણંદપુર | ૨) ઓઝત-૨ |
| ૩) ઓઝત વિયર શાપુર | ૪) મધુવંતી ડેમ |
| ૫) ભાખરવડ ડેમ | ૬) વ્રજમી ડેમ |
| ૭) મેઘલ ટી. આર | ૮) ચાપરડા વિયર |

**પ્રશ્ન** (૨) બાકી રહેલ પાઇપલાઇન નાખવાની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબકકે છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ** (૨) પ્રગતિ હેઠળની બાકી રહેલ પાઇપલાઇન નાખવાની કામગીરી જુલાઇ-૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**ખેડા અને મહીસાગર જિલ્લામાં કોરોના વોરિયર્સના આશ્રિત કુટુંબને સહાય**

૪૪૪૯૮ **શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૧/૨૦૨૨ની સ્થિતિએ નોવેલ કોરોના વાઇરસ (કોવિડ-૧૯)ના સંક્રમણના કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન આરોગ્ય વિભાગના સંક્રમિત થયેલ કોરોના વોરિયર્સના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) રૂ. ૫૦ લાખની સહાય આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

**પ્રશ્ન**

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને મહીસાગર જિલ્લામાં કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે, અને

**જવાબ**

(૨)

| **તા. ૦૧-૦૨-૨૦૨૦ થી તા. ૩૧-૦૧-૨૦૨૧** | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લાનું નામ** | **ચૂકવાયેલ હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **ચૂકવેલ રકમ રૂ.** | **ચૂકવવાની બાકી હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **કેટલી સહાય ચૂકવવાની બાકી છે રકમ રૂ.** |
| ખેડા | ૦૧ | ૫૦ લાખ | ૦૦ | ૦૦ |
| મહીસાગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **તા. ૦૧-૦૨-૨૦૨૧ થી તા. ૩૧-૦૧-૨૦૨૨** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ખેડા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મહીસાગર | ૦૧ | ૫૦ લાખ | ૦૧ | ૫૦ લાખ |

(૩) ઉક્ત સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) મહીસાગર જિલ્લામાં એક આશ્રિત કુટુંબને સહાય ચૂકવવાના તમામ દસ્તાવેજો જિલ્લા કક્ષાએથી મળ્યેથી ન્યૂ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપનીમાં કાર્યવાહી સારું મોકલી આપવામાં આવશે.

- - - - - - - - -

**સુરત જિલ્લામાં મહુવા જૂથ પાણી પુરવઠા યોજના**

૪૩૪૭૫ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં મહુવા જૂથ પાણી પુરવઠા યોજના અંગે આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ આયોજનની અંદાજિત રકમ કેટલી છે, અને | (૨) રૂ. ૧૫૨૦.૩૭ લાખ ગ્રોસ. |
| (૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) માહે ૧૦/૨૦૨૨ સુધીમાં. |

- - - - - - - - -

**પંચમહાલ અને મહીસાગર જિલ્લાના તળાવો ભરવા બાબત**

૪૩૪૮૬ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લાના પાનમ હાઇ લેવલ કેનાલ આધારિત તળાવો ભરવાની યોજના અંગેની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) સદર કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) સદર કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, | (૨) ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં. |
| (૩) સદર યોજનાથી ક્યા તાલુકાના કેટલા તળાવો પાણીથી ભરવામાં આવશે, અને | (૩) પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ૨૯ તળાવો અને ગોધરા તાલુકાના ૨૫ તળાવો તેમજ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ૮ તળાવો મળી કુલ ૬૨ તળાવો. |
| (૪) સદર યોજનાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ? | (૪) ૮૫૦૦ હેક્ટર. |

- - - - - - - - -

**વડોદરાની સરકારી મેડિકલ કોલેજનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૪૪૫૧૬ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સરકારી મેડિકલ કોલેજ, વડોદરામાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૨૯૪ |
| વર્ગ-૨ | ૧૧૦ |
| વર્ગ-૩ | ૩૦૩ |
| વર્ગ-૪ | ૧૩૬ |
| **કુલ** | **૮૪૩** |

(૨) ઉક્ત પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૨૨૮ | ૬૬ |

| | | |
|---|---|---|
| વર્ગ-૨ | ૭૬ | ૩૪ |
| વર્ગ-૩ | ૧૮૨ | ૧૨૧ |
| વર્ગ-૪ | ૧૩૬ | ૦૦ |
| **કુલ** | **૬૨૨** | **૨૨૧** |

(૩) ઉક્ત સ્થિતિએ ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારિત, ફિક્સ પગાર આધારિત, માનદ્ વેતનથી ભરાયેલ છે,

(૩)

| સંવર્ગ | ભરાયેલ જગ્યાઓની વિગત | | |
|---|---|---|---|
| | કરાર આધારિત | ફિક્સ પગાર આધારિત | માનદ વેતન |
| વર્ગ-૧ | ૨૫ | ૦૨ | ૦૧ |
| વર્ગ-૨ | ૧૯ | ૦૦ | ૦૦ |
| વર્ગ-૩ | ૦૦ | ૩૪ | ૦૦ |
| વર્ગ-૪ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૪) ઉક્ત જગ્યાઓ કરાર આધારિત અને ફિક્સ પગારથી ભરવાના કારણો શાં છે, અને

(૪) યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ ન થવાના કારણે વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓ કરાર આધારિત ભરવામાં આવે છે. જ્યારે વર્ગ-૩ની જગ્યાઓ નાણા વિભાગના ફિક્સ પગારની નીતિ મુજબ ફિક્સ પગારથી ભરવામાં આવે છે.

(૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૫) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

**વલસાડ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો**

૪૩૪૫૩ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ કેટલા ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૧) ૯૫૦

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ. ૩૩.૨૭ લાખનો ખર્ચ થયો.

---------

**રાજકોટ જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી**

૪૩૪૨૯ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ-ગ્રામ્ય) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કેટલા ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે, અને

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કુલ ૨૨૬૧૮ ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ?

(૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૮૪૯૫૦ કિલો વોટ છે.

---------

**ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકામાં સિંચાઈ સુવિધા**

૪૪૪૦૨ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા

(૧)

| તાલુકો | તળાવ | નાની સિંચાઈ | મધ્યમ |
|---|---|---|---|

જિલ્લાના ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકામાં તાલુકાવાર કેટલા તળાવો, નાના અને મધ્યમ ડેમો આવેલ છે,

| | | યોજના | ડેમ |
|---|---|---|---|
| ખેડબ્રહ્મા | ૬૯ | ૧૬ | ૨ |
| પોશીના | ૯૬ | ૧૧ | ૦ |
| વિજયનગર | ૩૧ | ૪ | ૧ |

(૨) ઉક્ત તળાવો અને ડેમવાર કેટલા ગામોમાં અને કેટલા ક્ષેત્રફળમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને કેટલા ક્ષેત્રફળમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવતી નથી, અને

(૨) ડેમવાર વિગતો *પત્રકમાં સામેલ છે. તળાવોમાંથી ભૂર્ગભજળ રીચાર્જ થઈ આસપાસના વિસ્તારમાં પ્રત્યક્ષ/પરોક્ષ સિંચાઈ થાય છે. ડેમોના પિયત વિસ્તારમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરેલ હોઈ, સિંચાઈ સુવિધાનો બાકી વિસ્તારમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ ક્ષેત્રફળમાં સિંચાઈની સુવિધા ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

(૩) ડેમના પિયત વિસ્તારમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**દસાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રના બિલ્ડિંગનું બાંધકામ**

૪૪૪૩૨ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૨૨-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૮૫૫૮ (અગ્રતા-૮૩)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દસાડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે વર્ષ ૨૦૧૫-૧૬માં નાબાર્ડ પ્રોગ્રામ હેઠળ નવીન જોગવાઈ થયેલ તે બિલ્ડિંગના નવીન બાંધકામ માટે હાલમાં પૂરતી જમીન ઉપલબ્ધ ન હોઈ અન્ય જગ્યાએ જમીન ઉપલબ્ધ થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૧) માન. કલેક્ટરશ્રીના તા.૦૫-૦૪-૨૦૨૧ના હુકમ ક્રમાંકઃ જમન/૩/વ/૬૮૯/૨૦૨૧ થી જમીન ફાળવણી થયેલ છે.

(૨) ઉક્ત બિલ્ડિંગનું બાંધકામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૨) ઉક્ત બિલ્ડિંગનું બાંધકામ ટેન્ડર મંજૂર થયા બાદ ઈજારદારશ્રીને વર્ક ઓર્ડર આપ્યે થી નિયત કરેલ સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**રાજકોટ શહેરમાં ધન્વંતરી રથની સેવાઓ**

૪૩૪૭૭ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કોરોના મહામારીને પહોંચી વળવા રાજકોટ શહેરમાં ધન્વંતરી રથની સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો, હા તો ઉક્ત સ્થિતિએ ધન્વંતરી રથનો કેટલી વ્યક્તિઓએ લાભ લીધો ?

(૨) રાજકોટ શહેર (કોર્પોરેશન)માં કુલ ૪૧,૭૨,૪૨૫ વ્યક્તિઓએ લાભ લીધો.

---------

**રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ના આર.ટી.પી.સી.આર. ટેસ્ટની કીટ ખરીદવા બાબત**

૪૪૪૯૫ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ના આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માટે કઈ કંપની પાસેથી કેટલી ટેસ્ટકીટ શા ભાવે ખરીદવામાં આવી, અને

(૧) અને (૨) પત્રક-૧ મુજબ.

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઈ કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે ?

**પત્રક-૧**

| કંપનીનું નામ | ઓર્ડરની તારીખ | ભાવ રૂ. પ્રતિ ટેસ્ટ | જથ્થો ટેસ્ટ | કુલ રકમ રૂ. | ચૂકવેલ રકમ રૂ. | ચૂકવવાની બાકી રકમ રૂ. |
|---|---|---|---|---|---|---|
| **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧** | | | | | | |
| મે.કોસારા ડાયગ્રોસ્ટીક | ૧૭-૦૪-૨૦૨૦ | ૭૮૨.૮૮ | ૧૬૦૦ | ૧૨૫૨૬૦૮ | ૧૨૫૨૬૦૮ | ---- |
| | ૧૮-૦૪-૨૦૨૦ | ૬૧૬ | ૧૮૪૦૦ | ૧૧૩૩૪૪૦૦ | ૧૧૩૩૪૪૦૦ | ---- |
| મે.એબોટ હેલ્થકેર પ્રા.લિ. | ૦૭-૦૫-૨૦૨૦ | ૧૬૪૮ | ૮૦૦૦ | ૧૩૧૮૪૦૦૦ | ૧૩૧૩૧૨૬૪ | પેઢીએ પેકિંગ સાઈઝના લીધે ૩૨ ટેસ્ટ ઓછી સપ્લાય કરેલ છે. તેથી કોઈ ચૂકવણું બાકી રહેતું નથી. |
| મે.મેરીલ ડાયગ્રોસ્ટીક પ્રા.લિ. | ૨૭-૦૭-૨૦૨૦ | ૪૭૯.૩૬ | ૭૫૦૦૦ | ૩૫૯૫૨૦૦૦ | ૩૫૯૫૨૦૦૦ | ---- |
| | ૧૮-૦૯-૨૦૨૦ | ૨૨૮.૪૮ | ૧૪૦૦૦૦ | ૩૧૯૮૭૨૦૦ | ૩૧૯૮૭૨૦૦ | ---- |
| | ૧૩-૧૧-૨૦૨૦ | ૬૪.૯૬ | ૧૦૦૦૦૦ | ૬૪૯૬૦૦૦ | ૬૪૯૬૦૦૦ | ---- |
| મે.પોક્ટ સર્વિસીસ | ૧૮-૦૯-૨૦૨૦ | ૨૨૮.૪૮ | ૬૦૦૦૦ | ૧૩૭૦૮૮૦૦ | ૧૩૭૦૮૮૦૦ | ---- |
| મે.ઇમ્પીરિયલ લાઇફ સાયન્સ | ૦૨-૧૨-૨૦૨૦ | ૬૪.૯૬ | ૨૦૦૦૦૦ | ૧૨૯૯૨૦૦૦ | ૧૨૯૯૨૦૦૦ | ---- |
| | ૧૪-૧૨-૨૦૨૦ | ૬૪.૯૬ | ૫૦૦૦૦ | ૩૨૪૮૦૦૦ | ૩૨૪૮૦૦૦ | ---- |
| મે.પી.ડી. એન્ટરપ્રાઇઝ | ૧૮-૧૨-૨૦૨૦ | ૪૦.૫૫ | ૩૦૦૦૦૦ | ૧૨૧૬૫૦૦૦ | ૧૨૧૬૫૦૦૦ | ---- |
| | ૨૧-૦૧-૨૦૨૧ | ૪૦.૨ | ૪૫૦૦૦૦ | ૧૮૦૯૦૦૦૦ | ૧૮૦૯૦૦૦૦ | ---- |
| **તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨** | | | | | | |
| **કંપનીનું નામ** | **ઓર્ડરની તારીખ** | **ભાવ રૂ. પ્રતિ ટેસ્ટ** | **જથ્થો ટેસ્ટ** | **કુલ રકમ રૂ.** | **ચૂકવેલ રકમ રૂ.** | **ચૂકવવાની બાકી રકમ રૂ.** |
| મે.પી.ડી. એન્ટરપ્રાઇઝ | ૦૧-૦૪-૨૦૨૧ | ૩૦.૫ | ૪૫૦૦૦૦ | ૧૩૭૨૫૦૦૦ | ૧૩૭૨૫૦૦૦ | ---- |
| | ૧૮-૦૪-૨૦૨૧ | ૩૦.૫ | ૧૧૨૫૦૦ | ૩૪૩૧૨૫૦ | ૩૪૩૧૨૫૦ | ---- |
| | ૨૦-૦૪-૨૦૨૧ | ૩૦.૫ | ૧૧૨૫૦૦ | ૩૪૩૧૨૫૦ | ૩૪૩૧૨૫૦ | ---- |
| મે.જીસીસી બાયોટેક ઇન્ડીયા પ્રા.લિ. | ૨૪-૦૪-૨૦૨૧ | ૨૩ | ૭૫૦૦૦૦ | ૧૭૨૫૦૦૦૦ | ૧૭૨૫૦૦૦૦ | ---- |
| | ૧૨-૦૫-૨૦૨૧ | ૨૫ | ૧૦૦૦૦૦૦ | ૨૫૦૦૦૦૦૦ | ૨૫૦૦૦૦૦ | ---- |
| | ૨૩-૦૯-૨૦૨૧ | ૧૭.૬ | ૧૦૫૦૦૦૦ | ૧૮૪૮૦૦૦૦ | ૧૬૩૬૮૦૦૦ | ૨૧૧૨૦૦૦ |
| મે.મેરીલ ડાયગ્રોસ્ટીક પ્રા.લિ. | ૨૩-૦૯-૨૦૨૧ | ૧૭.૬ | ૪૫૦૦૦૦ | ૭૯૨૦૦૦૦ | ૭૯૨૦૦૦૦ | ---- |
| | ૦૭-૦૧-૨૦૨૨ | ૧૯.૭૫ | ૧૫૦૦૦૦૦ | ૨૯૬૨૫૦૦૦ | ૧૩૮૨૫૫૭૪ | ૧૫૭૯૯૪૨૬ |
| | ૨૯-૦૧-૨૦૨૨ | ૧૯.૭૫ | ૩૭૫૦૦૦ | ૭૪૦૬૨૫૦ | ---- | ૭૪૦૬૨૫૦ |

---------

**રાજ્યમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળની પ્રયોગશાળાઓ**

૪૩૪૪૧ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ કેટલી પ્રયોગશાળાઓ ક્યાં ક્યાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેમાં કેટલી ખાદ્ય ચીજોની જિલ્લાવાર ચકાસણી કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) રાજ્ય હસ્તકની ૦૩ પ્રયોગશાળાઓ વડોદરા, રાજકોટ અને ભુજ તેમજ કોર્પોરેશન હસ્તકની ૦૩ પ્રયોગશાળાઓ અમદાવાદ, વડોદરા અને સુરત ખાતે આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ચકાસણી કરેલ ખાદ્યચીજોની વિગત.

| | **કુલ ચકાસેલ ખાદ્યચીજોની સંખ્યા** |
|---|---|
| વડોદરા (રાજ્ય હસ્તક) | ૧૨૨૯૬ |
| રાજકોટ (રાજ્ય હસ્તક) | ૮૫૫૬ |
| ભુજ (રાજ્ય હસ્તક) | ૪૩૬૧ |
| અમદાવાદ (કોર્પો. હસ્તક) | ૫૧૬૬ |
| સુરત (કોર્પો. હસ્તક) | ૫૮૨૩ |
| વડોદરા (કોર્પો. હસ્તક) | ૧૯૭૪ |
| **કુલ** | **૩૮૧૭૬** |

- તમામ લેબોરેટરીઓ દ્વારા ચકાસણી કરેલ ખાદ્યચીજોની જિલ્લાવાર માહિતી દર્શાવતું પત્રક-અ સામેલ છે.

(૩) તેમાં કેટલા નમૂના અપ્રમાણસર માલૂમ પડ્યાં છે ?

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ચકાસણી કરેલ ખાદ્યચીજો પૈકી અપ્રમાણસર માલૂમ પડેલ ખાદ્યચીજોના નમૂનાની વિગત

| | **કુલ ચકાસાયેલ ખાદ્યચીજો પૈકી અપ્રમાણસર માલૂમ પડેલ ખાદ્યચીજોના નમૂનાની સંખ્યા** |
|---|---|
| વડોદરા (રાજ્ય હસ્તક) | ૧૧૫૬ |
| રાજકોટ (રાજ્ય હસ્તક) | ૪૯૮ |
| ભુજ (રાજ્ય હસ્તક) | ૨૭૩ |
| અમદાવાદ (કોર્પો. હસ્તક) | ૨૧૨ |
| સુરત (કોર્પો. હસ્તક) | ૧૮૨ |
| વડોદરા (કોર્પો. હસ્તક) | ૧૪૧ |
| **કુલ** | **૨૪૬૨** |

- તમામ લેબોરેટરીઓ દ્વારા ચકાસણી કરેલ ખાદ્યચીજો પૈકી અપ્રમાણસર માલૂમ પડેલ ખાદ્યચીજોના નમૂનાની જિલ્લાવાર માહિતી દર્શાવતું પત્રક-બ સામેલ છે.

**પત્રક - અ**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **તમામ લેબોરેટરીઓ દ્વારા છેલ્લા બે વર્ષમાં ચકાસણી કરેલ ખાદ્યચીજોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૭૧૩ |
| ૨ | અમરેલી | ૩૫૬ |
| ૩ | આણંદ | ૯૯૩ |
| ૪ | અરવલ્લી | ૪૮૮ |
| ૫ | ભરૂચ | ૭૫૮ |
| ૬ | ભાવનગર | ૯૫૭ |
| ૭ | ભુજ-કચ્છ | ૧૦૦૮ |
| ૮ | બોટાદ | ૧૭૮ |
| ૯ | દાહોદ | ૭૬૧ |
| ૧૦ | દેવભૂમિ દ્વારકા | ૧૩૯ |
| ૧૧ | ગાંધીનગર | ૪૯૬ |
| ૧૨ | ગીર સોમનાથ | ૩૬૩ |
| ૧૩ | ગોધરા | ૬૨૨ |
| ૧૪ | સાબરકાંઠા | ૭૮૦ |

| ક્રમ | જિલ્લાનું નામ | તમામ લેબૉરેટરીઓ દ્વારા છેલ્લા બે વર્ષમાં ચકાસણી કરેલ ખાદ્યચીજોની સંખ્યા |
|---|---|---|
| ૧૫ | જામનગર | ૭૬૨ |
| ૧૬ | જૂનાગઢ | ૮૭૮ |
| ૧૭ | મહીસાગર | ૧૧૬ |
| ૧૮ | મહેસાણા | ૧૧૩૭ |
| ૧૯ | મોરબી | ૬૮૦ |
| ૨૦ | ખેડા (નડિયાદ) | ૧૧૧૧ |
| ૨૧ | નર્મદા | ૩૫ |
| ૨૨ | નવસારી | ૮૦૬ |
| ૨૩ | બનાસકાંઠા | ૧૭૬૨ |
| ૨૪ | પાટણ | ૬૨૦ |
| ૨૫ | પોરબંદર | ૩૯૬ |
| ૨૬ | રાજકોટ | ૧૫૫૪ |
| ૨૭ | સુરત | ૭૭૬૪ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૪૦૯ |
| ૨૯ | તાપી | ૧૧૪૧ |
| ૩૦ | વડોદરા | ૩૨૧૯ |
| ૩૧ | વલસાડ | ૧૦૪૪ |
| ૩૨ | છોટાઉદેપુર | ૧૩૦ |
| | **કુલ** | **૩૮૧૭૬** |

**પત્રક - બ**

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તમામ લેબૉરેટરીઓ દ્વારા છેલ્લા બે વર્ષમાં ચકાસણી કરેલ ખાદ્યચીજો પૈકી અપ્રમાણસર માલૂમ પડેલ ખાદ્યચીજોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૯૫ |
| ૨ | અમરેલી | ૨૧ |
| ૩ | આણંદ | ૬૭ |
| ૪ | અરવલ્લી | ૨૪ |
| ૫ | ભરૂચ | ૪૩ |
| ૬ | ભાવનગર | ૩૮ |
| ૭ | ભુજ-કચ્છ | ૬૨ |
| ૮ | બોટાદ | ૧૧ |
| ૯ | દાહોદ | ૩૯ |
| ૧૦ | દેવભૂમિ દ્વારકા | ૧૨ |
| ૧૧ | ગાંધીનગર | ૫૫ |
| ૧૨ | ગીર સોમનાથ | ૩૨ |
| ૧૩ | ગોધરા | ૪૮ |
| ૧૪ | સાબરકાંઠા | ૪૭ |
| ૧૫ | જામનગર | ૫૧ |
| ૧૬ | જૂનાગઢ | ૪૫ |
| ૧૭ | મહીસાગર | ૮ |
| ૧૮ | મહેસાણા | ૨૩૮ |
| ૧૯ | મોરબી | ૮૭ |
| ૨૦ | ખેડા (નડિયાદ) | ૫૮ |
| ૨૧ | નર્મદા | ૪ |

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તમામ લેબૉરેટરીઓ દ્વારા છેલ્લા બે વર્ષમાં ચકાસણી કરેલ ખાદ્યચીજો પૈકી અપ્રમાણસર માલૂમ પડેલ ખાદ્યચીજોની સંખ્યા |
|---|---|---|
| ૨૨ | નવસારી | ૮૧ |
| ૨૩ | બનાસકાંઠા | ૨૦૩ |
| ૨૪ | પાટણ | ૪૦ |
| ૨૫ | પોરબંદર | ૨૯ |
| ૨૬ | રાજકોટ | ૧૬૦ |
| ૨૭ | સુરત | ૨૯૪ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૨૨ |
| ૨૯ | તાપી | ૩૫ |
| ૩૦ | વડોદરા | ૨૨૦ |
| ૩૧ | વલસાડ | ૯૦ |
| ૩૨ | છોટાઉદેપુર | ૩ |
| | **કુલ** | **૨૪૬૨** |

- - - - - - - - -

**સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં પી.જી.વી.સી.એલ.માં હેલ્પરનું મંજુર મહેકમ**

૪૩૭૮૯ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં પી.જી.વી.સી.એલ.માં હેલ્પરનું મહેકમ કેટલુ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ હેલ્પરની કેટલી જગ્યા ભરેલી છે અને કેટલી જગ્યા ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મંજૂર મહેકમની વિગતો :

| ક્ર.મ. | અમરેલી જિલ્લો | મંજૂર | ભરેલી | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧. | સાવરકુંડલા | ૧૭ | ૧૭ | ૦૦ |
| ૨. | લીલીયા | ૫૩ | ૫૨ | ૦૧ |

(૩) હાલમાં ૦૧ જ જગ્યા ખાલી છે જેની સામે હેલ્પર (ઈલે.આસી.)ની ફાળવણી કરવામાં આવેલ છે, તેની નિમણૂકની કાર્યવાહી પ્રગતિમાં છે.

- - - - - - - - -

**રાજ્ય સરકાર દ્વારા કોવિડ વેક્સીનેશન માટે લોકોમાં જાગૃતિ લાવવા બાબત**

૪૩૪૫૦ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોવિડ વેક્સીનેશન અંતર્ગત લોકોમાં જાગૃતિ તેમજ કવરેજ વધારવા રાજ્ય સરકાર દ્વારા કોઈ પ્રયત્નો કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગુજરાત રાજ્યના માહિતી ખાતાના માન્ય વર્તમાન પત્રો, પંદર પ્રાઈવેટ ગુજરાતી ટી.વી. ચેનલો અને સાત એફ.એમ. ચેનલોમાં કોવિડ વેક્સીન અંગેની વિભાગે તૈયાર કરેલી જાહેરાત માહિતી ખાતા દ્વારા પ્રસારણ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લુ, મેલેરીયાના નોંધાયેલા દર્દીઓ**

૪૪૫૦૭ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લુ, મેલેરીયા અને ઝેરી મેલેરીયાના કેટલા દર્દીઓ નોંધાયા,

(૧)

| તાલુકાનું નામ | ડેન્ગ્યુ રોગના દર્દી | સ્વાઈન ફ્લુ રોગના દર્દી | મેલેરીયા રોગના દર્દી | ઝેરી મેલેરીયા રોગના દર્દી |
|---|---|---|---|---|
| દાહોદ | ૩૬૩ | ૦ | ૩૪ | ૨ |
| દેવગઢ બારિઆ | ૬ | ૦ | ૪ | ૦ |
| ધાનપુર | ૪ | ૦ | ૨૮ | ૧ |
| ફતેપૂરા | ૩ | ૦ | ૧૪ | ૦ |
| ગરબાડા | ૩૨ | ૦ | ૨૧ | ૧ |
| લીમખેડા | ૧૮ | ૦ | ૩ | ૦ |
| સિંગવડ | ૧ | ૦ | ૪ | ૦ |
| સંજેલી | ૧ | ૦ | ૪ | ૦ |
| ઝાલોદ | ૧૯ | ૦ | ૧૭ | ૦ |
| **કુલ** | **૪૪૭** | **૦** | **૧૨૯** | **૪** |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર અને તાલુકાવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ પણ દર્દીનું મૃત્યુ ડેન્ગ્યુ, સ્વાઈન ફ્લુ, મેલેરીયા અને ઝેરી મેલેરીયાથી કન્ફર્મ થયેલ નથી.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત રોગચાળો અટકાવવા સરકારે શાં પગલા લીધા છે ?

(૩) **ડેન્ગ્યુ, મેલેરીયા અને ઝેરી મેલેરીયા રોગ નિયંત્રણ પગલાંઃ-**

- તાવ સર્વેલન્સ દ્વારા નિદાન થતા કેસોની સંપૂર્ણ સારવાર.
- મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.
- નિદાન થયેલ કેસોના વિસ્તારના ઘરોમાં પોરાનાશક અને ફોગીંગની કામગીરી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

**સ્વાઈન ફ્લુ નિયંત્રણ પગલાંઃ-**

- ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે કેટેગરી અનુસાર રોગના દર્દીનું સર્વેલન્સ અને નિદાન.
- આઈસોલેશન વોર્ડ તૈયાર કરી રોગના દર્દીની સારવાર.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

- - - - - - - - -

**ગીર સોમનાથ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના**

૪૪૪૬૨ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૨-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૯૫૧ (અગ્રતા-૭)ના અનુસંધાને **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના ૮૨ ગામોને તબક્કાવાર સમયમર્યાદામાં જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લેવાનું આયોજન હતું તે પૈકી કેટલા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કયા તાલુકાના કેટલા ગામોને પાણી પુરવઠા યોજના હેઠળ પાણી પૂરૂ પાડવાનું કયા કારણોસર બાકી છે, અને

(૩) ઉક્ત બાકી ગામોને કયાં સુધીમાં પાણી પુરું પાડવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨)અને (૩) ઉક્ત સ્થિતિએ,

- આ બાકી ૮૨ ગામો પૈકી ૦૨ ગામોને જૂથ યોજનામાં આવરી લેવામાં આવેલ છે.
- જ્યારે બાકીના ૮૦ ગામોની વિગતો નીચે મુજબ છે.

**જિલ્લો-ગીર સોમનાથ**

| **અનુ.** | **તાલુકો** | **જુથ યોજના હેઠળ આવરી લેવાના બાકી કામો** |
|---|---|---|
| ૧ | ગીર ગઢડા | ૦૫ |
| ૨ | સુત્રાપાડા | ૧૪ |
| ૩ | વેરાવળ | ૧૫ |
| ૪ | તાલાલા | ૪૬ |
| | **કુલ** | **૮૦** |

- ઉક્ત જુથ યોજનામાં આવરી લેવાના બાકી ૮૦ ગામો પૈકી,
  - ૭૬ ગામોના કામો પ્રગતિમાં છે.
  - ૦૪ ગામોના કામો અંદાજો મંજૂરીની વિવિધ પ્રક્રિયા હેઠળ છે.
- આ ગામોને જૂથ યોજનાની કામગીરી પૂર્ણ કરી તબક્કાવાર આવરી લેવામાં આવનાર છે.
- હાલ આ ગામો સ્થાનિક સોર્સ આધારીત યોજના મારફત પુરતુ અને પીવાલાયક પાણી મેળવે છે.

- - - - - - - - -

**કલ્યાણપુર તાલુકાની પિંડારા બંધારા યોજના**

૪૪૪૪૭ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાની પિંડારા બંધારા યોજના મૂળ લેવલ એફ.આર.એલ. ૬.૫૦ મીટરની મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે , | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત યોજનાની કામગીરી મૂળ લેવલ પ્રમાણે ન થવાના કારણો શા છે, | (૨) જે તે વખતે યોજનાના ડુબાણમાં આવતી જમીનોના સંપાદનની કાર્યવાહી હાથ ધરવામાં આવતા અસરગ્રસ્ત ખાતેદારો દ્વારા તેઓની જમીન ડુબમાં ન જાય તે માટે ઉગ્ર વિરોધ કરવામાં આવેલ.<br>• લગત જમીન સંપાદનમાં ન આવે તે રીતે નિર્ધારિત એફ.આર.એલ. કરતા નીચી સપાટીએ બાંધકામ કરવું તથા ડુબમાં જનાર જમીનમાં માટીપૂરાણ કરી આપવું તે શરતોએ બંધારાની આગળની કાર્યવાહી હાથ ધરવા દેવામાં આવેલ હતી.<br>• આમ, ડુબમાં જતી જમીનની સંપાદનની પ્રક્રીયા ખેડૂતોના ઉગ્ર વિરોધને કારણે હાથ ધરી શકાયેલ ન હોવાથી સદરહુ યોજનાની મુળ લેવલ પ્રમાણે કામગીરી થઈ શકેલ નથી. |
| (૩) ઉકત સ્થિતિએ ઉક્ત યોજના મૂળ એફ.આર.એલ. લેવલ સુધી કરવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૩) ઉક્ત યોજના મુળ એફ.આર.એલ. સુધી કરવાની કામગીરી હાથ ધરવા માટે સંપૂર્ણપણે ડુબમાં આવતી જમીનનું સંપાદન કરવું તથા બાકી રહેતી આંશીક રીતે ડુબમાં આવતી જમીનમાં માટી પૂરાણ કરી ભરતી કરી આપવા માટેની દરખાસ્ત હાલ સરકારશ્રી કક્ષાએ મંજુરીના તબક્કે છે. |
| (૪) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) સંપૂર્ણપણે ડુબમાં જતી જમીનનું સંપાદન થયે તેમજ આંશીક ડુબમાં જતી જમીનોમાં માટી પૂરાણની કામગીરી પૂર્ણ થયે સદરહું યોજનાની બાકી રહેલ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના**

૪૪૩૭૨ **ગેનીબેન ઠાકોર** (વાવ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૨-૦૩-૨૦૨૧ ના રોજ સભાગૃહમાં રજુ થયેલ *૩૫૮૭૩ (અગ્રતા-૩૩)ના અનુસંધાને **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૨૧ ની સ્થિતિએ બનાસકાંઠા | (૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ જુથ યોજનામાં |

જિલ્લાના ૧૧૦ ગામોને તબક્કાવાર સમયમર્યાદામાં જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લેવાનું આયોજન હતું તે પૈકી કેટલા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉકત સ્થિતિએ કયા તાલુકાના કેટલા ગામોને પાણી પુરવઠા યોજના હેઠળ પાણી પૂરૂ પાડવાનું કયા કારણોસર બાકી છે, અને

(૩) ઉકત બાકી ગામોને કયાં સુધીમાં પાણી પુરૂ પાડવામાં આવશે ?

આવરી લેવાના બાકી ગામોની વિગતો નીચે મુજબ છે.

| અનું | તાલુકો | જુથ યોજના હેઠળ આવરી લેવાના બાકી ગામો |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૧૩ |
| ૨ | દાંતા | ૧૪ |
| ૩ | ડીસા | ૪૭ |
| ૪ | લાખણી | ૩૪ |
| ૫ | પાલનપુર | ૦૨ |
| | **કુલ** | **૧૧૦** |

- ઉકત જુથ યોજનામાં આવરી લેવાના બાકી ૧૧૦ ગામો પૈકી,
  - ૯૫ ગામોના કામો પ્રગતિમાં છે.
  - ૧ ગામોના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.
  - ૧૪ ગામોના કામો અંદાજો મંજુરીની વિવિધ પ્રક્રિયા હેઠળ છે.
- આ ગામોને જુથ યોજનાની કામગીરી પૂર્ણ કરી તબક્કાવાર આવરી લેવામાં આવનાર છે.
- હાલ આ ગામો સ્થાનિક સોર્સ આધારીત યોજના મારફત પુરતુ અને પીવાલાયક પાણી મેળવે છે.

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો**

૪૩૪૫૯ **શ્રી શૈલેષભાઇ ભાભોર** (લીમખેડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ કેટલા ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૩૦૨૭ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૩૨.૬૦ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી**

૪૩૪૨૭ **શ્રી કેશુભાઇ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કેટલા ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કુલ ૮૧૫૯ ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૨૮૩૯૦ કીલો વોટ છે. |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો**

૪૩૪૬૧ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ કેટલા ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૧૭૨૮ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૮૦.૫૫ લાખનો ખર્ચ થયો. |

---------

**ભાવનગર જિલ્લામાં શેત્રુંજી લીંક ચેકડેમ અને મેથળા બંધારાની કામગીરી**

૪૪૪૮૦ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : **માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આવેલ શેત્રુંજી લીંક ચેકડેમ અને મેથળા બંધારાની કામગીરીક્યા તબ્બકે છે, અને | (૧) શેત્રુંજી લીંક ચેકડેમ : - જમીન સંપાદનની કાર્યવાહી શરુ છે. સરતાનપર, તરસરા તથા દકાના કુલ ત્રણ ગામોની ૩૩૧-૯૩-૮૦ હેક્ટર સરકારી પડતર જમીનની સંપાદનની કામગીરી પ્રગતિ હેઠળ છે, સરતાનપર અને તરસરા ગામોની ૧૦૮-૭૩-૬૦ હેક્ટર ખાનગી જમીન સંપાદનની દરખાસ્તો માહે ૮/૨૦૨૧ મા પ્રાંત અધિકારીશ્રી તળાજાને સાદર કરેલ છે. મેથળા બંધારા:- આ યોજના માટે વનવિભાગની ૫૯૮-૨૪-૨૭ હેક્ટર, ખાનગી ૩૩૭ હેક્ટર, સરકારી ૭૮૨ હેક્ટર જમીનો મેળવવાની દરખાસ્તો સક્ષમ સ્તરે રજુ કરેલ છે. વનવિભાગની જમીન માટે રૂ. ૪૪૫૦ લાખ વનવિભાગના હવાલે તથા ખાનગી જમીન સંપાદન માટે રૂ. ૭૦૦૦ લાખ લગત જમીન સંપાદન અધિકારીના હવાલે કરેલ છે. કુલ ૭ ગામની ખાનગી જમીનો પૈકી ૫ ગામની જમીનો માટેના એવોર્ડ આખરી થવામાં છે અને ર ગામની એવોર્ડની કામગીરી શરૂ છે. કુલ ૨ ગામની સરકારી જમીનોના કબ્જા મેળવી લેવામાં આવેલ છે . |
| (૨) ઉક્ત કામગીરી ક્યા સુધીમાં અને કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે ? | (૨)<br>• શેત્રુંજી લીંક ચેકડેમની કામગીરી ૪૯૪૩.૪૮ લાખના ખર્ચે ખાનગી તેમજ સરકારી જમીનના કબ્જા મળ્યા બાદ, ટેંડર પ્રક્રીયા કરી પુર્ણ કરવાનુ આયોજન છે.<br>• મેથળા બંધારાની કામગીરી ૧૩૬૪૦.૬૫ લાખના ખર્ચે ખાનગી તેમજ સરકારી જમીનના કબ્જા મળ્યા બાદ, ટેંડર પ્રક્રીયા કરી પુર્ણ કરવાનુ આયોજન છે. |

---------

**નવસારી જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો**

૪૩૪૫૪ **શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ કેટલા ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૪૫૫૬ |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૩૭.૩૨ લાખનો ખર્ચ થયો. |

---------

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**પંચમહાલ જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી**

૪૩૪૩૮ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કેટલા ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કુલ ૨૧૭૯ ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૮૩૧૫ કીલો વોટ છે.

- - - - - - - - -

**રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસેથી ડોમેસ્ટીક ગેસની માંગણી**

૪૫૧૬૪ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્યને ડોમેસ્ટીક ગેસની કેટલી માંગણી કરવામાં આવી,

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે અને શા પ્રતિભાવો મળ્યા, અને

(૩) ઉક્ત બાબતે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી સહાય મળી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ નીચે મુજબની ડોમેસ્ટિક ગેસની માંગણી કરવામાં આવી છે.

| **વર્ષ** | **વોલ્યુમ (મિલિયન મેટ્રીક સ્ટાન્ડર્ડ ક્યુબિક મિટરમાં )** |
|---|---|
| ૨૦૨૦ | ૬૮૫ |
| ૨૦૨૧ | ૯૧૪ |

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ગુજરાત ગેસ લિ. ને નીચે મુજબના ગેસની ફાળવણી કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **વોલ્યુમ (મિલિયન મેટ્રીક સ્ટાન્ડર્ડ ક્યુબિક મિટરમાં )** |
|---|---|
| ૨૦૨૦ | ૬૭૨ |
| ૨૦૨૧ | ૮૪૩ |

(૩) ઉક્ત બાબતે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં એડમિનિસ્ટ્રેટિવ પ્રાઇઝ મિકેનિઝમ અને નોન-એડમિનિસ્ટ્રેટિવ પ્રાઇઝ મિકેનિઝમ ગેસની ફાળવણી પી.એન.જી. અને સી.એન.જી.ના ઉપયોગ માટે ટોચની પ્રાથમિકતા ફાળવી છે.

- - - - - - - - -

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના બોર્ડ નિગમો**

૪૩૨૪૩ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડિયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તક ક્યા બોર્ડ નિગમો કાર્યરત છે,

**જવાબ**

(૧)

૧. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન

૨. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ

૩. ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ

૪. ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ

૫. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ
૬. ગુજરાત ગોપાલક વિકાસ નિગમ
૭. ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ
૮. ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ
૯. ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ
૧૦. ગુજરાત રાજ્ય વિકલાંક (દિવ્યાંગ) નાણા અને વિકાસ નિગમ

| | |
|---|---|
| (૨) અંદાજપત્રમાં આ બોર્ડ તથા નિગમોમાં આવતા વર્ગના કલ્યાણ માટે કોઇ નાણાકીય જોગવાઇ કરવામાં આવે છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તા. ૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત બોર્ડ તથા નિગમોમાં કેટલી નાણાકીય ફાળવણી કરવામાં આવેલ છે, | (૩) રૂ. ૭૨,૪૪૩.૯૮ (લાખ) |

---------

## ખેડા જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી

૪૩૪૩૪ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કેટલા ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કુલ ૪૬૪૧ ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૧૭૨૯૦ કીલો વોટ છે. |

---------

## કચ્છ જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી

૪૩૪૯૬ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કેટલા ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કુલ ૬૮૫૯ ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ? | (૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૨૭૯૨૩ કીલો વોટ છે. |

---------

## દાંતા અને અમીરગઢ તાલુકાના પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રનું મંજૂર મહેકમ

૪૪૩૮૧ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાના પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ડૉક્ટરોનું મંજૂર મહેકમ | (૧) અને (૨) *પત્રક-૧ અને *પત્રક-૨ આ સાથે સામેલ છે. |

કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) ઉક્ત જગ્યા ખાલી રહેવાના કારણો શાં છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યા ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે.

(૪) ડૉક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**પોરબંદર જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી**

૪૩૪૩૯ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કેટલા ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં ''સૂર્ય ગુજરાત'' (સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કુલ ૨૦૦૪ ઘરવપરાશના વીજ ગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઘરવપરાશના ઉક્ત વીજ ગ્રાહકો દ્વારા નોંધણી થયેલ અરજીઓની કુલ વીજ ક્ષમતા ૭૪૧૮ કીલો વોટ છે.

- - - - - - - - -

**દેવભૂમિ દ્વારકા ખાતે નવી મેડિકલ કોલેજ શરૂ કરવા બાબત**

૪૪૪૫૦ **શ્રી વિક્રમભાઇ માડમ** (ખંભાળીયા) : **ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્રમાં તા.૧૦-૧૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૨૦૫૪૪ (અગ્રતા-૨૪૨)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા ખાતે નવી મેડિકલ કોલેજ શરુ કરવાનું શું આયોજન છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ મેડિકલ કોલેજ પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) આયોજન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના**

૪૪૪૮૭ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૨૨-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૯૬૬ (અગ્રતા-૪૩)ના અનુસંધાને માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લાના ૨૧૧ ગામોને તબક્કાવાર સમયમર્યાદામાં જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લેવાનું આયોજન હતું તે પૈકી કેટલા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કયા તાલુકાના કેટલા ગામોને પાણી પુરવઠા યોજના હેઠળ પાણી પુરું પાડવાનું કયા કારણોસર બાકી છે, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ જૂથ યોજનામાં આવરી લેવાના બાકી ગામોની વિગતો નીચે મુજબ છે.

| અનુ. | તાલુકો | જૂથ યોજના હેઠળ આવરી લેવાના બાકી ગામો |
|---|---|---|
| ૧ | આણંદ | ૩૭ |
| ૨ | ઉમરેઠ | ૩૬ |
| ૩ | બોરસદ | ૪૯ |
| ૪ | આંકલાવ | ૩૧ |

(૩) ઉક્ત બાકી ગામોને ક્યાં સુધીમાં પાણી પુરું પાડવામાં આવશે ?

| | | |
|---|---|---|
| ૫ | પેટલાદ | ૪૯ |
| ૬ | સોજીત્રા | ૦૯ |
| | **કુલ** | **૨૧૧** |

- ઉક્ત જૂથ યોજનામાં આવરી લેવાના બાકી ૨૧૧ ગામો પૈકી,
  - ૩૬ ગામોના કામો પ્રગતિમાં છે.
  - ૧૭૫ ગામો માટે સર્વેક્ષણ કરી યોજના મંજૂર થયેથી હાથ ધરી તબક્કાવાર આવરી લેવાનું આયોજન છે.
- આ ગામોને જૂથ યોજનાની કામગીરી પૂર્ણ કરી તબક્કાવાર આવરી લેવામાં આવનાર છે.
- હાલ આ ગામો સ્થાનિક સોર્સ આધારિત યોજના મારફત પૂરતું અને પીવાલાયક પાણી મેળવે છે.

- - - - - - - - -

**સતલાસણા તાલુકામાં તળાવો ઉંડા ઉતારવા બાબત**

૪૩૪૮૭ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકામાં વર્ષવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તળાવો ઉંડા થવાથી સતલાસણા તાલુકાના કેટલા વિસ્તારને લાભ મળેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) તળાવો ઉંડા કરવાની કામગીરી સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ૬૦:૪૦ ની લોકભાગીદારીથી કરવામાં આવે છે, પરંતુ સતલાસણા તાલુકામાં મોટા ઉદ્યોગો ન હોવાને કારણે સી.એસ.આર. ફંડ મળતું નથી તથા ૪૦% લોકફાળો આપીને કામ કરવા કોઇ સંસ્થા તૈયાર ન હોઇ જળ સંપત્તિ વિભાગ દ્વારા તળાવો ઉંડા કરવાની કામગીરી થઇ શકેલ નથી.

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં કોરોના મહામારી અન્વયે ગ્રાન્ટ**

૪૪૫૧૩ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોરોના મહામારી અન્વયે વિકાસશીલ ગ્રાન્ટ, ન્યુ ગુજરાત પેટર્ન તથા તેની ૧૦% માળખાકીય સુવિધાની ગ્રાન્ટ, ૨૨૧૦ સદર, ૧૫% વિવેકાધિન ગ્રાન્ટ, રાષ્ટ્રીય તહેવાર ઉજવણી ગ્રાન્ટ, ડીડીઓને ફાળવેલ ગ્રાન્ટ, ડી.એમ.એફ. ગ્રાન્ટમાંથી વર્ષવાર કેટલી ગ્રાન્ટ મળી,

(૨) આ ગ્રાન્ટમાંથી કામો કઇ કઇ એજન્સીઓને કેવી રીતે આપવામાં આવેલ છે,

(૩) થયેલ કામો અન્વયે ''બિ ધ ચેન્જ'' નામની ડમી એજન્સીનું નામ છે તેના ખર્ચની રકમ ચૂકવવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૪) જો હા, તો તે અન્વયે આ ડમી એજન્સી કોના દ્વારા ઉભી કરવામાં આવી હતી અને જવાબદારો સામે શી

**જવાબ**

(૧) અને (૨) પત્રક ૧ મુજબ.

(૩) હકીકત સાચી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કાર્યવાહી કરવામાં આવી ?

**પત્રક-૧**

| અનુ. નં. | ગ્રાન્ટનો પ્રકાર / ખર્ચનું સદર | વર્ષ:૨૦૨૦-૨૧ | | | વર્ષ:૨૦૨૧-૨૨ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | આવેલ ગ્રાન્ટ | એજન્સી / સંસ્થા / દુકાનદારનું નામ | રીમાર્કસ | આવેલ ગ્રાન્ટ | એજન્સી / સંસ્થા / દુકાનદારનું નામ | રીમાર્કસ |
| ૧ | સ્વભંડોળ (ડી.ડી.ઓ. ગ્રાન્ટ) | ૩,૬૪,૧૦,૦૦૦/- (ત્રણ કરોડ ચોસઠ લાખ દશ હજાર) | હેવેલ ઈન્ટરનેશનલ લિ. | GMSCL ના નક્કી થયેલ દર મુજબ | ૨,૫૦,૦૦,૦૦૦/- (બે કરોડ પચાસ લાખ પૂરા) | મહારાજા ફરાસખાના | ભાવ કરાર પ્રમાણે |
| | | | એસ.એચ.જી ગ્રુપ | સરકારી નિયમ મુજબ | | | |
| | | | શ્રી એંટરપ્રાઇઝ અમદાવાદ | સરકારી પોર્ટલ Gem પ્રમાણે | | | |
| | | | નિકીર હોમીયો સ્ટોર, વડોદરા | ભાવકરાર પ્રમાણે | | | |
| | | | ર વે મહેસાણા | સરકારી પોર્ટલ Gem પ્રમાણે | | | |
| | | | પ્રિઝમ પ્રિંટર્સ એન્ડ પબ્લીશર્સ લિ. | જિલ્લા પંચાયતના ભાવ કરાર પ્રમાણે | | પ્રિઝમ પ્રિંટર્સ એન્ડ પબ્લીશર્સ લિ. | ભાવ કરાર પ્રમાણે |
| | | | પ્રિઝમ પ્રિંટર્સ એન્ડ પબ્લીશર્સ લિ. | જિલ્લા પંચાયતના ભાવ કરાર પ્રમાણે | | | |
| | | | પ્રિઝમ પ્રિંટર્સ એન્ડ પબ્લીશર્સ લિ. | જિલ્લા પંચાયતના ભાવ કરાર પ્રમાણે | | | |
| | | | ર વે મહેસાણા | સરકારી પોર્ટલ Gem પ્રમાણે | | | |
| | | | પ્રિઝમ પ્રિંટર્સ એન્ડ પબ્લીશર્સ લિ. | જિલ્લા પંચાયતના ભાવ કરાર પ્રમાણે | | | |
| | | | દિત્યા એન્ટરપ્રાઈઝ | સરકારી પોર્ટલ Gem પ્રમાણે | | | |
| | | | ર વે મહેસાણા | સરકારી પોર્ટલ Gem પ્રમાણે | | | |
| ૨ | ૨૨૧૦ જાહેર આરોગ્ય | ૦ | - | - | ૩,૨૦,૩૩,૯૨૫/- (ત્રણ કરોડ વીસ લાખ તેત્રીસ હજાર નવ સો પચ્ચીસ) | રોગ કલ્યાણ સમિતિ જનરલ હોસ્પિટલ છો.ઉ ને તબદિલ | ગ્રાન્ટ તબદીલ |
| | | | | | | દિત્યા એન્ટરપ્રાઈઝ | સરકારી પોર્ટલ Gem પ્રમાણે |
| | | | | | | મહાલક્ષ્મી સર્જીકલ | સરકારી પોર્ટલ Gem પ્રમાણે |

| અનુ. નં. | ગ્રાન્ટનો પ્રકાર / ખર્ચનું સદર | વર્ષ:૨૦૨૦-૨૧ | | | વર્ષ:૨૦૨૧-૨૨ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | આવેલ ગ્રાન્ટ | એજન્સી / સંસ્થા / દુકાનદારનું નામ | રીમાર્કસ | આવેલ ગ્રાન્ટ | એજન્સી / સંસ્થા / દુકાનદારનું નામ | રીમાર્કસ |
| ૩ | વિકાસશીલ ગ્રાંટ | ૦ | - | - | - | | |
| (૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) યોજનાકીય મંજૂરી મળ્યે ટેન્ડર પ્રક્રિયા કરી યોજના ૧૮ માસમાં પૂર્ણ કરવામાં આવનાર છે. |

---------

**ભાવનગર જિલ્લામાં મેથળા બંધારાની કામગીરી**

૪૫૧૬૫ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં મેથળા બંધારાની કામગીરી કયા તબક્કે છે, | (૧) જમીન સંપાદન તબક્કે. |
| (૨) ઉક્ત બંધારાની કામગીરી માટે છેલ્લા બે નાણાકીય વર્ષમાં બજેટમાં કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી, | (૨)<br>● વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૪૫૦૦.૦૦ લાખ.<br>● વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૭૦૦૦.૦૦ લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી, અને | (૩)<br>● વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૪૪૫૨.૦૦ લાખ.<br>● વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૭૦૦૦.૦૦ લાખ. રૂ.૭૦૦૦.૦૦ લાખ વળતર માટે જમીન સંપાદન અધિકારીના હવાલે જમા કરાવેલ છે. રૂ.૪૪૫૦.૦૦ લાખ વન વિભાગના હવાલે કરવામાં આવેલ છે. વહીવટી કારણોસર જમીનના કબજા મળ્યા ન હોવાથી રૂ.૪૮.૦૦ લાખ વણવપરાયેલ રહેલ છે. |
| (૪) ઉક્ત બાકી કામગીરી ક્યાં સુધીમાં અને કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે ? | (૪) જમીનના કબજા મળ્યેથી ટેન્ડર પ્રક્રિયા બાદ ૨૪ માસમાં ડીટીપીની રકમ રૂ.૨૭.૦૩ કરોડ મુજબ આ કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**રાજ્યમાં લઘુમતિઓના કલ્યાણ માટે કેન્દ્ર પાસેથી ગ્રાન્ટની માંગણી**

૪૩૨૪૪ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડિયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં લઘુમતિઓના કલ્યાણ માટે કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટની માંગણી કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી અને કેટલી રકમનો વર્ષવાર ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલી રહી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત રકમ વણવપરાયેલ રહી તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે કરેલ ગ્રાન્ટની માંગણી |
|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ.૭૯,૫૪,૦૦૦/- |
| ૨૦૨૧-૨૨ | રૂ.૦/- |

(૨)

| વર્ષ | ભારત સરકાર દ્વારા ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | વણવપરાયેલી રકમ |
|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ.૬૫,૨૪,૦૦૦/- | રૂ.૨૪,૮૫,૦૦૦/- | રૂ.૪૦,૩૯,૦૦૦/- |
| ૨૦૨૧-૨૨ | રૂ.૦/- | રૂ.૧૬,૪૦,૦૦૦/- | - |

(૩) વહીવટી કારણોસર.

---------

**ખેડા જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજના**

૪૩૪૬૮ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ખેડા જિલ્લામાં કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજના બનાવવાની મંજૂરી આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી મીની પાણી પુરવઠા યોજના પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવેલ ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ખેડા જિલ્લામાં કુલ ૨૮ મીની પાણી પુરવઠા યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ૦૬(છ) મીની પાણી પુરવઠા યોજનાઓની કામગીરી પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવેલ છે. બાકીની મીની પાણી પુરવઠા યોજનાઓની કામગીરી હાલ પ્રગતિમાં છે. જે માહે જુલાઇ-૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવનાર છે.

---------

**કચ્છ જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન**

૪૩૫૩૭ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કુલ કેટલી રકમની લોન ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૬

(૨) ૫

(૩) રૂ.૭૫.૦૦ લાખ.

---------

**દાંતા અને અમીરગઢ તાલુકામાં રહેણાંક હેતુ માટે વીજ કનેકશનની અરજીઓ**

૪૪૩૮૨ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં તાલુકાવાર રહેણાંક હેતુસર વીજ કનેક્શન મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓમાં વીજ કનેક્શન આપવામાં આવ્યા અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરી વીજ કનેક્શન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| **બનાસકાંઠા જિલ્લો** | **રહેણાંક હેતુસર મળેલ અરજીઓ** | **રહેણાંક હેતુસર આપેલ વીજ કનેક્શન** | **પડતર અરજીઓ** |
|---|---|---|---|
| દાંતા | ૨૪૮૧ | ૨૩૯૬ | ૩૮ |
| અમીરગઢ | ૨૩૪૫ | ૨૩૦૩ | ૨૩ |

(૩) તા.૦૨-૦૩-૨૦૨૨ની સ્થિતિએ, ઉક્ત તમામ પડતર અરજીઓનો નિકાલ કરી, વીજ જોડાણ આપવામાં આવેલ છે.

- - - - - - - - -

## પોરબંદર જિલ્લામાં દરિયાઈ ધોવાણને અટકાવવાની કામગીરી

૪૩૫૩૪ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં ખારવાવાડ ખાતે દરિયાઈ ધોવાણ અટકાવવા માટે દરિયાઈ દિવાલ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૩) ઉક્ત યોજના ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) પ્રગતિ હેઠળ.

(૨) ૧૦૦૬.૬૪ લાખ.

(૩) જૂન-૨૦૨૩

- - - - - - - - -

## એસ્સાર પાવર ગુજરાત અને અદાણી પાવર લિમિટેડ સાથે વીજ કરાર

૪૪૪૫૨ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ એસ્સાર પાવર ગુજરાત અને અદાણી પાવર લિમિટેડ સાથે ક્યારે અને કેટલા વર્ષ માટે વીજ ખરીદીના કરારો થયેલ છે,

(૨) ઉક્ત વીજ ખરીદીના કરારો બાદ વીજ દરોમાં વધારો કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) ઉક્ત સ્થિતિ ઉક્ત વીજ ખરીદીના દરોમાં આપવામાં આવેલ વધારો અમલમાં છે કે કેમ ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જી.યુ.વી.એન.એલ. દ્વારા એસ્સાર પાવર ગુજરાત અને અદાણી પાવર મુન્દ્રા લિ. સાથે કરવામાં આવેલ વીજ ખરીદ કરારની વિગત નીચે મુજબ છે.

| **પ્રોજેક્ટ** | **કરારની તારીખ** | **કરારનો સમયગાળો** |
|---|---|---|
| એસ્સાર પાવર ગુજરાત લિ. | ૨૬.૦૨.૨૦૦૭ | કાર્યાન્વિત થયાથી ૨૫ વર્ષ |
| અદાણી પાવર મુન્દ્રા લિ. બીડ ૧ | ૦૬.૦૨.૨૦૦૭ | |
| અદાણી પાવર મુન્દ્રા લિ. બીડ ૧ | ૦૨.૦૨.૨૦૦૭ | |

(૨) અને (૩) વર્ષ-૨૦૧૧ પછી ઇન્ડોનેશિયામાંથી મેળવવામાં આવતા કોલસાના ભાવમાં અનિર્ધારિત વધારો થવાના કારણોસર આયાતી કોલસા આધારિત તમામ પાવર પ્રોજેક્ટ દ્વારા વીજ ઉત્પાદન બંધ કરવામાં આવેલ અથવા તો પૂર્ણપણે વીજ ઉત્પાદન કરવામાં આવતું ન હતું, આયાતી કોલસા આધારિત કુલ ૪૮૦૫ મેગાવોટ જેટલી કરારિત વીજ ક્ષમતાને ધ્યાનમાં લઇને અને રાજ્યના ગ્રાહકોને સતત વીજળી મળતી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા એક હાઈ પાવર

તા.૦૧-૧૨-૨૦૧૮ના ઠરાવ (GR) દ્વારા લેવાયેલ નીતિ વિષયક નિર્ણય અન્વયે હાઈ પાવર કમિટીની ભલામણોને, થોડા સુધારા સાથે સ્વીકારીને વીજ ખરીદીના દરોમાં વધારો મંજૂર કરવામાં આવેલ છે.

ઉપરોક્ત નિર્દેશ મુજબ તા.૦૫-૧૨-૨૦૧૮ના રોજ અદાણી પાવર સાથે (તા.૦૨-૦૨-૨૦૦૭ અને તા.૦૬-૦૨-૨૦૦૭ના વીજ કરાર માટે) સપ્લીમેન્ટલ કરાર સહી કરવામાં આવેલ. જે કેન્દ્રિય વીજ નિયમન આયોગ (CERC) દ્વારા તા.૧૨-૦૪-૨૦૧૯ના રોજ મંજૂર કરવામાં આવેલ અને તે મુજબ GUVNL દ્વારા તા.૧૫-૧૦-૨૦૧૮ પછીના સમયગાળા માટે વીજ ટેરીફમાં વધારાની ચૂકવણી કરવામાં આવેલ.

આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટ ડેવલોપરો દ્વારા ઓક્ટોબર-૨૦૨૧ના સમયગાળા દરમ્યાન આયાતી કોલસાના ભાવમાં અતિશય વધારો થવાના કારણે કરાર/સપ્લીમેન્ટરી કરાર મુજબના વીજદર પોસાતા ન હોવાનું જણાવવામાં આવેલ અને વીજ પુરવઠો બંધ કરવામાં આવેલ. વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ ન થાય તથા ગ્રાહકોને સતત વીજ પુરવઠો મળતો રહે તે માટે કેન્દ્ર સરકારની મધ્યસ્થી અને રાજ્ય સરકારની મંજૂરી મેળવ્યા બાદ, આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટમાંથી ઇન્ટરીમ એરેન્જમેન્ટ હેઠળ રૂ. ૪.૫૦/ યુનિટના ફિક્સ એનર્જી ચાર્જ તથા કરાર મુજબ કેપેસીટી ચાર્જના દરે વીજળી ખરીદવાનું નક્કી કરવામાં આવેલ.

આમ, ઉપરોક્ત કારણોસર, અદાણી પાવર સાથે ઉક્ત કરારો અન્વયે તા.૦૫-૧૨-૨૦૧૮ના સપ્લીમેન્ટરી કરાર થકી વીજ ટેરીફમાં સુધારો કરવામાં આવેલ છે, જે તા.૧૫-૧૦-૨૦૧૮થી અમલમાં છે અને એસ્સાર પાવર સાથે ઉક્ત કરાર અન્વયે તા.૧૨-૦૮-૨૦૨૧ના સપ્લીમેન્ટરી કરાર થકી વીજ ટેરીફમાં સુધારો કરવામાં આવેલ છે, જે તા.૨૦-૧૧-૨૦૨૧થી અમલમાં છે.

---------

## આણંદ અને ડાંગ જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના

૪૪૪૮૮ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) **: માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કોરોનામાં અનાથ/નિરાધાર થયેલ માતા કે પિતાને ગુમાવનાર બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં માસિક કેટલી રકમની સહાય આપવાની જોગવાઇ ક્યારે કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે ઉક્ત યોજનામાં સહાય મેળવવા આણંદ અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) માતા/પિતા બંનેનું અવસાન થવાથી અનાથ બનેલ બાળકોને માસિક રૂ.૪૦૦૦/-ની સહાય આપવાની જોગવાઇ તા.૧૧-૬-૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે, જ્યારે માતા/પિતા પૈકી કોઇ પણ એક વાલીનું અવસાન થયેલ હોય તેવા બાળકોને માસિક રૂ.૨૦૦૦/-ની સહાય આપવાની જોગવાઇ તા.૨૮-૭-૨૦૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે.

(૨)

| વર્ષ | જિલ્લાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૨૦ | આણંદ | ૦ |
| | ડાંગ | ૦ |

| | | |
|---|---|---|
| ૨૦૨૧ | આણંદ | ૮૧૦ |
| | ડાંગ | ૧૮૮ |

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩)

| જિલ્લાનું નામ | મંજૂર થયેલ અરજી |
|---|---|
| આણંદ | ૫૦૬ |
| ડાંગ | ૧૫૦ |

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪)

| જિલ્લાનું નામ | નામંજૂર થયેલ અરજી |
|---|---|
| આણંદ | ૩૦૪ |
| ડાંગ | ૩૮ |

(૫) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને પડતર રહેવાનાં કારણો શાં છે ?

(૫) શૂન્ય.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં ઉંઝા જૂથ પાણી પુરવઠા યોજના**

૪૩૪૭૧ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ઉંઝા જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગે કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ આયોજનની અંદાજિત રકમ કેટલી છે, અને | (૨) રૂ.૪૧૨૬.૧૨ લાખ ગ્રોસ. |
| (૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) માહે ૦૬/૨૦૨૩ સુધીમાં. |

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગને કોવિડ-૧૯ અંતર્ગત મળેલ ગ્રાન્ટ**

૪૪૫૧૪ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આરોગ્ય વિભાગને કોવિડ-૧૯ અંતર્ગત અલગ-અલગ કેટલી ગ્રાન્ટ મળી, | (૧) *પત્રક-૧ મુજબ. |
| (૨) તે અન્વયે ટેન્ડર પ્રક્રિયા કર્યા વગર કઈ એજન્સીઓને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ચૂકવવામાં આવી છે, | (૨) ટેન્ડર પ્રક્રિયા વગર કોઈ ખરીદી કરવામાં આવેલ નથી. |
| (૩) ચૂકેવલ રકમ પૈકી દવાઓ માટે અને ફર્નિચર બેડ માટે કેટલી રકમ કોને ચૂકવવામાં આવી ? | (૩) *પત્રક-૨ મુજબ દવાઓની ખરીદી કરવામાં આવેલ છે. ફર્નિચર બેડની ખરીદી કરવામાં આવેલ નથી. |
| (૪)ફર્નિચર બેડ હાલ કયા સ્થળે કોના કબજા હેઠળ છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં કોરોના વોરિયર્સના આશ્રિત કુટુંબને સહાય**

૪૪૪૭૬ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નોવેલ કોરોના વાઈરસ (કોવિડ-૧૯)ના સંક્રમણના કારણે ઉત્પન્ન | (૧) રૂ. ૫૦ લાખની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. |

થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન આરોગ્ય વિભાગના સંક્રમિત થયેલ કોરોના વોરિયર્સના દુઃખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને ભાવનગર જિલ્લામાં કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે, અને

(૨)

| જિલ્લાનું નામ | ચૂકવાયેલ હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા | ચૂકવેલ રકમ રૂ. | ચૂકવવાની બાકી હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા | કેટલી સહાય ચૂકવવાની બાકી છે રકમ રૂ. |
|---|---|---|---|---|
| **તાઃ૦૧-૦૨-૨૦૨૦ થી તાઃ૩૧-૦૧-૨૦૨૧** | | | | |
| અમરેલી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ભાવનગર | ૦૧ | ૫૦ લાખ | ૦૦ | ૦૦ |
| **તાઃ૦૧-૦૨-૨૦૨૧ થી તાઃ૩૧-૦૧-૨૦૨૨** | | | | |
| અમરેલી | ૦૩ | ૧.૫ કરોડ | ૦૨ | ૧ કરોડ |
| ભાવનગર | ૦૪ | ૨ કરોડ | ૦૦ | ૦૦ |

(૩) ઉક્ત સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) અમરેલી જિલ્લામાં સહાય ચૂકવવાની કાર્યવાહી ધ ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની હેઠળ કાર્યવાહીમાં છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતોને કિસાન સૂર્યોદય યોજના અન્વયે દિવસે વીજળી પૂરી પાડવા બાબત**

૪૪૪૩૬ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજળી પૂરી પાડવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવાની બાકી છે,

(૩) દિવસે વીજળી પૂરી ન પાડવાના કારણો શાં છે, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) 'કિસાન સૂર્યોદય યોજના' હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના સેન્સસ-૨૦૧૧ મુજબના ૫૩૮ ગામો પૈકી પૂર્ણ/આંશિક કુલ ૧૫૬ ગામોના ૧૪૧૧૭ ખેડૂતોનો સમાવેશ કરવામાં આવેલ હતો. પરંતુ હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે કોલસા અને ગેસની અછતની પરિસ્થિતિનું નિર્માણ થવાથી તેમજ રાજ્યની વીજ માંગમાં વધારો થવાથી સુરેન્દ્રનગર જિલ્લાના સેન્સસ-૨૦૧૧ મુજબના ૫૩૮ ગામોના તમામ ૭૫૦૭૩ ખેડૂતોને કૃષિ વિષયક વીજ પુરવઠો રોટેશન પદ્ધતિ પ્રમાણે દિવસે અને રાત્રે પૂરો પાડવામાં આવે છે.

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજળી પૂરી પાડવામાં આવતો હોય તેવા ખેડૂતો અને દિવસે વીજળી પૂરી પાડવાની બાકી હોય તેવા ખેડૂતોની સંખ્યાની માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | દિવસે વીજળી પૂરી પાડવામાં આવતા ખેડૂતોની સંખ્યા | દિવસે વીજળી પૂરી પાડવામાં ન આવતા ખેડૂતોની સંખ્યા |
|---|---|---|
| ચોટીલા | ૦ | ૮૦૪૨ |
| ચુડા | ૦ | ૮૧૨૧ |
| દસાડા | ૦ | ૧૮૨૫ |
| ધ્રાંગધ્રા | ૦ | ૧૭૬૦૫ |
| લીમડી | ૦ | ૧૧૧૦૧ |
| સાયલા | ૦ | ૯૧૦૮ |
| થાનગઢ | ૦ | ૩૯૪૭ |

| | | |
|---|---|---|
| વઢવાણ | ૦ | ૨૧૨૭ |
| લખતર | ૦ | ૬૩ |
| મુળી | ૦ | ૧૩૧૩૪ |
| **કુલ** | **૦** | **૭૫૦૭૩** |

(૪) ખેડૂતોને ક્યાં સુધીમાં દિવસે વીજળી પૂરી પાડવામાં આવશે ?

(૪) જરૂરી માળખાગત સુવિધા, વીજ પ્રવહન, વીજ વિતરણ વ્યવસ્થા અને સરકારશ્રીના નાણાકીય આયોજનને ધ્યાને લઈ કિસાન સૂર્યોદય યોજનાના અમલીકરણનું આયોજન તબક્કાવાર થયેલ. કોઈ પણ જિલ્લામાં ''કિસાન સૂર્યોદય યોજના'' નો અમલ કરતા પહેલા લોકલ એરિયાનાં હાલના તેમજ આ યોજનાનો અમલ કરવાથી થતા વધારાના વીજ લોડને ધ્યાનમાં રાખીને પ્રવહન માળખાના સુદ્દઢીકરણની જરૂરિયાત રહે છે. જેને માટે નવીન વીજ રેષાઓનું નિર્માણ કરવું જરૂરી છે. જેની કામગીરી શરુ કરી દેવામાં આવી છે.

ઉપરોક્ત કામગીરી અને આયોજનને ધ્યાને લઈને ખેડૂતોને 'કિસાન સૂર્યોદય યોજના' નો લાભ સત્વરે આપવામાં આવશે.

- - - - - - - - -

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના**

૪૪૫૦૫ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કોરોનામાં અનાથ/નિરાધાર થયેલ માતા કે પિતાને ગુમાવનાર બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં માસિક કેટલી રકમની સહાય આપવાની જોગવાઇ ક્યારે કરવામાં આવેલ છે,

(૧) માતા/પિતા બંનેનું અવસાન થવાથી અનાથ બનેલ બાળકોને માસિક રૂ.૪૦૦૦/-ની સહાય કરવાની જોગવાઇ તા.૧૧-૬-૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે, જ્યારે માતા/પિતા પૈકી કોઇ પણ એક વાલીનું અવસાન થયેલ હોય તેવા બાળકોને માસિક રૂ.૨૦૦૦/-ની સહાય કરવાની જોગવાઇ તા.૨૮-૭-૨૦૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે ઉક્ત યોજનામાં સહાય મેળવવા દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલી અજીઓ મળી,

(૨)

| વર્ષ | જિલ્લાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૨૦ | દાહોદ | ૦ |
| | પંચમહાલ | ૦ |
| ૨૦૨૧ | દાહોદ | ૩૩૦ |

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩)

| જિલ્લાનું નામ | મંજૂર થયેલ અરજી |
|---|---|
| દાહોદ | ૨૧૨ |
| પંચમહાલ | ૫૪૦ |

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪)

| જિલ્લાનું નામ | નામંજૂર થયેલ અરજી |
|---|---|
| દાહોદ | ૧૧૮ |
| પંચમહાલ | ૨૯૭ |

(૫) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને પડતર રહેવાનાં કારણો શાં છે ?

(૫) શૂન્ય.

- - - - - - - - -

**રાપર તાલુકામાં વીજ કંપનીઓ દ્વારા ગેરકાયદે ઉભા કરવામાં આવતા વીજ ટાવરો**

૪૪૩૭૧ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં વીજ કંપનીઓ દ્વારા ગેરકાયદેસર રીતે વીજ ટાવર ઉભા કરવામાં આવતા હોવાની કેટલી ફરિયાદો મળી,<br>(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ક્યારે કોની સામે શી કાર્યવાહી કરી, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ વીજ કંપનીઓ દ્વારા ગેરકાયદેસર ટાવર ઉભા ન થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી છે ? | (૧), (૨) અને (૩) ટ્રાન્સમિશન લાયસન્સીઓ દ્વારા વીજ અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૬૮ની જોગવાઇને આધિન મંજૂરી મેળવીને, નવી ટ્રાન્સમિશન લાઇનનું નિર્માણ કરવામાં આવે છે. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના**

૪૩૫૫૮ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૪૬૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૦૭ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૮૧,૪૦,૦૦૦/- |

---------

**પાર-તાપી-નર્મદા રીવર લીંક પ્રોજેક્ટ હેઠળ ડેમો બનાવવા બાબત**

૪૪૫૩૫ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાર-તાપી-નર્મદા રીવર લીંક પ્રોજેક્ટ અન્વયે કેટલા ડેમો બનાવવામાં આવનાર છે,<br>(૨) ઉક્ત યોજના અન્વયે કયા જિલ્લામાં કેટલા ડેમો બનાવવામાં આવશે,<br>(૩) ઉક્ત ડેમોના કારણે કયા જિલ્લાના કેટલા ગામો અસરગ્રસ્ત થનાર છે, અને<br>(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટ કયા તબક્કે છે ? | (૧), (૨), (૩) અને (૪) પાર-તાપી-નર્મદા યોજનાના ડ્રાફ્ટ પ્રોજેક્ટ રિપોર્ટ (ડી.પી.આર.)નું આખરીકરણ થયેલ નથી. જે આખરી થયેથી યોજનાના સંલગ્ન પાસાઓ નક્કી થઈ શકે છે. |

---------

**બોટાદ જિલ્લામાં ગઢડા જૂથ પાણી પુરવઠા યોજના**

૪૩૪૬૭ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં ગઢડા જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગે કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ આયોજનની અંદાજિત રકમ કેટલી છે, અને | (૨) રૂ.૧૧૩૮૯.૦૪ લાખ ગ્રોસ. |
| (૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) આ યોજનાના ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં છે, જે મંજૂર થયેથી ૨૪ માસની સમય-મર્યાદામાં કામો પૂર્ણ કરવાનું |

આયોજન છે.

- - - - - - - - -

**નર્મદા અને રાજકોટ જિલ્લામાં કોરોના વોરિયર્સના આશ્રિત કુટુંબને સહાય**

૪૪૫૨૦ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નોવેલ કોરોના વાઈરસ (કોવિડ-૧૯)ના સંક્રમણના કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન આરોગ્ય વિભાગના સંક્રમિત થયેલ કોરોના વોરિયર્સના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને રોજકોટ જિલ્લામાં જિલ્લાવાર કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) ઉક્ત સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) રૂ. ૫૦ લાખની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨)

| **તા:-૦૧-૦૨-૨૦૨૦ થી તા:-૩૧-૦૧-૨૦૨૧** | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લાનું નામ** | **ચૂકવાયેલ હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **ચૂકવેલ રકમ રૂ.** | **ચૂકવવાની બાકી હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **કેટલી સહાય ચૂકવવાની બાકી છે રકમ રૂ.** |
| નર્મદા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| રાજકોટ | ૦૩ | ૧.૫ કરોડ | ૦૦ | ૦૦ |
| **તા:-૦૧-૦૨-૨૦૨૧ થી તા:-૩૧-૦૧-૨૦૨૨** | | | | |
| નર્મદા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| રાજકોટ | ૦૪ | ૨ કરોડ | ૦૦ | ૦૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજ્ય સરકાર દ્વારા ક્ષયના દર્દીઓ માટે ફાળવેલ બજેટ**

૪૩૨૬૧ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્ષયના દર્દીઓ માટે રાજ્ય સરકાર દ્વારા કેટલુ બજેટ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ બજેટમાંથી કેટલો ખર્ચ થયો અને કેટલી બચત રહી તેમજ બચત રહેવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **ક્ષયના દર્દીઓ માટે ફાળવેલ બજેટ રકમ રૂ.** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૫.૩૨ કરોડ |
| ૨૦૨૧-૨૨ | ૬૮.૨૩ કરોડ |

(૨)

| **ફાળવેલ બજેટ પૈકી થયેલ ખર્ચ રકમ રૂ.** | |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૭.૧૪ કરોડ |
| ૨૦૨૧-૨૨ | ૩૫.૨૩ કરોડ |
| **ફાળવેલ બજેટ પૈકી થયેલ બચત રકમ રૂ.** | |
| ૨૦૨૦-૨૧ | ૮.૧૮ કરોડ |
| ૨૦૨૧-૨૨ | ૩૩.૦૦ કરોડ |
| **બચત રહેવાના કારણો** | |
| ૨૦૨૦-૨૧ | રાજ્યમાં ક્ષયના દર્દીઓની નોંધણીમાં ઘટાડો થવાથી બચત રહેવા પામેલ છે. |
| ૨૦૨૧-૨૨ | |

- - - - - - - - -

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના**

૪૪૪૦૬ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કોરોનામાં અનાથ/નિરાધાર થયેલ માતા કે પિતાને ગુમાવનાર બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં માસિક કેટલી રકમની સહાય આપવાની જોગવાઇ ક્યારે કરવામાં આવેલ છે, | (૧) માતા/પિતા બંનેનું અવસાન થવાથી અનાથ બનેલ બાળકોને માસિક રૂ.૪૦૦૦/-ની સહાય કરવાની જોગવાઇ તા.૧૧-૦૬-૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે, જ્યારે માતા/પિતા પૈકી કોઇ પણ એક વાલીનું અવસાન થયેલ હોય તેવા બાળકોને માસિક રૂ.૨૦૦૦/-ની સહાય કરવાની જોગવાઇ તા.૨૮-૦૭-૨૦૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે ઉક્ત યોજનામાં સહાય મેળવવા અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલી અજીઓ મળી, | (૨) |

| વર્ષ | જિલ્લાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૨૦ | અરવલ્લી | ૦ |
| | સાબરકાંઠા | ૦ |
| ૨૦૨૧ | અરવલ્લી | ૭૬૭ |

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩)

| જિલ્લાનું નામ | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| અરવલ્લી | ૫૯૬ |
| સાબરકાંઠા | ૭૧૪ |

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪)

| જિલ્લાનું નામ | નામંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| અરવલ્લી | ૬૨ |
| સાબરકાંઠા | ૬૨ |

(૫) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને પડતર રહેવાનાં કારણો શાં છે ?

(૫)

| જિલ્લાનું નામ | પડતર અરજીઓ |
|---|---|
| અરવલ્લી | ૧૦૯ |
| સાબરકાંઠા | ૦ |

ઉક્ત અરજીઓ અધૂરી વિગતો અને અપૂરતા દસ્તાવેજોના કારણે પડતર રહેલ છે.

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો**

૪૩૫૪૧ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના ગ્રાન્ટ-ઇન-એઈડ કુમાર અને કન્યા છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ગ્રાન્ટ-ઇન-એઇડ કુમાર છાત્રાલયો - ૪૧<br>ગ્રાન્ટ-ઇન-એઇડ કન્યા છાત્રાલયો - ૦૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત છાત્રાલયોમાં છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા કુમાર અને કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો ? | (૨) કુલ કુમાર - ૧૧૭૫<br>કુલ કન્યા - ૧૯૬ |

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના**

૪૪૪૪૨ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૨-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૯૩૮ (અગ્રતા-૨૭૧)ના અનુસંધાને **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના ૮ ગામોને તબક્કાવાર સમયમર્યાદામાં જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લેવાનું આયોજન હતું તે પૈકી કેટલા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ક્યા તાલુકાના કેટલા ગામોને પાણી પુરવઠા યોજના હેઠળ પાણી પુરું પાડવાનું ક્યા કારણોસર બાકી છે, અને

(૩) ઉક્ત બાકી ગામોને ક્યાં સુધીમાં પાણી પુરું પાડવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

ઉક્ત સ્થિતિએ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ૦૭ ગામો અને રાજકોટ તાલુકાનું ૧ ગામ આમ કુલ ૦૮ જૂથ યોજનામાં આવરી લેવાના બાકી છે.

- આ બાકી ૮ ગામો પૈકી
  - ૪ ગામોના કામો પ્રગતિમાં છે.
  - ૪ ગામોના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.
- આ ગામોને જૂથ યોજનાની કામગીરી પૂર્ણ કરી તબક્કાવાર આવરી લેવામાં આવનાર છે.
- હાલ આ ગામો સ્થાનિક સોર્સ આધારિત યોજના મારફત પુરતુ અને પીવાલાયક પાણી મેળવે છે.

- - - - - - - - -

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં કોરોના વોરિયર્સના આશ્રિત કુટુંબને સહાય**

૪૪૪૫૬ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નોવેલ કોરોના વાઈરસ (કોવિડ-૧૯)ના સંક્રમણના કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન આરોગ્ય વિભાગના સંક્રમિત થયેલ કોરોના વોરિયર્સના દુઃખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલા આશ્રિત કુંટુંબને કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) ઉક્ત સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) રૂ. ૫૦ લાખની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨)

| **તાઃ-૦૧-૦૨-૨૦૨૦ થી તાઃ-૩૧-૦૧-૨૦૨૧** | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લાનું નામ** | **ચૂકવાયેલ હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **ચૂકવેલ રકમ રૂ.** | **ચૂકવવાની બાકી હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **કેટલી સહાય ચૂકવવાની બાકી છે રકમ રૂ.** |
| જૂનાગઢ | ૦૧ | ૫૦ લાખ | ૦૦ | ૦૦ |
| પોરબંદર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **તાઃ-૦૧-૦૨-૨૦૨૧ થી તાઃ-૩૧-૦૧-૨૦૨૨** | | | | |
| જૂનાગઢ | ૦૫ | ૨.૫ કરોડ | ૦૦ | ૦૦ |
| પોરબંદર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના**

૪૩૫૫૯ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૨ |

(૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? (૩) રૂ.૧૮,૪૦,૦૦૦/-

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નવા મોટા ચેકડેમ બનાવવાનું આયોજન**

૪૩૪૯૦ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કોઇ નવા મોટા ચેકડેમ બનાવવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા ચેકડેમ બનાવવાનું આયોજન છે, અને | (૨) ૦૭ (સાત). |
| (૩) ઉક્ત ચેકડેમો બનાવવાથી કેટલો ખર્ચ થશે તેમજ તેનાથી શુ ફાયદા થશે ? | (૩) અંદાજે ૪૦૬.૦૧ લાખ ખર્ચ થશે અને ચેકડેમો બનાવાથી ભૂગર્ભ જળના સ્તર ઉંચા આવશે તેમજ ખેડૂતોને સિંચાઇ માટે પાણી મળી રહેશે. |

---------

**ભરૂચ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૪૩૫૧૩ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કન્યાઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૯૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૨ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૯,૭૨,૦૦૦/- |

---------

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ લોન**

૪૪૪૪૫ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ સહાય-લોન આપવા માટે છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલા વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ સહાય-લોન આપવા કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત વર્ષવાર કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**જવાબ**

(૧)

| નાણાકીય વર્ષ | જોગવાઈ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૪૦૦૦.૦૦ |
| ૨૦૨૦-૨૧ | ૪૦૦૦.૦૦ |

(૨)

| વર્ષ | વિદ્યાર્થી | ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨૬૩ | ૩૯૧૦.૦૦ |
| ૨૦૨૦-૨૧ | ૨૬૭ | ૪૦૦૦.૦૦ |

(૩)

| વર્ષ | વણવપરાયેલ રકમ રૂ. લાખમાં | કારણો |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૦૦.૯૦ | વહીવટી કારણોસર |
| ૨૦૨૦-૨૧ | ૦૦.૦૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો |

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| | | |
|---|---|---|
| | | નથી. |

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

૪૩૫૫૪ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ગાંધીનગર જિલ્લામાં ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, | (૧) ૯૬,૮૩૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૬,૮૩૧ |
| (૩) કુલ કેટલી ગણવેશ સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૫,૮૦,૯૮,૬૦૦/- |

- - - - - - - - -

**દાહોદ જિલ્લાના પડતર પેન્શન કેસો**

૪૪૫૧૧ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ નિયામકની કચેરી, ગાંધીનગર ખાતે દાહોદ જિલ્લાના કેટલા પેન્શન કેસો કેટલા સમયથી પડતર છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ નિયામકની કચેરી, ગાંધીનગર ખાતે દાહોદ જિલ્લાના કુલ-૮૫ પેન્શન કેસો પડતર હતા. જે નીચેના સમયગાળાના છે.<br>એક માસ અંદરના પેન્શન કેસો-૪૮<br>બે માસ અંદરના પેન્શન કેસો-૦૬<br>ત્રણ માસ અંદરના પેન્શન કેસો-૧૧<br>ત્રણ માસ કે તેથી ઉપરના પેન્શન કેસો-૨૦<br>કુલ સરવાળો-૮૫ |
| (૨) ઉક્ત પેન્શન કેસો પડતર રહેવાના કારણો શા છે, અને | (૨) નિવૃત્તિ થઈ ગયેલ કર્મચારીઓના પેન્શન કેસોનો નિકાલ બે માસમાં કરવામાં આવે છે. જ્યારે નિવૃત્ત થવાના બાકી (એડવાન્સ) પેન્શન કેસોનો નિકાલ નિવૃત્તિ માસ મુજબ અગ્રતા આપી કરવાનો રહે છે. જેના કારણે ઉક્ત પેન્શન કેસો પડતર રહેલ છે. |
| (૩) ઉક્ત પડતર પેન્શન કેસોનો નિકાલ ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે ? | (૩) ઉક્ત ૮૫ પેન્શન કેસો પૈકી કુલ-૭૫ પેન્શન કેસોનો નિકાલ થઈ ગયેલ છે. કુલ-૧૦ પેન્શન કેસો નિકાલ કરવાના બાકી છે જે આગામી બે માસમાં નિકાલ કરવાનું આયોજન છે. |

- - - - - - - - -

**નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના**

૪૩૫૧૪ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૧૮ |

(૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૨૬૦

(૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૩) રૂ.૫૨,૦૦,૦૦૦/-

---------

**મહીસાગર જિલ્લામાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો**

૪૩૫૪૩ **શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના ગ્રાન્ટ-ઈન-એઈડ કુમાર અને કન્યા છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ગ્રાન્ટ-ઈન-એઈડ કુમાર છાત્રાલયો- ૧૭<br>ગ્રાન્ટ-ઈન-એઈડ કન્યા છાત્રાલયો- ૦૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત છાત્રાલયોમાં છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા કુમાર અને કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો ? | (૨) કુલ કુમાર- ૮૩૪<br>કુલ કન્યા- ૩૪૫ |

---------

**સુરત અને વલસાડ જિલ્લામાં કોરોના વોરિયર્સના આશ્રિત કુટુંબને સહાય**

૪૪૫૨૬ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નોવેલ કોરોના વાઈરસ (કોવિડ-૧૯)ના સંક્રમણના કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન આરોગ્ય વિભાગના સંક્રમિત થયેલ કોરોના વોરિયર્સના દુઃખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે, | (૧) રૂ. ૫૦ લાખની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે, અને | (૨) |

| તાઃ-૦૧-૦૨-૨૦૨૦ થી તાઃ-૩૧-૦૧-૨૦૨૧ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લાનું નામ** | **ચૂકવાયેલ હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **ચૂકવેલ રકમ રૂ.** | **ચૂકવવાની બાકી હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **કેટલી સહાય ચૂકવવાની બાકી છે રકમ રૂ.** |
| સુરત | ૦૨ | ૧ કરોડ | ૦૦ | ૦૦ |
| વલસાડ | ૦૧ | ૫૦ લાખ | ૦૦ | ૦૦ |
| **તાઃ-૦૧-૦૨-૨૦૨૧ થી તાઃ-૩૧-૦૧-૨૦૨૨** | | | | |
| સુરત | ૦૪ | ૨ કરોડ | ૦૦ | ૦૦ |
| વલસાડ | ૦૬ | ૩ કરોડ | ૦૦ | ૦૦ |

(૩) ઉક્ત સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગાંધીનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોરોના વોરિયર્સના આશ્રિત કુટુંબને સહાય**

૪૪૪૧૫ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નોવેલ કોરોના વાઈરસ (કોવિડ-૧૯)ના સંક્રમણના કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન આરોગ્ય વિભાગના સંક્રમિત થયેલ કોરોના વોરિયર્સના દુઃખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) ઉક્ત સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) રૂ. ૫૦ લાખની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨)

| **તાઃ-૦૧-૦૨-૨૦૨૦ થી તાઃ-૩૧-૦૧-૨૦૨૧** | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લાનું નામ** | **ચૂકવાયેલ હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **ચૂકવેલ રકમ રૂ.** | **ચૂકવવાની બાકી હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **કેટલી સહાય ચૂકવવાની બાકી છે રકમ રૂ.** |
| ગાંધીનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| દેવભૂમિ દ્વારકા | ૦૧ | ૫૦ લાખ | ૦૦ | ૦૦ |
| **તાઃ-૦૧-૦૨-૨૦૨૧ થી તાઃ-૩૧-૦૧-૨૦૨૨** | | | | |
| ગાંધીનગર | ૦૨ | ૦૧ કરોડ | ૦૦ | ૦૦ |
| દેવભૂમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં કોરોના રસીના ડોઝ**

૪૩૪૭૯ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોનાની મહામારી સામે રક્ષણ મેળવવા સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલાં લોકોને કોરોના રસીના પ્રથમ, દ્વિતિય તથા બુસ્ટર ડોઝ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેના તાલુકાવાર કેટલા ડોઝ આપવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| | **પ્રથમ ડોઝ** | **બીજો ડોઝ** | **બુસ્ટર ડોઝ** |
|---|---|---|---|
| સાબરકાંઠા જિલ્લો | ૧૦,૨૭,૬૫૧ | ૯,૮૮,૬૧૫ | ૦૦ |
| **કુલ** | ૨૦,૧૬,૨૬૬ | | |

ભારત સરકારની સૂચના મુજબ પ્રિકોશન ડોઝ તા.૧૦-૦૧-૨૦૨૨થી આપવાનું શરૂ કરેલ છે.

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કોરોના રસીનો પ્રથમ ડોઝ** | **કોરોના રસીનો બીજો ડોઝ** | **કુલ રસીકરણ** |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૬૦૩૭૯ | ૨૩૮૦૫૫ | ૪૯૮૪૩૪ |
| ૨ | ઈડર | ૧૯૭૮૨૫ | ૧૮૮૫૫૦ | ૩૮૬૩૭૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | વડાલી | ૬૦૪૯૫ | ૬૧૩૩૫ | ૧૨૧૮૩૦ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૧૦૦૦૧ | ૧૦૨૨૫૧ | ૨૧૨૨૫૨ |
| ૫ | પોશીના | ૮૦૨૮૨ | ૭૭૭૨૭ | ૧૫૮૦૦૯ |
| ૬ | વિજયનગર | ૭૪૧૩૬ | ૭૩૨૧૯ | ૧૪૭૩૫૫ |
| ૭ | પ્રાંતિજ | ૧૨૨૦૭૮ | ૧૨૩૪૬૬ | ૨૪૫૫૪૪ |
| ૮ | તલોદ | ૧૨૨૪૫૫ | ૧૨૪૦૧૨ | ૨૪૬૪૬૭ |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં ગામ તળાવો / ચેકડેમો ઉંડા ઉતારવા બાબત**

૪૩૪૮૮ **શ્રી જે. વી. કાકડિયા** (ધારી) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના કેટલા ગામ તળાવો / ચેકડેમોને ઉંડા ઉતારવામાં આવ્યા,

(૨) ઉક્ત ગામના તળાવો / ચેકડેમોમાંથી કેટલા જથ્થામાં અને કેટલા ખર્ચે કાંપ કાઢવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત કામગીરીથી ઉક્ત ગામના તળાવો / ચેકડેમોના જળસંગ્રહમાં કેટલો વધારો થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૨૧૫

(૨)

| **વર્ષ** | **કાઢેલ કાંપનો જથ્થો (ઘ.મી.)** | **થયેલ ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|---|
| ૨૦૨૦ | ૫૮૯૦૯૫ | ૬૩.૯૯ |
| ૨૦૨૧ | ૪૧૮૨૯૦ | ૬૩.૭૬ |
| **કુલ** | **૧૦૦૭૩૮૫** | **૧૨૭.૭૫** |

(૩) ૩૫.૪૭ મીલીયન ઘનફૂટ.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં મોઢેરા ઓફટેક આધારિત જૂથ પાણી પુરવઠા યોજના**

૪૩૪૭૩ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નર્મદા કેનાલના મોઢેરા ઓફટેક આધારિત જૂથ પાણી પુરવઠા યોજના અંગે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ આયોજનની અંદાજિત રકમ કેટલી છે, અને

(૩)આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૨૩૦૭૨.૯૧ લાખ ગ્રોસ.

(૩) માહે ૧૦ / ૨૦૨૨ સુધીમાં.

- - - - - - - - -

**અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા અન્ય જાતિઓના વિકાસ માટે નાણાકીય જોગવાઈ**

૪૪૪૨૭ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તાબા હેઠળ અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા અન્ય જાતિઓના વિકાસ માટે કયા બોર્ડ / નિગમો આવેલા છે,

**જવાબ**

(૧) ૧. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન
૨. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ
૩. ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ
૪. ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ
૫. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ
૬. ગુજરાત ગોપાલક વિકાસ નિગમ

૭. ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ
૮. ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ
૯. ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ

(૨) અંદાજપત્રમાં આ બોર્ડ તથા નિગમોમાં આવતા વર્ગના કલ્યાણ માટે કોઈ નાણાકીય જોગવાઈ કરવામાં આવે છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે અંદાજપત્રમાં બોર્ડ/નિગમવાર કેટલી નાણાકીય ફાળવણી કરવામાં આવેલ છે ?

(૩) પત્રક મુજબ.

**પત્રક**

| ક્રમ | નિગમનું નામ | વર્ષ | અંદાજપત્રમાં નિગમને ફાળવણી કરવામાં આવેલ રકમ (લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ સુધીની રકમ (લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન | ૨૦૨૦-૨૧ | રૂ. ૭૦૦.૦૦ | રૂ.૧૩૦૦.૦૦ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ.૬૦૦.૦૦ | |
| ૨ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ.૨૩૬૦.૦૦ | રૂ.૪૧૬૦.૦૦ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ.૧૮૦૦.૦૦ | |
| ૩ | ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ.૪૦૦.૦૦ | રૂ.૯૦૦.૦૦ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ.૫૦૦.૦૦ | |
| ૪ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ.૧૯૧૦.૦૦ | રૂ.૩૨૩૧.૩૮ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ.૧૩૨૧.૩૮ | |
| ૫ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ.૧૫૦૦.૦૦ | રૂ.૨૦૬૪.૨૨ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ.૫૬૪.૨૨ | |
| ૬ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ.૧૪૦૦.૦૦ | રૂ.૨૦૧૫.૫૨ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ.૬૧૫.૫૨ | |
| ૭ | ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ.૧૬૦૦.૦૦ | રૂ.૨૩૧૬.૫૫ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ.૭૧૬.૫૫ | |
| ૮ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ.૧૨૦૦.૦૦ | રૂ.૧૭૬૪.૨૨ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ.૫૬૪.૨૨ | |
| ૯ | ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | રૂ.૪૧૮૪૪.૦૦ | રૂ.૫૪૪૪૪.૦૦ |
| | | ૨૦૨૧-૨૨ | રૂ.૧૨૬૦૦.૦૦ | |
| | | | **કુલ** | **રૂ. ૭૨૧૯૫.૮૯** |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં ચોરવડલા જૂથ પાણી પુરવઠા યોજના**

૪૩૪૬૬ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ચોરવડલા જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ આયોજનની અંદાજિત રકમ કેટલી છે, અને

(૨) રૂ.૫૪૪૭.૬૧ લાખ ગ્રોસ.

| | |
|---|---|
| (૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) આ યોજનાના ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. જે મંજૂર થયેથી ૨૪ માસની સમય-મર્યાદામાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**ભરૂચ જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન**

૪૩૫૩૬ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૧૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨ |
| (૩) કુલ કેટલી રકમની લોન ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૮૦.૦૦ લાખ. |

---------

**સુરત જિલ્લામાં ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

૪૩૫૫૩ **શ્રી વી. ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં સુરત જિલ્લામાં ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, | (૧) ૪૭,૬૪૭ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૭,૬૪૭ |
| (૩) કુલ કેટલી ગણવેશ સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨,૮૫,૮૮,૨૦૦/- |

---------

**મલ્ટીપરપઝ હેલ્થ વર્કર અને ફીમેલ હેલ્થ વર્કરના ગ્રેડ-પેમાં સુધારો કરવા બાબત**

૪૪૫૫૭ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને મલ્ટીપરપઝ હેલ્થ વર્કર અને ફીમેલ હેલ્થ વર્કરના ગ્રેડ-પેમાં સુધારો કરવા અંગે કેટલી રજૂઆતો મળી, અને | (૧) ૧૮ રજૂઆત મળી. |
| (૨) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) ગ્રેડ-પેમાં સુધારા અંગેની રજૂઆતનો અસ્વીકાર કરવામાં આવેલ છે. |

---------

**રાજ્યમાં ડેમોમાંથી સિંચાઈ માટે ખેડૂતોને અપાતા પાણીના ભાવ**

૪૪૪૧૨ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં |

કેટલા ડેમોમાંથી સિંચાઈના હેતુસર ખેડૂતોને કયા ભાવથી પાણી આપવામાં આવે છે,

જળસંપત્તિ વિભાગ હેઠળના ૭૪૦ ડેમોમાંથી સિંચાઈના હેતુસર પાણી આપવામાં આવે છે. જળસંપત્તિ વિભાગ દ્વારા અપાતા સિંચાઈના પાણીના ભાવો નીચે મુજબ છે.

| **પાક સીઝન** | **સિંચાઈના દર પ્રતિ પાણ પ્રતિ હેક્ટર** |
|---|---|
| **વહેણ સિંચાઈ** | |
| બારમાસી | રૂ. ૫૯૦.૫૯ |
| ખરીફ/રવી/ઉનાળુ/બેમોસમી | રૂ. ૩૧૪.૯૮ |
| **ઉદવહન (લીફ્ટ) સિંચાઈ** | |
| (અ) ખેડૂતો દ્વારા સ્વખર્ચે ઉદવહન કરવામાં આવે ત્યારે<br>(બ) સરકારશ્રી દ્વારા ઉદવહન કરી આપવામાં આવે ત્યારે | (અ) વહેણ સિંચાઈના દરનાં ૧/૩ (ત્રીજા ભાગનાં)<br>(બ) રૂ. ૬૪૫.૭૧ પ્રતિ પાણ પ્રતિ હેક્ટર |
| **સૂક્ષ્મ સિંચાઈ માટેના દરો** | |
| (અ) ડ્રીપ ઈરીગેશન<br>(બ) સ્પ્રીંકલર ઈરીગેશન | (અ) વહેણ સિંચાઈના દરના ૧૭.૫% દર<br>(બ) વહેણ સિંચાઈના દરના ૩૨.૫% દર |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ભાવમાં કોઈ વધારો કે ઘટાડો કરવામાં આવ્યો છે કે કેમ, અને

(૨) હા.
સીધા વહેણથી અપાતા પાણીના દરોમાં સિંચાઈ વર્ષ ૨૦૧૮-૧૯થી પ્રતિવર્ષ થતો વધારો ૭.૫% થી ઘટાડી ૨.૫% લેખે તથા હયાત નહેરના માળખા મારફત ડ્રીપ તથા સ્પ્રીંકલર વડે થતી સિંચાઈના દરોમાં તા.૨૬-૦૬-૨૦૨૦ થી ૫૦% ઘટાડો કરી અનુક્રમે ૧૭.૫% તથા ૩૨.૫% દર નક્કી કરવામાં આવેલ છે.

(૩) જો હા, તો તેના કારણો શાં છે ?

(૩) રાજ્યના ખેડૂતોને રાહત આપવાના હેતુથી તથા સૂક્ષ્મ સિંચાઈના પ્રોત્સાહન માટે સિંચાઈ દરોમાં ઘટાડો કરેલ છે.

---------

**આણંદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નસહાય યોજના**

૪૩૫૧૮ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં આણંદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૪૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૦ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૪૦,૦૦,૦૦૦/- |

---------

ચૈત્ર ૨, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના**

૪૪૪૦૦ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૨-૦૩-૨૦૨૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૮૭૨ (અગ્રતા-૨૬૭)ના અનુસંધાને **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ૫ ગામોને તબક્કાવાર સમયમર્યાદામાં જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લેવાનું આયોજન હતું તે પૈકી કેટલા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કયા તાલુકાના કેટલા ગામોને પાણી પુરવઠા યોજના હેઠળ પાણી પૂરું પાડવાનું કયા કારણોસર બાકી છે, અને

(૩) ઉક્ત બાકી ગામોને કયાં સુધીમાં પાણી પૂરું પાડવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

- ઉક્ત સ્થિતિએ વિજાપુર તાલુકાના જૂથ યોજનામાં આવરી લેવાના બાકી ૦૫ ગામોના કામો પ્રગતિમાં છે.
- આ ગામોને જૂથ યોજનાની કામગીરી પૂર્ણ કરી તબક્કાવાર આવરી લેવામાં આવનાર છે.
- હાલ આ ગામો સ્થાનિક સોર્સ આધારિત યોજના મારફત પૂરતું અને પીવાલાયક પાણી મેળવે છે.

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં સિવિલ હોસ્પિટલોમાં વર્ગ-૧ થી વર્ગ-૩ની ખાલી જગ્યાઓ**

૪૪૩૯૪ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલી સિવિલ હોસ્પિટલોમાં વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પત્રક-અ સામેલ છે.

(૨) વય નિવૃત્તિ, બદલી તેમજ લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાથી.

(૩)

- વર્ગ-૧ તજજ્ઞોની જગ્યા ભરવા માટે દરરોજ વૉક-ઈન ઈન્ટરવ્યૂ રાખવામાં આવે છે. જેમાં યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થતા નિમણૂકના આદેશ આપી જગ્યાઓ ભરી શકાશે.
- વર્ગ-૨ વહીવટી અધિકારીની જગ્યાઓ બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે. જે પૂર્ણ થયેથી આ જગ્યાઓ ભરી શકાશે.
- વર્ગ-૩ની પેરા મેડિકલ, ટેકનીકલ તેમજ અન્ય વહીવટી સંવર્ગની ખાલી જગ્યાઓ સીધી ભરતી/બઢતીથી ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરી શકાશે.

**પત્રક-અ**

| **જિલ્લાનું નામ** | **સંસ્થાનું નામ** | **વર્ગ** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** |
|---|---|---|---|---|---|
| પાટણ | જીએમઈઆરએસ હોસ્પિટલ, ધારપુર-પાટણ | વર્ગ-૧ | ૦૨ | ૦૦ | ૦૨ |
| | | વર્ગ-૨ | ૩૦ | ૦૯ | ૨૧ |
| | | વર્ગ-૩ | ૫૫૨ | ૩૯૩ | ૧૫૯ |
| | | **કુલ** | **૫૮૪** | **૪૦૨** | **૧૮૨** |

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| જિલ્લાનું નામ | સંસ્થાનું નામ | વર્ગ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|---|
| | જનરલ હોસ્પિટલ, પાટણ | વર્ગ-૧ | ૧૩ | ૦૫ | ૦૮ |
| | | વર્ગ-૨ | ૧૨ | ૦૯ | ૦૩ |
| | | વર્ગ-૩ | ૫૫ | ૨૯ | ૨૬ |
| | | **કુલ** | **૮૦** | **૪૩** | **૩૭** |
| | સરકારી હોસ્પિટલ, સિધ્ધપુર | વર્ગ-૧ | ૧૦ | ૫ | ૫ |
| | | વર્ગ-૨ | ૭ | ૬ | ૧ |
| | | વર્ગ-૩ | ૪૨ | ૩૬ | ૬ |
| | | **કુલ** | **૫૯** | **૪૭** | **૧૨** |
| | સરકારી હોસ્પિટલ, રાધનપુર | વર્ગ-૧ | ૮ | ૧ | ૭ |
| | | વર્ગ-૨ | ૬ | ૫ | ૧ |
| | | વર્ગ-૩ | ૫૩ | ૩૭ | ૧૬ |
| | | **કુલ** | **૬૭** | **૪૩** | **૨૪** |
| મહેસાણા | જીએમઈઆરએસ હોસ્પિટલ, વડનગર | વર્ગ-૧ | ૯૫ | ૪૭ | ૪૮ |
| | | વર્ગ-૨ | ૧૪૩ | ૯૮ | ૪૫ |
| | | વર્ગ-૩ | ૫૫૩ | ૪૩૪ | ૧૧૯ |
| | | **કુલ** | **૭૯૧** | **૫૭૯** | **૨૧૨** |
| | સરકારી હોસ્પિટલ, મહેસાણા | વર્ગ-૧ | ૧૯ | ૧૬ | ૩ |
| | | વર્ગ-૨ | ૨૧ | ૨૦ | ૧ |
| | | વર્ગ-૩ | ૧૨૮ | ૧૧૦ | ૧૮ |
| | | **કુલ** | **૧૬૮** | **૧૪૬** | **૨૨** |
| | સરકારી હોસ્પિટલ, વિસનગર | વર્ગ-૧ | ૧૦ | ૪ | ૬ |
| | | વર્ગ-૨ | ૭ | ૭ | ૦ |
| | | વર્ગ-૩ | ૪૮ | ૩૯ | ૯ |
| | | **કુલ** | **૬૫** | **૫૦** | **૧૫** |
| | સરકારી હોસ્પિટલ, ઉંઝા | વર્ગ-૧ | ૯ | ૭ | ૨ |
| | | વર્ગ-૨ | ૫ | ૫ | ૦ |
| | | વર્ગ-૩ | ૩૧ | ૨૫ | ૬ |
| | | **કુલ** | **૪૫** | **૩૭** | **૮** |
| મહેસાણા | સરકારી હોસ્પિટલ, કડી | વર્ગ-૧ | ૭ | ૪ | ૩ |
| | | વર્ગ-૨ | ૫ | ૪ | ૧ |
| | | વર્ગ-૩ | ૨૬ | ૧૫ | ૧૧ |
| | | **કુલ** | **૩૮** | **૨૩** | **૧૫** |

---------

**રાજ્યની સરકારી વીજ કંપનીઓ દ્વારા વીજ ઉત્પાદન**

૪૪૪૬૬ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યની સરકારી વીજ કંપનીઓ દ્વારા વર્ષવાર કેટલી વીજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ સરકારી વીજ કંપનીવાર સ્થાપિત

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યની સરકારી વીજ કંપનીઓ થકી, મેળવવામાં આવેલ વીજ ઉત્પાદનની વિગતો નીચે મુજબ છે.

| નં. | વર્ષ | વીજ ઉત્પાદન (મીલીયન યુનિટસ) |
|---|---|---|
| ૧ | ૨૦૨૦ | ૨૬૩૨૩ |
| ૨ | ૨૦૨૧ | ૨૭૧૫૯ |

(૨) પત્રક-અ, મુજબ.

વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે ?

**પત્રક-અ**

| નં. | કંપની | સ્થાપિત વીજ ક્ષમતા (મે.વો.) |
|---|---|---|
| | **પરંપરાગત ઊર્જા સ્ત્રોત** | |
| અ. | રાજ્ય સરકાર હસ્તકની સરકારી વીજ કંપની. (ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ.-જી.એસ.ઈ.સી.એલ) | ૬૬૭૭ |
| બ. | રાજ્ય સરકાર હસ્તકના આઈપીપી | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લિ.- ગેસ આધારિત પ્લાન્ટ | ૫૦૭ |
| ૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ.-ગેસ આધારિત પ્લાન્ટ | ૯૩ |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ.-સુરત લીગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૫૦૦ |
| ૪ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન-અક્રીમોટા | ૨૫૦ |
| ૫ | જી પી પી સી પીપાવાવ | ૭૦૨ |
| | **બિનપરંપરાગત ઊર્જા સ્ત્રોત** | |
| અ. | રાજ્ય સરકાર હસ્તકની સરકારી વીજ કંપની. (ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ.-જી.એસ.ઈ.સી.એલ) | ૧૬૦ |
| બ. | રાજ્ય સરકાર હસ્તકના આઈપીપી | |
| ૧ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ.-સૌર ઊર્જા | ૧૮૦ |
| ૨ | જીએસપીસી પીપાવાવ પાવર કંપની લિ.-સૌર ઊર્જા | ૫ |
| ૩ | જીએમડીસી (GMDC)- સૌર ઊર્જા | ૫ |
| ૪ | ગુજરાત પાવર કોર્પોરેશન લિ.- સૌર ઊર્જા | ૫ |
| ૫ | જીએસપીસી લિ.( GSPC)- પવન ઊર્જા | ૭૧.૪ |
| ૬ | જીએમડીસી (GMDC)- પવન ઊર્જા | ૨૦૦.૯ |
| ૭ | ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિ. -પવન ઊર્જા | ૫૨.૫ |
| ૮ | ગુજરાત પાવર કોર્પોરેશન લિ. -પવન ઊર્જા | ૨૦.૭ |
| ૯ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ. -પવન ઊર્જા | ૧૧૨.૪ |
| ૧૦ | ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર એન્ડ કેમિકલ્સ લિ. -પવન ઊર્જા | ૧૦.૫ |
| ૧૧ | ગુજરાત આલ્કલીસ એન્ડ કેમિકલ્સ લિ.- પવન ઊર્જા | ૧૪.૭ |
| ૧૨ | ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી (GEDA)- પવન ઊર્જા | ૩.૬ |

- - - - - - - - -

**તાપી અને સુરત જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ ફિડર બનાવવા બાબત**

૪૪૫૩૨ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલા ફિડર તાલુકાવાર બનાવવામાં આવ્યા છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ તાપી જિલ્લામાં ૨૦ ફિડર અને સુરત જિલ્લામાં ૨૯ ફિડરને બનાવવામાં/આવરી લેવામાં આવેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

**તાપી જિલ્લોઃ-**

| તાલુકાનું નામ | ફિડરની સંખ્યા |
|---|---|
| ડોલવાન | ૦ |
| કુકરમુંડા | ૦ |
| નિઝર | ૦ |
| સોનગઢ | ૧૦ |
| ઉચ્છલ | ૦ |
| વાલોડ | ૦ |
| વ્યારા | ૧૦ |

| | |
|---|---|
| **કુલ** | **૨૦** |

**સુરત જિલ્લોઃ-**

| તાલુકાનું નામ | ચાર્જ ફિડરની સંખ્યા |
|---|---|
| કામરેજ | ૧૧ |
| પલસાણા | ૧ |
| ઓલપાડ | ૭ |
| ચોર્યાસી | ૪ |
| માંડવી | ૪ |
| મહુવા | ૦ |
| બારડોલી | ૧ |
| ઉમરપાડા | ૦ |
| માંગરોળ | ૧ |
| **કુલ** | **૨૯** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કયા ફિડરથી ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવે છે ?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં "કિસાન સૂર્યોદય યોજના" હેઠળ તાપી અને સુરત જિલ્લામાં ખેડૂતોને દિવસે વીજળી આપવામાં આવેલ હોય તેવા ફિડરોની માહિતી આ સાથે પત્રક-૧ માં સામેલ છે.

**પત્રક-૧**

**તાપી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં દિવસે વીજળી આપવામાં આવેલ હોય તેવા ફિડરોની માહિતી**

| ક્રમ નં. | ફિડરનું નામ |
|---|---|
| ૧ | ૧૧ કે.વી. ચકવાન |
| ૨ | ૧૧ કે.વી. કાલાઘાટ |
| ૩ | ૧૧ કે.વી. કુકરઝર |
| ૪ | ૧૧ કે.વી. તરસાડી |
| ૫ | ૧૧ કે.વી. ડોસવાડા (કનાડા) |
| ૬ | ૧૧ કે.વી. ગાયસાવર (કુંભકુવા એસ એસ) |
| ૭ | ૧૧ કે.વી. ગાયસાવર (બોરડા એસ એસ) |
| ૮ | ૧૧ કે.વી. ગૂંદી |
| ૯ | ૧૧ કે.વી. ખંજર (મ્યાલી) |
| ૧૦ | ૧૧ કે.વી. રૂપવાડા |
| ૧૧ | ૧૧ કે.વી. દેવાની |
| ૧૨ | ૧૧ કે.વી. રામપૂરા |
| ૧૩ | ૧૧ કે.વી. વડકુઈ |
| ૧૪ | ૧૧ કે.વી. ચોરવાડ |
| ૧૫ | ૧૧ કે.વી. જેટવાડી |
| ૧૬ | ૧૧ કે.વી. કપૂરા |
| ૧૭ | ૧૧ કે.વી. લોટરવા |
| ૧૮ | ૧૧ કે.વી. વેલડાં |
| ૧૯ | ૧૧ કે.વી. સરૈયા |
| ૨૦ | ૧૧ કે.વી. કરંજવેલ |

**સુરત જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં દિવસે વીજળી આપવામાં આવેલ હોય તેવા ફિડરોની માહિતી**

| અ.નં. | ફિડરનું નામ |
|---|---|
| ૧ | ૧૧ કે.વી. ખડસદ |
| ૨ | ૧૧ કે.વી. કરજણ |
| ૩ | ૧૧ કે.વી. ઘલા |

| અ.નં. | ફિડરનું નામ |
|---|---|
| ૪ | ૧૧ કે.વી. ખુટાઇમાતા |
| ૫ | ૧૧ કે.વી. ખોલેશ્વર |
| ૬ | ૧૧ કે.વી. સેવણી |
| ૭ | ૧૧ કે.વી. દેલાડ |
| ૮ | ૧૧ કે.વી. જિયોર |
| ૯ | ૧૧ કે.વી. માધવબાગ |
| ૧૦ | ૧૧ કે.વી. મોરથાણ |
| ૧૧ | ૧૧ કે.વી. ઉંભેળ |
| ૧૨ | ૧૧ કે.વી. અંભેટી |
| ૧૩ | ૧૧ કે.વી. અછારણ |
| ૧૪ | ૧૧ કે.વી. સાંધીયર |
| ૧૫ | ૧૧ કે.વી. સોંદલાખારા |
| ૧૬ | ૧૧ કે.વી. અસનાડ |
| ૧૭ | ૧૧ કે.વી. સરસાણા |
| ૧૮ | ૧૧ કે.વી. થોથબ એજી |
| ૧૯ | ૧૧ કે.વી. સીવણ |
| ૨૦ | ૧૧ કે.વી. દેલાડવા |
| ૨૧ | ૧૧ કે.વી. ગોજા |
| ૨૨ | ૨૨ કે.વી. સારોલી |
| ૨૩ | ૧૧ કે.વી. પોપદા |
| ૨૪ | ૧૧ કે.વી. નરેન |
| ૨૫ | ૧૧ કે.વી. ઉટેવા |
| ૨૬ | ૧૧ કે.વી. ગોદ્સંબા |
| ૨૭ | ૧૧ કે.વી. અરેઠ |
| ૨૮ | ૧૧ કે.વી. રામપૂરા |
| ૨૯ | ૧૧ કે.વી. મોલવણ |

- - - - - - - - -

**તાપી અને ડાંગ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના**

૪૪૫૨૯ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૨-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૬૦૧૫ (અગ્રતા-૯૨)ના અનુસંધાને **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી જિલ્લાના ૧૪૮ અને ડાંગ જિલ્લાના ૧૬૬ ગામોને તબક્કાવાર સમયમર્યાદામાં જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લેવાનું આયોજન હતું તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કયા તાલુકાના કેટલા ગામોને પાણી પુરવઠા યોજના હેઠળ પાણી પૂરું પાડવાનું કયા કારણોસર બાકી છે, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ જૂથ યોજનામાં આવરી લેવાના બાકી ગામોની વિગતો નીચે મુજબ છે.

**જિલ્લોઃ-તાપી**

| ૪ | જલાલપોર | ૨૨ |
| ૫ | નવસારી | ૭૦ |
| ૬ | વાંસદા | ૫૭ |
| | **કુલ** | **૨૬૯** |

- ઉક્ત જૂથ યોજનામાં આવરી લેવાના બાકી ૨૬૯ ગામો પૈકી,
  - o ૧૪૦ ગામોના કામો અંદાજો મંજૂરીની વિવિધ પ્રક્રિયા હેઠળ છે
  - o ૧૨૯ ગામોના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.
- આ ગામોને જૂથ યોજનાની કામગીરી પૂર્ણ કરી તબક્કાવાર આવરી લેવામાં આવનાર છે.
- હાલ આ ગામો સ્થાનિક સોર્સ આધારિત યોજના મારફત પૂરતું અને પીવાલાયક પાણી મેળવે છે.

**જિલ્લો: વલસાડ**

| અનું. | તાલુકો | જૂથ યોજના હેઠળ આવરી લેવાના બાકી ગામો |
|---|---|---|
| ૧ | વલસાડ | ૩૪ |
| ૨ | પારડી | ૪૦ |
| ૩ | વાપી | ૧૯ |
| ૪ | ઉમરગામ | ૦ |
| ૫ | ધરમપુર | ૯૬ |
| ૬ | કપરાડા | ૧૧૮ |
| | **કુલ** | **૩૦૭** |

- ઉક્ત જૂથ યોજનામાં આવરી લેવાના બાકી ૩૦૭ ગામો પૈકી,
  - o ૨૫૭ ગામોના કામો પ્રગતિમાં છે.
  - o ૫૦ ગામોના કામો અંદાજો મંજૂરીની વિવિધ પ્રક્રિયા હેઠળ છે.
- આ ગામોને જૂથ યોજનાની કામગીરી પૂર્ણ કરી તબક્કાવાર આવરી લેવામાં આવનાર છે.
- હાલ આ ગામો સ્થાનિક સોર્સ આધારિત યોજના મારફત પૂરતું અને પીવાલાયક પાણી મેળવે છે.

---------

**બોટાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૪૩૫૪૯ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કન્યાઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૭૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૩ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૭,૫૮,૦૦૦/- |

---------

**નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના**

૪૫૨૧ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કોરોનામાં અનાથ/નિરાધાર થયેલ માતા કે પિતાને ગુમાવનાર બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં માસિક કેટલી રકમની સહાય આપવાની જોગવાઇ ક્યારે કરવામાં આવેલ છે, | (૧) માતા/પિતા બંનેનું અવસાન થવાથી અનાથ બનેલ બાળકોને માસિક રૂ.૪૦૦૦/-ની સહાય આપવાની જોગવાઇ તા.૧૧-૬-૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે, જ્યારે માતા/પિતા પૈકી કોઇ પણ એક વાલીનું અવસાન થયેલ હોય તેવા બાળકોને માસિક રૂ.૨૦૦૦/-ની સહાય આપવાની જોગવાઇ તા.૨૮-૭-૨૦૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે ઉક્ત યોજનામાં સહાય મેળવવા નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી, | (૨) |

| **વર્ષ** | **જિલ્લાનું નામ** | **મળેલ અરજીઓ** |
|---|---|---|
| ૨૦૨૦ | નર્મદા | ૦૦ |
| | છોટાઉદેપુર | ૦ |
| ૨૦૨૧ | નર્મદા | ૩૨૫ |

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩)

| **જિલ્લાનું નામ** | **મંજૂર થયેલ અરજી** |
|---|---|
| નર્મદા | ૧૫૪ |
| છોટાઉદેપુર | ૧૭૭ |

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪)

| **જિલ્લાનું નામ** | **નામંજૂર થયેલ અરજી** |
|---|---|
| નર્મદા | ૧૭૧ |
| છોટાઉદેપુર | ૬૬ |

| | |
|---|---|
| (૫) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને પડતર રહેવાનાં કારણો શાં છે ? | (૫) શૂન્ય. |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ક્ષયના દર્દીઓને આર્થિક સહાય**

૪૩૨૬૦ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ક્ષય રોગના કેટલા દર્દીઓ નોંધાયા,

(૧) **જિલ્લોઃ- ગાંધીનગર**

| **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૨-૨૦ થી તા.૩૧-૦૧-૨૧** | **તા.૦૧-૦૨-૨૧ થી તા.૩૧-૦૧-૨૨** |
|---|---|---|
| ગાંધીનગર (રૂ.) | ૪૮૭ | ૫૯૪ |
| દહેગામ | ૪૧૯ | ૫૨૪ |
| માણસા | ૪૭૮ | ૬૨૩ |
| કલોલ | ૫૨૦ | ૬૭૧ |
| ગાંધીનગર સિટી | ૬૫૨ | ૧૦૪૧ |

**જિલ્લોઃ- મહેસાણા**

| **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૨-૨૦ થી તા.૩૧-૦૧-૨૧** | **તા.૦૧-૦૨-૨૧ થી તા.૩૧-૦૧-૨૨** |
|---|---|---|
| મહેસાણા | ૧૨૨૪ | ૧૫૨૩ |
| વિસનગર | ૫૦૯ | ૭૩૭ |
| ખેરાલુ | ૧૭૧ | ૨૩૮ |
| કડી | ૫૨૪ | ૮૧૧ |
| વિજાપુર | ૪૪૦ | ૫૫૮ |
| વડનગર | ૩૨૮ | ૩૯૪ |
| સતલાસણા | ૧૮૪ | ૩૭૫ |
| ઉંઝા | ૧૩૯૨ | ૧૮૭૪ |
| બેચરાજી | ૧૦૮ | ૧૮૧ |
| જોટાણા | ૧૨૩ | ૧૫૧ |

(૨) ઉક્ત દર્દીઓને કેટલી આર્થિક સહાય ચૂકવવામાં આવે છે,

(૨) ઉક્ત દર્દીઓની સારવાર ચાલુ હોય ત્યાં સુધી (છ મહિના) નિક્ષય પોષણ સહાય અંતર્ગત દર મહિને રૂ.૫૦૦/- લેખે સહાય ચૂકવવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ દર્દીઓને નિયમિત સહાય આપવામાં આવતી નથી તે હકીકત સાચી છે,

(૩) ના, જી.

(૪) જો હા, તો તેના કારણો શા છે, અને

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) નિયમિત સહાય મળે તે માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## એસ્સાર પાવર ગુજરાત સાથે થયેલ વીજ ખરીદીના એગ્રીમેન્ટ

૪૪૪૦૭ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) એસ્સાર પાવર ગુજરાત સાથે તા.૨૬-૦૨-૨૦૦૭ના રોજ ૨૫ વર્ષ માટે વીજ ખરીદ એગ્રીમેન્ટ થયેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત વીજ કંપની પાસેથી કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી,

(૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર યુનિટ દીઠ કયા દરે કેટલી રકમ ઉક્ત વીજ કંપનીને ચૂકવવામાં આવી, અને

(૨) અને (૩)
તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત વીજ કંપની પાસેથી ખરીદેલ વીજળી, તે અન્વયે ચૂકવવામાં આવેલ રકમ અને તેના સરેરાશ પ્રતિ યુનિટ દરની વિગત નીચે મુજબ છે.

| **વર્ષ** | **મિલિયન** | **રકમ** | **સરેરાશ દર** |
|---|---|---|---|

| | યુનિટ્સ | (રૂ-કરોડ) | (રૂ/યુનિટ) |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૪૫૩૦ | ૧૫૩૬ | ૩.૩૯ |
| ૨૦૨૧ (પ્રોવિઝનલ) | ૭૪૯ | ૨૧૮ | ૨.૯૨ |

(૪) ઉક્ત કંપનીને વીજ ખરીદ્યા સિવાય ફિક્સ કોસ્ટ પેટે ઉક્ત વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૪) વીજ ખરીદ્યા સિવાય ફિક્સ કોસ્ટ પેટે કોઈ રકમ ચૂકવવામાં આવેલ નથી.

- - - - - - - - -

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના**

૪૪૪૪૩ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કોરોનામાં અનાથ/નિરાધાર થયેલ માતા કે પિતાને ગુમાવનાર બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં માસિક કેટલી રકમની સહાય આપવાની જોગવાઇ ક્યારે કરવામાં આવેલ છે,

(૧) માતા/પિતા બંનેનું અવસાન થવાથી અનાથ બનેલ બાળકોને માસિક રૂ.૪૦૦૦/-ની સહાય આપવાની જોગવાઇ તા.૧૧-૬-૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે, જ્યારે માતા/પિતા પૈકી કોઈ પણ એક વાલીનું અવસાન થયેલ હોય તેવા બાળકોને માસિક રૂ.૨૦૦૦/-ની સહાય આપવાની જોગવાઇ તા.૨૮-૭-૨૦૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે ઉક્ત યોજનામાં સહાય મેળવવા રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી,

(૨)

| વર્ષ | જિલ્લાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૨૦ | રાજકોટ | ૦ |
| | પોરબંદર | ૦ |
| ૨૦૨૧ | રાજકોટ | ૨૧૩૭ |

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩)

| જિલ્લાનું નામ | મંજૂર થયેલ અરજી |
|---|---|
| રાજકોટ | ૧૯૯૩ |
| પોરબંદર | ૩૧૦ |

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪)

| જિલ્લાનું નામ | નામંજૂર થયેલ અરજી |
|---|---|
| રાજકોટ | ૮૨ |
| પોરબંદર | ૨ |

(૫) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને પડતર રહેવાનાં કારણો શાં છે ?

(૫)

| જિલ્લાનું નામ | પડતર અરજી |
|---|---|
| રાજકોટ | ૬૨ |
| પોરબંદર | ૦ |

ઉક્ત અરજીઓ અધૂરી વિગતો અને અપૂરતા દસ્તાવેજોના કારણે પડતર રહેલ છે.

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો**

૪૩૫૨૩ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના ગ્રાન્ટ-ઈન-એઈડ કુમાર અને કન્યા છાત્રાલયો કાર્યરત છે, અને

(૧) ગ્રાન્ટ-ઈન-એઈડ કુમાર છાત્રાલયો- ૨૧
ગ્રાન્ટ-ઈન-એઈડ કન્યા છાત્રાલયો- ૧૦

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત છાત્રાલયોમાં છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા કુમાર અને કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો ?

(૨) કુલ કુમાર- ૮૯૬
કુલ કન્યા- ૪૬૨

---------

**જામનગર જિલ્લામાં આરોગ્ય વિભાગ હેઠળ આઉટસોર્સિંગ કર્મચારીઓ**

૪૪૪૪૬ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવાડ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર જિલ્લામાં આરોગ્ય વિભાગના તાબા હેઠળની હોસ્પિટલો અને કચેરીઓમાં વર્ગ-૩ના કેટલા કર્મચારીઓ આઉટસોર્સિંગથી કામ કરે છે,

(૧) ૫૨૨

(૨) ઉક્ત સ્થળે આઉટસોર્સિંગથી કર્મચારીઓ પૂરા પાડવાની કામગીરી કઈ એજન્સીને સોંપવામાં આવેલ છે,

(૨) એજન્સીનું નામઃ-

- મેસર્સ એમ.જે. સોલંકી
- મેસર્સ ડી.જી.નાકરાણી
- સેફલોક ઇન્ડ. સિક્યુરિટી એન્ડ સર્વિસીસ
- મે.ડી.આર. એન્ટરપ્રાઈઝ
- જી.એ.ડી. એન્ટરપ્રાઈઝ

(૩) ઉક્ત એજન્સીને કર્મચારી દીઠ માસિક કેટલી રકમ ચૂકવવામાં આવે છે ?

(૩) પત્રક સામેલ છે.

**પત્રક**

| અ.નં. | સંવર્ગનું નામ | એજન્સીનું નામ | એજન્સીને કર્મચારી દીઠ માસિક ચૂકવવામાં આવતી રકમ | |
|---|---|---|---|---|
| | વિભાગીય નાયબ નિયામક કચેરી, રાજકોટ | | | |
| | | | મહાનગરપાલિકા / નગરપાલિકા | ગ્રામ્ય વિસ્તાર |
| ૧ | ફાર્માસિસ્ટ | મેસર્સ એમ.જે. સોલંકી | ૮૬૭ | ૮૫૮ |
| ૨ | ઓક્સિજન પ્લાન્ટ ઓપરેટર | | ૬૭૩ | ૬૬૫ |
| ૩ | એક્સ-રે ટેકનિશિયન | | ૮૩૦ | ૮૨૧ |
| ૪ | એક્સ-રે આસિસ્ટન્ટ | | ૭૭૩ | ૭૬૭ |
| ૫ | લેબોરેટરી ટેકનિશિયન | | ૮૭૨ | ૮૧૩ |
| ૬ | લેબોરેટરી આસિસ્ટન્ટ | | ૭૭૩ | ૭૭૩ |
| ૭ | ડેટા એન્ટ્રી ઓપરેટર કમ એકાઉન્ટન્ટ | | ૭૭૨ | ૭૬૩ |
| ૮ | ડેટા એન્ટ્રી ઓપરેટર | | ૭૨૦ | ૭૧૨ |
| ૯ | જુનિયર કલાર્ક | | ૭૩૧ | ૭૨૨ |
| ૧૦ | ઈલેક્ટ્રિશિયન | | ૬૭૩ | ૬૬૫ |
| ૧૧ | ફિઝિયોથેરાપીસ્ટ | | ૯૫૪ | ૯૪૫ |
| ૧૨ | વાલ્વ મેન | | ૬૭૩ | ૬૬૫ |
| ૧૩ | પબ્લિક રીલેશન ઓફિસર | | ૯૫૪ | ૯૪૫ |
| ૧૪ | બાયોમેડિકલ એન્જિનિયર | | ૯૭૧ | ૯૬૨ |
| ૧૫ | ઓ.ટી. આસિસ્ટન્ટ | | ૬૭૫ | ૬૬૭ |

| અ.નં. | સંવર્ગનું નામ | એજન્સીનું નામ | એજન્સીને કર્મચારી દીઠ માસિક ચૂકવવામાં આવતી રકમ | |
|---|---|---|---|---|
| ૧૬ | સેનેટરી ઈન્સપેક્ટર | | ૬૮૮ | ૬૭૯ |
| ૧૭ | લીનન કીપર | મેસર્સ ડી.જી.નાકરાણી | ૭૦૫ | ૬૯૭ |
| ૧૮ | મેડિકલ સોશિયલ વર્કર | | ૭૯૦ | ૭૮૧ |
| ૧૯ | લેબોરેટરી એટેન્ડન્ટ | | ૬૬૬ | ૬૫૮ |
| ૨૦ | ડ્રાઈવર | | ૭૦૯ | ૬૯૨ |
| **જિલ્લા પંચાયત કચેરી, જામનગર** | | | | |
| ૨૧ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (M.P.H.W) | મેસર્સ એમ.જે. સોલંકી | ૬૭૯ | |
| ૨૨ | ફિમેલ હેલ્થ વર્કર (F.H.W) | | ૯૦૨ | |
| ૨૩ | ડ્રાઈવર | સેફલોક ઇન્ડ. સિક્યુરિટી એન્ડ સર્વિસીસ | ૫૦૦ | |
| **ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ** | | | | |
| ૨૪ | ડેપો મેનેજર | મેસર્સ એમ.જે. સોલંકી | ૬૬૩ | |
| ૨૫ | આસિસ્ટન્ટ ડેપો મેનેજર | | ૫૯૭ | |
| ૨૬ | જુનિયર ફાર્માસિસ્ટ | | ૪૪૨ | |
| ૨૭ | ફાયનાન્સ આસીસ્ટન્ટ | | ૩૪૮ | |
| ૨૮ | જુનિયર ફાર્માસિસ્ટ | | ૪૨૧ | |
| **કમિશ્નરશ્રીની કચેરી, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરી** | | | | |
| ૨૯ | ડેટા એન્ટ્રી ઓપરેટર | મે. ડી.આર. એન્ટરપ્રાઈઝ | ૪૭૭ | |
| ૩૦ | સિનિયર ક્લાર્ક | મે. ડી.આર. એન્ટરપ્રાઈઝ | ૮૦૫ | |
| **કામદાર રાજ્ય વીમા યોજનાની કચેરી** | | | | |
| ૩૧ | જુનિયર ક્લાર્ક | મેસર્સ એમ.જે. સોલંકી | ૧૧૨૭ | |
| ૩૨ | સ્ટાફનર્સ | મેસર્સ એમ.જે. સોલંકી | ૧૪૩૬ | |
| **પ્રોજેક્ટ ઈમ્પ્લિમેન્ટેશન યુનિટ(પી.આઈ.યુ.) ની કચેરી** | | | | |
| ૩૩ | અધિક મદદનીશ ઈજનેર (અ.મ.ઈ.) | મેસર્સ એમ.જે. સોલંકી | ૧૧૧૫ | |
| **જિલ્લા આયુર્વેદ અધિકારી, જિલ્લા પંચાયત, જામનગરની કચેરી** | | | | |
| ૩૪ | ડેટા એન્ટ્રી ઓપરેટર | જી.એ.ડી. એન્ટરપ્રાઈઝ | ૧૨૦૦૦/- | |

- - - - - - - - -

**દાહોદ જિલ્લાની સરકારી આયુર્વેદ હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૪૪૫૧૨ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલા સરકારી આયુર્વેદિક દવાખાના આવેલા છે, | (૧) કુલ-૨૨ (બાવીસ). |
| (૨) ઉક્ત દવાખાનાવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૨) કુલ-૨૨ દવાખાનાઓમાં વર્ગ-૨ની કુલ-૨૨, વર્ગ-૩ની કુલ-૮ અને વર્ગ-૪ની કુલ-૧૨ જગ્યાઓ મંજૂર થયેલ છે.<br>પત્રક સામેલ છે. |
| (૩) ઉક્ત પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૩) |

| ક્રમ | સંવર્ગ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧૦ | ૧૨ |
| ૨ | કમ્પાઉન્ડર, વર્ગ-૩ | ૦૪ | ૦૪ |
| ૩ | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૦૨ | ૧૦ |

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કાયમી ભરાયેલ છે ?

(૪)

| ક્રમ | સંવર્ગ | કાયમી ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧૦ |
| ૨ | કમ્પાઉન્ડર, વર્ગ-૩ | ૦૪ |
| ૩ | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૦૨ |

**પત્રક**

| ક્રમ | દવાખાનાનું નામ | સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|---|
| ૧ | સ.આ.દ., અગારા, તા.લીમખેડા, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| ૨ | સ.આ.દ., કાળીયારાઈ, તા.લીમખેડા, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| | | કમ્પાઉન્ડર, વર્ગ-૩ | ૧ |
| | | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૧ |
| ૩ | સ.આ.દ., દાસા, તા.શિંગવડ, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| ૪ | સ.આ.દ., મંડેર, તા.શિંગવડ, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| | | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૧ |
| ૫ | સ.આ.દ., લુખાવાડા, તા.શિંગવડ, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| | | કમ્પાઉન્ડર, વર્ગ-૩ | ૧ |
| ૬ | સ.આ.દ., રામપુર, તા.ધાનપુર, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| | | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૧ |
| ૭ | સ.આ.દ., ધોળાખોખરા, તા.ઝાલોદ, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| | | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૧ |
| ૮ | સ.આ.દ., કારઠ, તા.ઝાલોદ, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| | | કમ્પાઉન્ડર, વર્ગ-૩ | ૧ |
| | | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૧ |
| ૯ | સ.આ.દ., છાસીયા, તા.ઝાલોદ, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| | | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૧ |
| ૧૦ | સ.આ.દ., હિરોલા, તા.સંજેલી, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| | | કમ્પાઉન્ડર, વર્ગ-૩ | ૧ |
| | | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૧ |
| ૧૧ | સ.આ.દ., કરમ્બા, તા.સંજેલી, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |

| ક્રમ | દવાખાનાનું નામ | સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ |
|---|---|---|---|
| | | કમ્પાઉન્ડર, વર્ગ-૩ | ૧ |
| | | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૧ |
| ૧૨ | સ.આ.દ., ખરોદા, તા., જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| | | કમ્પાઉન્ડર, વર્ગ-૩ | ૧ |
| ૧૩ | સ.આ.દ., ઉંચવાણીયા, તા., જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| ૧૪ | સ.આ.દ., ચોસલા, તા., જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| ૧૫ | સ.આ.દ., ટાંડા, તા., જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| ૧૬ | સ.આ.દ., કઠલા, તા., જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| | | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૧ |
| ૧૭ | સ.આ.દ., ગડોઈ, તા., જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| | | કમ્પાઉન્ડર, વર્ગ-૩ | ૧ |
| | | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૧ |
| ૧૮ | જનરલ હોસ્પિટલ, દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| ૧૯ | સ.આ.દ., ગાંગરડા, તા.ગરબાડા, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| | | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૧ |
| ૨૦ | સ.આ.દ., સહાડા, તા.ગરબાડા, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| | | કમ્પાઉન્ડર, વર્ગ-૩ | ૧ |
| | | પટ્ટાવાળા, વર્ગ-૪ | ૧ |
| ૨૧ | સ.આ.દ., દેગાવાડા, તા.દેવગઢ બારીયા, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |
| ૨૨ | સ.આ.દ., કુંડલા, તા.ફતેપૂરા, જિ.દાહોદ | મેડિકલ ઓફિસર (આયુ.), વર્ગ-૨ | ૧ |

---------

## સુરત અને તાપી જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના

૪૪૫૨૭ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કોરોનામાં અનાથ/નિરાધાર થયેલ માતા કે પિતાને ગુમાવનાર બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં માસિક કેટલી રકમની સહાય આપવાની જોગવાઇ ક્યારે કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે ઉક્ત યોજનામાં સહાય મેળવવા સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) માતા/પિતા બંનેનું અવસાન થવાથી અનાથ બનેલ બાળકોને માસિક રૂ.૪૦૦૦/-ની સહાય કરવાની જોગવાઇ તા.૧૧-૬-૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે, જ્યારે માતા/પિતા પૈકી કોઇ પણ એક વાલીનું અવસાન થયેલ હોય તેવા બાળકોને માસિક રૂ.૨૦૦૦/-ની સહાય કરવાની જોગવાઇ તા.૨૮-૭-૨૦૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે.

(૨)

| વર્ષ | જિલ્લાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૨૦ | સુરત | ૦ |
| | તાપી | ૦ |

| | | |
|---|---|---|
| ૨૦૨૧ | સુરત | ૧૪૩૧ |
| | તાપી | ૬૩૯ |

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩)

| જિલ્લાનું નામ | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| સુરત | ૧૧૨૬ |
| તાપી | ૫૫૭ |

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪)

| જિલ્લાનું નામ | નામંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| સુરત | ૩૦૫ |
| તાપી | ૮૨ |

(૫) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને પડતર રહેવાનાં કારણો શાં છે ?

(૫) શૂન્ય.

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના**

૪૪૪૧૬ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કોરોનામાં અનાથ/નિરાધાર થયેલ માતા કે પિતાને ગુમાવનાર બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં માસિક કેટલી રકમની સહાય આપવાની જોગવાઇ ક્યારે કરવામાં આવેલ છે,

(૧) માતા/પિતા બંનેનું અવસાન થવાથી અનાથ બનેલ બાળકોને માસિક રૂ.૪૦૦૦/-ની સહાય આપવાની જોગવાઇ તા.૧૧-૬-૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે, જ્યારે માતા/પિતા પૈકી કોઇ પણ એક વાલીનું અવસાન થયેલ હોય તેવા બાળકોને માસિક રૂ.૨૦૦૦/-ની સહાય આપવાની જોગવાઇ તા.૨૮-૭-૨૦૨૧ના ઠરાવથી કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે ઉક્ત યોજનામાં સહાય મેળવવા ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી,

(૨)

| વર્ષ | જિલ્લાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૨૦૨૦ | ગાંધીનગર | ૦ |
| | મહેસાણા | ૦ |
| ૨૦૨૧ | ગાંધીનગર | ૮૧૪ |

(૩) મળેલ અરજીઓ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩)

| જિલ્લાનું નામ | મંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| ગાંધીનગર | ૬૬૪ |
| મહેસાણા | ૬૨૫ |

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪)

| જિલ્લાનું નામ | નામંજૂર થયેલ અરજીઓ |
|---|---|
| ગાંધીનગર | ૧૫૦ |
| મહેસાણા | ૪ |

(૫) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને પડતર રહેવાનાં કારણો શાં છે ?

(૫)

| જિલ્લાનું નામ | પડતર અરજીઓ |
|---|---|
| ગાંધીનગર | ૦ |
| મહેસાણા | ૨૪૪ |

ઉક્ત અરજીઓ અધૂરી વિગતો અને અપૂરતા દસ્તાવેજોના કારણે પડતર રહેલ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના**

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

૪૩૫૨૬ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) પ૨૭ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) પ૨૦ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૨૬,૦૦,૦૦૦/- |

---------

**અમરેલી જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નસહાય યોજના**

૪૩૫૪૫ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૩પ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૪ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩૪,૦૦,૦૦૦/- |

---------

**મહેસાણા જિલ્લામાં ધાંધુસણ-રેડલક્ષ્મીપૂરા પાઈપલાઈનથી તળાવો ભરવા બાબત**

૪૩૫૨૮ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ધાંધુસણ-રેડલક્ષ્મીપૂરા પાઈપલાઈનથી ક્યા તાલુકાને સિંચાઈનો લાભ મળે છે, | (૧) મહેસાણા જિલ્લાના વડનગર, વિજાપુર, વિસનગર અને મહેસાણા તાલુકાઓને લાભ મળે છે. |
| (૨) ઉક્ત પાઈપલાઈનથી કેટલા ગામોના કેટલા તળાવો ભરવામાં આવે છે, અને | (૨) મહેસાણા જિલ્લાના ૨પ ગામોના ૪૭ તળાવોને નર્મદાના પાણીની ઉપલબ્ધિ અને જરૂરિયાત અનુસાર ભરવામાં આવે છે. |
| (૩) ઉક્ત પાઈપલાઈનથી કેટલા હેક્ટર વિસ્તારને સિંચાઈ સુવિધા આપવામાં આવે છે ? | (૩) ૧૧૦૦ હેક્ટર વિસ્તારને પૂરક સિંચાઈની સુવિધા મળે છે. |

---------

**રાજ્ય સરકારે ખરીદેલ ટોસીલીઝુમેબ ઈન્જેક્શનનો જથ્થો**

૪૪૪૨૮ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા ટોસીલીઝુમેબ ઈન્જેક્શનનો જથ્થો કઈ કંપની પાસેથી ક્યારે અને શાં ભાવે ખરીદવામાં આવ્યો, | (૧), (૨) અને (૩) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઈ કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | |
| (૩) ઉક્ત સ્થિતિએ કઈ કંપનીને કેટલી રકમ | |

ચૂકવવાની બાકી છે ?

**પત્રક - ૧**

| તા.૩૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧ સુધીના ખરીદી આદેશની માહિતી | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **અ.નં.** | **ભાવ** | **કંપનીનું નામ** | **તારીખ** | **જથ્થો (વાયલમાં)** | **કુલ કિંમત ટેક્ષ સહિત (રૂ)** | **ચૂકવણું (રૂ.)** | **બાકી રહેલ ચૂકવણું (રૂ.)** |
| ૧ | રૂ. ૨૯૪૦૦/વાયલ + +૫% ટેક્સ | સિપ્લા લિમિટેડ | ૧૨-૦૫-૨૦૨૦ | ૨૫ | ૭૭૧૭૫૦.૦૦ | ૭૭૧૭૫૦.૦૦ | --- |
| ૨ | રૂ. ૨૯૪૦૦/વાયલ + +૫% ટેક્સ | સિપ્લા લિમિટેડ | ૧૫-૦૫-૨૦૨૦ | ૨૫ | ૭૭૧૭૫૦.૦૦ | ૭૭૧૭૫૦.૦૦ | --- |
| ૩ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૧૬-૦૫-૨૦૨૦ | ૨૫ | ૭૭૧૭૫૦.૦૦ | ૭૭૧૭૫૦.૦૦ | --- |
| ૪ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૧૯-૦૫-૨૦૨૦ | ૧૦૦ | ૩૦૮૭૦૦૦.૦૦ | ૩૦૮૭૦૦૦.૦૦ | --- |
| ૫ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૨૬-૦૫-૨૦૨૦ | ૨૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | --- |
| ૬ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૨૯-૦૫-૨૦૨૦ | ૨૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | --- |
| ૭ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૦૨-૦૬-૨૦૨૦ | ૨૮૫ | ૮૭૯૭૯૫૦.૦૦ | ૮૭૯૭૯૫૦.૦૦ | --- |
| ૮ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૧૭-૦૬-૨૦૨૦ | ૩૦૫ | ૯૪૧૫૩૫૦.૦૦ | ૯૪૧૫૩૫૦.૦૦ | --- |
| ૯ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૨૦-૦૬-૨૦૨૦ | ૩૭૨ | ૧૧૪૮૩૬૪૦.૦૦ | ૧૧૪૮૩૬૪૦.૦૦ | --- |
| ૧૦ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૦૬-૦૭-૨૦૨૦ | ૧૦૦૦ | ૩૦૮૭૦૦૦૦.૦૦ | ૩૦૮૭૦૦૦૦.૦૦ | --- |
| ૧૧ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૨૮-૦૭-૨૦૨૦ | ૧૨૭૮ | ૩૯૪૫૧૮૬૦.૦૦ | ૩૯૪૫૧૮૬૦.૦૦ | --- |
| ૧૨ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૦૫-૦૮-૨૦૨૦ | ૨૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | --- |
| ૧૩ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૨૪-૦૯-૨૦૨૦ | ૨૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | --- |
| ૧૪ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૨૨-૧૦-૨૦૨૦ | ૨૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | --- |
| ૧૫ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૦૩-૧૧-૨૦૨૦ | ૧૦૦ | ૩૦૮૭૦૦૦.૦૦ | ૩૦૮૭૦૦૦.૦૦ | --- |
| ૧૬ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૧૩-૧૧-૨૦૨૦ | ૨૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | --- |
| ૧૭ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૨૦-૧૧-૨૦૨૦ | ૩૦૦ | ૯૨૬૧૦૦૦.૦૦ | ૯૨૬૧૦૦૦.૦૦ | --- |
| ૧૮ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૩૦-૧૧-૨૦૨૦ | ૨૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | ૬૧૭૪૦૦૦.૦૦ | --- |
| ૧૯ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૦૨-૧૨-૨૦૨૦ | ૩૦૦ | ૯૨૬૧૦૦૦.૦૦ | ૯૨૬૧૦૦૦.૦૦ | --- |
| ૨૦ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૧૮-૧૨-૨૦૨૦ | ૨૫૦ | ૭૭૧૭૫૦૦.૦૦ | ૭૭૧૭૫૦૦.૦૦ | --- |
| **તા.૩૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ સુધીના ખરીદી આદેશની માહિતી** | | | | | | | |
| **અ.નં.** | **ભાવ** | **કંપનીનું નામ** | **તારીખ** | **જથ્થો (વાયલમાં)** | **કુલ કિંમત ટેક્ષ સહિત (રૂ.)** | **ચૂકવણું (રૂ.)** | **બાકી રહેલ ચૂકવણું (રૂ.)** |
| ૨૧ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૨૦-૦૩-૨૦૨૧ | ૬૫૫ | ૨૦૨૧૯૮૫૦.૦૦ | ૨૦૨૧૯૮૫૦.૦૦ | --- |
| ૨૨ | રૂ. ૩૦૮૭૦/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૦૧-૦૪-૨૦૨૧ | ૨૯૦ | ૮૯૫૨૩૦૦.૦૦ | ૮૯૫૨૩૦૦.૦૦ | --- |
| ૨૩ | રૂ. ૩૨૩૩૯.૪૬ + ૫% ટેક્સ | સિપ્લા લિમિટેડ | ૨૬-૦૪-૨૦૨૧ | ૩૭૦ | ૧૨૫૬૩૮૮૦.૨૧ | ૧૨૫૬૩૮૮૦.૨૧ | --- |
| ૨૪ | રૂ.૩૬૩૦૦/વાયલ (ટેક્ષ સાથે) | હેટ્રો હેલ્થકેર લિમિટેડ | ૦૧-૧૨-૨૦૨૧ | ૪૪૬ | ૧૬૧૮૯૮૦૦.૦૦ | ૧૬૧૮૯૮૦૦.૦૦ | --- |

| દવાનું નામઃ- ઈન્જેકશન ટોસીલીઝુમેબ ૨૦૦ મીલિગ્રામ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **તા.૩૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧ સુધીના ખરીદી આદેશની માહિતી** | | | | | | | |
| **અ.નં.** | **ભાવ** | **કંપનીનું નામ** | **તારીખ** | **જથ્થો (વાયલમાં)** | **કુલ કિંમત ટેક્ષ સહિત (રૂ.)** | **ચૂકવણું (રૂ.)** | **બાકી રહેલ ચૂકવણું (રૂ.)** |
| ૧ | ૧૪૭૦૦/વાયલ + +૫% ટેક્સ | સિપ્લા લિમિટેડ | ૧૨-૦૫-૨૦૨૦ | ૨૫ | ૩૮૫૮૭૫.૦૦ | ૩૮૫૮૭૫.૦૦ | --- |
| ૨ | ૧૪૭૦૦/વાયલ + +૫% ટેક્સ | સિપ્લા લિમિટેડ | ૧૫-૦૫-૨૦૨૦ | ૨૫ | ૩૮૫૮૭૫.૦૦ | ૩૮૫૮૭૫.૦૦ | --- |
| ૩ | ૧૫૪૩૫/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૧૬-૦૫-૨૦૨૦ | ૭૦ | ૧૦૮૦૪૫૦.૦૦ | ૧૦૮૦૪૫૦.૦૦ | --- |
| ૪ | ૧૫૪૩૫/વાયલ (ટેક્ષ સાથે) | સિપ્લા લિમિટેડ | ૧૯-૦૫-૨૦૨૦ | ૫૦ | ૭૭૧૭૫૦.૦૦ | ૭૭૧૭૫૦.૦૦ | --- |
| **તા.૩૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ સુધીના ખરીદી આદેશની માહિતી** | | | | | | | |
| આ સમયગાળામાં સદર દવાની ખરીદી કરેલ નથી. | | | | | | | |

| દવાનું નામઃ- ઈન્જેકશન ટોસીલીઝુમેબ ૮૦ મીલિગ્રામ |
|---|

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| તા.૩૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧ સુધીના ખરીદી આદેશની માહિતી | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | ભાવ | કંપનીનું નામ | તારીખ | જથ્થો (વાયલમાં) | કુલ કિંમત ટેક્ષ સહિત (રૂ.) | ચૂકવણું (રૂ.) | બાકી રહેલ ચૂકવણું (રૂ.) |
| ૧ | ૬૧૭૪/વાયલ (ટેક્ષ સાથે). | સિપ્લા લિમિટેડ | ૧૬-૦૫-૨૦૨૦ | ૫૦ | ૩૦૮૭૦૦.૦૦ | ૩૦૮૭૦૦.૦૦ | --- |
| ૨ | ૬૧૭૪/વાયલ (ટેક્ષ સાથે). | સિપ્લા લિમિટેડ | ૧૯-૦૫-૨૦૨૦ | ૧૦૦ | ૬૧૭૪૦૦.૦૦ | ૬૧૭૪૦૦.૦૦ | --- |
| ૩ | ૬૧૭૪/વાયલ (ટેક્ષ સાથે). | સિપ્લા લિમિટેડ | ૨૬-૦૫-૨૦૨૦ | ૧૦૦ | ૬૧૭૪૦૦.૦૦ | ૬૧૭૪૦૦.૦૦ | --- |
| ૪ | ૬૧૭૪/વાયલ (ટેક્ષ સાથે). | સિપ્લા લિમિટેડ | ૦૨-૦૬-૨૦૨૦ | ૧૧૪૦ | ૭૦૩૮૩૬૦.૦૦ | ૭૦૩૮૩૬૦.૦૦ | --- |
| ૫ | ૬૧૭૪/વાયલ (ટેક્ષ સાથે). | સિપ્લા લિમિટેડ | ૨૦-૦૮-૨૦૨૦ | ૫૦૦ | ૩૦૮૭૦૦૦.૦૦ | ૩૦૮૭૦૦૦.૦૦ | --- |
| ૬ | ૬૧૭૪/વાયલ (ટેક્ષ સાથે). | સિપ્લા લિમિટેડ | ૨૪-૦૯-૨૦૨૦ | ૨૦૦ | ૧૨૩૪૮૦૦.૦૦ | ૧૨૩૪૮૦૦.૦૦ | --- |
| તા.૩૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ સુધીના ખરીદી આદેશની માહિતી | | | | | | | |
| અ.નં. | ભાવ | કંપનીનું નામ | તારીખ | જથ્થો (વાયલમાં) | કુલ કિંમત ટેક્ષ સહિત (રૂ.) | ચૂકવણું (રૂ.) | બાકી રહેલ ચૂકવણું (રૂ.) |
| ૭ | ૬૪૮૨.૨૮+૫% ટેક્સ | સિપ્લા લિમિટેડ | ૧૨-૦૫-૨૦૨૧ | ૧૪૬૫ | ૯૯૭૧૩૬૭.૨૧ | ૯૯૭૧૩૬૭.૨૧ | --- |
| ૮ | ૬૪૮૨.૨૮+૫% ટેક્સ | સિપ્લા લિમિટેડ | ૧૮-૦૬-૨૦૨૧ | ૨૨૫ | ૧૪૫૮૫૧૩.૦૦ | ૧૪૫૮૫૧૩.૦૦ | --- |
| ૯ | ૬૪૮૨.૨૮ | સિપ્લા લિમિટેડ | ૦૧-૧૨-૨૦૨૧ | ૭૯૦ | ૫૧૨૧૦૦૧.૨૦ | ૫૧૨૧૦૦૧.૨૦ | --- |

---------

**ભાવનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નસહાય યોજના**

૪૩૫૪૬ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૯ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૯.૦૦ લાખ. |

---------

**જૂનાગઢ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના**

૪૪૪૫૮ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૨-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૫૯૫૧ (અગ્રતા-૭)ના અનુસંધાને **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના ૩૦ ગામોને તબક્કાવાર સમયમર્યાદામાં જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લેવાનું આયોજન હતું તે પૈકી કેટલા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉકત સ્થિતિએ કયા તાલુકાના કેટલા ગામોને પાણી પુરવઠા યોજના હેઠળ પાણી પૂરું પાડવાનું કયા કારણોસર બાકી છે, અને

(૩) ઉકત બાકી ગામોને કયાં સુધીમાં પાણી પૂરું પાડવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨)અને (૩) ઉક્ત સ્થિતિએ જૂથ યોજનામાં આવરી લેવાના બાકી ગામોની વિગતો નીચે મુજબ છે.

**જિલ્લો-જૂનાગઢ**

| અનુ. | તાલુકો | જૂથ યોજના હેઠળ આવરી લેવાના બાકી ગામો |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૦૮ |
| ૨ | મેંદરડા | ૧૮ |
| ૩ | વંથલી | ૦૪ |
| | **કુલ** | **૩૦** |

- ઉક્ત જૂથ યોજનામાં આવરી લેવાના બાકી ૩૦ ગામો પૈકી,

- ૦૮ ગામોનાં કામો પ્રગતિમાં છે.
- ૨૨ ગામોનાં કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

- આ ગામોને જૂથ યોજનાની કામગીરી પૂર્ણ કરી તબક્કાવાર આવરી લેવામાં આવનાર છે.
- હાલ આ ગામો સ્થાનિક સોર્સ આધારિત યોજના મારફત પૂરતુ અને પીવાલાયક પાણી મેળવે છે.

- - - - - - - - -

**રાજ્યમાં કાર્યરત વિદ્યુત મથકો**

* ૪૪૪૧૩ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ક્યા સરકારી વીજ મથકો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ સદર વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ સદર વીજ મથકોને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વીજ ઉત્પાદન ક્ષમતા સામે ખરેખર કેટલા ટકા વીજ ઉત્પાદન (પ્લાન્ટ લોડ ફેક્ટર ટકામાં) હાંસલ કરવામાં આવેલ ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કાર્યરત સરકારી વીજ મથકો તથા સદર વીજ મથકોની ઉત્પાદન ક્ષમતા તેમજ ખરેખર હાંસલ કરવામાં આવેલ વીજ ઉત્પાદન (પ્લાન્ટ લોડ ફેક્ટર ટકામાં)ની વિગતો નીચે પત્રક મુજબ છે,

**પત્રક**

| અ.નં. | વીજ મથક | વીજ ઉત્પાદન ક્ષમતા (મે.વો.) | તા.૩૧/૧૨/૨૦ની સ્થિતિએ પ્લાન્ટ લોડ ફેક્ટર (%) | તા.૩૧/૧૨/૨૧ની સ્થિતિએ પ્લાન્ટ લોડ ફેક્ટર (%) |
|---|---|---|---|---|
| | **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિ. (જી.એસ.ઈ.સી.એલ.)** | | | |
| ૧ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | ૧૧૧૦ | ૪૫.૯૭ | ૫૦.૧૬ |
| ૨ | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૬૩૦ | ૧૪.૪૧ | ૫૮.૯૧ |
| ૩ | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૨૨૭૦ | ૨૩.૦૫ | ૫૭.૦૬ |
| ૪ | સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ | ૪૬.૭૨ | ૩૩.૨૩ |
| ૫ | કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૧૫૦ | ૬૫.૨૪ | ૪૪.૬૫ |
| ૬ | ભાવનગર લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ | ૨૮.૪૫ | ૩૩.૮૪ |
| ૭ | ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૯૫ | ૩૪.૨૭ | ૯.૩૭ |
| ૮ | ઉતરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૩૭૫ | ૫૬.૫૫ | ૧૩.૪૬ |
| ૯ | ઉકાઈ હાઈડ્રો પાવર સ્ટેશન | ૩૦૫ | ૨૫.૦૩ | ૨૫.૮૫ |
| ૧૦ | કડાણા અને પાનમ હાઈડ્રો પાવર સ્ટેશન | ૨૪૨ | ૧૬.૨૩ | ૧૦.૬૧ |
| | **રાજ્ય સરકાર હસ્તક સ્વતંત્ર વીજ મથકો** | | | |
| ૧૧ | ગુજરાત સ્ટેશન એનર્જી જનરેશન લિ. | ૫૦૭ | ૪૨.૩૫ | ૨.૩૨ |
| ૧૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ. સ્ટેજ-૧* | ૯૩ | ૩૨.૯૯ | ૭.૩૭ |
| ૧૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિ.- સુરત લીગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૫૦૦ | ૭૪.૦૩ | ૭૦.૭૦ |
| ૧૪ | ગુજરાત મિનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન-અક્રીમોટા | ૨૫૦ | ૧૯.૯૪ | ૧૫.૨૦ |
| ૧૫ | જી.પી.પી.સી. પીપાવાવ પાવર કંપની લિમિટેડ | ૭૦૨ | ૪૬.૬૨ | ૩.૦૧ |
| | **કુલ** | **૮૭૨૯** | | |

*જીઆઈપીસીએલ-૧ની કુલ ઉત્પાદન ક્ષમતામાંથી જીયુવીએનએલનો શેર માત્ર ૨૭ મે.વોટ છે.

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**બહુચરાજી ખાતેની ઉત્તર ગુજરાત વીજ કંપનીની કાર્યરત કચેરીઓનું મંજૂર મહેકમ**

૪૪૪૦૧ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના બહુચરાજી ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપનીની કેટલી કચેરીઓ કાર્યરત છે,

(૧) ૦૧

(૨) ઉક્ત કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૩) તે પૈકી કચેરીઓવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) અને (૩)

| **અ.નં.** | **સંવર્ગ** | **મંજૂર મહેકમ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|---|---|
| ૧ | નાયબ ઇજનેર | ૧ | ૧ | ૦ |
| ૨ | જુનિયર ઇજનેર | ૩ | ૩ | ૦ |
| ૩ | લાઇન ઈન્સ્પેક્ટર | ૨ | ૨ | ૦ |
| ૪ | લાઇનમેન | ૩ | ૩ | ૦ |
| ૫ | આસિસ્ટન્ટ લાઇનમેન | ૫ | ૫ | ૦ |
| ૬ | ઈલેક્ટ્રિક આસિસ્ટન્ટ | ૨૬ | ૨૬ | ૦ |
| ૭ | નાયબ અધિક્ષક (હિસાબ) | ૧ | ૧ | ૦ |
| ૮ | સિનિયર આસિસ્ટન્ટ | ૩ | ૩ | ૦ |
| ૯ | જુનિયર આસિસ્ટન્ટ | ૧૯ | ૧૯ | ૦ |
| ૧૦ | પટાવાળા | ૧ | ૦ | ૦૧ જગ્યા તા.૩૦-૦૬-૨૦૨૧થી ખાલી છે. |

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) વહીવટી અનુકૂળતા મુજબ.

- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લાની સિવિલ હોસ્પિટલોમાં કાર્યરત સીટી સ્કેન અને એમ.આર.આઈ. મશીન**

૪૪૩૯૫ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં આવેલ સિવિલ હોસ્પિટલવાર કેટલા સીટી સ્કેન અને એમ.આર.આઈ. મશીન ઉપલબ્ધ છે અને તે પૈકી કેટલા કાર્યરત છે,

(૧)

| | **ઉપલબ્ધ છે કે નહીં.** | | **કાર્યરત છે કે નહીં.** | |
|---|---|---|---|---|
| **હોસ્પિટલ** | **સીટી સ્કેન મશીન** | **એમ.આર.આઈ. મશીન** | **સીટી સ્કેન મશીન** | **એમ.આર.આઈ. મશીન** |
| જનરલ હોસ્પિટલ, પાટણ | નથી | નથી | નથી | નથી |
| જીએમઈઆરએસ હોસ્પિટલ, ધારપુર | હા | નથી | હા | નથી |
| જનરલ હોસ્પિટલ, સિધ્ધપુર | નથી | હા | નથી | નથી |
| જીએમઈઆરએસ હોસ્પિટલ, વડનગર | હા | નથી | હા | નથી |
| સિવિલ હોસ્પિટલ, મહેસાણા | નથી | નથી | નથી | નથી |

(૨) ઉક્ત મશીનો ઉક્ત હોસ્પિટલોમાં કાર્યરત કે ઉપલબ્ધ ન હોય તો તેના કારણો શાં છે, અને

(૨)

- જીએમઈઆરએસ હોસ્પિટલ, ધારપુર-પાટણ અને જીએમઈઆરએસ હોસ્પિટલ, વડનગર ખાતે ૧૫૦

એમ.બી.બી.એસ.ની બેઠકો હોઈ મેડિકલ કોલેજના નિયમો અંતર્ગત એમ.આર.આઈ. મશીનની જરૂરિયાત ન હતી.

- જનરલ હોસ્પિટલ, પાટણ ખાતે એમ.આર.આઈ. મશીનની ફાળવણી કરવામાં આવેલ નથી. સીટી સ્કેન મશીન તે જ શહેરમાં આવેલ જીએમઈઆરએસ હોસ્પિટલ, ધારપુર ખાતે ઉપલબ્ધ છે.
- જનરલ હોસ્પિટલ, સિધ્ધપુર ખાતે એમ.આર.આઈ. મશીન મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ પૂર્ણ થવાથી કાર્યરત નથી. અને સીટી સ્કેન મશીનની ફાળવણી કરવામાં આવેલ નથી.
- સિવિલ હોસ્પિટલ, મહેસાણા ખાતે એમ.આર.આઈ. મશીન કે સીટી સ્કેન મશીનની ફાળવણી કરવામાં આવેલ નથી.

(૩) ઉક્ત મશીનો ક્યાં સુધીમાં ઉક્ત હોસ્પિટલોમાં ઉપલબ્ધ/કાર્યરત કરાવવામાં આવશે ?

(૩)

- જીએમઈઆરએસ હોસ્પિટલ, ધારપુર-પાટણ અને જીએમઈઆરએસ હોસ્પિટલ, વડનગર માટે વર્ષ ૨૦૨૧-૨૨માં બજેટ જોગવાઈ કરી એમ.આર.આઈ. મશીનની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે.
- જનરલ હોસ્પિટલ, સિધ્ધપુર ખાતે એમ.આર.આઈ. મશીન કાર્યરત કરવા વર્ક ઓર્ડર આપેલ છે.
- સિવિલ હોસ્પિટલ, મહેસાણા ખાતે સીટી સ્કેન મશીન ખરીદવાની કાર્યવાહી ચાલુ છે. જે પૂર્ણ થયેથી મશીન ઉપલબ્ધ થઈ શકશે.

- - - - - - - - -

**એસ્સાર પાવર ગુજરાત અને અદાણી પાવર લિમિટેડ સાથે વીજ ખરીદીના કરાર**

૪૪૪૬૭ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ એસ્સાર પાવર ગુજરાત અને અદાણી પાવર લિમિટેડ સાથે સને ૨૦૦૬ અને ૨૦૦૭માં ૨૫ વર્ષ માટે વીજ ખરીદીના કરારો થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કઈ કંપની સાથે ૨૫ વર્ષ માટે કયા દરે વીજ ખરીદીના કરારો થયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ કરારો બાદ વીજ ખરીદીના દરોમાં ઉક્ત પૈકીની કઈ કંપનીને કેટલા સમય માટે કેટલી રકમનો

**જવાબ**

(૧) જી.યુ.વી.એન.એલ. દ્વારા એસ્સાર પાવર ગુજરાત લિ. અને અદાણી પાવર મુન્દ્રા લિ. સાથે વર્ષ ૨૦૦૭માં ૨૫ વર્ષ માટે વીજ ખરીદ કરાર થયેલ છે.

(૨) જી.યુ.વી.એન.એલ. દ્વારા ઉક્ત કંપનીઓ સાથે કરવામાં વીજ ખરીદ કરાર અન્વયે લેવલાઇઝડ દરની વિગત નીચે મુજબ છે.

| પ્રોજેક્ટ | લેવલાઈઝડ ટેરિફ (રૂ/યુનિટ) |
|---|---|
| એસ્સાર પાવર ગુજરાત લિ. | ૨.૪૦ |
| અદાણી પાવર મુંદ્રા લિ. (બીડ-૧) | ૨.૮૯ |
| અદાણી પાવર મુંદ્રા લિ. (બીડ-૨) | ૨.૩૫ |

(૩) અદાણી પાવર સાથેના સપ્લીમેન્ટરી કરારો મુજબ તા.૧૫-૧૦-૨૦૧૮ થી કરારના બાકીના સમયગાળા માટે

| | |
|---|---|
| વધારો કરવામાં આવેલ છે, અને | વીજ ટેરીફમાં સુધારો કરવામાં આવેલ છે જે પૈકી તા.૧૫-૧૦-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૨૧ દરમ્યાન સપ્લીમેન્ટરી કરાર અન્વયે ટેરીફમાં સુધારા પૈકી રૂ.૨૧૭૮ કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે.<br>એસ્સાર પાવર સાથેના સપ્લીમેન્ટરી કરાર મુજબ તા.૨૦-૧૧-૨૦૨૧થી કરારના બાકીના સમયગાળા માટે વીજ ટેરીફમાં સુધારો કરવામાં આવેલ છે પરંતુ વીજ ઉત્પાદન ઉપલબ્ધ ન હોઇ, કોઇ વધારાની રકમ ચૂકવવામાં આવેલ નથી. |
| (૪) વીજ ખરીદીના કરાર બાદ ઉક્ત સમયગાળા દરમિયાન યુનિટના દર વધારવાના શા કારણો છે ? | (૪) જી.યુ.વી.એન.એલ. દ્વારા સ્પર્ધાત્મક બીડ પ્રક્રિયા અંતર્ગત અદાણી પાવર સાથે વર્ષ ૨૦૦૭ માં બીડ-૧ થકી ૧૦૦૦ મેગાવોટ અને બીડ-૨ થકી ૧૦૦૦ મેગાવોટની કરારિત ક્ષમતા માટે ૨૫ વર્ષના વીજ ખરીદ કરાર કરવામાં આવેલ છે.<br>વર્ષ-૨૦૧૧ પછી ઇન્ડોનેશિયામાંથી મેળવવામાં આવતા કોલસાના ભાવમાં અનિર્ધારિત વધારો થવાના કારણોસર આયાતી કોલસા આધારિત તમામ પાવર પ્રોજેક્ટ દ્વારા વીજ ઉત્પાદન બંધ કરવામાં આવેલ અથવા તો પૂર્ણપણે વીજ ઉત્પાદન કરવામાં આવતું ન હતું, આયાતી કોલસા આધારિત કુલ ૪૮૦૫ મેગાવોટ જેટલી કરારિત વીજ ક્ષમતાને ધ્યાનમાં લઇને અને રાજ્યના ગ્રાહકોને સતત વીજળી મળતી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા એક હાઈ પાવર કમિટીની રચના કરવામાં આવેલ. રાજ્ય સરકાર દ્વારા તા.૦૧-૧૨-૨૦૧૮ના ઠરાવ (GR) દ્વારા નીતિ વિષયક નિર્ણયથી હાઈપાવર કમિટીની ભલામણોને, થોડા સુધારા સાથે સ્વીકારીને વીજ ખરીદીના દરોમાં વધારો મંજૂર કરવામાં આવેલ છે.<br>ઉપરોક્ત નિર્દેશ મુજબ તા.૦૫-૧૨-૨૦૧૮ના રોજ અદાણી પાવર સાથે (તા.૦૨-૦૨-૨૦૦૭ અને તા.૦૬-૦૨-૨૦૦૭ના વીજ કરાર માટે) સપ્લીમેન્ટલ કરાર સહી કરવામાં આવેલ. જે કેન્દ્રીય વીજ નિયમન આયોગ (CERC) દ્વારા તા.૧૨-૪-૨૦૧૯ના રોજ મંજૂર કરવામાં આવેલ અને તે મુજબ GUVNL દ્વારા તા.૧૫-૧૦-૨૦૧૮ પછીના સમયગાળા માટે વીજ ટેરિફમાં વધારાની ચૂકવણી કરવામાં આવેલ.<br>રાજ્ય સરકારના તા.૧૨-૦૬-૨૦૨૦ના પત્ર અને તા.૦૫-૦૬-૨૦૨૧ના ઠરાવ મુજબ તા.૧૨-૦૮-૨૦૨૧ના રોજ એસ્સાર પાવર સાથે ટેરીફ સુધારા માટેનો સપ્લીમેનટરી કરાર કરવામાં આવેલ છે. જે માનનીય ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા તા.૨૦-૧૧-૨૦૨૧ના ચુકાદા થકી મંજૂર કરવામાં આવેલ.<br>આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટ ડેવલોપરો દ્વારા ઓક્ટોબર-૨૦૨૧ના સમયગાળા દરમ્યાન આયાતી કોલસાના ભાવમાં અતિશય વધારો થવાના કારણે કરાર/સપ્લીમેન્ટરી કરાર મુજબના વીજ દર પોસાતા ન હોવાનું જણાવવામાં આવેલ અને વીજ પુરવઠો બંધ કરવામાં આવેલ. વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ ન થાય તથા ગ્રાહકોને સતત વીજ પુરવઠો મળતો રહે તે માટે કેન્દ્ર સરકારની મધ્યસ્થી અને રાજ્ય સરકારની મંજૂરી મેળવ્યા |

બાદ, આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટમાંથી ઇન્ટરિમ એરેન્જમેન્ટ હેઠળ રૂ. ૪.૫૦/ યુનિટના ફિક્સ એનર્જી ચાર્જ તથા કરાર મુજબ કેપેસિટી ચાર્જના દરે વીજળી ખરીદવાનું નક્કી કરવામાં આવેલ.

- - - - - - - - -

**તાપી જિલ્લામાં ઉદ્વહન સિંચાઇ યોજના**

૪૪૫૩૩ **શ્રી સુનિલભાઇ ગામીત** (નિઝર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી જિલ્લાના કુકરમુંડા, ઉચ્છલ, નિઝર અને સોનગઢ તાલુકાને ઉકાઇ ડેમમાંથી ઉદ્વહન સિંચાઇ યોજના અંતર્ગત સિંચાઇ માટે પાણી આપવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) ઉક્ત જિલ્લાના તાલુકાવાર કેટલી હેક્ટર જમીનને ઉક્ત યોજનાનો લાભ મળશે ?

**જવાબ**

(૧) કામ પ્રગતિમાં છે.

(૨) માહે ઓક્ટોબર-૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩)

| **તાલુકો** | **લાભિત વિસ્તાર (હેક્ટર)** |
|---|---|
| સોનગઢ | ૮૯૧૧ |
| ઉચ્છલ | ૫૮૮૩ |
| નિઝર | ૯૨૧૯ |
| કુકરમુંડા | ૩૯૫૯ |

- - - - - - - - -

**તાપી અને નવસારી જિલ્લામાં કોરોના વોરિયર્સના આશ્રિત કુટુંબને સહાય**

૪૪૫૩૦ **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નોવેલ કોરોના વાઇરસ (કોવિડ-૧૯)ના સંક્રમણના કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન આરોગ્ય વિભાગના સંક્રમિત થયેલ કોરોના વોરિયર્સના દુઃખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) ઉક્ત સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) રૂ. ૫૦ લાખની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨)

| **જિલ્લાનું નામ** | **ચૂકવાયેલ હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **ચૂકવેલ રકમ રૂ.** | **ચૂકવવાની બાકી હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **કેટલી સહાય ચૂકવવાની બાકી છે રકમ રૂ.** |
|---|---|---|---|---|
| **તાઃ-૦૧-૦૨-૨૦૨૦ થી તાઃ-૩૧-૦૧-૨૦૨૧** | | | | |
| તાપી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| નવસારી | ૦૧ | ૫૦ લાખ | ૦૦ | ૦૦ |
| **તાઃ-૦૧-૦૨-૨૦૨૧ થી તાઃ-૩૧-૦૧-૨૦૨૨** | | | | |
| તાપી | ૦૩ | ૧.૫ કરોડ | ૦૦ | ૦૦ |
| નવસારી | ૦૪ | ૨ કરોડ | ૦૧ | ૫૦ લાખ |

(૩) નવસારી જિલ્લામાં સહાય ચૂકવવાની કાર્યવાહી ધ ન્યુ ઇન્ડીયા ઇન્સ્યુરન્સ કંપની હેઠળ કાર્યવાહીમાં છે.

- - - - - - - - -

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**આણંદ જિલ્લામાં સરકારી હોસ્પિટલ, પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રના જર્જરિત મકાનો**

૪૪૪૯૧ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કઇ સરકારી હોસ્પિટલ અને કયા સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનો જર્જરિત હાલતમાં છે,

(૨) ઉક્ત મકાનો ક્યારથી જર્જરિત હાલતમાં છે, અને

(૩) ઉક્ત મકાનો ક્યાં સુધીમાં નવા બનાવવાનું આયોજન છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

- સરકારી હોસ્પિટલ - એક પણ નહિ.
- સામુહિક આરોગ્ય કેન્દ્ર

| ક્રમ | સા.આ.કેન્દ્ર | તાલુકા | ક્યારથી જર્જરિત હાલતમાં છે. | હાલની સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | કઠાણા | બોરસદ | આશરે ૧ વર્ષ | અંદાજ હેઠળ |

- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

| ક્રમ | પ્રા.આ.કેન્દ્ર | તાલુકા | ક્યારથી જર્જરિત હાલતમાં છે. | હાલની સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | અજરપૂરા | આણંદ | આશરે ૨ વર્ષ | પ્રગતિ હેઠળ |
| ૨ | સીમરડા | પેટલાદ | આશરે ૨ વર્ષ | |
| ૩ | નાપા | બોરસદ | આશરે ૨ વર્ષ | |
| ૪ | દાવોલ | બોરસદ | આશરે ૧ વર્ષ અને ૫ માસ | વહીવટી મંજૂરીની પ્રક્રિયા હેઠળ |
| ૫ | દેવાતળપદ | સોજિત્રા | આશરે ૧૧ માસ | આગામી વર્ષોમાં નાણાકીય જોગવાઇ થયેથી વિચારણા કરવામાં આવશે. |
| ૬ | અલારસા | બોરસદ | આશરે ૨ માસ | |
| ૭ | બદલપુર | બોરસદ | આશરે ૨ માસ | |

\- - - - - - - - -

**દાંતીવાડા તથા સરસ્વતી જળાશય યોજનામાંથી સિંચાઇનું પાણી**

૪૪૩૯૮ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) **: માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાંતીવાડા તથા સરસ્વતી જળાશય યોજનામાંથી પૂરૂ પાડવામાં આવતા સિંચાઇના પાણી અન્વયે બાકી નીકળતા લેણા પર કેટલા દરે વ્યાજ વસૂલવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જળાશયમાંથી પાણીના વેરા અને વ્યાજ પેટે કેટલી રકમ વસૂલવાની બાકી છે ?

**જવાબ**

(૧) વાર્ષિક ૧૨% લેખે સાદુ વ્યાજ આકારવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નીચે જણાવ્યા મુજબની રકમ વસૂલવાની બાકી છે.

| યોજનાનું નામ | પાણીના વેરાની રકમ (રૂ.લાખમાં) | વ્યાજની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| દાંતીવાડા જળાશય યોજના | ૨૪૫.૩૧ | ૨૮૦.૭૦ |
| સરસ્વતી જળાશય યોજના | ૩.૩૬ | ૬.૦૪ |

\- - - - - - - - -

**રાજ્ય સરકાર સંચાલિત વીજ મથકોમાં કોલસા તથા ગેસના જથ્થાની જરૂરિયાત**

૪૪૩૮૬ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) **: માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર સંચાલિત વીજ મથકોમાં કોલસા

**જવાબ**

(૧) રાજ્યનાં કોલસા અને ગેસ આધારિત વીજ મથકોને તેમાંથી ઉત્પન્ન થતી વીજળીની કિંમતને અનુરૂપ મેરીટ

અને ગેસના કેટલા જથ્થાની જરૂરિયાત હતી,

ઓર્ડરમાં ગોઠવી ગ્રીડની જરૂરિયાત મુજબ તેમાંથી વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે. આથી, કોલસા અને ગેસની જરૂરિયાત દર વર્ષે બદલાતી રહે છે. આમ, ગ્રીડની જરૂરિયાત મુજબ જે પ્રમાણે વીજ ઉત્પાદન કરવા માટેની મળેલ સૂચના ધ્યાનમાં લઇને તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર સંચાલિત વીજ ઉત્પાદન કંપની જી.એસ.ઇ.સી.એલ. દ્વારા સંચાલિત કોલસા અને ગેસ આધારિત વીજ મથકો માટે જરૂરી વર્ષવાર કોલસા અને ગેસના જથ્થાની જરૂરિયાત નીચે મુજબ હતી.

| વર્ષ | કોલસાની જરૂરિયાત* (આંકડા મેટ્રીક ટનમાં) | ગેસની જરૂરિયાત (એમએમએસસીએમડી) |
|---|---|---|
| ૨૦૨૦ (જાન્યુ-૨૦ થી ડિસેમ્બર-૨૦) | ૭૬૨૦૨૮૧ | ૪.૦૪ |
| ૨૦૨૧ (જાન્યુ-૨૧ થી ડિસેમ્બર-૨૧) | ૨૧૫૧૬૦૭૮ | ૪.૦૪ |

* વીજ મથક પર મેળવવા માટેના કોલસાની જરૂરિયાત.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જરૂરિયાત પૈકી કેન્દ્ર સરકાર સમક્ષ કોલસા અને ગેસના જથ્થાની વર્ષવાર કેટલી માંગણી કે દરખાસ્ત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની જીએસઇસીએલ દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કોલસા અને ગેસના જથ્થાની વર્ષવાર માંગણી નીચે મુજબ કરવામાં આવેલ.

| વર્ષ | કોલસાની માંગણી* (આંકડા મેટ્રીક ટનમાં) | ગેસની માંગણી (એમએમએસસીએમડી) |
|---|---|---|
| ૨૦૨૦ (જાન્યુ-૨૦ થી ડિસેમ્બર-૨૦) | ૭૬૨૦૨૮૧ | ૦.૧૩ |
| ૨૦૨૧ (જાન્યુ-૨૧ થી ડિસેમ્બર-૨૧) | ૨૧૫૧૬૦૭૮ | ૦.૫૩ |

* વીજ મથક પર મેળવવા માટેના કોલસાની માંગણી.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર દ્વારા કેટલો કોલસો અને ગેસ પૂરો પાડવામાં આવ્યો ?

(૩) ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની જીએસઇસીએલને કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પૂરા પાડવામાં આવેલ કોલસા અને ગેસના જથ્થાની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | કોલસાની ફાળવણી* (આંકડા મેટ્રીક ટનમાં) | ગેસની ફાળવણી (એમએમએસસીએમડી) |
|---|---|---|
| ૨૦૨૦ (જાન્યુ-૨૦ થી ડિસેમ્બર-૨૦) | ૫૫૦૩૦૧૩ | ૦.૧૩ |
| ૨૦૨૧ (જાન્યુ-૨૧ થી ડિસેમ્બર-૨૧) | ૧૩૧૬૭૧૫૬ | ૦.૦૩ |

* વીજ મથક પર મેળવેલ કોલસો.

---------

**બોરસદ તાલુકામાં મહી કાંઠા સિંચાઇ યોજનાની કેનાલો રિપેર કરવા બાબત**

૪૪૮૫ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં વિભાગ દ્વારા મહીકાંઠા સિંચાઇ યોજનાની કેટલી કેનાલો અને સબ

(૧) શૂન્ય.

કેનાલો રિપેર કરવામાં આવી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકામાં કેટલી કેનાલો અને સબ કેનાલો રિપેર કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બોરસદ તાલુકામાં ૬(છ) કેનાલો/સબ કેનાલોને રિપેર કરવાની જરૂરિયાત છે.

| અનું | કેનાલનું નામ |
|---|---|
| ૧ | વડેલી સબ માઈનોર અને તેની સીસ્ટમ |
| ૨ | કેનાલ સાયફન ઓન રણોલી માઈનોર ચે.૭૪૦ મી. |
| ૩ | ગોરવા સબ માઈનોર એક્સ દહેવાણ ડીસ્ટ્રી |
| ૪ | કેનાલ સાયફન ઓન દિવેલ સબ માઈનોર ચે.૮૦૦ મી. |
| ૫ | બદલપુર સબ માઈનોર એક્સ કઠાણા માઈનોર |
| ૬ | કેનાલ સાયફન ઓન દહેવાણ ડીસ્ટ્રી ચે.૨૭૦૦૦ ફૂટ |

(૪) ઉક્ત કેનાલો ક્યાં સુધીમાં રિપેર કરવામાં આવશે ?

(૪) ઉક્ત ૬ પૈકી ૪ કેનાલો/સબ કેનાલોની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે માર્ચ-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. બાકીની ૨ કેનાલો/સબકેનાલની કામગીરી નકશા-અંદાજ તબક્કે છે. જેની કામગીરી જૂન-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

---------

**રાજ્યમાં રાઈટ ટુ હેલ્થ અંગે મળેલ રજૂઆતો**

૪૪૪૨૫ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાઈટ ટુ હેલ્થ બનાવવા માટે સરકારને કેટલી રજૂઆતો મળી, અને

(૧) કોઈ રજૂઆત મળેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ રજૂઆત અન્વયે રાઈટ ટુ હેલ્થ બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમો**

૪૩૫૨૯ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે, અને

(૧) એક મધ્યમ-મુક્તેશ્વર ડેમ અને બે મોટા-દાંતીવાડા અને સીપુ ડેમો આવેલા છે.

(૨) ઉક્ત ડેમોનો જિલ્લાવાર સિંચાઈ વિસ્તાર કેટલો છે ?

(૨)

| ડેમ | જિલ્લો | સિંચાઈ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|
| દાંતીવાડા | બનાસકાંઠા | ૨૬૧૩૪ |
| | પાટણ | ૧૯૬૮૯ |
| સીપુ | બનાસકાંઠા | ૧૬૦૦૦ |
| મુક્તેશ્વર | બનાસકાંઠા | ૩૯૧૪ |

---------

**આણંદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કોરોના વોરિયર્સના આશ્રિત કુટુંબને સહાય**

૪૪૪૯૪ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પોઇન્ટ ઓફ ઓર્ડર

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નોવેલ કોરોના વાઈરસ (કોવિડ-૧૯)ના સંક્રમણના કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન આરોગ્ય વિભાગના સંક્રમિત થયેલ કોરોના વોરિયર્સના દુઃખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલા આશ્રિત કુટુંબને કેટલી રકમની સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) ઉક્ત સહાય ચૂકવવાની બાકી હોય તો તેના કારણો શાં છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) રૂ. ૫૦ લાખની સહાય આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨)

| **જિલ્લાનું નામ** | **ચૂકવાયેલ હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **ચૂકવેલ રકમ રૂ.** | **ચૂકવવાની બાકી હોય તેવા આશ્રિત કુટુંબની સંખ્યા** | **કેટલી સહાય ચૂકવવાની બાકી છે રકમ રૂ.** |
|---|---|---|---|---|
| **તાઃ-૦૧-૦૨-૨૦૨૦ થી તાઃ-૩૧-૦૧-૨૦૨૧** | | | | |
| આણંદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૧ | ૫૦ લાખ | ૦૦ | ૦૦ |
| **તાઃ-૦૧-૦૨-૨૦૨૧ થી તાઃ-૩૧-૦૧-૨૦૨૨** | | | | |
| આણંદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૩ | ૧.૫ કરોડ | ૦૦ | ૦૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પોઇન્ટ ઓફ ઓર્ડર

**વડાપ્રધાનશ્રી માટે કરેલ સૂત્રોચ્ચાર અંગે**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(ધોળકા): માનનીય અધ્યક્ષશ્રી, આજે બીજા નંબરના પ્રશ્નની ચર્ચા દરમ્યાન દેશના વડાપ્રધાનશ્રી માટે જે રીતે અપમાનજક સૂત્રોચ્ચાર થયા, (અંતરાય) બોલીને પણ હજુ પસ્તાવો નથી. આગલી હરોળના મારા મિત્રોને આપના દ્વારા અનુરોધ અને વિનંતી છે કે અમને પણ કટોકટી દરમ્યાન વાંધો હતો. અમે ક્યારેય જે તે વખતે દેશના વડાપ્રધાન માટે આવા હલકા, અપમાનજનક શબ્દો ક્યારેય બોલ્યા નથી. (અંતરાય) અહીં આપણે કોઇ ગલીઓમાં નથી બેઠા, આપણે કોઇ શેરીઓમાં નથી બેઠા. આપણા આંગણામાં નથી બેઠા. આપણે લોકશાહીના મંદિરમાં બેઠા છીએ અને એ વખતે દેશના વડાપ્રધાન ગમે કે ન ગમે, દેશનું ગૌરવ છે અને હવે એ વ્યક્તિ વિશ્વનું ગૌરવ થયા છે. એવા સંજોગોમાં (અંતરાય) માનનીય શ્રી પરેશભાઇ, આખા ગૃહે સાંભળ્યું છે. પહેલાં બેઠા બેઠા બોલ્યા, મેં એમને રોક્યા કે તમે ખરાબ દેખાવ છો, ન બોલાય. પછી ઉભા થઇને બોલ્યા છે. તમે ખોટો બચાવ ન કરો. આમાં મેં માર્ક કર્યુ કે પાછળ બોલતા હતા, આગળના કોઇ પણ મારા મિત્ર બોલ્યા ન,થી એટલે આપના દ્વારા એમને અનુરોધ છે કે દેશના માનનીય વડાપ્રધાનશ્રી માટે આવા હલકા, અપમાનજનક જે સૂત્રોચ્ચાર કર્યા છે તેના માટે એમના વતી આ ગૃહમાં દિલગીરી વ્યક્ત કરે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ખૂબ સિનિયર સભ્ય, પૂર્વ સંસદીય મંત્રી આદરણીયશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ (અંતરાય)

અધ્યક્ષશ્રી : ટૂંકમાં કહેજો જે કહેવું હોય તે. સૂત્રોચ્ચાર થયા છે કે નહીં?

શ્રી પરેશ ધાનાણી : શ્રી ભૂપેન્દ્રસિંહ બાપુએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો, તેમાં હું મારી વાત મૂકવા માગું છું. બાપુને ક્યાંક સમજફેર થયો હશે. અમારા મિત્રો એમ કહેતા હતા કે બન્ને ગુજરાતી ભાઇ-ભાઇ. અદાણી અને મોદી ભાઇ-ભાઇ. તો હવે એ ભાઇ ન હોય તો ના પાડી દો બાપુ. બન્ને ભાઇ-ભાઇ એવું કહેતા હતા અને આ દેશના સંવિધાનમાં લખ્યું છે કે આ દેશના દરેક નાગરિક મારા ભાઇ-બહેન છે. બન્ને ભાઇ-ભાઇ ન હોય તો તમે ના પાડી દો.

અધ્યક્ષશ્રી : બેસો. પરેશભાઇ બેસો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આખા ગૃહે સાંભળ્યું છે. એમાં શરમ અનુભવવાના બદલે, દિલગીરી વ્યક્ત કરવાના બદલે હજુ પણ તેનો બચાવ કરે છે, એ તો તેના કરતાં પણ વધારે શરમજનક છે. મારી આપને વિનંતી છે, ઉભા ઉભા બોલ્યા છે. આપ રિસેસમાં રેકર્ડ ચેક કરીને પછી કહેજો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અત્યારે જે રજૂઆત થઇ, શ્રી લલિતભાઇ, આપ બેસો. બધા બેસો. બે જણા બોલ્યા છે. આજે અહીં જે સૂત્રોચ્ચાર થયા અને માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહજીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને ચર્ચા કરી છે. શ્રી પરેશભાઇએ તેના માટે વાત

કરી છે. હું બધો જ રેકર્ડ તપાસી લઇશ અને રેકર્ડ તપાસ્યા પછી આવતીકાલે મારો નિર્ણય જાહેર કરીશ. (અંતરાય) નેક્સ્ટ. (આ તબક્કે શ્રી પુંજાભાઇ વંશ ઉભા થતા) હવે કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નહીં. આ જ બાબતનો હોય તો નહીં. આવતીકાલે હું ચુકાદો આપીશ અને આ બાબતનો પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો નહીં. માનનીય શ્રી પુંજાભાઇ, બોલો. (અંતરાય) બધાને પોઇન્ટ ઓફ ઓર્ડર આપીશું તો કામ ક્યારે કરીશું?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે પ્રશ્ન નંબર-૨માં સરકારે અને માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો એ જવાબમાંથી મેં પૂરક પ્રશ્ન પૂછ્યો, સરકારે જે જવાબ આપ્યો છે એ જવાબની અંદર અદાણી સાથે ૨૫ વર્ષના કરાર કર્યા..(અંતરાય)

અધ્યક્ષશ્રી : જે પ્રશ્નની ચર્ચા અહીં ૨૩ મિનિટ થઇ છે એનો પોઇન્ટ ઓફ ઓર્ડર ના હોઇ શકે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : એના સંદર્ભે જ પૂછું છું.

અધ્યક્ષશ્રી : પ્લીઝ.. એ તમે મંત્રીશ્રી જોડે જઇ અને ખુલાસો કરી આવજો, આવા ખોટા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભા કરો એ યોગ્ય જ નથી. આપ બેસો. પ્રશ્નની ૨૩ મિનિટ ચર્ચા કરી એ જ પ્રશ્નનો તમે અહીં ખુલાસો કરો એ બિલકુલ બરાબર નહીં...(અંતરાય)( સૂત્રોચ્ચાર) (સતત અંતરાય) ના બિલકુલ નહીં, સહેજ પણ નહીં, એ પ્રશ્નનો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર હોઇ શકે જ નહીં, હું ના પાડું છું, પછી તમે આગ્રહ શું કામ કરો છો? મેં કહી દીધું કે નથી લેવાનો પોઇન્ટ ઓફ ઓર્ડર..મેં ના પાડી છે, બેસો, મેં તમને નથી કીધું..મેં ના પાડી છે બેસો.. બે પ્રશ્નની ચર્ચામાં આટલો બધો સમય આપ્યો, છતાંય તમને સંતોષ ના થાય..(અંતરાય)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સિનિયર સભ્યશ્રીએ જે વાત કરી છે. માનનીય વડાપ્રધાન માટે જે શબ્દો વપરાયા છે એની માફી માગવી જ જોઇએ અને માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે, તો વિરોધ પક્ષે એની માફી માગવી જ જોઇએ. વડાપ્રધાનની માફી માગવી જ જોઇએ. (સુત્રોચ્ચાર) (માફી માગો, માફી માગો)

અધ્યક્ષશ્રી : આપ બધા બેસો તો હું વાત કરું. આપ સૌ બેસો, બેસો બધા, સતત સૂત્રોચ્ચાર, (અંતરાય) પ્લીઝ બેસો આ બાજુથી પણ બેસો, પ્લીઝ બધા બેસો. આપ સૌ બેસો, શ્રી પરેશભાઇ, આપ પણ બેસો, બધા બેસો. આપ સૌ પ્લીઝ બેસો. શ્રી શૈલેષભાઇ બેસો, શ્રીમતી સીમાબેન આપ બેસો. અહીંયા જે રીતે પોઇન્ટ ઓફ ઓર્ડર માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહજીએ જે ઉઠાવ્યો છે અને એની સામે જે વાત માનનીય શ્રી પરેશભાઇએ કરી છે આનો હું બધો રેકર્ડ તપાસી લઇશ અને પછી જે કંઇ નિર્ણય આપવાનો થશે એ નિર્ણય હું આપીશ એટલે એ બાબતની કોઇ ચર્ચા આપણે ના કરીએ, એક અને બીજો પોઇન્ટ ઓફ ઓર્ડર જે પુંજાભાઇ ઉઠાવવાની વાત કરે છે એ હું આપતી નથી. હું એ એટલા માટે એલાઉ નથી કરતી કે એ જે બે નંબરનો પ્રશ્ન છે, એની આપણે ૨૩ મિનિટ ચર્ચા કરી છે એટલે એ વિષયની ચર્ચા ના કરીએ, આગળનું કામ આગળ વધારીએ, ખોટો આગ્રહ કરો એ બરાબર નથી. (સતત અંતરાય) (સતત અંતરાય) (સૂત્રોચ્ચાર.) મેં કીધું કાલે ચુકાદો આપીશ એમાં બધું આવી જશે, પછી એવો આગ્રહ આપણે અત્યારે ના રાખીએ. મેં એક વખત કહી દીધું, મારો નિર્ણય આવી ગયો પછી....(અંતરાય)

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**
**કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ**

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા. ૨૨મી માર્ચ, ૨૦૨૨ના રોજ સભાગૃહની બીજી બેઠકના વિરામ સમયની શરૂઆતમાં અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

૧. બુધવાર, તા. ૨૩-૩-૨૦૨૨ના રોજ પ્રશ્નોત્તરી પછી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીનો નિયમ-૧૦૧ અન્વયેનો પ્રસ્તાવ હાથ ધરવો અને તેને ૬૦ મિનિટનો સમય ફાળવવો તથા ગૃહની બેઠકનો સમય ૬૦ મિનિટ વધારવો.

૨. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત માનનીય રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ ગુરુવાર, તા. ૨૪-૩-૨૦૨૨ના રોજ સવારના ૧૧-૦૦ થી બપોરના ૧૨-૦૦ કલાક દરમિયાન સભાગૃહને સંબોધન કરશે. જેને લીધે આ દિવસે સભાગૃહની બે બેઠકોના બદલે એક બેઠક રહેશે અને આ બેઠક માનનીય રાષ્ટ્રપતિશ્રીના સંબોધન બાદ બપોરના ૧-૦૦ વાગ્યે શરૂ થશે. આ બેઠકમાં સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ)માં ગુરુવાર, તા. ૨૪-૩-૨૦૨૨ના રોજની બીજી બેઠકમાં દર્શાવેલ કામકાજ હાથ ધરવામાં આવશે.

૩. મંગળવાર, તા. ૨૯-૩-૨૦૨૨ના રોજ સભાગૃહની બે બેઠકો રહેશે. જેમાં પ્રથમ બેઠકમાં સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ)માં ગુરુવાર, તા. ૨૪-૩-૨૦૨૨ના રોજની પ્રથમ બેઠકમાં દર્શાવેલ કામકાજ હાથ ધરવામાં આવશે તથા બીજી બેઠકમાં મંગળવાર, તા. ૨૯-૩-૨૦૨૨ના રોજની બેઠક માટે દર્શાવેલ કામકાજ હાથ ધરવામાં આવશે.

૪. બુધવાર, તા. ૩૦-૩-૨૦૨૨ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને જરૂર પડે તો ગૃહનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવી.

(૧) ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૨૨
(૨) ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયક, ૨૦૨૨

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ (નિયમ-૧૦૧)

(૩) ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર નિયમન અને કલ્યાણ)(રદ કરવા બાબત) વિધેયક, ૨૦૨૨

૫. ગુરુવાર, તા. ૩૧-૩-૨૦૨૨ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકોની ચર્ચા હાથ ધરવી અને જરૂર પડે તો ગૃહનો સમય લંબાવીને પણ તેની વિચારણા પૂરી કરવી.

(૧) ગુજરાત યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સીસ વિધેયક, ૨૦૨૨

(૨) શહેરી વિસ્તારોમાં ઢોર નિયંત્રણ (રાખવા અને હેરફેર) બાબત વિધેયક, ૨૦૨૨.

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો સત્તરમો અહેવાલ

શ્રીમતી ઝંખના પટેલ (સમિતિના પ્રમુખશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી પ્રસ્તાવ**

શ્રીમતી ઝંખના પટેલ(સમિતિના પ્રમુખશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સત્તરમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ (નિયમ-૧૦૧)**

**શહીદદિને શહીદવીરોને શ્રદ્ધાંજલિ અર્પવા તથા સપૂતોના બલિદાનને બિરદાવવા અંગે**

**શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( સંસદીય બાબતોના મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, તા.૨૩ મી માર્ચનો દિવસ ભારતના આઝાદીના ઇતિહાસનો એક અવિસ્મરણીય અને ગૌરવવંતો દિવસ છે. ભારતે વર્ષ ૧૯૪૭ માં બ્રિટિશરો પાસેથી સ્વતંત્રતા મેળવી પરંતુ આ એટલું સહેલું ન હતું. આઝાદીની પ્રાપ્તિ માટે અનેક લોકોએ પોતાનો જીવ આપ્યો.

આ દિવસે યુવા ક્રાંતિવીરો વીર ભગતસિંહ, શિવરામ રાજગુરૂ અને સુખદેવને બ્રિટીશ સલ્તનતે ફાંસીને માંચડે લટકાવી દીધા હતા. નોંધનીય છે કે, બ્રિટીશ સિપાહીઓ દ્વારા લાલા લજપતરાય ઉપર થયેલ લાઠીચાર્જના જવાબમાં બ્રિટીશ પોલીસ અધિકારીને ઠાર કરેલ. આ ક્રાંતિકારીઓએ કેટલાક સાહસિક કાર્યો કર્યા અને તા.૮ મી એપ્રિલ ૧૯૨૯ ના રોજ તેઓએ સેન્ટ્રલ લેજીસ્લેટિવ એસેમ્બલી પર બોમ્બ ફેંકયા તેમજ ‘ઇન્કિલાબ ઝિંદાબાઅ’ ના નારા લગાવતા રહ્યા. વીર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવની ધરપકડ કરવામાં આવી અને તેઓ પર હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો. તા. ૨૩મી માર્ચ ૧૯૩૧ ના રોજ તેઓને લાહોર જેલમાં ફાંસી આપવામાં આવી. વીર ભગતસિંહ આપણી સ્વતંત્રતાની કાવ્યબાની ‘રંગ દે બસંતી ચોલા’ ગીતના મહાનાયક બન્યા.

બ્રિટીશ શાસન દરમ્યાન પણ તેમના બલિદાનથી પ્રેરાઇને અનેક લોકો દેશની આઝાદી માટે આગળ આવ્યા અને લડતમાં જોડાયા. આ નાયકો લોકોના કલ્યાણ માટે લડ્યા અને સમાન હેતુ માટે તેમના જીવનનું બલિદાન આપ્યું. ઘણા યુવા ભારતીયો માટે ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ આજે પણ પ્રેરણાનો સ્ત્રોત બની રહ્યા છે. આ ત્રણેય ક્રાંતિકારીઓને શ્રદ્ધાંજલિ અર્પવા આપણે સૌ તા. ૨૩ માર્ચને શહીદ દિવસ તરીકે મનાવીએ છીએ.

ગુજરાતના પ્રજાજનો અને આ ગૃહના સન્માનનીય સભ્યો તરફથી આ શહીદવીરોને આપણે હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પીએ અને દેશના આ સપૂતોના બલિદાનને બિરદાવીએ.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : ઇન્કલાબ ઝીંદાબાદ અને ભારત માતાકી જય ના સૂત્રોચ્ચાર. આદરણીય વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીજી પોતાના વકતવ્યમાં પ્રસૂન જોષી દ્વારા લિખીત ગીતને લલકારે છે અને આજે એ પ્રસંગોચિત પણ છે.

"સૌગંદ મુઝે ઇસ મિટ્ટી કી મેં દેશ નહીં મિટને દુંગા, મેં દેશ નહીં મિટને દુંગા, મેં દેશ નહીં ઝુકને દુંગા "

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ તા. ૧૨ મી માર્ચ, ૨૦૨૧ ના રોજ સાબરમતિ આશ્રમ ખાતેથી દાંડીકૂચને ફલેગમાર્ચ આપી અને આઝાદી કા અમૃત મહોત્સવનો શુભારંભ કરાવ્યો અને આઝાદીની ૭૫ મી વર્ષગાંઠના ૭૫ અઠવાડિયા પહેલા શરૂ થઇ હતી અને ૧૫ મી ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ સમાપ્ત થશે. આજે શહીદ દિન નિમિત્તે મારે એ કહેવું છે કે આ દેશના ઇતિહાસમાં પ્રત્યેક વીર નાયકોની ગાથા રોચક છે. શહીદ ભગતસિંહ, સુખદેવ, રાજગુરુના બલિદાન આપણને સૌને અનોખી પ્રેરણા આપે છે. ગુજરાતના નાગરિક તરીકે આપણે ગૌરવ લઇ શકીએ તેમ છીએ, કારણકે માનનીય ભગતસિંહ એમને પ્રેરણા આપનાર ભગવતીચરણ વોરા અને ક્રાંતિકારી જોધાભાભી આપણા ગુજરાતના વડનગરના હતા અને એનું આપણને ગૌરવ છે. શહીદ દિન માત્ર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવની યાદમાં ઉજવાતો નથી. નામી, અનામી અસંખ્ય ક્રાંતિકારીઓના રકતરંજીત બલિદાનોની આ ભૂમિ સદૈવ ઋણી રહેશે. ચંદ્રશેખરજી હોય, બિસ્મિલ્લ હોય, અસ્ફાક હોય, શિવપ્રસાદ ગુપ્ત હોય, આચાર્ય ધર્મવીર હોય, પૂરાણી

બંધુઓ હોય, અખાડા પ્રવૃત્તિ શરૂ કરનાર અને બોમ્બ બનાવવાનું શીખવનાર મહર્ષિ અરવિંદ ઘોષ હોય, બારિન્દરકુમાર ઘોષ હોય, વીર સાવરકર હોય કે ગુજરાતના પનોતા પુત્ર શ્યામજી કૃષ્ણ વર્મા હોય કે માત્ર ૧૮ વર્ષની ઉંમરે કુમળી વયે ફાંસીએ ચડી જનાર ખુદીરામ બોઝ હોય આ કઇ રીતે ભુલી શકાય? એટલે જ આ શહીદોની યાદમાં આદરણીય મોદીજીએ આ ૭૫ વર્ષમાં જે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવવાનો જે નિર્ણય કર્યો છે એના ભાગરૂપ આજે આપણે સૌ એકઠા થયા છીએ. મેઘાણીજીના શબ્દોમાં કહીએ તો નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે, ખબર છે એટલી કે માતની હાકલ પડી છે. શહીદોને હું ભાવભીની શબ્દાંજલિ જો આપું તો "આઓ જુક કર નમન કરે હમ ઉનકો, જિનકે હિસ્સેમેં યે મુકામ આતા હૈ, ખુશનસીબ હોતે હૈ વો લોગ જિનકા ખુન દેશકે લીયે કામ આતા હૈ, સૈંકડો પરિન્દે આસમાનમેં આજ નજર આને લગેં હૈ " આ જે લોકશાહી, આઝાદી આપણે ભોગવી રહ્યા છીએ "બલિદાનીઓને દિખાઇ હૈ રાહ ઉન્હે આઝાદી સે ઉડને કી ". આજે જયારે વાત શરૂ કરીએ તો વાત બાળપણની કરીએ. ભગતસિંહ નાના હતા ઉંમર માત્ર ૬ વર્ષની અને ૬ વર્ષની ઉંમરે પિતા સાથે ખેતરેથી પસાર થતા હતા. બાળક હાથ છોડીને ખેતરમાં ગયો અને લાકડીઓ ખોસવા માંડયો. પિતાએ પૂછ્યું પુત્તર કયા કર રહે હો? અને અદભૂત જવાબ એ બાળકના મુખેથી નીકળે છે કે હું બંદૂક રોપી રહ્યો છું એટલા માટે કે અનેક બંદૂકો ઉગે અને આ અંગ્રેજોની સામે હું લડી શકું. એક નાની કૂમળી વયનો એ બાળક જેનું આખું કુટુંબ સ્વાતંત્ર્ય સેનાની હતું, જેનું આખું કુટુંબ ક્રાંતિવીર હતું. એમના એક સગા કાકાને એટલો જુલમ કરવામાં આવ્યો કે એમણે પરદેશ ભાગી જવું પડ્યું. બીજા એક અન્ય કાકા એમના હતા, જેમને જેલમાં પૂરી દેવામાં આવ્યા. એમના ઉપર એટલો અત્યાચાર કર્યો કે જેલની અંદર એ અત્યાચારના કારણે ગુજરી ગયા. ત્યારે ભગતસિંહે પોતાની સગી કાકીને કહેલું. અંગ્રેજોની હું ખબર લઇશ. આ નાના બાળકના મનની અંદર એ દિવસથી ક્રાંતિના બીજ રોપાયા. તા. ૧૩-૪-૧૯૧૯ ના રોજ જલિયાવાલા બાગના હત્યાકાંડમાં સાતમાં ધોરણમાં ભણતો બાળક નિશાળે જવા માટે તો નીકળ્યો, પરંતુ તે સીધો અમૃતસર ગયો. અને ત્યાં જઇને પહેલું શું કર્યુ? જલિયાવાલા બાગમાં જઇને એ લોહી ભીની માટી એ એણે ઉપાડી તિલક કર્યુ અને એણે પછી શીશીમાં ભરીને ઘરે લઇ આવ્યો. નાની બહેનને એણે કહ્યું. આજે તું ફૂલ વીણીને લાવ. આજે મારે પૂજા કરવી છે. શહીદોની આ ગાથા આપણા લોહીને ગરમ કરે છે. અને દેશ માટે આપણે બધા શું કરી શકીએ એની પ્રેરણા આપે છે. ભગતસિંહના માનમાં ક્રાંતિની આગ ભભૂકવા માંડી. સ્કૂલ છોડીને લાલલજપતરાય નેશનલ કોલેજમાં એ દાખલ થયા. અને રાષ્ટ્રીય ચેતનાથી ભરપૂર આ વ્યક્તિત્વ અને એને આ કોલેજનું વાતાવરણ મળી ગયું. લાલા લજપતરાયની સ્કૂલમાં એ સિંહ જેવું વાતાવરણ એમને મળ્યું, એને કારણે યુવક પ્રવૃત્તિમાં જોડાયા. અને મહારાણા પ્રતાપનો રોલ એમણે નાટકની અંદર ભજવ્યો. એમણે રોલ ભજવ્યો સમ્રાટ ચિત્રગુપ્તનો. અને ભારતની દુર્દશા ઉપરનું એમણે નાટક કર્યુ. ભારત માતાની મુક્તિ માટે એમણે લગ્ન ન કર્યા. લગ્ન માટેની વાત નીકળી તો ઘર છોડીને જતા રહ્યા. અને એ ફરતા ફરતા યોજના ક્રાંતિની એ બનાવતા રહ્યા. ચાંદની ચોકમાં લોર્ડ હાર્ડિંસ ઉપર બોમ્બ ફેકાયેલો. અને ખોટી રીતે તે કેસની અંદર ભગતસિંહને પડકવામાં આવ્યા. જેલમાં ઠૂંસી દેવામાં આવ્યા. કોઇ પૂરાવો ન મળ્યો. અને પૂરાવો ન મળવાના કારણે જેલમાંથી એમને આખરે મુક્તિ મળી. પણ આશ્ચર્ય એ વાતનું હતું એ જમાનામાં ૬૦,૦૦૦ રૂપિયા જામીન ઉપર છોડવાના. ૬૦,૦૦૦ રૂપિયાની જામીનગીરી એ જમાનામાં કયાં મળે? આજે પણ ખૂન કેસમાં જો એવો મોટો ઓર્ડર જામીન ઉપર છોડવાનો કોર્ટ નક્કી કરે તો કરતા નથી. ત્યારે એ જમાનાની અંદર ત્યાંના સોલીસીટર હતા અને બીજા એક સોલીસીટર બંને જણાએ ભેગા થઇને ૩૦-૩૦ હજારના જમીન થયેલા. એક એક બનાવ, એક એક કિસ્સા અને એક એક વ્યક્તિત્વ જેણે આ સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ કરી છે તે લોકોને સલામ છે. વર્ષ ૧૯૨૮ માં સાયમન કમિશનના સભ્યો લાહોર આવવાના હતા. અને એના વિરોધમાં સ્ટેશન ઉપર લાલા લજપતરાય અને અનેક ક્રાંતિકારીઓ ભેગા થયા. જબરજસ્ત વિરોધ કર્યો. અને એ વિરોધના સમયે મિસ્ટર સ્કોટ કરીને પોલીસ અધીક્ષક અને ડીવાયએસપી મિ. સાંડરસને લાઠીચાર્જ કરાવ્યો. લાઠીચાર્જથી લાલા લજપતરાય લોહી લુહાણ થઇ ગયા. માથે લાઠીઓ મારવામાં આવેલી. માથું ફાટી ગયું. તેમ છતા ત્યારપછી થયેલી સભામાં એમણે ભાષણ કર્યુ અને એમણે કહેલું. તેનો ભાવાર્થ એ હતો કે મને આ લોહી વિના કારણે અને તદન સત્યાગ્રહની રીતે હું ઉભો હતો અને વિરોધ કરતો હતો અને મારા ઉપર લાઠી ચાર્જ થયો છે. આ અંગ્રેજોના શાસનના કોફીન ઉપરની છેલ્લી ખીલ્લી છે. તે અંગ્રેજ સાંડરસને ભગતસિંહે અને રાજગુરુએ ગોળીથી વીંધી નાખ્યા. ઇન્કલાબ જિંદાબાદના નારા સાથે ભીંતચિત્રો ઉપર લગાડ્યા. છુપાવેશે ત્યારપછી ભગતસિંહ, રાજગુરુ કલકત્તા પહોંચ્યા. ત્યાંથી વાઇસરોયોને પાઠ ભણાવવા માટે આગ્રા પહોંચ્યા. એ ધારાસભાની અંદર કાયદો પસાર કરવાના હતા, જેના કારણે યુવાનોની ચળવળ બંધ થઇ જાય. એને લીધે એનો વિરોધ કરવા માટે અને ક્રાંતિની અંદર કોઇની જાનહાનિ ન થાય એવા સ્પષ્ટ ઇરાદા સાથે કોઇને નુકસાન ન થાય એવી સ્પષ્ટ ભાવના સાથે ધારાસભાની અંદર દીવાલ અને લાકડાના કબાટ પાસે બોમ્બ ફેક્યા. જેના કારણે કોઇ હાનિ ન થઇ. માત્ર ધડાકો થયો. એનો ગુંજ એટલો મોટો થયો આખા ભારતની અંદર આ ક્રાંતિની જવાળા ભભૂકી ઉઠી. કારણ કે સત્યાગ્રહની લડત તે વખતે ચાલતી હતી. એ સત્યાગ્રહની લડત ધીમી પડી ગયેલ હતી. એ ધીમી પડી ગયેલ લડતને આ કારણે વેગ મળ્યો. અને સમગ્ર દેશની અંદર ચૌરે ને ચૌટે આ વાતો થવા માંડી. ભગતસિંહે અને આ લોકોએ પોતાની વાત રજૂ કરી. આશ્ચર્ય એ વાતનું હતું, અને હિંમત એ વાતની હતી કે એમણે એમ નક્કી કર્યુ આ બોમ્બ માર્યા પછી આપણે આ જગ્યાએથી જવું નથી. તેમણે ઉભા રહીને પછી ત્યાં ફાયરિંગ પણ કર્યુ. જેના કારણે ત્યાં સાઇમન કમિશનના સાઇમન ગેલેરીમાં બેઠેલા હતા. તે પાટલી નીચે ઘૂસી ગયા. અંગ્રેજ સરકારને એક જવાબ આપવા માગતા હતા. વિરોધનો આ એક પ્રકાર હતો. એ જમાનાની અંદર પકડાઇ જવું, ભાગી શકે તેમ હતા. અફડાતફડી થયેલી હતી તેમ છતાં જાતે ઉભા રહ્યા, હાજર થયા અને પોલીસ તેમને પકડીને લઇ ગઇ. એ લોક સુરક્ષાનું બિલ હતું તે રજૂ થવાનું હતું. વાઇસરોયે બિલ પસાર કર્યાની જાહેરાત કરી, કારણકે ત્યાં તો વિરોધમાં બિલ પસાર ન થયું. બિલ પસાર ન થયું તો તેની ઉપર વાઇસરોયનો પોતાનો એક અધિકાર હતો. તે અધિકારનો દૂરુપયોગ કર્યો તેના કારણે આ ઘટના બની. તે વખતે માનનીય ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત બંને જણાએ એક-એક બોમ્બ ફેંક્યો

હતો. વાઇસરૉયે જેવી જાહેરાત કરી કે આ બિલ હું પાસ કરું છું તે વખતે વિરોધની અંદર આ બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. બટુકેશ્વર દત્ત પણ ખુમારીવાળો જીવ હતો. તેમણે ત્યારબાદ ધારાસભામાં પત્રિકાઓ ફેંકી. એમાંની એક પત્રિકા હિન્દુસ્તાન ટાઇમ્સમાં છપાઇ અને આઝાદીની મંદ પડી ગયેલી લડતને નવો વેગ મળ્યો. તેમના ઉપર કેસ ચાલ્યો. ભગતસિંહે વાંચવા માટે પુસ્તકો મંગાવ્યા. જેમાં એક પુસ્તક અને આપણે બધાએ જાણવા જેવું છે. તેમણે પહેલું પુસ્તક મંગાવ્યું અને કહ્યું કે, મને ગીતા રહસ્ય આપો. આ ગીતાની કેટલી તાકાત છે, ગીતા આ દેશની સંસ્કૃતિ છે. તેમણે ગીતાનું રહસ્ય પુસ્તક માગ્યું. તેમણે નેપોલિયનની ડાયરી અને અન્ય પુસ્તકો પણ માગ્યા. અદાલતમાં ભગતસિંહને જયારે રજૂ કરવામાં આવ્યા ત્યારે તેમણે જે નિવેદન આપ્યું તે નિવેદનનો કેટલોક અંશ હું અહીં ધ્યાન પર મૂકવા માગું છું. ''ક્રાંતિમાં ઘાતક સંઘર્ષને સ્થાન નથી, એની અમને ખબર છે. એમાં વ્યક્તિગત બદલો લેવાની વૃત્તિને પણ સ્થાન નથી. તે આગળ કહે છે કે ક્રાંતિ, બોમ્બ અને પિસ્તોલની સંસ્કૃતિ નથી, છેલ્લે કહ્યું કે, આઝાદી જેવા મહાન ધ્યેય માટે કોઇપણ બલિદાન મોટું નથી.''

માનનીય અધ્યક્ષશ્રી, આ ક્રાંતિવીરને શત્ શત્ નમન છે. કોર્ટમાં કેસ ચાલ્યો અને કેસ પૂરો થયો ત્યારે ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત  બંનેને જનમટીપની સજા મળી. લાહોરની અંદર એક ષડયંત્રના કેસની અંદર ભગતસિંહ, સુખદેવ અને બટુકેશ્વર દત્તને વંદે માતરમ્ ઇન્કલાબ ઝિંદાબાદના નારા સાથે ત્યાં આંદોલન ગજવતા હતા તેમાં પકડીને આ કેસ કરવામાં આવ્યો હતો. તે કેસની અંદર તેમણે છેલ્લે એક ગીત ગાયેલું. '' સરફરોશી કી તમન્ના અબ હમારે દિલમે હૈ, દેખના હૈ જોર બાજુએ કિતના કાતિલમે હૈ, વક્ત આને પે બતા દેંગે, તુજે એ આસમાં હમ અભી સે કયા બતાયે કયા હમારે દિલમે હૈ.''  તેમને કાળાપાણીની સજાની ચિંતા ન હતી કે ફાંસી મળે તેની ચિંતા ન હતી. ચુકાદામાં ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને ફાંસીની સજા જે દિવસે ફરમાવવામાં આવી ત્યારે આખા દેશમાં વિરોધ પ્રગટયો. અનેક જગ્યાએ હડતાલો પડી, અનેક જગ્યાએ રેલીઓ નીકળી, સરઘસો નીકળ્યા. ત્યારે ભગતસિંહના પિતાએ વાઇસરૉયને એક પત્ર લખ્યો કે આ ફાંસીની સજામાંથી આ કેસને રીટ્રાય કરવામાં આવે. હું કેટલાક પૂરાવા આપવા માગુ છું. ભગતસિંહ ત્યાં ન હતા. ત્યારે આ ખુમારીવાળા ભગતસિંહે પોતાના પિતાને કહ્યું કે, મારું જીવન એટલું કિમતી નથી જેટલું તમે માની બેઠા છો. આ કેસમાં મને ફાંસી આપવામાં આવશે તો અમારો પવિત્ર ઉદ્ધેશ સિદ્ધ થયેલો ગણાશે. આ કેવી ખુમારી? આ વ્યક્તિત્વને સો સો સલામ છે. ફાંસી થવાના થોડા દિવસ પહેલાં એમના સગાભાઇને તેમણે એક પત્ર લખ્યો. પત્રમાં છેલ્લું વાક્ય તેમણે લખ્યું કે, ''ખુશ રહો યે વતન હમ તો સફર કરતે હૈ''  ૨૩ માર્ચ ૧૯૩૧ ની સાલ અને આજનો દિવસ સેન્ટ્રલ જેલનો હવાલદાર ચતરસિંહ આ ત્રણેય ને કહેવા માટે આવ્યો કે આજે તમને ફાંસી આપવાની છે. ચતરસિંહ શીખ હોવાના કારણે તેમણે ભગતસિંહને વિનંતી કરી કે, મારી પાસે ગુટકો છે, તમે અત્યારે પ્રભુને પ્રાર્થના કરી શકો, ગુરુ વાણીનો પાઠ કરી લો. આ વ્યક્તિત્વની ખુમારી તો જુઓ, તેમણે એમ કહ્યુ કે, આ છેલ્લી મિનિટે ઇશ્વરને પ્રાર્થના કરવામાં મને વાંધો નથી પણ આજે  જો હું પ્રાર્થના કરું તો એમ કહેવાશે કે આ ડરપોક હતો. મૃત્યુ સામે આવ્યું એટલે પ્રાર્થના કરે છે. માટે  તેમણે તે વખતે પ્રાર્થના માટે ઇન્કાર કર્યો અને નમ્રતાપૂર્વક ઇન્કાર કર્યો. એમની અંતિમ ઇચ્છા જયારે પૂછવામાં આવી ત્યારે તેમણે બસ એક જ વાત કરી કે, ફરી મારો જન્મ થાય, બીજો જન્મ લઉં અને માતૃભૂમિની ફરી સેવા કરું. અત્યંત પ્રેરણાદાયી આ વાતને આપણે જાણવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યંત પ્રેરણાદાયી આ વાતને આપણે જાણવી જોઇએ, એ પ્રેરણામાંથી આપણે સ્વીકાર કરવો જોઇએ. જયારે આ વાત છે ત્યારે એક નાની વાત એમની રહી ન જાય તેથી હું એ પણ કહેવા માગીશ કે, એ વખતે સુખદેવની ઉંમર ૨૩ વર્ષ, ભગતસિંહની ઉંમર ૨૪, રાજગુરુની ઉંમર ૨૨ વર્ષ અને સુખદેવ પર જ્યારે આ કેસ થયો અને એમનામાં જે આ ખુમારી આવી એનું કારણ હતું રામપ્રસાદ બિસ્મીલ, અસફાકઉલ્લા ખાન, રાજેન્દ્રનાથ લાહીરી અને રોશનસિંહ આ ચારેય જણને ફાંસી આપવામાં આવેલી ત્યાર પછી એમનું સંગઠન વીક પડ્યું અને એ સંગઠનને મજબૂત કરવા માટે ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવજીએ પ્રયાસ કર્યો હતો તેના ભાગરૂપ તેઓ પણ એટલી જ તાકાત અને ખુમારી રાખતા હતા. સુખદેવની માતાએ જયારે એમને એમ કહ્યું કે તારી ઉંમર થઇ છે હવે ઘોડે ચડવાની, ત્યારે આ વ્યક્તિ કહે છે ઘોડા પર નહીં ચડું હું ફાંસી પર ચડીશ. આવા વ્યક્તિત્વને સો-સો સલામ. નિર્ધારીત સમયે જેલ અધિકારી આવે છે ત્યારે ભગતસિંહ કહે છે કે અમને હાથકડી ન પહેરાવતા, વાત માન્ય રાખવામાં આવે છે. વિનંતી કરે છે કે અમારો ચહેરો ટોપીથી ઢાંકશો નહીં. વચ્ચે ભગતસિંહ છે ડાબી બાજુ સુખદેવ છે અને જમણી બાજુ રાજગુરુ છે અને બંનેના ખભા પર હાથ મૂકીને વચ્ચે ભગતસિંહ ચાલી રહ્યા છે ફાંસીના માચડા તરફ અને એમણે છેલ્લું ગીત ગાયું "દિલ સે નિકલેગી ન મર કર ભી વતન કી ઉલફાત, મેરી મીટી સે ભી ખૂશ્બુ આયેગી એ વતન" ત્રણેય દેશભક્ત ફાંસીના ફંદાને ચૂમે છે અને આ હકીકત ઇતિહાસના રેકોર્ડ પર છે અને ફાંસીના ફંદા પોતે જાતે પોતાના ગળામાં નાંખે છે અને આ લાડલા સપૂતોની સામે મોત હારી ગયું ખુમારી જીતી ગઇ. માનનીય અધ્યક્ષશ્રી, દેશભક્તિ ક્યારેય હારતી નથી, શહીદોના ક્યારેય મોત થતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું સો-સો સલામ કરું છું આ શહીદ દિને અને આ દેશમાં જીવિત આપણે જે લોકશાહી ભોગવી રહ્યા છીએ એ અનેકોનેક નામી અનામી શહીદોને લીધે આપણે ભોગવી રહ્યા છીએ અને એ કારણે લોકસેવાની અંદર ક્યાંક આપણે કમી ન કરીએ એ ભાવના સાથે હું વીરમું છું અને શ્રદ્ધાંજલિ વ્યક્ત કરું છું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા  (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સંસદીય મંત્રીશ્રી અને ખૂબ જ તજજ્ઞ ઇતિહાસનું પૂરેપૂરું પઠન કરી લે એવા શ્રી રાજેન્દ્રભાઇ આજે ૨૩ માર્ચ ભારતની આઝાદીના દિવસને ગૌરવવંતો બનાવવા માટે આપણા હાઉસમાં પ્રસ્તાવ લઇને આવ્યા એને હું સમર્થન કરું છું. શહીદ વીરોને મારી પાર્ટી મારો કોંગ્રેસ પક્ષ સલામ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની આઝાદીમાં શહીદ ભગતસિંહ, રાજગુરુ, સુખદેવ જેવા અનેક નામી અનામી વીરોએ શહીદી વ્હોરી છે અને એ શહીદી આપણા ભારત દેશનો ઇતિહાસ જાણે છે અને એ શહીદી આપણા સૈનિકોએ પણ એળે જવા દીધી નથી. માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ જ્યારે બ્રિટીશરોના અંડરમાં હતો, ત્યારે મને યાદ આવે છે મારા સાબરકાંઠાના પાલદળવા

જ્યાં આદિવાસીઓ અંગ્રેજોનો વિરોધ કરતા હતા, ત્યારે અંગ્રેજોએ આદિવાસીઓ પર ગોળીબાર કર્યો. ગોળીઓથી મરવા કરતા પોતાનું જીવન ટૂંકાવી નાંખવા માટે કૂવામાં કૂદી પડ્યા અને ૧,૨૦૦ જેટલા આદિવાસીઓએ આ દેશની આઝાદીમાં ભાગ લીધો એમ કહી શકાય આ ઐતિહાસિક ઘટના છે. માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ આવે છે અમારો જાંબુઘોડાનો જોરીયો નાયક અને આ જોરીયો નાયક અંગ્રેજોને હંફાવતો. વર્ષ ૧૮૫૮માં અંગ્રેજો ઉપર તેમનું જે જાંબુઘોડામાં થાણું હતું તેના ઉપર આદિવાસી સેના બનાવીને હુમલો કર્યો અને હુમલો કર્યા પછી આદિવાસીઓ પાસે તીર-કામઠું જ હતું બીજા કોઇ હથિયારો નહોતા અને આ જોરીયો નાયક અંગ્રેજોને હંફાવતો અને અંગ્રેજ સૈનિકોએ વર્ષ ૧૮૬૮માં ઘેરો ઘાલીને તેમને રૂપસિંહ નાયક, ભઇજી નાયક અને તેનો રાજા હતો ગલીયા નાયક. ગલીયા નાયક તો મરી ગયો હતો પણ તેની પાસેથી ભારતને આઝાદી આપવા માટેની જે પ્રેરણા લીધેલી અને તે દિવસે વર્ષ ૧૮૬૮ની ૧૬મી એપ્રિલે, ફાંસી આપવામાં આવી તેમાં પાંચ આદિવાસીઓ શહિદ થયા તેની સાથે સાથે રાજસ્થાન અને ગુજરાતની સરહદે આવેલુ માનગઢ. આ માનગઢના હિચકારા હુમલાને કેમ ભૂલી જવાય ? ગોવિંદ ગુરૂ, આપણી સરકારે તેમના માનમાં ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ચાલુ કરી છે. આનંદ થાય કે અમારા આદિવાસીઓના ગુરૂને તેમના નામની યુનિવર્સિટી કરી છે અને ત્યાં જે આદિવાસીઓ પૂર્ણિમાને દિવસે ભેગા થયા હતા અને એ આદિવાસીઓમાં જાગૃતિ લાવવાનું કામ કરતા હતા, ભકિતનો ભાવ રેડતા હતાં અને ત્યાં તા. ૧૭મી નવેમ્બર, ૧૯૧૩ના પુનમના દિવસે ભેગા થયા હતા, ત્યારે અંગ્રેજોને ખબર પડી કે અહીંયા હજારોની સંખ્યામાં આદિવાસીઓ ભેગા થવાના છે અને તે દિવસે અંગ્રેજોએ આ ડુંગર ઉપર ઘેરો ઘાલીને અંધાધૂંધ ગોળીબાર કરીને ૧,૬૦૦ જેટલા આદિવાસીઓને શહિદ કર્યા તેમને યાદ કરું છું અને તેમને નમન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ જે બિના બની છે તેને પણ આપણે યાદ કરીએ અને સાથે સાથે બ્રિટિશ શલ્તનતની પાસેથી આઝાદી મેળવવા નામી અનામી જે શહીદ થયા છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, તે શહીદોની યાદમાં માનનીય સંસદીય મંત્રીશ્રી જે પ્રસ્તાવ લાવ્યા છે તેને અનુમોદન આપુ છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(વટવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી જે પ્રસ્તાવ લાવ્યા છે તેને વિપક્ષના નેતાએ સમર્થન આપ્યું છે તેમાં હું પણ સમર્થન આપી મારી વાતની શરૂઆત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય મંત્રીશ્રીએ કહ્યું તેમ કે પંજાબના એક લ્યાલપુર બંગા ગામમાં જન્મેલો નાનો છ વર્ષનો બાળક જયારે તેના પિતા ઘઉંની ખેતી કરતા હતા ત્યારે તેણે સ્વભાવિક પ્રશ્ન પૂછયો કે, તમે એક દાણો વાવો છો તો કેટલા દાણા નીકળે ? તેણે કહ્યું કે હું એક દાણો વાવું છું તો તેમાંથી હજારો દાણા નીકળે. તેના મનમાં તે વખતથી આપણો દેશ જે ગુલામ હતો તે ગુલામીના કારણે જે તેની વ્યથા હતી તે વ્યથાની વ્યવસ્થા કરવી જોઇએ એવો ભાવ છ વર્ષના બાળકની અંદર જન્મેલો તેના કારણે તે પોતાના ઘરેથી રિવોલ્વોર લઇ અને તેણે ખેતી કરવા અંદર રોપી કે આજે હું એક રિવોલ્વોર રોપું તો મને હજારો રિવોલ્વોર મળે તો હું આવતીકાલે ભારત માતાને ગુલામીની જંજીરોમાંથી મુકત કરી શકું એવા ભાવ સાથે જન્મેલો એ ભગતસિંહ જયારે મોટાં થયા. અને એમણે જોયું કે વર્ષોથી વિદેશી આક્રાંતાઓ એક યા બીજી રીતે ભારતમાતાનું શોષણ કરે છે. ભારત માતાને ગુલામીમાં રાખે છે. એની સામેનો એમનો ભાવ એમણે એક યા બીજી રીતે વ્યક્ત કર્યો છે. બ્રિટીશ સિપાહી દ્વારા લાલા લજપતરાય ઉપર લાઠીચાર્જના જવાબમાં બ્રિટીશ પોલીસ અધિકારીને ઠાર કરવામાં આવ્યા. સેન્ટ્રલ લેજિસ્લેટીવ એસેમ્બલી ઉપર ૮ એપ્રિલે ઇન્કલાબ જિંદાબાદના નારા સાથે હુમલો કરવામાં આવ્યો, ત્યારે વીર ભગતસિંહ, શિવરામ રાજગુરુ અને સુખદેવ એ ત્રણેયની ધરપકડ કરી તેમને તા. ૨૩ માર્ચ, ૧૯૩૧ના રોજ ફાંસી આપવામાં આવી. કેટલાંય નરબંકાઓએ દેશની આઝાદી માટે પોતાના અંગત સ્વાર્થ, અંગત સ્વપ્નાઓને બાજુ પર મૂકીને કોઇએ પોતાનું તન આપ્યું, કોઇએ પોતાનું મન આપ્યું અને કોઇએ પોતાનું ધન આપ્યું. અનેક નામી, અનામી શહીદોએ શહાદત વહોરીને ભારતમાતાને ગુલામીની જંજીરોમાંથી મુક્ત કર્યા. ક્રાંતિવીરોની ગંગા અને શાંતિવીરોની જમનાના કારણે આપણને આઝાદી મળી. જે દેશ, જે સમાજ પોતાનો ઇતિહાસ ભૂલી જાય છે એની ભૂગોળ બદલાઇ જાય છે. આ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ૭૫મા વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવ કરીને આવા અનેક નામી - અનામી શહીદોને યાદ કરવાનો પ્રસંગ આપણને આપ્યો છે ત્યારે આજે શહીદ દિવસ નિમિત્તે આપણે એમને શ્રદ્ધાંજલિ આપીએ છીએ. તેઓને તા. ૨૪મી માર્ચના રોજ ફાંસી આપવાની હતી પણ બ્રિટીશ સલ્તનતના પાયા હચમચી ગયા હતા. તા. ૨૩મી માર્ચના રોજ આ ત્રણેય ક્રાંતિવીરોને ફાંસી આપી અને એમની બોડીને સતલજ નદીના કાંઠે ગાઢ અંધકારમાં એક લશ્કરી ટ્રકમાં લઇ ગયા અને ત્યાં એમને અગ્નિદાહ આપવામાં આવ્યો. એ એટલા માટે આપવામાં આવ્યો કે જો ૨૪ મી માર્ચે ફાંસી આપતા તો આખા દેશના લોકો ભારતને આઝાદી અપાવવા માટે રાષ્ટ્રભક્તિ ચેતનાનું આંદોલન કરતા. આની સાથે જોડાયેલા મંગલ પાંડે, વાસુદેવ ફડકે, રાણી લક્ષ્મીબાઇ, મદનલાલ ઢીંગરા, ખુદીરામ બોઝ, શ્યામજીકૃષ્ણ વર્મા, સરદારસિંહ રાણા, મેડમ કામા, ચાફેકર બંધુ, ચંદ્રશેખર આઝાદ, અસ્ફાકઉલ્લા ખાન, રામપ્રસાદ બિસ્મીલ, ઉધમસિંઘથી લઇ મહાત્મા ગાંધી સુધી આઝાદીની લડતમાં જે લોકોએ વરમાળા પહેરવાની ઉંમરે ફાંસીનો માંચડો પહેરીને ભારત માતાનો ખોળો સમજીને પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે એના કારણે આજે આપણને આ મહામૂલી આઝાદી મળી છે. લતા મંગેશકરજીનું ગીત છે કે ''જો શહીદ હુએ હૈ ઉનકી જરા યાદ કરો કુરબાની, એ મેરે વતન કે લોગો જરા આંખ મે ભર લો પાની.'' આ શહીદો એ એક સારી વ્યવસ્થા ઊભી થાય અને ગુલામીની જંજીરોમાંથી આ દેશ મુક્ત થાય એ માટે પોતાનું બલિદાન આપ્યું. ' કર ચલે હમ ફિદા જાનો તન સાથિયો અબ તુમ્હારે હવાલે વતન સાથિયો.' આવા લોકોને યાદ કરીને ૨૩ માર્ચની શહીદ દિવસ તરીકે ઉજવણી કરીએ છીએ ત્યારે આપણા ગુજરાતમાં પણ રવિન્દ્રનાથ ટાગોરજી હોય.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી હોય કે હમણાં માનનીય સુખરામભાઈએ પાલ દઢવાવનો જે ઉલ્લેખ કર્યો છે એ બધા જ લોકોને આજે યાદ કરીએ છીએ અને છેલ્લે એટલું જ કહીશ કે એ શહીદોની શહાદતને આ મહામૂલી મળેલી આઝાદીના જતન માટે એમનો જે વિચાર હતો

હમ લાયે હૈ તૂફા સે કસ્તી નિકાલ કે, ઈસ દેશ કો રખના મેરે બચ્ચો સંભાલ કે

એમનુ હું નમન અને વંદન કરું છું.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે તા. ૨૩મી માર્ચના રોજ સમગ્ર દેશના લોકો શહીદ દિન તરીકે શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. માનનીય મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં હું મારી શ્રદ્ધાંજલિનો સૂર પૂરાવું છું. વર્ષ ૧૯૦૭માં જન્મેલા ભગતસિંહ અને એ જ અરસામાં જન્મેલા રાજગુરુ અને સુખદેવ. ૨૨ થી ૨૩ વર્ષની લગ્નની ઉંમરે દેશ માટે બલિદાન આપવાની ભાવના! કેવા ક્રાંતિના બીજ એમના જીવનમાં રોપાયા હશે! એવા ક્રાંતિવીરો, એવા શહીદવીરોને આજે શહીદ દિને નત મસ્તકે સો-સો સલામ કરું છું અને શ્રદ્ધાંજલિ આપું છું. માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે ૧૩મી એપ્રિલ, ૧૯૧૯ ના રોજ આ દેશમાં આઝાદીની ચળવળ વખતે જલિયાંવાલા બાગમાં એક હત્યાકાંડ થયો. રૉલેટ એક્ટ-અંગ્રેજોના કાળા કાયદાનો સામનો કરવા માટે હજારો ખેડૂતો જલિયાંવાલા બાગમાં એકત્રિત થયા હતાં. તે જ દિવસે જનરલ ડાયરે એક હજાર કરતાં વધુ ખેડૂતોને ગોળીએથી વીંધ્યા અને શહાદત વહોરી. ત્યારે ૧૨ વર્ષની કુમળી ઉંમરે ૨૦ કિ.મી. જેટલું અંતર પગપાળા ચાલીને આ વીર ભગતસિંહ જલિયાંવાલા બાગ પર પહોંચ્યા. આ દેશની મુઠ્ઠીભર માટી લઈને તેમણે પ્રતિજ્ઞા કરી હતી કે ''આ અંગ્રેજોને હું ન હટાવું ત્યાં સુધી જંપીશ નહિ.'' તા.૦૧/૦૮/૧૯૨૦ના રોજ મહાત્મા ગાંધી આ દેશમાં પ્રવેશી ચૂક્યા હતા. ''આફ્રિકામાં જેમ મને રેલવેના ડબ્બામાંથી અંગ્રેજોએ પ્લેટફોર્મ પર ફેંકી દીધો છે તેમ અંગ્રેજ સલ્તનતને ભારતમાંથી ફેંકી ન દઉં તો મારું નામ મહાત્મા ગાંધી નહિ.'' એવી પ્રતિજ્ઞા લઈને તેમણે અહીંયા અસહકારનું આંદોલન ચાલુ કર્યું હતું. આ અસહકારના આંદોલનમાં અંગ્રેજોના કપડાની હોળી કરવી, તેમની ચીજવસ્તુઓનો બહિષ્કાર કરવો, અંગ્રજોને અસહકાર આપવો, અંગ્રેજોની સરકારમાં જે લોકો ગુલામી કરતા હોય, નોકરી કરતા હોય તેમણે છોડી દેવી, આ રીતે અસહકારનું આંદોલન ચાલ્યું. આ આંદોલનમાં નાની ઉંમરે વીર ભગતસિંહ અને એમના ક્રાંતિવીરો જોડાયા હતા. તા.૦૯/૦૮/૧૯૨૫ - આ તારીખો એટલા માટે યાદ રાખવી છે કે આપણા દેશના યુવાનોએ, ક્રાંતિવીરોએ દેશની આઝાદીમાં પોતાના દેહનું બલિદાન આપતાં પહેલા કેવી કેવી યાતનાઓ ભોગવી છે. તા.૦૯/૦૮/૧૯૨૫ના રોજ કાકોરી કાંડ થયો. આ કાંડમાં આપણા દેશના યુવા ક્રાંતિવીરોએ અંગ્રેજોના શસ્ત્રાગારમાંથી શસ્ત્રો લૂંટ્યા. તેમાં ૧૪ આરોપીઓને કેદની સજા ફરમાવવામાં આવી. તેમાંથી આપણા ચાર ક્રાંતિવીરોને ફાંસીએ લટકાવવામાં આવ્યા અને દસને આજીવન કેદ કરવામાં આવી હતી. આ જે કંઈ બન્યું તેમાં અંગ્રેજોની ગુલામીમાં આ દેશના યુવાનો અને આ દેશની પ્રજા જે યાતનાઓ ભોગવતી હતી તે વખતે ભગતસિંહ, સુખરામ, રાજગુરુ અને ચંદ્રશેખર આઝાદ, મંગલપાંડે અને આવા ક્રાંતિવીરોના મગજમાં અંગ્રેજ સલ્તનતને ઉખાડી ફેંકવાના બીજ રોપાયા હતા. જેમ આપણા દેશની આઝાદી માટે લડતી મહાત્મા ગાંધીજી, શ્રી જવાહરલાલ નહેરુ અને શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ત્રિપુટી હતી, એમ બીજી એક શ્રી લાલા લજપતરાય, શ્રી બાળ ગંગાધર તિલક અને શ્રી બિપીનચંદ્ર પાલની ત્રિપુટી હતી. આ લાલ, બાલ અને પાલની ત્રિપુટીએ સમગ્ર દેશના યુવાનોને ક્રાંતિવીરો તરીકે ભારતની આઝાદી માટે લડવા તૈયાર કરતી હતી. શ્રી લાલા લજપતરાય ઉપર તારીખ ૩૦-૧૦-૧૯૨૮ના રોજ લાઠીચાર્જ થયો. અંગ્રેજોએ બેરહેમીથી લાઠીઓનો માર માર્યો. શ્રી લાલા લજપતરાય બેશુદ્ધ થઈને પડ્યા હતા. એ પછી તારીખ ૧૭-૧૧-૧૯૨૮ના રોજ મૃત્યુ પામ્યા. ત્યારે એ ક્રાંતિવીરોની અંગ્રેજો સામે બદલો લેવાની આગના કારણે વીર ભગત સિંહે જહોન સેન્ડરસનની ગોળી મારી હત્યા કરી. ક્રાંતિકારીઓએ તારીખ ૦૮-૦૪-૧૯૨૯ના રોજ સેન્ટ્રલ એસેમ્બલી ઉપર બહુ બુદ્ધિપૂર્વક બોમ્બ ફેંકીને અંગ્રેજોની શાન ઠેકાણે લાવવાનું કામ કર્યું. એમની ધરપકડ થઈ ત્યારે ૧૧૬ દિવસનો એમની ઉપર એટલો જુલમ ગુજારવામાં આવ્યો કે બરફની પાટ ઉપર વીર ભગતસિંહ અને ક્રાંતિવીરોને સુવાડીને તેમની ઉપર લાઠીચાર્જ કરીને ત્રાસ ગુજારવામાં આવતો હતો. પરંતુ એમણે ૧૧૬ દિવસના ઉપવાસ કરેલા. ભારત માતા કી જય, વંદે માતરમ્ , ઈન્કલાબ ઝિંદાબાદના સૂત્રો પોકારી પોકારીને અંગ્રેજોને નાસીપાસ કરી તેમને આઝાદી તરફ પ્રેર્યા હતા. તારીખ ૦૭-૧૦-૧૯૩૦ના ના રોજ આ ત્રણે ક્રાંતિવીરોને, ભારત માતાના સપૂતોને, ૨૩ વર્ષની ઉંમરની આસપાસના આપણા આ યુવાન વીરોને ફાંસીની સજા ફરમાવવામાં આવી. ત્યારે અંગ્રેજને પત્ર લખેલો કે, અમને ત્રણે વીરોને ફાંસીના ફંદા ઉપર લટકાવવાને બદલે ગોળીઓથી વીંધીને શહાદત આપજો. જેથી અમારા દેશની પ્રજા, અમારા દેશના યુવાન લોકો અંગ્રેજોની સામે શહાદત વ્હોરીને પણ આઝાદી લઈને ઝંપે, એવો સંદેશ જાય. જયારે લગ્નની ઉંમર હોય, મનોરંજન અને ફરવાની ઉંમર હોય ત્યારે દેશની આઝાદી માટે પોતાના દેહના બલિદાનો આપ્યા છે એવા વીર ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂને હું નત મસ્તકે શ્રધ્ધાંજલિ આપું છું. જય હિન્દ, જય ભારત, ભારત માતા કી જય.

શ્રી કુબેરભાઈ ડીંડોર ( રાજ્યકક્ષાના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, વૈધાનિક સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે શહીદ દિન નિમિત્તે આપણા સંસદીય મંત્રીશ્રી શ્રદ્ધાંજલિ પ્રસ્તાવ લઈને આવ્યા છે ત્યારે હું પણ મારા શ્રદ્ધા સુમન અર્પણ કરૂ છું.

માનનીય અધ્યક્ષશ્રી : આપણા ભારતીય ઈતિહાસમાં ૨૩મી માર્ચનો દિવસ એટલે બલિદાન અને ક્રાંતિની ગાથાનું ઉત્કૃષ્ટ દ્રષ્ટાંત દર્શાવતો દિવસ. આ દિવસે જ ભારત માતાના લાડકવાયા સરદાર ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવને ફાંસી આપવામાં આવી હતી. હસતા મુખે ફાંસી પર ચઢી જનાર આ ક્રાંતિવીરોને સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેવા બદલ તેમજ અંગ્રેજ અધિકારીની હત્યા કરવા બદલ આ ફાંસી આપવામાં આવેલી. આ સમયે વીર ભગતસિંહે અંગ્રેજ અધિકારીઓ અને ન્યાયાધીશોને કહેલ કે, આપ

ભાગ્યશાળી છો કે, આપને ભારતમાતાના ચરણે પોતાના પ્રાણોની આહુતિ આપનાર બલિદાનીઓના બલિદાનના દર્શનની તક મળી છે. એમની આ શહાદતને બિરદાવતાં આપણા સન્માનનીય રાષ્ટ્રીય કવિ શ્રી રામ દયાલસિંહ દીનકર કહે છે કે,

સબ હે વિપત્તિ જબ આતી હૈ, કાયર કો હી દહલાતી હૈ,
સૂરમા નહીં વિચલીત હોતે, ક્ષણ એક નહીં ધીરજ ખોતે,
વિધ્નો કો ગલે લગાતે હે, કાંટો મે રાહ બનાતે હે.

સાથે સાથે વીર ભગતસિંહના ઉદઘોષમાં ભારતીય સ્વાભિમાન, સાહસ અને સમર્પણનો રંગ છલકાય છે. માત્ર ૨૪ વર્ષની ઉંમરે કસુંબલ રંગથી રંગાનાર આ વીરો, 'મેરા રંગ દે બસંતી ચોલા' ગાઇને પ્રાણ સમર્પિત કરનાર આ ક્રાંતિવીરો આપણા બધાના સાચા આદર્શ છે. આપણી આઝાદી માટે અનેક વીરોએ બલિદાનો આપ્યા છે. બલિદાનોની શ્રેણીને અંતે આપણને આ મહામૂલી આઝાદી મળી છે. આજે આ આઝાદીને ૭૫ વર્ષ થયાં છે. આ ૭૫ વર્ષે આપણે બધા આઝાદી કા અમૃત મહોત્સવ મનાવી રહ્યા છે. આપણા દેશના સન્માનનીય વડાપ્રધાનશ્રીએ આપણને આ મોકો આપ્યો છે. આપણા વતનના આ વિસરાયેલા વીરોની પણ મારે વાત કરવી છે કે આપણા અસંખ્યા બલિદાનોની શ્રૃંખલામાં ભારતના વનવાસી, આદિવાસી બંધુઓએ પણ દેશની આઝાદી માટે પોતાનું અમૂલ્ય પ્રદાન આપ્યું છે. ભારતના અન્ય વિસ્તારોની જેમ વનવાસી વિસ્તારોમાં પણ વર્ષ ૧૮૫૭ થી લઇને ૧૯૪૭ સુધી સ્વતંત્રતા પ્રાપ્તીનો શંખનાદ જે ફૂંકાયો હતો એમાં આપણા દેશમાં આઝાદી અપાવવા માટે આદિવાસી સમાજે પોતાની વીરતા, પરાક્રમ, શૌર્ય, અસ્મિતાથી વિદેશી હુકુમતને ઘૂંટણે લાવવાનું કામ પણ કર્યું છે. અને તેના ભાગ રૂપે ઝારખંડના ભગવાન બિરસા મૂંડાને આજે હું યાદ કરું છું કે એમણે વર્ષ ૧૮૭૫માં એમનો જન્મ થયો પણ ૧૯૦૦ ની વચ્ચે ૨૫ વર્ષની નાની ઉમરે એમણે અંગ્રેજોની સામે બાથ ભીડી અને જે ખૂંટી થનાર ઉપર ૪૦૦ જેટલા આદિવાસી સુરમાઓ લઇને એમણે આક્રમણ કર્યું અને અંગ્રેજોને હંફાવીને અંગ્રેજોનો પરાજયો કર્યો હતો. અને એમણે પડકાર ફેંકયો હતો તે સમયે બિરસા મૂંડાએ કહ્યું કે જય જોહાર કા નારા હૈ, ભારત દેશ હમારા હૈ, એ સૂત્ર એમણે આપીને આદિવાસી સમાજમાં રાષ્ટ્ર પ્રેમ જગાવડવાનું કામ કર્યું હતું. સાથે સાથે મૂર્મૂ ભાઇઓએ સંથાલ આંદોલનનું નેતૃત્વ કર્યું, ઓડિસામાં ચક્રા બિશ્નોઇએ જંગ છેડી તો લક્ષ્મણ નાયકે ગાંધીવાદી રીતે ચેતના પ્રસરાવી, આંધ્રપ્રદેશમાં મણ્યમ વિરુડુ એટલે જંગલોના હિરો અલુરી સીરારામ રાજૂએ રમ્પા આંદોલનનું રણશીંગુ ફૂંકયું હતું, પાસલ્થા ખુન્ગ્ચેરાએ મીઝોરમના પર્વતોમાં અંગ્રેજો સામે બાથ ભીડી હતી. એવી જ રીતે ગોમધર કૌંવર, લસીત, બોરફુકન અને સીરત સિંગ જેવા આસામ અને પૂર્વોત્તરના અનેક સ્વાધિનતા સેનાની હતા જેમણે દેશની આઝાદીમાં યોગદાન આપ્યું હતું. સાથે સાથે આપણા વતનના વિસરાયેલા વીરોની વાત આપણા ગુજરાતના જાંબુઘોડાના રૂપસિંગ નાયકા હોય, સાથે સાથે આપણા માનગઢની ધરતી પર જે અંગ્રેજો સામે બાથ ભીડીને ગોવિંદ ગુરુના નેતૃત્વમાં માનગઢ, રાજસ્થાન અને ગુજરાતની ત્રીભેટે જયારે આદિવાસી સમાજને જાગૃત કરીને સાચા અર્થમાં દેશપ્રેમ અને રાષ્ટ્ર પ્રેમ જગાવવાનું કામ સન્માનનીય ગોવિંદ ગુરુના નેતૃત્વમાં થયું હતું અને એમણે સમસભાના માધ્યમથી અને ભક્તિ આંદોલનના માધ્યમથી આદિવાસી સમાજને એક સૂત્ર આપ્યું હતું કે ''જીવો તો ગામ માટે અને મરો તો દેશ માટે'' આ સૂત્ર આપીને એમણે આદિવાસી સમાજને જાગૃત કરીને અંગ્રેજો સામે બાથ ભીડી અને તા. ૧૭ નવેમ્બર ૧૯૧૩ના દિવસે એ માનગઢની ધરતી ઉપર જયારે અંગ્રેજોએ આદિવાસી સમાજ પર આક્રમણ કર્યું અને નીહથ્થા જે આદિવાસી સમાજના સૂરમાઓ હતા, એમની પાસે કોઇ હથિયાર નહોતા, સાથે સાથે સનાતન હિન્દુ સંસ્કૃતિ માટે પણ તેઓ કામ કરતા હતા અને ૧૫૦૭ જેટલા આદિવાસી સૂરમાઓ શહિદ થયા, પાલ દઢવાલ જેની આપણે વાત કરીએ છીએ ત્યાં પણ ૭ માર્ચ ૧૯૨૨માં જે ઘટના બની તેને આજે સો વર્ષ પૂરા થયા આપણી ગુજરાત સરકારે પણ ૨૬મી જાન્યુઆરીએ આપણા દેશના લાલ કિલ્લા ઉપર આપણો ટેબલો રજૂ કરીને આપણી આદિવાસી ક્રાંતિવિરોની ગાથાને ત્યાં મૂકવાનું કામ કર્યું છે. સાથે સાથે આપણી આઝાદીને આજે ૭૫ વર્ષ થયા છે. આઝાદીના ૭૫ વર્ષનું પર્વ એટલે આઝાદીનો અમૃત મહોત્સવ, આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૧૨ માર્ચ ૨૦૨૧ના રોજ સાબરમતી આશ્રમ ખાતે ૧૫ ઓગષ્ટ ૨૦૨૧ થી ૧૫ ઓગષ્ટ ૨૦૨૩ સુધી આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવવાની જે ઘોષણા કરી છે આઝાદીનો આ અમૃત પર્વ એક પર્વ બનવું જોઇએ જેમાં આઝાદીના સંગ્રામની ભાવના અને તેમાં તેના ત્યાગનો સાક્ષાત અનુભવ થઇ શકે, એમાં દેશના શહિદોને શ્રદ્ધાંજલિ પણ હોય અને તેમના સ્વપ્નનું ભારત બનાવવાનો સંકલ્પ આપણે બધા સાથે કરીએ, તેમાં સનાતન ભારતના ગૌરવની ઝલક પણ હોય અને તેમાં આધૂનિક ભારતની ઝલક પણ હોય, એમાં આપણા મનિષીઓના આધ્યાત્મનો પ્રકાશ પણ હોય અને આપણા વૈજ્ઞાનિકોની પ્રતિભા અને સામર્થ્યનું દર્શન પણ હોય, આ અવસર આપણી ૭૫ વર્ષની સિદ્ધિઓને દુનિયાની સામે રાખવાનો તથા હવે પછીના ૨૫ વર્ષ માટે આપણે સાથે મળીને આવનારા સો વર્ષની શતાબ્દી મનાવીશું ત્યારે આપણે કયાં હોઇશું ? દુનિયામાં આપણું સ્થાન કયાં હશે, ભારતને આપણે કયાં લઇ જઇશું તે વિચારવાનો પણ સમય છે. આઝાદી માટે વિતાવેલા પંચોતર વર્ષ અને આઝાદીની જંગ આપણને પ્રેરણા પૂરી પાડશે. સાથે સાથે હું આપના માધ્યમથી આપણા ગુજરાતના પ્રજાજનો અને આ ગૃહના સન્માનનીય સભ્યો તરફથી આ શહિદ વિરોને આપણે હૃદય પૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પીએ અને દેશના આ વીર સપૂતોના બલિદાનને બિરદાવીએ અને એમને હું પણ આજે શ્રદ્ધા સુમન અર્પણ કરી બે પંક્તિથી મારી વાત પૂરી કરું છું. મરે છે માનવીપણ માનવીનું નામ જીવે છે. મરે છે માનવી પણ માનવીનું નામ જીવે છે, મળે છે જે માટીમાં પણ માનવીનું કામ જીવે છે. આ શહિદ વિરો એમના કામ અને નામ થી હજુ જીવે જ છે. એમાંથી પ્રેરણા લઇને આપણે આગળ વધીએ.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સન્માનનીય સભાગૃહ સમક્ષ સંસદીય બાબતોના મંત્રીશ્રી આ દેશના ત્રણ મહા માનવોની સ્મૃતિને યાદ કરીને શહીદ દિન નિમિત્તે જે પ્રસ્તાવ લઇને આવ્યા છે અને એમાં અમારા વિરોધપક્ષના નેતા શ્રી સુખરામભાઇ રાઠવાએ ટેકો આપ્યો છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

મા ભારતી, મા ભારત ભોમ રામાયણ અને ગીતાની સંસ્કૃતિને અવારનવાર કોઇને કોઇ દ્વારા ગુલામ બનાવવાની પેરવી થઇ છતાં આજે મા ભારતી સમગ્ર વિશ્વમાં સ્વમાનભેર ઉભી છે. એના પાયામાં આ ત્રણ મહાનુભાવો સહિત કેટલાય લોકોના બલિદાન એના પાયામાં છે. આજના ગોઝારા દિવસે દેશે આ ત્રણ ક્રાંતિકારી દીકરાઓ ગુમાવવા પડ્યા છે એ મહાન ક્રાંતિકારી વીર ભગતસિંહ,શિવરામ રાજગુરૂ અને સુખદેવ જેવા હિંમતવાન યુવાનો ખુમારીથી ફાંસીના માચડે મહોબત કરીને આખા દેશમાં આઝાદીની ભૂખની આગ લગાવવાનું કામ કર્યું છે. ૨૩મી માર્ચનો દિવસ એ સમગ્ર દેશની નવી પેઢી એના હ્દયમાં બલિદાનને કોતરી રાખે એના માટે થઇને આ સભાગૃહે સર્વાનુમતે આ સંકલ્પને પસાર કરવાનો સંકલ્પ કરવો જોઇએ.

માનનીય પ્રદિપસિંહજી, માનનીય ડો. સી.જે. ચાવડા, માનનીય મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી અને માનનીય મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોરે ખૂબ વાતો કરી છે. અંગ્રેજકાળની ગુલામી જે લોકો વિદેશથી આ દેશમાં વેપાર કરવા આવ્યા હતા. વેપાર કરતા કરતા આપણી કેટલીક ઉણપોની વચ્ચે પોતાની સત્તાની ગલીચારીઓને મજબૂત કરતા ગયા એ ૧૫૦ વર્ષની ગુલામી મા ભારતી ભોમના પનોતા પુત્રો મૂળ માલિકો એને ગુલામીનો અહેસાસ થયો. ગુલામીને શીંગડા ન હોય, ગુલામીનો અહેસાસ ગુલામી કોને કહેવાય કે જળ,જંગલ અને જમીનના મૂળ માલિકો એના અધિકારથી વંચિત કરવાનો પ્રયાસ જે તે સમયે થયો. જગતના તાત એવા ખેડૂત જે કણ વાવીને મણ પેદા કરે એ જમીનને ધાવીને ધાન પેદા કરનાર ખેડૂત એની ઉપજ ઉપર આકરા કર વસૂલવાનું પાપ થાય એને ગુલામી કહેવાય. અંગ્રેજોની ગુલામીની જંજીરમાં જકડાયેલી મા ભારતીને આઝાદ કરાવવાનો પાયો વર્ષ ૧૮૫૭ના વિપ્લવથી નખાયો હતો. વર્ષ ૧૮૫૭ થી લઇને વર્ષ ૧૯૪૭ વચ્ચે વિવિધ બનાવો બન્યા એ બનાવોએ આ દેશના લોકોને જાતિ, ભાષા, ધર્મથી ઉપર ઉઠી રાષ્ટ્રવાદના તાતણે બાંધવાનું કામ કર્યું એ, રાષ્ટ્રવાદના તાતણે મા ભારત ભોમને બાંધવા માટે આ દેશના કેટલાય યુવાનોએ એના જીવનું બલિદાન આપ્યું હતું. યાદ કરો એ દિવસ એ આંધળી,બેરી અને મૂંગી અંગ્રેજોની સરકાર એને જગાડવા માટે આ દેશના યુવાનો વીર ભગતસિંહ હોય, સુખરામ હોય,રાજગુરૂ હોય એ વિધાનસભાની અંદર બોમ્બ ધડાકો કરીને એ સરકારને જગાડવાનો પ્રયાસ થયો એ એને ફાંસીના માચડા સુધી લઇ ગયો. એ ભાગી શકતા હતા પરંતુ ભાગ્યા નહિ એણે આ દેશની નવી પેઢીની આઝાદી માટે થઇને પોતાની જાતનું બલિદાન આપ્યું હતું આ બલિદાન વીરોએ આપણને આઝાદી અપાવી છે. એ જ મહા ભોમ ભારતીને કુંખે આઝાદીને બચાવવા માટે પણ ફરીથી મારા અને તમારા ઘરે વીર શહીદ ભગતસિંહ પેદા થાય, રાજગુરૂ પેદા થાય કે સુખરામ પેદા થાય તેવી પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરીએ અને આપણે સૌ સાથે મળીને આ ત્રણેય શહીદવીરોએ હિંમત દાખવી હતી. જે ખુમારી દાખવી હતી, જે સ્વાભિમાનના રક્ષણ કાજે શહીદી વહોરી હતી એ જ દેશદાઝનો ફરી પાછો આખા રાજ્યમાં ઘરે ઘરે દીવો પ્રગટે એવી પ્રાર્થના કરીએ. આ ત્રણ શહીદવીરોએ આઝાદી માટે બલિદાન આપ્યા અને હવે આપણે સૌ સાથે મળી આ આઝાદીને ટકાવવા માટે સ્વાર્થથી ઉપર ઉઠીને રાષ્ટ્રવાદની જ્યોતને જલાવવાનો સંકલ્પ કરીએ એ જ પ્રાર્થના સાથે આ મહામાનવોને વંદન કરું છું અને માનનીય સંસદીય મંત્રીશ્રી જે પ્રસ્તાવ લાવ્યા છે તેને અમારા નેતા વિપક્ષે ટેકો આપ્યો છે તેમાં મારો સૂર પૂરાવું છું.

અધ્યક્ષશ્રી : સંસદીય બાબતોના માનનીય મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી ભારતના વીર સપૂતોને શ્રદ્ધાંજલિ આપવાનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. વીર શહીદોના આત્માઓને હૃદયપૂર્વક નમન કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. આજે તા. ૨૩મી માર્ચ, શહીદવીર ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવજીના સાહસ, વીરતા અને બલિદાનનો દિવસ છે. 'ઇન્કિલાબ ઝિંદાબાદ' ના નારા સાથે ભારતને થતાં અન્યાય અને અંગ્રેજ શાસનથી મુક્તિ માટે અંગ્રેજ શાસન સામે ઝઝૂમ્યા હતા. માર્ચ-૧૯૩૧માં ૨૩ વર્ષની નાની વયે તેમને ફાંસી આપવામાં આવી હતી. આવા વીર શહીદોને આજે આ સભાગૃહમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. નાની વયમાં આઝાદીના દીવાના ત્રણેય યુવાનો પોતાના દેશ માટે કુરબાન થઇ ગયા. આજે પણ એ ત્રણેય યુવા પેઢીના આદર્શ છે. શહીદેઆઝમ ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ આ ત્રણેયની શહાદતને સમગ્ર સંસાર સન્માનની નજરે જુએ છે અને ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ઇતિહાસમાં આ એક મહત્વની ઘટના છે. ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવજીને આજે આઝાદીના જોશીલા દીવાનાના રૂપમાં ઓળખવામાં આવે છે, પણ ખૂબ ઓછાં લોકો જાણે છે કે જેલમાં લાંબા સમય સુધી રહેતાં તેમણે અનેક વિષયો પર અભ્યાસ કર્યો, અનેક લેખો લખ્યા અને તેમના મૃત્યુ પછી તેમના અનેક લેખ પ્રકાશિત કરવામાં આવ્યા. જેના દ્વારા તેઓ સમાજમાં ક્રાંતિ લાવવા માગતા હતા. જ્યારે સૈનિક શહીદ થાય છે ત્યારે માત્ર એક પરિવાર જ નહીં પણ સમગ્ર દેશ રડે છે અને એ જ રીતે આપણાં દેશમાં એવા કેટલાય ક્રાંતિકારીઓ થઇ ગયા. ધન્ય છે એ માતા-પિતા જેમણે આવા બહાદુર પુત્રોને જન્મ આપ્યો. જેણે યુવાનીમાં દેશ માટે બલિદાન આપીને દેશભક્તિનું ઉદાહરણ પૂરું પાડ્યું. આજે જ્યારે આપણે સૌ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યા છીએ ત્યારે આ અમર શહીદોની પૂણ્યસ્મૃતિને વંદન કરીને પોતાના જીવનમાં હંમેશા રાષ્ટ્રને સર્વોપરી રાખવાનો સંકલ્પ લઇએ. દરેક નાગરિક દ્વારા દેશ પ્રત્યે પોતાના કર્તવ્યનું પાલન આ અમૃતકાળમાં આપણું રાષ્ટ્રીય ચરિત્ર બનવું જોઇએ અને એ માટે આ ગૃહના તમામ સભ્યોની ખૂબ મોટી ભૂમિકા રહેલી છે. આપણો વ્યવહાર, આપણાં દ્વારા થતું કર્તવ્યપાલન દેશના પ્રત્યેક નાગરિક માટે પ્રેરણાદાયી રહે એ રીતે આપણે ઉદાહરણરૂપ બનીએ. હું પુનઃ એકવાર આ અમર શહીદોના ચરણોમાં વંદન કરું છું, નમન કરું છું અને સૌ સભ્યશ્રીઓ આપણાં મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓના માનમાં થોડીવાર માટે પોતાના સ્થાન પર ઉભા રહી અને મૌન પાળીએ. ઇશ્વર તેમના આત્માને શાંતિ આપે.

(થોડીવાર મૌન બાદ) ભારત માતા કી જય.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,માર્ગ અને મકાન વિભાગ

**માગણી ક્રમાંક- ૫૧**

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

શ્રી પૂર્ણેશ મોદી ( પ્રવાસન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯૨,૮૪,૬૭,૦૦૦ /-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૪,૪૮,૬૪,૫૫,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૫૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

**માગણી નંબર-૭૪**

**બંદરો અને વાહન વ્યહાર વિભાગ**

શ્રી પૂર્ણેશ મોદી (વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન વ્યવહાર સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭,૮૬,૯૯,૯૩,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૪,૯૩,૭૫,૫૭,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૭૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૭૪ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

**સભાપતિશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને**

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮- રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦- રજૂ કરવામાં આવી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

**માગણી નં. ૮૫**

**માર્ગ અને મકાન વિભાગ**

શ્રી પૂર્ણેશ મોદી (માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાનો સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૧૬,૫૯,૬૩,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૨,૧૧,૧૦,૪૧,૦૦૦/-ની માગણી ક્રમાંક-૮૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૮૫ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.

**માગણી નં. ૮૬**

**માર્ગ અને મકાન વિભાગ**

શ્રી પૂર્ણેશ મોદી ( માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩૩,૭૫,૪૭,૫૨,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૫૨,૫૫,૩૬,૫૨,૦૦૦/-ની માગણી ક્રમાંક-૮૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૮૬ રજૂ કરવામાં આવી.**

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા :માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ.બારીયા :માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૮૭**

**માર્ગ અને મકાન વિભાગ**

શ્રી પૂર્ણેશ મોદી ( માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના પાટનગર બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૮,૮૧,૯૪,૦૦૦ /-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩,૫૪,૩૩,૦૦,૦૦૦/-.ની માગણી ક્રમાંક- ૮૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૮૭ રજૂ કરવામાં આવી.**

ડૉ. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૫૪ રજૂ કરવામાં આવી.

ડૉ. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૫૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૫૫ રજૂ કરવામાં આવી.

ડૉ. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક - ૫૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૫૬ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં. ૫૧** | | |
| ૧. | ૩૪૫૨- પ્રવાસન<br>૦૧- પ્રવાસીઓ...સવલતો<br>૧૯૦-જાહેરક્ષેત્ર...સહાય<br>૦૨-T R S -34 પવિત્ર...અનુદાન<br>રૂ.૩,૦૫,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩,<br>પાના નં. ૭૩ અને ૭૪ | ૧૦૦ | સિધ્ધપુરના માતૃગયા તીર્થ બિંદુ સરોવરમાં સુવિધાઓના અભાવે શ્રધ્ધાળુઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| *૨. | _ _ " _ _ | ૧૦૦ | પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ હેઠળના મંદિરોના પુજારીઓના પગાર વધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઈ દેસાઈ |
| ૩. | _ _ " _ _ | ૧૦૦ | અંબાજી યાત્રાધામ પ્રવાસન સત્તા મંડળની નિયમિત બેઠકો મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| ૪. | ૩૪૫૨-પ્રવાસન<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-પ્રવાસન....કચેરી<br>રૂ. ૨૮,૯૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩,<br>પાના નં. ૭૬ | ૧૦૦ | બીજા રાજ્યોમાં બ્લેક લીસ્ટેડ થયેલ કંપનીઓને રાજયમાં પ્રવાસન વિકાસના કામો આપનાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા<br>( વીરજીભાઈ ઠુમ્મર, વજેસિંગભાઈ પણદા) |
| *૫. | _ _ " _ _ | ૧૦૦ | પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે આવા સ્થળો પર ગાઈડની વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| ૬. | _ _ " _ _ | ૧૦૦ | પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓ પાસેથી પ્રવેશ ટિકીટના નાણા વસૂલવા છતાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| *૭. | _ _ " _ _ | ૧૦૦ | યુનેસ્કો દ્વારા ધોળાવીરાને વર્લ્ડ હેરીટેજ સાઈટ તરીકે જાહેર કરવામાં આવેલ છે પરંતુ પ્રવાસન નિગમ હસ્તકની વર્ષોથી બંધ તોરણ હોટલ સત્વરે ચાલુ કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૮. | ૩૪૫૨-પ્રવાસન<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ | ૧૦૦ | પ્રવાસન સ્થળોએ વર્ષોથી બંધ પ્રવાસન નિગમ હસ્તકની હોટલો ચાલુ કરાવી પ્રવાસીઓ અને સરકાર બંનેને ફાયદો થાય તેવું આયોજન કરવામાં તંત્રની | શ્રી મહેશકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧-પ્રવાસન....કચેરી<br>રૂ. ૨૮,૯૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩,<br>પાના નં. ૭૬ | | નિષ્ફળતા. | |
| ૯. | --"-- | ૧૦૦ | પ્રવાસન નિગમની કામગીરીને સંગીન બનાવી પ્રવાસન ક્ષેત્રે સારી કામગીરી થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| | | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ<br>**માગણી નં. ૭૪** | | |
| ૧૦ | ૨૦૪૧-વાહનો પર કર<br>૧૦૨-મોટર...નિરીક્ષણ<br>૦૧- મોટર...નિરીક્ષણ<br>રૂ.૧,૯૬,૮૧,૨૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાના નં. ૬ અને ૭ | ૧૦૦ | રાજ્યની મોટાભાગની આર.ટી.ઓ. કચેરીઓમાં થતી ગેરરીતિઓ સામે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા (મોહનલાલ વાળા) |
| ૧૧ | --"-- | ૧૦૦ | નવા વાહનો પોલ્યુશનમુક્ત હોવા છતાં પી.યુ.સી. સર્ટીફીકેટ માંગવામાં આવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઈ બારડ |
| ૧૨ | --"-- | ૧૦૦ | મુસાફરોની નિયત સંખ્યા કરતા વધુ મુસાફરો બેસાડતા ખાનગી વાહનચાલકો સામે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઈ સોલંકી |
| ૧૩ | --"-- | ૧૦૦ | ખાનગી લકઝરી બસોમાં વારંવાર આગના બનાવો બનતા હોઈ, આગ સુરક્ષા અંગેના નિયમોનો કડકાઈથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |
| ૧૪ | --"-- | ૧૦૦ | આર.ટી.ઓ કચેરીમાં આર.સી. બુકની તંગી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૧૫ | --"-- | ૧૦૦ | ખાનગી ટ્રાવેલ્સ કંપનીઓને પણ યોગ્ય મળતર પ્રાપ્ત થાય તેવી નીતિઓ ઘડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૧૬ | --"-- | ૧૦૦ | કિલોમીટર પૂરા થઈ ગયા હોય તેવી ખરાબ હાલતની બસોને સ્ક્રેપ પોલીસી અંતર્ગત સત્વરે કન્ડમ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| *૧૭ | --"-- | ૧૦૦ | આર.ટી.ઓ. કચેરીઓમાં એજન્ટો મારફતે કામો કરાવવાની પધ્ધતિ બંધ કરાવી જવાબદારો સામે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઈ પટેલ |
| ૧૮ | ૩૦૫૫-માર્ગ પરિવહન<br>૧૯૦-જાહેરક્ષેત્ર...સહાય<br>રૂ.૪,૭૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦,<br>પાના નં.૧૪ | ૧૦૦ | એસ.ટી. નિગમમાં લાંબા સમયથી જુદા જુદા સંવર્ગોની વ્યાપક ખાલી રહેલ જગ્યાઓ સત્વરે ભરાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| *૧૯ | ૩૦૫૫-માર્ગ પરિવહન<br>૧૯૦-જાહેરક્ષેત્ર...સહાય<br>રૂ.૪,૭૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦,<br>પાના નં.૧૪ | ૧૦૦ | છેલ્લા ૨૦ વર્ષથી અવસાન પામેલા એસ.ટી. કર્મચારીઓના વારસદારોને રહેમરાહે નોકરી કે મળવાપાત્ર આર્થિક સહાયની ચૂકવણી સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૨૦ | --"-- | ૧૦૦ | એસ.ટી.ના ફીક્સ પગારદાર કર્મચારીઓના અવસાનના સંજોગોમાં તેમના સ્વજનોને રોકડ રકમની સહાયના લાભો મળે તેવી નીતિ ઘડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૨૧ | --"-- | ૧૦૦ | રાજ્ય સરકારે ભાડે લીધેલ એસ.ટી. બસોના ભાડા નિગમ દ્વારા લાંબા સમય સુધી વસૂલાતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| *૨૨ | --"-- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પૂરતી બસ સેવાઓના અભાવે વિદ્યાર્થીઓ-આમજનતાને ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| ૨૩ | --"-- | ૧૦૦ | એસ.ટી. કર્મચારીઓને લાંબા સમયથી પડતર રહેલા મળવાપાત્ર ભથ્થાઓ સત્વરે મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દુધાત |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪ | __"__ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોના એસ.ટી. રૂટો અવારનવાર બંધ થવાથી ગ્રામ્યજનોને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| ૨૫ | __"__ | ૧૦૦ | એસ.ટી. બસોમાં ફાસ્ટ ટેગની વ્યવસ્થાના અભાવે લાખો રૂપિયાનું નુકશાન થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| *૨૬ | __"__ | ૧૦૦ | એસ.ટી. ટ્રાફીક કંટ્રોલરના મનસ્વી નિર્ણયથી વારંવાર બદલાતાં બસોના સમયને કારણે આમજનતાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા |
| ૨૭ | __"__ | ૧૦૦ | એસ.ટી. બસોમાં લગાવવામાં આવેલ ટી.વી. સેટો સંપૂર્ણપણે બંધ હાલતમાં છે તે ફરીથી ચાલુ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| માર્ગ અને મકાન વિભાગ<br>**માગણી નં. ૮૫** | | | | |
| ૨૮ | ૪૨૧૬-આવાસન...જોગવાઈ<br>૦૧-સરકારી...મકાનો<br>૧૦૬-સામાન્ય...સમુચ્ચય<br>રૂ. ૧,૯૭,૧૦,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧),<br>પાના નં. ૧૫૫ થી ૧૮૨ | ૧૦૦ | સરકારી રહેણાંકના જર્જરિત મકાનોની સમયસર મરામતની કામગીરી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર<br>(ઇમરાન ખેડાવાલા) |
| ૨૯ | ૪૨૧૬-આવાસન...જોગવાઈ<br>૦૧-સરકારી...મકાનો<br>૧૦૬-સામાન્ય...સમુચ્ચય<br>રૂ. ૧,૯૭,૧૦,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧),<br>પાના નં. ૧૫૫ થી ૧૮૨ | ૧૦૦ | મરામત માટે પુરતા મજૂરો અને માલસામાનના અભાવે મરામતની કામગીરી સમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| માગણી નં. ૮૬ | | | | |
| *૩૦ | ૩૦૫૪-માર્ગ અને પુલ<br>૦૪-જિલ્લા....માર્ગો<br>૩૩૭-માર્ગ કામો<br>રૂ.૧૨,૭૬,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧),<br>પાના નં. ૫૧ થી ૫૫ | ૧૦૦ | રસ્તાઓના નંબરો અપાયા પછી કામ શરૂ કરવા સત્વરે નાણા ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભાવેશભાઈ કટારા |
| *૩૧ | __"__ | ૧૦૦ | જિલ્લાના માર્ગોના બાંધકામમાં થતી વ્યાપક ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૩૨ | __"__ | ૧૦૦ | નવા બનાવેલા માર્ગો થોડા જ સમયમાં તૂટવા લાગે છે આ માટે તપાસ કરાવી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |
| ૩૩ | __"__ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં જ્યાં માર્ગની સુવિધા નથી ત્યાં સત્વરે નવા માર્ગો બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઈ પટેલ |
| ૩૪ | __"__ | ૧૦૦ | જિલ્લામાં નવા બનતા માર્ગોની કામગીરી સંદર્ભમાં જવાબદારી નક્કી કરી નબળા બાંધકામ માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| ૩૫ | __"__ | ૧૦૦ | ભારે વરસાદને કારણે વિખુટા પડતા ગામોમાં પુલ-કોઝવે બનાવી પ્રજાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૩૬ | __"__ | ૧૦૦ | મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત કાચા રસ્તાઓને પાકકા બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા<br>(પુંજાભાઈ વંશ) |
| *૩૭ | ૩૦૫૪-માર્ગ અને પુલ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-નિર્દેશ<br>રૂ.૧૬,૦૩,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧),<br>પાના નં.૫૭ અને ૫૮ | ૧૦૦ | યોગ્ય ડિઝાઈનની ખામીના કારણે માર્ગો બન્યા બાદ ટૂંક સમયમાં તુટવા લાગે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઈ માડમ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૮ | _ _ " _ _ | ૧૦૦ | ધારાસભ્યોએ સૂચવેલા માર્ગ-કામોને સત્વરે પ્રાધાન્ય આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| *૩૯ | _ _ " _ _ | ૧૦૦ | માર્ગના કામોના કોન્ટ્રાકટ લીધા પછી મુખ્ય કોન્ટ્રાક્ટરો દ્વારા પેટા કોન્ટ્રાકટરોને કામ આપી દેવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |
| ૪૦ | _ _ " _ _ | ૧૦૦ | માર્ગ અને પુલોના કામોમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| ૪૧ | ૩૦૫૪-માર્ગ અને પુલ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-નિર્દેશ<br>રૂ.૧૬,૦૩,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧),<br>પાના નં.૫૭ અને ૫૮ | ૧૦૦ | ઉચ્ચ અધિકારીઓ દ્વારા નવા બનતા માર્ગોની ગુણવતાની ચકાસણી નિયમિત રીતે કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૪૨ | _ _ " _ _ | ૧૦૦ | માર્ગોના કામો સમયસર પૂર્ણ ન થતા ખર્ચાઓ વધે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૪૩ | ૫૦૫૪-માર્ગ...જોગવાઈ<br>૦૧-રાષ્ટ્રીય ધોરી માર્ગ<br>૩૩૭-માર્ગ કામો<br>રૂ.૧,૫૮,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧),<br>પાના નં.૨૩૫ અને ૨૩૬ | ૧૦૦ | નેશનલ હાઈવેની જાળવણીના અભાવે ખરાબ બનેલા રસ્તાને કારણે અનેક લોકોના મોત અને ગંભીર ઈજાઓ થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઈ પરમાર |
| *૪૪ | _ _ " _ _ | ૧૦૦ | નેશનલ હાઈવેના રસ્તાની જાળવણી માટે ફાળવેલ રકમ અંતર્ગત ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૪૫ | ૫૦૫૪-માર્ગ...જોગવાઈ<br>૦૩-રાજ્ય ધોરી માર્ગ<br>૧૦૧-પુલો<br>રૂ.૨,૬૩,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧),<br>પાના નં.૨૩૭ થી ૨૩૯ | ૧૦૦ | પુલોના બાંધકામ અંતર્ગત ડાયવર્ઝન અપાય છે ત્યારે કામ કાચું હોવાથી વાહન ચાલકોને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| *૪૬ | _ _ " _ _ | ૧૦૦ | પુલોના કામ નિર્ધારીત સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| ૪૭ | _ _ " _ _ | ૧૦૦ | નવા પુલો બનાવ્યા પછી થોડા સમયમાં જ તેમાં મોટા ગાબડાઓ પડે છે આ માટે તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ વાજા |
| ૪૮ | _ _ " _ _ | ૧૦૦ | આમજનતાની માગણીઓને ધ્યાને લઈ નવા પુલોના કામો મંજૂર કર્યા બાદ સત્વરે કામગીરી ચાલુ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| ૪૯ | _ _ " _ _ | ૧૦૦ | જુના અને નબળા પડી ગયેલા પુલોનો સર્વે કરી યોગ્ય મરામત અથવા નવા પુલો બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીષભાઈ ડેર |
| ૫૦ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ચોમાસામાં પુલોના અભાવે આમજનતાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૫૧ | ૫૦૫૪-માર્ગ...જોગવાઈ<br>૦૩-રાજય ધોરી માર્ગ<br>૩૩૭-માર્ગ કામો<br>રૂ. ૪૮,૧૬,૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧),<br>પાના નં. ૨૪૧ થી ૨૫૧ | ૧૦૦ | રાજ્ય ધોરીમાર્ગોની મરામતની કામગીરી સમયસર પૂર્ણ ન થતા આમજનતાને પડતી અગવડતાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| ૫૨ | ૫૦૫૪-માર્ગ...જોગવાઈ<br>૦૩-રાજય ધોરી માર્ગ<br>૩૩૭-માર્ગ કામો<br>રૂ. ૪૮,૧૬,૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧), | ૧૦૦ | રાજ્ય ધોરીમાર્ગો પર વરસાદી પાણીના ભરાવાના નિકાલની વ્યવસ્થા કાયમી ધોરણે કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં. ૨૪૧ થી ૨૫૧ | | | |
| *૫૩ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્ય ધોરીમાર્ગો ઉપર મોટા ખાડાઓ પડતા વાહન ચાલકોને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| | | | માગણી નં.૮૭ | |
| ૫૪ | ૨૨૧૭- શહેરીવિકાસ<br>૦૧- રાજય...વિકાસ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૮,૮૧,૯૪,૦૦૦<br>અ.પ્ર. નં. ૨૨(ભાગ-૧)<br>પાના નં. ૪૦ થી ૪૩ | ૧૦૦ | ગાંધીનગરની સરકારી સ્કુલોમાં પાયાની સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |
| ૫૫ | ૪૨૧૭-શહેરી....જોગવાઈ<br>૦૧-રાજય....વિકાસ<br>૦૫૧-બાંધકામ<br>૦૧-UDP-26-રહેણાંકના મકાનો<br>રૂ. ૨,૬૫,૦૦,૦૦,૦૦૦<br>અ.પ્ર. નં. ૨૨(ભાગ-૧)<br>પાના નં.૧૮૮ અને ૧૮૯ | ૧૦૦ | ગાંધીનગર શહેરમાં જરૂરિયાતના પ્રમાણમાં પૂરતા સરકારી આવાસો બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |
| ૫૬ | ૪૨૧૭- શહેરી...જોગવાઈ<br>૦૧-રાજય...વિકાસ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૨-UDP-31 - શહેરી..વિભાગ<br>રૂ. ૧૭,૭૦,૦૦,૦૦૦<br>અ.પ્ર. નં. ૨૨(ભાગ-૧)<br>પાના નં. ૧૮૮ થી ૧૯૪ | ૧૦૦ | ગાંધીનગર શહેરમાં પાણી વિતરણની અવ્યવસ્થાના કારણે પૂરતા પ્રેસરથી પાણી આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |

*** આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.**

સભાપતિશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના મંત્રીશ્રીએ તેઓના વિભાગની માગણીઓ લઇને આપણા સમક્ષ માગણી મૂકી છે, ત્યારે મારા કેટલાક વિચારો અને કેટલુંક નિરીક્ષણ આપના મારફતે માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર લાવવા માંગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ. કચેરીમાં અપૂરતો સ્ટાફ અને એના કારણે કોઇપણ ગ્રાહકને વાહન નોંધાવવા જવું પડે તો વચેટિયા વગર ઝડપથી કામ થતું નથી. આ બાબત વિચારવા જેવી છે આપણે કાયદો પસાર કર્યો છે. એજન્ટ પ્રથા બંધ કરી છે, ત્યારે આ બાબતે સરકાર ચોકકસ પગલાં લે એવી પ્રજાવતી માગણી કરું છું. આર.ટી.ઓ. કચેરીમાં આર.સી. બુકની તંગીને કારણે લગભગ ૩ મહિને જે વાહન ગ્રાહક છે એને આર.સી.બુક આપવામાં આવે છે. એની પાછળનું કારણ શું છે, એ માનનીય મંત્રીશ્રી જયારે જવાબ આપે ત્યારે ખુલાસો કરે. ગુજરાત સરકારનું સાહસ વાહન વ્યવહાર કોર્પોરેશન છે, જેને આપણે એસ.ટી. નિગમ કહીએ છીએ. આ એસ.ટી. નિગમ પાસે હાઇવે ઉપરના જે ટોલ ટેક્ષ છે એ ટોલ ટેક્ષની મોટી રકમ ચૂકવવી પડે છે. આપણે શા માટે એવું ન કરી શકીએ? ટોલ ફ્રી બસ ન કરી શકીએ આપણે? મુસાફરોનો સમય બચે અને ઝડપથી જયાં પહોંચવું છે ત્યાં પહોંચી શકે. મારી સરકારને દરખાસ્ત છે, મારી માગણી છે કે આપણું જે સાહસ છે એ સાહસને આમાંથી કંઇક દેવામાંથી મુકત કરવા માટે વારેઘડીએ સરકારમાં જે ફંકશનો થાય છે અને એ ફંકશનોની અંદર આપણે એસ.ટી.નો ઉપયોગ કરીએ છીએ અને એસ.ટી.ને આપણે ભાડું ચૂકવતા નથી. ભલે આપણે સહાય કરતા હોઇએ, પણ એ તમારું હિસાબનું જે ચૂકવણું થાય છે, એ ચૂકવણું થતું નથી એને કારણે એસ.ટી. નિગમ ખોટમાં જાય છે. એસ.ટી. માં ડ્રાઇવર, કન્ડકટરોની જગ્યા ખાલી છે. ડ્રાઇવરો અને કન્ડકટરોની ભરતીની પ્રક્રિયા શા માટે બંધ છે? શું કારણ છે? ડ્રાઇવર કન્ડકટર વગર ગામડાંની બસો બંધ કરી દેવામાં આવે છે. પરિણામે ગામડાંમાંથી આવતા વિદ્યાર્થીને ભણવામાં તકલીફ પડે છે. કોર્ટ કચેરીના કામે આવતા માણસોને પણ તકલીફ થઇ રહી છે. ત્યારે ખાસ કરીને ગામડાંની જે બસો છે એનું સંચાલન નિયમિત થાય એની કાળજી વિભાગે રાખવી જરૂરી છે. માર્ગ અને મકાન વિભાગ આપણા ગુજરાતનો વિકાસ થાય, ગામડાંનો વિકાસ થાય, સારા રસ્તાઓની આપણને જરૂર પડે સરકાર એના માટે હાઇવે બનાવે. નેશનલ હાઇવે બનાવે. આપણા પ્રવાસન સ્થળોનો વિકાસ થાય. આપણે એની પાછળ લાગેલા હોવા છતા ગુજરાત રાજ્યના ગામડામાં એક ગામથી બીજા ગામને જોડતા રસ્તાઓ જેને આપણે લીંક રોડ કહીએ. એ લીંક રોડની માહિતી સરકાર પાસે હોય તો પ્રાથમિકતા આપે. ડામર રોડ નહિ આપો તો ચાલશે, પણ અમને એક ગામથી બીજા ગામને જોડતા રસ્તાઓની મંજૂરીઓ આપો, જેથી કરીને ગામડાના માણસને શહેર સુધી પહોંચવા જે તકલીફ પડે છે એ તકલીફ દૂર થાય. ગત ચોમાસામાં અને આગલા વર્ષે ભારે વરસાદના કારણે આપણા જે પુલો હતા એને ભારે નુકસાન થયું. પુલો તૂટી ગયા. હજુ પણ એ પુલો તૈયાર નથી થયા. એના માટે ગુજરાત રાજ્યની પ્રજા ઇચ્છે છે કે આ સરકાર વહેલી તકે અમને પુલનું બાંધકામ કરી આપે. મારા વિસ્તારમાં પણ આવું થયું છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

સભાપતિશ્રી : માનનીય સુખરામભાઇ, આપની પાસે બે મિનિટ છે. આપે ફાળવેલ છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : અમારામાંથી આઘુપાછું થશે. અમારા છોટાઉદેપુરથી મધ્યપ્રદેશ તરફ જોડતા રસ્તાઓ અને એ રસ્તાઓ પહોળા કરવાની વાત અને સાંકડા રસ્તાઓને કારણે વારંવાર અકસ્માતો થાય છે. લોકોની જાન જાય છે. એવા રસ્તાઓ પાનવડ, ખાટીયાવાડ, ચલામડી, કુશીન્દ્રા માર્ગ હોય, કે કંવાટ રેણદા માર્ગ હોય કે નવાલજા, વખતગઢ માર્ગ હોય આવા માર્ગોની દરખાસ્ત, માગણી વખતો વખત સરકાર સમક્ષ કરેલી છે. સરકાર આ આદિવાસી વિસ્તારોને સગવડ આપે એની મંજૂરીઓ આપે. આ ડામર કામના ટેન્ડરો ભરાતા નથી. લાંબા સયથી કોન્ટ્રાક્ટરો ટેન્ડર ભરતા નથી. શું કારણો છે? આજે એસોસીએશન છે, એની સાથે સરકારે વાટાઘાટો કરવી જોઇએ. મને ખ્યાલ છે ત્યાં સુધી ડામરના ભાવ અથવા આ કાળા ડામરમાં કેટલાક સપડાયેલ સરકારના તંત્રના કારણે લોકોને રસ્તાની જે સગવડો મળવી જોઇએ એ મળતી નથી. ભલે સિમેન્ટમાં અને લોખંડમાં ભાવ વધારો થયો હોય છતા પણ સરકારે આ બાબતમાં કોન્ટ્રાક્ટરો સાથે ચર્ચા કરવી જોઇએ. અગાઉ ૩૦ ટકા, ૨૦ ટકા ડાઉન ભાવ આવતો હતો. આ બે મહિનામાં શું થઇ ગયું. કોન્ટ્રાક્ટરો તમારું કામ લેતાં નથી? ડામર બહારથી મંગાવીને, સારી કંપની, સ્ટાન્ડર્ડ કંપની હોય તો તેની પાસેથી ડામર ખરીદીને ગ્રામ્ય રસ્તાઓ બનાવવા માટે સરકારે પહેલ કરવી જોઇએ. મંત્રીશ્રીનું બજેટ ૧૧,૪૫૯ કરોડનું છે. સાથે સાથે અમારા આદિવાસી વિસ્તારના ગામડાઓ પણ આવી જાય. એનું બજેટ અલગ હોય છે, એમાં આપણે જે ગામડાં રસ્તા બનાવવા માગીએ છીએ. બોર્ડર વિલેજના રસ્તાઓ ઉપર પ્રાધાન્ય આપવું જોઇએ એ આપશો તો ગામડાના ખેડૂતો તાલુકા મથક સુધી આવી શકશે. મારાં બે-ત્રણ સૂચન હતાં. ગુજરાતની ગામડાની પ્રજાની જે રસ્તાઓની ડિમાન્ડ છે. અમારા ધારાસભ્યોને જોબનંબર આપ્યા પછી પણ લાંબા સમય સુધી એના ઉપર કામ થતાં નથી, એની કાળજી સરકાર રાખે એવી અપેક્ષા રાખીએ છીએ.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી(કારંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂર્ણેશભાઇ મોદી જે માગણી લઇને આવ્યા છે એને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી ગુજરાત સરકારના પ્રવાસન વિભાગની સિદ્ધિઓ વિષે મારા વિચારો ગૃહ સમક્ષ રજૂ કરવાની તક આપવા બદલ હું સહૃદયી આભારની લાગણી વ્યક્ત કરું છું. ગુજરાતમાં પર્યટન ક્ષેત્રને વેગ મળે, હરવા ફરવાના સ્થળો, ઐતિહાસિક સ્મારકો તેમજ ધાર્મિક સ્થળોનું માવજત, મરામત અને નવીનીકરણ થાય અને ગુજરાતની પ્રજાની આશા, અપેક્ષા સંતોષાય એવા ઉમદા હેતુથી આ વર્ષ ૨૦૨૧-૨૨ માં બજેટમાં ૪૮૭.૫૦ કરોડ અને સને ૨૦૨૨-૨૩ માં..

સભાપતિશ્રી : આપનું પ્રવચન બાકી રહેશે. વિરામનો સમય થયો છે. ગૃહ ૩-૦૦ કલાકે ફરીથી મળશે.

**( વિરામ ૨-૩૦ થી ૩-૦૦ )**

**ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઇ ભરવાડ અધ્યક્ષસ્થાને.**

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર, માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ ઘોઘારી.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૪માં રૂપિયા ૪૬૪ કરોડની જોગવાઇ કરી પર્યટન સ્થળોને ઉત્તેજન આપી ગુજરાતીઓ સહિત દેશ-વિદેશની પ્રજાજનોના શોખને ઉત્તેજન આપવા બદલ હું નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને અભિનંદન પાઠવું છું. પ્રવાસનું મહત્વ એટલે પર્યટનની લોકપ્રિયતાને ધ્યાને રાખી સંયુક્ત રાષ્ટ્રએ વિશ્વ પર્યટન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે. કારણકે આ દિવસે વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઇઝેશનનું બંધારણ અપનાવવામાં આવ્યું હતું. આ પછી તા. ૨૭ સપ્ટેમ્બર ૧૯૮૦ના રોજ પ્રથમ વખત વિશ્વ પર્યટન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સંયુકત રાષ્ટ્ર વિશ્વ પર્યટન સંગઠન દ્વારા સીધી દેખરેખ હેઠળ તમામ સભ્યો દેશમાં પ્રતિવર્ષ જુદી જુદી થીમ આધારિત ઉજવણી કરવામાં આવે છે. સંસ્કૃતમાં મૂળ શબ્દ અટન જેનો અર્થ થાય છે કોઇ સ્થાને જવું અથવા પોતાનું ઘર છોડવું. જેમાંથી ત્રણ શબ્દોનો જન્મ થાય છે. પહેલો શબ્દ છે પર્યટન. પર્યટન એટલે આનંદ અને જ્ઞાનની ખોજ કરવા માટે યાત્રા કરવી. બીજો શબ્દ છે દેશાટન. દેશાટન એટલે આર્થિક ઉપાર્જન કરવા માટે એક દેશથી બીજા દેશની યાત્રા કરવી અને ત્રીજો શબ્દ છે તીર્થાટન. તીર્થાટન એટલે ધાર્મિક સ્થળોની યાત્રા કરવી. વર્તમાન પ્રવાસની અનેકવિધ પ્રવૃતિઓને કારણે ભારતીય પ્રવાસન નિગમની સ્થાપના થઇ અને ૧૯૮૪ માં રાષ્ટ્રીય વિકાસ પરિષદની ભલામણ બાદ પ્રવાસનને ઉદ્યોગનો દરજ્જો આપવામાં આવ્યો. આ સંદર્ભે ગુજરાતે સરકારે પણ પ્રવાસનને ઉદ્યોગ તરીકેનું મહત્વ આપી તે અંગેની નીતી સને ૧૯૯૧માં તૈયાર કરવામાં આવી અને તેની જાહેરાત કરવામાં આવી. સન ૨૦૦૩ માં ગુજરાત સરકારે નવી પ્રવાસન નીતિ અમલમાં મૂકી અને પ્રવાસન અંગેનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું. આ નીતિ અંતર્ગત વર્ષ૨૦૦૬ ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું. તે જ આપણી ગુજરાત સરકારની પ્રવાસન પ્રત્યેની જાગૃતતા બતાવે છે. જેના કારણે આજે દુનિયાના પર્યટનના નકશા ઉપર મહત્વનું પર્યટન કેન્દ્ર પ્રસ્થાપિત થયું છે અને તેનો શ્રેય આપણા ગુજરાતના સપૂત, વિકાસપુરુષ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને જાય છે. આપણી ફિલ્મ જગતના મહાનાયક અમિતાભ બચ્ચન દ્વારા સહજતાથી ગુજરાત માટે ઉદ્દગારેલા ત્રણ શબ્દો છે ખુશ્બુ ગુજરાતકી. તે શબ્દએ દેશ વિદેશમાં કમાલ કરી છે. ગુજરાતની વિરાસત અને ધરોહળને તેમની પરિક્રમા દરમિયાન તેમણે જાણી અને માણી, ત્યારબાદ દુનિયાને કહ્યું કે, કુછ તો દિન ગુજારો ગુજરાતમે. આજે દુનિયાના મોટાભાગના લોકો ગુજરાતના પ્રવાસે આવવા લાગ્યા છે. છેલ્લા દોઢ દાયકાથી ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યામાં થયેલો વધારો એ ગુજરાત માટે અને ગુજરાત સરકારની પર્યટન ક્ષેત્રની સિદ્ધિ માટે આનંદ અને ગૌરવની બાબત લેખી શકાય. ગુજરાત એક પોલિસી ડ્રીવન્સ રાજ્ય છે. પ્રવાસનના ક્ષેત્રોમાં વિકાસ સંદર્ભે પ્રવાસન નીતિ વર્ષ૨૦૨૧ થી ૨૦૨૫ની જાહેરાત કરવામાં આવી છે જેને હું આવકારું છું અને અભિનંદન પાઠવું છું. સાથોસાથ ઐતિહાસિક ઇમારતોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા હેરિટેઝ નીતિની પણ સરકારશ્રીએ ઘોષણા કરી છે. તેમજ દેશ વિદેશના પ્રવાસીઓને ગુજરાતની સંસ્કૃતિથી પરિચિત કરવા માટે હોમ-સ્ટે પોલિસીની જાહેરાત કરવામાં

આવી છે તે આવકારદાયક છે. ગુજરાતના પનોતા પુત્ર અને અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલે દેશને આઝાદી અપાવવા માટે યોગદાન આપેલ અને ત્યારબાદ દેશી રજવાડાંઓનું એકત્રિકરણ કરી અખંડ ભારતના નિર્માણમાં મહત્વની ભૂમિકા પ્રદાન કરેલ જે દેશવાસીઓ માટે ગૌરવવંતી બાબત લેખી શકાય. એટલે જ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન દ્વારા સરદાર સાહેબને વિશ્વ કક્ષાની આદરાંજલિ અર્પણ કરવાના ઉમદા ભાવથી નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવન કવચ વિશે લોકો જ્ઞાત બને અને યુવાપેઢીને દેશની ઘટનાઓ વિશે જાણકારી મળે એ પ્રકારના ઉમદા ભાવથી રાજકોટમાં આલ્ફ્રેલ હાઇસ્કૂલ ખાતે અતિ આધુનિક મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, દેશના નાગરીકોમાં રાષ્ટ્રભાવના ઉજાગર બને અને દેશદાઝની ભાવના જાગે એવા ઉમદા હેતુથી ગુજરાત સરકાર દ્વારા સીમા દર્શન કાર્યક્રમ અંતર્ગત નડા બેટ ખાતે બોર્ડર ટુરિઝમ વિકસાવવામાં આવી રહયું છે તે આવકારદાયક છે. ગુજરાત સરકાર દ્વારા પ્રવાસન નીતિ વર્ષ ૨૦૧૫ થી વર્ષ ૨૦૨૦ અંતર્ગત અંદાજીત ૪૪૧ જેટલા પ્રોજેકટને સાચા અર્થમાં સાર્થક કરી કાર્યાન્વિત કરવા માટે ૧૩,૫૦૦ કરોડનું સંભવિત રોકાણ કરેલ છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન અને વાહન વ્યવહાર વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી આજે શહીદ દિવસ હોવાના નાતે તમામ શહીદોને મારા સતસત નમન કરું છું. આજે જે આદિવાસી વિસ્તાર ઉંમરગામથી અંબાજી સુધીનો છે તેની વાત કરવા માગુ છું, ત્યારે સૌ પ્રથમ હું વાહન-વ્યવહારની વાત કરીશ. જેના કિલોમીટર પૂરા થઇ ગયા હોય એવી કન્ડમ બસો આદિવાસી વિસ્તારમાં ચલાવવામાં આવે છે. આદિવાસી વિસ્તારોમાં વનબંધુ તરીકે જે ગાડીઓ મૂકી હતી એને આજે આઠ-દસ વર્ષ થઇ ગયા છે છતાં હજુ બદલી નથી, ત્યારે અમારા આદિવાસી વિસ્તારના જે વિદ્યાર્થીઓ ભણવા શહેરમાં કે એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે, એ વિદ્યાર્થીઓને ખાનગી વાહનોમાં બેસીને, લટકીને જવું પડે છે, ત્યારે માનનીય મંત્રીશ્રીને હું કહેવા માગુ છું કે, શહેરોમાં જે સુવિધા આપો છો એવી સુવિધા અમારા આદિવાસી વિસ્તારોમાં પણ આપવી જોઇએ અને જે જૂનાં રૂટો ગામડાંના હતાં, એ રૂટો તમામ બંધ થઇ ગયા છે એ પણ ચાલુ કરવા જોઇએ. પહેલા નાના નાના ગામમાં ૨૦૦ લોકોની વસતિ હોય તો પણ બસ આવતી હતી, પણ હવે ૫૦૦ લોકોની વસતિ હોય તો પણ બસ એ ગામમાં આવતી નથી, એટલે અમારા આદિવાસી વિસ્તારના લોકોને ખાનગી વાહનોમાં બેસીને કે લટકીને જવું પડે છે, ત્યારે ઘણાં બધા અકસ્માતો થાય છે, એટલા માટે મારી માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે, અમારા આદિવાસી વિસ્તારમાં નવી બસો મૂકવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, પહેલેથી જ મારા ગરબાડા વિસ્તારમાં વર્ષોથી બસ સ્ટેન્ડ નથી તો હું ભલામણ કરું છું કે, તાલુકામાં નવું બસ સ્ટેન્ડ બનાવવામાં આવે અને એસ.ટી.ની વાત કરીએ છીએ ત્યારે કહેવું છે કે આપણે સરસ મજાના સૂત્રો લખીએ છીએ કે, હાથ ઉંચો કરો અને ગાડીમાં બેસો. મોદી સાહેબનો ફોટો જોઉં અને માનનીય મુખ્યમંત્રી સાહેબનો ફોટો જોઉં પણ ગાડી તો ખખડધજ હોય ત્યારે એ ગાડીમાં હાથ ઉંચો કરતા પણ મને શરમ આવે છે. માનનીય અધ્યક્ષશ્રી આજે આ કામ કરતી સરકારને પૂછવા માગુ છું કે, જે આર.ટી.ઓ. કચેરી આવેલી છે એ આર.ટી.ઓ. કચેરીમાં એજન્ટો મૂકેલા છે એ એજન્ટો તરફથી ખૂબ જ ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે તો તાત્કાલીક અસરથી આ એજન્ટો દૂર કરવા જોઇએ. અમારા આદિવાસી જિલ્લાઓ છે દાહોદ કે બીજા જે જિલ્લાઓ છે એમાં વચેટિયાઓ ખૂબ ભ્રષ્ટાચાર કરે છે ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે એમને દૂર કરવા જોઇએ અને ભ્રષ્ટાચાર અટકાવવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી નોકરીમાં કર્મચારીનું અવસાન થાય તો રહેમરાહે નોકરી આપવાનો નિયમ છે પણ એસ.ટી.નિગમમાં ગુજરાત હાઇકોર્ટના આદેશ મુજબ ૩૩ ટકા ભરતી રહેમરાહે કરવાની હોય છે તેમ છતાં પણ આજની તારીખે ૯૪૪ લોકો રહેમરાહે નોકરીની ૨૦ વર્ષથી મીટ માંડીને બેઠાં છે ત્યારે માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે, આવા લોકોએ ૪૫ વર્ષની વય પણ વટાવી દીધી છે તેમ છતાં પણ એસ.ટી. નિગમ દ્વારા હાઇકોર્ટના ચૂકાદાનો અમલ કરવામાં આવતો નથી ત્યારે હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે આવા કર્મચારીઓના આશ્રિતો છે તેમને રહેમરાહે નોકરી મળવી જ જોઇએ એવી હું એક વિનંતી કરું છું. બીજુ, માર્ગ અને મકાન વિભાગની વાત કરવા માગુ છું.

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ બાકી છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, છ મિનિટ આપી છે. માર્ગ અને મકાન વિભાગની વાત કરવા માગુ છું. ગઇ વખતે ૮મી માર્ચે, જે તમામ મહિલાઓને ૨ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી તેમાં મને હજુ સુધી જોબ નંબર મળ્યો નથી અને અત્યારે પણ ૨૦ કરોડની જે દરખાસ્ત આપેલી છે, મારે તેમાં ત્રણ તાલુકાઓ આવેલા છે ધાનપુર, દાહોદ અને ગરબાડા, ત્યારે મને ૮ કરોડ જ મળ્યાં છે, એટલે મારે ૧૨ કરોડ હજુ લેવાના છે તો સાહેબને મારી ખાસ વિનંતી છે કે, મારો ટેકરાળ અને જંગલ વિસ્તાર હોવાના નાતે જે નિશાળોના રસ્તાઓ બાકી છે, તે તાત્કાલિક મને જોબ નંબર આપે એવી આશા રાખુ છું. બીજુ, જે અમારા રસ્તાના કારણે જે આદિવાસી વિસ્તાર અને દાહોદ જિલ્લો જે આવેલો છે તેમાં સ્માર્ટ સિટીની બસો લઇ આવેલા છે. એ બસો સંતાડીને કલેકટર ઓફિસની પાછળ રાખવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંકઃ ૮૬ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

ચૈત્ર ૨, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજયની પ્રગતિનો આધાર તેના ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર હોય છે. હમણાં જ મંગળવારે આ દેશના આદરણીય મંત્રીશ્રી નીતિનભાઇ ગડકરીજીએ લોકસભાના નિવેદનમાં એમ કહેલુ કે વર્ષ ૨૦૨૪ સુધીમાં આ ભારતના જે રસ્તાઓ છે તે અમેરિકાની કક્ષાના હશે અને તેમણે સ્ટેટમેન્ટ કરેલુ જોન કેનેડીનું તે ફરીથી હું આપની સમક્ષ દોહરાવું છું. " American roads are not good because America is rich, but America is rich because roads of America are good." એમ આ ગુજરાતના જે ૧ લાખ ૨૫ હજાર કિલોમીટરનું વિશાળ વ્યાપી નેટવર્ક છે એના અનુસંધાને પ્રથમ તો હું આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ અને આદરણીયશ્રી પૂર્ણેશભાઇને અભિનંદન આપવા માગુ છું કે અમે હમણાં ગુજરાતના જે પેટા પરાઓ છૂટી છવાઇ વસતિ ધરાવતા વિસ્તારો હતા તેવા લગભગ ૪૬૧ ગામોને કોઇ પણ ભલામણ વગર મંજૂર કર્યા છે એ માટે હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની વિકાસની ગતિ વર્ષ ૨૦૨૦-૨૧માં એફ.ડી.આઇ.નું જે આપણી પાસે લગભગ ૧ લાખ ૬૩ હજાર કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ આવ્યું એ તે આ ગુજરાતની ધરતી ઉપર આવ્યું. એ સમગ્ર દેશમાં લગભગ ૩૭ ટકા જેવી રકમ ફકત ગુજરાતમાં આવી તેના મૂળમાં કોઇ હોય તો ગુજરાતનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને આ રસ્તાઓ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ સુખરામભાઇ વાત કરતા હતા કે પુલો અધૂરા છે, આદિવાસી વિસ્તારોમાં રસ્તાઓના ઠેકાણા નથી. માનનીય ચંદ્રિકાબેને પણ એવી વાત મૂકી ત્યારે હું છેલ્લાં પાંચ વર્ષના આંકડા આપું તો ગ્રામીણ વિસ્તારોની અંદર જે નવીન રસ્તાઓ નિર્માણ પામ્યા અને તેની અંદર લગભગ આજે ગ્રામીણ અર્થતંત્રને બેઠું કરવા ગુજરાતના ૧૮ હજાર ગામડાઓ, ૧૬ હજાર પેટા પરાઓ આ પૈકી લગભગ ૭૦ હજાર કિલોમીટરનું વિશાળ નેટવર્ક ફકત ગ્રામીણ અર્થતંત્ર, ગ્રામીણ ખેડૂતો, ગ્રામીણ પ્રજાજનો માટે છે. એમાં છેલ્લાં પાંચ વર્ષમાં એ જે વાત કરતા હતા કે ૭૬૦ જે પુલો નવીન બનાવવામાં આવ્યા. ૧,૨૦૦ કરોડના ખર્ચે તે યાદ અપાવવા માગુ છું. એવી જ રીતે ગુજરાતે એક પહેલ ઉપાડી હતી. ફાટક મુક્ત ગુજરાતની કલ્પના વર્ષોથી હતી. એ અભિયાનમાં લગભગ ૭૧૨ ઓવરબ્રિજ અને અન્ડરબ્રિજ ૭,૨૦૦ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યા છે. આમાંથી કેટલીક કામગીરી પૂર્ણ થઇ ગઇ છે અને કેટલીક કામગીરી ચાલુ છે. એમાં હિંમતનગરમાં પણ એક ઓવરબ્રિજ, એક અન્ડરબ્રિજ અને બે નવીન ઓવરબ્રિજને મંજૂરી પણ મળી છે. ગુજરાતમાં જે પ્રમાણે ઔદ્યોગિક વિકાસ થઇ રહ્યો છે, એના પરિપ્રેક્ષ્યમાં જે પ્રમાણેનું આગોતરું આયોજન માર્ગ અને મકાન વિભાગના આદરણીયશ્રી પૂર્ણેશભાઇના નેતૃત્ત્વમાં થઇ રહ્યું છે. એમણે જે આગામી આયોજન કર્યા કે ગુજરાતમાં જે સ્કૂલો, કૉલેજો અને પેટા પરા જોડવાના બાકી હતા એમાં એમણે મુક્તપણે એવું કહ્યું છે કે આવનાર દિવસોમાં એ પરિપૂર્ણ કરીશું. શ્રી સુખરામ ભાઇએ ડામરના સર્ફેસિંગની વાત કરી હતી. હું આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી અને આદરણીય શ્રી નીતિનભાઇને પણ અભિનંદન આપવા માંગુ છું કે આપણી પાસે સવા લાખ કિલોમીટરનું જે નેટવર્ક છે, એ પૈકી છેલ્લાં પાંચ વર્ષમાં ૭૧,૦૦૦ કિ.મી.ના રસ્તાઓ રિસર્ફેસ કર્યા છે. બે વર્ષ પહેલાં શ્રી નીતિનભાઇએ કલોલમાં જોબ નંબર આપ્યા, ત્યારે બળદેવજી ભાઇએ પેપરમાં એમના ફોટા સાથે જાહેરાત છપાવીને સરકારને અભિનંદન આપ્યા હતા. એ અમારી પાસે છે. જે રીતે જે સુવિધા પથનું અભિયાન ચાલે છે, એમાં ગુજરાતમાં જે ગામડાંઓમાં ચોમાસામાં કાદવ-કીચડ થતો હતો એવા લગભગ ૪,૦૦૦ ગામોને આવરી લેતાં છેલ્લા પાંચ-છ વર્ષમાં સુવિધા પથ બનાવ્યા છે. સાડા પાંચ મીટરથી સાત મીટર ગામતળમાં સી.સી. રોડનું કામ કર્યું છે. સ્વચ્છતા અભિયાનને પણ આ સરકારે વેગ આપ્યો છે. જે પ્રમાણે આદિજાતિઓની વાત કરવામાં આવે છે, એમાં આ સરકારે પ્રગતિ પથની યોજના અમલમાં મૂકી. એ યોજના થકી મહત્તમ રસ્તા કે જિલ્લાથી જિલ્લાને જોડતા હોય, જિલ્લાથી રાજ્યને જોડતા હોય, તાલુકાથી તાલુકાને જોડતા હોય, એવા અસંખ્ય રસ્તાઓનનું નિર્માણ કરી આદિવાસી વિસ્તારોને મુખ્ય ધારામાં લાવવાનું કામ આ સરકારે કર્યું છે. ૧૦ વર્ષ પહેલાં અમારા ઉત્તર ગુજરાતમાં બનાસ, સાબર અને દૂધ સાગર ડેરીનું દૈનિક દૂધ ઉત્પાદન ૫૦ હજાર લિટર હતું. આ વર્ષ ૨૦૨૨ના આંકડા છે. દૈનિક દૂધ દોઢ લાખ લીટર આવે છે. એના મૂળમાં પણ આ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ખૂબ મોટી ભૂમિકા ભજવી રહ્યું છે. આ સરકારમાં નવી માગણી, નવી અપેક્ષા, પ્રજાની આકાંક્ષા, ઝંખના, વિકાસ પ્રત્યેની ભૂખ ઉઘડી એને પરિપૂર્ણ કરવા સર્વજન હિતાય સર્વજન સુખાયનો મંત્ર ચરિતાર્થ કરવા આ વિભાગ કામ કરી રહ્યો છે. હવે નવીન રસ્તાઓમાં વધારો થયો છે. ૩.૭૫ મીટર થી સાડા પાંચ મીટર, સાડા પાંચ મીટર થી સાત મીટર, સાત મીટર થી દસ મીટર જે પ્રમાણે આવનાર દિવસોમાં ટ્રાફિક થવાનો છે, એના પરિપ્રેક્ષ્યમાં ગંભીરતાપૂર્વક ગુજરાતની સમૃદ્ધિ માટે, ગુજરાતના જન-જન માટે આ વિભાગ કામ કરી રહ્યો છે. આદરણીય શ્રી કનુભાઈ દેસાઈએ એમના બજેટના પ્રવચનમાં જે પંક્તિઓ કહી હતી તે ખૂબ સરસ હતી કે આ અમે પડકારો જીલવા અને ગુજરાતને અમૃત્ત સ્વરૂપ બનાવવા માટે આગળ વધી રહ્યા છીએ ત્યારે હું વિશેષ પ્રકારનો આભાર માનું છું. આખા ગુજરાતમાં પવિત્ર યાત્રાધામો રસ્તાઓથી જોડાયા. અમે ફક્ત રસ્તાઓની કનેક્ટિવિટી નહિ, પણ સમાજ સમાજ જોડાણ, ભાવનાત્મક જોડાણ અને ગુજરાતની સુખ, શાંતિ, સલામતી અને સમૃદ્ધિ વધે તે દિશામાં જે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તેને હું હૃદયપૂર્વક આવકારું છું. હજુ પણ અમારી સરકાર પ્રજાની અપેક્ષાઓ જે પરિવહન ક્ષેત્રે, રસ્તા ક્ષેત્રે, કર્મચારીઓના રહેણાંકના મકાન, માધ્યમિક શાળાઓના મકાન, ચિલ્ડ્રન હોમ, આઈ.ટી.આઈ.ના મકાન વગેરે કામો અમે કરવાના છીએ.

શ્રી અંબરીશભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આજના શહીદ દિને ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ સહિતના જે મહાપુરુષોએ બલિદાન આપ્યા છે તેમનો ઋણ સ્વીકાર કરું છું. માનનીય મંત્રીશ્રી માર્ગ - મકાન વિભાગ અને પ્રવાસન બાબતે જે માગણી લઈને આવ્યા છે તેમાં મારા સૂચનો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પૂર્વ વક્તાએ જે વાત કરી તે મુજબ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં જેમ જેમ સાત વર્ષ પૂરા થતા હોય, તેમ તેમ નવા રીસરફેસિંગ કરી રસ્તાની પહોળાઈ વધારવી ખૂબ જરૂરી છે. ગુજરાતના વિવિધ વિસ્તારોમાં સૌરાષ્ટ્ર અને ખાસ કરીને અમરેલી જિલ્લામાં આવા રસ્તાની પહોળાઈ ખૂબ ઓછી છે. તેના કારણે એક્સિડેન્ટના ખૂબ બનાવો બને છે, એટલે

માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ રસ્તાઓ પહોળા થાય તેના માટે આગામી સમયમાં કોઈ આયોજન કરે. હું ચૂંટાઇને આવ્યો ત્યારથી એટલે કે ચાર વર્ષથી મારા વિસ્તારના એક બહુ મોટા પુલ માટે હું સરકારશ્રીને સતત વિનંતી કરી રહ્યો છું. એક વખત આદરણીય શ્રી નીતિનભાઈ સાહેબે પણ ચાલુ વાતે કહ્યું હતું કે અંબરીશભાઈ આવજો આપણે કંઈક કરીશું. ૩ જેટલા ગામો અને ૪૦ કે ૪૫ હજાર જેટલી વસતિને ૨૫ કિ.મી. જેટલું દૂર જવું પડે છે. સરકાર જ્યારે જુદી જુદી જગ્યાએ ખાડી ઉપર પુલ બનાવે છે, ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ ચાંચ બંદર થી વિક્ટર સુધી ખાડી ઉપર પુલ બનાવવામાં આવે. સાથે સાથે રાજુલા થી ખાખબાઈના પુલ માટેની માંગ પણ અમે ઘણાં વર્ષોથી કરી રહ્યાં છીએ. માનનીય મંત્રીશ્રીને સૂચન કરું છું કે જો રાજુલા થી ખાખબાઈ અને ચાંચ બંદર થી વિક્ટર સુધી પુલ બનાવવામાં કદાચ સરકાર કહેશે તો અમારો ગરીબ વિસ્તાર ટોલ ભરવા માટે પણ તૈયાર છે પણ આ ગરીબ વિસ્તારને અન્યાય ન થાય તેવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વિભાગમાં પણ મારું એક નમ્ર નિવેદન અને સૂચન છે. મારા રાજુલા તાલુકામાં પદ્મશ્રી દુલાભાયા કાગ એટલે કે કવિ કાગ બાપુના મજાદર ગામને એમના યોગદાનને ધ્યાને લઈને પ્રવાસન તરીકે વિકસાવવામાં આવે અને રક્ષિત સ્મારક તરીકે પણ જો તેને આગળ લઈ જવામાં આવે તો હું ચોક્કસપણે એવું માનું છું કે ભૂતકાળમાં તેમનું જે યોગદાન રહ્યું છે એ આજની પેઢીને ખબર પડશે. જે રીતે મહાત્મા તુલસીદાસજી રામાયણથી પ્રસિદ્ધ છે, તેવી જ રીતે લોક રામાયણના સર્જક આદરણીય કવિવર દુલા ભાયા કાગ લોકહૃદય સુધી પહોંચ્યા છે. સાથે સાથે એટલું પણ કહેવું છે કે આજે શહીદ દિવસ છે, ત્યારે આઝાદીની લડાઈમાં પણ પોતાના ગીતો અને પોતાની વાતો થકી રાષ્ટ્ર ભાવના અને લોકોમાં લોક જુવાળ જાગે તેના માટે પણ તેમણે જે સતત પ્રયત્ન કર્યો છે અને સાથે સાથે વિનોબા ભાવેજીની ભૂદાનની ચળવળમાં પણ એમનું ખૂબ મોટું યોગદાન રહ્યું છે, ત્યારે મારા વિસ્તારમાં આવેલ મજાદર ગામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવે અને રક્ષિત સ્મારક તરીકે જો તેને જાહેર કરવામાં આવશે, તો આવનારી પેઢી તેના મૂલ્યો વિશે અને તેમણે આપેલા યોગદાન વિશે ૧૦૦ ટકા સારી રીતે જાણી શકશે. આ બંને બાબતોમાં યોગ્ય થાય તેવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. જય હિંદ, જય ભારત, ઈન્કલાબ ઝિંદાબાદ.

શ્રી શંભુજી એ. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની સને ૨૦૨૨-૨૩ના અનુદાનો માટે ગુજરાતના પાટનગર ગાંધીનગરની માંગણી ક્રમાંક- ૮૭ લઇને આવ્યા છે, જેને હું સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી પાટનગરનો વિકાસ એ સમગ્ર રાજયના વિકાસની ઝાંખી કરાવતો હોય છે. એટલે પાટનગરનો વિકાસ એ ગુજરાતનો વિકાસ એ રીતે લક્ષ્યમાં લેવામાં આવે. પાટનગરના વિકાસ માટે આધુનિક ઢબે, રસ્તાઓ તથા એના બાંધકામો થાય, રહેણાંકના મકાનો થાય એ માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે બજેટમાં રકમ રૂપિયા ૩૫૪.૩૩ કરોડની જોગવાઇ કરી છે. પાટનગરની પાયાની સગવડો જેવી કે, પાણીપુરવઠો, ગટર વ્યવસ્થા, મુખ્ય રસ્તાઓ, લગ્નવાડી, રંગમંચ, સરકારી કચેરીઓ જેવી કે રાજભવન, સર્કિટ હાઉસ, વિધાનસભા ભવન, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય વિગેરે તથા અધિકારીઓ અને કર્મચારીઓ માટે સુવિધાયુક્ત રહેણાંકના નવા આવાસો બનાવવા તથા મરામત અને જાળવણી, સેન્ટર વિસ્તાર ગાર્ડન, સ્ટ્રીટલાઇટ વિગેરેની કામગીરી ઉપરાંત અન્ય સરકારી વિભાગો માટે નવા મકાન બાંધકામ તથા મરામત અને જાળવણીની કામગીરી પાટનગર યોજના વિભાગ દ્વારા કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં પૂર્ણ થયેલાં મહત્વનાં કામો જેવાં કે, રહેણાંકના મકાનો, ગાંધીનગર ખાતે વિવિધ કક્ષાના અંદાજિત રકમ રૂપિયા ૧૪૯.૮૦ કરોડના ૫૬૦ રહેણાંક કવાર્ટસનું બાંધકામ પૂર્ણ કરેલ છે. માણસા- વિહાર રોડ ૫.૫ મીટરમાંથી ૧૦ મીટરનો બનાવવાનું કામ અંદાજિત રકમ રૂપિયા ૧૮ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. ગાંધીનગરના મુખ્ય રસ્તા તથા સેકટરોના આંતરિક રસ્તામાં ૩૦.૮૬ કિ.મી. લંબાઇનું રિસફલિંગનું કામ અંદાજિત રકમ રૂપિયા ૬.૭૬ કરોડનું પૂર્ણ કરેલ છે. હવે પ્રગતિ હેઠળનાં મહત્વના કામો જેવાં કે, રહેણાંક મકાનો, ચાલુ વર્ષ દરમિયાન ગાંધીનગર ખાતે સરકારી કર્મચારીઓ માટે વિવિધ કક્ષાના ૧,૪૫૬ આવાસોના અંદાજિત રકમ રૂપિયા ૩૭૪.૧૫ કરોડનાં કામો પ્રગતિમાં છે. બિનરહેણાંક મકાનો, સેકટર ૧૭ ખાતે આવેલ ટાઉનહોલના આધુનિકરણનું અંદાજિત રકમ રૂપિયા ૧૫.૭૫ કરોડનું કામ પ્રગતિમાં છે. સચિવાલય કેમ્પસમાં વાહનોના પાર્કીંગ માટેનું અંદાજિત રકમ રૂપિયા ૯.૯ કરોડનું કામ પ્રગતિમાં છે. સેકટર-૧૧ ખાતે મામલતદાર પ્રાંત કચેરી, સબરજિસ્ટારની કચેરીના બાંધકામ માટેનું અંદાજિત રકમ રૂપિયા ૩૫.૪૭ કરોડનું કામ પ્રગતિમાં છે. સેકટર-૧૫ ખાતે આઇ.ટી.આઇ. માટે નવીન બહુમાળી મકાનના બાંધકામ માટેનું અંદાજિત રકમ રૂપિયા ૩૭.૧૫ કરોડનું કામ પ્રગતિમાં છે. સેકટર-૨૬ ખાતે નવી ફાર્મસી કોલેજના બાંધકામ માટેનું અંદાજિત રકમ રૂપિયા ૧૯.૭૫ કરોડનું કામ પ્રગિતમાં છે. સેકટર-૨૨ ખાતે રિસર્ચ પ્રોસેસિંગ સેન્ટરના બાંધકામ માટેનું અંદાજિત રકમ રૂપિયા ૨૪.૬૩ કરોડનું કામ પ્રગતિમાં છે. સેકટર-૧૫ ખાતે સમરસ કુમાર છાત્રાલયના બાંધકામ માટેનું અંદાજિત રકમ રૂપિયા ૩૬ કરોડનું કામ પ્રગતિમાં છે. ગાંધીનગર કોબા,એરોડ્રામ રોડ ઉપર રાજસ્થાન સર્કલ પાસે અંદાજિત રકમ રૂપિયા ૧૩૫ કરોડના કેબલ સ્ટેઇડ ફલાય ઓવર બ્રિજનું કામ પ્રગતિમાં છે. ગાંધીનગર-કોબા-હાંસોટ-એરપોર્ટ રોડ ઉપર રક્ષા શક્તિ સર્કલ ઉપર ૫૦ કરોડની અંદાજિત રકમનું ફલાય ઓવરનું કામ પ્રગતિમાં છે, દહેગામ-હરસોલ-ખાનપુર રોડ જે દસ મીટરનો છે તેને ફોર લેન કરવાનું કામ રૂ. ૫૧ કરોડ, ગાંધીનગર-પેથાપુર-મહુડી રોડ રી-સરફેસિંગનું કામ રૂ. ૪૪ કરોડ, ગાંધીનગર શહેરમાં ભૂગર્ભ ગટર નવીનીકરણનું અંદાજિત રકમ ૨૫૦ કરોડ, અડાલજ પાસે અડાલજ બોટનીકલ વચ્ચેની જગ્યામાં ૧૧૭.૫૭ કરોડની અંદાજિત રકમ લેન્ડ સ્કેપિંગ તથા ગાર્ડન ડેવલપમેન્ટનું કામ પ્રગતિમાં છે. શરૂ થનાર કામોમાં રહેણાકના મકાનો, ગાંધીનગર ખાતે સરકારી કર્મચારીઓ માટે વિવિધ કક્ષાના ૧,૪૦૦ સુવિધા યુકત કવાર્ટર્સનું બાંધકામ અંદાજિત રકમ ૩૧૫ કરોડ, ગાંધીનગર ખાતે માનનીય ધારાસભ્યશ્રીઓ માટે નવું સદસ્ય નિવાસ બનાવવાનું કામ અંદાજિત રકમ રૂ. ૨૪૭ કરોડ, ગાંધીનગર ખાતે ડોકટર જીવરાજ મહેતા ભવનમાં સુવિધા યુકત કચેરીઓ માટે બે નવા બ્લોકનું કામ અંદાજિત રૂ. ૧૦૦ કરોડ, રાજભવન સ્ટાફ માટે વિવિધ કક્ષાના ૧૪૧ કવાર્ટરનું બાંધકામ અંદાજિત રકમ રૂ. ૪૮ કરોડ, લેકાવાડા ખાતે ગુજરાત ટેકનોલોજી

યુનિવર્સિટી, જી.ટી.યુ. માટે વિવિધ ભવનોનું બાંધકામ અંદાજિત રૂ. ૨૨૫ કરોડ, ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે નવા બાંધકામ માટે રૂ. ૧૦.૮૯ કરોડ, એન.એચ. ૧૪૭ ઉપર પ્લાન્ટ માટે અંદાજિત રૂ. ૧૭ કરોડ, ગાંધીનગર તાલુકાના અલુવા-સાદરા-કલોલ ગાંધીનગર તાલુકાને જોડતો જે મારું સ્વપ્ન વર્ષ ૨૦૦૮ થી હતું કે સાબરમતી નદી ઉપર બ્રિજ બને, તેના માટે રૂ. ૭૧ કરોડ, ગાંધીનગર ખાતે પાલજ-બાસન-શાહપુર રોડનું ૧૩ કરોડના ખર્ચે રી- સરફેસિંગ, ગાંધીનગર ખાતે કલોલ-માણસા-વિજાપુર રોડનું કામ ૧૦.૫૦ કરોડ, ગાંધીનગર ખાતે વડસર-ભીમાસર-શેરથા રોડનું કામ રૂ. ૧૪ કરોડ, એ ઉપરાંત ઉવારસદ-કલોલ અને પાનસર ખાતે રેલવે બ્રિજનું કામ પણ મંજૂર કરેલ છે એ માટે માનનીય મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અને જે માગણી ૪૭ લાવ્યા છે તેને હું સમર્થન કરું છું.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ મકાન વિભાગની પૂરક માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં હું મારા વિચાર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી ધારાસભ્ય તરીકે જોબ નંબરો અપાતા હોય, દરખાસ્ત થતી હોય, પણ પરિસ્થિતિ અમારા અમરેલી જિલ્લાની અંદર અધિકારીઓની ભૂલના કારણે માર્ગ અને મકાન વિભાગ અમારા વિસ્તારમાં ખુલ્લે આમ બદનામ થઇ રહ્યો છે. દરખાસ્ત કરતી વખતે ઓફિસમાં બેસીને દરખાસ્ત તૈયાર થાય, તૈયાર કર્યા પછી સીધી મોકલી દેવામાં આવે અને પરિસ્થિતિ જમીન ઉપર અલગ હોય, એટલે ગ્રાન્ટ અધૂરી રહેવાથી રોડ અરસ્તાઓના કામ અધૂરા રહે છે. મારા વિસ્તારમાં સીમરણ હોય, આ સીમરણ રોડની દરખાસ્ત ઓફિસમાં બની રોડ અધૂરો રહેવાથી હજુ એ રોડ ચાલુ નથી થયો. એ જ પ્રમાણે બીજો રોડ ક્રાકચ-કેરાળા રોડ એ રોડ પણ દરખાસ્તની ભૂલના કારણે ચાર વર્ષ પહેલા શ્રી નીતિન કાકાએ જોબ નંબર આપ્યા, આજે પણ કામ પૂર્ણ નથી થયું. માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરું છું કે મહુવાનો અમારો વાહન વ્યવહારનો ટ્રાફિક અથવા રાજુલાનો વાહન વ્યવહારનો ટ્રાફિક, વંડાને જોડતો અમારો રોડ છે, જે જિલ્લા પંચાયત હસ્તકનો રોડ છે, તેને સ્ટેટમાં લેવામાં આવે, અને આ રોડને ડબલ પટ્ટી બનાવવામાં આવે તો ઘણો બધો રંઘોળાને જોડતા રોડ સાથે જોડાઇ શકે અને કામ ઘણું સરળ બની શકે તેમ છે. બીજી વાત એ પ્રકારની છે કે દસ કિલોમીટરનો કાયદો હોય, જિલ્લા પંચાયત હસ્તકનો રોડ હોય તો જ એને સ્ટેટમાં લેવામાં આવે તેવો કાયદો છે. અમારો ખાંભા રોડ, પાંચ કિલો મીટર ધજડીની સાથે જોડતો અને ખાંભા તાલુકો જયાંથી ચાલુ થાય, ત્યાંથી સ્ટેટનો રોડ અને પાંચ કિલોમીટર માટે જિલ્લા પંચાયતનો રોડ, ઉનાનો ટોટલ ટ્રાફિક, સાવર કુંડલા આવવા માટે આ રોડ ઉપર ચાલતો હોય તો આને જો સ્ટેટમાં લેવામાં આવે, જિલ્લા પંચાયતની ક્વોલિટી પ્રમાણે એ રોડ બનતાની સાથે જ તૂટી જાય તો એમાં સુધારો લાવવો ઘણો જરૂરી છે. આમાં સુધારો લાવવાની ખાસ જરૂરી છે. રાજુલાથી અમારે ટ્રાન્સપોર્ટ વ્યવહાર ઘણો લાંબો હોવાથી મોટું ગામ અમારું વિજપડી છે એ ગામની અંદર બાયપાસ બે કિલોમીટરનો બનાવવામાં આવે તો દસ હજારની વસતિનું અમારું ગામ છે એ ગામ ટ્રાફિકના લીધે કે વાહનવ્યવહારને લીધે ત્રાહિમામ થઇ ગયું છે એમાંથી મુકિત મળે તો ઘણું બધું સારું થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી નીતિનભાઇએ હરખથી ૫૦ કરોડ રૂપિયાના જોબ નંબર તો આપ્યા છે, પરંતુ અમારી પાસે સ્ટેટના રોડ પૂરતા નહિ હોવાથી અમારી બચત ગ્રાન્ટ જે પડી છે, એ માટે મંત્રીશ્રીને વિનંતી કરું કે ડબલ પટ્ટીનો રોડ એક જિલ્લાથી બીજા જિલ્લાને આપવામાં આવે તો અમારે ભાવનગરથી અમરેલીને જોડતો રોડ ડબલ પટ્ટી થાય તો ત્યાંથી પ્રવાસન એટલે કે યાત્રાળુઓ પાલીતાણાથી લઇને જૂનાગઢ સાથે જોડતો રોડ છે, તો અમારી બચત ગ્રાન્ટ મારફત આપવામાં આવે તો ઘણું બધું સરળ થઇ શકે. ૪૦ વર્ષ પહેલાં અમારે પુજાપાદર અને લીલીયા વચ્ચે પુલ બન્યો છે એ સિંચાઇની અંદર બનેલો છે, એટલે જિલ્લા પંચાયતમાં છે. અધિકારીઓને પણ આજે ખબર નથી તો એની પૂરતી તપાસ કરીને નવો પુલ આપવામાં આવે તો બે ગામને જોડતો પુલ છે, એ આવનાર દિવસોમાં એટલો ખરાબ થઇ ગયો છે કે ગમે ત્યારે ત્યાં વાહનવ્યવહાર બંધ થઇ શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસનની વાત હોય અમારા વિસ્તારની અંદર અંટાળીયા મહાદેવ મંદિર એ મોટું યાત્રાધામ તરીકે જાણીતું છે. ભૂતકાળની અંદર મિનિસ્ટરો આવીને વાતો કરી ગયા છે, પરંતુ પ્રવાસન યાત્રાધામમાં સમાવેશ નથી થયો તો આ અંટાળીયા મહાદેવ મંદિરને યાત્રાધામની અંદર સમાવેશ કરે તો સોમનાથ પછીનું કોઇ મોટું મંદિર હોય તો આ અંટાળીયા મહાદેવનું મંદિર છે એનો સમાવેશ કરીને એને વિકાસને પંથે લઇ જવામાં આવે તો ઘણું બધું સારું થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ક્વોલિટી કન્ટ્રોલની અંદર પત્રો લખીએ, પેપરોમાં જાહેરાત આપીએ. કોઇ વિસ્તારમાં કામ ચાલતું હોય ત્યારે ઓપન ચેલેન્જ કરીએ કે ભાજપ કોંગ્રેસ સાથે મળીને ક્વોલિટી કન્ટ્રોલની અંદર સાથે મળીને ટેસ્ટિંગ લેબોરેટરીમાં મોકલીએ. સંકલનમાં અમારા પ્રશ્નો પડયા હોય છતાં પણ અધિકારીઓ મારફત પેમેન્ટ કરી દેવામાં આવે અને દસ ટકા ડિપોઝિટ રાખી છે એવું અમને આશ્વાશન આપવામાં આવે. આ રસ્તાઓ બનાવવામાં જે એજન્સીઓ કામ કરી રહી છે, એ પ્રજાના પૈસાને એટલા માટે લૂંટી રહી છે કે દસ ટકા થીગડા મારવા માટેનું અમને બતાવતા હોય પછી ગેરન્ટી પિરિયડ પૂરો થઇ ગયો, એટલે સૌથી મોટો ભ્રષ્ટાચાર ચાલતો હોય તો દસ ટકા ડિપોઝિટને માહોલમાં રાખીને આ નબળી કામગીરી થઇ રહી છે. નબળી કામગીરીને કારણે અમારા જિલ્લામાંથી આ બાજુ અમદાવાદ આવીએ તો અમને એમ લાગે કે અમેરિકા આવ્યા છીએ. ત્યાં જઇએ તો એમ લાગે કે બિહારમાં ગયા છીએ. આવી અમરેલી જિલ્લાની હકીકતની વાસ્તવિકતા છે એટલે મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જયારે તમે પ્રવાસમાં આવો ત્યારે રોડની ક્વોલિટી નિહાળજો. લોકોના પૈસાથી ચાલતી આ સરકાર લોકોના પૈસાનો ગેરઉપયોગ થઇ રહ્યો છે અને એજન્સીઓ મારફત અધિકારીઓને ધમકી આપવામાં આવે ત્યારે અધિકારીઓને રક્ષણ નથી મળતું માટે અધિકારીઓ સ્થળ ઉપર કામ નથી કરી શકતા. અસામાજિક તત્વોની એજન્સીઓ છે.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન મંત્રીશ્રી માગણી નંબર ૮૫ અને ૮૬ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

## તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી માર્ગ અને મકાન વિભાગનું સન ૨૦૨૨-૨૩ના વર્ષનું બજેટ લઇને આવ્યા છે. રસ્તાઓથી રાજયનો વિકાસ થવો જોઇએ એને આપણી સરકારે આ વખતના બજેટમાં ૧૨ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. રાજયની આર્થિક અને સામાજિક પ્રગતિ માટે પરિવહનની સુયોજીત અને સુદ્રઢ વ્યવસ્થા અનિવાર્ય છે.

ગુજરાત રાજયમાં રસ્તાઓ સારા બને, ગામડાંના રસ્તાઓ સારા બને, એને પુલો મળે, છેવાડાના માનવીને રસ્તો મળે એના માટેની અમારી ભાજપની સરકાર કામ કરી રહી છે. હમણાં માનનીય સભ્યશ્રી બોલતા હતા કે અમરેલી જિલ્લામાં રસ્તા નથી. આખા ગુજરાતની જયારે વાત કરીએ છીએ ત્યારે એ અંબાજી હોય, પાલીતાણા હોય કે પ્રવાસધામના રસ્તા હોય, ચાર ધામના રસ્તા હોય તમે જયાં જુઓ ત્યાં રસ્તા સારા બને છે. ઔદ્યોગિક વિસ્તારને જોડવાની વાત હોય. જિલ્લા મથકને જોડવાની વાત હોય, કિસાનોના ખેત ઉત્પાદનના વહન માટે કિસાનપથ યોજના હોય, છેલ્લાં ત્રણ વર્ષથી જે યોજના ખૂબ પ્રચલિત બની છે, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના. તેના માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની રકમ અત્યાર સુધીમાં વપરાઇ ચૂકી છે. ગામડાંના રસ્તાની વાત મારે કરવી છે. તમને સમજ પડે તો પાડજો પણ અમારી પ્રજાને સમજ પડે છે. ગામડાંના લોકોને સમજ પડે છે કે રસ્તા કેવા બન્યા છે. ગામડાંમાં યાત્રાધામોના રસ્તા થાય. ગામડામાં બીજા તબક્કામાં ૬,૮૪૮ કરોડ રૂપિયાના ખર્ચે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં ૯૧૯ કિલોમીટરના રસ્તા બન્યા. તમે સાપુતારા જાવ, વલસાડ જાવ, આ તરફ દાહોદ જાવ. મારે એમને કહેવું છે, *(x x x ) એમણે જો રસ્તા બનાવ્યા હોય.

ઉપાધ્યક્ષશ્રી : *(x x x ) એ શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અભેસિંહ મો. તડવી : અમારી બહેનોના ડિલિવરીના સમયે ગામડામાં રસ્તા નહોતા, ત્યારે તેને ઝોળામાં નાખીને તાલુકા લેવલે લાવતા હતા. ભાજપની સરકાર આવ્યા પછી આ રસ્તા બન્યા. તમે ગામડે ગામડે જાવ. મારા તાલુકાની વાત કરું છું. મારા જિલ્લાની વાત કરું છું. મારા મતવિસ્તારની વાત કરું છું. અમારા વિસ્તારની અંદર ૨૧૧ કરોડ રૂપિયાનાં કામો આ વખતે મંજૂર કર્યાં છે. મારે મોદી સાહેબને અભિનંદન આપવા છે. મારા વિસ્તારમાં ૫૭ કરોડ રૂપિયાના ખર્ચે પ્રગતિનાં કામો થયાં છે. નવીન વિશ્રામગૃહ, બોડેલી ગામે નવી કોર્ટનું બિલ્ડિંગ, ૬ કરોડના ખર્ચે કોશીન્દ્રા-ભાખાનો રોડ. બહુ વરસાદ પડ્યો હતો. મારે શ્રી નીતિનભાઇને યાદ કરવા છે. તે વખતે પ્રવાસમાં આવવાના હતા. તે વખતે તેમણે કહેલું, અભેસિંહ, તું સવારે જાહેરાત કરી દેજે. એ કોશીન્દ્રા-ભાખાના પુલનું કામ આજે ચાલુ છે. આ અમારી કામ કરતી સરકાર છે. *(x x x ) તો કંઇ નહીં પણ અમારા વિસ્તારની વાત કરું છું. ગુજરાતના વિકાસમાં સિંહફાળો આપનાર માર્ગ અને મકાન વિભાગ છે. કવાંટથી ફાટાનો ૪૦ કિલોમીટરનો રસ્તો છે એ રસ્તો આજે લખોટી મારે તો સડસડાટ જાય એવો રસ્તો છે. તમારે આવવું હોય તો આવજો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરવી છે કે મારા વિસ્તારમાં રહેણાંકના મકાનો થયા છે. મારે મોદી સાહેબને અભિનંદન આપવા છે. ડુંગરાળ વિસ્તાર રસ્તાથી વંચિત હતો. ત્યાં કોઇ દર્દી હોય તો તેને ઝોળીમાં નાખીને દવાખાને લાવવો પડતો હતો. શ્રી નીતિનભાઇને મેં રજૂઆત કરી હતી. આ ગગનીયાબારીનો રસ્તો નર્મદા નદીને અડીને આવેલો છે. તેમાં ૧૪ કરોડ રૂપિયા, ગગનીયાબારી, હરખોળકુંડા, સાવડીયા એપ્રોચ, સાંકરઆમટા એપ્રોચ. મારા વિસ્તારમાં પહાડી ઇલાકો છે. એ રસ્તે કોઇ જતું નહોતું. આ સરકારે હમણાં મંજૂર કર્યો છે. મારે આ સરકારને અને શ્રી ભૂપેન્દ્રભાઇને અભિનંદન આપવા છે. બોડેલીથી છોટાઉદેપુરનો રસ્તો ટુ લેન છે તેને ફોરલેન કરવામાં આવે એવી પણ મારી લાગણી છે. અલીપુર સુધીનો રસ્તો, જિલ્લા મથક બન્યું છે. અવરજવર બહુ થાય છે તો મારી સરકારને વિનંતી છે કે આ રસ્તો પહોળો કરવામાં આવે. બીજું, તાલુકાથી તાલુકાનો રસ્તો. નર્મદા જિલ્લામાં તાલુકાથી તાલુકાનો રસ્તો. મારા વિસ્તારની વાત કરું તો આદિવાસી વિસ્તારમાં કોંગ્રેસની સરકાર પછી જે પ્રગતિ થઇ છે એ ખરેખર પ્રસંશાપાત્ર છે. ગરીબ લોકો એવું માને છે કે અમને રસ્તા અમારી ભા.જ.પ.ની સરકારે આપ્યો છે. તમને કંઇ સમજ પડતી નથી. હમણાં આ જગ્યા છે એ પણ ઓછી થવાની છે. લોકોને ખબર છે રસ્તા સારા બને છે, આદિવાસી વિસ્તારમાં ઉમરગામથી અંબાજી સુધી જે રસ્તા બને છે એના લીધે આદિવાસી પ્રજા ભા.જ.પ.ની જોડે જ છે અને રહેવાની છે અને તમે લોકો કયાંક ખોવાઇ જશો એની ખબર નહીં પડે. આ સરકારે અત્યાર સુધી ખૂબ કામ કર્યાં છે, સાચું બોલતા શીખો જજો અને ના બોલો તો ઉપરવાળો પણ જોવાનો છે. સત્યના માર્ગે ચાલો, અમારી સરકાર કામ કરતી સરકાર છે. અમે અભ્યાસ કરીને આવીએ છીએ, લોકોની વચ્ચે જઇએ છીએ, એ જે રસ્તા છે એના માટે સરકાર ખરેખર અભિનંદનને પાત્ર છે અને જેનું જે થવાનું હોય એ થાય, તમારું તો થવાનું જ છે, હમણાં માનનીય શ્રી વિજયભાઇ રૂપાણીસાહેબ બોડેલીમાં આવ્યા હતા અને ફાટક બંધ થઇ ગયું તો એમણે કહ્યું કે, અભેસિંહ આ ફાટક કેમ બંધ થઇ ગયું? મેં કહ્યું કે સાહેબ રેલવેનું ફાટક નડે છે તો એમણે શ્રી નીતિનભાઇને ફોન કર્યો કે હું ૫૦કરોડ રૂપિયા મંજૂર કરું છું. આને કહેવાય પ્રગતિશીલ સરકાર. તમારા વખતમાં કામો થતાં હતાં એની વાત કરું તો ચૂંટણી આવે અને બે ગાડીઓમાં મેટલ નાખીને જતા રહે. તમારા વખતમાં મેં જોયું છે. અમે તો એ વખતે અભ્યાસ કરતા હતા એટલે મને ખબર છે, સાહેબ, આદિવાસી વિસ્તારની જે વાત કરી છે આ સરકાર ભા.જ.પ.ની સરકાર છે, કામ કરતી સરકાર છે અને હજી ભા.જ.પ. જ આવવાની છે. તમારો મેળ પડે નહીં. ખરેખર માર્ગ અને મકાનને અભિનંદન આપવા પડે સાહેબ, પહેલા બજેટ થોડું આવતું હતું, અમારા વખતમાં તો બજેટ જ જોરદાર મળે છે, અમારા મંત્રીઓ પાવરફુલ, અમારા મુખ્યમંત્રી પાવરફુલ, અમારા અધિકારીઓ પણ પાવરફુલ છે અને અમારા વખતમાં જે કામ થાય છે એ ડંકાની ચોટ ઉપર થાય છે અને અમારા વખતમાં અમારી સરકાર જે કામ કરે છે એને પ્રજા સમજે છે. પ્રજાને ખબર છે, સંખેડા જવું હોય, બોડેલી જવું હોય, નસવાડી જવું હોય, કવાંટ જવું હોય, છોટા ઉદેપુર જવું હોય તો સડસડાટ ગાડીઓ ચાલે છે. તમારે જે બોલવું હોય તે બોલજો, પ્રજાને ખબર પડી ગઇ છે કે આ કામ કરતી સરકાર છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જિલ્લા તાલુકા પંચાયતમાં તો સફાયો થઇ ગયો છે એટલે બીજું કંઇ તો રહેવાનું નથી, તમે મનમાંને મનમાં સળગાવ. બસ ભા.જ.પ.ની સરકાર જ આવશે. આ માગણીઓને હું સમર્થન કરું છું.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આજે બજેટ ઉપરની માર્ગ અને મકાન ઉપરની માગણીઓનું પ્રવચન હોવું જોઇએ, એમાં સરકારે કરેલા કામની પ્રસંશા પણ થાય અને સરકારનાં જે કામો બાકી છે એની માગણીઓ થાય, એની માગણી કરી છે પરંતું આખું પ્રવચન ચૂંટણી સભા સંબોધતા હોય એવું કર્યુ છે અને *(x x x )

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો મેં કાઢી નાખ્યા છે.

ડો. સી. જે. ચાવડા : તમે કાઢી નાખ્યા પછી પણ એ વારંવાર બોલ્યા છે એટલે એમનું આખું પ્રવચન રદ કરવામાં આવે એવી મારી માગણી છે.

ઉપાધ્યક્ષશ્રી :પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. માનનીય શ્રી જશુભાઇ આપ આપનું પ્રવચન ચાલુ કરો.

શ્રી જશુભાઇ શી. પટેલ(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાનની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિસ્તારના પ્રશ્નો માટે એમને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મોદી સાહેબ આમ તો ખૂબ ઉદાર છે, મારા હક્કના, મારા વિસ્તારના જોબ નંબર થોડા ઘણા આપવાના બાકી છે, મારો છેવાડાનો વિસ્તાર છે, રાજસ્થાનને અડીને આવેલો વિસ્તાર છે, ઓ.બી.સી. વસ્તી ધરાવતો આ વિસ્તાર છે. એમને રસ્તાની ખૂબ જરૂર છે. ઉદાર હાથે આ વિસ્તારના લોકોને મદદ કરવા માગતા હોય, શાળામાં ભણતા બાળકો શિક્ષણથી વંચિત ન રહે અને એમને આરોગ્ય મળે એ માટે રસ્તાની ખૂબ જરૂર છે. ખૂટતા જોબ નંબરો છે એ વહેલી તકે આપો એવી વિનંતી છે. મારા મત વિસ્તારમાં રણોદરાથી હેમાતરા-ધીમાતરા થઇને ધનસુરા આવતા ૨૦ કિલોમિટર જેટલું અંતર કાપીને જવું પડે છે. ત્યાં બ્રિજની માગણી કરી છે. જો બ્રિજ આપવામાં આવે તો આ વિસ્તારની ૪૦ હજારની વસતિને સીધું ધનસુરા બાળકોને શિક્ષણ માટે સરળતા થાય તેમ છે. બાકી રહેલ રસ્તાઓમાં ખાસ કરીને માર્ગ અને મકાન જે રીતે કામ કરી રહ્યું છે એમાં પણ મારા વિચારો રજૂ કરું છું. માર્ગ અને મકાન વિભાગ ધીમી ગતિએ ચાલે છે. જોબ નંબરો આપે છે પણ એની વહીવટી મંજૂરી, ટેન્ડર, એસ્ટિમેટ અને વર્ક ઓર્ડર આપવામાં ખૂબ સમય લાગે છે એના કારણે સરકારી નાણાં પડી રહે છે. આ નાણાં પડી રહેવાના કારણે સરકારની પણ વગોવણી થાય છે અને લોકો અમારી પાસે પૂછવા આવે છે કે અમારા આ રસ્તાનું શું થયું? બીજું મારા માલપુર તાલુકાની વાત કરું તો માલપુર ગામની અંદર એક લાખનો રસ્તો બનાવ્યો. મારા ખ્યાલથી ૧૦ થી ૧૫ લાખનો રસ્તો બનાવ્યો છે પણ એક એક લાખના પીસમાં, પણ આ રસ્તાને માત્ર ત્રણ માસ થયા અને ત્યાં આજે ધૂળ ઉડી રહી છે. ટેકનિકલ સ્ટાફ ઓછો હોવાના કારણે અથવા તો એમની રહેમ નજર હેઠળ કામની ક્વોલિટી જે જળવાવી જોઇએ એ જળવાતી નથી. આના કારણે સરકાર વગોવાય છે. લોકોના આ પૈસાનો ઉપયોગ થવો જોઇએ અને કામ થવું જોઇએ અને એમને જવા-આવવામાં તકલીફ ન પડે એ ખાસ જોવાની જરૂર છે. સી.સી. રોડ છે એ ૧: ૪ માં બનાવવામાં આવ્યા પણ ૧ : ૫ : ૧૦ ની અંદર બનાવવામાં આવ્યા હોય એમ લાગે છે, એમાં સિમેન્ટનું પ્રમાણ ખૂબ ઓછું અને એની ક્વોલિટી પણ જળવાતી નથી. ક્વોલિટી જળવાઇ રહે એ બાબતે ધ્યાન રાખવાની જરૂર છે. ગઇ ૧૭ તારીખે જણાવ્યું હતું કે કામો ઝડપથી પૂરાં કરીશું પણ આજદિન સુધી એ કામો થતાં નથી. ખાસ કરીને મારા વિસ્તારમાં સ્ટેટ અને પંચાયતનો વિવાદ છે એમાં ચમાદપુરનો રસ્તો છે એમાં

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

નથી તો એની માલિકી પંચાયતની કે નથી સ્ટેટની ૧૫ વર્ષ પહેલાં ડામર રોડ થયેલો એમાં આજે ડામરની એક કાંકરી પણ નથી. આ રોડની માલિકી કોની છે એ નક્કી થતું નથી. સત્ર દરમિયાન મેં ભીમપૂરાથી ઉભરાણનો રસ્તો ત્રણ મિટરનો પહોળો છે. બે સાઇડ સ્ટેટનો રસ્તો છે. એની બન્ને સાઇડ ૭ મિટર પહોળો છે. આર.એન્ડ બી.એ આ ટેક-ઓવર કરવાનો છે પણ એ કાર્યવાહી થતી નથી. આર.એન્ડ બી.ના સાહેબો કઇ રીતે કામ કરી રહ્યા છે. જે તે સમયે માનનીય મંત્રીશ્રીએ ખાતરી આપેલી તેમ છતાં આ કામ પૂરું થતું નથી.

શ્રી વાસણભાઇ ગો. આહિર(અંજાર) : **माननीय अध्यक्ष श्री, आज इस सदन में हमारे टूरिज़म के मिनिस्टर श्रीमान मोदीजी अपनी डिमान्ड नंबर 51 लेकर आए हैं। उसके समर्थन में मैं अपनी बात करना चाहता हुं।**

**माननीय अध्यक्ष श्री, आज शहीद दीन है। हमारे इस देश को आज़ादी दिलवाने के लिए वीर भगत सिंह, राजगुरु और सुखदेव जैसे अनेक नामांकितोने अपने बलिदान दिए हैं। ऐसी ये तेईसमी मार्च के लिए हमारे बाहोश एडवोकेट और पार्लामेन्टरी मिनिस्टर आदरणीय राजेन्द्र भाई दरखास्त लेकर आए हैं। काफी चर्चा भी हुई। और मुझे ये सुन के बहुत खुशी हुई की देश को आज़ादी दिलवाने के लिए आज इस सदन में**

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

प्रतिपक्ष और भाजपा साथ में रहा। **I Real y Proud of You.** कुछ बात में तो हम साथ में बैठ सकते हैं। आनेवाली पीढ़ी के लिए हमारे देश के प्रजावत्सल प्रधान मंत्री आदरणीय नरेन्द्र भाई मोदीजी ने इन शहीदों के लिए, इस देश को आज़ादी दिलवाने वाले महात्मा गांधी हो चाहे सरदार वल्लभ भाई पटेल हो, चाहे पंडित श्यामजी कृष्ण वर्मा जी हो, उनको छाजे ऐसी तीन विरासत इस हिन्दुस्तान में और गुजरात में खड़ी की है।

माननीय अध्यक्ष श्री, आप और मैं, जहां से आ रहे हैं। हम कच्छ डिस्ट्रीक्ट से हैं। उस कच्छ डिस्ट्रिक्ट में मांडवी के सपूत आदरणीय श्रीमान श्यामजी कृष्ण वर्मा जी ने सालों तक जीनीवा में रहकर उन्हों ने अपने स्टूडन्ट्स खड़े किये। उनको तालीम दी। देश को आजादी मिले उस के लिए सालों तक काले पानी की सजा भुगती। और जाते-जाते समय अपनी धर्म पत्नी भानुमति जी को उन्हों ने बताया कि, मुझे पता है, मेरा दृढ विश्वास है की एक दिन अपना भारत देश आज़ाद होगा। और इस आज़ाद भारत देश में कोई माई का लाल मेरी अस्थियां ले कर और मेरी जहां जन्मभूमि है, गुजरात के कच्छ में मांडवी में वहां लेकर जाएगा ऐसा मुजे संपूर्ण भरोसा है।

माननीय अध्यक्ष श्री, सालों बीत गए, आज़ादी मिली। लेकिन किसी ने उनको याद करने की कोई तकलीफ न ली। किसी को याद नहीं आया। लेकिन ये गुजरात के पनोते पुत्र और देश के प्रजावत्सल प्रधान मंत्री आदरणीय श्री नरेन्द्र भाई मोदी जी ने, जिन का एक शौख है इतिहास पढ़ने का। और इतिहास पढ़ते पढ़ते उनकी नजर में आया कि मेरे देश की आज़ादी दिलवाने के लिए जिन्हों ने अपनी जान गवांई है, उसकी अस्थियां लेने के लिए, उसकी मुराद पुरी करने के लिए, उसका वचन पूरा करने के लिए, ये वचन कौन उठाएगा। मैं उठाउंगा। और उसी वक्त वो यहां से जीनीवा गए। जीनीवा से बाय प्लेन अस्थियां लाई गईं। उन्हों ने मुंबई से मांडवी तक की अस्थीयात्रा निकाली। आज देढ सौ करोड रूपए की लागत लगाकर मांडवी में ईन्डिया हाउस बनाया है। उस के आप और हम साक्षी हैं। आज वहां आकर हमारी आनेवाली पीढ़ी, हमारे नव जवान उस में से काफी अच्छा ज्ञान प्राप्त कर सकते हैं। और वो एक टूरिज़म का भी माध्यम बना है।

ऐसे ही अगर हम दुसरी बात करें तो टूरिज़म को बढ़ावा देने के लिए इस देश के लोह पुरुष श्रीमान वल्लभ भाई पटेल जी को छाजे ऐसी स्टेच्यु ओफ युनिटी बना कर पूरे देश और दुनिया को उन्हों ने एक मेसेज दिया है। आज हजारो-लाखों की तादाद में लोग स्टेच्यु ओफ युनिटी की मुलाकात ले रहे हैं। आज वहां हमारा आदिवासी क्षेत्र रोजगारी से भरा पडा है।

आज हमारे लिए अत्यंत आनंद और खुशी की बात है की, जिस शहर में हम यहां रहते हैं, जो हमारे गुजरात की राजधानी है, गांधीनगर। गांधीनगर में भी गांधीजी को छाजे ऐसी कोई विरासत बनाने के लिए पूर्व में किसी भी पोलिटिशियन ने सोचा नहीं था। लेकिन ये आज हमारा सदभाग्य है कि इस देशके प्रजावत्सल प्रधान मंत्री श्री नरेन्द्र मोदी जी, गुजरात के पनोते पुत्र, सवाये कच्छी ऐसे नरेन्द्र भाई मोदी जी ने आज महात्मा मंदिर बनाकर पूरे देश और दुनिया को उसको छाजे ऐसी सन्मानता दी है।

आज टूरिज़म के बारे में बात करुं तो टूरिज़म-पर्यटन क्षेत्र में भी राज्य में काफी बदलाव हुआ है। एक दिन ये टूरिज़म का जो बजट था वो पैंतीस करोड रुपए का था, जो सन **2021-22** में बढ़कर चार सौ सतासी करोड़ रुपए हो गया था।

अध्यक्ष श्रीः आप के पास दो मिनिट हैं।

वासण भाई आहिर, माननीय अध्यक्ष श्री, पिछले साल जो बजट चार सौ सतासी करोड रुपए का था, लेकिन आज जो हमारे आदरणीय पूर्णेश मोदी जी ये जो डिमान्ड लेकर आए हैं इस साल में चार सौ चौसठ करोड़ रूपए के प्रावधान किया गया है।

अध्यक्ष श्रीः दो मिनिट।

वासणभाई आहिर माननीय अध्यक्ष श्री, और नई-नई बातें इस में ली गई हैं। जहां से आप और हम आ रहे हैं, ऐसे हमारे कच्छ की मरु भूमि, जहां पशु-पक्षी को भी पीने के लिए पानी नहिं मिलता था। उस जगह पर आज से पचास साल पहले अपने देश के प्रजा वत्सल प्रधान मंत्री नरेन्द्र मोदीजी जाते थे, तब वो संघ के कार्यकर्ता होने के नाते जाते थे। और वहां उन्हों ने ये कला देखी और पचास साल पहले वहां के गुलबेग शेख को बताया था। बन्नी के क्षेत्र का जो आज के धोरडो का सरपंच है, मियां हुसेन है, उनके फाधर को, कि गुलबेग शेख, आज मेरा मन ऐसा कहता है की एक दिन पूरा विश्व ये तुम्हारे रण को देखने के लिए पागल होगा। **Today it is a Reality. No only the word, but really accepted by the people of the world. White Desert.** आज वास्तविकता है। आप को और मुझे पता है की भुज से वहां जाने के लिए **85** किमी की दूरी है। आज टूरिज़म डिपार्टमेन्ट ने होम स्टे पोलिसी बनाई। आज कम से कम पांच सौ लोग अपने घर में रह कर, गेस्टों को सुविधा देकर, आज होम स्टे पोलिसी का अमल हो रहा है। बड़ी खुशी की बात है। वहां के पशुपालक हैं। गरीब लोग हैं। वे भी आग किसी भी गेस्ट को लाकर बिठाते हैं। घर जैसी महेमान नवाज़ी करते हैं। उनका स्वागत करते हुए गुजरात की एक अच्छी ईमेज बनाते हैं।

अध्यक्ष श्रीः आपनुं प्रवचन पुरुं थाय छे।

वासण आहिर, माननीय अध्यक्ष श्री, मैं एक बात कहकर अपनी बात पूरी करुंगा। मुझे ये खुशी है साड़े पांच हजार साल पहले हमारे धोलावीरा की जो विरासत मिली थी। उस में इस देश के प्रजावत्सल प्रधान मंत्री श्री नरेन्द्र भाई मोदीजी वर्ल्ड हेरिटेज में जो युनिसेफ ने लिया। आज चार दिन पहले आप और मैं, घोलावीरा में साथ में थे।

माननीय अध्यक्ष श्री, आप और हम लोग, पूज्य मोरारी बापू की आज वहां कथा चल रही है। आज मुझे बड़ी खुशी है, पूज्य बापू ने भी इस बात का ज़िकर किया। आनेवाले दिनों में ये हमारे कच्छ को और चार चांद लगेगें। इस में कोई शंका की बात नहीं है। मेरा एक लास्ट सुझाव है, पर्यटन मंत्री और आरएन्डबी मिनिस्टर जी को, कि बामण का जो सिंगल रास्ता है, वो अगर रास्ता बने तो, धोलावीरा से और भुज से, और रापर से जाकर बहोत सारा डिस्टन्स कम हो सके। काफी सालों से इसकी मंजूरी दी गई है। लेकिन कुछ न कुछ वजह से धोलावीरा तक का यह रास्ता नहीं बन रहा है। तो उसके लिए भी माननीय पूर्णेश मोदी जी पर्सनली ईन्टरेस्ट लेकर इस धोलावीर को चार चांद लगे ऐसा विकास करे। यही प्रार्थना के साथ बहोत बहोत धन्यवाद। भारत माता की जय।

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસનની વાત કરું તો સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આ દેશના માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા ૫૬૨ રજવાડાઓનું મ્યુઝિયમ બને તે માટેની વાત કરવામાં આવી હતી. માનનીય મંત્રીશ્રીને અપીલ, વિનંતી કરીશ કે આપના જવાબમાં એ મ્યુઝિયમની કામગીરી કયાં સુધી આવી છે એ ચોક્કસપણે જણાવે. આ બાબતમાં એક પ્રસંગ ચોક્કસપણે આજે કહીશ. ક્ષત્રિયોનો ઇતિહાસ ત્યાગ, બલિદાનનો રહ્યો છે. હંમેશા પ્રજા હિત માટે વિચારતા આવ્યા છે. એ પ્રસંગ વિષે વાત કરું તો ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારજીએ સરદાર વલ્લભભાઇ પટેલને જ્યારે આમંત્રણ આપ્યું. પોતાનું રાજ્ય, પ્રજા હિત માટે, દેશ હિત માટે આપવા માટેની વાત કરી. આ દેશના ચરણોમાં સમર્પિત કર્યુ. તે પ્રસંગે મહારાણી શાહિબા હતા. એમણે પૂછવા માટે વજીરને મોકલ્યા. હું મારું તમામ આ દેશ માટે, પ્રજા હિતના કાર્ય માટે અર્પણ કરી રહ્યો છું. તો આપશ્રી તમારે ત્યાંથી જે પણ વસ્તુ લાવ્યા હોય તો આપની પરવાનગી સિવાય હું આપી નહિ શકું. ત્યારે મહારાણી સાહિબાએ જવાબ આપ્યો હતો કે જ્યારે હાથી જતો હોય

ત્યારે એનો શણગાર, આભુષણ એ પણ એની સાથે જતા હોય. મારી પણ તમામ વસ્તુ આ દેશની સેવા માટે અર્પણ કરી રહી છું. સરકારશ્રીને વિનંતી કરીશ કે વહેલી તકે આ સમગ્ર ઈતિહાસ, આ ૫૬૨ રજવાડાઓનો ઈતિહાસ વહેલી તકે પ્રજા સમક્ષ આવે તે માટે મ્યુઝિયમની કામગીરી કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત માર્ગ અને મકાન વિભાગની કરવા માગુ છું. પાદરા જંબુસર ફોરલેન રોડ વારંવાર એની જાહેરાતો કરવામાં આવી છે. વાયદો, વચન આપવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૭ માં એવું કહેવામાં આવ્યું કે ૧૦૦ કરોડના ખર્ચે પાંદરા, જંબુસર ફોરલેન રોડ બની જશે સરવે ચાલે છે. તો શું સાડા ચાર વર્ષ સુધી સરવે જ ચાલી રહ્યો છે? ૪૦૦ લોકોએ અકસ્માતમાં જીવ ગુમાવ્યા છે. કોઇ પરિવારે પોતાનો ભાઇ ગુમાવ્યો છે, કોઇ પરિવારે પોતાના પિતા ગુમાવ્યા છે તો કોઇ પરિવારે પોતાના મા-બહેન ગુમાવ્યા છે. ૮૫૨ અકસ્માતો આ રોડ પર થયા છે. હજું સુધી આ સરકારશ્રીને કેટલી રાહ જોવી છે? આ રોડ તે અકસ્માતોની વણઝાર બન્યો છે. રોડ લોહિયાળ બન્યો છે તે વડોદરા માર્ગ અને મકાન વિભાગ પણ સારી રીતે જાણે છે. જયારે પણ અકસ્માત થાય છે, કોઇ ફેટલ થાય છે ત્યારે તેમને પણ આ સર્વેમાં જવું પડતું હોય છે. એટલે વડોદરા જિલ્લામાં સૌથી વધારે રોડની જરૂરિયાત હોય તો તે પાદરા-જંબુસર ફોર લેન રોડની જરૂરિયાત છે, કારણકે દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્રને જોડતો મુખ્ય રસ્તો છે. તેમ છતાં પણ હજી સુધી તે રોડને મંજૂર કરવામાં આવ્યો નથી. તો વહેલી તકે આ રોડની કામગીરી શરૂ થાય, રોડ મંજૂર કરવામાં આવે અને નિર્દોષ લોકોના જીવ જતા અટકે.

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન વિભાગના અને અમારા દક્ષિણ ગુજરાતનું ગૌરવ કહેવાય એવા માનનીય મંત્રીશ્રી પૂર્ણેશભાઇ મોદી સાહેબ જે વર્ષ૨૦૨૨-૨૩ ના વર્ષની અનુદાન માટેની માગણી નંબરઃ ૮૫ અને ૮૬ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની આર્થિક અને સામાજિક પ્રગતિ માટે પરિવહનની સુયોજિત અને સુદ્રઢ વ્યવસ્થા અનિવાર્ય છે. છેલ્લા બે દશકામાં રાજ્ય ધોરીમાર્ગો તેમજ ગ્રામ્ય રસ્તાઓના વિસ્તૃતીકરણ અને શુદ્ધિકરણ માટે થયેલ કામોના પરિણામે રાજ્યમાં આજે આંતર રાષ્ટ્રીય સ્તરના રસ્તાઓનું નેટવર્ક પથરાયેલ છે. આ ગતિને વધુ વેગ આપી અંતરિયાળ વિસ્તારોમાં રસ્તાઓના વિકાસ માટે અમારી સરકાર આયોજન કરી રહેલ છે. હાલમાં રાજ્યમાં ૨૩,૦૦૦ કરોડની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં જુદા જુદા રસ્તાઓનાં કામો પ્રગતિ હેઠળ છે. અમારી નવી સરકાર અને શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર તથા અમારા નવા કહેવાય પણ આખા રાજ્યની જનતાને ચોમાસાના સમયમાં જયારે જયારે રોડ પર ખાડા પડયા, ત્યારે જનતા પાસેથી વોટ્સઅપ પર માહિતી માગી કે તમારા વિસ્તારમાં કોઇ રસ્તા પર ખાડા પડયા હોય તો અમને માહિતી આપો. તે જનતા પાસેથી જાહેરમાં માહિતી માગવાની આ સરકાર હિંમત કરે છે ત્યારે માનનીય મંત્રીશ્રી તેવા અમારા શ્રી પૂર્ણેશભાઇ મોદી સાહેબને ધન્યવાદ આપું છું. આજે એકપણ રસ્તા પર ખાડો રહેવા દીધો નથી. આ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અને શ્રી પૂર્ણેશભાઇ મોદી સાહેબે અને આપણે ત્યાં કહેવત છે કે, માગ્યા વગર મા પણ ન પીરસે. માગ્યા વગર આ ગુજરાતની જનતાને જયાં જયાં નાના પુલિયા, કોઝવે હતા, જયાં જયાં લોકોને અવર જવર માટે મુશ્કેલી હતી, નાનાં બાળકો પણ સ્કૂલે ન જઇ શકે અને જયારે જયારે કોઇ બિમાર પડે ત્યારે લોકોને દવાખાને જવાની મુશ્કેલી પડે તેવા અંતરિયાળ વિસ્તારમાં ૨૯૫ જેટલા પુલો બનાવ્યા છે. ૪૬૧.૫૦ કરોડ રૂપિયાની મંજૂરી આપીને વગર માગ્યે આ ગુજરાતની જનતાને ૨૯૫ જેટલા પુલો આપવાનું ભગીરથ કાર્ય કર્યું છે તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. જયારે જયારે આ રસ્તા, પુલો અને બાંધકામ વિભાગની વાત થતી હોય ત્યારે હું અમારા શ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અભિનંદન તો આપું જ છું. કારણકે મારું નામ પુલવાળો પડી ગયું છે. હું નવ નદીના કાંઠાના વિસ્તારમાંથી ચૂંટાઇને આવું છું. નવ નદીઓના કાંઠા પર જે આદિવાસી વિસ્તાર આવેલો છે તે આદિવાસી વિસ્તારોમાં લોકો હોડીઓમાં જતા હતા, તેમને ઘણી બધી મુશ્કેલીઓ પડતી હતી. નવ નદીનો કાંઠો આવ્યો હોય તો તેને પુલોની કેટલી જરૂરિયાત હોય તેની આપણે બધાએ કલ્પના કરી લેવી પડે. એ આપણે બધાએ કલ્પના કરી લેવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે માનનીય શ્રી નીતિનભાઇ પટેલ સાહેબને ધન્યવાદ આપવા છે.મારે આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને કે, જે સમયે તેઓ આપણા રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે હું ૧૦૦ સરપંચોને લઇને એમની પાસે ગયો હતો, મારા વિસ્તારમાં ૯ નદીઓ આવેલી છે અને એ ૯ નદીઓના કાંઠા પર મારો આદિવાસી સમાજ વસે છે ત્યાં અમારે એક પુલની ખૂબ જરૂરિયાત છે એવી રજૂઆત કરતાની સાથે જ અમારી પૂર્ણા નદીના કાંઠા પર વડિયા અને કંજોડ બે ગામને જોડતા એક પુલનું ખાતમુહૂર્ત કરવા આ દેશના વડાપ્રધાન આવ્યા હતા. આ દેશના વડાપ્રધાનને હું ધન્યવાદ આપુ છું. આજે વિશ્વના ફલક ઉપર આ દેશના વડાપ્રધાનનું નામ બોલાય છે. હું તો એમના માતૃશ્રી અને પિતાશ્રીને ધન્યવાદ આપવા માગુ છું. આપણા દેશના વડાપ્રધાન જેનું પગલું પડતાની સાથે અમારી ૯ નદીઓના કાંઠા વિસ્તારમાં ૪૬ જેટલા પુલો બનાવવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની અમારી સરકારે કર્યું છે ત્યારે મને એ વાત કહેતા ખૂબ આનંદ થાય છે. હું દેશના વડાપ્રધાનની મા હીરા બાને ધન્યવાદ આપવા માગુ છું કે આવા મહાન દીકરાને જન્મ આપ્યો છે કે જેણે વિશ્વના ફલક ઉપર આ દેશનું નામ રોશન કર્યું છે એવા નરેન્દ્રભાઇ મોદી સાહેબને ધન્યવાદ આપું એટલા ઓછા પડે. એમનાં પગલાં પડતાની સાથે મારા વિસ્તારમાં ખૂબ પુલો બન્યા છે અને પુલો કેવા બન્યા છે સાહેબ, શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે એક પુલનું ઉદઘાટન કર્યું ભારત માલા નામ આપ્યું અને આજે ત્યાં અમારા વિસ્તારમાં આદિવાસી સમાજના લોકો એ પુલને જોવા અને ફોટા પાડવા માટે આવે છે. હમણા માનનીય શ્રી સુખરામભાઇ રાઠવા સાહેબ કહેતા હતા અને અમારા આદિવાસી સમાજને ગેરસમજ આપીને આંદોલન કરી રહ્યા છે. હું રાઠવા સાહેબને કહેવા માગુ છું કે, આદિવાસી વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે વિકાસનાં જે કામો કર્યાં છે એ ખૂબ સારાં કર્યાં છે. અમને કહેતા આનંદ થાય છે અને મારા મત વિસ્તારની જ વાત કરું તો પંચાયત વિભાગ હેઠળ છેલ્લાં ત્રણ વર્ષમાં રૂપિયા ૧૫૫.૦૮ કરોડના કુલ ૧૨૮

કામો, ૨૭૧.૨૮ કિલોમીટરની લંબાઇના રસ્તાના મંજૂર થયેલા છે તે પૈકી રૂપિયા ૩૬.૫૭ કરોડના ૪૬ કામો ૧૦૮.૨૬ કિલોમીટરની લંબાઇના પૂર્ણ કરવામાં આવેલ છે. રૂપિયા ૯૬.૯૫ કરોડના ૩૧ કામો ૧૫૭.૨૨ કિલોમીટર લંબાઇના પ્રગતિ હેઠળ છે. આ ત્રણ વર્ષનો હું હિસાબ આપુ છું.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન મંત્રીશ્રી માર્ગ અને પુલો માટેની માગણીઓ લઇને આવ્યા તેના પર હું મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં રૂપિયા ૧૨,૦૨૪ કરોડની જોગવાઇ છે, જેમાં રેલવે ક્રોસિંગ પરના ઓવરબ્રિજ બાંધવા માટેની પણ જોગવાઇ કરેલી છે. હું મારા મત વિસ્તાર આણંદ શહેરની વાત કરું તો આણંદ શહેર ખૂબ મોટું શહેર છે જે આણંદ-ખેડા-વડોદરા-અમદાવાદના મુખ્ય માર્ગો સાથે જોડાયેલું છે ત્યારે મારે આણંદ સરદાર બાગ પોલીસ ચોકીથી પસાર થતો ઓવરબ્રિજ કે જે સામરખા ચોકડી પૂરો થાય છે એની મારે વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઓવરબ્રિજ ઘણો જૂનો છે. સામરખાં ચોકડીથી નેશનલ હાઇવે નંબર-૮ અને એકસપ્રેસ હાઇવેને પણ ડાકોર જવાનો રસ્તો પણ આમાં જોડયો છે. આ ઓવરબ્રિજ ૩૦ વર્ષ પહેલાં બનેલો અને વસતિ વધારાને કારણે ખૂબ જ ટ્રાફિકની સમસ્યા થાય છે આજુબાજુમાં ખૂબ જ રહેણાંક વિસ્તાર આવેલો છે ત્યારે આ વાહન-વ્યવહાર અટવાય છે તેના કારણે ઘણાં બધા એકસીડન્ટો થાય છે અને ઘણા લોકોએ આમાં જીવ પણ ગુમાવ્યાં છે. આ ઓવરબ્રિજ જે જૂનો છે તે હાલ ૭ મીટર એટલે કે ૨૧ ફૂટ પહોળો અને તેની આગળ પાછળનો જે ફોરલેન છે જે ૪૨ ફૂટ પહોળો છે જેના કારણે આ ઓવરબ્રિજની ઉપર ખૂબ જ મોટા અકસ્માતો થાય છે માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આ ઓવરબ્રિજ જે છે તે ફોરલેનનો બનાવવામાં આવે. આ ઓવરબ્રિજ ઘણો જર્જરિત છે અને અગાઉ પણ સરકારશ્રીમાં દરખાસ્ત આવેલી પણ આજદિન સુધી તેનો કોઇ નિકાલ થયો નથી તો તેનો નવો સરવે કરાવી અને ફોરલેન કરવા માટેનો આ ઓવરબ્રિજ માટેની મારી એક માગણી અને લાગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ફોરલેન કરવા માટે અગાઉ પણ મેં ખાતા મારફત સરકારમાં દરખાસ્ત કરી હતી તો તેને પણ આપ ઘ્યાને લેશો અને મારી લાગણી અને માગણી સાથે આ ઓવરબ્રિજ થાય તેના માટેની વાત છે. આણંદ શહેર માટ અમૂલ જેવી વિશ્વ વિખ્યાત ડેરી આવેલી છે તેની અંદર એનડીડીબી, ગુજરાત યુનિવર્સિટી તમામ આવેલા છે. આણંદ શહેરમાં જયારે પ્રવેશ કરીએ છીએ ત્યારે આણંદ ગણેશ ચોકડીનું ફાટક, રેલવે ફાટક અને ગણેશ ચોકડીનો ઓવરબ્રિજ બન્નેની માગણી ગુજરાત સરકારમાં ઘણા વખતથી કરી છે. મને જાણ છે ત્યાં સુધી રેલવેવાળો ઓવરબ્રિજ મંજૂર થયો છે, પણ જે ગણેશ ચોકડીવાળો ઓવરબ્રિજ હજુ બાકી છે તો આ બન્ને ઓવરબ્રીજો એકબીજાને સંલગ્ન છે જેથી તેને પણ મંજૂર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વાહન-વ્યવહાર જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં માગણી નંબર-૭૪ને મારૂં અનુમોદન આપુ છું અને વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષના અનુદાન પરની માગણીઓ ઉપર મારા વાહન-વ્યવહાર પરની ચર્ચામાં ભાગ લેતાં હું મારા વિચારો આ ગૃહમાં રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન-વ્યવહાર અને માર્ગ મકાન વિભાગ આમ તો આ એકબીજાના પૂરક છે. ભાજપનો મંત્ર છે કે ગતિ સાથે સલામતી કારણ કે જો ગુજરાતનો વિકાસ કરવો હોય તો રોડ, રસ્તા સારા હોય અને ગામે ગામની કનેક્ટિવીટી હોય અને તેમાંય બસની સુવિધાઓ હોય તો આ ગુજરાત ગતિશીલ રીતે આગળ વધી શકે છે. એવુ જ જયારે માનનીય અટલજીએ એક્સપ્રેસ વેનો કન્સેપ્ટ મૂકયો અને આ દેશને એક્સપ્રેસ હાઇવે મળવા લાગ્યા. જયારે ગુજરાત વાહન-વ્યવહાર વિભાગની વાત કરું તો મારા માટે મોસાળમાં જમવાનું અને માં પીરસનાર હોય એવા અમારા સુરતના માનનીય મંત્રીશ્રી પૂર્ણેશભાઇ અને મારી વિધાનસભાની અંદરથી પસાર થતા હોય છે, એટલે મારી વિધાનસભાની તમામ સમસ્યાઓથી વાકેફ હોય છે. હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપુ છું કે મારૂં કામરેજ ખાતે આધુનિક ઢબનું બસ સ્ટેન્ડ બનાવવાનું જે કામ આવી ગયુ છે અને તેમનુ હમણાં ટૂંક સમયની અંદર ખાતમુહૂર્ત થવાનું છે. એવી જ રીતે કામરેજ સહિત આવા અંદાજે ૧૪ જેટલા બસ સ્ટેશનોનું ટૂંક સમયમાં ખાતમુહૂર્ત થવા જઇ રહ્યું છે. કોંગ્રેસ હંમેશા ડેપો કલ્ચરમાં જ રહી હતી, ત્યારે ભાજપ એરપોર્ટ અને સમકક્ષ એવા અમદાવાદ, વડોદરા, રાજકોટ, મહેસાણા, સુરતમાં બસ સ્પોટ અને પ્રજાની સેવામાં ઉપલબ્ધ કરાવ્યા છે, વાત અહીંયા અટકતી નથી સાયલા, સરા, ગોંડલ, ટંકારા વિગેરે હમણાં જ તાજેતરમાં પ્રજા સમક્ષ મૂકવામાં આવ્યા છે આમ પાલનપુર બસ સ્પોટ પણ તૈયાર થઇ ગયુ છે. આ પ્રક્રિયા અહીંયા ઉભી રહેતી નથી આમ જ તમામ બસ સ્ટેન્ડો આધુનિક બનાવવા જઇ રહ્યાં છે. મંત્રીશ્રીને જેટલા પણ અભિનંદન આપીએ એટલા ઓછા છે. મારું સૂરત શહેર અને સુરતના તમામ વિસ્તારના લોકો રોજી-રોટી માટે ત્યાં સ્થાયી થયા હોય ત્યારે દિવાળીનો તહેવાર હોય ત્યારે વાહન વ્યવહાર મંત્રીશ્રીએ તા.૩૧/૧૦/૨૦૨૧ થી તા.૧૬/૧૧/૨૦૨૧ સુધી ૨૨,૭૦૦ વધારાની બસ ટ્રિપ આપવામાં આવી હતી અને એમાં ૧૧,૦૬,૮૧૯ મુસાફરોએ લાભ લીધો હતો. એ માટે હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ રાજયમાં નાના પરિવારોના ઘરે પ્રસંગ હોય ત્યારે એ પ્રાઇવેટ લક્ઝરી ન બાંધી શકે તો એમને મંત્રીશ્રી દ્વારા અને ભાજપની સરકાર દ્વારા ગ્રુપ મુસાફરી માટે બે માસમાં ૧૦૦ કુટુંબોને નજીવા દરમાં આ બસો પૂરી પાડી છે. એવી જ રીતે વર્ષ૨૦૨૨-૨૩ના વર્ષમાં રૂ.૩૬૭ કરોડના ખર્ચે ૧,૨૦૦ નવી બસો ખરીદવાની દરખાસ્ત સરકારમાં કરવામાં આવી છે, જેમાં ૧,૨૦૦ બસોમાં ૪૦૦ સુપર એક્સપ્રેસ (૩ x ૨), ૨૦૦ સેમી લક્ઝરી, ૪૦૦ મીની બસો, ૨૦૦ નાની હાઇ એન્ડ (૨ x ૨) બસો અને ૫૦ ઇલેક્ટ્રિક બસોની દરખાસ્ત કરવામાં આવી છે. ગુજરાતના પ્રદૂષણમાં ઘટાડો કરવા માટે અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન મળે એ માટે ઝીરો (૦) એર પોલ્યુશન ધરાવતી ૫૦ ઇલેક્ટ્રિક બસો સંચાલનમાં મૂકવામાં આવનાર છે. મંત્રીશ્રીને મારું સૂચન પણ છે કે મારા વિસ્તારમાં રોડ રસ્તાની વાત કરું તો હમણાં બે દિવસ પહેલાં જ સેગવા ગામ ખાતે વળાંકમાં ગાડી કેનાલમાં ઉતરી ગઇ હતી, જેમાં ત્રણ લોકોના મૃત્યુ થયા હતા. એમાં હું આપના મારફત તાત્કાલિક ધોરણે એ પુલ સીધો કરવામાં આવે અને પહોળો કરવામાં આવે એવી માગણી કરું છું. એવી જ

રીતે મારા કઠવાર અને વલણ ખાતે બાયપાસને તાકીદે મંજૂરી આપવામાં આવે એવી અપેક્ષા રાખું છું. ગુજરાત સરકારે ઈલેક્ટ્રિસિટી પૉલિસી માટે જે નિર્ણય લીધો છે એમાં અત્યાર સુધી બે લાખ ઈલેક્ટ્રિક વાહનોને સબસિડી આપવામાં આવી છે. એમાં ૧૦,૦૦૦ ટુ વ્હીલર, ૭૦,૦૦૦ થ્રી વ્હીલર અને ૧૦,૦૦૦ ફોર વ્હીલરને સબસિડી આપવામાં આવી છે. હું સૌ સભ્યોને વિનંતી કરીશ કે આપણા વિસ્તારમાં સૌ ઈલેક્ટ્રિક વાહનો ખરીદે તો ગુજરાત પ્રદૂષણ મુક્ત થાય એવી અપેક્ષા રાખું છું.

શ્રી વીરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવાસન, વાહન વ્યવહાર અને માર્ગ મકાન મંત્રીશ્રી પોતાની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા બજેટ સત્રને લગભગ ૨૦ દિવસ થવા આવ્યા છે. મારા સામેના મિત્રો દર વખતે કહે છે કૉંગ્રેસે કાંઇ કર્યું નથી, કૉંગ્રેસે કાંઇ કર્યું નથી, કૉંગ્રેસે કાંઇ કર્યું નથી. કૉંગ્રેસે બનાવેલી વિધાનસભા, કૉંગ્રેસે બનાવેલી બસો અને કૉંગ્રેસે બનાવેલી સ્કૂલોમાં ભણીને તમે અહીંયા બેઠા છો. એનું ગૌરવ અનુભવવું જોઇએ કે આ કૉંગ્રેસે કર્યું હતું. તે વખતે કૉંગ્રેસે કરેલા નિર્ધાર મુજબ તમામ તાલુકાઓને જોડ્યા હતા. મારે તો આપના મારફતે માર્ગ-મકાન મંત્રીશ્રીને કહેવું છે કે ટૅકનોલોજી વધી છે, મશીનરી વધી છે. ડબ્બાથી ડામર છાંટીને આપણે રસ્તાઓ બનાવતા હતા, ત્યારથી શરૂ થઇને અત્યારે આટલી બધી ટૅકનોલોજી વધી છે. લગભગ ૮,૬૦૦નું મૂડી અને મહેસૂલી બજેટ લઇને આવ્યા છે. અત્યારે વિકાસ માટે રસ્તાઓ જરૂરી બન્યા છે. પહેલાં એટલા બધા રસ્તાઓની જરૂર નહોતી, પણ અત્યારે રસ્તાઓની જરૂર પડી છે ત્યારે જિલ્લા મથકના રસ્તાઓ હજુ ક્યાંકને ક્યાંક ખામીયુક્ત હોય તે રિપેર કરવા માટે મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે. અમે અમરેલીથી કે ગીર સોમનાથથી નીકળીને અહીં આવીએ તો વલ્લભીપુર સુધી બહુ સરસ રીતે પહોંચાય છે. વલ્લભીપુર થી બગોદરા પહોંચવા માટે અનેક મુશ્કેલીઓ પડે છે. હું વિરોધ નથી કરતો પણ મેં અનેક વખત રજૂઆતો કરી છે. જો કોન્ટ્રાક્ટરની ખામીઓને કારણે રસ્તાઓ બનતા ન હોય તો માનનીય મંત્રીશ્રીએ આ બાબતમાં  તાત્કાલિક કડક નિર્ણયો લેવા જોઇએ. આપે મંજૂર કરેલા નોન પ્લાન રસ્તાઓ, માનનીય શ્રી નીતિનભાઇએ મંજૂર કરેલા નોન પ્લાનના રસ્તાઓ બનતા નથી તો તેની પાછળના કારણો શું છે? ૩૩ ફૂટનો રાજાશાહી વખતનો, અંગ્રેજશાહી વખતનો રસ્તો, કોઇને કોઈ રીતે તેનું એનક્લોઝમેન્ટ થયું હોય છે. જમીન માપણી અધિકારીઓ ન હોવાના કારણે જમીન માપણી થતી નથી. હદ નિશાન નક્કી થતા નથી એટલે નોન પ્લાનના રસ્તા બનતા નથી. સરકારે આ બાબતમાં તાત્કાલિક ગંભીરતાપૂર્વક નિર્ણય લેવાની જરૂરિયાત છે. રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી આપનાર અમરેલીનો બાયપાસ અડધો સરસ થયો છે, પરંતુ કુંકાવાવ થી બાબરાનો બાયપાસ અને બાબરા થી લાઠીનો બાયપાસ બાકી છે. કુંકાવાવ થી ધારી જોડવાનો બાયપાસ રસ્તો બાકી છે તે તાત્કાલિક અસરથી કરવો જરૂરી બન્યો છે. નેશનલ હાઈવે મંજૂર થયો છે ત્યારે આ બાયપાસ તાત્કાલિક થાય તેવી મારી માગણી છે. હું બાબરા વિસ્તારનો ધારાસભ્ય છું. નેશનલ હાઈવે મંજૂર થયો છે ત્યારે બાબરાનો બાયપાસ તાત્કાલિક મંજૂર થાય એ માટેની માગણી કરું છું. ખંભાળા થી પાળિયાદ ૮૨ કિ.મી.નો રસ્તો છે. મેં માનનીય શ્રી નીતિનભાઈને પણ રજૂઆત કરી હતી અને માનનીય શ્રી પૂર્ણેશભાઈને પણ રજૂઆત કરી છે. બાબરા થી વડલી, તુરખા, અને પાળિયાદ જોડી દેવમાં આવે તો ૬૩ કિ.મી. માત્ર થઈ જાય છે. તેના કારણે ગાંધીનગર આવવા માટે અમારે ૩૦ કિ.મી. સુધીનું અંતર ઘટી જાય તેમ છે. માત્ર ૨૨ કિ.મી.નો રસ્તો આપી દેવામાં આવે તો અત્યારનું રસ્તાનું ભારણ ઘટી જાય તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રીને કહેવું છે કે તમારી બસો દિન-પ્રતિદિન બદ્તર થતી જાય છે. ગામડાના વિદ્યાર્થીને પાસ કઢાવ્યા પછી બસ મળતી નથી અને ભણવા જઈ શકતો નથી. 'ભણશે ગુજરાત' તો ક્યાં ભણશે? તમારી બસો મળે નહિ, સ્કૂલોમાં મુશ્કેલીઓ હોય ત્યારે ભણશે ગુજરાતનો નારો લાગડો છો તો વિદ્યાર્થીઓને બસો ન મળવાના કારણે એ ભણવા જઈ શકતા નથી તેના માટેની ચિંતા કરવાની જરૂર છે. તમામ જિલ્લાને વોલ્વો બસ મળી છે. અમરેલી જિલ્લાને વોલ્વો ગાંધીનગર બસ મળી હતી પણ કોરોનાના કારણે બંધ કરી છે. હું પણ ઘણી વખત બેસી જાઉં છું. વોલ્વો બસ તાત્કાલિક શરૂ થાય તેવી માગણી કરું છું.

શ્રી હિતુ કનોડિયા(ઇડર) : Ho'ble Speaker Madam, I stand in front of the Esteem House to support the Demand Number 51 put forward by the Tourism Minister and give my views for the same. Honorable Speaker madam, the sector that I am going to talk about is tourism. Few days back His Highness the Governor of Gujarat has spoken about tourism and I would like to quote him for the same. Gujarat is a leading State of tourism sector. Gujarat is the only state in the country with a variety of tourism. Tourism spots, desert tourism, adventure tourism, spiritual tourism, religious tourism, Heritage tourism, Statue of Unity. Gujarat has achieved comprehensive and all inclusive development of the tourism sector in Gujarat. This answers what respected Vijri saab was saying just a few minutes back that what has Congress done, you have studied in the school which Congress has made. Sir, in the tourism sector Congress has done nothing and I can give you that guarantee. Whatever is done in Gujarat tourism is done by BJP government.  Due to the Corona pandemic, the tourism sector affected badly but Gujarat assumed the spirit. We are respecting all the languages, we are respecting all the languages and that you have to keep in mind because our government is putting forward on the fast track.

**Hon'ble Speaker :** You continue, do not cross talk.

**Shri Hitu Kanodiya :** Yes please. Gujarat assumes the spirit to convert disaster into opportunity and with this spirit the Gujarat has succeeded in momentum. This is when the COVID happened. The opposition always talks about unemployment. Let me make it clear, in tourism sector, in tourism sector how much employment was generated ? Let me quote, let me quote the Governor "Tourism policy 2015 and 2020 has gained good success in which about 325 projects have achieved more than 14000 people have got employment through that whereas 416 projects under various phases of implementation. New Tourism Policy 2021-2025 with coordination tourism growth and environmental prosperity has been declared which will be in force from 1st January 21 to 31st March 2025. That is just a small part of employment I'm talking about and that is only the tourism sector which is generating 14000 employment. Now, let me talk about my area Sabarknatha district had a great Poet and the poet was Umashankar Joshi ji.

જયારે ઉમાશંકર જોષીજીની વાત કરૂ છું ત્યારે મારે એમની પંકિતઓ ગુજરાતીમાં બોલવી પડશે, એટલે આપની પરવાનગી સાથે બોલું છું.

ભોમિયા વિના મારે ભમવા' તા ડુંગરા, જંગલની કુંજકુંજ જોવી હતી,
જોવી' તી કોતરોને જોવી' તી કંદરા, રોતા ઝરણાંની આંખ લ્હોવી હતી.
આખો અવતાર મારે ભમવા ડુંગરિયા, જંગલની કુંજકુંજ જોવી ફરી,
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા, અંતરની આંખડી લ્હોવી ફરી.

આપણી સંસ્કૃતિમાં ગુજરાત ટુરિઝમની બહુ સરસ વાતો થયેલી છે પણ એ માત્ર વાતો હતી. પરંતુ કુછ દિન તો ગુજારો ગુજરાત મે, કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા, આવા બે-ચાર વાકયો જયારે આવ્યા ત્યારે ટુરિઝમમાં ફરક પડ્યો. આખા વિશ્વ ફલકથી ગુજરાતમાં અહીંયા બધા જોવા આવ્યા હતા. આ દીર્ઘદષ્ટા, તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની હતી. ટુરિઝમને કેવી રીતે આગળ વધારવું? કેવી રીતે એને પ્રોત્સાહન આપવું? એના માટે તેઓશ્રીએ કામગીરી કરેલી છે. પહેલા ભારત દેશ માત્ર એક ઇમારત થકી જ ઓળખાતો હતો અને એ ઇમારતના જે શિલ્પકાર હતા એમણે એ ઇમારત બનાવી એના પછી મેં જે સાંભળ્યું છે એ પ્રમાણે એમના હાથ કાપી નાખવામાં આવ્યા હતા. અત્યારે આપણે એવી જ એક ઇમારત બનાવી છે જે વિશ્વ ફલકની અંદર સ્ટેચ્યુ ઓફ યુનિટી તરીકે ઓળખાય છે. એના જે શિલ્પકાર છે, એમનું મંચ ઉપર આગળ બોલાવીને સન્માન કરવામાં આવે છે. એ સ્ટેચ્યુ ઓફ યુનિટી અખંડ ભારતના શિલ્પી શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબની હતી. જયાં આવી દીર્ઘદષ્ટિઓ આપણા વડાપ્રધાનશ્રી કે આપણા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબમાં હોય તો તમારામાં કેમ આવતી નથી? વર્ષોથી આ જ ગુજરાત હતું, વર્ષોથી આ જ બધા તીર્થધામો હતા, વર્ષોથી આ જ બધી વાતો હતી તો પછી કેમ? શ્રી મોદી સાહેબના આવ્યા પછી આ ટુરિઝમને વેગ આપવામાં આવ્યો છે? હું ટુરિઝમ મંત્રીશ્રીને એક વિનંતી કરૂ છું કે મારા ઇડરથી જ એક રસ્તો જાય છે તે અંબાજી કે પછી વિજયનગર પોળો જતો હોય, ઇડરમાં એટલો બધો ટ્રાફિક થાય છે કે જો એને બાયપાસ કરવામાં આવશે તો એનો ફાયદો થશે. બાકી બજેટમાં કરોડો કરોડો રૂપિયાના કામ ટૂરિઝમે પાર પાડ્યા છે. ટૂરિઝમનો ખૂબ ખૂબ આભાર માનું છું.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મોદી સાહેબ માર્ગ અને મકાન વિભાગની માંગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજના દિને ક્રાંતિવીરો ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવસિંહને મારી શ્રધ્ધાંજલિ આપુ છું. મારા મત વિસ્તારના માંગરોળ અને માળિયા તાલુકાઓના નો-પ્લાન રસ્તાઓનું વાઇડનિંગ કામ તથા રીસરફેસ કરવા માટે વર્કઓર્ડર અપાઇ ગયાને બે વર્ષ કરતાં પણ વધારે સમય થયેલ હોવા છતાં આજદિન સુધી આ રસ્તાઓનાં કામ અધૂરાં છે. આ રસ્તાઓમાં, ચંદ્રનગર-ધરમપુર, અકાળા (વીરડી-કેરાલા), વીરડી-તરસીંગડા, નાની ઘણેજ -ધનવંતરી આશ્રમ, મોટી ઘણેજ- આંબેચા, દુધાળા-સરકડીયા, ખોરાસા-મોટી ઘણેજ. આ સાતે નોન-પ્લાન રસ્તાઓમાં માત્ર મેટલિંગ કામ થયેલ છે પણ ડામર કામ હજુ સુધી થયેલું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા બે રસ્તા છે ગડુ-ખેરા-ઘૂમલી-ગોતાણા-બુધેચા-શેપા, માળીયા-વડીયા-ઇટાડી-પાણેકવા-પાતરા ઉપરોકત બન્ને રસ્તાઓનું વાઇડનિંગ તથા રી સરફેસિંગ કામ થયેલ છે પરંતુ રોડની બન્ને સાઇડમાં મેટલ કામ કરેલ છે, કાંકરી નાખેલ છે, પણ રોડ ઉપર ચાલી શકાય એવી સ્થિતિ નથી, તો આના માટે પણ કંઇક સરકાર વિચારે એવી વિનંતી છે. માળીયા-કેરાળા-સરખડીયા-બાબરા-લાડુરી, દૂધાળા-કાલીંભડા-અકાલા (વીરડી) આ બન્ને રોડ રાજય ધોરીમાર્ગ છે. એને પણ રી સરફેસ તથા વાઇડનિંગ માટે મંજૂર થયેલ છે છતાં આજ સુધી આ રોડનું વાઇડનિંગનું કામ કરેલ નથી. સાઇડમાં માટી નાખેલ છે. તો એને પણ તાત્કાલિક કરવામાં આવે. ચોરવાડ-વીસણવેણ, વીરડી-માતરવાણીયા, વીરપુર-લંબોરા, બાબરા એપ્રોચ રોડ આ રસ્તાઓ પણ રી સરફેસ માટે મંજૂર થયેલ છે. પણ તેના કામો આજ દિન સુધી ચાલુ કરવામાં આવેલનથી. કડાયા-પાતરા, કડાયા-પણકવા, બુધેચા-કુકસવાડા (વાયા સાતમાર્ગ), ખેરા-સીમશાળા-ભંડુરી, ખેરા-વીસણવેલ, જુથડ પણીન્દ્રા આ છ નોન પ્લાનના રસ્તાઓ છે તેનો કોન્ટ્રાકટ અપાઇ ગયો છે પણ કોઇ પણ જાતનું કામ કરવામાં આવેલ નથી. આવી જ રીતે મારા વિસ્તારમાં ૨૧ રસ્તાઓના વર્ક ઓર્ડર આપેલા છે પણ હજુ સુધી કામ થયેલ નથી. તો આ વહેલીતકે પૂર્ણ કરવા વિનંતી કરું છું.

## તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, માંગરોળમાં નોલી નદી ઉપર કામનાથ મહાદેવ પાસે પુલ ઉંચો કરવા માટે ઘણા સમયથી મારી માંગણી છે. અને આ પુલ ઉંચો કરવા માટે જરૂરી ગ્રાન્ટ ફાળવવામાં આવે તેવી હું માગણી કરું છું. ગયા વર્ષે વિધાનસભામાં આ કામ કરવા માટે માનનીય મંત્રીશ્રીએ ખાતરી પણ આપેલી હતી. મારા મત વિસ્તારમાં ગત વર્ષે મંજૂર થયેલ પાંચ નોન પ્લાન રસ્તાઓ હતા. આજ સુધીઆ નોન પ્લાન રસ્તાઓ કરવામાં આવેલ નથી. તો આ રસ્તાઓ કરવામાં આવે તેવી મારી માગણી છે. મારા મત વિસ્તારમાં શેરિયાજ બારા આવેલ છે ત્યાં જેટી બનાવવા માટે મંજૂરી પણ મળી ગયેલ હતી. પરંતુ આ બાંધકામ કોઈ પણ કારણોસર બંધ કરવામાં આવેલ છે તો આ જેટીની તપાસ કરી અને આ કામ શરૂ કરીને જેટી બનાવવામાં આવે તેવી પણ મારી માગણીછે. કોંગ્રેસે શું કર્યું તેવી વાત કરે છે. તો કોંગ્રેસે પોલીયોના ટીપાં પીવડાવ્યા એટલા માટે આપણે બધા સરખા બે પગે ચાલી શકીએ છીએ. બાકી તો ઘોડી રાખવાની જગ્યા પણ ન મળત કે કયાં રાખવી? અને આપણે અડધા તો લંગડા આંટા મારતા હોત. એટલે એ કોંગ્રેસની સરકારનો પણ આભાર માનવો જોઈએ.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઈ, લંગડાને બદલે દિવ્યાંગ બોલવું. હવે આપણે નવો શબ્દ એ આપીએ છીએ.

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષ માટે અનુદાનની માગણીઓ લઈને વાહન વ્યવહાર મંત્રીશ્રી આવ્યા છે તેને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ દ્વારા ૩૧મી ઓગસ્ટ ૨૦૨૧ના રોજ સ્વૈચ્છિક વાહન આધુનિકરણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો, છે જે માટે ગુજરાતને મોડલ રાજય તરીકે પસંદ કરવામાં આવ્યું છે. જેના ઉદ્દેશની વાત કરું તો માન્ય ફિટનેશ અને નોંધણી વગરના વાહનોને સ્ક્રેપ કરીને પ્રદૂષણમાં ઘટાડો કરવા માટેનો એક હેતુ છે. માર્ગ, મુસાફરો, વાહનોની સલામતીમાં સુધારો કરવા માટેનો એક ધ્યેય છે. ઓટોમેટિક, સ્ટીલ ઈલેકટ્રોનિક ઉદ્યોગ માટે ઓછી કિંમતના કાચા માલની ઉપલબ્ધતાને પ્રોત્સાહન આપવા માટેનો એક ધ્યેય છે. ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ પોતાના સંચાલનમાં વિવિધ કક્ષાની કુલ ૮,૦૨૫ બસો ધરાવે છે. જેમાં ૩૩૩ સ્લીપર કોચ, ૧,૩૦૬ સેમી લકઝરી, ૫,૦૪૪ સુપર ડિલકસ, ૧૪ સી.એન.જી., ૧,૩૨૮ મીની બસનો કાફલો આપણુ વાહન વ્યવહાર ખાતુ ધરાવે છે. ગુજરાત રાજય માર્ગ વહાન વ્યવહાર નિગમ મુસાફરોને સમયસર અને આરામદાયક મુસાફરી સાથે સલામતીના ધ્યેય સાથે કામ કરી રહ્યું છે. અને રાષ્ટ્રીય કક્ષાનાં પરિણામો પણ હાંસલ કરવાની નેમ ધરાવે છે. ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો, પાવાગઢ ખાતે યોજાયેલી નવરાત્રીનો મેળો, માતાના મઢ ખાતે યોજાયેલો મેળો, નવસારી મેળામાં, દિવાળીના તહેવારો દરમિયાન તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ મારા વિસ્તારમાં નર્મદા કિનારે આવેલા યાત્રાધામોમાં આવેલા મુસાફરોને સુવિધા મળે એ માટે ખાસ બસો પણ મૂકવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં કોરોના પહેલા શટલ બસો ચાલતી હતી જે નર્મદા કિનારા આવેલા યાત્રાધામ જે ડભોઈ અને કરજણ ડેપોમાંથી ચાલતી હતી એ બસની સુવિધા વહેલી તકે ચાલુ થાય તેવી એક મારી માગણી છે. રાજયના નાગરિકોને લગ્ન પ્રસંગે ટૂંકા અંતરની ગ્રૂપ મુસાફરી માટે છેલ્લા બે માસ દરમિયાન કુલ ૧૧૩ વાહનની ફાળવણી કરી કુલ ૧૦૦ કુટુંબોને આ યોજનાનો લાભ આપીને કુલ ૩૨૪ લાખની આવક પણ કરેલ છે.

સમગ્ર દેશમાં પહેલી એપ્રિલ,૨૦૨૦થી તમામ પેસેન્જર બસો બી.એ.સીકસ એમીસન નોર્મ્સ સાથે રજિસ્ટ્રેશન થવાનું ફરજિયાત બનતાં ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ આ પ્રમાણે એમીસન નોર્મ્સ ધરાવતી એક સાથે એક હજાર જેટલાં નવાં વાહનો ખરીદીને સંચાલનમાં મૂકનાર સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ રાજય બનેલ છે. એમીસન નોર્મ્સ ધરાવતી એક હજાર બસો પૈકી ૯૦૩ બસો સંચાલનમાં મૂકાય ગઈ છે. જયારે બાકીની ૯૭ બસો ટૂંક સમયમાં સંચાલનમાં મૂકવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૧ હજાર નવા વાહનો સંચાલનમાં મૂકવાનું આયોજન કરેલ છે. જેમાં ૫૦૦ સુપર એકસપ્રેસ ,૩૦૦ લકઝરી, ૨૦૦ સ્વીપર કોચનો સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા ૩૬૭ કરોડના ખર્ચે ૪૦૦ સુપર એકસપ્રેસ, ૨૦૦ સેમી લકઝરી, ૪૦૦ મીની બસ, ૩૦૦ નોન એ.સી. આઇ.એન બસ એમ કુલ ૧,૨૦૦ બસો મુસાફરો માટે મૂકવાનું આયોજન કરવામાં આવેલ છે, જેની દરખાસ્ત સરકાર કક્ષાએ પડતર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં પ્રદૂષણમાં ઘટાડો કરવા સારુ ગ્રીન એનર્જીને પ્રોત્સાહન મળે એના માટે શૂન્ય પોલ્યુશન ધરાવતી ૫૦ ઈલેક્ટ્રિક બસો સંચાલનમાં મૂકવામાં આવનાર છે. ગુજરાત માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા ડ્રાઈવર કક્ષામાં સીધી ભરતી અન્વયે કુલ ૨,૨૦૦ ઉમેદવારોની પસંદગી કરીને નિમણૂક કરવામાં આવેલ છે. એ જ રીતે કન્ડકટર કક્ષામાં સીધી ભરતી અન્વયે કુલ ૨,૩૮૯ ઉમેદવારોને સ્થળ પસંદગી કરીને નિમણૂક આપવામાં આવનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્માર્ટકાર્ડ ડ્રાઈવિંગ લાઇસન્સની વાત કરું તો ગુજરાત સરકારના ઐતિહાસિક નિર્ણય દ્વારા ગુજરાત રાજયના લર્નિંગ લાઇસન્સની કામગીરી તા. ૧૯-૧૦-૨૦૧૯ના રોજ આર.ટી.ઓ. કક્ષાએથી બંધ કરીને તાલુકા કક્ષાએ આવેલા ૨૨૧ આઈ.ટી.આઈ. સંસ્થાઓ અને ૨૮ પોલિટેકનિક સંસ્થાઓ ખાતે ચાલુ કરવામાં આવેલ છે. જેનો લાભ આમ જનતા દ્વારા બહોળા પ્રમાણમાં લેવામાં આવે છે. મહાનગરો ખાતે ટેસ્ટ ટ્રેકના સેન્ટરો પણ વધારવામાં આવ્યાં છે, તે માટે લોકોને લાઇસન્સ કઢાવવામાં ઓછું વેઈટિંગ પિરિયડનો ડ્રાઈવિંગ ટેસ્ટની એપોઇમેન્ટ મળી રહે એ હેતુસર કુલ ત્રણ આર.ટી.ઓ. કચેરીઓ રાજકોટ, સુરત અને વડોદરા ખાતે વધારના ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બનાવવા માટે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૧,૩૨,૦૦૦ની મંજૂરી આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન અને સારથિની ફેસલેસ સેવાઓનો પણ શુભારંભ કરવામાં આવેલ છે. જેમાં વાહનવ્યવહાર ખાતાની કુલ ૨૦ સેવાઓ ઈ-કેવાયસીની મદદથી આઠ સેવાઓ મોબાઈલ ઓટીપીની મદદથી એમ કુલ ૨૮ સેવાઓ ફેસલેસ તરીકે

ચાલુ કરવામાં આવેલ છે, જેનાથી વાર્ષિક ૬૩ લાખ લોકોને ફાયદો થશે. કચેરી ખાતે પણ કામગીરી વધારે અસરકારક અને ઝડપી અને પારદર્શક થઇ શકશે. રાજ્ય સરકાર દ્વારા આર.ટી.ઓ.ના ભવન પણ વખતો વખત મોર્ડનાઇઝશન કરવામાં આવી રહ્યા છે. એમાં મોટર વાહન ખાતાએ જાહેર જનતાની સેવાકીય પ્રવૃતિઓના ભાગરૂપે દરેક કચેરીઓમાં તબક્કાવાર કોમ્પ્યૂટરાઇઝેશન કરવામાં આવેલ છે.

શ્રી કાળાભાઇ ર. ડાભી(કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેવાનો મારો મુખ્ય ઉદ્ધેશ આ સભાગૃહના માધ્યમ દ્વારા મારા વિસ્તારમાં સમાવિષ્ટ કપડવંજ અને કઠલાલ તાલુકાના આર્થિક અને સામાજીક વિકાસની દ્રષ્ટિએ તથા આ ઝડપી યુગમાં પ્રતિદિન વધતા જતાં ટ્રાફિકની દ્રષ્ટિએ રાજ્ય હસ્તકના તથા પંચાયત હસ્તકના કેટલાક મહત્વના રસ્તાઓ જે ખરાબ થઇ ગયા છે, તેવા રસ્તાઓનું આધુનિકરણ કરવાની જરૂર છે તે તરફ માર્ગ અને મકાન વિભાગનું ધ્યાન દોરવા માગું છું. મારો મુખ્ય ઉદ્ધેશ છે, જેમાં અમદાવાદ-કઠલાલ-ગોધરા-ઈન્દોર નેશનલ હાઈવેને જોડતા સિંહુજ-સરસવણી-છીપડી પાટિયા સુધીનો રાજ્ય હસ્તકનો મુખ્ય જિલ્લા માર્ગ કે જેની હાલની પહોળાઇ સાડાપાંચ મીટર જેટલી છે તે સાત મીટર કરવાની જરૂર છે. આ રસ્તો ૨૫ વર્ષ અગાઉ બનાવવામાં આવ્યો ત્યારથી ૫૦૦ મીટર જેટલો રસ્તો બાકી છે, તે સીધો નેશનલ હાઈવેને જોડતો રસ્તો છે તે પૂરો કરવાની જરૂર છે. મેં જણાવ્યું તેમ સિંહુજ-સરસવણી-છીપડી પાટિયા સુધીના રસ્તા પર પ્રતિદિન ટ્રાફિક વધતો જાય છે. આ રસ્તાની એક બાજુ છ માર્ગીય અમદાવાદ-કઠલાલ-ગોધરા-ઈન્દોર નેશનલ હાઈવે છે તો બીજી બાજુ ચારમાર્ગીય પ્રવાસીપથ છે. આ રસ્તો પાંચ હજારથી માંડીને વીસ હજાર જેટલી ખૂબ મોટી વસતિ ધરાવતા મોટા ગામો જેવા કે સરસવણી, છીપડી, ગોગજીપૂરા, છીપીચાલ, ભરકુંડા અને અકલાચા વગેરે મોટા ગામોમાંથી પસાર થતો હોઇ આ વિસ્તારના લોકો ખાસ કરીને ખેડૂતોને રસ્તાની ખૂબ સારી સુવિધા પ્રાપ્ત થાય તેમ છે અને કઠલાલ તાલુકાનો આર્થિક અને સામાજિક દૃષ્ટિએ નોંધપાત્ર વિકાસ થઇ શકે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવો જ બીજો રાજ્ય સરકાર હસ્તકનો કપડવંજ શહેર અને તાલુકાને અમદાવાદ સાથે જોડતા આતરસુંબા-ખડાલ-અરાલ અને છીપડી સુધીના રાજ્ય હસ્તકના રસ્તાને પહોળો કરવાની સાથોસાથ મજબૂતીકરણ કરવાની જરૂર છે. બીજો જ એવો કપડવંજ-દાણા-અનારા-અમદાવાદ-ઈન્દોર હાઈવેને જોડતો કુલ ૧૫ કિલોમીટરનો રસ્તો છે. આ રસ્તો ૧૦ કિલોમીટર રાજ્ય સરકાર હસ્તકનો છે અને ૫ કિલોમીટર પંચાયત હસ્તકનો છે. તો આ રસ્તો સળંગ ૧૫ કિલોમીટર રાજ્ય સરકાર હસ્તાંતરણ કરી આ રોડ ઉપર ખૂબ ગામડાઓ આવેલાં હોઇ અને તાલુકા સાથે જોડાયેલા હોઇ ટ્રાફિકનું ભારણ હોવાથી ૭ મીટર પહોળો કરી મજબૂતીકરણ કરવા મારી સરકારને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો જ એવો કપડવંજ અને કઠલાલને જોડતો અમદાવાદ-ઈન્દોર હાઈવેને છીપડી પાટીયા-તોરણા ૭ મીટર પહોળો કરવાની જરૂર છે. આ રોડ ઉપર ૪૦ ટન સુધીનાં ભારે વાહનો જેવાં કે રેતી, કપચી, મેટલ ભરીને નીકળે છે તો આ રસ્તાનું મજબૂતીકરણ કરવાની ખાસ જરૂર છે. કપડવંજ તાલુકામાં નવાગામ,તેલનાર, કેદારેશ્વર મહાદેવ સુધીનો પંચાયત હસ્તકનો રસ્તો પહોળો કરવાની સાથોસાથ મજબૂતીકરણ કરવાની પણ જરૂરિયાત છે. કપડવંજ તાલુકાના આંત્રોલીથી ખડાલ સુધીના રસ્તાને પહોળો કરવાની સાથોસાથ મજબૂતીકરણ કરવાની જરૂર છે. પવિત્ર યાત્રાધામ ડાકોર સાથે જોડતો કઠલાલ અને મહુધા તાલુકા સાથે સંકળાયેલ ઘોઘાવાડા-કપરૂપુર રસ્તાને પહોળો કરવાની સાથોસાથ મજબૂતીકરણ કરવાની જરૂર છે અને છેલ્લે મારા મતવિસ્તાર કપડવંજ અને કઠલાલ તાલુકામાં ખૂબ મોટી સંખ્યા પરા વિસ્તારની છે અને આ પરા વિસ્તાર રસ્તાઓની સુવિધાથી વંચિત છે અને આણંદની વિશ્વવિખ્યાત અમૂલની દૂધ મંડળીઓ પણ આ પરા વિસ્તારમાં આવેલી છે અને મોટા ભાગે ખેડૂતો પશુઓના તબેલામાં ૫ પશુઓથી માંડીને ૨૫ દૂધાળા પશુઓનું પાલન-પોષણ કરે છે. તો આ પરા વિસ્તારને રસ્તાની ખૂબ જરૂર હોઇ રાજયના માર્ગ-મકાન મંત્રીને મારી ખાસ ભલામણ છે. આ પરા વિસ્તારમાં સરવે કરાવીને રસ્તા મંજૂર કરવા વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં કપડવંજ તાલુકાનું પુનાદરા ગામ જે સ્ટેટ રજવાડા વખતનું ગામ છે અને આ ગામમાં આશરે ૧૦૦ વર્ષ અગાઉ બ્રિજ બનાવેલો છે. તે બિલકુલ જર્જરિત થઇ ગયેલ છે તેને નવીન બ્રિજ બનાવવામાં આવે તેવી મારી સરકારને ખાસ માગણી અને વિનંતી છે.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા(દિઓદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારના લાખણી તાલુકાના વાવ થરાદથી ધાનેરાનો રસ્તો છે એ અનેક વર્ષોથી રીપેરિંગ થતો નથી. સન ૨૦૧૬-૧૭માં પૂર આવ્યું એ પૂરના કારણે રસ્તો તૂટી ગયો છે એમાંથી ૮૦ ટકા રસ્તા રીપેરિંગ થઇ ગયા છે. આ રસ્તો કયા કારણોસર રિપેર નથી થતો એ ખબર નથી પડતી. એ એટલો બધો જર્જરિત થઇ ગયો છે કે એના ઉપર વાહન પણ ચલાવી શકાતા નથી. આ એક તાલુકાથી બીજા તાલુકાને જોડતો રસ્તો છે, એટલે એને પહોળો કરવાની પણ જરૂર છે, કારણ કે ત્રણ મીટર જ છે અને એને પહોળો કરવો પડે એમ છે. કાલે મારે પાણી ઉપર બોલવું હતું પણ મને ટાઇમ ના મળ્યો, પણ મારી એક માગણી છે કે મારા મત વિસ્તારમાં ખેતી અને પશુપાલન સિવાય બીજો કોઇ ધંધો નથી. દિવસે અને દિવસે પાણીની મુશ્કેલી થતી જાય છે. હજાર ફૂટે બોર જતા રહ્યા છે. કાંકરેજ તાલુકામાં એક પંમ્પિંગ અને અને બીજું કસરાથી દાંતીવાડા આપ્યું. થરાદથી સીપુ આપ્યું. આ ત્રણે ત્રણ પાઇપ લાઇનની વચ્ચેના ભાગમાં દિયોદર તાલુકો અને બીજો લાખણી તાલુકો બે રહે છે તો મારી વિનંતી છે કે લાખણી તાલુકો અને દિયોદર તાલુકામાં પાઇપલાઇન નાખી અને તળાવો ભરો અથવા તો કોઇપણ રીતે પાણીની વ્યવસ્થા થાય એવી મારી સરકારશ્રીને વિનંતી છે, કારણ કે પાણીની ખૂબ તાતી જરૂરિયાત છે અને નહેરમાં પાણી ઘણું છે, પાણીનું ફક્તને ફક્ત આયોજન જ કરવાનું છે. આયોજન કરો તો સમગ્ર બનાસકાંઠા જિલ્લાને પહોંચી જાય એટલું નહેરમાં પાણી જતું હોય છે. બીજું

કે હમણાં એક પાણીની પાઇપલાઇન નખાય છે, તમે જૂના વખતમાં લગભગ સન ૧૯૮૩-૮૪માં ડીસા બનાસનદીમાં સાત કે આઠ બોર બનાવીને વાવ અને થરાદ તાલુકાને મીઠું પાણી પીવા માટેની એક પાઇપલાઇન નાખેલ છે. હવે એ નહેરમાંથી પાણી પાછું તમે ડીસા લઇ જાવ છો એના કરતા નહેર વાવ અને થરાદમાંથી નીકળે છે એ પાણી વાવ અને થરાદને અપાય અને જે પાણી ડીસા તાલુકામાં છે એ ડીસાને આપે તો સરકારનો મોટા ભાગનો ખર્ચો બચી જાય કારણ કે ડબલ પાઇપલાઇન થાય છે. ડીસાનું પાણી વાવ થરાદ જાય અને વાવ થરાદનું ડીસામાં આવે એના કારણે સરકારને ડબલ ખર્ચો થાય છે, એના કરતા ડીસાનું પાણી ડીસાને આપે તો સરકારનો મોટો ખર્ચો બચી જાય. તપાસ કરાવશો તો મારી વાત લગભગ સાચી નીકળશે. બીજું માનનીય મંત્રીશ્રી બેઠા છે, સાહેબ હું તમને વિનંતી કરું છું કે મારા મત વિસ્તારમાં પાણી માટે ભૂગર્ભમાં જળ ઉંડા જાય છે તો ગમે તેમ કરીને તમે તળાવો ઉંડા કરી આપો એવી મારી આપશ્રીને વિનંતી છે, કારણ કે મારો વિસ્તાર છે એમાં લાખણી અને દિયોદર તાલુકા લાગે છે અને બે તાલુકામાં મારા સોળ ગામ ડીસાના આવે છે. બે તાલુકામાં પાણીની તાતી જરૂરિયાત છે. તાત્કાલિક મને પાઇપલાઇન નાખી આપી અને અમારે ત્યાંના તળાવો ભારાય એવી મારી આપશ્રીને વિનંતી છે. હું માનનીય પૂર્ણેશભાઇ મોદી સાહેબને કહું છું કે મારો લાખણી થી બે તાલુકાને જોડતો રસ્તો છે એટલો રસ્તો તો પહોળો કરી આપો એવી પણ મારી આપ સાહેબને વિનંતી છે.

શ્રી કરશનભાઇ પું. સોલંકી**(**કડી) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની માગણી નં. ૮૬ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની અંદર ચાર વર્ષની અંદર કડી મામલતદાર કચેરી ૧૦ કરોડ રૂપિયાની માનનીય શ્રી નીતિનભાઇ અને શ્રી રૂપાણી સાહેબે અને આ ચાલુ સરકારે બનાવી આપી, તાલુકા પંચાયત રૂ. ૨ લાખ ૪૦હજાર અને ૧૦૦ કરોડ રૂપિયાની નવી તાલુકા પંચાયત નવી બનાવી, મામલતદાર જોટાણા તાલુકા પંચાયત નવી બનાવી એના ૫ કરોડ રૂપિયા આપ્યા અને આ સાલ ૨૮ જૂના પંચાયત ઘર હતા અને ૧૪ નવા પંચાયત ઘર આપ્યા. માનનીય શ્રી રૂપાણી સરકાર, માનનીય શ્રી નીતિનભાઇ, માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ અને માનનીય શ્રી પૂર્ણેશભાઇ મોદી સાહેબનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. હું જયારે સન ૧૯૮૬માં તાલુકા પંચાયતમાં ચેરમેન બન્યો એ વખતે રોડ બિલકુલ નહોતા અને અમારે અમદાવાદથી મહેસાણા રોડ તે વખતે વર્ષ ૧૯૯૫માં જયારે કેશુભાઇની સરકાર આવી ત્યારે ખાતમુહૂર્ત કર્યુ અને ચાર માર્ગીય રોડ બનાવ્યા, દસ મીટરના રોડ કોંગ્રેસમાં બધી જગ્યાએ હતા, ચાર મીટરના રોડ તો હતા જ નહીં. અમારી સરકાર આવ્યા પછી ગામડે ગામડે રોડ, ૧૦૮ માટે ગમે ત્યારે ટેલીફોન કરો ૧૦ મિનિટમાં ગામડે પહોંચી જાય છે. આવી અમારી સરકાર છે. કડી તાલુકાની અંદર ખાખરિયો ટપ્પો એના કાચા પાકા રસ્તા હતા નહીં. ત્યાં લોકો છ મહિના પહેલા વરસાદ પહેલાં હટાણું લઇ જતા કારણ કે ચોમાસામાં કડી આવી શકાતું નથી. શ્રી નીતિનભાઇ આવ્યા પછી રસ્તો બન્યો. અત્યારે અમારા કોઇપણ રસ્તા ઉપર ૧૦૮ બોલાવો તો પાકા રસ્તા બની ગયા છે એટલે આવવામાં હરકત નથી. કડી તાલુકામાં એક જ દવાખાનું હતું. હડકાયું કૂતરું કરડે તો કડી આવવું પડે અને જો કડી ઇન્જેકશન ન મળે તો મહેસાણા જવું પડે. પહેલાના જમાનામાં ટી.બી. હતો ત્યારે મહેસાણા જવું પડતું હતું. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૦ કિલોમિટરમાં દવાખાનું મળી રહે એવી સગવડ કરી છે. આ માટે ભારતીય જનતા પાર્ટીનો આભાર માનું છું. કોંગ્રેસ વાળા કહે છે એ બધા કર્યા છે. ૩ મિટર ઉપર તમારા રોડ હતા જ નહીં. (અંતરાય) તમે નાના છો એટલે ખબર નથી. પહેલાના જમાનામાં નહેરિયા રસ્તા હતા. (અંતરાય) પૂર્ણેશ મોદી સાહેબ જે બજેટ લઇને આવ્યા છે તેને આવકારું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર**(**સોજિત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી પૂર્ણેશભાઇ મોદી સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારના અગત્યના વિભાગો જેવા કે શિક્ષણ, આરોગ્ય, મહેસૂલ પછી ઘણી જ અગત્યતા ધરાવતો માર્ગ અને મકાન વિભાગ છે. કોઇપણ વિસ્તાર આર્થિક, સામાજિક તેમજ સર્વાંગી વિકાસ માટેનો અગત્યનો આ વિભાગ છે. રોડ રસ્તા અને ભવનોના નિર્માણનું કામ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. વાત તો ઘણી કરવી હતી પણ સમય ખૂબ ઓછો છે એટલે આંકડાની માયાજાળમાં પડતો નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે છેલ્લાં બે વર્ષથી કોરોના આવ્યો ત્યારથી એસ.આર.ના જોબ નંબરો સ્ટેટના ૨ કરોડ અને પંચાયતના ૧.૫ કરોડના બંધ કર્યા છે તો ધારાસભ્યો વતી હું આપને વિનંતી કરું છું કે ફરી ચાલુ કરો. સુવિધા પથના રસ્તા એવા છે કે ગામમાં જતા જ આવે છે. આ રસ્તા થવાથી ગામમાં જતા જ જે ગંદકી થતી હતી એ દૂર થતી હતી. આ સુવિધા પથના રસ્તા ચાલુ કરો. નવી સરકાર છે અને છેલ્લો ટાઇમ છે. જતા જતા સારું કરો તો આપનું નામ રહેશે. મારા સોજીત્રા અને પેટલાદ આ બે તાલુકામાં ખૂબ પરાઓ છે. નાના ગામ જેવા પરા છે. ગામથી પરાના રસ્તા ઘણા બાકી છે. શ્રી નીતિનભાઇએ ઘણા કર્યા છે તેમ છતાં ૪૦ થી ૫૦ બાકી છે. ચોમાસામાં એવી પરિસ્થિતિ થાય છે કે વૃદ્ધોને દવાખાને લાવવા હોય તો રસ્તામાં જ મૃત્યું પામે છે. મહિલાઓને ચોમાસામાં ડિલિવરી રસ્તામાં જ થઇ જાય છે. આવા ઉબડ-ખાબડ રસ્તા છે. આ જિલ્લાથી બીજા જિલ્લાના રસ્તાઓ અડધા કિલોમિટરના, નીતિનભાઇ સાહેબ મંત્રી હતા ત્યારે મેં મારી સ્પીચમાં કહ્યું હતું અને શ્રી નીતિનભાઇ સાહેબે કહ્યું હતું કે લખીને આપજો. મેં લખીને પણ આપ્યું. શ્રી નીતિનભાઇ સાહેબ એકવાર મારા વિસ્તારમાં મારા ગામમાં આવેલા પણ તે વખતે પેલો ડેપો લઇ ગયેલા એટલે થોડો રોષ હતો એટલે એ વખતે કાળા વાવટા ફરકાવેલા અને વિરોધ કરેલો. ગયા ચોમાસામાં તારાપુરના સિક્સ લેનના રોડ માટે સાહેબ તારાપુર આવ્યા. પછી ગયા ચોમાસામાં તારાપુર રસ્તા ઉપર સીકસ લેન માટે આવ્યા પછી મને એમ થયું કે શ્રી નીતિનભાઇ સાહેબ સાથે સંબંધ સુધારીએ તો થોડા પરા વિસ્તારના, થોડા આ જિલ્લાથી બીજા જિલ્લાના રોડ, મારા વિસ્તારની અંદર સરકીટ હાઉસ કે વિશ્રામ ગૃહ નથી તો થઇ જાય એટલે ગુલાબનો હાર લઇને મંત્રીશ્રી નીતિનભાઇ પટેલસાહેબનું સ્વાગત કરવા આવેલો, પણ નસીબ અમારું અને અમારા વિસ્તારનું ખોટું કે સાહેબ ત્યાંથી

અહીંયા આવ્યા. મોદીસાહેબને વિનંતી છે કે ભવિષ્ય કશું નકકી હોતું નથી એટલે આપ છો, અમે છીએ અને આ સમયમર્યાદાની અંદર બધા રોડ થઇ જાય.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક રજૂઆત એવી છે કે વિસ્તારની અંદર જે ટાર્ગેટ આપવામાં આવે. અમારા વિસ્તારની અમે દરખાસ્ત તૈયાર કરી છે. તમે કેટલા કરોડના રસ્તા આપવાના છો? તમે જેટલા રસ્તા આપવાના હોય એટલા જ રસ્તા આપીએ સાહેબ. વધારે લખાઇ જાય અને પછી એમાંથી કપાઇ જાય તો પણ તકલીફ. ઓછા લખીએ અને વધારે આપવાના હોય તો જે લેવાના હોય એ બીજે કયાંક જતા રહે. આવું ન થાય એનો ખાસ ખ્યાલ રાખજો સાહેબ. ખાસ ખ્યાલ એટલા માટે રાખવાનો છે કે વિસ્તારમાંથી કંકુ અને ચોખા અને બ્રાહ્મણ લઇને આવી જાય એટલે કાર્યકરોમાં ઘર્ષણ થતું હોય છે. અમને તો એવું કશું નથી. આપ સરકાર છો. સરકાર મંજૂર કરો. જે આવે અને જે જાય, જે કંકુ ચોખા નાખે, જે બ્રાહ્મણ લાવે જેને લાવવા હોય એ લાવે પણ ડખા ન થાય એના માટે મંત્રીશ્રીને વિનંતી છે કે ટાર્ગેટ અમને આપો કે આટલા કરોડના રસ્તા લાવો અમે એટલા જ લાવીશું. વધારાના રસ્તા માંગીશું નહીં. હમણા અમારે ત્યાં દાદા ભગવાન તારાપુર આવ્યા હતા. દાદા ભગવાન આવ્યા, હેલિકોપ્ટરમાં આવ્યા. કોઇ વાંધો નહીં પણ મારી લાગણી એટલી જ હતી કે અમદાવાદથી તારાપુર એક જ કલાકનો રસ્તો હતો જો બાયકાર આવ્યા હોત તો ખેડા, માતર, તારાપુરનો રોડ સાહેબ, એમાં ખાડા ઢીંચણ સમાણા છે. મારું પોતાનું વિધાનસભાના પહેલા જ સોમવારે ટાયર જતું રહ્યું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, બ્રાહ્મણ કહેવાની જગ્યા બોમણ કીધું છે એ એમની દેશી ભાષા છે તમારો વાંક નથી એમાં ખાલી સુધારીને લખજો રેકર્ડ ઉપર.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કોલેજ આપે દાદા ભગવાન. મહિલાઓ ભણી શકતી નથી. કોલેજમાં જવા માટે ધોરણ-૧૨ પછી કોઇ વ્યવસ્થા નથી. મારો તારાપુર તાલુકો એ તાલુકા પ્લેસ છે અને મારે ત્યાં સરકારી કોલેજ નથી. કોલેજ ન હોવાને કારણે મહિલાઓને અને વાલીઓ ૫૦ કિલોમીટર દૂર કોલેજે મોકલતા નથી. દાદા ભગવાન આપણા મુખ્યમંત્રી છે એમને મારી લાગણી પહોંચાડજો કે સરકારી કોલેજ આપે.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વિભાગ ડાકોરમાં ટ્રાફિક ન થાય એવી કોઇ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ? ડાકોરની અંદર ટ્રાફિકની સમસ્યા બહુ થાય છે તો એનું નિવારણ કરવું હોય તો ડાકોરથી બોડાણા સ્ટેચ્યૂથી વેળા ઉપરનો રસ્તો કાઢવામાં આવે તો ટ્રાફિકની સમસ્યા ઓછી થાય. હમણા જ હોળીની પૂનમ ગઇ તો પતરા બાંધી દીધેલા તે યાત્રાળુઓ જાય જ કઇ રીતે? એ મોટી મુસીબત થયેલી અને ડાકોરના નાગરિકો જે રહે છે એમને તો કોઇ જગ્યાએ કયાંક જવાની જગ્યા જ નથી. આટલો બધો બંદોબસ્ત તો ચાલતો હોય? એનું કંઇક નિવારણ કરવું જોઇએ અને ડાકોરમાં બે વર્ષથી ગ્રાન્ટ ફાળવી છે. સરકારી હોસ્પિટલ બનાવવાની પણ આજસુધી કોઇ જગ્યાએ નામ નિશાન દેખાતું નથી. અને બીજું કે કોઇપણ જગ્યાએ સરકારી ગ્રાન્ટનું કોઇ બાંધકામ થતું હોય તો અમે ધારાસભ્ય હોઇએ તો અમારું તક્તીમાં નામ પણ લખવામાં આવતું નથી તો એનું કારણ શું? પાછા બીજા તાલુકાના ભા.જ.પ.ના ધારાસભ્ય હોય તો એનું નામ લખાય, પણ કોંગ્રેસના ધારાસભ્ય હોય એમનું નામ લખવામાં આવતું નથી. આનું કારણ શું? ભાજપના તમામ ધારાસભ્યો છો. હું પણ ધારાસભ્ય છું. એમાં ભાજપ કે કોંગ્રેસ હોતું નથી. સરકારના પૈસા હોય છે. ગોમતી ઉપર જે પગથિયાનું બાંધકામ કરવામાં આવેલ છે તે પગથિયા નબળા છે, પડી જાય તેવા છે. એમાં ભ્રષ્ટાચાર થયેલ છે, તેની તપાસ કરાવજો. ડાકોરમાં કોઇ ધર્મશાળા યાત્રાળુઓ માટે નથી. તો ધર્મશાળા બને એવી વ્યવસ્થા કરજો. તમને જગ્યા બતાવું. ડાકોરની અંદર મંદિરની નજીક ગાયકવાડની હવેલી છે. ખેડા જિલ્લા પંચાયતની છે. એ નકામી જગ્યા પડી રહેલ છે. ત્યાં ગોમતીના પાળે ધર્મશાળા બનાવો તો મંદિર પણ નજીક પડે તેમ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ભરતજી સો. ઠાકોર(બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પોતાના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા મહેસાણા જિલ્લાની અંદર બે મત વિસ્તાર આવેલ છેઃ આ બાજુ મહેસાણા વિધાસનભા મત વિસ્તાર જે શ્રી નીતિનભાઇ સાહેબનો છે. બીજી બાજુ બહુચરાજી વિધાનસભા મત વિસ્તાર. આ મત વિસ્તારની અંદર ઓજી વિસ્તાર આવેલ છે. આ ઓજી વિસ્તારની અંદર આ બાજુ ૧૫૦ સોસાયટી અને પેલી બાજુ ૧૫૦ સોસાયટીનો વિભાગ છે. શ્રી નીતિનભાઇ સાહેબે ખૂબ સારું કામ કર્યુ. એક બાજું ગટરનું ગંદુ પાણી જાય છે. ગંદા નાળામાં કમળપથ બનાવી સોસાયટી વિસ્તારના લોકોને લાભ આપ્યો જે ખૂબ સારી બાબત છે. નાળાની બંને બાજુ આ પરિસ્થિતિ છે. બીજીબાજુ બહુચરાજી મત વિસ્તારમાં ૧૦૦ જેટલી સોસાયટીના લોકો વસવાટ કરે છે. એ લોકોને ગંદા પાણીથી તકલીફ વેઠવી પડે છે. ભયંકર દુર્ગંધ આવે છે. મચ્છરોનો ઉપદ્રવ, રોગચાળો ફાટી નીકળે છે, ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જ્યારે આ બાજુ કમળપથ બનાવ્યો છે. અને આ બાજુ કાદવપથ છે, એના ઉપર રસ્તો બનાવો. ત્યાં ખૂબ સારો માર્ગ બનાવો તેવી વિનંતી છે. ઉદ્‌ઘાટન પ્રસંગે એ દિવસે શ્રી નીતિનભાઇ કહી દેવાના હતા. પણ એવું થયું કે શ્રી નીતિનભાઇને આ બાજુએ આવવું પડ્યું. લોકો કામ કર્યુ છે તેને યાદ કરે છે. બીજી વાત અમારા મહેસાણાથી બેચરાજી ૩૦ કિ.મી.નો અંતરનો રસ્તો વાયા બલોલ કાલરી છે. એ ૩૦ કિ.મી અંતરમાં ૩,૦૦૦ જેટલા ખાડાઓ પડેલ છે. આ રસ્તા ઉપર હજારો શ્રદ્ધાળુઓ મારુતિ, હોન્ડાના ભારેખમ મોટા કન્ટેનરો પસાર થાય છે. વારંવાર રજૂઆત કરવા માટે રોડનું કામ ચાલુ કરવામાં આવ્યું નથી. બીજી તરફ બહુચરાજી હારિજ તરફનો રસ્તો છે, જેમાં ૩૫ ગામના લોકો આ રસ્તામાં અવર-જવર કરે છે. ત્યાં આગળ ઇન્ડસ્ટ્રિયલના તમામ વાહનો પસાર થાય છે. ત્યારે એ રસ્તા ઉપર હજારોની

સંખ્યામાં ખાડા પડેલા છે. હજારો લોકો પસાર થાય છે. આ રસ્તો બન્યો નથી, ત્યારે મંત્રીશ્રીને વિનંતી છે કે આ રસ્તો બનાવવામાં આવે. બહુચરાજી ખાતે મા બહુચરનું ધામ આવેલ છે. ચૈત્રી પૂનમે લગભગ ૫ લાખથી વધારે લોકો માતાજીના દર્શન કરવા આવે છે. ત્યાં ચૈત્રી પૂનમના દિવસે સાંજે માતાજીની પાલખી બહુચરાજી સંખલપુર તરફ જાય છે. સંખલપુર ૩ કિ.મી.નો રસ્તો છે, તેને અમે પાલખીપથ તરીકે ઓળખીએ છીએ. તેમાં અત્યારે હાલ એટલા બધા ખાડાઓ પડેલ છે. ધૂળની ડમરીઓ, કપચી ઉડે છે. પાલખી તો શું માણસ પણ ન નીકળી શકે તેવી પરિસ્થિતિ છે. મંત્રીશ્રી આપના અધિકારીઓને સૂચના આપો કે ચૈત્રી પૂનમે તાત્કાલિક ધોરણે નવીનીકરણ કરવામાં આવે. નહિતર ૫ લાખથી વધારે લોકોને પરેશાનીનો ભોગ બનવું પડશે. માનનીય શ્રી નીતિનભાઇએ અમારા ત્યાં સર્કિટ હાઉસ મંજૂર કર્યુ છે, પાર્કિંગ મંજૂર કર્યુ છે પણ હજી સુધી કામ શરૂ થયાં નથી. તો મારી વિનંતી છે કે, સત્વરે આ તમામ કામ શરૂ કરવામાં આવે. બીજુ કે કરણસાગરથી આસજોલ જવાના રસ્તા પર એક બ્રિજ બનાવવાની વર્ષોથી અમારી રજૂઆત છે, વારંવાર વિધાનસભાની અંદર બોલીએ છીએ પણ હજી તેનું નિરાકરણ આવ્યું નથી. એટલે તેના માટે તાત્કાલિક ધોરણે કામ ચાલુ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ ૭૪, ૮૫, ૮૬ અને ૮૭ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિધાનસભાના માનનીય સભ્યોને હું સાંભળું છું. ત્યારે મને ઘણી વખતે એમ થાય છે કે, નડિયાદની આજુબાજુ, સુરતની આજુબાજુ, વડોદરાની આજુબાજુ, રાજકોટની આજુબાજુ, ભાવનગરની આજુબાજુ આ તમામ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં તમામ ધારાસભ્યશ્રીઓ એમ કહે કે, આ કામ થયું નથી, આ કામ થયું નથી. તો જે આદિવાસી વિસ્તારના ૧૫ જિલ્લા છે તથા ૫૮૪ જેટલા ગામો છે તે ગામોની કેવી હાલત હશે તે સ્થળ ઉપર જોવા માટે વિધાનસભાના સભ્યોની એક કમિટી સરકાર બનાવે. આ કમિટી ટ્રાયબલ વિસ્તારના દરેક તાલુકામાં ફરે અને એમને રસ્તાની શું પરિસ્થિતિ છે, દવાખાનાની શું સુવિધાઓ છે, એસ.ટી. બસ આખા તાલુકાનાં પૂરેપૂરાં ગામડામાં જાય છે કે કેમ, માધ્યમિક શાળાઓની શું પરિસ્થિતિ છે? તે બધાનો વિચાર કરીને આ બજેટની રકમ ફાળવવી જોઇએ તેવી મારી લાગણી છે. મારો છોટાઉદેપુર તાલુકો મધ્યપ્રદેશની બોર્ડર પર છે, કવાંટ તાલુકો મહારાષ્ટ્રની બોર્ડર પર છે. હવે આ મહારાષ્ટ્રની બોર્ડર અને મધ્યપ્રદેશની બોર્ડરના જે ગામો છે તે કેવા પ્રકારના છે તો તે હીલી એરિયામાં છે અને વધારેમાં વધારે નદીઓના કિનારા ઉપરના ગામો છે. આવી સ્થિતિમાં જે ગામો છે તે ગામોની ૪૫-૪૫ જેટલી પ્રાથમિક શાળાઓના રસ્તાઓ બનાવવા માટેની અમારી માગણી હોય છતાં કોઇ રસ્તો આજદિન સુધી બનતો નથી. એટલે હવે આ ૭૫ જેટલા ગામોની પરિસ્થિતિ એટલી ખરાબ છે તેની રજૂઆત મને અત્યાર સુધી ધારાસભ્ય તરીકે ૫૫ વર્ષ થયા, આ ૫૫ વર્ષથી હું લખ-લખ કરું છું પણ તેનો કોઇ ઉકેલ આવતો નથી. માનનીય શ્રી નીતિનભાઇ સાહેબે મને ૫૦ કરોડ રૂપિયા મંજૂર કરી આપેલા પણ તે પૈસા પૂરા મને આપ્યા નહીં. માનનીય શ્રી પૂર્ણેશ મોદી સાહેબને એક વખત મળ્યો તો તેમણે મને ૨૧ કરોડ રૂપિયા મંજૂર કરી આપ્યા. એટલે હું ખોટું નથી બોલતો. ૫૦ કરોડ તો માનનીય શ્રી નીતિનભાઇએ જ મંજૂર કરીને આપેલા પણ મને પૂરા આપ્યા નહીં. કામો કરવા માટેના પૈસા હતા. વિભાગને તમે પૈસા આપો તો થાય ને? હાથમાં નહીં, મૂહમાં નહીં અને પેલા રાઠવા કહે કસોટીમાં હકાવો. એટલે આવી આ બાબત છે. એટલું જ કહેવું છે કે ઝબુગામ મુલઝરની વચ્ચે નેરિયા નદી છે. તે નેરિયા નદી ઉપર લો લેવલનો સાત ગાળાનો પુલ અમે બનાવેલો. તે પુલ ચોમાસામાં તૂટી ગયો છે. બાંધકામનો રિપોર્ટ ડેપ્યુટી એન્જિનિયર પાસેથી મંગાવી લો. એવી જ રીતે જરખડી નદીનો પુલ ૩.૫૦ કરોડના ખર્ચે બનાવવાનો છે. ત્રણ મહિના પહેલા ખાતમુહૂર્ત કરેલું, પણ અત્યાર સુધી આ કોન્ટ્રાકટર કામ ચાલુ કરતા નથી. બોર્ડર એરિયાના ૬૪ જેટલા ગામો માટે ૧૪ કરોડ રૂપિયા ગુજરાત સરકારે અમને ફાળવ્યા છે, એ ૧૪ કરોડનાં કામો અમે બધા તૈયાર કરીને મોકલ્યા છે, એમાંથી ૭ કરોડના જ કામો થયાં છે અને ૭ કરોડ હજુ વપરાયા નથી તો મારી એટલી જ વિનંતી છે કે બોર્ડર એરિયાના ૬૪ જેટલા ગામોના જે કામો છે, એ તાલુકા પંચાયત કરાવતી નથી તો આ કામો તાત્કાલિક થાય એવી મારી લાગણી છે. એસ.ટી.ની સુવિધાની વાત કરું તો છોટાઉદેપુર તાલુકાના ૧૪૫ ગામ છે એમાં ૭૫ ગામોને એસ.ટી.ની કોઇ પ્રકારની સુવિધા મળતી નથી, કારણ કે રોડ જ નથી બન્યા એટલે ત્યાં એસ.ટી.ની સુવિધા મળતી નથી તો મારી લાગણી એટલી જ છે કે જે ૭૫ ગામોમાં રોડ બન્યા નથી, એ ૭૫ ગામોમાં રોડ બને એ જરૂરી છે અને એ માટે હું માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરું છું.

### અધ્યક્ષશ્રીની જાહેરાત

### માનનીય રાષ્ટ્રપતિશ્રીના સભાગૃહને સંબોધન અંગે

અધ્યક્ષશ્રી: આવતી કાલના કાર્યક્રમને અનુલક્ષીને મારે અગત્યની સૂચનાઓ આપવાની છે. આવતી કાલે ૨૪/૦૩/૨૦૨૨ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે આદરણીય રાષ્ટ્રપતિ ગુજરાત વિધાનસભાને સંબોધન કરવા પધારનાર છે. આ સંબંધમાં સર્વે સભ્યશ્રીઓને નીચે મુજબની સૂચનાઓ આપું છું.

(૧) ભારતના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ ગુરુવાર, તા.૨૪મી માર્ચ, ૨૦૨૨ના રોજ સવારના ૧૦-૫૦ કલાકે વિધાનસભા ખાતે આવી પહોંચશે.

(૨) ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તેમને પૂર્વ બાજુના પ્રવેશદ્વારે આવકારશે.

(૩) માનનીય રાષ્ટ્રપતિશ્રી, માનનીય રાજયપાલશ્રી અને માનનીય અધ્યક્ષ લીફ્ટ દ્વારા બીજા માળે પહોંચીને સભાગૃહના પૂર્વ તરફના મુખ્ય દ્વારેથી સભાગૃહમાં પ્રવેશ કરશે.

(૪) માનનીય રાષ્ટ્રપતિ અને મહાનુભાવો સભાગૃહમાં પ્રવેશ કરે તે પહેલાં પાંચ મિનિટે એટલે કે સવારના ૧૦-૪૫ સુધીમાં દરેક સભ્યશ્રીએ અચૂક પોતાની બેઠક લેવા વિનંતી છે.

(૫) માનનીય રાષ્ટ્રપતિશ્રી અને મહાનુભાવોના સંબોધન દરમિયાન કોઇ પણ સભ્ય પોતાની બેઠક છોડે નહીં તેવી વિનંતી છે. માનનીય રાષ્ટ્રપતિશ્રી સંબોધન પુરુ કરીને સભાગૃહમાંથી વિદાય લે ત્યાર પછી જ સભ્યશ્રીઓ સભાગૃહ છોડે તેવી વિનંતી છે.

(૬) માનનીય રાષ્ટ્રપતિ અને મહાનુભાવો સભાગૃહમાં પોતાનું સ્થાન લે કે તુરત જ પોલીસ બેન્ડ દ્વારા રાષ્ટ્રગીતની ધૂન વગાડવામાં આવશે. આ પ્રસંગે સર્વે સભ્યશ્રીઓને પોતાના સ્થાન ઉપર ઉભા રહેવા વિનંતી છે.

(૭) માનનીય રાષ્ટ્રપતિના પ્રવચન બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ પ્રસંગે પણ રાષ્ટ્રગીતની ધૂન વગાડવામાં આવશે. આ પ્રસંગે પણ સર્વે સભ્યશ્રીઓને પોતાના સ્થાન ઉપર ઉભા રહેવા વિનંતી છે.

(૮) દરેક માનનીય સભ્યશ્રીઓને ગૃહની શિસ્તનું ચુસ્તપણે અમલ કરવા વિનંતી છે.

(૯) માનનીય રાષ્ટ્રપતિશ્રીના સંબોધન અંગેના કાર્યક્રમની પૂર્ણાહુતી બાદ સભાગૃહની બેઠક બપોરના ૧-૦૦ વાગ્યે મળશે જેની નોંધ લેવા વિનંતી છે.

શ્રી પૂર્ણેશ મોદી **(** માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : **माननीय अध्यक्ष श्री, सन 1947 में हिन्दुस्तान की आज़ादी के बाद आज पचहत्तर साल होने आए हैं। आदरणीय प्रधान मंत्री जी, नरेन्द्र भाई मोदी साब ने हमें आज़ादी का अमृत महोत्सव मनाने के लिए बहोत बड़ी प्रेरणा दी है। हिन्दुस्तान की आज़ादी के लिए जिन महापुरुष, क्रांतिकारियों ने अपने जीवन का बलिदान दिया, ऐसे सभी महापुरुष और क्रांतिकारियों को आज शहीद दीन के मौके पर मैं वीरांजलि अर्पित करता हुं। शहीद दीन के इस अवसर पर 10 मई, 1857 की स्वंत्रता की पहली लडाई बेरेकपुर से लड़ी गई। तात्या टोपे, नानाजी पेश्वा, मंगल पांडे, झांसी की रानी लक्ष्मीबाई उस समय हमारे हिन्दुस्तान के महानायक थे। 10 मई, 1908 लंदन, स्वातंत्र्य वीर विनायक दामोदर सावरकर जी ने प्रथम पुस्तक, ईन्डिया हाउस में, लंदन में, वहां लिखी गई और वहां पचास साल, स्वर्णिम जयंती आज़ादी के इस अवसर पर मनाई गई। 10 मई, 1957, दिल्ली। विनायक दामोदर सावरकर जी ने दिल्ली में कार्यक्रम घोषित किया। और हमारे हिन्दुस्तान के स्वतंत्र संग्राम जो पहली लडाई थी, इस की शताब्दी वर्ष का महोत्सव दिल्ली में किया गया। 10 मई, 2008, सुरत में, स्वातंत्र समर की सार्ध शताब्दी, 150वीं साल, भारतीय जनता पार्टी की ओर से मनाई गई। उन में 34 क्रांतिकारियों के परिवार-वंशजो का सन्मान किया गया। इस अवसर पर मेरा सदभाग्य रहा है कि, शहीदे आज़म भगत सिंह संधु, श्री शिवराज राजगुरु, सुखदेव थापर। उनको मिलने का मुझे सदभाग्य प्राप्त हुआ। उनके घर जाने का सदभाग्य प्राप्त हुआ। भगत सिंह के सगे भाई कुलबीर सिंह के पुत्र बाबर सिंह के पुत्र याजवींदर जी, वो भी इस समारोह में आए थे। शिवराज राजगुरु के बड़े भाई दिनकर हरि राजगुरु के पुत्र कमलाकरण हरि राजगुरु, उनके पुत्र सत्यशील कमलाकर राजगुरु पुना में उनके घर जाने का मौका मिला। इस अवसर पर, शहीद दीन पर मैं भगत सिंह, सुखदेव, राजगुरु को वीरांजली अर्पित करता हुं।**

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહની અંદર સવારથી જ માર્ગ અને મકાન, વાહન-વ્યવહાર અને પ્રવાસન વિભાગમાં વિવિધ માગણી ઉપર શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, શ્રી પ્રવિણભાઇ ઘોઘારી, શ્રી જે.વી.કાકડીયા, શ્રી શંભુજી ઠાકોર, શ્રી અભેસિંહ તડવી, શ્રી વાસણભાઇ આહિર, શ્રી મોહનભાઇ ઢોડિયા, શ્રી વી.ડી.ઝાલાવાડિયા, શ્રી હિતુભાઇ કનોડિયા, શ્રી અક્ષયભાઇ પટેલ, શ્રી કરસનભાઇ સોલંકી તે ઉપરાંત વિપક્ષના અનેક સદસ્યશ્રીઓ માનનીય વિપક્ષના નેતાશ્રી સુખરામભાઇ, શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા, શ્રી પ્રતાપભાઇ દુધાત, શ્રી અંબરીશભાઇ ડેર, શ્રી જશુભાઇ, શ્રી પઢિયારજી, શ્રી વીરજીભાઇ ઠુમ્મર, શ્રી કાળુભાઇ, શ્રી શિવાભાઇ અને બીજા ઘણા સદસ્યશ્રીઓએ પોતાની વાત રાખી.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોના જવાબ અને મંત્રીશ્રીનું પ્રવચન પૂરૂં થાય ત્યાં સુધી હાઉસ લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, દંડકશ્રીએ જે પ્રસ્તાવના મૂકી છે તેમાં મારો ટેકો છે.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનો સમય પ્રશ્નોના જવાબ અને મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી હાઉસ લંબાવવામાં આવે છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વમાં એક માત્ર હિન્દુસ્તાનની પૂણ્યભૂમિ ઉપર સ્વયં ભગવાને જન્મ લીધો. આ દિવ્ય અને ભવ્ય ભૂમિ ઉપર લાખો વર્ષથી પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રાએ આપણી સંસ્કૃતિ રહી છે. ભારત એ તો યાત્રાઓનો દેશ છે દરેક વ્યકિત શ્રદ્ધા અને આસ્થાથી ધાર્મિક ભકિત, ધાર્મિક શકિતથી યાત્રા કરે છે અને એટલા માટે સૌરાષ્ટ્રના પ્રભાસ પાટણ મુકામે સોમનાથ દાદાના મંદિરનો જીર્ણોદ્ધાર કરનાર સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબ તે આપણું સ્વાભિમાન છે.

કાશી (બનારસ) મુકામે વિશ્વનાથ દાદાના મંદિરનો જીર્ણોદ્ધાર કરનાર આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ આપણું અભિમાન છે. ગુજરાતના આઠ પવિત્ર યાત્રાધામો અંબાજી, શામળાજી, ડાકોર, પાવાગઢ, ગિરનાર, પાલિતાણા, દ્વારકા અને સોમનાથમાં વખતો વખત મીટિંગ કરીને ત્યાં મહિલા, વૃદ્ધો, બાળકોની સલામતી માટે, દર્શન વ્યવસ્થા, ઇન્ટરનલ ઇલેક્ટ્રિફિકેશનની વ્યવસ્થા, મંદિરના પરિસરમાં વાઇ-ફાઇની સુવિધા, મંદિરના પરિસરમાં એલ.ઇ.ડી.ની સુવિધા, મંદિર પરિસરમાં ૨૪ કલાક સફાઇ, સવાર-સાંજની આરતીનું લાઇવ ટેલિકાસ્ટ, પ્લાસ્ટિક મુક્ત મંદિર પરિસર હોય, લાઇટ એન્ડ સાઉન્ડ સિસ્ટમની સગવડ, સૉલર સિસ્ટમની સગવડ, પૂછપરછ કેન્દ્ર, ઇમરજન્સી એક્ઝિટ, ફાયર સેફ્ટીની સુવિધા, સ્વચ્છ પીવાના પાણીની સુવિધા, શૌચાલયની સુવિધા, ઇલેક્ટ્રિક ગૅસ આધારિત વાહનોની સુવિધા, સી.સી.ટી.વી કેમેરાની સુવિધા, પગરખાં અને લગૅજ માટેની સુવિધા, સુચારું રહેણાંકની વ્યવસ્થા, પાર્કિંગની વ્યવસ્થા, એસ.ટી. બસની વ્યવસ્થા, એ વિસ્તારમાં હૅલિપેડની વ્યવસ્થા, ટ્રાફિક કંટ્રોલ કરવા માટે બાયપાસ અથવા ઓવરબ્રિજનું આયોજન અને ભિક્ષુક મુક્ત યાત્રાધામ જેવા વિષયો પર સતત કામગીરી ચાલી રહી છે. મને ગૃહને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે ડાકોરમાં પણ મીટિંગ કરી, અંબાજીમાં પણ મીટિંગ કરી, સોમનાથમાં પણ મીટિંગ કરી એમ સતત બધા જ યાત્રાધામોમાં આ બધી જ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં અમારી સરકાર આગળ વધી રહી છે. પવિત્ર હિંદુ સમાજમાં બધા જ પ્રખર શ્રદ્ધા ધરાવે છે. અંબાજી મંદિરે ભૂતકાળમાં આફતના સમયમાં લોકોને ભરપૂર આર્થિક મદદ પણ કરી છે. આ મંદિરો ઘણા લોકોને આશરો પણ આપતા આવ્યા છે. છેલ્લાં ૨૦ વર્ષમાં ગુજરાતના પ્રવાસન વિભાગે નવી ઉંચાઇ પ્રાપ્ત કરી છે. ગુજરાત પ્રવાસનનો રણ વિસ્તાર હોય, દરિયા કિનારો હોય, સાપુતારા અને ગિરનાર જેવા હિલ સ્ટેશનો હોય, ઉમરગામથી અંબાજી સુધીનો જંગલવાળો આદિવાસી વિસ્તાર હોય આ બધાંને કારણે ગુજરાત અને દેશ-વિદેશમાંથી આવતા પર્યટકોની સંખ્યામાં સતત વધારો થાય છે. અહીંયા ખૂશ્બુ ગુજરાત કી વિશે અને બીજી ઘણી બધી વાત થઈ. આપણે ડાંગ ટુરિઝમની વાત કરીએ તો ૩૦ કરોડના ખર્ચે શબરી ધામ, અંજની કુંડ, પંપા સરોવર, ગીરા ધોધ આ બધાં જ સ્થળોને આવરી લઇ એક ટુરિસ્ટ સર્કિટનું આયોજન ગુજરાત સરકાર કરી રહી છે. કડાણા એરિયા ડેવલપમેન્ટ, સ્વરૂપ સાગર લેક ડેવલપમેન્ટ, કલેશ્વરી લેક ડેવલપમેન્ટ, કેદારેશ્વર ધામ ડેવલપમેન્ટ, માનગઢ હિલ ડેવલપમેન્ટ અને ગલતેશ્વર હિલ ડેવલપમેન્ટને આવરી લેતી મહિસાગર ટુરિસ્ટ સર્કિટનું આયોજન પણ ગુજરાત સરકાર કરવા જઇ રહી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાપુતારા કે જેની એક તરફ આદિવાસી વિસ્તાર છે, જંગલ વિસ્તાર છે ત્યાં પણ એડવેન્ચર ટુરિઝમ તરફ ગુજરાત સરકાર આગળ વધી રહી છે. અંબાજીથી સાપુતારાની સર્કિટ તો એમાં છે જ. આમ ઘણી જગ્યાઓ પર આવી નવી-નવી સર્કિટના માધ્યમથી બે-ત્રણ દિવસના પ્રવાસે લોકો આવી શકે, ફરી શકે એ માટેનું આયોજન સરકાર કરી રહી છે. દ્વારકા, શિવરાજપુર, બેટ દ્વારકા અને સિગ્નેચર બ્રિજ મારફત બેટ દ્વારકાનું કનેક્શન ઉપરાંત કૃષ્ણ- રુક્ષમણિ યાત્રાધામને પણ આ સર્કિટમાં લેવાનું પ્લાનિંગ હાથ ધરવામાં આવ્યું છે. આમ દ્વારકા, શિવરાજપુર, બેટ દ્વારકા અને કૃષ્ણ-રુક્ષમણિ યાત્રાધામમાં પણ બે-ત્રણ દિવસનો પ્રવાસ થઇ શકે એ પ્રકારનું આયોજન ગુજરાત સરકાર કરી રહી છે. આદિવાસી સમાજમાં શબરી ધામનું ખૂબ મહત્ત્વ છે. રૂપિયા ૫૮૦ લાખના ખર્ચે શબરી ધામનું પણ ડેવલપમેન્ટ કરી રહ્યા છીએ. આદિવાસી સમાજમાં મૃત્યુ પછીની અંતિમ ક્રિયા અનાવિલ ત્રિવેણી સંગમ ઉપર થાય છે. ત્યાં ખૂબ મોટી સંખ્યામાં લોકો આવે છે. ૧૦ કરોડના ખર્ચે એ અનાવિલ ત્રિવેણી સંગમનું પણ ડેવલપમેન્ટ કરવા જઇ રહ્યા છીએ. ઉનાઈ મંદિરમાં રૂ. ૧૯૫ લાખ, નર્મદા જિલ્લામાં હરસિદ્ધિ માતાનું મંદિર રૂ. ૧૧૦ લાખ, સુરત જિલ્લામાં મહુવા ખાતે ઠાકોર મંદિર રૂ. ૧૦૩ લાખ, છોટા ઉદેપુર જિલ્લામાં કેવડિયા ખાતે વગેરે. આમ, ગુજરાત સરકાર અંબાજી થી ઉમરગામ સુધી આદિવાસી સમાજના યાત્રાધામોનો વિકાસ કરી રહી છે. એ જ રીતે અનુસૂચિત જાતિ સમાજના યાત્રાધામોમાં વીર મેઘમાયા સ્મારક, પાટણ ફેઝ-૧ના રૂ. ૪૩૫ લાખ, બેચર સ્વામી આશ્રમમાં રાવત રામજી મંદિર ફેઝ-૨ના રૂ. ૧૭૦ લાખ, બાવળાના કેસરપીર ખાતે જોધલપુર મંદિરમાં રૂ. ૧,૦૦૦ લાખ, પાટણ ખાતે બાલક સાહેબની જગ્યામાં રૂ. ૧૧૪ લાખ, કચ્છ જિલ્લામાં રાપર ખાતે ત્રિકમ સાહેબની જગ્યા માટે રૂ. ૨૩૭ લાખના વિકાસના કામો આયોજન હેઠળ છે. એસ.ટી., એસ.સી. કે ઓ.બી.સી. સમાજ હોય, હાલમાં સુરેન્દ્રનગર ખાતે જઇને સમગ્ર રબારી સમાજના ખૂબ જ મોટું ધામમાં પણ રૂ. ૩ કરોડ પ્રવાસનના માધ્યમથી આપીને ખૂબ મોટું કામ કર્યું છે. એ ઉપરાંત ભારત સરકારના આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની આ યાત્રાધામ ડેવલપમેન્ટ કરવામાં સીધી નજર રહી છે. એમણે સોમનાથ ખાતે લગભગ રૂ. ૫૦ કરોડના પ્રોજેક્ટને પ્રસાદ યોજનાનું નામ આપ્યું છે, પણ તેના માધ્યમથી આ પ્રોજેક્ટનો મુખ્ય ભાગ જેમાં ગ્રાઉન્ડ પ્લસ એક માળ એમ કુલ બે માળનું બાંધકામ થશે. ૧૦ હજાર થી ૧૧ હજાર યાત્રિકો તેમાં રહી શકે, વિકલાંગ માટેનું શૌચાલય, પ્રાથમિક સારવાર, પીવાનું પાણી, તબીબી સહાય રૂમ, સિનિયર સિટીઝન રૂમ, પ્રતીક્ષા રૂમ, લોકર રૂમ, રજિસ્ટ્રેશન રૂમ, આરામ રૂમ, પોલીસની મદદ, સીસીટીવી કેમેરા કન્ટ્રોલ રૂમ, સ્ટોર રૂમ, સિક્યોરિટી રૂમ, લિફ્ટ, યાત્રી સુવિધા કેન્દ્ર, લાયબ્રેરી જેવી અનેક સુવિધાઓ આ પ્રસાદની યોજના હેઠળ સોમનાથ અને દ્વારકા ખાતે ઉપલબ્ધ કરાવવા જઈ રહ્યા છીએ. ગુજરાત દેશ અને દુનિયાના લોકોને હરવા-ફરવા અને આનંદ-પ્રમોદ માટે ગુજરાતના ઐતિહાસિક સ્થળો, હેરિટેજ સ્મારકો, હિલ સ્ટેશન, કચ્છનું રણ, ૧,૬૦૦ કિ.મી.નો દરિયા કિનારો, ધાર્મિક સ્થળ, જંગલ ટુરિઝમ, રણોત્સવ, પતંગોત્સવ, નવરાત્રિ ઉત્સવ, મહીસાગર સર્કિટ ટુરિઝમ, ડાંગ સર્કિટ ટુરિઝમ, સમગ્ર વિશ્વમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી એ પણ આવાનારા દિવસોમાં ખૂબ જ મોટા પ્રમાણમાં લોકો લાભ લેવાના છે. હિંદુસ્તાન અને પાકિસ્તાનની બોર્ડર ઉપર જેમ વાઘા બોર્ડર આવેલ છે તેવી જ રીતે બનાસકાંઠા મુકામે નડાબેટનો આપણે વધુ આકર્ષિત સ્થળ તરીકે વિકાસ કરી રહ્યા છીએ. આવા અનેક કારણસર ''કુછ દિન તો ગુજારિયે ગુજરાત મેં'' ની સુવાસ આજે વિશ્વના ખૂણે ખૂણે પહોંચી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહારની વાત કરીએ તો, વાહન વ્યવહારમાં સરકાર ખૂબ જ કામ કરી રહી છે. ખાસ કરીને મોદી સાહેબના ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નનો અમારા વાહન વ્યવહાર વિભાગમાં ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે. રાહત

આપવાની વાતમાં કોવિડને કારણે ૧ એપ્રિલ, ૨૦૨૧ થી ૩૦ જુન, ૨૦૨૧ સુધી ત્રણ મહિનામાં મોટર વ્હીકલ ટેક્સ હેઠળ કુલ ૨૦,૯૩૫ વાહનોને રૂ.૧૧૨ કરોડ ૪૭ લાખની રાહતનું પેકેજ આપવામાં આવ્યું છે. ૨૨૧ આઈ.ટી.આઈ. અને ૨૮ પોલિટેકનિક સંસ્થાઓ દ્વારા લર્નિંગ લાઈસન્સની સેવાઓ આપવામાં આવી છે. ટેસ્ટ પાસ કર્યા બાદ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવિંગ લાઇસન્સમાં પણ વર્ષ ૨૦૨૧ થી ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીમાં ૧૨ લાખ ૬૦ હજાર ૩૭૬ સ્માર્ટ કાર્ડ ઈસ્યુ કર્યા છે. તે જ રીતે રાજકોટ, સુરત અને વડોદરામાં વધારાના ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક માટે પણ લગભગ રૂ. ૨ કરોડ ૩૨ લાખ ૫૨ હજાર ૪૦૦ની મંજૂરી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફેસલેસ સેવાની ખૂબ વાતો થઈ છે. ડિજિટલ ઈન્ડિયાની જે આપણી કલ્પના છે તેમાં ૨૦ જેટલી સેવાઓ મારફત કોઈ વ્યક્તિએ ક્યાંય જવું ન પડે, ગમે ત્યારે ૨૪X૭ પોતાના ઘરમાંથી આ બધી ફેસલેસ સુવિધાનો ઉપયોગ કરીને પોતાનું કામ કરી શકે, સમય, શક્તિ, શ્રમનો બચાવ થઈ શકે એવા ઉમદા હેતુથી આ કામ કરી રહ્યા છીએ. ડિફેન્સની વાત કરીએ તો ડિફેન્સ લાઇસન્સ હોલ્ડર માટે ફેસલેશ સેવામાં જે કંઈપણ અરજીઓ આવે ,છે તેનો ફેસલેશ સેવાના અમલીકરણ બાદ કુલ ૮ લાખ ૯૧ હજાર ૮૨૮ અરજીઓનો આપણે નિકાલ કર્યો છે. એ જ રીતે ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી લાવીને આપણી જે કલાઈમેટ ચેન્જની ચિંતા હતી, કાર્બનનું પ્રોડક્શન ઓછું થાય, ઓક્સિજનનું પ્રમાણ જળવાઇ રહે એના માટે આપણે વ્હીકલની અંદર પણ ટુ વ્હીલરને રકમ રૂપિયા ૨૦ હજારની, થ્રી વ્હીલરને રકમ રૂપિયા ૫૦ હજારની અને ફોર વ્હીલરને રકમ રૂપિયા ૧ લાખ ૫૦ હજારની સબસિડી આપી રહ્યા છીએ. ગુજરાત રાજ્યમાંથી લોકો ખૂબ મોટા પ્રમાણમાં ધંધાર્થે તથા શિક્ષણ હેતુથી વિદેશમાં જાય છે તેવા લોકોને ઈન્ટરનેશનલ ડ્રાઈવિંગ પરમિટ, આઇ.ડી.પી. એક જ દિવસમાં પૂરી પાડવાની સેવા આપણા ગુજરાતના આંગણે ઉપલબ્ધ કરાવી છે. વાહનોની નોંધણી આપણે જે નંબર રાખવો હોય તેના માટે ડિટેન્શનની યોજનાને આપણે મંજૂરી આપી રહ્યા છીએ. આ વખતે આપણે બજેટની અંદર લગભગ ૧૧ થી ૧૨ લાખ વિદ્યાર્થીઓને પાસની ઉપર નિઃશુલ્ક ચાર્જથી બસમાં મફત મુસાફરી કરવાનો લાભ આપી રહ્યા છીએ. સુરતમાં પણ અત્યારે ફિટનેશ સેન્ટર ચાલી રહ્યું છે. આ ફિટનેશ સેન્ટર આવનારા દિવસોમાં પી.પી.પી.ના ધોરણે સમગ્ર ગુજરાતમાં ખૂબ મોટા પ્રમાણમાં આપણે કરી રહ્યા છીએ. એરપોર્ટ જેવી આર.ટી.ઓ. કચેરીનું નિર્માણ આપણે અમદાવાદ મુકામે કરવા જઇ રહ્યા છીએ અને એનું ખાતમુહૂર્ત પણ થઇ ગયું છે તથા બાંધકામ પ્રગતિ હેઠળ છે. આમ, વાહન-વ્યવહાર વિભાગની અંદર પણ ખૂબ મોટા પ્રમાણમાં કામ થઇ રહ્યું છે. જે પ્રકારે બસની હેરિટેઝ રૂટોની શરૂઆત કરી છે તે પ્રમાણે અમદાવાદ થી ધોળાવીરા, ગાંધીનગર થી દાંડી, અમદાવાદ થી પાવાગઢ અને વડનગર થી સ્ટેચ્યુ ઓફ યુનિટી, આ બસોના નવા હેરિટેઝ રૂટો શરૂ કરવામાં આવ્યા છે. અમારા સુરત મહાનગરમાં દિવાળીની સિઝનમાં છેલ્લા ૧૦-૧૫ દિવસમાં લાખો લોકોને વતનમાં જવાનું હોઇ એમને જે બસો પૂરી પાડીએ છીએ. એની સામે લક્ઝરી બસનું ત્રણ ગણું ભાડુ હોય છે. પણ આ એક સિંગલ ભાડાથી એમાં કોઇ નફો કરવાનો ઈરાદો હોતો નથી અને આ રીતે લભગભ લાખો લોકોને સુરતથી એમના વતન સૌરાષ્ટ્રમાં પહોંચાડવા માટે એસ.ટી. બસ સતત કામ કરતી હોય છે. દિવાળીની સિઝનમાં અમારી એસ.ટી. બસ ખૂબ ઉમદા કામ કરી રહી છે. એસ.ટી. બસની અંદર તારીખ ૨૧ નવેમ્બર ૨૦૨૧ના રોજ એક જ દિવસમાં ૯૪,૫૩૯ જેટલી ઓનલાઇન ટિકિટ બુકિંગ થયેલ છે, એ વર્લ્ડ રેકોર્ડ છે. જેની સરખામણી ગુજરાત નહીં, પરંતુ વિશ્વ લેવલે થાય છે. આટલી મોટી ઓનલાઇન બુકિંગ એક દિવસમાં થઇ હોય આ રેકર્ડની સાથે હું સમગ્ર એસ.ટી. ડિપાર્ટમેન્ટ અને સૌને અભિનંદન પાઠવું છું કે ગુજરાત સરકારની બસમાં આપણે સૌએ મુસાફરી કરીને આ બુકિંગ વધારવાનું કામ કર્યુ છે. આજે બસની અંદર કંઈ જગ્યાએ બસ છે? કેટલી સિટો ઉપલબ્ધ છે? પબ્લિક ઇન્ફર્મેશન સિસ્ટમ, પી.આઇ.એસ.ના માધ્યમથી બસનું ટાઈમિંગ જાણી શકાય છે. એના માટે રકમ રૂપિયા ૨ કરોડની બજેટમાં જોગવાઇ કરી છે. અહીંયા જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૦૦૦ બસ, ૫૦૦ સુપર એક્સપ્રેસ બસ, ૩૦૦ લક્ઝરી બસ અને ૨૦૦ સ્લિપર કોચ બસોની ખરીદી થઇ છે. આવનારા દિવસોમાં પણ ૧,૨૦૦ જેટલી નવી બસોની ખરીદી થવાની છે. કન્ડમ બસ ચાલતી નથી. દરવર્ષે જે બસો જૂની થતી હોય એવી ૧,૦૦૦ બસો કાઢી નાખીએ છીએ અને નવી બસોની ખરીદી કરીએ છીએ. આ કારણસર એસ.ટી. બસની અંદર ક્યારેય પ્રોબલમ રહેતા નથી. આવનાર વર્ષમાં ૪૦૦ સુપર એક્સપ્રેસ બસ, ૨૦૦ સેમિ લક્ઝરી બસ, ૪૦૦ ટુ બાય ટુની મીની બસ અને ૨૦૦ નોન એસી ટુ બાય ટુ પુશ બેક સિટની હાઇએન્ડ બસોની ખરીદી કરવાની છે. આ પ્રમાણે અમે દરેક વર્ષે હજારથી વધુ બસો ખરીદીને એસ.ટી. ડિપાર્ટમેન્ટને મજબૂતાઇ આપવાનું કામ કરી રહયાં છીએ. હાલમાં આપણે કંડકટરની ભરતી કરી રહ્યા છીએ. ડ્રાઇવરની પણ સીધી ભરતીની નિમણૂક આપી છે. પી.પી.પી. ના ધોરણે એરપોર્ટ કક્ષાના બસસ્પોર્ટ બનાવવા જઇ રહ્યા છીએ. એરપોર્ટ કક્ષાના બસપોર્ટ પી.પી.પી. ધોરણે બનાવવા જઇ રહ્યા છીએ. એ પણ હવે એક પછી એક શરૂ થવાના છે. આવનારા દિવસોમાં ૮૭૮ લાખના ખર્ચે કુંકાવાવ, જોટાણા, નારાયણ સરોવર, હળવદ મળીને ચાર બસસ્ટેશનો તથા રૂપિયા ૨,૭૮૫ લાખના ખર્ચે ગોંડલ, સાવરકુંડલા, જૂનાગઢ, માંડવી, આણંદ, દાહોદ, લુણાવાડા, જામનગર મળીને ૮ નવીન ડેપો-વર્કશોપનું બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે. આમ વાહન વ્યવહાર વિભાગમાં પણ ખૂબ જ સારું અને બિલકુલ ડિજિટલ ઇન્ડિયાની જે કલ્પના માનનીય પ્રધાનમંત્રીની છે કે લોકોને તમામ સુખ-સુવિધા, સાધન સગવડ ઘરે બેસીને ઉપલબ્ધ થાય. માત્ર ફાસ્ટ ટ્રેક લાઇસન્સ લેવાનું કામ હોય છે એમાં જ રૂબરૂ જવું પડે, આ પ્રકારની સ્થિતિ વાહન વ્યવહાર વિભાગમાં ખૂબ સારી રહી છે. વર્ષ ૨૦૨૨-૨૩ માટે ખાસ કરીને મોટેભાગે માર્ગ અને મકાનની ખૂબ વાતો થઇ. હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ માર્ગ અને મકાન વિભાગની મૂડી અને મહેસૂલની રૂપિયા ૧૨,૦૨૪ કરોડની માગણી લઇને ઉપસ્થિત થયો છું જે ગત વર્ષ કરતા ૮૩૯ કરોડ વધારે છે. આ સન્માનનીય ગૃહને જણાવતા આનંદ થાય છે કે ૧૧,૧૮૫ કરોડના બજેટ અંદાજ ઉપરાંત ફાળવેલા વધારાના ૧,૪૭૪ કરોડના બજેટનો સંપૂર્ણ ખર્ચ થનાર છે. ગુજરાતમાં રસ્તા અને પુલોની આંતરમાળખાકીય સુવિધા જે આયોજનબદ્ધ રીતે વિકસાવવામાં આવેલ છે તે અન્ય રાજ્ય માટે પણ ઉદાહરણ રૂપ છે. તત્કાલીન માનનીય મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના દીર્ઘદ્રષ્ટિવાળા આયોજન અને માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની

યોજનાઓનું સમયસર અમલીકરણ માટેની દ્રઢ ઇચ્છા શક્તિને આભારી છે. વર્ષ ૨૦૨૨-૨૩નું ૧૨,૦૨૪ કરોડનું બજેટ થયું છે એમાં સાડા સાત ટકાનો વધારો બતાવે છે. વર્ષ ૨૦૨૧ના ૫૩૭ કરોડના બજેટના સાપેક્ષમાં આ બજેટ ૨૨.૩૯ ગણું વધારે છે. રાજયમાં ગ્રામ્ય વિસ્તારો વધુ સમૃદ્ધ થાય, આર્થિક રીતે પગભર થાય તે માટે ગુજરાત સરકાર સતત કાર્યશીલ છે. રાજયના ૩૪,૦૦૦ થી વધુ ગામો-પરાઓને આવરી લેવા માટે રસ્તાની માળખાકીય સુવિધા માટે વધુ સુદ્રઢ કરવા અને સાથે સાથે ગ્રામ્ય વિસ્તારોની જરૂરિયાત અનુસાર એક ગામ થી બીજે ગામ પરાના ફળિયાઓને જોડતા વધુ બારમાસી રસ્તાઓના બાંધકામ માટે વર્ષ ૨૦૧૬-૧૭ થી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. હું આ સન્માનનીય ગૃહને એ બાબત ધ્યાન ઉપર લાવવા માગું છું કે ફ્લેગશિપ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ અત્યાર સુધીમાં ૨૦,૩૭૧ કરોડના ૫૮,૧૩૦ કિલોમીટરના લંબાઇના ૨૩,૨૧૨ કામો આપણે મંજૂર કર્યાં છે. પૂરા ગુજરાતની વાત કરીએ તો કદાચ આખા હિન્દુસ્તાનના કોઇ બીજા રાજયમાં આટલી ઝડપથી આટલા મોટા રસ્તા ૫૮,૦૦૦ કિલોમીટરના કયાંય નહીં થયા હોય. ૭ વર્ષથી વધુ સમયમાં રીસરફેસિંગની વાત હોય, તો રાજય કે પંચાયત વિભાગના ૧૮,૨૫૬ કિલોમીટરની લંબાઇ વાળા રસ્તાઓ છે તેના માટે રૂ. ૪,૭૬૭ કરોડની રીસરફેસિંગની મંજૂરી આપેલી હતી. જે પૈકી ૫,૭૦૭ કિલોમીટરની લંબાઇ વાળા ૮૨૬ કરોડના કામો પૂર્ણ કર્યાં છે. બાકીનાં કામ પ્રગતિ હેઠળ છે. તાજેતરમાં ૩,૨૭૫ કિલોમીટરની લંબાઇ વાળા રૂ. ૨,૧૯૬ કરોડના કામોને મંજૂરી આપવામાં આવેલ છે. આમ કુલ ૨૧,૫૩૧ કિલોમીટરના લંબાઇ વાળા કામોને રીસરફેસિંગની મંજૂરી આપવામાં આવેલી છે. જે હયાત ડામરના રસ્તાની કુલ લંબાઇના ૧૮ ટકા જેટલી છે. પ્રગતિ પંથની પણ વાત થઇ છે, નવા કોરીડોરને ૪ માર્ગીય કરવાની જાહેરાત, આમાં પ્રથમ તબક્કામાં ૨૮૧ કિલોમીટરના ૮૧૬ કરોડના અંદાજિત કામો મંજૂર કર્યાં છે. ગુજરાતમાં એક છેડેથી બીજે છેડે જવું હોય તો તેના માટ આ પ્રગતિ પંથના અનેક રસ્તાઓ કાર્યરત છે. રસ્તાઓની જેમ ફાટક મુકત ગુજરાતની વાત કરી, રેલવે ક્રોસિંગ પર રેલ્વે ઓવરબ્રિજ બનાવવાનું મહા અભિયાન રાજય સરકારે હાથ ધરેલું છે. ૧૯૧ રેલવે ઓવરબ્રિજની કામગીરી અત્યારે પ્રગતિ હેઠળ હાથ ધરાયેલ છે. ૭૮ હજાર કિલોમીટરના રસ્તાઓ હતા અને ત્યાર પછી સતત લગભગ ૪૩,૪૦૦ કિલોમીટરના રસ્તા નોન પ્લાનના સતત વધતા રહ્યા છે. રસ્તા અને નોન પ્લાનને આપણે પૂરો પૂરો ન્યાય આપી રહ્યા છીએ. આ સભાગૃહના માનનીય ધારાસભ્યશ્રીઓ દ્વારા અવારનવાર રાજયમાં રસ્તાની લંબાઇ વધતી ન હોવાની ચિંતા રજૂ કરી રહ્યા છે, પરંતુ મને એમને જણાવતા આનંદ થાય છે કે આજદિન સુધી ૯,૧૫૫ કરોડના ૨,૩૭૫ કિલોમીટર લંબાઇના ૮,૫૮૭ રસ્તા કાચાથી ડામર કરવાની કામગીરી મંજૂર કરેલ છે, જે પૈકી ૧૬,૪૦૦ કિલોમીટરની લંબાઇના ૬,૧૦૩ રસ્તા ૬,૫૦૬ કરોડના ખર્ચે પાકા ડામરના બનાવી દેવામાં આવેલ છે. ૬,૬૭૫ કિલોમીટરની કામગીરી પ્રગતિ હેઠળ એટલે કે ચાલુ થનાર છે. આમ ગ્રામ્ય રસ્તાના નેટવર્કમાં ૨૧ ટકાનો ઐતિહાસિક વધારો કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૧-૨૨માં વિભાગે કરેલી કામગીરી અને સન ૨૦૨૨-૨૩નું આયોજન હું આ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું. ચાર માર્ગીય અને છ માર્ગીય રસ્તાની વાત કરીએ તો સન ૨૦૨૧-૨૨માં અંદાજે ૩,૯૭૮ કરોડના ૧,૧૦૮ કિલોમીટરની લબાઇના ૭૨ રસ્તાને ચાર માર્ગીય કરવાની કામગીરીહાથ ધરેલ છે. પૂર્ણ થયેલ કામોમાં ૧૫૭.૮૬ કિલોમીટર લંબાઇના ૯ કામોની કામગીરી ૪૫૯.૭૫ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. પ્રગતિ હેઠળ ૨,૮૦૧.૩૪ કરોડની અંદાજીત રકમ અને ૭૩૯.૯૩ કિલોમીટરની લંબાઇના ૪૬ કામ પ્રગતિ હેઠળ છે. હવે પછી જે કામો ચાલુ થવાનાં છે એ ૬૩૯ કરોડ રૂપિયાના ૧૯૧ કિલોમીટરવાળાં ૧૬ કામો ચાલુ થનાર છે. જેમાં મોરબી હળવદ રોડ છે. મોરબી જેતપુર રોડ છે, વડદરા ડભોઇ રોડ, નવસારી સૃપા બારડોલી રોડ છે. આમ દરેક સ્તર ઉપર ફોરલેન, સીકસલેન રોડનું ડેવલપિંગ કરવાનું આયોજન ચાલી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.આર.ડી.સી. હેઠળ બગોદરા તારાપુર વાસદ ૧૦૧ કિલોમીટરની લંબાઇ વાળો છ માર્ગીય રોડની વાત કરું. દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જવા માટે અને સૌરાષ્ટ્રથી મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં આવવા માટે આજે જે લોકો વચ્ચેથી પસાર થાય છે એ એમ કહે છે કે વિદેશમાંથી જતા હોઇએ એવો અહેસાસ થાય છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં ઘરે ઘરે આ વાત પ્રસ્થાપિત થઇ છે. ત્યારે આ ૧,૬૫૪ કરોડના રોકાણથી હાથ ધરવામાં આવેલ તારાપુર વાસદના પ્રથમ તબક્કાના ૧,૦૦૫ કરોડનો ૪૮ કિલોમીટરનો રસ્તો હતો એનું ઉદ્દ્ઘાટન કરી ચૂકયા છીએ. હવે પછી તારાપુર-બગોદરાનો બીજા ફેઝનું થોડા દિવસમાં ઉદ્દ્ઘાટન તરફ અમે આગળ વધવાના છીએ. આમ હવે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચે જે અંતર હતું, જેમાં ૯૦ મિનિટનો સમય બચે એ પ્રકારનું કામ આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દસ મીટર પહોળા રોડની વાત કરીએ તો સન ૨૦૨૧-૨૨માં જે પ્રમાણે ઔદ્યોગિક વિસ્તાર છે, ધાર્મિક સ્થળોને જોડતા રસ્તા છે. બંદરોને જોડતા રસ્તાઓ છે, આ બધા રસ્તાઓ ૧,૨૦૮ કિલોમીટરની લંબાઇના ૧,૬૩૬ કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરેલ છે. એમાંથી ૩૮૯.૭૯ કિલોમીટરનાં કામો પૂર્ણ થયાં છે, જે કિલોમીટરનાં કામોની કિંમત ૪૮૦.૯૫ કરોડ રૂપિયા છે. પ્રગતિ હેઠળનાં કામો જોઇએ તો ૫૦૫ કિલોમીટરની લંબાઇના ૭૧૮ કરોડનાં ખર્ચે ૩૧ કામો પ્રગતિ હેઠળ છે. હવે પછી જે કામો હાથ ધરવાનાં છે. સન ૨૦૨૨-૨૩માં ૪૧૫ કરોડનાં ૨૩ કામો હાથ ધરાનાર છે. આમા વાગરા-પખાજળ- જોલવા રોડ, સાઠંબા- ખરોદ લીંબરવાડા -વીરપુર રોડ ખેરગામ- આછવણી -પાણી ખડક પીલખેડ રોડ, પાટણ- ડીસા રોડ જયારે વલસાડ - ગુંદલાવ રોડ.

માનનીય અધ્યક્ષશ્રી, સાત મીટર પહોળાની વાત કરીએ તો સન ૨૦૨૧-૨૨માં ૧,૬૦૮ કિલોમીટરની લંબાઇવાળા ૧,૫૬૧ કરોડના ખર્ચે કામ હાથ ધરેલ છે. ૪૭૮ કિલોમીટરની લંબાઇવાળા ૪૬૪ કરોડના ખર્ચે કામ પૂર્ણ કરેલ છે. એ જ રીતે પ્રગતિ હેઠળ ૭૭૫ કરોડના ખર્ચે ૭૧૪ કિલોમીટરની લંબાઇવાળા ૪૭ કામો પ્રગતિ હેઠળ છે. ૭ મીટરમાં આ વર્ષે હવે પછી શરૂ

થનારા દેશલપર-હાજીપીર રોડ, કોટડાસાંગાણી-સરધાર-કુવાડવા રોડ, હારીજ-ટોટણા-થરા રોડ, તારાપુર-ખંભાત રોડ, રાજપીપળા સીસોદરા રોડ એ હવે પછી આપણે આ ૭ મીટરના રોડના કામ હાથ ધરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પુલોની વાત કરીએ તો ઘણા બધા પુલોની વાત થઇ. આ વર્ષે વરસાદની ઋતુમાં પુલો ખૂબ બિસ્માર થયા હતા. જામનગરમાં પણ ૩૫ કરોડ રૂપિયાની રકમ આપણે ખર્ચી છે, જેના કારણે જૂના પુલોની મરામતનું કામ પણ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. હાલમાં જે સેતુ છે, એકબીજાને જોડવામાં સામસામે આવેલા ગામો કે શહેરો જોડાતાં નથી પરંતુ દરેકના દિલ જોડાય છે. વ્યક્તિ વ્યક્તિથી જોડાય છે. એ આપણી સંસ્કૃતિ પણ છે, એટલે બન્ને બાજુના કિનારાની પ્રજાની સુખાકારી માટે રસ્તા જ નહીં, પણ જરૂરિયાત મુજબ તમામ પુલોનું બાંધકામ પણ અગ્રતાના ધોરણે કરી રહ્યા છીએ. ૩૪૩ કરોડ રૂપિયાના ખર્ચે ૧૬ પુલોનું કામ પૂર્ણ કરેલ છે. તે ઉપરાંત પ્રગતિ હેઠળ ૭૨૮ કરોડના બીજા ૪૩ પુલો પ્રગતિ હેઠળ છે અને હવે શરૂ થનારા પુલોમાં ૩૨૭ કરોડ રૂપિયાના ખર્ચે કરજણ તાલુકાના મોટી કોરલ, ઝઘડિયા તાલુકાના ભાલોદને જોડતી નર્મદા નદી ઉપર પુલ બનાવવાના છીએ. એ જ પ્રમાણે તાપી નદી ઉપર પણ કડોદ-કોસાડી રોડ ૭૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવાના છીએ. આમ તાપી અને નર્મદા બન્ને નદી ઉપરના પુલના કારણે નેશનલ હાઇવે-૮ના ટ્રાફિકમાં ઘટાડો થવાનો છે. જે ડાંગ, સુરત જિલ્લો, નર્મદા જિલ્લો આ લોકો સીધા કરજણ આવી જાય, હાઇવે ઉપર આવી જાય આ પ્રકારની આની પાછળની કલ્પના છે. ફ્લાયઓવરની પણ વાત કરી છે. ગાંધીનગર-કોબા એરોડ્રામ રોડ ઉપર રીંગરોડ જંકશન ઉપર ૧૩૫ કરોડ રૂપિયાના ખર્ચે કેબલ સ્ટેઇડ ફ્લાયઓવરનું કામ ચાલી રહ્યું છે. મોરબી-હળવદ રોડ ઉપર મહેન્દ્રનગર ચાર રસ્તા પર ફ્લાયઓવરનું કામ ૮૦ કરોડ રૂપિયાના ખર્ચે ચાલી રહ્યું છે. હવે પછી જે શરૂ થનાર કામ છે એ આણંદ-કરમસદ-સોજીત્રા રોડ ઉપર ૧૪૬ કરોડ રૂપિયાના ખર્ચે, ગાંધીનગર-કોબાની વાત કરી તે ૫૦ કરોડ રૂપિયાના ખર્ચે, બાયપાસ પણ ઘણી જગ્યાએ વિચારી રહ્યા છીએ. બાયપાસમાં પણ ચાર માર્ગીય બાયપાસ પાલનપુર ૨૪ કિલોમીટરનો ૩૮૦ કરોડ રૂપિયાના ખર્ચે. ચારમાર્ગીય બાયપાસ રાજપીપળા ૬ કિલોમીટરનો ૧૧૮ કરોડ રૂપિયાના ખર્ચે. અંબાજી યાત્રાધામ ખાતે અંબાજી બાયપાસ રોડ ૧૨૪ કરોડ રૂપિયાના ખર્ચે. રાજકોટ જામનગર રાજ્ય ધોરીમાર્ગને બેડેશ્વર-વાલસુરાનો ૬ કિલોમીટરનો ૭૦ કરોડ રૂપિયાના ખર્ચે. આમ બાયપાસના કારણે અનેક પ્રકારના ટ્રકોનું ડાયવર્ઝન સીધેસીધું બહાર જાય, શહેરમાં વાહન ન આવે અને ટ્રાફિક ન થાય અને ત્યાં સરળતાથી યાત્રાધામ હોય કે બીજાં શહેરો હોય તેનું રોજીંદુ જીવન ટ્રાફિક મુક્ત બને.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના. આ યોજનાથી ગ્રામ્યવિસ્તારની ૫૦ ટકાથી વધુ વસતિને લાભ થયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં મોટા પાયા પર રોજગારીની તકો સર્જાઇ છે. આ લોકપ્રિય મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વર્ષ ૨૦૨૨-૨૩માં ગ્રામ્ય રસ્તાના નેટવર્કના મજબૂતીકરણ માટે ૨,૧૧૩ કરોડ રૂપિયાની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. એ ઉપરાંત વર્ષ ૨૦૨૧-૨૨માં માર્ગ અને મકાનમાં કુલ પૂર્ણ થયેલાં ૭ અગત્યના મોટાં પુલોનાં કામ, વર્ષ ૨૦૨૧-૨૨માં પ્રગતિ હેઠળનાં ૨૦ મોટાં કામ અને હવે પછી વર્ષ ૨૦૨૨-૨૩માં લેવાના છીએ એ ખેડા જિલ્લાના કપડ્રુપુરથી મીનાવાડા, જૂનાગઢ જિલ્લાના ગાંઠીલા, કડાણા તાલુકાના મોટીરાઠથી રાયણીયા અને ભગવાનપૂરા વાકથી સાંબા રોડ. હયાત ગ્રામ્ય માર્ગોને પહોળા કરવાની ખાસ અંગભૂત યોજના, ખાસ કરીને અનુસૂચિત જાતિ સમાજના ગ્રામ્ય વિસ્તારમાં ૨૫૦થી વધુ વસતિ ધરાવતા ગામોને માળખાકીય સુવિધા આપવા માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ૭૨૩ કરોડ રૂપિયાની અંદાજીત રકમમાં ૧,૧૬૯ કિલોમીટર લંબાઇના ૫૬૪ કામ મંજૂર કરેલ છે. આ વર્ષે સન ૨૦૨૨-૨૩માં ૪૭૮ કરોડની જોગવાઇ સૂચવેલ છે. સુવિધા પથની પણ વાત કરીએ તો પાણીના પ્રશ્નના નિકાલ માટે દર વર્ષે ચોમાસામાં વરસાદનું પાણી ભરાઇ જાય ત્યાં આપણે R&Bની અંદર હવે પછી ફરજીયાત ૧૦૦, ૨૦૦, ૩૦૦ મીટરનો RCC રોડ બનાવવાનું આપણે નક્કી કરેલ છે. ભારે વરસાદને કારણે વિખૂટા પડી જતા ૨૮૫ જેટલા ગામડાઓમાં ૪૬૧ કરોડની મંજૂરીથી સ્ટ્રકચર, કોઝ વે કમ વિયર બનાવવા જઇ રહ્યા છીએ. આઝાદીના અમૃત મહોત્સવમાં જયાં ગામમાં એક પણ પરાના રસ્તા નથી એવા ૪૧૪ જેટલા ગામમાં ૪૩૪ કરોડનો ખર્ચ કરીને, આ કોઇની માગણી નથી પરંતુ આપણે સામે ચાલીને દરેક જિલ્લાની અંદર, દરેક તાલુકા, દરેક ગામડાનું મજબૂતીકરણ થાય તેવા ઇરાદા સાથે ગુજરાત સરકાર કામ કરી રહી છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજાના તબક્કામાં ૧,૪૯ કરોડની રકમના ૩૦૧૫ કિલોમિટરની લંબાઇવાળા ૩૦૪ રસ્તા મંજૂર કરેલા છે એ પૈકી ૪૧૪ કરોડના ખર્ચે ૯૩૪ કિલોમિટરનાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે અને ૧,૭૦૦ કિલોમિટરનાં ૨૪૮ કામ પ્રગતિ હેઠળ છે. ૨૮૧ કિલોમીટરના ૩૪ કામ ટેન્ડર પ્રક્રિયામાં છે. મહેસાણા બાયપાસની પણ વાત છે, વલ્લભીપુરની પણ વાત થઇ છે, આ બુકની અંદર મેં બધો જ ઉલ્લેખ કરેલ છે, જે માનનીય સભ્યશ્રીઓને આપી છે. માર્ગ સલામતી માટે ખાસ કરીને અનેક પગલાં ભરીએ છીએ, પણ મુખ્યત્વે સાપુતારાની અંદર જે ૪૦ કિલોમીટર વઘાઇથી સાપુતારા જે ઘાટી વિસ્તાર છે, એમાં ૧,૧૨૦ મીટર જો બસ કે કોઇ વાહન ખીણમાં જાય તો મૃત્યુ થાય તો આપણે એને સેફ કરીને સુવિધા માટે દસ કરોડની રકમ ખર્ચ કરવાના છીએ. આમ અનેક પ્રકારના રાષ્ટ્રીય ધોરી માર્ગ ૨૨૦ કિલોમીટરની લંબાઇવાળા સન ૨૦૧૪ થી ૨૦૨૧ દરમિયાન જે વાત છે, એમાં આજે આપણે ૭,૨૭૫ કિલોમીટર રાષ્ટ્રીય ધોરી માર્ગ કર્યા છે. ૮૦ ટકા રસ્તામાં સાત વર્ષનો વધારો કર્યો છે. ટૂંકમાં અનેક કામો પ્રગતિ હેઠળ છે. સરખેજ ગાંધીનગર હાઇવેનો ૯૧૩ કરોડના ખર્ચે છ માર્ગની પ્રક્રિયા જે આપણે જોઇ રહ્યા છીએ, ઓખા બેટ દ્વારકાને જોડતો મહાસાગરના કિનારા ઉપર ૪.૪૬ કિલોમીટરનો એપ્રોચ રોડ જે બેટ દ્વારકાને જોડતો રોડ છે. લગભગ ૮૬૯ કરોડ, સુરત ભીમરાવ પરમ પૂજય મહાત્મા ગાંધીજી સ્મારક મ્યુઝિયમનો વિકાસ એક કરોડની જોગવાઇ, સિંધુ ખીણ સંસ્કૃતિ ધોળાવીરામાં પાંચ કરોડની જોગવાઇ, વડનગર પ્રેરણા શાળાનો વિકાસ પાંચ કરોડની જોગવાઇ, શામળાજી વિવિધ પ્રવાસ સુવિધામાં ૨૦ કરોડની જોગવાઇ, ગાંધીનગર, રાજકોટ સુરત અમદાવાદ મુખ્ય શહેરોમાં પિકનીક સ્પોર્ટમાં ૩ કરોડની જોગવાઇ, મહત્વના પ્રવાસન સ્થળોની જાળવણી માટે બે કરોડની જોગવાઇ અંબાજીથી સાપુતારા ઇકો ટુરીઝમ માટે ૨ કરોડની જોગવાઇ, મહીસાગર જિલ્લાના પ્રવાસનો

માટે બે કરોડની જોગવાઇ, ડાંગ સરકીટ હાઉસ વિકાસ માટે એક કરોડની જોગવાઇ, પારડી બીચ માટે એક કરોડની જોગવાઇ, ડુમ્મસ સુવાલી ડભારી માટે જોગવાઇ કરી રહ્યા છીએ. ચાંપાનેરની વિવિધ પ્રવાસની સુવિધા માટે બે કરોડની જોગવાઇ, કચ્છ સાપુતારા કારવા પાર્ક ખાતે બે કરોડની જોગવાઇ આમ અનેક પ્રકારની જોગવાઇ આપણે કરી રહ્યા છીએ. દ્વારકામાં યાત્રાધામના માસ્ટર પ્લાનિંગ માટે ત્રણ કરોડની જોગવાઇ, રાજયના આઠ મહત્વના યાત્રાધામની સુરક્ષા માટે સીસીટીવી કેમેરા માટે ૪ કરોડની જોગવાઇ, રામ જન્મભૂમી શબરી માતાના વંશજ તરીકે જે લોકો આવનારા દિવસોમાં અયોધ્યામાં ભગવાન રામચંદ્રજીના દર્શન કરવા જશે, ટ્રાયબલ બેલ્ટના તમામ નાગરિકો માટે આપણે ૫,૦૦૦ની સહાય કરવાના છીએ. એક કરોડની એમાં જોગવાઇ કરીએ છીએ, કૃષ્ણ-રૂક્ષ્મણી યાત્રાધામમાં ત્રણ કરોડની જોગવાઇ, યાત્રાધામોમાં લાઇટ એન્ડ સાઉન્ડ શોમાં પાંચ કરોડની જોગવાઇ, સ્ટેચ્યુ ઓફ યુનિટી થી સાપુતારા રૂટમાં આવતા ધાર્મિક સ્થળોમાં ચાર કરોડની, પાવાગઢના વિકાસ સેકન્ડ ફેઝમાં લગભગ ૬૦ કરોડની જોગવાઇ, અંબાજી યાત્રાધામમાં ૨ કરોડની ઇલેક્ટ્રિક લાઇન, ગબ્બર યાત્રાધામમાં સાઉન્ડ શોમાં ૧૩.૬૫ કરોડ, સોમનાથ સર્કીટ હાઉસનું લોકાર્પણ ૩૦ કરોડના ખર્ચે કર્યુ છે. દ્વારકા યાત્રાધામ ભારત સરકારનો પ્રસાદ યોજના ૫૫ લાખના ખર્ચે આયોજન, ગીરનાર જૂનાગઢ યાત્રાધામ માટે ૭૨ કરોડનાં વિકાસનાં કામ, પાલીતાણા યાત્રાધામ માટે ૨.૫ કરોડના અને ૮ પવિત્ર યાત્રાધામમાં ૨૪ x ૭ સ્વચ્છતા અભિયાન ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલમાં પોલિસીમાં રૂપિયા ૧૦૬ કરોડની આપણી સબસિડી ટુ વ્હીલ અને ફોર વ્હીલરની ખરીદી ઉપર,તે મુજબ બસોની ખરીદી માટે રૂપિયા ૩૭૯ કરોડની જોગવાઇ કરી છે. ગ્રીન એનર્જી ઝીરો પોલ્યુશન માટે ૧૨ કરોડની જોગવાઇ. પેસેન્જર ટેક્સ અને મોટર વાહન પર ૧૯૦ કરોડની જોગવાઇ, ડ્રાઈવિંગ ટ્રેક વિકસાવવા માટે ૨૦ લાખની ટોકન જોગવાઇ, સરકારી વાહન માટે ૩.૫ કરોડની જોગવાઇ, રોડ સેફ્ટી માટે ૧૧.૮૮ અને મહેકમ માટે ૪ લાખની જોગવાઇ આપણે કરી છે. ખાસ કરીને માર્ગ અને મકાનની નવી જાહેરાતો છે, તેમાં રીંગરોડ અમદાવાદ સનાથલ ઉપર નવું સરકીટ હાઉસ બને અને બધાને સુવિધા રહે એના માટે જોગવાઇ, સાપુતારાને જોડતા વઘઇ-સાપુતારા રસ્તાના ૪૦ કિલોમિટરના ૧,૨૦૦ કરોડના ખર્ચે ચાર માર્ગીય રસ્તો બનાવવાના છીએ. વલભીપુર-ભાવનગર રસ્તા ૪૦ કિલોમિટર લંબાઇના રસ્તાને ૪૫૫ કરોડના ખર્ચે ચાર માર્ગીય રોડ, વલસાડ જિલ્લાથી ઉમરગામ એ ખૂબ મહત્વનો પ્રશ્ન છે. આખો કોસ્ટલ હાઇવે ૧,૬૦૦ કિલોમિટરનો વલસાડ ભીલાડથી શરૂ થઇને કચ્છના નારાયણ સરોવર સુધી એમાં નવસારી, વલસાડ, સુરત, ભરુચ, આણંદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી જિલ્લામાંથી પસાર થઇ કોસ્ટલ હાઇવે ૧૦ મિટર પહોળો એમાં ૨,૪૦૦ કરોડનું આયોજન, જે તબક્કામાં ૩ મીસિંગ લિન્કની કામગીરી કે જેમાં નવસારી જિલ્લામાં ઑજલ-ઓટ-માછીવાડ લિન્ક પૂર્ણા નદી પરના પુલ સહિત અંદાજિત રૂપિયા ૩૨૫ કરોડ, ઉભરાટ આભવા-સુરત ખાતે મીંઢોળા નદી પર સીગ્રેચર પુલ. અંદાજિત રૂપિયા ૪૭૦ કરોડ આણંદ અને ભાવનગર જિલ્લાના ટૂંકા રસ્તાને જોડતી કામા તળાળ, પીંપળી, દરિયાઇ ખાડી ઉપર પુલનું બાંધકામ અંદાજિત ૫૦૦ કરોડ રૂપિયા, ડભોઇ-સેગવા-પોઇચા રસ્તાની પ્રિકન્સ્ટ્રકશનની કામગીરી પૂર્ણ થયેલ હોઇ, ચારમાર્ગીય ૨૬ કિલોમિટર માટે રૂપિયા ૧૧૯ કરોડ, પાદરા-જંબુસર રસ્તાનું ચારમાર્ગીકરણ, ૩૬ કિલોમિટર રસ્તાનુંકા મ ૧૯૩ કરોડના ખર્ચે, વૈશ્વિક સ્તરના ગિફ્ટ સિટીને જોડતા રસ્તા પર આવેલ જંકશન પર ફલાય ઓવર ૩.૫૦ કરોડના ખર્ચે, વડોદરા જિલ્લામાં મોટી કોરલ અને ભરુચ જિલ્લાના ભાલોદને જોડતી પથરેખા પર નર્મદા નદી ઉપર ૧૭૨ કરોડના ખર્ચે બ્રિજ, કીમ માંડવીના રસ્તાના ૩૯.૬૦ કિલોમિટરની લંબાઇ પૈકી કીમ-તડકેશ્વર અને ભાથને ચાર માર્ગીય રસ્તાના મજબૂતીકરણ માટે ૧૯૫ કરોડનું કામ, ભરુચ-દહેજ, ભોલાવ જંકશનથી શ્રવણ એલીવેટેડ કોરીડોરના ૩.૪૫ કિલોમિટરના રૂપિયા ૪૦૦ કરોડ, પંચમહાલ જિલ્લાના પાનમ નદી પર સાલીયા ગામ પાસે પુલ અને પ્રવેશ માર્ગો અંદાજિત રકમ રૂપિયા ૧૪ કરોડ રૂપિયા, પીપાવાવ-અંબાજી પ્રગતિપથ નં.૧ના ઇંડા-પાળીયાદ-બોટાદ અનુઘભાગની ચાર માર્ગીકરણની પ્રથમ તબક્કાની કામગીરી અન્વયે પુલો અને સ્ટ્રકચરોનું ચાર માર્ગીયકરણ અંદાજિત રકમ રૂપિયા ૩૨ કરોડના ખર્ચે, આ ઉપરાંત પ્રગતિ પથ કોરીડોર નડિયાદ બાયપાસ રોડ, ડભાણથી બિલોદ્રા વચ્ચે પુલો અને સ્ટ્રકચરોની ચાર માર્ગીયકરણની કામગીરી ૫.૧૦ કિલોમિટરના રૂપિયા ૮ કરોડ, કઠલાલ-લાડવેલ સેકશનનું ચાર માર્ગીયકરણ રૂપિયા ૧૩.૫૦ કરોડ, બાલાસિનોર સેવાલિયા ચાર માર્ગીય ૨૦ કરોડ, જાંબુઘોડા- હાલોલ રસ્તાના ચાર માર્ગીય રોડના રૂપિયા ૭ કરોડ, સૂઇગામ સીંઘાડાના ૧૯ કિલોમિટરના રૂપિયા ૧.૮૭ કરોડ, બરવાળા, સાળંગપુર, બોટાદ રસ્તાની ચાર માર્ગીય પ્રીકાસ્ટિંગ રૂપિયા ૧૨૪ કરોડ, વનબંધુ યોજના હેઠળ કોઇપણ બાળક સ્કૂલમાં જાય અને એને નદીમાં, હોડીમાં કે તરાપામાં જવું ન પડે એ માટે ૫૦૫ કિલોમિટરની લંબાઇના પાકા રસ્તાનું તબક્કાવાર બાંધકામ, અંદાજિત રકમ રૂપિયા ૨૪૭ કરોડ, એ જ પ્રમાણે ગામની અંદર આરોગ્ય કેન્દ્ર સુધી જવા માટે ગામમાંથી બીજા છેડે જવા માટે ૧૭૩ કિલોમિટરના પાકા રસ્તા અને ૮૩ પુલ કે જેથી અંદાજિત કિંમત રૂપિયા ૨૩૬ કરોડ કે જેથી ગામની અંદર રહેતા વ્યક્તિ ૧૦૮ માં આરોગ્ય કેન્દ્ર સુધી જઇ શકે. દરેક ધારાસભ્યને ૫.૨૦ કરોડની મર્યાદામાં આ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના નોન પ્લાનનાં રસ્તાનાં કામોને મંજૂરી આપવામાં આવી છે. તેવી જ રીતે રૂપિયા ૧૦ કરોડની મંજૂરી માનનીય સંસદસભ્યશ્રીઓને આપવામાં આવી છે. આમ, માર્ગ અને મકાન વિભાગની આ બધી જાહેરાતો કરતા મને આનંદ થાય છે. ઘણા બધા પ્રશ્નો આવેલા છે એ બધાના જવાબો મોટાભાગે આવી ગયા છે એટલે મને લાગે છે કે આપણે બધા સાથે મળીને લોકોને ઉપયોગી એવા આ માર્ગ અને મકાન વિભાગના રસ્તાઓના કારણે એકબીજા સાથે અવર જવર કરવાનું, માસ ટ્રાન્સપોર્ટેશનનું સૌથી મોટો પ્રશ્ન છે એ ખૂબ સહેલાઇથી પતે જેના કારણે વેપાર, ઉદ્યોગ, શિક્ષણ, સામાજિક પ્રસંગો એ બધું જળવાઇ રહે એવા ઉમદા હેતુથી માર્ગ અને મકાન વિભાગ કામ કરી રહ્યો છે. બધા સાથે મળીને આને મંજૂરી આપે એવી વિનંતી છે.

શ્રી વીરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સારી જાહેરાતો કરી છે એને આવકારું છું. માનનીય મંત્રીશ્રી પાસેથી લાગણી રાખું છું કે ૨૦ કરોડ રૂપિયા ધારાસભ્યોને આપવા માટે જાહેરાત કરી છે એને બદલે આખા ગૃહના તમામ

ધારાસભ્યોની માગણી છે કે ૧૦ કરોડ પુલ અને નોન પ્લાનની માટે વધારે આપવામાં આવે એવી માગણી કરું છું અને અમારો જે રસ્તો લીમડાથી રંઘોળા, સાવરકુંડલા ૧૦ મીટર જોગવાઇ સાથે મંજૂર કર્યો હતો એ ૭ મીટર બની ગયો છે અને પાછો ૧૦ મીટરનો કરવામાં આવે એવી મારી માગણી સાથે વિનંતી. મારી ઘણા વખતની લાગણી છે. શ્રી જીતુભાઇ પણ જોડાયા હતા અને ઔડામાંથી સરકીટ હાઉસ જાહેર કર્યું છે. શ્રી પૂર્ણેશભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે અંબાજીની અંદર ૫૧ શક્તિપીઠ આવેલી છે. નિયમમાં એવું છે ૫૧ શકતિપીઠની અંદર એકસાથે પૂજા અને આરતી થવી જોઇએ, પણ ૫૧ શક્તિપીઠની અંદર પૂજારીઓ ૫૦ ટકા કરતા પણ ઓછા છે, તો પૂજારીઓ પૂરા હોય અને એક સાથે પૂજા અને આરતી કરાવવા માંગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે એક વર્ષથી મારા વિસ્તારના રસ્તાઓના જોબ નંબર ધારાસભ્ય તરીકે આપવામાં આવ્યા નથી એ આપવા માગો છો કે કેમ?

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : બહેન આભાર. દર વખતે છેલ્લાં ૨-૩ વર્ષથી નીતિનભાઇ પટેલ જયારે માર્ગ અને મકાન મંત્રીશ્રી હતા ત્યારે રસ્તા માટે શહેરી વિસ્તારના ધારાસભ્યોને બે કરોડ રૂપિયા આપતા હતા. આ વખતે જાહેરાત નથી થઇ એટલે એ આપણે જાહેરાત કરાવી દઇએ એનું કારણ છે કે દર વર્ષે બે વર્ષથી આ રકમ ચાલુ છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મંત્રીસાહેબે નડાબેટને ટુરિસ્ટમાં લઇને વાઘાબોર્ડર બનાવવા માટેની વાત કરી. આભાર માનું છું પણ ત્યાં જવા માટેનો રસ્તો સુઇગામથી નડાબેટ સુધીનો ૧૦ કિલોમીટરનો રસ્તો ૧૦ મીટર પહોળો થઇ ગયો છે અને ૯ કિલોમીટર જેટલો બાકી છે. એ ડી.આર.ડી.પી.ની ગ્રાન્ટમાંથી લીધેલો હતો, એટલે ૯ કિલોમીટર રસ્તો મંદિર સુધી લંબાવવામાં આવે એવી મારી માગણી છે અને બીજું, ભાભરથી મોરવાડા ૧૦ કિલોમીટર રસ્તો મંજૂર થઇ ગયો છે. ૯ કિલોમીટર બાકી છે એટલે આ બંનેનું ટેન્ડર બાકી છે એટલે આ બંનેનું સંયુકત ટેન્ડર પડે એવી હું મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મંત્રીશ્રીનો આભાર એટલા માટે માનું છું કે અમારા સનાથલ સર્કિટ હાઉસની મંજૂરી આપી એ માટે હૃદયથી આભાર. મારા મત વિસ્તારમાં ભેંસાણ જૂનાગઢ અને ખડીયા, બીલ્ખા, માણેકવાડા બે રોડ સરકારે મંજૂર કર્યા છે. છેલ્લા ૪ મહિનાથી કામ બંધ છે. વન વિભાગ દ્વારા કામ અટકાવવામાં આવ્યું છે તો એમાં સરકાર વચલો રસ્તો કાઢીને આ બંને રોડનાં કામ કેટલાં સમયમાં ચાલુ કરવા માંગે છે?

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી નીતિનભાઇએ જે શરૂઆત રૂપિયા બે કરોડની કરી હતી. અમે એ વખતે લાગણી વ્યકત કરી હતી. માનનીય મંત્રીશ્રીને અમારી વિનંતી છે કે સરકાર જે શહેરોમાં ગ્રાન્ટ આપે છે, એ કમિશ્નર દ્વારા જ થાય છે, એમાં ધારાસભ્યોનો કોઇ રોલ હોતો નથી, તો શહેરના ધારાસભ્યોને પણ ૧૦ કરોડ રૂપિયા ગામડાના ધારાસભ્યોની જેમ આપવામાં આવે એવી અમારી લાગણી એટલા માટે છે શહેરી વિકાસમાં જે ગ્રાન્ટ આપે છે એ માત્ર કમિશનરશ્રી ઉપયોગ કરે અને શહેરના ધારાસભ્યોનો એમાં કોઇ રોલ હોતો નથી, તો અમારા વિસ્તારમાં રોડ કરવા માટે શહેરના બધા ધારાસભ્યો વતીથી હું વિનંતી કરું છું કે ૧૦ કરોડ રૂપિયા અમને ફાળવે એવી અમારી વિનંતી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અમારા પેટલાદ મત વિસ્તારના પેટલાદ શહેરની અંદર રેલ્વેનો પુલ છેલ્લાં ૬-૭ વર્ષથી અધૂરો છે તે તાત્કાલીક ચાલુ થાય એવી મારી માગણી છે. શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે ત્યાં વીરમગામથી નળ સરોવર થઇને બગોદરા સુધીનો રસ્તો ફોરલેન કરવામાં આવે, એટલા માટે કે નળ સરોવરથી આગળ કનુભાઇના વિસ્તારનો રોડ ફોરલેન બગોદરા સુધી થયેલ છે. વીરમગામથી નળ સરોવર સુધી ફોરલેન કરવામાં આવે તો વાયા વીરમગામ નળ સરોવરથી સૌરાષ્ટ્ર તરફ જવા માટેનો એક મોટો રસ્તો થઇ શકે તેમ છે. બીજું, વાયા વીરમગામ તરીકે ઓળખાતા વીરમગામમાં સરકિટ હાઉસ નથી. આવનારા દિવસોમાં સૌના સુખાકારી માટે સરકીટ હાઉસ બનાવવામાં આવે તેવી માગણી છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ગરબાડા તાલુકામાં સરકીટ હાઉસ બનાવેલ નથી તો કેટલા સમયમાં બનાવવા માગો છો? ગરબાડા તાલુકામાં બસ ડેપો બાકી છે તો કેટલા સમયમાં બનાવવા માગો છો? દાહોદ જિલ્લાનું સરકીટ હાઉસ કયારે બનાવવા માગો છો?

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને જે રીતે આર એન્ડ બી પંચાયતમાં ૨૦ કરોડ આપ્યા છે. એ રીતે સ્ટેટમાં કોઇ રકમ ફાળવવા ઇચ્છો છો કે કેમ? ફાળવવા ઇચ્છો છો તો કેટલી? ગયા વર્ષે આદરણીય શ્રી નીતિનભાઇએ ૫૦ કરોડ ફાળવ્યા હતા. ૩૦ કરોડ સ્ટેટમાં અને ૨૦ કરોડ પંચાયતમાં. અત્યારે જાહેરાત ૨૦ કરોડની પંચાયતની કરી છે તો સ્ટેટની શું સ્થિતિ છે?

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજ્ય સરકાર અને માર્ગ મકાન મંત્રીશ્રી પૂર્ણેશભાઇ મોદી સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું. વાંસદથી બગોદરા સિક્સ લેન બનાવ્યો. એ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતું અમારું મધ્ય ગુજરાત અને આ મધ્ય ગુજરાતમાં સિક્સ લેનનો રસ્તો આપ્યો. એ બદલ ખૂબ ખૂબ આભાર. સાથે એક સૂચન છે કે સૌરાષ્ટ્રના લોકો દક્ષિણ ગુજરાતમાં જશે અને દક્ષિણ ગુજરાતના લોકો સૌરાષ્ટ્રમાં જશે તો નાનકડું એવું સરકીટ હાઉસ તારાપુર ખાતે બને એવું મારું સૂચન છે. સાથે એમણે કોસ્ટલ હાઇવેની જાહેરાત કરી. જે ભાવનગર જિલ્લો, અમરેલી જિલ્લો, જૂનાગઢ જિલ્લો, બૃહદ હસ્તે રાજકોટ જિલ્લો અને દક્ષિણ ગુજરાતને જોડતો કોસ્ટલ હાઇવે એ અમારા આણંદ જિલ્લામાં દાંડી યાત્રા સાથે એક પુલ મંજૂર કર્યો તે બદલ આભાર. મારું વતન જે મીતલીથી કામા તળાવ. સાહેબ ભૂલથી પીપળી બોલાઇ ગયું છે. પણ મીતલીથી કામાતળાવ એ રોડ મંજૂર કરવા પણ હું આર.એન્ડ બી. ના અધિકારીઓ સહિત મંત્રીશ્રી સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું.

તા. ૨૩મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી પૂર્ણેશ મોદી : અહીયા જેટલા સવાલો ઉપસ્થિત થયા છે. આ બધાનો પોઝિટિવ વિચાર કરીને સાથે મળીને નિર્ણય કરીશું એટલી ખાતરી આપું છું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ મકાન મંત્રીશ્રી આજે એમની માગણીઓ ઉપર સારી એવી ચર્ચા કરી. અમારા વિપક્ષના ધારાસભ્યશ્રીએ પોતાની માગણી રજૂ કરી છે. પહેલી વખત તમારા ધારાસભ્યશ્રીઓને તમારી પાસે ડિમાન્ડ મૂકતા જોયા છે. એનો મને આનંદ છે. આ તમામ ધારાસભ્યશ્રીઓની માગણી છે. પોતપોતાના વિસ્તારના રસ્તાઓ જે જોબનંબર ફાળવવાના બાકી છે, તે અને વર્ષ ૨૦૨૨-૨૩ માં નવા જોબ નંબર ફાળવવાના થાય તે પ્રમાણિક રીતે દરેક ધારાસભ્યશ્રીને ફાળવી આપવામાં તમે જો હા પાડતા હોય તો અમારો કોંગ્રેસ પક્ષે અમારી દરખાસ્ત મૂકી છે તે પાછી ખેંચવા માટે સહમત છે.

શ્રી પૂર્ણેશ મોદી : આમ તો જે ઘણાં વર્ષોથી પરંપરા ચાલે છે. આદરણીય શ્રી નીતિનભાઇ સાહેબે નોન પ્લાનના પંચાયતના ૨૦ કરોડ અને સ્ટેટના ૩૦ કરોડ એ યોજના ચાલુ છે અને બધાને સપ્રમાણ આપીએ છીએ એમાં કોઇ શંકાને સ્થાન નથી. વહેલું મોડું થાય, પણ એ ચાલુ છે. શ્રી પીયૂષભાઇએ વાત કરી હતી. તે પણ ૨ કરોડ રૂપિયાની દર વર્ષે એમાં ગ્રાન્ટ હોય છે. એમાં કોઇ તકલીફ નથી. આપને વિનંતી કે આપ સર્વાનુમતે કાપ દરખાસ્ત પાછી ખેંચો.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા ( વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારી કાપ દરખાસ્તો ક્રમાંકઃ ૧, ૩, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૪, ૫૫ અને ૫૬ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી સુખરામભાઇ હ. રાઠવા ( વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારી કાપ દરખાસ્તો ક્રમાંકઃ ૧, ૩, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૪, ૫૫ અને ૫૬ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : કાપ દરખાસ્તો ક્રમાંક- ૧, ૩, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૪, ૫૫ અને ૫૬ પાછી ખેંચવામાં આવે છે.

**માગણી ક્રમાંક- ૫૧, ૭૪, ૮૫, ૮૬ અને ૮૭ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : ગૃહનું આજનું કામકાજ પૂરું થાય છે. સભાગૃહ આવતીકાલે સવારે ૧૧.૦૦ કલાકે મહામહિમ રાષ્ટ્રપતિશ્રીના ખાસ સંબોધન માટે મળશે તો સૌએ સમયસર આવવા મારી વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬.૧૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૨૪ મી માર્ચ , ૨૦૨૨ ના રોજ સવારના ૧૧.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

ચૈત્ર ૩, ૧૯૪૪ શાકે

રાષ્ટ્રપતિશ્રીનું સંબોધન

**ગુજરાત વિધાનસભા**

**ગુરુવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૨૨**

**ચૈત્ર-૩, શાકે ૧૯૪૪**

**સભાગૃહ બપોરના ૧-૦૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**"આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત માનનીય રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદનું ગૃહને સંબોધન**

(સૌ પ્રથમ **આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે** ગુજરાત વિધાનસભાને સંબોધિત કરવા પધારેલા મહામહિમ્ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ તથા માનનીય રાજ્યપાલશ્રી સહિત સૌ મહાનુભાવોને આવકારતું પ્રવચન ગુજરાત વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્યએ હિન્દીમાં કર્યું.

आदरणिय राष्ट्रपति महोदयश्री रामनाथ कोविंदजी और गुजरात राज्य के राज्यपाल आदरणीय श्री आचार्य देवव्रतजी का, गुजरात विधानसभा के माननीय उपाध्यक्ष श्री जेठाभाई भरवाड, गुजरात राज्य के आदरणीय मुख्यमंत्री श्री भूपेन्द्रभाई पटेलजी, गुजरात विधानसभा प्रतिपक्ष नेता आदरणीय श्री सुखराम राठवाजी, गुजरात राज्य के माननीय मंत्रीगण एवं गुजरात विधानसभा के सभी सदस्य गण की ओर से मैं स्वागत करती हुं। अहिंसा के पूजारी और सत्य के साधक राष्ट्रपिता श्री महात्मा गांधीजी, अखंड भारत के निर्माता व लोहपुरुष सरदार वल्लभभाई पटेल और मूक सेवक पूज्य श्री रविशंकर महाराज जी की इस पावन भूमि पर मैं आप सभी का अभिवादन करती हुं।

हमारे लिये यह अत्यंत गौरव की क्षण है, जब गुजरात विधानसभा के इतिहास में पहली बार देश के राष्ट्रपति इसे संबोधित करने वाले हैं। देश जब आज़ादी का अमृत महोत्सव मना रहा है, तब गुजरात विधानसभा के आमंत्रण पर हमारे सदन में उपस्थित रह कर हमें मार्गदर्शन देने के लिए मैं माननीय राष्ट्रपति जी का शुक्रिया अदा करती हुं।

हमारे आदरणीय राष्ट्रपति जी ने भारत देश के लिए कई भूमिका में काम किया है। इन्हों ने एक समाज सेवी, एक वकील और एक राज्यसभा सांसद के तौर पर काम करते हुए कमजोर तबके के लोगों को हर तरह से लाभ पहुंचाने की कोशिश की है। माननीय राष्ट्रपतिजी ने अनुसूचित जाति- जनजाति, अल्पसंख्यक, महिलाओं के लिए अपने कोलेज के दिनों से ही काम करना शुरु कर दिया था। आपने 12 साल के राज्यसभा सांसद के कार्यकाल दौरान कई पदों पर काम करने के साथ पिछले तबकों में शिक्षा फैलाने पर विशेष जोर दिया है। आप को यह जान कर खुशी होगी की हमारे राष्ट्रपति जी का गुजरात से भी एक विशेष नाता है। जब 1977 में देश में जनता पार्टी की सरकार बनी तब वे तत्कालिन प्रधान मंत्री श्री मोरारजी देसाई के निजी सचिव बने थे।

गुजरात विधानसभा के इतिहास में विशेष उद्देश्य के साथ अब तक छह विशेष बैठक या सत्र बुलाए गए हैं। सब से पहली बैठक आज़ादी के पच्चीस वर्ष की जयंती मनाने के लिए 1972 में बुलाए जाने के बाद यह छठा मौका है, जब आज 'आज़ादी का अमृत महोत्सव' मनाने के लिए माननीय राष्ट्रपति के अध्यक्ष स्थान पर यह विशेष बैठक बुलाई गई है।

किसी विचारक ने क्या खूब कहा है की, 'स्वतंत्रता का अभाव ही असली स्वतंत्रता है'। यानी की, जब आप से आज़ादी छीन ली जाती है, तभी आप को असली आज़ादी का अहेसास होता है। हमारे लोकप्रिय और माननीय प्रधान मंत्रीश्री नरेन्द्र भाई  मोदीजी ने आज़ादी की पचहत्तरवीं वर्षगांठ को पूरा साल आज़ादी का अमृत महोत्सव के तौर पर मनाने की घोषणा करते समय कहा था कि, आज़ादी के अमृत महोत्सव का अर्थ आज़ादी की ऊर्जा का अमृत है। यानी स्वतंत्रता सेनानियों की स्वाधीनता का अमृत, नए विचारों का अमृत, नए संकल्पों और आत्मनिर्भरता का अमृत। स्वतंत्रता की 75वीं वर्षगांठ पर शुरू हुआ 'आजादी का अमृत महोत्सव'  अत्मनिर्भरता की दिशा में उठाया गया एक महत्वपूर्ण कदम है। इतिहास साक्षी है कि किसी राष्ट्र का गौरव तभी जाग्रत रहता है, जब वो अपने स्वाभिमान और बलिदान की परम्पराओं को अगली पीढ़ी को भी सिखाता है, संस्कारित करता है, उन्हें इसके लिए निरंतर प्रेरित करता है। इसलिए आज़ादी के 75 साल का ये अवसर एक अमृत की तरह वर्तमान पीढ़ी को प्राप्त होगा। एक ऐसा अमृत जो हमें प्रतिपल देश के लिए जीने, देश के लिए कुछ करने के लिए प्रेरित करेगा।

गुजरात राज्य सुख, शांति और स्थिर शासन का पर्याय है। विकास के हर क्षेत्र में सब से अव्वल रहने के लिए गुजरात प्रतिबद्ध राज्य है। गुजरात की इस छबी के पीछे हमारे देश के लोकप्रिय प्रधान मंत्रीश्री और तत्कालिन मुख्यमंत्रीश्री नरेन्द्र भाई मोदीजी और अन्य महानुभावों का कुशल और दूरदर्शी नेतृत्व रहा है। प्रदेश में सर्वाधिक पूंजी निवेश, औद्योगिक विकास, प्रवासियों की संख्या में वृद्धि इन सभी चीजों का श्रेय गुजरात की कुशल सरकार के सुचारु प्रशासन को जाता है। प्राचीनकाल से लेकर आधुनिक गुजरात ने अपनी सांस्कृतिक विरासत को संभालते हुए देश-दुनिया में अपना एक अलग मुकाम बनाया है।

यही वह गुजरात है जिसने महात्मा गांधी और सरदार वल्लभभाई पटेल के नेतृत्व में गुलामी के कालखंड से देश को आज़ाद कराने के लिए स्वराज प्राप्ति के आंदोलन में देश का नेतृत्व किया था। भारत देश संविधान निर्माण में भी गुजरात की दो हस्तियां श्री कनैयालाल मुनशी और हंसाबेन महेता ने संविधान सभा के सदस्य के तौर पर अपना बहुमूल्य योगदान दिया है। स्वतंत्रता पूर्व भारत की प्रथम केन्द्रीय धारासभा के प्रथम निर्वाचित अध्यक्षश्री विठ्ठलभाई पटेल और स्वतंत्र भारत की प्रथम लोकसभा के अध्यक्षश्री गणेश वासुदेव मावलंकरजी भी गुजरात के ही थे। और अब, हमारे प्रधान मंत्री श्री नरेन्द्रभाई मोदीजी और देश के गृहमंत्री आदरणीयश्री अमित भाई शाहजी देश को नई ऊंचाईयों की ओर ले जा रहे हैं।

गुजरात राज्य की स्थापना से लेकर अब तक गुजरात विधानसभा के एक सौ अडतीस सत्र मिले हैं, जिस में कुल मिला कर दो हज़ार बासठ बैठकें हुई हैं। इस दौरान एक हज़ार बारह विधेयक पारित किए गए हैं । अब तक एक लाख सत्तासी हजार पांच सौ चार तारांकित और त्रिपन हजार पांच सौ चार अ-तारांकित प्रश्न विधायकों द्वारा पुछे गए हैं, जो की एक रिकार्ड है।

आदरणिय राष्ट्रपति श्री रामनाथ कोविंद जी ने आज़ादी का अमृत महोत्सव के तहत लिए बुलाई गई गुजरात विधानसभा की इस विशेष बैठक में शामिल होने का मेरा आमंत्रण स्वीकार

करते हुए जो अपना बहुमूल्य समय दिया और वे आज हमारे सदन में अपने विचार प्रस्तुत करने जा रहे हैं उस के लिए मैं पुनःतहेदिल से आभार व्यक्त करती हुं। साथ ही इस सदन में उपस्थित रहने के लिए हमारे आदरणीय राज्यपाल श्री आचार्य देवव्रतजी का भी बहोत बहोत शुक्रिया अदा करती हुं।

जय जय गरवी गुजरात।
जय हिंद।

ત્યારબાદ માનનીય રાજયપાલશ્રીની ઉપસ્થિતિમાં મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ગુજરાત વિધાનસભાને હિન્દીમાં સંબોધન કર્યું.

1. लोकतंत्र के इस मंदिर में आज आप सब के बीच आ कर मुझे बहुत प्रसन्नता हो रही है। यह मेरा सौभाग्य है कि राष्ट्रपति का कार्यभार ग्रहण करने के बाद, मुझे बापू की जन्म-भूमि, गुजरात की इस पावन धरती पर आने के अनेक अवसर प्राप्त हुए हैं। यह एक महत्वपूर्ण संयोग है कि गुजरात विधानसभा का यह समारोह तब आयोजित हो रहा है जब हमारा देश आज़ादी का अमृत महोत्सव मना रहा है।

2. आज़ादी और उसके अमृत महोत्सव के संदर्भ में गुजरात से अधिक उपयुक्त कोई और स्थान नहीं है। स्वतंत्र भारत की कल्पना करने वाले लोगों में गुजरात क्षेत्र के निवासी अग्रणी थे। उन्नीसवीं सदी के अंतिम दशकों में, भारतीयों के अधिकारों के लिए लिए दादाभाई नौरोजी और फिरोज शाह मेहता जैसी विभूतियों ने आवाज उठाई। उस संघर्ष को गुजरात के लोगों द्वारा बनाया गया और अंततः वह लड़ाई महात्मा गांधी जैसे युग-प्रवर्तक के मार्ग-दर्शन में भारत की स्वतंत्रता के रूप में फलीभूत हुई।

3. महात्मा गांधी ने न सिर्फ भारत के स्वतंत्रता संग्राम को विलक्षण नेतृत्व प्रदान किया, अपितु संपूर्ण विश्व को एक नयी राह, एक नूतन सोच और एक नवीन दर्शन का उद्बोध कराया। आज जब भी विश्व में किसी भी प्रकार की हिंसा होती है, तब बापू के मूल-मंत्र, 'अहिंसा' के महत्व का एहसास किया जाता है।

देवियों और सज्जनो,

4. गुजरात का इतिहास अद्वितीय है। महात्मा गांधी और सरदार पटेल की इस भूमि को सत्याग्रह की धरती भी कहा जा सकता है। सत्याग्रह अर्थात सत्य का आग्रह - यह मंत्र विश्व भर में साम्राज्यवाद के विरुद्ध एक अमोघ अस्त्र के रूप में स्थापित हुआ। बारडोली सत्याग्रह, नमक आन्दोलन और दांडी मार्च ने हमारे स्वतंत्रता संग्राम को नया स्वरूप तो दिया ही, साथ ही विद्रोह की अभिव्यक्ति और जन-आंदोलन के संचालन को भी एक नया आयाम दिया। बारडोली सत्याग्रह से, सरदार वल्लभभाई पटेल के रूप में, एक महान जन-नायक का भी उदय हुआ।

5. लौह-पुरुष सरदार पटेल ने आजाद भारत को उसका एकीकृत स्वरूप प्रदान किया और प्रशासन की आधारशिला को मजबूत बनाया। नर्मदा नदी के तट पर स्थित 182 मीटर

ऊंची सरदार पटेल की प्रतिमा Statue of Unity विश्व की सबसे ऊंची प्रतिमा है। परन्तु देशवासियों के हृदय में, सरदार पटेल का कद उससे भी ऊंचा है। उनकी वह प्रतिमा, भारत के उस महान सपूत की स्मृति में कृतज्ञ राष्ट्र की तरफ से एक छोटी सी भेंट है।

6. राजनीति के साथ-साथ, सांस्कृतिक, सामाजिक एवं आर्थिक क्षेत्रों में भी गुजरात ने अहम भूमिका निभायी है। नरसिंह मेहता की भक्ति से सिंचित इस धरती पर अध्यात्म का प्रचुर प्रभाव रहा है। उनका भजन "वैष्णव जन तो तेने कहिये, जे पीड परायी जाणे रे" भारत के स्वतंत्रता संग्राम का भी गीत बन गया था। इस भजन ने भारतीय संस्कृति के मानवतावाद को प्रसारित किया। पूरी मानवता के प्रति समदृष्टि के परिवेश में गुजरात में पली-बढ़ी हंसाबेन मेहता ने संयुक्त राष्ट्र संघ के Universal Declaration of Human Rights के प्रावधानों में महिलाओं को पुरुषों के समकक्ष स्थान दिलाने का ऐतिहासिक कार्य किया। वे 15 महिलाओं में से एक थीं, जिन्होंने संविधान सभा के सक्रिय सदस्यों के रूप में भारतीय संविधान के निर्माण में अमूल्य योगदान दिया।

देवियो और सज्जनो,

7. गुजरात के लोगों की उदारता भारतीय संस्कृति की एक प्रमुख विशेषता है। प्राचीन काल से ही इस क्षेत्र में सभी पंथों और समुदायों के लोग बंधुता के साथ आगे बढ़ते रहे हैं। पालीताना और गिरनार के जैन मंदिरों से लेकर वडनगर के बौद्ध विहार तक तथा सोमनाथ के मंदिर से लेकर उदवाड़ा के पारसी अग्नि-मंदिर तक, हमें गुजरात की विविधता में एकता के दर्शन होते हैं।

8. चाहे सदियों पहले सोमनाथ पर हुए अनेक आक्रमण हों या 20वीं सदी में भुज भूकंप जैसी प्राकृतिक आपदा, संघर्षों के बीच विकसित यह धरती सदैव पहले से भी अधिक शक्तिशाली और दृढ़ हो कर उभरती रही है। आधुनिक युग में भी, विज्ञान के क्षेत्र में गुजरात का उल्लेखनीय योगदान रहा है। जहां होमी जहांगीर भाभा भारतीय परमाणु कार्यक्रम के जनक माने जाते हैं, वहीं अहमदाबाद में स्थित Physical Research Laboratory के संस्थापक डॉक्टर विक्रम साराभाई भारतीय विज्ञान, विशेषकर भारत के स्पेस रिसर्च के मार्ग-दर्शक के रूप में सम्मानित हैं।

9. सन 1960 में अपना अलग अस्तित्व बनाने के बाद आप सबका यह प्रदेश विकास के पथ पर, enterprise और innovation के जरिए अग्रणी रहा है। इस राज्य की सतत आर्थिक प्रगति के लिए मैं सभी पूर्व मुख्यमंत्रियों और उनकी सरकारों के योगदान की सराहना करता हूँ। गुजरात की विकास यात्रा को आगे बढ़ाने के लिए मैं मुख्यमंत्री श्री भूपेंद्रभाई पटेल और उनकी पूरी टीम को साधुवाद देता हूं। गुजरात की धरती पर आरंभ हुए white revolution द्वारा पोषण के क्षेत्र में क्रांतिकारी परिवर्तन आया है। दूध के कुल उत्पादन और उपभोग की दृष्टि से आज भारत विश्व में प्रथम स्थान रखता । गुजरात की milk cooperatives इस सफलता की अग्रदूत रही हैं। गुजरात में सहकारिता की संस्कृति की

सफलता का लाभ पूरे देश में और भी अधिक प्रसारित हो इस दृष्टि से केंद्र सरकार में सहकारिता मंत्रालय का गठन किया गया है और उसकी जिम्मेदारी भी गुजरात के ही श्री अमित शाहजी को दी गई है।

देवियों और सज्जनो,

10. जब गुजरात की एक नए राज्य के रूप में स्थापना की गयी. उसके बाद इस विधान-सभा ने राज्य के समग्र विकास के लिए अनेक कदम उठाये हैं। गुजरात पंचायत विधेयक, 1961 और गुजरात अनिवार्य प्राथमिक शिक्षा अधिनियम, 1961 द्वारा local self-government और शिक्षा के क्षेत्र में प्रगतिशील व्यवस्था स्थापित की गई। बाद में, गांधीजी के विचारों के अनुरूप, पंचायती राज प्रणाली को एक संविधान संशोधन के जरिए पूरे देश में कार्यान्वित किया गया। राज्य के आरंभिक दौर में गुजरात के मुख्यमंत्री रहे श्री बलवंत राय मेहताजी को direct democracy तथा पंचायतीराज व्यवस्था के निर्माताओं में गिना जाता है। गुजरात के इन्फ्रास्ट्रक्चर की पूरे देश में सराहना होती है। यह उल्लेखनीय है कि गुजरात एक मात्र राज्य है जहां विधानसभा द्वारा इन्फ्रास्ट्रक्चर में निवेश और विकास को प्रोत्साहित करने के लिए Gujarat Infrastructure Development Act, 1999 पारित किया गया। भविष्योन्मुखी कानून बनाने की दिशा में इस विधानसभा द्वारा पारित गुजरात जैविक कृषि विश्वविद्यालय अधिनियम, 2017 भी उल्लेखनीय है। पर्यावरण अनुकूल जैविक खेती के प्रसार में अपनी आस्था को कार्य रूप देने वाले गुजरात के राज्यपाल आचार्य देवव्रतजी के मार्गदर्शन में इस अधिनियम के उद्देश्यों को प्राप्त करने में गुजरात सफलता के कीर्तिमान स्थापित करेगा, यह मेरा विश्वास है। गुजरात की बहुआयामी प्रगति के लिए अनेक प्रभावी अधिनियमों को पारित करने के लिए गुजरात की विधानसभा के वर्तमान और भूतपूर्व सभी सदस्य सराहना के हकदार हैं। आज मैं विधानसभा अध्यक्ष डॉक्टर नीमाबेन आचार्य तथा सभी विधायकों को विशेष बधाई देता हूं। डॉक्टर नीमाबेन आचार्य की नियुक्ति से इस राज्य को पहली महिला स्पीकर प्राप्त हुई हैं। इस उपलब्धि के लिए भी मेरी हार्दिक शुभकामनाएं।

11. लगभग डेढ़ वर्ष पूर्व, 25 नवम्बर, 2020 को मुझे केवड़िया में सभी राज्यों की विधानसभाओं तथा विधान परिषदों के पीठासीन अधिकारियों की All India Presiding Officers' Conference के उद्घाटन का अवसर मिला था। भारत में संसदीय प्रणाली को दिशा देने वाली दो विभूतियां गुजरात की धरती ने ही प्रदान की है। आजादी हासिल करने के पहले वर्ष 1925 में केन्द्रीय विधानसभा के अध्यक्ष पद पर नियुक्त होने वाले प्रथम भारतीय श्री विट्ठलभाई पटेल गुजरात के ही थे। इस विधानसभा भवन का नामकरण विट्ठलभाई पटेल की स्मृति में किया जाना सर्वथा इतिहास सम्मत है। आजादी के बाद लोकसभा के प्रथम अध्यक्ष श्री गणेश वासुदेव मावलंकर का जन्म स्थान और कर्म-स्थल, गुजरात का यह क्षेत्र ही था।

12. वस्तुतः भारतीय संविधान के प्रमुख शिल्पी बाबासाहब, डॉक्टर भीमराव आम्बेडकर की असाधारण जीवन-यात्रा में वडोदरा के महाराजा सयाजीराव गायकवाड़ द्वारा महत्वपूर्ण सहायता प्रदान की गई थी। यह भी उल्लेखनीय है कि वडोदरा में ही बाबासाहब ने अस्पृश्यता और भेदभाव का अंत करने का संकल्प लिया था। समानता के उस ऐतिहासिक संकल्प को हासिल करना हम सबकी सामूहिक संवैधानिक जिम्मेदारी है। लोकतन्त्र में जन-प्रतिनिधियों की भूमिका सर्वाधिक महत्वपूर्ण होती है। आप सभी विधायक गण अपने क्षेत्र और प्रदेश की जनता के प्रतिनिधि हैं। लेकिन उससे भी महत्वपूर्ण बात यह है कि आपके क्षेत्र और प्रदेश की जनता आप सबको अपना भाग्य विधाता मानती है। आपके क्षेत्र के लोगों की आशाएं और अपेक्षाएं आप सबसे जुड़ी हुई हैं। जनता की उन आकांक्षाओं को पूरा करने का प्रयास आप सब के लिए सर्वोपरि होना चाहिए।

देवियों और सज्जनो,

13. पिछले कुछ वर्षों से, गुजरात मॉडल ऑफ डेवलपमेंट एक अनुकरणीय उदाहरण के रूप में देखा जा रहा है। विकास का यह मॉडल देश के किसी भी क्षेत्र एवं राज्य में कार्यान्वित किया जा सकता है। साबरमती के संत द्वारा निर्मित साबरमती आश्रम, एक नए रूप में अंतरराष्ट्रीय स्तर पर मिसाल बन रहा है। Sabarmati Riverfront, शहरी परिवर्तन का एक प्रभावशाली उदाहरण है। पर्यावरण को सुरक्षित रखते हुए, नगरवासियों और साबरमती के सम्बन्ध को नया रूप दिया गया है। नदियों पर स्थित देश के अन्य सभी नगरों के लिए यह अच्छा उदाहरण है।

14. गुजरात के लोगों का देश-प्रेम विश्वविख्यात है। गुजराती समुदाय के लोग सम्पूर्ण विश्व में रहते हैं, परन्तु अपनी मातृ-भूमि भारत से हमेशा जुड़े रहते हैं। श्री उमाशंकर जोशी ने गुजरात के लोगों की राष्ट्रीयता की भावना को बड़े ही सहज शब्दों में व्यक्त किया है। उनकी कुछ पंक्तियों में गुजराती भाषा में पढ़ने का प्रयास करता हूँ।

આ તે કેવો ગુજરાતી, જે હો કેવળ ગુજરાતી,
હિન્દ-ભૂમિના નામે જેની ઉછળે ના છાતી?
મહારાષ્ટ્ર દ્રવિડ બંગાળ બધે અનુકૂળ,
તેજ બસ નખશીખ ગુજરાતી.
જ્યાં પગ મૂકે ત્યાંનો થઈને રોપાય દ્રઢમૂળ,
સેવાસુવાસ જેની ખ્યાતિ, તે જ બસ નખશિખ ગુજરાતી.

देवियो और सज्जनो,

15. गुजरात से मेरा सम्बन्ध बहुत पुराना है। सत्तर के दशक से मेरा यहाँ आना जाना होता रहा है। अपनी प्रत्येक यात्रा में मैंने उस विशेष ऊर्जा का अनुभव किया है जो गुजरात के लोगों में देखने को मिलती है। यह मेरा परम सौभाग्य है कि अपनी युवावस्था में मुझे स्वर्गीय मोरारजी देसाई के साथ कार्य करने का अवसर प्राप्त हुआ था। उन्होंने प्रधानमंत्री के पद को भी सुशोभित किया। मोरारजीभाई के बाद, श्री नरेन्द्र मोदी भारत के दूसरे प्रधानमंत्री हैं जो गुजरात के मूल निवासी हैं। उनको भी निकटता से जानने और उनके साथ कार्य करने का अवसर मुझे मिलता रहा है। मुख्यमंत्री के रूप में उनकी निष्ठा और

16. कर्मठता के फलस्वरूप अनेक पैमानों पर गुजरात को भारत के अग्रणी राज्यों में गिना जाता है और अब प्रधानमंत्री के रूप में वे भारत को विश्व पटल पर एक नयी पहचान दिला रहे हैं। दो बार भारत के कार्यवाहक प्रधानमन्त्री की भूमिका निभाने वाले स्वर्गीय गुलजारीलाल नंदाजी की कर्म-भूमि भी गुजरात में थी। इस प्रकार, गुजरात ने महान जन-नायकों और उत्कृष्ट प्रशासकों की प्रभावशाली परंपरा विकसित की है।

17. जैसा कि मैंने अपने इस सम्बोधन के आरंभ में कहा था कि लोकतन्त्र के इस मंदिर में आयोजित यह समारोह आजादी के अमृत महोत्सव के साथ-साथ मनाया जा रहा है। यह हम सब का कर्तव्य है कि स्वतंत्रता सेनानियों को याद करते हुए देश के उज्ज्वल भविष्य के लिए सार्थक कदम उठाए जाएं, ताकि सन 2047 में जब हमारे देशवासी स्वतंत्रता की शताब्दी मना रहे होंगे, तब उस समय की पीढ़ी को अपने देश पर गर्व का अनुभव हो। मैं आशा करता हूं कि भारत सरकार, सभी राज्य सरकारें और देश के सभी नागरिक स्वतंत्र भारत के शताब्दी वर्ष को स्वर्णिम बनाने के उद्देश्य से मिलजुलकर विकास पथ पर निरंतर आगे बढ़ते रहेंगे। जय जय गर्वी गुजरात! धन्यवाद, जय हिन्द!

ત્યારબાદ વિધાનસભાની બેઠક બપોરના ૧-૦૦ કલાકે મળી.

અધ્યક્ષશ્રી : બધાનો ખૂબ ખૂબ આભાર, આજનો આપણો ગ્રેટ ઐતિહાસિક દિવસ બધાએ સાથે મળીને એન્જોય પણ કર્યું અને સરસ રીતે પરિપૂર્ણ થયો. બધાનો આભાર. નેક્સ્ટ.

**તારાંકિત પ્રશ્નો**

**તારાપુરથી આણંદ રસ્તાને મજબૂતીકરણની કામગીરી**

૪૪૭૧૨ **શ્રી પૂનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારાપુરથી આણંદ રસ્તાને મજબૂતીકરણ કરવાની કામગીરી તા.૦૭-૦૩-૨૦૧૮થી મારૂતી ઈન્ફ્રાકોન પ્રા.લિ.ને રૂ.૧૯૮૬ લાખના ખર્ચે તા.૩૧-૦૩-૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે,<br>(૩) ઉક્ત કામગીરી પૂર્ણ ન થયેલ હોઇ તો તેના કારણો શાં છે, અને<br>(૪) શરતો મુજબ કામગીરી પૂર્ણ ન થવા બદલ એજન્સી સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨), (૩) અને (૪)<br>ઉક્ત સ્થિતિએ કામગીરી ભૌતિક રીતે પૂર્ણ કરેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન આણંદ તારાપુર રોડનો હતો. સાહેબે જવાબ આપ્યો છે કે હા કામ પૂર્ણ થયું છે. પણ આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવા માગું છું કે પલોલ સુધી જ થયો છે. કરમસદથી પલોલ અને પલોલથી ૫ કિલોમિટરનો રસ્તો બાકી છે. એના માટે આપના તરફથી ૮૫ લાખ મંજૂર થઇ ગયા છે, એ કામ થવું જોઇએ તો એનો કોન્ટ્રાક્ટ આપ્યો છે કે કેમ અને આપ્યો હોય તો કેટલા સમયમાં પૂરો થશે? બીજું કે મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ગઇ કાલે મેં મારી સ્પીચમાં પણ કહ્યું હતું અને મારા સાથી ધારાસભ્ય શ્રી મહેશભાઇ રાવલ, ખંભાતે પણ રજૂઆત કરી હતી કે સુરતથી સૌરાષ્ટ્ર કોંગ્રેસ અને ભા.જ.પ.ના તમામ ધારાસભ્યો સિક્સ લેન બગોદરા-વાસન થઇને તારાપુર થઇને પસાર થાય છે. તારાપુર વિશ્રામગૃહ જ્યારે શ્રી નીતિનભાઇ પટેલ હતા, ત્યારે એમણે મંજૂર કર્યું હતું, પણ જિલ્લા પંચાયતે જમીન એલોટ કરી નહીં. ત્યાં

વિશ્રામ ગૃહ છે જ, જમીન પણ છે એની એક જાહેરાત કરે તો ખૂબ અભિનંદન. કોંગ્રેસ અને ભા.જ.પ. તમામ ધારાસભ્યો, હું તો તારાપુરનો જ છું. મારે તો ત્યાં મકાન છે, પણ સૌરાષ્ટ્રના જે ધારાસભ્યો ફેમિલી સાથે આવે છે એમને હોટલમાં રહેવું પડે છે. તારાપુર તાલુકા પ્લેસ છે. તો આ અંગે એક જાહેરાત થાય એવી મારી વિનંતી છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા પૂછેલ પ્રશ્નમાં મૂળ આણંદ રસ્તાની મારૂતી ઇંફ્રાકોન પ્રા.લિ.ને સોંપેલી કામગીરી બાબતનો છે. હવે જો એમણે આખા રસ્તાની વાત કરી હોત તો હું જવાબ એ રીતે આપતો. જ્યારે મારૂતી ઇંફ્રાકોન પ્રા.લિ.ની વાત કરી છે ત્યારે એ રસ્તો ઢેબાકૂવાથી પલોલનો ૪૦ થી ૬૦ એટલે ૨૦ કિલોમિટરનો છે અને ૨૦ કિલોમિટરનો રસ્તો ૭ મિટરથી આપણે ૧૦ મિટર પહોળો કર્યો છે અને એ સંપૂર્ણ રીતે તા. ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ પૂરો થયો છે. એટલે તમારો બીજો પ્રશ્ન હતો, એમાં જે ૪ કિલોમિટરની વાત કરો છો કે રહી જાય છે એ ૪ કિલોમિટર માટે પણ અમે મંજૂરી આપી દીધી છે. એની ટેન્ડર પ્રક્રિયા થાય એટલે પૂર્ણ કરવામાં આવશે. બીજી વાત કરી એ પહેલાં જ અમારા ગૃહના આદરણીય શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબે વાત કરી કે આ તારાપુર હાઇવે બન્યો છે, એની આજુબાજુ સરકીટ હાઉસ બનાવવામાં આવે. એ દિશામાં વિભાગની કામગીરી ચાલી રહી છે અને પોઝિટિવ છીએ. કેવી રીતે બનશે તો આ પ્રશ્ન પણ ખૂબ અગત્યનો છે. તમારા છેલ્લા પ્રશ્નનો જવાબ આપું તો જે ૧૩.૫ કિલોમિટરનો છે એ ૧૫ મિટર છે અને ત્રણ તબક્કામાં આપણે પૂર્ણ કર્યો છે. ત્યાર પછી ૭ મિટરમાંથી ૧૦ મિટરનો પૂરો થયો છે. હવે ૭ મિટરનો ૬૦ થી ૬૪ માત્ર ૪ કિલોમિટરનો એ હવે મંજૂરી મળી ગઇ છે. ટેન્ડર પ્રક્રિયા પછી ઝડપથી આગળ પ્રક્રિયા પૂરી કરીશું.

શ્રી મહેશકુમાર ક. રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો શ્રી પૂર્ણેશભાઇ મોદી સાહેબની વાત કરું તો ગઇ કાલે એમણે જે જાહેરાતો કરી એમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતા રસ્તાની બાબતમાં આણંદ જિલ્લો અને ખેડા જિલ્લામાં એમના વિભાગ તરફથી ફૂલ વરસાવ્યા છે. સાથેસાથે અમારા વિસ્તારના લોકોની એક માગણી વર્ષોથી હતી કે મિટલીથી કામાતળાવ રસ્તો બને, પુલ બને એમાં સરકારશ્રીના સિનિયર મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ અને શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાસાહેબ આ વિશે ખૂબ જાગૃત હતા અને ખૂબ એમની રજૂઆતો હતી, એટલે ગઇકાલે એ રજૂઆતને પણ પૂર્ણ કરી એ બદલ હું શ્રી પૂર્ણેશભાઇ મોદીનો ખૂબ ખૂબ આભાર માનું છું. તારાપુરથી આણંદનો રસ્તો કેટલા કિલોમિટર છે? ઢેબાપુરથી પાલોલ સુધીના માર્ગને ૧૦ મીટર પહોળો કરવા માટે શી અગત્યતા છે? સદર રસ્તાને પહોળો કરવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે? સદર કામ કયારે શરૂ થયેલ હતું અને કયારે પૂર્ણ કરવામાં આવેલું છે?

શ્રી પૂર્ણેશ મોદી : આ જે આખો રસ્તો ૩૮ કિલોમિટર છે એ તારાપુરથી આણંદનો રસ્તો છે અને એ રસ્તો ત્રણ તબકકામાં મેં કહ્યું તેમ પહેલા તબકકામાં આપણે ૧૫ મીટરના સાડાતેર કિલોમીટરના રસ્તાનું કામ પૂર્ણ કરી ચૂકયા છીએ. હાલ જે આપે વાત કરી એમાં ૨૦ કિલોમિટર ઢેબાકુવાથી પાલોલ સુધીનો રસ્તો અને હવે પછી જે ચાર કિલોમિટર રસ્તો રહે છે એની પણ મંજૂરી એક મહિના પહેલા જ અપાઇ ગઇ છે પણ એમનો બીજો પ્રશ્ન છે એમાં મુખ્યત્વે વિઠ્ઠલ ઉદ્યોગનગર, કરમસદ, સોજીત્રા ખાતે અનેક ઔદ્યોગિક એકમો આવેલા છે. કરમસદ ખાતે જિલ્લાની સૌથી મોટી ક્રિષ્ણા હોસ્પિટલ અને સરદાર પટેલ મેમોરિયલ સ્મારક પણ આવેલું છે. વધુમાં પીપળાવ ખાતે આશાપૂરા માતાનું મંદિર આવેલું છે. આ જે આપણે રસ્તો બનાવ્યો નવો એ તારાપુર, વાસદ, વટામણ, બગોદરાને જોડે છે એટલા માટે આ રસ્તો પણ ખૂબ ઉપયોગી છે. ટ્રાફિક સેન્સ પ્રમાણે પણ ત્યાં હેવી લોડ હોવાને કારણે આ રસ્તો બનાવવાની અગત્યતા છે અને આ કામગીરી તા.૩૧ ઓગષ્ટ, ૨૦૨૧ ના રોજ સંપૂર્ણપણે પૂરી કરી દેવામાં આવી છે.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા મહુધા મતવિસ્તારમાં જે લાડવેલથી પાણસોરાવાળો રોડ છે એ છેલ્લાં ૩-૪ વર્ષથી ચાલુ છે. આજ દિન સુધીમાં પૂરો નથી થયો અને રસ્તો છ મહિના પણ નથી થતા અને તૂટી જાય છે. બીજો ડાકોરથી મહુધા, અલીણા એ રસ્તો પણ છ મહિનામાં તૂટી ગયો છે. બીજો ડાકોરથી લાડવેલવાળો રસ્તો છે તો મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ જે તે એજન્સી છે એને ઠપકો આપે અથવા એને બ્લેકલિસ્ટમાં મૂકે. અત્યારે એ રસ્તા ઉપર જવા માટે ખૂબ જ ગંભીર પરિસ્થિતિ છે તો મારી એમને વિનંતી છે કે આની ઉપર થોડું ધ્યાન દોરે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ પ્રશ્ન બીજા વિસ્તારનો છે પણ સભ્યશ્રીએ જે વાત કરી છે એને ગંભીરતાથી લઇને જે કોઇ અધિકારી હોય કે કોન્ટ્રાકટર હોય એમાં તપાસ એજન્સીના અંતે જે કોઇ જવાબદાર ઠરે એના ઉપર ગંભીર પ્રકારના પગલાં લેવાં માટે અમે કટિબદ્ધ છીએ.

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તારાપુરથી આણંદ માર્ગના કિલોમીટર ૪૦-૬૦ કે ૧૦ મીટર પહોળો કરવાથી કેટલા ગામોની વસ્તીને લાભ થયો છે? તેમજ તારાપુરથી આણંદ રસ્તાની લંબાઇમાં આવતા ઢેબાકુવાથી પાલોલ સુધીના માર્ગના વિસ્તૃતીકરણથી કયા કયા ધાર્મિક સ્થળોએ જતા યાત્રાળુઓને લાભ થશે તેમજ આસપાસના વિસ્તારોને શું લાભ થશે?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ આણંદ જિલ્લાના પેટલાદ તાલુકો, સોજીત્રા તાલુકો અને તારાપુર અને કુલ ૧૨ ગામ રવિપૂરાથી લઇને તારાપુર સુધી લગભગ ૧,૮૨,૦૮૫ જેટલી વસ્તીને આમાં લાભ મળશે. અને મેં કહ્યું તેમ અનેક રીતે ત્યાં આશાપૂરા માતાજીનું મંદિર પીપળાવ મુકામે હોય, નવરાત્રિના તહેવાર દરમ્યાન શ્રદ્ધાળુંઓની ભારે માત્રામા અવર-જવર હોય છે. કરમસદમાં આણંદ માર્ગ ઉપર કરમસદ સંદેસર અગાશ માર્ગ તરફ શ્રીમદ રાજચંદ્ર આશ્રમના કારણે, વગેરે અનેક કારણોસર ત્યાં ટ્રાફિક રહે છે. અને ખાસ કરીને કરમસદ ખાતે સરદાર વલ્લભભાઇ પટેલ મેમોરિયલ આવેલું છે, જે ઐતિહાસિક છે. આ બધાં કરણોસર આ રસ્તાની ઉપયોગિતા ખૂબ છે. બાર ગામને અસર થાય છે. તે ઉપરાંત અગાઉ કહ્યું તેમ વિઠ્ઠલ ઉદ્યોગનગર અને ઔદ્યોગિક વસાહત ખૂબ મોટા પ્રમાણમાં છે. વેપાર ધંધા, રોજગાર અર્થે પણ આ પરિવહન માર્ગની ખૂબ અગત્યતા છે.

ચૈત્ર ૩, ૧૯૪૪ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ભાવનગર જિલ્લાનો ખૂબ અગત્યનો છે. આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ભાવનગરથી સોમનાથ નેશનલ હાઇવે ખૂબ ટ્રાફિક વાળો રસ્તો છે અને ખૂબ જરૂરી છે. કોઇને કોઇ કારણોસર ભાવનગર તળાજા એ ૭૦ થી ૭૫ ટકા કામ થયું છે. તળાજાથી મહુવા ૨૫ થી ૩૦ ટકા કામ થયું છે. આનું કામ તાત્કાલિક પૂરું કરવા માગો છો કે કેમ? બીજું, આર.એન્ડબી. ના રોડ છે એમાં ગેરંટી પીરિયડ ૩ વર્ષના હોય અને ગેરંટી પીરિયડ બાકી હોય તૂટી જાય છે. અધિકારીઓ દ્વારા જવાબ આપવામાં આવતો નથી. આ બાબતે મંત્રીશ્રી તાત્કાલિક ધોરણે કોઇ પગલાં લેવાં માગો છો કે કેમ? અને ખાસ પગલાં લે એવી મારી વિનંતી પણ છે.

શ્રી પૂર્ણેશ મોદી : મેં અગાઉ સદસ્યશ્રીને કહ્યું તેમ આ પ્રકારની કોઇપણ વાત હોય તો અમારા ધ્યાને મૂકવામાં આવે અને આપે વાત કરી કોરોનાનું કારણે છે. છતા પણ દર મહિને આ બધા વિભાગની અંદર બેઠકો લઇને ઝડપથી આવા રસ્તા પૂરા થાય તેવી સતત સૂચના આપતા હોઇએ છીએ અને બીજો પ્રશ્ન કર્યો એમાં જે કઇ ઘટતું હશે તે કરવામાં આવશે.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જીલ્લાનો પ્રશ્ન છે. મારા ખેડા જિલ્લાને અડીને બંને સાઇડ સિક્સ લેન રોડ થઇ ગયેલ છે. ખેડાથી તારાપુરને જોડતો ૩૪ કિ.મી.નો વચ્ચેનો રોડ ફોરલેન મંજૂર થાય અને ત્યાં તારાપુર તાલુકામાં માણેજ ગામે તીર્થધામ આવેલ છે. ત્યાં આગળ અમદાવાદથી ખૂબ લકઝરી બસો આવે છે. અને એ રોડ ખંભાત ધારાસભ્ય હોય, સોજિત્રા ધારાસભ્યને આવવા જવા માટે ખેડા સુધી ખૂબ ટ્રાફિક થાય છે. મંજૂર થાય તો બધાને ઘણો લાભ મળે તેમ છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાની પહોળાઇ ૩.૭૫ મીટર હોય એટલે સ્વાભાવિક છે કે ગુજરાતમાં બધા લોકો કહે છે કે ૭ મીટરનો બનાવો. ૫.૫૦ મીટરની રસ્તાની પહોળાઇ હોય તો સ્વાભાવિક કહે કે ૧૦ મીટરની પહોળાઇનો બનાવો. ૧૦ મીટરનો રસ્તા હોય તો ફોરલેન બનાવો અને ફોરલેનનો હોય તો સિકસ લેનનો બનાવો. આ પ્રકારની માગણી સમગ્ર ગુજરાતમાં અનેક સ્થળો ઉપર થઇ રહી છે. આને વિકાસનું મૉડેલ કહી શકીએ. લોકોને અવરજવર ઝડપથી કરવા માટે અને સવલત સાથે અને ખૂબ નજીવા અંતરે એનું ઇંધણ બચે આવા અનેક પ્રકારના પ્રશ્નો આવ્યા છે. વિભાગની અંદર બે-ત્રણ પ્રકારના અવલોકનો કરી રહ્યા છે. જેમાનું એક અવલોકન છે કે દરેક ટાઉન છે તે પાલનપુર હોય, અંબાજી હોય, મોરબી હોય, કોઇપણ હોય એમાં આખા ગુજરાતના બધાની સામાન્ય વાત છે. જે વ્હીકલ બાયપાસથી બારોબાર નીકળી જાય તો એને અંદર આવવું ન પડે, ટ્રાફિક ન થાય, ઓવરબ્રીજ ન બનાવવો પડે. સરવે ચાલી રહ્યા છે કે આપણે કોઇપણ વસ્તુમાં બાયપાસ બનાવીએ અથવા આ પ્રકારનાં કામ કરીએ એની પ્રાયોરિટી નક્કી કરીએ છીએ. આવનારા દિવસોમાં નવું ગુજરાત, બદલાયેલ ગુજરાત છે, એની અંદર ૧૦ મીટરથી ઓછો રોડ કોઇને ન જોઇએ, એ પ્રકારની માગણી ચારે તરફથી આવી રહી છે. બને એટલી માગણી અમે દરેક જણને આપવા માટેનો પૂરો પ્રયત્ન કરીશું.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને એક સજેશન કરવા માગું છું અને પ્રશ્ન પણ છે કે, પંચાયત હસ્તકના આપણા જે રોડ છે તેની વહન કેપેસિટી ૧૦ મેટ્રિક ટન સુધીની છે. જયારે ત્યાં ખનન પ્રવૃત્તિ થાય છે, ત્યાં મોટાં વાહનો ૪૦ થી ૫૦ ટન સુધી માલ ભરીને નીકળે છે. તેના કારણે નવા બનેલા રોડ છ મહિના એક એકાદ વર્ષમાં તૂટી જાય છે. આખા ગુજરાતનો આ પ્રશ્ન છે. ભારે વાહનોને તેમાં રોકવામાં આવતા નથી. તેના માટે પોલિસી બનાવી તેને રોકવા માગો છો કે કેમ? મારા વિસ્તારનો બીજો પ્રશ્ન એ છે કે, કલાણા-છત્રાસા રોડના પ્લાન એસ્ટીમેટ ૧ કરોડ ૧૦ લાખ રૂપિયાના આવ્યા હતા. તેના જોબ નંબર પણ અપાઇ ગયા છે. પરંતુ તેના રિવાઇઝ પ્લાન ૨ કરોડ ૪૦ લાખના થયા છે. ટેકનિકલ મિસ્ટેકના કારણે આ પ્રશ્ન ઉભો થયો છે તો તેમાં ફેરફાર કરીને આ કામ પૂર્ણ કરવા માગો છો કે કેમ?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ સ્પષ્ટતા કરી કે, આ જે બાયપાસ રોડ બનાવવાની વાત છે તેના માટે ત્યાં રીંગરોડ કેવી રીતે બને તેનો અમે સરવે કરી રહ્યા છીએ. એમનો જે પ્રશ્ન છે તેમાં કહું તો અમારા વિભાગ તરફથી અત્યારે દરેક રસ્તાનું અવલોકન કરવામાં આવી રહ્યું છે. તે કારણસર તેમણે અહીં જે સવાલ કર્યો છે તે આમ તો સૂચન છે પણ તેની અંદર અમે ઉંડાણપૂર્વક ઉતરવાના છીએ. તેમનો બીજો પ્રશ્ન છે તેમાં અમે એસ.ઓ.આર અત્યારે બદલી દીધા છે. એસ.ઓ.આર.ના પ્રમાણમાં ૨૦ કરોડનો રોડ નવા એસ્ટીમેટ પ્રમાણે ૨૨ કરોડનો થાય તો અમે પૂરા કરવાના છીએ. એટલે આપે જે વાત કરી છે તે કામ આવનારા વર્ષમાં પૂરું કરીશું.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, જોબ નંબર અપાઇ ગયા છે. ટેકનિકલ કારણોસર ત્યાં ફેરફાર થયો છે. તેમાં ૧ કરોડ ૧૦ લાખ રૂપિયા વધારવાની ડિમાન્ડ આવી છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, અમે જોબ નંબર આપ્યો છે અને તેમાં અત્યારે એસ.ઓ.આર પ્રમાણે રેટ વધવાના છે. આ દરેક ધારાસભ્યનો પ્રશ્ન છે એટલે તેને કોમન તરીકે લેવાના છીએ.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું અને તેમણે ઘણી વિસ્તૃત વાત કરી છે. આશાપૂરા મંદિર, ઇન્ડસ્ટ્રીઝ, સરદાર મેમોરિયલ ટ્રસ્ટ અને સાથે સાથે આણંદથી નેશનલ હાઇવેને જોડતો અને કાઠિયાવાડને જોડતો આ રસ્તો છે. નડિયાદથી કાઠિયાવાડને જોડતો આ રસ્તો છે. તો નડિયાદથી બાંધણી ચોકડી અને આણંદથી તારાપુરનો રસ્તો ફોરલેન બનાવવા માગો છો કે કેમ? અત્યારે બધાને છેક વાસદ થઇને જવું પડે છે. એટલે હેવી ટ્રકોથી માંડીને બધાને ડીઝલ બચે અને સમય બચે. માટે આ અગત્યના બે રસ્તા પૂર્ણ કરવા માગો છો કે કેમ?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નિરંજનભાઇનું સૂચન છે. આ બધી બાબતો માટે મેં કહ્યું જ છે કે, આ બાબતોમાં અમારું અવલોકન સતત ચાલું જ છે. પ્રાયોરિટી મુજબ આ રસ્તાનાં કામ અમે આગળ વધારવાના છીએ.

તા.૨૪મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ઘણા એવા વિસ્તાર છે કે, જયાં મોટાં વાહનો જવાને લીધે રસ્તાઓ તૂટી જાય છે. એવા રસ્તાઓ પણ છે જે હાઇવે પર આવે છે. હાઇવેના લીધે સર્કલ ફરવાને લીધે તે રસ્તાઓ દર વર્ષે તૂટી જતા હોય છે. તો એમાં સી.સી. રોડ બનાવવા માગો છો કે નહીં?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું કે આપણે ત્યાં જે હેવી ઇન્ડસ્ટ્રીઝ છે, મોટા ઉદ્યોગો છે ત્યાં ૧૦ ટન થી લઇને ૪૦ થી ૫૦ ટનની લોડેડ ગાડીઓ આવે છે. ભાઇશ્રી લલિતભાઇએ આ પ્રશ્ન પૂછયો હતો. એટલે આવા ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં હેવી વ્હીકલ પસાર થાય તો તેની ક્ષમતાને આધારે રોડ બનાવવાનું નક્કી કર્યું છે. જેના કારણે તે વસ્તુ સોલ્વ થશે. હેવી ઇન્ડસ્ટ્રીઝ દા.ત. ઇચ્છાપોર, વાપી, અંકલેશ્વર કે મોરબી હોય ત્યાં આ સોલ્વ થશે. બીજો પ્રશ્ન હતો કે, જે લોકો ખનનનું કામ કરતા હોય તે લોકો કયાંથી કયાં ગાડી લઇને નીકળતા હોય છે. કેટલાક કિસ્સામાં અમે કલેકટરશ્રીને જાણ કરી છે. આ જે રસ્તા તૂટે છે તેના માટે કલેકટરશ્રીને અમે જાણકારી આપી છે. આ રીતે ખનન કરીને રેતી કે કવોરીનો સામાન કાઢતા હોય અને સામાન્ય રસ્તા પર જતા હોય તો તે ન તૂટે તેની કાળજી રાખવામાં આવે છે. બીજો એક પરિપત્ર થયેલ છે કે, ૧૦૦ મિટર, ૨૦૦ કે ૩૦૦ મિટર વરસાદી પાણી જયાં ભરાય છે, આપણને ખબર જ હોય છે કે, આ સ્થળે વરસાદી પાણી ભરાય છે તેવા સ્થળે કાયમી ધોરણે આર.સી.સી. રોડ કરવાનું આપણે નક્કી કર્યું છે.

**ગુજરાત પ્રવાસન નિગમનું મંજૂર મહેકમ**

૪૪૬૧૦ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ, ગાંધીનગરનું મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ કાયમી, આઉટસોર્સિંગ, ફિક્સ પગારથી ભરાયેલ છે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી કાયમી ભરતીથી ભરવાની બાકી છે, તેના કારણો શાં છે ? | (૧), (૨) અને (૩) પત્રક મુજબ. |

**પત્રક**

| **અનુ નં.** | **સંવર્ગનું નામ** | **કુલ મંજૂર થયેલ જગ્યાઓ** | **ભરાયેલ જગ્યાઓ** | | | | **કાયમી ભરતીથી ભરવાની બાકી જગ્યા** | **ક્યારથી કાયમી ભરતીથી ભરવાની બાકી છે તે તારીખ** | **કારણો** |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | **કાયમી** | **આઉટ સોર્સિંગ** | **ફિક્સ પગારથી** | | | | |
| | | | | | **સીધી ભરતીથી** | **કરાર આધારિત** | | | |
| ૧ | જોઇન્ટ મેનેજિંગ ડિરેક્ટર | ૧ | ૧ (પ્રતિનિયુક્તિ) | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૨ | કંપની સેક્રેટરી | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૩ | જનરલ મેનેજર (પ્રોજેક્ટ) | ૧ | ૧ (પ્રતિનિયુક્તિ) | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૪ | જનરલ મેનેજર (નાણાં) | ૧ | ૧ (પ્રતિનિયુક્તિ) | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૫ | જનરલ મેનેજર (મહેકમ) | ૧ | ૧ (પ્રતિનિયુક્તિ) | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૬ | જનરલ મેનેજર (કોમર્શિયલ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| ૭ | જનરલ મેનેજર (બિઝનેસ ડેવલોપમેન્ટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૮ | જનરલ મેનેજર (ઇન્વેસ્ટમેન્ટ એન્ડ પોલિસી) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

| અનુ નં. | સંવર્ગનું નામ | કુલ મંજૂર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | | | | કાયમી ભરતીથી ભરવાની બાકી જગ્યા | ક્યારથી કાયમી ભરતીથી ભરવાની બાકી છે તે તારીખ | કારણો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કાયમી | આઉટ સોર્સિંગ | ફિક્સ પગારથી | | | | |
| | | | | | સીધી ભરતીથી | કરાર આધારિત | | | |
| ૯ | જનરલ મેનેજર (ઈવેન્ટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| ૧૦ | ડે. જનરલ મેનેજર (પ્રોજેક્ટ) | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨૭-૧૦-૨૦૨૦ | મંજૂર થયેલ ભરતી નિયમો સંબંધે આગળની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. |
| ૧૧ | ડે. જનરલ મેનેજર (નાણાં) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૧૨ | ડે. જનરલ મેનેજર (ઓડિટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૧૩ | ડે. જનરલ મેનેજર (મહેકમ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| ૧૪ | ડે. જનરલ મેનેજર (કોમર્શિયલ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૧૫ | ડે. જનરલ મેનેજર (માર્કેટિંગ & પ્રમોશન) | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૧૬ | ડે. જનરલ મેનેજર (માર્કેટ રીસર્ચ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૧૭ | ડે. જનરલ મેનેજર (ઇન્વેસ્ટમેન્ટ એન્ડ પોલિસી) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૧૮ | ડે. જનરલ મેનેજર (સ્કીલ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૧૯ | ડે. જનરલ મેનેજર (લેન્ડ એન્ડ લીગલ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |

તા.૨૪મી માર્ચ ૨૦૨૨
તારાંકિત પ્રશ્નો

| અનુ નં. | સંવર્ગનું નામ | કુલ મંજૂર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | | | | કાયમી ભરતીથી ભરવાની બાકી જગ્યા | ક્યારથી કાયમી ભરતીથી ભરવાની બાકી છે તે તારીખ | કારણો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કાયમી | આઉટ સોર્સિંગ | ફિક્સ પગારથી | | | | |
| | | | | | સીધી ભરતીથી | કરાર આધારિત | | | |
| ૨૦ | ડે. જનરલ મેનેજર (ઈવેન્ટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૨૧ | એન્જિનિયર (પ્રોજેક્ટ) | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૨૨ | આસી. જનરલ મેનેજર (નાણાં) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | મંજૂર જગ્યા હાલ કરાર આધારિત ભરવા માટેની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. |
| ૨૩ | આસી. જનરલ મેનેજર (વહીવટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૨૪ | આસી. જનરલ મેનેજર (કોમર્શિયલ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| ૨૫ | આસી. જનરલ મેનેજર (માર્કેટિંગ & પ્રમોશન) | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત તથા મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ૧ જગ્યા હાલ કરાર આધારિત ભરવા માટેની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. |
| ૨૬ | આસી. જનરલ મેનેજર (આઈટી) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૨૭ | આસી. જનરલ મેનેજર (ઇન્વેસ્ટમેન્ટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| ૨૮ | આસી. જનરલ મેનેજર (માર્કેટ રીસર્ચ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૨૯ | આસી. જનરલ મેનેજર (સ્કીલ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | મંજૂર જગ્યા હાલ કરાર આધારિત ભરવા માટેની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. |
| ૩૦ | આસી. જનરલ મેનેજર (લેન્ડ અને લીગલ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

| અનુ નં. | સંવર્ગનું નામ | કુલ મંજૂર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | | | | કાયમી ભરતીથી ભરવાની બાકી જગ્યા | ક્યારથી કાયમી ભરતીથી ભરવાની બાકી છે તે તારીખ | કારણો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કાયમી | આઉટ સોર્સિંગ | ફિક્સ પગારથી | | | | |
| | | | | | સીધી ભરતીથી | કરાર આધારિત | | | |
| ૩૧ | આસી. જનરલ મેનેજર (ઇન્વેસ્ટ્સ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | મંજૂર જગ્યા હાલ કરાર આધારિત ભરવા માટેની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. |
| ૩૨ | ડે. એન્જિનિયર | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત તથા મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ૩ જગ્યાઓ હાલ કરાર આધારિત ભરવા માટેની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. |
| ૩૩ | ડે. એન્જિનિયર (ઇવેન્ટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૩૪ | ડે. મેનેજર (નાણાં) | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૨૭-૧૦-૨૦૨૦ | મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ૨ જગ્યાઓ હાલ કરાર આધારિત ભરવા માટેની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. |
| ૩૫ | ડે. મેનેજર (ઓડિટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| ૩૬ | ડે. મેનેજર (મહેકમ) | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૩૭ | ડે. મેનેજર (વહીવટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | મંજૂર જગ્યા હાલ કરાર આધારિત ભરવા માટેની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. |
| ૩૮ | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩૧-૧૨-૨૦૨૧ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૩૯ | ડે. મેનેજર (આઇટી) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | મંજૂર જગ્યા હાલ કરાર આધારિત ભરવા માટેની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. |
| ૪૦ | ડે. મેનેજર (કોમર્શિયલ) | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |

| અનુ નં. | સંવર્ગનું નામ | કુલ મંજૂર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | | | | કાયમી ભરતીથી ભરવાની બાકી જગ્યા | ક્યારથી કાયમી ભરતીથી ભરવાની બાકી છે તે તારીખ | કારણો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કાયમી | આઉટ સોર્સિંગ | ફિક્સ પગારથી | | | | |
| | | | | | સીધી ભરતીથી | કરાર આધારિત | | | |
| ૪૧ | ડે. મેનેજર (માર્કેટિંગ & પ્રમોશન) | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૪૨ | ડે. મેનેજર (ઇન્વેસ્ટમેન્ટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | મંજૂર જગ્યા હાલ કરાર આધારિત ભરવા માટેની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. |
| ૪૩ | ડે. મેનેજર (સ્કીલ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | મંજૂર જગ્યા હાલ કરાર આધારિત ભરવા માટેની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. |
| ૪૪ | ડે. મેનેજર (પીપીપી) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | મંજૂર જગ્યા હાલ કરાર આધારિત ભરવા માટેની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. |
| ૪૫ | ડે. મેનેજર (લેન્ડ અને લીગલ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | વહીવટી અનુકૂળતા તેમજ ભરતી નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. |
| ૪૬ | ડે. મેનેજર (ઇવેન્ટ્સ) | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨૭-૧૦-૨૦૨૦ | મંજૂર જગ્યા હાલ કરાર આધારિત ભરવા માટેની ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. |
| ૪૭ | આસી. એન્જિનિયર | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૪૮ | આસી. એન્જિનિયર (ઇવેન્ટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૪૯ | આસી. મેનેજર (નાણાં) | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૫૦ | આસી. મેનેજર (ઓડિટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૫૧ | આસી. મેનેજર (વહીવટ અને મહેકમ) | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૫૨ | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૫૩ | આસી. મેનેજર (આઇટી) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |

| અનુ નં. | સંવર્ગનું નામ | કુલ મંજૂર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | | | | કાયમી ભરતીથી ભરવાની બાકી જગ્યા | ક્યારથી કાયમી ભરતીથી ભરવાની બાકી છે તે તારીખ | કારણો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કાયમી | આઉટ સોર્સિંગ | ફિક્સ પગારથી | | | | |
| | | | | | સીધી ભરતીથી | કરાર આધારિત | | | |
| ૫૪ | આસી. મેનેજર (કોમર્શિયલ) | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૫૫ | યુનિટ મેનેજર ગ્રેડ ૧ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૫૬ | આસી. મેનેજર (માર્કેટિંગ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૫૭ | આસી. મેનેજર (પ્રમોશન) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૫૮ | આસી. મેનેજર (નીશ ટુરીઝમ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૫૯ | આસી. મેનેજર (ઇન્વેસ્ટમેન્ટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૬૦ | આસી. મેનેજર (સેક્રેટરીઅલ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૬૧ | લીગલ ઓફિસર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૬૨ | લેન્ડ ઓફિસર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૬૩ | આસી. મેનેજર (ઇવેન્ટ્સ) | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૬૪ | એએઇ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૬૫ | સીનિ હિસાબી મદદનીશ | ૫ | ૧ | ૦ | ૦ | ૦ | ૪ | ૩૦-૦૬-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૬૬ | સીનિ વહીવટી મદદનીશ | ૮ | ૩ | ૦ | ૦ | ૦ | ૫ | ૦૫-૧૧-૨૦૧૯ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૬૭ | સીનિ ફોરમેન | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩૦-૦૬-૨૦૧૮ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૬૮ | યુનિટ મેનેજર ગ્રેડ ૨ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૬૯ | સીનિ. પ્રવાસી અધિકારી | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૭૦ | હેડ કૂક | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૨૮-૦૨-૨૦૧૯ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |

તા.૨૪મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

| અનુ નં. | સંવર્ગનું નામ | કુલ મંજૂર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | | | | કાયમી ભરતીથી ભરવાની બાકી જગ્યા | ક્યારથી કાયમી ભરતીથી ભરવાની બાકી છે તે તારીખ | કારણો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કાયમી | આઉટ સોર્સિંગ | ફિક્સ પગારથી | | | | |
| | | | | | સીધી ભરતીથી | કરાર આધારિત | | | |
| ૭૧ | પ્રવાસી અધિકારી ગ્રેડ ૧ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૭૨ | પ્રોજેક્ટ સુપરવાઇઝર | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૭૩ | પ્રોજેક્ટ સુપરવાઇઝર (ઇવેન્ટ) | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૭૪ | હિસાબી મદદનીશ | ૮ | ૦ | ૦ | ૪ | ૦ | ૪ | ૧૩-૦૧-૨૦૧૭ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૭૫ | વહીવટી મદદનીશ | ૫ | ૨ | ૦ | ૩ | ૦ | ૦ | - | - |
| ૭૬ | સિનિયર સ્વાગતી | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩૧-૦૩-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૭૭ | ડ્રાઇવર કમ મિકેનીક | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૩૧-૧૦-૨૦૨૧ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૭૮ | યુનિટ સુપરવાઇઝર | ૬ | ૨ | ૦ | ૦ | ૦ | ૪ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૭૯ | સીનિ કૂક | ૫ | ૨ | ૦ | ૦ | ૦ | ૩ | ૧૭-૧૨-૨૦૨૧ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૮૦ | પ્રવાસી અધિકારી ગ્રેડ ૨ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૨૭-૧૦-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૮૧ | કૂક | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૩૦-૦૬-૨૦૨૦ | ભરતી નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. |
| ૮૨ | ડ્રાઇવર | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૮૩ | હાઉસકીપિંગ એટેન્ડન્ટ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૮૪ | પટાવાળા | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૮૫ | ચોકીદાર, ચોકીદાર કમ હમાલ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૮૬ | વેઇટર | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૮૭ | સ્વીપર | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૮૮ | પટાવાળા | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૮૯ | માળી | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૯૦ | બેલબોય પોર્ટર્સ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૯૧ | જનરલ વર્કર | ૪ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| ૯૨ | વેઇટર | ૪ | ૪ | ૦ | ૦ | ૦ | ૦ | - | - |
| | **કુલ** | **૨૦૧** | **૪૦** | **૦** | **૭** | **૦** | **૧૫૪** | | |

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રવાસન નિગમમાં આઉટસોર્સિંગથી ભરતી કરવામાં આવેલ છે. ફક્ત ચાર જ અધિકારીની જગ્યા પ્રતિનિયુક્તિથી ભરેલ છે અને બીજી બધી જગ્યાઓ ખાલી છે તો એ જગ્યાઓ સરકાર કાયમી ધોરણે ભરવા માગે છે કે કેમ? અને ભરતી કરવા માગતી હોય તો ક્યાં સુધીમાં ભરતી કરવામાં આવશે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વિભાગમાં ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા માળખાગત પુનઃગઠન માટે અમે ૨૦૯ જગ્યાઓ વર્ષ ૨૦૨૦માં મંજૂર કરાવી છે, એમાંથી ૮ જગ્યા ખાલી પડતા નાબૂદ થયેલી એટલે ૨૦૧નું મહેકમ ભરવા માટે સતત કાર્યરત છીએ. આ ૨૦૧માંથી હાલમાં ૪૭ જેટલી જગ્યા ભરાયેલ છે અને ૧૫૪ જેટલી જગ્યાઓ પુરવાની બાકી છે. આ બાબતમાં જે ખાલી જગ્યા છે, એમાં છેલ્લા વર્ષ ૨૦૨૧ની વાત કરીએ તો કોરોનાની સ્થિતિમાં સમગ્ર તંત્ર બીજા કામે લાગ્યું હતું, તેમ છતાં પણ ૮૨ જેટલા સંવર્ગો માટે નવા ભરતીના નિયમો બનાવવાની કામગીરી ચાલુ છે અને એ કામગીરી સમય માગી લે એવી હોય એ પ્રગતિ હેઠળ છે. ૧૩ જેટલા સંવર્ગોના ભરતી નિયમો અમે સરકારશ્રીની મંજૂરી માટે રજૂ કરેલ છે તે પૈકી ૨ સંવર્ગોના નિયમો મંજૂર પણ થઇ ગયા છે અને બાકીના ૧૧ નિયમો વિચારણા હેઠળ છે. ટૂંકમાં સામાન્ય વહીવટ વિભાગ, નાણા વિભાગ અને ગુજરાત જાહેર સેવા આયોગનો પરામર્શ કરવાનો રહેતો હોય છે. સંવર્ગના લાયકાત, ઉંમર, અનુભવ સંબંધી એકબીજાથી ભિન્ન રહેતી હોય સંવર્ગવાર ભરતીના નિયમ ફાઇલ ઉપર રજૂ કરવામાં આવતા હોય છે, આથી ભરતીના નિયમો મંજૂર કરતા પહેલા જૂના બનેલા ભરતીના નિયમો એની સમિક્ષા આ બધી અનેક પ્રકારની કાર્યવાહી અત્યારે પ્રક્રીયામાં છે અને ખૂબ ઝડપથી અમે આમાં આગળ વધી રહ્યા છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે, ગુજરાત પ્રવાસન નિગમમાં ૨૦૧માંથી ૧૫૪ જગ્યા ખાલી છે. આપે કારણો દર્શાવ્યાં એમાં આપે કોરોનાનું પણ કારણ દર્શાવ્યું અને કહ્યું કે કોરોનાના કારણોસર નિયમો બની શક્યા નથી. માનનીય અધ્યક્ષશ્રી, હિસાબી મદદનીશની જગ્યા તા. ૧૩-૦૧-૨૦૧૭થી ખાલી છે, સિનિયર ફોરમેનની જગ્યા ૩-૦૬-૨૦૧૮થી ખાલી છે અને હેડ કૂકની જગ્યા તા.૨૮-૨-૨૦૧૯થી ખાલી છે. એટલે આ કોરોના પહેલાની વાત થઇ. કોરોના પહેલા પણ આ જગ્યાઓ ખાલી હતી અને જે જવાબ સરકારશ્રીએ રજૂ કર્યો છે કે ભરતીના નિયમો તૈયાર કરવા બાબત પ્રગતિ હેઠળ છે. આ સેઇમ જવાબ તમે વર્ષ ૨૦૧૭માં પણ લખેલો છે, વર્ષ ૨૦૧૮માં પણ લખેલો છે અને વર્ષ ૨૦૧૯ અને વર્ષ ૨૦૨૦માં પણ લખેલો છે. બીજું તમે જવાબમાં કારણ એવું બતાવો છો કે, વહીવટી અનુકૂળતા તેમજ ભરતીના નિયમો આખરી થયેથી સદર જગ્યા ભરવામાં આવશે. તો મારે માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે, કોરોના મહામારીના લીધે મોટા ભાગની જગ્યાઓ તા. ૨૭-૧૦-૨૦૨૦ ખાલી છે, પણ આગળની જે ૩ જગ્યાઓ છે એ જગ્યાઓ ભરવાની હતી, ત્યારે કોરોના પણ ન હતો તો આ નિયમો બનાવવાનું સરકારે વર્ષ ૨૦૧૭થી નક્કી કર્યું હતું કે વર્ષ ૨૦૨૦માં નક્કી થયું હતું, પ્રવાસન નિગમ દ્વારા એ મંત્રીશ્રી જણાવે. અને આમાં પટ્ટાવાળા, ડ્રાઇવર, સ્વીપર, માળી વગેરે જે જગ્યાઓ છે એના માટે શું નિયમો છે? એના કોઇ નિયમો નથી હોતા એ તો વર્ગ ૪ના કર્મચારી તરીકે આવવાના છે. માટે ક્યા નિયમોના આધીન આ કરો છો? અને આસિસ્ટન્ટ મેનેજરની ૫ જગ્યા ખાલી છે, ડેપ્યુટી મેનેજરની ૧૦ જગ્યાઓ ખાલી છે તો આ નિયમો સરકારે ક્યારથી બનાવ્યા અને ક્યારથી અમલમાં મૂકવા માગો છો? કારણ કે વચ્ચે કોરોના હતો પણ હું વર્ષ ૨૦૨૦ પહેલાનું પૂછું છું એ પછીનું નથી પૂછતો.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યત્વે ૨૦ પહેલાંના મહેકમની અંદર જે કંઇ ઘટ હશે તેને ધ્યાનમાં રાખીને સમગ્ર માળખાના પુનઃગઠન માટે તા. ૨૭-૧૦-૨૦૨૦ના રોજ ઠરાવ ક્રમાંકઃઅવસ-૧૦૨૦૨૦-૯૫૬-સથી બહાર પાડીને વિભાગે આખું માળખું ફરીથી પુનઃગઠન કરવાનુ નક્કી કર્યું અને જેને આધારે વર્તમાન પરિસ્થિતિમાં જે પ્રમાણે સમગ્ર દેશ અને વિદેશથી જે પ્રમાણે પ્રવાસન વિભાગની અંદર અને પ્રવાસ કરનાર લોકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. જેને કારણ આ ૨૦૯ જગ્યા આપણે તે વખતે મંજૂર કરી અને તેમાં ૮ જગ્યા ખાલી પડતા નાબૂદ થયેલી એટલે ૨૦૧નું મહેકમ એટલે પેલી ભૂતકાળની જે બધી વાત હતી તે આ ૨૦૧ના અંદર આપણે સામેલ કરીને કન્ટીન્યુઝ પ્રક્રિયાની અંદર આગળ વધીએ છીએ. કારોનાના કારણે પ્રવાસન ઉપર તો અસર થઇ છે, પણ બીજા બધા કારણોની તેમણે જે વાત કરી તો પણ તેમાંથી ૨ જેટલી જે પોસ્ટ હતી તેની મંજૂરી આપણને મળી ગઇ છે. જે ખાસ કરીને જનરલ મેનેજર પ્રોજેક્ટ અને ડેપ્યુટી જનરલ મેનેજર પ્રોજેક્ટ આમ, સતત પ્રક્રિયા ચાલુ છે અને બહુ ઝડપથી આપણે આ બધી ખાલી જગ્યાઓ પુરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે પણ મેં એટલુ જ પૂછયું છે કે, વર્ષ ૨૦૧૭માં જાન્યુઆરીમાં હિસાબી મદદનીશની ૪ જગ્યાઓ ખાલી છે. તમે કહ્યું આપની પાસે મહેકમ છે, જૂના મહેકમ કેન્સલ કરવામાં આવ્યા તે પ્રમાણે અત્યારે ૨૦૧ પ્રમાણે ૧૫૪ જગ્યાઓ ખાલી છે એના પૈકીનો આ સવાલ પૂછી રહ્યો છું કે હિસાબી પદ્ધતિથી ૪ જગ્યાઓ જે વર્ષ ૨૦૧૭ જાન્યુઆરીથી ખાલી છે અને આ વર્ષ ૨૦૨૨ છે, આ પાંચ થી છ વર્ષનો સમયગાળો થયો. એવી રીતે વર્ષ ૨૦૧૮માં સિનિયર ફોરમેનની એક જગ્યા ખાલી છે, ૧૯માં ૨ જગ્યા ખાલી છે સવાલ એટલો જ થાય કે તમે કહ્યું કે પ્રવાસન નિગમમાં લોકો વધી ગયા છે તેના લીધે આ મહેકમો કેન્સલ કર્યા છે અને નવા મહેકમો ઉમેર્યા છે પણ મહેકમ અત્યારે ૨૦૧ જ છે અને આ ૨૦૧ની અંદર જ આ જગ્યાઓ ખાલી છે તો મારો માનનીય મંત્રીશ્રીને એટલો જ પ્રશ્ન છે કે, છ-છ, સાત-સાત વર્ષથી આ જગ્યાઓ ખાલી રહેવાનાં કારણો શું ? કારણ કે નિયમ બનાવવાનું તમે અત્યારે નક્કી કર્યું તો વર્ષ ૨૦૧૭થી કેમ જગ્યાઓ ખાલી છે ? અને બીજુ, ખાસ એ કે પટ્ટાવાળા, સ્વીપર, માળી કે વેઇટર છે તેના માટેના સરકારે શું નિયમો બનાવ્યા છે તે અમને કહે?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ૧૫૪નું કુલ મહેકમ છે તેમાં ૮૨ સંવર્ગની ભરતી નિયમ સાથે સાથે મેં આગળ પણ કહ્યું કે શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમરની માત્રા સુનિશ્ચિત કરવી આ બધુ અત્યારે પ્રગતિ હેઠળ છે. તે ઉપરાંત તેમાંથી ૧૩ સંવર્ગની ભરતી નિયમો માટેની ૨ સીટ અમે મંજૂર પણ કરી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલુ જ પૂછવું છે કે આ વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૯માં કેમ ના થયું ?

અધ્યક્ષશ્રી : આપની પાસે એવુ કારણ હોય તો જુઓ.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મારી પાસે નથી પણ હું તેમને જણાવીશ.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આ મહેકમનું પુનઃગઠન કરવાનાં કારણો શું છે ?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉના જવાબમાં ઠરાવ અંગેની વાત કરી અમે તા. ૨૭-૧૦-૨૦૨૦ના રોજ ગુજરાત પ્રવાસન લિમિટેડના માળખાને પુનઃગઠન કરવા માટેનો નિર્ણય કરેલો છે. ખાસ કરીને પ્રવાસન નિગમ દ્વારા જે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના જુદા જુદા મહોત્સવો, વાયબ્રન્ટ નવરાત્રિ, રણોત્સવ, આંતરરાષ્ટ્રિય પતંગોત્સવ, ડાંગ દરબાર, મોનસુન ફેસ્ટીવલ, ભવનાથનો મેળો, માધવપુરનો મેળો, તરણેતરનો મેળો આવા વર્ષ દરમિયાન ૨૦થી વધુ ઉત્સવો તથા મેળાઓ જુદી જુદી કામગીરી માટે જે માનવ શકિતની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ પુનઃગઠનનો નિર્ણય કર્યો હતો. નિગમ દ્વારા આયોજીત મેળા અને ઉત્સવ નિહાળવા માટે ગુજરાતમાં આવેલા વિવિધ પર્યટક સ્થળોની મુલાકાતમાં રાજયમાં દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થાય છે. સરકારશ્રી દ્વારા અવાર-નવાર આપવામાં આવતા વિકાસલક્ષી પ્રોજેક્ટ રાજય સરકાર દ્વારા નિગમને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં થયેલો વધારો. નિગમની કામગીરી એ પણ આ જવાબદારીમાં વધારો થયેલ હોવાનું સૂચવે છે. નિગમમાં વખતો-વખત પગારપંચના અમલ પરત્વે રદ થયેલ જગ્યાઓ, વયનિવૃત્તિના કારણે નિગમમાં કાયમી અધિકારીઓની પડેલ ઘટને કારણે પ્રોફેશનલ તથા અનુભવી માનવબળની જરૂરિયાત ઊભી થઇ છે એટલા માટે આ મહેકમન પુનર્ગઠનનો ઠરાવ બહાર પાડવામાં આવ્યો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં આપવામાં આવ્યું છે કે ૨૦નું મંજૂર મહેકમ છે એની સામે ૧૫૪ જગ્યા ખાલી છે. એટલે કે ૭૬ ટકા જગ્યાઓ ખાલી છે. એક બાજુ આપણે એમ કહીએ છીએ કે પ્રવાસીઓ વધ્યા છે. પ્રવાસનને આગળ લઇ જઇશું તો ગુજરાતની સમૃદ્ધિ થશે. જો આપણે તા. ૨૭/૧૦/૨૦૨૦ માળખાનું પુનર્ગઠન કરવાનો ઠરાવ કર્યો હોય તો આજે ૧૭ મહિના થયા હોવા છતાં આપણે નિયમો ન બનાવી શકતા હોઇએ તો પ્રવાસીઓને કઇ રીતે સગવડ આપી શકીશું અથવા તો પ્રવાસનને કેવી રીતે આગળ વધારી શકીશું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આટલો લાંબો સમય નિયમો બનાવવામાં થયો. કોરોનાના સમયમાં બહારની કામગીરી કરવાની હોય તો તકલીફ પડે. આપણી ઓફિસો અને વિભાગ કાર્યરત હોય અને નિયમો આપણે ઓફિસમાં બેસીને જ બનાવવાના હોય તો એમાં આટલો વિલંબ કેમ થયો અને કેટલા સમયમાં આપ નિયમ ફાઇનલ કરીને એને અમલમાં મૂકવા માંગો છો? હજી તો નિયમો બનશે. ત્યારપછી ભરતીની જાહેરાતો આવશે, એપ્લિકેશનો આવશે, એના માટેની પરીક્ષા અને ઇન્ટર્વ્યૂ થશે તો કેટલા સમયમાં ભરતી પૂર્ણ કરવા માગો છો જેથી કરીને આપણે પ્રવાસનને વેગ આપી શકીએ?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં છાપવામાં જ આવ્યું છે કે ૧૫૪ જગ્યા ખાલી છે. ૨૦૨૧નું વર્ષ બધાને ખબર છે, પણ હવે બનતી ત્વરાએ બધાં જ મહેકમ ભરાય એવો પ્રયત્ન કરવામાં આવશે.

શ્રી અમિત ચાવડા : અમે પોઝિટિવલી જ કહીએ છીએ.

અધ્યક્ષશ્રી : ઝડપથી થાય અને હવે એમાં વિલંબ ન થાય એનું ધ્યાન રાખશો.

શ્રી અમિત ચાવડા : હું માનું છું કે નિયમો બનાવવાની પ્રક્રિયામાં માનનીય મંત્રીશ્રી રસ લેશે, અધિકારીઓને બેસાડશે અને ખુલાસો માગશે તો ઝડપથી થશે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી સક્ષમ છે એ કરી શકશે.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, લાખણી તાલુકામાં ગેળા ગામ છે. ત્યાં હનુમાનજીનું પ્રાચીન ધામ છે. ત્યાં દર શનિવારે હજારોની સંખ્યામાં ભક્તો આવે છે. એ જગ્યાને પ્રવાસન તરીકે જાહેર કરવામાં આવે તો ખૂબ વિકાસ થઇ શકે તેમ છે. એને પ્રવાસન તરીકે જાહેર કરવા માગો છો કે કેમ?

શ્રી પૂર્ણેશ મોદી : તપાસ કરીને નિયમમાં આવતું હશે તો આપણે લઇ લઇશું.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, શીવાભાઇએ જે પ્રશ્ન કર્યો એ જ મારો પ્રશ્ન છે. મોટાભાગના મંત્રીશ્રીઓ પણ ગેળા હનુમાનજીના મંદિરે દર્શન કરવા આવેલા છે. ત્યાં શ્રીફળનું મોટું વટવૃક્ષ બનેલ છે. ત્યાં લાખો લોકો આવે છે. પ્રવાસન સ્થળમાં એનો સમાવેશ કરવામાં આવે અને સાથે-સાથે એનો પાંચ થી છ કિ.મી.નો રસ્તો ખૂબ સાંકડો છે. તો શનિવારે ટ્રાફિક બહુ રહે છે. એનો વિકાસ કરવા માટે અમે વિનંતી કરીએ છીએ.

શ્રી પૂર્ણેશ મોદી : ચોક્કસ જોઇ લઇશું.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે ભાણવડ તાલુકાનું હાથલા ગામ છે ત્યાં વિશ્વ વિખ્યાત શનિદેવનું મંદિર છે. આખા ભારતમાં બે જ જગ્યાએ આ શનિદેવનું મંદિર છે અને ઘણા બધાં મંત્રીઓ ત્યાં માનતા ઉતારવા પણ આવે છે. છેલ્લા એક વર્ષથી ભાણવડથી હાથલા સુધીનો રસ્તો અતિ બિસ્માર છે. તેના પુલની હાલત પણ બહુ ખરાબ છે અને છેલ્લા એક વર્ષથી વારંવાર રજૂઆત કર્યા પછી પણ એમાં કોઇ સુધારો નથી થતો. આ મંદિરને પ્રવાસન ધામ તરીકે વિકસાવવામાં આવ્યું છે. ત્યાં થોડો ખર્ચો પણ કરવામાં આવ્યો છે પણ ત્યાં જતા યાત્રિકોને ભયંકર તકલીફ પડે છે. એને તાત્કાલિક અસરથી સુધારશો તો આખા દેશમાંથી પ્રવાસીઓ ત્યાં આવે છે એને ફાયદો થશે. આ મારું સૂચન અને પ્રશ્ન બંને સાથે છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય વિક્રમભાઇનું સૂચન ધ્યાને લઇશું.

ચૈત્ર ૩, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં યાત્રાધામ વિકાસ માટે રકમ**

* ૪૪૬૪૨ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૭-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કયા યાત્રાધામો આવેલા છે, | (૧) અમદાવાદ અને બોટાદ જિલ્લામાં કોઇ પવિત્ર યાત્રાધામ જાહેર કરવામાં આવેલ નથી. અન્ય મહત્વના યાત્રાધામની યાદી પત્રક-૧ મુજબ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર યાત્રાધામના વિકાસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને (૩) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી ? | (૨) અને (૩) પત્રક- ૨ મુજબ. |

**પત્રક-૧**

| જિલ્લાનું નામ | યાત્રાધામનું નામ |
|---|---|
| અમદાવાદ | ૧. શ્રી મહાકાળી માતા મંદિર, મુ.જમાલપુર, તા.અમદાવાદ |
| | ૨. શ્રી ગણેશપૂરા મંદિર, મુ.તા.અમદાવાદ |
| | ૩. શ્રી પરપોટીયા મહાદેવ મંદિર, મુ.તા.ધોળકા |
| | ૪. શ્રી મરક્યુરી શિવા મંદિર, મુ.ખાડીયા, તા.અમદાવાદ |
| | ૫. વીર મેઘમાયા મંદિર, મુ.રનોડા, તા.ધોળકા |
| | ૬. શ્રી બુટભવાની, મુ.ત્રાંસદ, તા.ધોળકા |
| | ૭. ધ ઇમામશાહ બાવા સંસ્થા કમિટી, મુ.પીરાણા, તા.દશક્રોઇ |
| | ૮. શ્રી સાંઇધામ મંદિર, મુ.તા. અમદાવાદ |
| | ૯. શ્રી અત્રેશ્વર મહાદેવ મંદિર, મુ.મોડાસર, તા.સાણંદ |
| | ૧૦. શ્રી જોધલપીર મંદિર, મુ.કેસરડી, તા.બાવળા |
| | ૧૧. શ્રી નાગરવેલ હનુમાન મંદિર, મુ. અમદાવાદ શહેર |
| | ૧૨. અનુપમ મિશન, મું બોડકદેવ, તા.અમદાવાદ |
| | ૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ.મણિનગર, તા.અમદાવાદ |
| | ૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ.ધોલેરા, તા.ધોલેરા |
| | ૧૫. શ્રી વિશ્વકર્મા પંચાલ સેવા સમાજ, મુ. ચાંદલોડિયા, તા.અમદાવાદ |
| | ૧૬. BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ.તા.ધંધુકા |
| | ૧૭. શ્રી રણછોડરાયજી મંદિર, મુ.જીવરાજપાર્ક, તા.અમદાવાદ |
| | ૧૮. શ્રી પુરૂષાદાનીય પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુ.નારણપૂરા, તા.અમદાવાદ |

**પત્રક-૧**

| જિલ્લાનું નામ | યાત્રાધામનું નામ |
|---|---|
| બોટાદ | ૧. શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર, મુ.સાળંગપુર, તા.બરવાળા |
| | ૨. બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ.સાળંગપુર, તા.બરવાળા |
| | ૩. બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ. ગઢડા, તા.ગઢડા |
| | ૪. શ્રી ગોપીનાથજી દેવ મુખ્ય સ્વામિનારાયણ મંદિર, મુ.ગઢડા, તા.ગઢડા |
| | ૫. શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ.કુંડળ, તા.બરવાળા |
| | ૬. શ્રી વિસામણ બાપુની જગ્યા, મુ.પાળીયાદ, તા.બોટાદ |
| | ૭. શ્રી ભીમનાથ મહાદેવ મંદિર, મુ.ભીમનાથ, તા.બરવાળા |
| | ૮. શ્રી સાત હનુમાન મંદિર, મુ.લીંવડીયા, તા.ગઢડા |
| | ૯. શ્રી આવડ ખોડીયાર મંદિર, મુ.રોહિશાળા, તા.બોટાદ |

| | |
|---|---|
| | ૧૦. BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, તાજપર, તા.બોટાદ |
| | ૧૧. BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, રામપરા, તા.બરવાળા |
| | ૧૨. BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ.લાઠીદડ, તા.બોટાદ |

નોંધઃ- સરકારશ્રીના તા. ૧૨-૦૮-૧૯૯૭ના ઠરાવ ક્રમાંક : પવસ/પવબ/૧૦૯૭/હ/૧૫૮૯ મુજબ મુખ્ય છ યાત્રાધામ પૈકી એક પણ યાત્રાધામનો અમદાવાદ અને બોટાદ જિલ્લામાં સમાવેશ થતો નથી.

**પત્રક-૨**
**અમદાવાદ જિલ્લાના યાત્રાધામની વિગત**
**(તા. ૦૧-૦૮-૨૦૧૯ થી તા. ૩૧-૦૭-૨૦૨૦)**

| ક્રમ | યાત્રાધામની વિગત | થયેલ ફાળવણીની રકમ | વપરાયેલી રકમ | વણવપરાયેલી રકમ | વણવપરાયેલી રકમના કારણો |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી મહાકાળી માતા મંદિર, મુ. જમાલપુર, તા. અમદાવાદ | રૂ. ૧,૧૧,૦૦,૦૦૦ | રૂ. ૧,૧૮,૦૦,૦૦૦ | - | કામગીરી પૂર્ણ (ટેન્ડર ઊંચુ હોવાથી) |
| ૨ | અનુપમ મિશન, મું. બોડકદેવ, તા. અમદાવાદ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | રૂ. ૫,૧૯,૭૫૦ | રૂ. ૫,૧૯,૭૫૦ | શૂન્ય | કામગીરી પૂર્ણ |
| **(તા. ૦૧-૦૮-૨૦૨૦ થી તા. ૩૧-૦૭-૨૦૨૧)** | | | | | |
| ૧ | શ્રી ગણેશપૂરા મંદિર, અમદાવાદ | રૂ. ૩,૫૦,૦૦,૦૦૦ | રૂ. ૩,૫૦,૦૦,૦૦૦ | શૂન્ય | કામગીરી પૂર્ણ |
| ૨ | શ્રી પરપોટીયા મહાદેવ મંદિર, તા. ધોળકા, અમદાવાદ | રૂ. ૩,૫૦,૦૦,૦૦૦ | રૂ. ૩,૫૦,૦૦,૦૦૦ | શૂન્ય | કામગીરી પૂર્ણ |
| ૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર, અમદાવાદ ખાતે ૬ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | રૂ. ૨,૬૩,૯૬૪ | રૂ. ૧,૮૪,૭૭૫ | રૂ. ૭૯,૧૮૯ | કામગીરી પ્રગતિમાં |
| ૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર, મુ.ધોલેરા, તા. ધોલેરા, જિ.અમદાવાદ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | રૂ. ૪,૨૩,૬૨૦ | રૂ. ૪,૨૩,૬૨૦ | શૂન્ય | કામગીરી પૂર્ણ |
| ૫ | શ્રી વિશ્વકર્મા પંચાલ સેવા સમાજ, ગોતા રોડ, ચાંદલોડિયા, અમદાવાદ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | રૂ. ૪,૨૩,૬૨૦ | રૂ. ૨,૯૬,૫૩૪ | રૂ. ૧,૨૭,૦૮૬ | કામગીરી પ્રગતિમાં |
| ૬ | BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, ધંધુકા, તા. ધંધુકા, જિ. | રૂ. ૪,૨૩,૬૨૦ | રૂ. ૩,૩૮,૮૯૬ | રૂ. ૮૪૭૨૪ | કામગીરી પ્રગતિમાં |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | અમદાવાદ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | | | | |
| ૭ | રણછોડરાયજી મંદિર, ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | રૂ. ૪,૨૩,૬૨૦ | શૂન્ય | રૂ. ૪,૨૩,૬૨૦ | કામગીરી પ્રગતિમાં (વર્ક ઓર્ડર આપેલ છે.) |
| ૮ | ધી ઇમામશાહ બાવા દરગાહ, મુ.પીરાણા ખાતે ૧૫ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | રૂ. ૫,૩૧,૫૨૫ | રૂ. ૫,૩૧,૫૨૫ | શૂન્ય | કામગીરી પૂર્ણ |
| ૯ | શ્રી પુરૂષાદાનીય પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નારણપૂરા ખાતે ૬ કિ. વો. સોલાર રૂફટોપની કામગીરી | રૂ. ૨,૬૩,૯૬૪ | રૂ. ૨,૬૩,૯૬૪ | શૂન્ય | કામગીરી પૂર્ણ |

**પત્રક-૨**

**બોટાદ જિલ્લાના યાત્રાધામની વિગત**

**(તા. ૦૧-૦૮-૨૦૧૯ થી તા. ૩૧-૦૭-૨૦૨૦)**

**કોઇ ફાળવણી કરવામાં આવેલ નથી.**

**(તા. ૦૧-૦૮-૨૦૨૦ થી તા. ૩૧-૦૭-૨૦૨૧)**

| ક્રમ | યાત્રાધામની વિગત | થયેલ ફાળવણીની રકમ | વપરાયેલી રકમ | વણવપરાયેલી રકમ | વણવપરાયેલી રકમના કારણો |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ભીમનાથ મહાદેવ મંદિર, મુ. ભીમનાથ, તા.બરવાળા, જિ. બોટાદ | રૂ. ૮૦,૪૮,૦૦૦/- | રૂ. ૨૫,૯૨,૦૦૦ | રૂ. ૫૪,૫૬,૦૦૦ | સદર પ્રોજેક્ટની કામગીરી પ્રગતિમાં હોવાથી રકમ વણવપરાયેલી રહેલ છે. |
| ૨ | BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, તાજપર, તા.જિ.બોટાદ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | રૂ. ૪,૨૩,૬૨૦/- | રૂ. ૪,૨૩,૬૨૦/- | શૂન્ય | કામગીરી પૂર્ણ |
| ૩ | BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, રામપરા, તા.બરવાળા, જિ. બોટાદ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | રૂ. ૪,૨૩,૬૨૦/- | રૂ. ૪,૨૩,૬૨૦/- | શૂન્ય | કામગીરી પૂર્ણ |
| ૪ | BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, લાઠીદડ તા.જિ.બોટાદ ખાતે ૧૦ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | રૂ. ૪,૨૩,૬૨૦/- | રૂ. ૪,૨૩,૬૨૦/- | શૂન્ય | કામગીરી પૂર્ણ |

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, યાત્રાધામ વિકાસ બોર્ડની રચના કોંગ્રેસના શાસનમાં કરવામાં આવેલ અને ત્યાર બાદ ડાકોર, દ્વારકા, અંબાજી જેવા યાત્રાધામો વિકાસ પામેલ. માનનીય મંત્રીશ્રીએ આપેલ જવાબમાં અમદાવાદ અને બોટાદ જિલ્લામાં કોઈ યાત્રાધામો જાહેર કરેલ નથી. મારા મત વિસ્તારમાં આવેલ ઐતિહાસિક મુનસર તળાવ પર્યટન સ્થળ અને યાત્રાધામ તરીકે જાહેર કરવા યોગ્ય છે. આ તળાવને યાત્રાધામ વિકાસ હેઠળ કોઈ રકમ ફાળવવા માગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન

એ છે કે મારા વિસ્તારમાં દેત્રોજ તાલુકામાં દુધાતલ ગામે ગણપતિ મંદિર, કાંતરોડી ગામે ઐતિહાસિક કુંતેશ્વર મહાદેવ મંદિર અને વીરમગામ તાલુકામાં હાંસલપુર ખાતે સેરેશ્વર મહાદેવ મંદિરને પણ યાત્રાધામ તરીકે જાહેર કરી કોઈ રકમ ફાળવવા માગો છો કે કેમ?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, યાત્રાધામ ફાળવવા માટે અમુક ચોક્કસ નિયમો હોય છે અને અરજી કરવાની હોય છે. જો અરજી આવશે તો ખાસ કિસ્સામાં અમે પુનઃ વિચારણા કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અગાઉ પણ પ્રવાસન વિભાગની ચર્ચામાં મેં ગૃહમાં ધ્યાન દોર્યું હતું અને માગણી પણ કરી હતી કે અમદાવાદ શહેરમાં આવેલું જગન્નાથ મંદિર વિશ્વ વિખ્યાત છે. જ્યાં ભવ્ય યાત્રા પણ નીકળે છે. જગન્નાથ મંદિરને પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવા હું છેલ્લા ત્રણ વખતથી માગણી કરું છું. આ મંદિરનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવામાં આવે તેવી મારી માગણી છે. બીજું, મારી વિધાનસભા વિસ્તારમાં ઐતિહાસિક શાહે આલમ દરગાહ આવેલી છે. તે કોમી એકતાના પ્રતીક તરીકે ખૂબ જ જાણીતી છે. આ બંનેનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરો એવી માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઈએ જે સવાલ કર્યો છે તેમાં પવિત્ર યાત્રાધામ-૮માં ઘણી બધી ચર્ચા થવાની છે તેમાં સમાવેશ કરીશું અને ચર્ચાના અંતે યોગ્ય નિર્ણય લઈશું.

શ્રી રાકેશભાઈ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે રીતે પવિત્ર યાત્રાધામોનો વિકાસ ગુજરાતમાં વધી રહ્યો છે ત્યારે સાથે સાથે જાળવણી ખર્ચ પણ વધતો જાય છે. માનનીય સભ્યશ્રીએ અમદાવાદ અને બોટાદ જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો છે, તેમાં અમદાવાદ અને બોટાદ જિલ્લામાં અત્યાર સુધી ક્યા કયા યાત્રાધામો કે ધાર્મિક સ્થાનોને સોલાર રૂફટોપ યોજના હેઠળ આવરી લીધા છે તેની વર્ષવાર માહિતી આપવા વિનંતી કરું છું.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, પવિત્ર યાત્રાધામમાં આવેલા ધાર્મિક સ્થળોના વિકાસ માટે આનુષંગિક પરિસરમાં સગવડ, સવલત કે બાંધકામ વગેરે અનેક પ્રકારમાં મદદરૂપ થતા હોય છે. ઝીરો પોલ્યુશન કે પર્યાવરણ બચાવવાના ભાગરૂપે અને ગેસ આધારિત અથવા તો ઈલેક્ટ્રિક ફોર વ્હીલર મૂકવા ઉપર પણ આગ્રહ કરી રહ્યા છીએ. માનનીય સભ્યશ્રીએ જે સોલારનો પ્રશ્ન પૂછ્યો તેમાં સોલાર સિસ્ટમના કારણે પણ અનેક ફાયદાઓ થાય છે. જેમ કે પાવર જનરેટિંગ પોતે કરી શકે, મંદિર કે ધાર્મિક પરિસરનું બિલ પણ ઓછું આવે. સાથે સાથે સોલારનો ઉપયોગ પણ આપણે સૂર્ય આધારિત કરી શકીએ. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯માં સ્વામી નારાયણ મંદિર, નારણપૂરા, અમદાવાદમાં સોલાર રૂફ ટોપની ક્ષમતા ૧૦ કિલો વોલ્ટ હતી. તેના માટે રકમ રૂપિયા ૫.૨૮ લાખની ફાળવણી થઇ અને કુલ ખર્ચ રકમ રૂપિયા ૫.૨૮ લાખ થયો છે. તેનું વીજ યુનિટનું ઉત્પાદન આશરે ૧૪,૬૦૦ થયું તથા વાર્ષિક વીજ બચત થઇ તેમાં રકમ રૂપિયા ૭૩ હજારનો ફાયદો થયો. બાલાજી મંદિર દસ્ક્રોઇમાં, સોલાર રૂફ ટોપની ક્ષમતા ૧૦ કિલો વોલ્ટ હતી. એમાં રકમ રૂપિયા ૫ લાખ ૨૮ હજારની ફાળવણી થઇ. વાર્ષિક વીજ ઉત્પાદન ૧૪,૬૦૦ યુનિટનું થયું તથા રકમ રૂપિયા ૭૩ હજારની વીજ બચત થઇ. શક્તિધામ ગાયત્રી મંદિર, હાથીજણ, અમદાવાદમાં સોલાર રૂફ ટોપની ક્ષમતા ૫ કિલો વોલ્ટ હતી. તેમાં રકમ રૂપિયા ૨ લાખ ૬૪ હજારની ફાળવણી થઇ. વાર્ષિક વીજ ઉત્પાદન આશરે ૭,૨૦૦ યુનિટ થયું તથા રકમ રૂપિયા ૩૬ હજારની બચત થઇ. સદગુરુ ભાણસાહેબ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ, કબીજલા, વીરમગામમાં સોલાર રૂફ ટોપની ક્ષમતા ૧૦ કિલો વોલ્ટની હતી. તેમાં રકમ રૂપિયા ૫ લાખ ૨૮ હજારનો ખર્ચ થયો. વાર્ષિક ૧૪,૬૦૦ યુનિટનું વીજ ઉત્પાદન થયું. ખૂબ લાંબો જવાબ છે. વર્ષ ૨૦૧૮-૧૯ની વાત કરીએ તો સોલાર રૂફ ટોપની ૫૯ કિલો વોલ્ટની ક્ષમતા, વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૦ કિલો વોલ્ટની ક્ષમતા, વર્ષ ૨૦૨૦-૨૧માં ૭ મંદિર મળીને ૬૭ કિલો વોલ્ટની ક્ષમતા, વર્ષ ૨૦૨૧-૨૨માં ૭ મંદિર મળીને ૯૨ કિલો વોલ્ટની ક્ષમતા તથા કુલ આમાં અલગ અલગ રકમમાં છે. એ રીતે બધે જ ફાયદો થયો છે. દરેક મંદિર કે ધાર્મિક સ્થળને આની અંદરથી પોતાની પણ બચત થાય છે પણ મારે ખાસ કરીને શ્રી લલિતભાઇનો ઘણીવાર આગ્રહ હોય છે એટલે મારે કહેવું છે કે, આ સોલારના કારણે જે કંઇ વીજળી એ પોતે વાપરે અને સરકારની વીજળી નહીં લે. એના કારણે જે સરપ્લસ વીજળી રહે તે ખેડૂતોને આપી શકીએ એવો ઉમદા હેતુ આની પાછળ રહેલો છે. એટલે ધાર્મિક સ્થળોમાં સોલાર પદ્ધતિમાં ભારતીય જનતા પાર્ટીની શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર આ સોલાર રૂફ ટોપમાં આગ્રહપૂર્વક જે કંઇ સહાયતા જોઇતી હોય અમે આપવા તૈયાર છીએ.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી પહેલા તો માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે, મારા વિસ્તારમાં આવેલ જોધરપીર મંદિરના, ગઇ કાલે રજૂઆત કરી એમાં રકમ રૂપિયા ૧,૦૦૦ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. મારા વિસ્તારમાં કેસરડી જોધલપીર મંદિરની અંદર સોલાર રૂફ ટોપ યોજના હેઠળ શું કામગીરી કરવામાં આવી છે? અને બીજું, મારા વિસ્તારમાં મોડાસર ગામમાં અત્રેશ્વર મહાદેવનું મંદિર છે તે મોડાસર પણ સાંસદ આદર્શ ગામ છે. તો આ વખતે યાત્રાધામની અંદર એમાં પણ થોડી રકમ ફાળવવામાં આવે અને ત્યાં પણ સોલાર રૂફ ટોપ યોજનાથી કામ કરવામાં આવે તેવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે બીજો પ્રશ્ન પૂછયો એમાં આપ માંગણી કરો અમારા વિભાગ તરફથી સરવે થશે, પછી જે કંઇ યોગ્ય હશે તે કરીશું. અત્યાર સુધીમાં અમદાવાદ અને બોટાદ જિલ્લામાં સોલાર રૂફ ટોપમાં, અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯માં ૭, વર્ષ ૨૦૧૯-૨૦માં ૧, વર્ષ ૨૦૨૦-૨૧માં ૭ તથા વર્ષ ૨૦૨૧-૨૨માં ૭, આમ અમદાવાદમાં ૨૨ જેટલા યાત્રાધામમાં આપણે આ સોલાર રૂફ ટોપ મૂકી શક્યા છીએ. એ પ્રમાણે બોટાદ જિલ્લામાં તો વર્ષ ૨૦૨૦-૨૧માં ૩ અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૪, એમ મળીને ૭ સોલાર રૂફ ટોપ મૂકી શક્યા છીએ. આમ કુલ ૨૯ યાત્રાધામમાં કુલ સોલાર રૂફ ટોપની ક્ષમતા ૩૦૦

કિલો વોલ્ટ અને રકમ રૂપિયા ૧૨૪.૨૭ લાખની ફાળવણી કરી છે. એનાથી ૪ લાખ ૩૭ હજાર ૪૬૪ યુનિટનું વીજ ઉત્પાદન થયું છે અને આશરે રકમ રૂપિયા ૨૧ લાખ ૮૬ હજારની બચત થઇ છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જૂનાગઢ ઉપરકોટને તો આપણે યાત્રાધામ તરીકે વિકસાવીએ છીએ અને ભવનાથના શિવરાત્રીના મેળાને પણ મીની કુંભનો પણ દરજ્જો આપ્યો છે તે આવકાર દાયક છે. પણ ઉપર કોટની સાથે ઈતિહાસ જોડાયેલો છે. અને ઈતિહાસ છે એ દેવાયત બાપા બદરની સાથે એક બોડીદર ગામ આવે છે તેની સાથે ઈતિહાસ જોડાયેલો છે. તો એ ઉપરકોટના ઈતિહાસ સાથે જોડાયેલો છે એ દોવાયત બાપા બોદરનો ઈતિહાસ એ ઉપરકોટની અંદર સંચવાય અને ત્યાં પણ એનો ઉલ્લેખ થાય અને સાથે સાથે એમનું કોડિનાર તાલુકાનું મૂળ ગામ બોડીદર છે, એનો પણ યાત્રાધામની અંદર સમાવેશ થાય તો એ ઈતિહાસ જોડાયેલો છે એને પ્રવાસન ધામ તરીકે વિકસાવી શકાય, અને આવનારા સમયમાં આવનારી પેઢી એ ઈતિહાસ વાંચી શકે અને એના સ્મરણો મનમાં ઉતારશે, તેથી મારી વિનંતી છે કે આ બન્ને ઈતિહાસને સાથે જોડીને બોડીદરને યાત્રાધામ વિકાસની અંદર સમાવેશ કરવામાં આવે, અહીં આ ઈતિહાસની સાથે માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહ બાપુ પણ બેઠા છે એટલે માનનીય મંત્રીશ્રી આમાં પોઝિટિવ જવાબ આપે તેવી વિનંતી કરું છું.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની રજૂઆત છે તેનો અમે સરવે કરાવી લેશું, યાત્રાધામની સર્કીટ એ આપણો મુખ્ય ઉદેશ રહેલો છે. વર્તમાન સમયમાં પહેલાની જેમ એકવીસ દિવસ કે મહિનો કોઇ ટુરીઝમમાં કાઢી શકતું નથી. કોઇ પણ દેશ અથવા તો વિદેશમાંથી હવે પ્રવાસનો સમય સન્ડે ટુ સન્ડે એક અઠવાડિયાનો હોય છે, પરંતુ સ્થાનિક લોકો ત્રણ દિવસનો પ્રવાસ કરતા હોય છે. આવી રીતે ગિરનાર અને ઉપરકોટની વાત કરી એમાં સરકારશ્રી યાત્રાધામ બોર્ડ તરફથી ખૂબ ખર્ચ કરે છે. ત્યાંના દબાણો પણ ખૂબ છે. આપનો સહકાર મળશે તો એ દબાણ પણ આપણે દૂર કરી શકીશું. ત્યાં જે ઐતિહાસિક જે કંઇ સ્મારકો આવેલા છે તેની જાળવણી પણ આપણે કરી શકીએ અને આખી એમાં સરકીટ ડેવલપ થાય, કોઇ પણ જિલ્લાની એ મહિસાગર સરકીટની વાત હોય, ડાંગ સરકીટની વાત હોય, દ્વારકા સરકીટની વાત હોય, તો આવી રીતે નજીકની અંદર ત્રણ દિવસ કોઇ પણ પ્રવાસીઓ, દર્શનાર્થીઓ જે આવે તેને આમાં લાભ થાય તેવો ચોક્કસ પ્રયત્ન કરીશું.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સિદ્ધપુરમાં ધુપાવડી પાસે એક વાવ બનાવવા માટે માગણી કરેલી છે અને જિલ્લા સંકલન સમિતિ દ્વારા મંજૂર થઇને સરકારમાં આવેલ છે. તો મારી વિનંતી છે કે આ વાવ બનાવી આપવામાં આવે.

શ્રી પૂર્ણેશ મોદી : જોઇ લઇશું. ફાઇલ આવી હશે તો સરવે કરાવી લઇશું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે કલોલ શહેરની અંદર કપેશ્વર મંદિર બહુ પ્રાચીન મંદિર આવેલું છે. અને વર્ષો પહેલાં એવું કહેવાતું કે કપીલ નામની એક ગાય હતી અને ટાઇમ થાય એટલે એ ગાય લીંગની પાસે જઇને ઉભી રહે, એટલે ઓટોમેટિક આંચળમાંથી એ લીંગ ઉપર દૂધ પડતું, આ વર્ષો જૂનું પ્રાચીન મંદિર છે. અને એની બાજુમાં મોટું તળાવ પણ છે, તો હું આપના દ્વારા મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ સ્થળને યાત્રાધામ તરીકે જાહેર કરી અને પ્રવાસનમાં સમાવેશ કરવા માગો છો કે કેમ? અને તળાવને ડેવલપ કરી અને એમાં ખર્ચ કરીને પ્રવાસન ધામ જાહેર કરવા માગો છો કે કેમ?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મોટે ભાગે આજના અનેક સદસ્યોના પોતાના વિસ્તારમાં અથવા બીજા વિસ્તારમાં જે કંઇ ધાર્મિક મહત્વ હશે, ઐતિહાસિક મહત્વ હશે કે ભૌગોલિક મહત્વ હશે તેવા પ્રકારના અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે. તો હું આ સભાગૃહને ખાતરી આપવા માગું છું કે, આ બધા જેણે જેણે પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે એનો વિભાગ દ્વારા તપાસ કરાવીશું અને એની જે કંઇક લોકોમાં પડેલી આસ્થા છે એ બાબતમાં સરવે કરાવીને એક પછી એક તબક્કાવાર પોઝિટિવ નિર્ણય તરફ અમે આગળ વધવાના છીએ.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં નખત્રાણા તાલુકાનું મેકરણ દાદાની જગ્યા છે, આખું કચ્છ એમને માને છે, જે તે વખતે ૭૦૦-૮૦૦ વર્ષ પહેલાં એ રણમાં પણ પાણી પીવડાવતા, એની જન્મભૂમિ છે, તેની દરખાસ્ત યાત્રાધામમાં આવી ગઇ છે તો એને યાત્રાધામમાં લેવા માગો છો કે કેમ? અને બીજી મોખાદાદાની જગ્યા, એ બન્નેની દરખાસ્ત આવી ગઇ છે, તો એ બન્નેને યાત્રાધામમાં લેવા માગે છે કે કેમ? શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ જવાબ આપી દીધો છે કે સદસ્યશ્રીએ જે વાત મૂકી છે એમાં આપણે ખાતરીપૂર્વક આગળ વધવાના છીએ.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છુ કે મારા વતન ચોરવાડમાં દરિયા કિનારે હોલીડે કેમ્પ આવેલો છે. બજેટમાં પણ મંજૂર થયેલ છે. ટેન્ડર પ્રક્રિયા ઉપર છે, એ કઇ સ્થિતિમાં હાલમાં છે, કારણ કે અમદાવાદથી હોલી ડે સુધીની સ્પેશ્યલ બસ ચાલતી હતી અને પૂરા વિશ્વમાંથી લોકો ફરવા માટે આવતા હતા, તો એ પ્રક્રિયા હાલ કઇ સ્થિતિમાં છે અને એ કેટલા સમયમાં કરવા માગો છો?

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨માં વડોદરા આર.ટી.ઓ. કચેરીમાં કેટલા વાહનો માટે ઓલ ઈન્ડિયા પરમીટ (AIP) આપવામાં આવી, અને

(૨) તે પેટે કેટલી રકમ ફી અને ટેક્ષ તરીકે વસૂલ કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨માં વડોદરા કચેરીમાં કુલ-૨ વાહનો માટે ઓલ ઈન્ડિયા ટુરીસ્ટ પરમીટ (AITP) આપવામાં આવી.

(૨) તે પેટે કુલ રૂ. ૧૭૦૦/- ફી અને રૂ. ૫૦,૦૦૦/- ટેક્ષ વસુલ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

તા.૨૪મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ ખાતે એરપોર્ટ બનાવવા બાબત**

૪૪૬૬૪ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ ખાતે એરપોર્ટ બનાવવા બાબતે ગુજરાત સરકાર દ્વારા એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સાથે તા.૦૭-૦૧-૨૦૧૯ના રોજ એમઓયુ કરવામાં આવેલ છે. તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને રાજકોટ ખાતે એરપોર્ટ કાર્યાન્વિત કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ એરપોર્ટ્ સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા એરપોર્ટ બાંધકામની પ્રથમ તબક્કાની ૬૨% કામગીરી પૂર્ણ કરેલ છે.

(૩) ઓગસ્ટ-૨૦૨૨ સુધીમાં એરપોર્ટ બનાવવાની પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થવાની શક્યતા છે.

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની જગ્યા**

૪૩૫૮૩ **શ્રી જે. વી. કાકડિયા** (ધારી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩)આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી** |
|---|---|---|
| ૧૧ | ૧૧ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં તાલુકા પંચાયતના નવીન મકાનો**

૪૩૫૮૮ **શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં કેટલી તાલુકા પંચાયતના નવીન મકાનો મંજૂર કરવામાં આવ્યા છે, અને

(૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું છે ?

**જવાબ**

(૧) ૦૧ (એક).

(૨) રૂ.૨,૪૦,૦૦,૦૦૦/-

- - - - - - - - -

**મોડાસા ખાતે એસ.ટી. બસ ડેપો બાંધવાની કામગીરી**

૪૪૬૨૮ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે પીપીપી ધોરણે એસ.ટી. બસ ડેપો બાંધવાની કામગીરી કોને આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત કામગીરી સૂચિત ઝોનમાં જીડીસીઆરની જોગવાઈઓ વિરૂદ્ધ બાંધકામ થાય છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,અને

(૩) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) વ્યાપ્તી ઈન્ફ્રાબિલ્ડ પ્રા.લિ. અને નીલા ઈન્ફ્રાસ્ટ્રકચર લિ.ના જોઈન્ટ વેન્ચર વ્યાપનીલા ટર્મિનલ્સ (મોડાસા) પ્રા.લિ.ને એસ.ટી. બસ ડેપો બાંધવાની કામગીરી આપવામાં આવેલ છે.

(૨) સદર બાબતે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ કચેરી ખાતે કોઈ ફરિયાદ મળવા પામેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વર્ષમાં જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

- - - - - - - - -

**સૂત્રાપાડા ખાતે ફિશરીઝ હાર્બર બનાવવાની કામગીરી**

૪૪૬૮૮ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સૂત્રાપાડા ખાતે ફિશરીઝ હાર્બર બનાવવા માટે પર્યાવરણની મંજૂરી મેળવવાની કાર્યવાહી અને જી.આઇ.ડી.સી. પાસેથી યોજના માટેની જરૂરી જમીન મેળવવાની પ્રક્રિયા પ્રગતિ હેઠળ હતી, તે બાબતે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યારે પર્યાવરણની મંજૂરી અને કેટલી જમીન ક્યારે મળેલ છે, અને

(૨) ઉક્ત જમીન અને મંજૂરી ન મળી હોય તો તે મેળવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પ્રયાસો કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પર્યાવરણની મંજૂરી અને જી.આઇ.ડી.સી. પાસેથી યોજના માટે જરૂરી જમીન મળેલ નથી.

(૨) **૧. યોજના માટે જરૂરી જમીન મેળવવા માટેના પ્રયત્નોઃ**

- તા.૦૪-૧૨-૨૦૨૦ના રોજ મુખ્ય ઇજનેરશ્રી મત્સ્યોદ્યોગ, જી.આઈ.ડી.સી.ના અધિકારી, જી.એચ.સી.એલ.ના અધિકારી અને એજીસ ઈન્ડિયા કન્સલ્ટન્ટ સાથે જોઈન્ટ સાઈટ વિઝિટ કરવામાં આવી.

-તા.૦૫-૦૧-૨૦૨૧ના રોજ જી.આઈ.ડી.સી. અને જી.એચ. સી.એલ.ને પત્ર સાથે લેન્ડ ડિટેઈલ, લેન્ડ કેલ્ક્યુલેશન ડિટેઈલ અને એન્ક્રોચમેન્ટ મેપ રજૂ કરેલ છે.

-તા.૦૮-૦૬-૨૦૨૧ના રોજ મેનેજિંગ ડિરેક્ટરશ્રી, જી.આઈ. ડી.સી., ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ મીટિંગમાં જી.એચ.સી. એલ.ના પ્રતિનિધિ અને મુખ્ય ઇજનેરશ્રી, મત્સ્યોદ્યોગ ઉપસ્થિત રહેલા.

-ફિશરીઝ ડિપાર્ટમેન્ટ તરફથી જી.આઈ.ડી.સી.ને જરૂરી ડૉક્યુમેન્ટ અને ડ્રોઈંગ, બોરહોલ ડિટેઈલ ઈ-મેઈલ દ્વારા રજૂ કરેલ છે.

-તા.૦૬-૦૭-૨૦૨૧, તા.૦૫-૧૦-૨૦૨૧ અને તા.૩૧-૦૮-૨૦૨૧ના રોજ જરૂરી જમીન મેળવવા માટે જી.એચ.સી.એલ. અને જી.એમ.ડી.સી.ને પત્ર પાઠવેલ છે.

**૨.યોજના માટે પર્યાવરણીય મંજૂરી મેળવવા માટેના પ્રયત્નો :**

- પર્યાવરણીય મંજૂરી મેળવવા માટે સી.ટી.ઈ. ચૂકવણી કરી દીધેલ છે. લોક સુનાવણી પૂર્ણ કરેલ છે. મીનીટ્સ ઓફ મીટિંગ જી.પી.સી.બી. દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. મીનીટ્સ ઓફ મીટિંગ SEAC (સ્ટેટ એક્સપર્ટ અપ્રાઈઝલ કમિટી) ને રજૂ કરેલ છે. સી.આર.ઝેડ. કલીઅરન્સ માટે એપ્લીકેશન GCZMA (ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી) ને રજૂ કરેલ છે.

- - - - - - - - -

**ડાંગ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૪૩૫૮૬ **શ્રી વિજયભાઈ પટેલ** (ડાંગ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

તા.૨૪મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૦૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લામાં યોજાયેલ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ, અને

(૧) ૦૨ (બે).

(૨)તે પૈકી મહિલા સમરસ ગ્રામ પંચાયતો કેટલી થઈ?

(૨) ૦૧ (એક).

- - - - - - - - -

**રણ ઉત્સવમાં પ્રવાસીઓ**

૪૪૬૫૨ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રણ ઉત્સવમાં કેટલા પ્રવાસીઓએ ભાગ લીધેલ હતો,

(૧)

| **વર્ષ** | **પ્રવાસીઓની સંખ્યા** |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ | ૨,૦૬,૦૫૬ |
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ | ૨,૯૯,૭૦૬ |

(૨) ઉક્ત પ્રવાસીઓમાં ઉક્ત વર્ષવાર કેટલા વિદેશી પ્રવાસીઓ હતા,

(૨)

| **વર્ષ** | **વિદેશી પ્રવાસીઓની સંખ્યા** |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ | ૪,૯૦૯ |
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ | ૭૬ |

(૩) રણ ઉત્સવમાં ઉક્ત વર્ષવાર તથા સફેદ રણ થકી રાજ્ય સરકારને પ્રવાસીઓની એન્ટ્રીફીથી કેટલી આવક થઈ, અને

(૩)

| **વર્ષ** | **એન્ટ્રીફીની આવક** |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ | રૂ.૧૪૫.૦૫ લાખ |
| તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ | રૂ.૨૧૬.૮૨ લાખ |

(૪) રણ ઉત્સવમાં ઉક્ત વર્ષવાર ક્રાફ્ટ સ્ટોલ, ફૂડસ્ટોલ કેટલા હતા અને કેટલું વેચાણ થયું?

(૪)

| | **વર્ષ-૨૦૨૦** | | **વર્ષ-૨૦૨૧** | |
|---|---|---|---|---|
| | **સંખ્યા** | **વેચાણ** | **સંખ્યા** | **વેચાણ** |
| ક્રાફ્ટ સ્ટોલ | ૧૦૦ | ` ૪૪.૭૮ લાખ | ૧૦૦ | ` ૭૯.૦૦ લાખ |

- - - - - - - - -

**ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પ્રિન્ટિંગ કામ આપવા બાબત**

૪૪૬૩૧ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા પ્રિન્ટિંગના કામો માટે એમ્પેનલ્ડ ન હોય તેવી એજન્સીને કામ આપવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૧) ૧ (એક) ફરિયાદ તા.૧૦-૧૧-૨૦૨૧ના રોજ મળેલ છે.

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે કઈ એજન્સી સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) મળેલ ફરિયાદ અનુસંધાને કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

(૩) ઉક્ત સ્થિતિએ કોઈ કાર્યવાહી કરવામાં ન આવી હોય તો તેના કારણો શા છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) રજૂઆતના મુદ્દાઓ પરત્વે પૂરતી ચકાસણી કરી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.

---------

**અમદાવાદ-માળીયા રસ્તા પર પુલનો વર્ક ઓર્ડર**

૪૪૬૫૫ **નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ-માળીયા ટોલ રસ્તા પર ધ્રાંગધ્રા તાલુકાના હરીપર ગામ પાસે ઓવરબ્રિજનો વર્ક ઓર્ડર કઈ એજન્સીને ક્યારે આપવામાં આવેલ છે,

(૨) એજન્સી દ્વારા કામમાં વિલંબ કરવામાં આવ્યો હોય તો તેની પાસેથી ઉક્ત સ્થિતિએ દંડની કેટલી રકમ વસૂલ કરવામાં આવી, અને

(૩) ઉક્ત ઓવરબ્રિજની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) અમદાવાદ-માળીયા રસ્તાને બી.ઓ.ટી. પદ્ધતિથી ચાર માર્ગીય કરવાની કામગીરી, અમદાવાદ-માળીયા ટોલ વે લિ. સાથે કન્સેશન એગ્રીમેન્ટ કરી, તા.૧૨-૧૦-૨૦૦૯થી સોંપવામાં આવેલ છે. પ્રસ્તુત ઓવરબ્રિજ આ રસ્તાનો એક પ્રભાગ છે. ઓવરબ્રિજના જમીન સંપાદનની પ્રક્રિયા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રદ કરાતા ઓવરબ્રિજનું કામ વિલંબિત થયેલ હતું. રસ્તાની અન્ય કામગીરી પૂર્ણ થતા ઓવરબ્રિજની લંબાઈના સપ્રમાણમાં ટોલ ફીમાં ઘટાડો કરેલ છે અને ઓવરબ્રિજ માટે કન્સેશનર સાથે પૂરક કરાર કરવામાં આવેલ છે. સદરહું રેલવે ઓવરબ્રિજની એક તરફના ટુ લેન બ્રિજનું બાંધકામ તા.૦૨-૦૧-૨૦૧૯ના રોજ પૂર્ણ થયેલ છે. તેના પરથી રસ્તાની બંને તરફનો ટ્રાફિક પસાર થઈ રહેલ છે. જમણી બાજુના ટુ લેન બ્રિજનું કામ બનતી ત્વરાથી પૂર્ણ કરવાનું આયોજન છે. પૂરક કરાર અનુસાર કન્સેશનરે કામગીરી ન કરતા કન્સેશનર સામે આર્બિટ્રેશન કેસમાં દાવો કરેલ છે.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્માર્ટ વિલેજ યોજના**

૪૪૬૭૩ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૬-૦૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૬૯૬૩ (અગ્રતા-૧૧૨)ના અનુસંધાને **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત ગામોની પસંદગીની પ્રક્રિયા ક્યારે પૂર્ણ કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ક્યા ગામોને સ્માર્ટ વિલેજનો દરજ્જો આપવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ સ્માર્ટ વિલેજનો દરજ્જો મેળવનાર ગામવાર ક્યા કામો માટે કેટલી રકમ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગામોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ સ્માર્ટ વિલેજનો દરજ્જો કોઈ ગામને આપવામાં આવેલ નથી.

(૩) ખંડ-૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રતનમહાલને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**

૪૪૭૩૦ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં રતનમહાલ રીંછ અભયારણ્યને પ્રવાસન સ્થળ તરીકે વિક્સાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અન્વયે કેટલી

**જવાબ**

(૧) કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રકમની જોગવાઈ કરવામાં આવી, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર ક્યા કામ માટે રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**કલ્પસર યોજના પાછળ ખર્ચ**

૪૪૭૪૮ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) **: માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કલ્પસર યોજના માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) કલ્પસર યોજનાની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કલ્પસર યોજના માટે કુલ રૂ. ૨૧૬.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

(૨) કલ્પસર યોજનાની કામગીરી પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) બનાવવાના તબક્કે છે.

- - - - - - - - -

**વડોદરા અને નર્મદા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયેલ વાહનો**

૪૪૭૩૩ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) **: માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીમાં કયા પ્રકારના કેટલા વાહનો નોંધાયેલા છે,

**જવાબ**

(૧)

| **આરટીઓ / એઆરટીઓ** | **વાહનના કુલ પ્રકાર** | **નોંધાયેલ વાહનોની કુલ સંખ્યા** |
|---|---|---|
| વડોદરા | ૭૦ | ૧૬,૧૨,૫૯૩ |
| નર્મદા | ૭૦ | ૧,૦૮,૨૯૪ |
| | **કુલ** | **૧૭,૨૦,૮૮૭** |

પત્રક-અ આ સાથે સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કયા પ્રકારના કેટલા વાહનો ૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયેલા છે, અને

(૨)

| **આરટીઓ / એઆરટીઓ** | **વાહનના કુલ પ્રકાર** | **૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયેલ વાહનોની કુલ સંખ્યા** |
|---|---|---|
| વડોદરા | ૭૦ | ૧,૩૫,૪૪૩ |
| નર્મદા | ૭૦ | ૫,૫૧૪ |
| | **કુલ** | **૧,૪૦,૯૫૭** |

પત્રક-અ આ સાથે સામેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયેલા વાહનો સ્ક્રેપ કરવાના છે તે હકીકત સાચી છે કે કેમ ?

(૩) ના.

**પત્રક-અ**

| **ક્રમ** | **વાહનનો પ્રકાર** | **તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા** | | **તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયેલા વાહનોની સંખ્યા** | |
|---|---|---|---|---|---|
| | | **વડોદરા** | **નર્મદા** | **વડોદરા** | **નર્મદા** |
| ૧ | મો-સાયકલ/સ્કૂટર | ૧૦૮૦૧૫૨ | ૬૩૭૩૮ | ૮૨૦૩૯ | ૩૭૧૨ |
| ૨ | મો-સાયકલ/સ્કૂટર-સાઈડ કાર સાથે | ૬૪૬ | ૯ | ૪૮૯ | ૦ |

| ક્રમ | વાહનનો પ્રકાર | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા | | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયેલા વાહનોની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | વડોદરા | નર્મદા | વડોદરા | નર્મદા |
| ૩ | મોપેડ | ૩૫૯૭૦ | ૧૧૪૫ | ૩૨૦ | ૨૭ |
| ૪ | મોટરાઈઝ્ડ સાયકલ (૨૫ સીસી કરતા વધારે) | ૫૭૪૬ | ૨૦૯૫૭ | ૨૩૨ | ૧૨ |
| ૫ | ઈનવેલીડ કેરેજ | ૮૬૫ | ૧૭ | ૩૧ | ૨ |
| ૬ | થ્રી વ્હીલર (વ્યક્તિગત) | ૪૨૬૭૨ | ૦ | ૭ | ૦ |
| ૭ | મોટર કાર | ૨૯૧૧૫૨ | ૧૧૧૪૨ | ૩૪૫૭૨ | ૧૦૧૦ |
| ૮ | ફોર્ક લીફ્ટ | ૮૦૨ | ૨ | ૪૭ | ૦ |
| ૯ | રીંગ ફીટ કરેલા વાહન | ૪૬ | ૩ | ૨૪ | ૧ |
| ૧૦ | જનરેટર ફીટ કરેલા વાહન | ૩૭ | ૦ | ૨૪ | ૦ |
| ૧૧ | કોમ્પ્રેસર ફીટ કરેલા વાહન | ૨૬ | ૩ | ૧૧ | ૧ |
| ૧૨ | ક્રેન માઉન્ટેડ વાહન | ૧૨૭૭ | ૧૨ | ૨૩૬ | ૪ |
| ૧૩ | એગ્રીકલ્ચર ટ્રેક્ટર | ૨૨૨૬૧ | ૫૨૨૦ | ૨૫૮૧ | ૧૬૨ |
| ૧૪ | પાવર ટીલર | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | પ્રાઈવેટ સર્વિસ વ્હીકલ (વ્યક્તિગત ઉપયોગ માટે) | ૧૩ | ૧૦ | ૧ | ૧ |
| ૧૬ | કેમ્પર વાન/ટ્રેઈલર (વ્યક્તિગત ઉપયોગ માટે) | ૮ | ૨ | ૧ | ૨ |
| ૧૭ | ટો ટ્રક | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | બ્રેકડાઉન વાન | ૭ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | રિકવરી વાહન | ૩૭ | ૧ | ૫ | ૧ |
| ૨૦ | ટાવર વેગન | ૬ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | ટ્રી ટ્રીમીંગ વાહન | ૧૯ | ૦ | ૩ | ૦ |
| ૨૨ | કન્સટ્રક્શન ઈક્વીપમેન્ટ વ્હીકલ | ૧૬૧૬ | ૧૫૪ | ૧૪૪ | ૪ |
| ૨૩ | ઓમ્ની બસ (વ્યક્તિગત ઉપયોગ માટે) | ૪ | ૨ | ૧ | ૦ |
| ૨૪ | રોડ રોલર | ૫ | ૦ | ૧ | ૦ |
| ૨૫ | એક્સ્કેવેટર (નોન ટ્રાન્સપોર્ટ) | ૯૪ | ૩ | ૧૨ | ૦ |
| ૨૬ | બુલડોઝર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | હાર્વેસ્ટર | ૨૧ | ૦ | ૧ | |
| ૨૮ | ટ્રેલર (એગ્રીકલ્ચર) | ૨૨૦૩ | ૪૨૨ | ૫૭૨ | ૬૪ |
| ૨૯ | અર્થ મુવીંગ ઈક્વીપમેન્ટ | ૯૫ | ૩ | ૪ | ૦ |
| ૩૦ | ટ્રેલર (વ્યક્તિગત ઉપયોગ માટે) | ૦ | ૩ | ૦ | ૦ |
| ૩૧ | કવાડીસાયકલ (વ્યક્તિગત ઉપયોગ માટે) | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | મોટર સાયકલ/સ્કુટર-સાઈડ કાર (ટ્રાન્સપોર્ટ) | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | મોટર સાયકલ/સ્કુટર-ટ્રેલર સાથે | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૪ | મોટર સાયકલ/સ્કુટર-ભાડા વપરાશ માટે | ૬ | ૦ | ૦ | ૦ |
| ૩૫ | ઈ-કાર્ટ (ગુડ્ઝ) | ૧૦૮ | ૧ | ૦ | ૦ |
| ૩૬ | ઈ-રીક્ષા | ૩૨ | ૧૨ | ૧ | ૦ |
| ૩૭ | લક્ઝરી કેબ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૮ | થ્રી વ્હીલર (પેસેન્જર) | ૪૨૬૭૨ | ૧૩૩૨ | ૧૨૩૪ | ૪૮ |
| ૩૯ | થ્રી વ્હીલર (ગુડ્ઝ) | ૧૩૦૨૯ | ૧૭૩ | ૯૦૨ | ૧૭ |

તા.૨૪મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | વાહનનો પ્રકાર | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા | | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી નોંધાયેલા વાહનોની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | **વડોદરા** | **નર્મદા** | **વડોદરા** | **નર્મદા** |
| ૪૦ | ગુડ્ઝ કેરીયર | ૫૩૨૪૨ | ૨૯૯૩ | ૯૬૮૦ | ૩૫૯ |
| ૪૧ | પાવર ટીલર (કોમર્શિયલ) | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૨ | ટ્રેક્ટર (કોમર્શિયલ) | ૧૭૯૫ | ૧૧૪ | ૧૩૬ | ૮ |
| ૪૩ | મોબાઈલ ક્લિનીક | ૧૭ | ૨ | ૫ | ૧ |
| ૪૪ | એક્સ-રે વાન | ૦ | ૧ | ૦ | ૦ |
| ૪૫ | લાઈબ્રેરી વાન | ૫ | ૦ | ૨ | ૦ |
| ૪૬ | મોબાઈલ વર્કશોપ | ૫ | ૦ | ૧ | ૦ |
| ૪૭ | મોબાઈલ કેન્ટીન | ૧૧ | ૩ | ૨ | ૩ |
| ૪૮ | પ્રાઈવેટ સર્વિસ વ્હીકલ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૪૯ | મેક્સી કેબ | ૨૯૧૯ | ૪૪૮ | ૨૪૦ | ૪૪ |
| ૫૦ | મોટર કેબ | ૪૩૮૭ | ૧૬૮ | ૨૭૩ | ૪ |
| ૫૧ | બસ | ૩૦૭૧ | ૧૧૪ | ૪૦૮ | ૧૫ |
| ૫૨ | શૈક્ષણિક સંસ્થાની બસ | ૨૫ | ૧ | ૦ | ૦ |
| ૫૩ | એમ્બ્યુલન્સ | ૮૩૦ | ૫૯ | ૯૮ | ૫ |
| ૫૪ | એનિમલ એમ્બ્યુલન્સ | ૧૧ | ૦ | ૧ | ૦ |
| ૫૫ | કેમ્પર વાન/ટ્રેઈલર | ૩ | ૦ | ૧ | ૦ |
| ૫૬ | કેશ વાન | ૪૮ | ૦ | ૧ | ૦ |
| ૫૭ | ફાયર ટેન્ડર | ૨૫ | ૧ | ૧ | ૦ |
| ૫૮ | સ્નોર્ક લેડર | ૨ | ૦ | ૧ | ૦ |
| ૫૯ | ઓક્ઝીલરી ટ્રેલર | ૦ | ૨ | ૦ | ૦ |
| ૬૦ | ફાયર ફાઈટીંગ વ્હીકલ | ૯૯ | ૨ | ૫૦ | ૧ |
| ૬૧ | એગ્રીકલ્ચર વ્હીકલ | ૨૨૦૩ | ૦ | ૫૭૨ | ૦ |
| ૬૨ | શબવાહીની | ૧૦ | ૦ | ૧ | ૦ |
| ૬૩ | ઓમ્ની બસ | ૪૮૧ | ૦ | ૬૬ | ૦ |
| ૬૪ | ડમ્પર | ૨૨૪ | ૪ | ૫૦ | ૦ |
| ૬૫ | એક્સકેવેટર (કોમર્શિયલ) | ૭૫૯ | ૧૩ | ૧૦૨ | ૨ |
| ૬૬ | ટ્રેલર (કોમર્શિયલ) | ૭૮૩ | ૦ | ૨૫૫ | ૩ |
| ૬૭ | ટ્રેક્ટર-ટ્રોલી (કોમર્શિયલ) | ૬ | ૨ | ૦ | ૧ |
| ૬૮ | સેમી-ટ્રેઈલર (કોમર્શિયલ) | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬૯ | કન્સટ્રક્શન ઈક્વીપમેન્ટ વ્હીકલ (કોમર્શિયલ) | ૪ | ૦ | ૨ | ૦ |
| ૭૦ | ક્વાડ્રીસાયકલ (કોમર્શિયલ) | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૬૧૨૫૯૩** | **૧૦૮૨૯૪** | **૧૩૫૪૪૩** | **૫૫૧૪** |

---------

**ગીરનાર ડેવલોપમેન્ટ ઑથોરિટીની રચના**

૪૪૬૭૬ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૩૦-૦૫-૨૦૧૮ના ઠરાવથી ગીરનાર યાત્રાધામ વિકાસ મંડળની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત ઑથોરિટીએ કયા પ્રકારની કામગીરી હાથ ધરી,

(૨) ઉક્ત મંડળ દ્વારા ગીરનારના સર્વાંગી વિકાસ અંગે સમયાંતરે બેઠકો યોજી નિર્ણયો લઈ દરખાસ્ત તૈયાર કરવા અંગેની કામગીરી કરવામાં આવેલ.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઑથોરિટીએ ગીરનાર વિકાસની દરખાસ્ત સરકારશ્રી સમક્ષ રજૂ કરેલ છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો હા, તો ઉક્ત દરખાસ્ત સરકારને ક્યારે મળી અને મળેલ દરખાસ્ત અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૪)
(૧) ગીરનાર પર્વત ઉપરના અંબાજી ટુંક ખાતે જાહેર સલામતી અને ન્યૂનતમ પાયાની સગવડો માટે બાંધકામ બાબતે રૂ.૩.૮૦ કરોડની અંદાજિત રકમની કામગીરી કરવાની વિગતવાર વહીવટી મંજૂરી મેળવવાની દરખાસ્ત તા.૦૧-૦૭-૨૦૧૯ના રોજ સરકારને મળી, જે અન્વયે સરકારશ્રીએ તેમના તા.૧૭-૦૯-૨૦૧૯ના ઠરાવથી મંજૂર કરેલ. જે કામગીરી ડિસેમ્બર-૨૦૨૦માં પૂર્ણ કરવામાં આવી.
(૨) ગીરનારના પગથિયાના નવીનીકરણ અને વિસ્તૃતીકરણના તથા પાયાની સુવિધાઓ પૂરી પાડવાના કામો અંગેની દરખાસ્ત સરકારશ્રીને તા.૩૦-૦૬-૨૦૨૧ના રોજ મળી જે દરખાસ્ત વિચારણા હેઠળ છે.

---------

**ભાવનગર જિલ્લામાં રસ્તાને રિસર્ફેસિંગ**

૪૩૮૦૧ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં રામપર – પીપળી – વાવડી – હળીયાદ - નવાગામ-લોલીયાણા રસ્તાને રિસર્ફેસિંગ કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૩૨૪.૭૬ લાખ. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

---------

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં આગ**

૪૪૬૪૩ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં આવેલ કયા કયા ઔદ્યોગિક એકમો કે એકમોના યુનિટમાં આગની કેટલી ઘટનાઓ બની, | (૧) પરિશિષ્ટ-૧ અને ૨ મુજબ. |
| (૨) ઉક્ત આગની ઘટનાઓમાં કેટલા કામદારોના મૃત્યુ નિપજ્યા અને કેટલા કામદારો ઘવાયા, | (૨) ૧૮ કામદારોના મૃત્યુ નિપજ્યા<br>૦૯ કામદારો ઘવાયા. |
| (૩) ઉક્ત આગ લાગવાના કારણો શા હતા, અને | (૩) શોર્ટ સર્કીટ, અચાનક સ્પાર્ક, સ્ટેટીક ચાર્જ, હોટ ઓઈલ સ્પ્લેસીંગ વગેરે. |

તા.૨૪મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(૪) ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

(૪) કુલ ૩૩ કારખાનાઓ પૈકી ૧૦ જવાબદારો સામે કારખાના ધારા-૧૯૪૮ તથા ગુજરાત કારખાનાના નિયમો-૧૯૬૩ના નિયમ હેઠળ ફોજદારી કેસો કરવામાં આવેલ છે. તેમજ ૨૨ કારખાનામાં કારખાના ધારા-૧૯૪૮ની કલમ-૪૦(૨) હેઠળ પ્રતિબંધાત્મક હુકમ પાઠવેલ.

**પરિશિષ્ટ-૧**

| **અમદાવાદ શહેર/જિલ્લો સમયગાળોઃ તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | | |
|---|---|---|
| **ક્રમ** | **કારખાનાનું નામ અને સરનામું** | **આગની ઘટના** |
| ૧ | નંદન ડેનીમ લિમિટેડ, સર્વે નં. ૧૯૮/૧, સૈજપુર ગોપાલપુર, પીરાણા રોડ, પીપલજ, અમદાવાદ | ૦૧ |
| ૨ | જીંદાલ ડેનીમ INC, ચીકુવાડી, નારોલ | ૦૧ |
| ૩ | યુનિ ચાર્મ ઈન્ડિયા પ્રા. લિ. પ્લોટ નં. ૧૦૪૧ & ૧૦૪૫ & ૧૦૫૩-૧૦૫૪, જીઆઈડીસી, સાણંદ-૨, અમદાવાદ | ૦૧ |
| ૪ | આર્મેડ ફોર્મુલશન પ્રા. લિ., સર્વે નં. ૪૩૧/૨, સ્ટીલ ટાઉન મોરૈયા, અમદાવાદ | ૦૧ |
| ૫ | લોટસ લેબલ ઈન્ડ, એલ-૧૮, ઓઢવ, અમદાવાદ | ૦૧ |
| ૬ | મુરાટા ઇમ્પોર્ટ એક્સ્પોર્ટ એલએલપી. સ.નં. ૫૭૩/૨ & ૫૭૩/૩૧, ધોળકા રોડ, અમદાવાદ. | ૦૧ |
| ૭ | સ્કાય ઈન્ક, શેડ નં. ૧૪,૧૫, સફલ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, કઠવાડા જી.આઈ.ડી.સી. અમદાવાદ. | ૦૧ |
| ૮ | ગોપી સીન્થેટીક્સ પ્રા. લિ. નારોલ, અમદાવાદ | ૦૧ |
| ૯ | નાકોડા મેટાલીક્સ, પ્લોટ નં. ૨૩૦૩/બી, ફેઝ-૪, વટવા જી.આઈ.ડી.સી. અમદાવાદ | ૦૧ |
| ૧૦ | ગાયત્રી ડાયઝ & કેમિકલ્સ, પ્લોટ નં. સી/૧૭૧, ફેઝ-૨, વટવા જી.આઈ.ડી.સી. અમદાવાદ | ૦૧ |
| ૧૧ | માતંગી ઈન્ડસ્ટ્રીઝ એલએલપી યુનિટ-૨, પ્લોટ નં. સી/૫૬૦૫ થી ૫૬૧૪, ફેઝ-૨, વટવા, જી.આઈ.ડી.સી. અમદાવાદ | ૦૧ |
| | **કુલ** | **૧૧** |
| **અમદાવાદ શહેર/જિલ્લો સમયગાળોઃ તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** | | |
| **ક્રમ** | **કારખાનાનું નામ અને સરનામું** | **આગની ઘટના** |
| ૧ | કેડીલા હેલ્થકેર લિ., સ.નં.-૪૦/પી, ૨૩, ૨૫ પૈકી ૪૨ અને ૩૭, ચાંગોદર, તા. સાણંદ, જિ. અમદાવાદ | ૦૧ |
| ૨ | વાસા ફામકિમ પ્રા. લિ. ૧૧, જી.આઈ.ડી.સી એસ્ટેટ, બહેરામપૂરા, અમદાવાદ | ૦૧ |
| ૩ | નંદન ડેનીમ લિમિટેડ, સર્વે નં. ૧૯૮/૧, સૈજપુર ગોપાલપુર, પીરાણા રોડ, પીપલજ, અમદાવાદ | ૦૧ |
| ૪ | બાલક્રિષ્ના ટેક્ષટાઈલ્સ પ્રા. લિ. (યુ-૨), નારોલ-સરખેજ હાઈવે, શાહવાડી, અમદાવાદ | ૦૧ |
| ૫ | પનારા લેમિનેટ પ્રા. લિ., સ. નં. ૩૨૨/પી, ગામ-ચિયાડા, તા. બાવળા, અમદાવાદ | ૦૧ |
| ૬ | ઈન્ક ઓન, નરોડા રોડ, અમદાવાદ | ૦૧ |
| ૭ | જયવીર ડાય કેમ. નરોડા, અમદાવાદ | ૦૧ |
| ૮ | પલક કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ, સી/૩, ફેઝ-૨, નરોડા, અમદાવાદ | ૦૧ |

| | | |
|---|---|---|
| ૯ | કે.એન પટેલ એન્ડ કંપની, દહેગામ રોડ. નરોડા, અમદાવાદ | ૦૧ |
| ૧૦ | અલ્ટ્રા એરટેક પ્રા. લિ., પ્લોટ નં-૨૨૦૫, ફેઝ-૪, વટવા જી.આઈ.ડી.સી. અમદાવાદ | ૦૧ |
| ૧૧ | કુનાલ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ, પ્લોટ નં-સી-૧-૨૬૮/૨, ફેઝ-૨, વટવા, જી.આઈ.ડી.સી. અમદાવાદ | ૦૧ |
| ૧૨ | મરૂધર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (યુનિટ-૨), પ્લોટ નં-૭૧૧, ફેઝ-૪, વટવા, જી.આઈ.ડી.સી. અમદાવાદ | ૦૧ |
| ૧૩ | કર્મા કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ, પ્લોટ નં-૬૭/૬, ફેઝ-૧, વટવા જી.આઈ.ડી.સી. અમદાવાદ | ૦૧ |
| ૧૪ | બ્લુ આર્ક ઈન્ડસ્ટ્રીઝ પ્લોટ નં-૧૨૩, ફેઝ-૨, વટવા જી.આઈ.ડી.સી. અમદાવાદ | ૦૧ |
| | **કુલ** | **૧૪** |

**પરિશિષ્ટ-૨**

| **ગાંધીનગર શહેર/જિલ્લો સમયગાળોઃ તાઃ૦૧-૦૧-૨૦૨૦ થી તાઃ૩૧-૧૨-૨૦૨૦** | | |
|---|---|---|
| **ક્રમ** | **કારખાનાનું નામ અને સરનામું** | **આગની ઘટના** |
| ૧ | અમૂલ ફેડ ડેરી, પ્લોટ નં.-૩૫, ઈન્દિરા બ્રિજ નજીક ગામ-ભાટ જિ. ગાંધીનગર | ૦૧ |
| ૨ | પ્રાસ પેક ઈન્ડિયા પ્રા. લિ, પ્લોટ નં-૩૨, સાંતેજ-વડસર રોડ તા.કલોલ જિ. ગાંધીનગર | ૦૧ |
| ૩ | બ્રીચકેમ સાયન્સ પ્રા. લિ. પ્લોટ નં-૧૪૦, જી.આઈ.ડી.સી, કલોલ જિ. ગાંધીનગર | ૦૧ |
| | **કુલ** | **૦૩** |
| **ગાંધીનગર શહેર/જિલ્લો સમયગાળોઃ તાઃ૦૧-૦૧-૨૦૨૧ થી તાઃ૩૧-૧૨-૨૦૨૧** | | |
| **ક્રમ** | **કારખાનાનું નામ અને સરનામું** | **આગની ઘટના** |
| ૧ | બ્રીક્સ સર્જીકલ્સ કોટન લિ. પ્લોટ નં-૬૨, ૬૩/૧, જી.આઈ.ડી.સી, કલોલ, જિ. ગાંધીનગર | ૦૧ |
| ૨ | સિધ્ધી એગ્રો કેમિકલ્સ શેડ નં-સી-૧/૩૮, જી.આઈ.ડી.સી., એસ્ટેટ, કલોલ, જિ.ગાંધીનગર | ૦૧ |
| ૩ | રૂદ્ર કૉટેક્ષ પ્રા. લિ., સર્વે નં-૮૦૮, ૮૩૬ થી ૮૪૩, ગામ-કડજોદરા, તા-દહેગામ, જિ-ગાંધીનગર | ૦૧ |
| ૪ | સ્વિસફ્રમ ઈન્ડસ્ટ્રીઝ, પ્લોટ નં-૮૦૬,૮૨૨, ૮૨૩, ફેઝ-૨, જી.આઈ.ડી.સી., છત્રાલ, તાઃ કલોલ, જિ.ગાંધીનગર | ૦૧ |
| ૫ | વિશાલ કન્ટેનર્સ લિ., પ્લોટ નં-૯૧૯, જી.આઈ.ડી.સી., છત્રાલ, તા.કલોલ, જિ. ગાંધીનગર | ૦૧ |
| | **કુલ** | **૦૫** |

---------

**અનુસૂચિત જનજાતિના માછીમારો માટે જોગવાઈ**

૪૩૫૬૮ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય મત્સ્યોધોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જનજાતિના માછીમારો માટે વર્ષ ૨૦૧૮-૧૯ તથા ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી જોગવાઈ કરવામાં આવેલ હતી, અને

(૨) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અનુસૂચિત જનજાતિના માછીમારો માટે વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ.૧૦૨૦.૦૦ લાખ અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦૩૧.૩૭ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી.

(૨) વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ.૯૮૫.૭૧ લાખ ખર્ચ અને વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૮૧૭.૫૮ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

---------

તા.૨૪મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં ભાંભરા પાણીમાં મત્સ્યોદ્યોગનો વિકાસ**

૪૩૫૭૦ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ભાંભરા પાણીમાં મત્સ્યોદ્યોગના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) પત્રક-''અ'' મુજબ. |
| (૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) પત્રક-''બ'' મુજબ. |

**પત્રક-''અ''**

**રાજ્યમાં ભાંભરા પાણીમાં મત્સ્યોદ્યોગનો વિકાસ યોજના હેઠળ આપવામાં આવતી સહાય**

| ક્રમ | યોજના અંતર્ગત ઘટકના નામ | સહાયનું ધોરણ |
|---|---|---|
| ૧ | એરેટરની ખરીદી પર સહાય | યુનિટની કોસ્ટ રૂ. ૫૦,૦૦૦/-, યુનિટ કોસ્ટના ૫૦% અથવા રૂ.૨૫૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે રકમ |
| ૨ | નવા શ્રીમ્પ ફાર્મ બાંધકામ માટે સહાય | લાભાર્થીદીઠ ૫ હેક્ટર સુધીના ફાર્મ બાંધકામ માટે પ્રતિ હેક્ટર વધુમાં વધુ રૂ. ૬૦,૦૦૦/- અને મહત્તમ રૂપિયા ૩.૦૦ લાખની ખર્ચ મર્યાદામાં લાભાર્થીદીઠ સહાય મળવાપાત્ર. |
| ૩ | ફાર્મ સુધારણા (રીનોવેશન) માટે સહાય | લાભાર્થીદીઠ ૫ હેક્ટર સુધીના ફાર્મ બાંધકામ માટે પ્રતિ હેક્ટર વધુમાં વધુ રૂ. ૨૦,૦૦૦/- અને મહત્તમ રૂપિયા ૧.૦૦ લાખની ખર્ચ મર્યાદામાં લાભાર્થીદીઠ સહાય મળવાપાત્ર. |
| ૪ | બર્ડ ફેન્સીંગ અને ડોગ ફેન્સીંગ માટે સહાય | ૧. બર્ડ ફેન્સીંગ યુનિટ કોસ્ટ રૂ.૧૦,૦૦૦ પ્રતિ હેક્ટરે ૫૦% લેખે રૂ. ૫૦૦૦/- મહત્તમ ૫ હેક્ટર સુધી સહાય. |
| | | ૨. ડોગ ફેન્સીંગ યુનિટ કોસ્ટ રૂ.૨૫,૦૦૦ પ્રતિ હેક્ટરે ૫૦% લેખે રૂ. ૧૨,૫૦૦/- મહત્તમ ૫ હેક્ટર સુધી સહાય. |
| ૫ | ઝીંગા બીજ તથા ખોરાકની ખરીદી પર સહાય | યુનિટ કોસ્ટ પ્રતિ હેક્ટર રૂ. ૩.૦૦ લાખ યુનિટ કોસ્ટના ૫૦% અથવા થયેલ ખર્ચના ૫૦% રકમ પૈકી બે માંથી જે ઓછું હોય તે રકમ |
| ૬ | શ્રીમ્પ સીડ હેચરીની સ્થાપના ઉપર સહાય | યુનિટની કોસ્ટ રૂ. ૪૦૦.૦૦ લાખના ૫૦% અથવા ખરેખર થયેલ ખર્ચ બન્નેમાંથી જે ઓછું હોય તે રકમ |
| ૭ | ઈટીએસ બાંધકામ પર સહાય | યુનિટની કોસ્ટ રૂ. ૧૧.૦૦ લાખના ૫૦% અથવા ખરેખર થયેલ ખર્ચ બન્નેમાંથી જે ઓછું હોય તે રકમ |

**પત્રક-''બ''**

**તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૯૩ લાભાર્થીઓને કુલ રૂ. ૧૧૪.૨૧ લાખ સહાય નીચેની વિગતે ચૂકવવામાં આવેલ છે**

| રાજ્યમાં ભાંભરા પાણીમાં મત્સ્યોદ્યોગનો વિકાસ યોજના હેઠળ ઘટકનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | |
|---|---|---|---|---|
| | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય (લાખમાં) | લાભાર્થીની સંખ્યા | ચૂકવેલ સહાય (લાખમાં) |
| એરેટરની ખરીદી પર સહાય | ૨૩ | ૧૨.૭૬ | ૨૦ | ૧૧.૭૧૫ |
| નવા શ્રીમ્પ ફાર્મ બાંધકામ માટે સહાય | ૪ | ૩.૪૮ | ૦૦ | ૦૦ |
| ફાર્મ સુધારણા (રીનોવેશન) માટે સહાય | ૭ | ૩.૬૬ | ૯ | ૫.૧૬ |
| બર્ડ ફેન્સીંગ અને ડોગ ફેન્સીંગ માટે સહાય | ૭ | ૩.૩ | ૫ | ૨.૫ |
| ઝીંગા બીજ તથા ખોરાકની ખરીદી પર સહાય | ૦૦ | ૦૦ | ૧૮ | ૭૧.૬૩૮ |

| | | | | |
|---|---|---|---|---|
| શ્રીમ્પ સીડ હેચરીની સ્થાપના ઉપર સહાય | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ઈટીએસ બાંધકામ પર સહાય | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૪૧** | **૨૩.૨૦** | **૫૨** | **૯૧.૦૧** |

---------

**રાજ્યમાં પ્રવાસન અંગેની જાહેરાતો પાછળ ખર્ચ**

૪૪૬૧૩ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) **: માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પ્રવાસન અંગેની જાહેરાતો અને કાર્યક્રમો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

| **વર્ષ** | **થયલે ખર્ચ** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ` ૨૩૯૯.૩૯ લાખ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ` ૨૧૨૦.૨૬ લાખ |

---------

**પંચમહાલ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે અરજીઓ**

૪૩૬૦૫ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) **: માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી,

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી** | **તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૫૬૬ | ૨૭૫ | ૮૪૧ |
| ૨ | કાલોલ | ૨૭૬ | ૧૪૫ | ૪૨૧ |
| ૩ | હાલોલ | ૨૮૬ | ૧૨૬ | ૪૧૨ |
| ૪ | ઘોઘંબા | ૨૫૫ | ૧૮૦ | ૪૩૫ |
| ૫ | શહેરા | ૩૨૩ | ૯૮ | ૪૨૧ |
| ૬ | મોરવા (હ.) | ૨૮૬ | ૧૧૧ | ૩૯૭ |
| ૭ | જાંબુઘોડા | ૮૭ | ૨૭ | ૧૧૪ |
| | **કુલ** | **૨૦૭૯** | **૯૬૨** | **૩૦૪૧** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી** | **તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | ગોધરા | ૨૮૩ | ૨૨૩ | ૫૦૬ |
| ૨ | કાલોલ | ૧૪૨ | ૧૧૦ | ૨૫૨ |
| ૩ | હાલોલ | ૧૫૫ | ૯૮ | ૨૫૩ |
| ૪ | ઘોઘંબા | ૧૪૪ | ૧૨૮ | ૨૭૨ |
| ૫ | શહેરા | ૧૭૨ | ૭૨ | ૨૪૪ |
| ૬ | મોરવા (હ.) | ૧૨૭ | ૭૨ | ૧૯૯ |
| ૭ | જાંબુઘોડા | ૩૬ | ૨૩ | ૫૯ |
| | **કુલ** | **૧૦૫૯** | **૭૨૬** | **૧૭૮૫** |

(૩) તે અન્વયે કયા કયા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

(૩) જોડાણ-૧ સામેલ રાખેલ છે.

| જોડાણ-૧ | |
|---|---|
| ૧ | કડીયાકામ |
| ૨ | સેન્ટીંગ કામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રિપેરિંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |
| ૧૧ | ઇલેક્ટ્રિક એપ્લાર્યન્સીસ રિપેરિંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી / વેલ્ડિંગ કામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સૂપડા બનાવનાર |
| ૧૬ | દૂધ-દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણા બનાવટ |
| ૨૦ | ગરમ / ઠંડા પીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફ્લોરમીલ |
| ૨૩ | મસાલામીલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઇલ રિપેરિંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશ બનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટીંગ (વાળંદકામ) |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં રૂર્બન યોજના અંતર્ગતની ગટર યોજના**

૪૫૩૭૫ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં માતર, ખેડા, વસો તાલુકામાં રૂર્બન યોજના અંતર્ગતની ગટર યોજનામાં કેટલા ગામો-પરાંઓને આવરી લેવાયા, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂર્બન યોજના અંતર્ગત ગટરના કોઈ કામ હાથ ધરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનામાં કેટલો ખર્ચ કરાયો, અને | (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનામાં કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| (૩) આ કામોમાં કેવા પ્રકારની ગેરરીતિ અંગે કેટલી ફરિયાદો મળી ? | (૩) ઉક્ત ગામોમાં રૂર્બન યોજના અંતર્ગત ગટર યોજનાની ગેરરીતિની કોઈ ફરિયાદ મળેલ નથી. |

ચૈત્ર ૩, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાણઘાતક અકસ્માત**

૪૩૫૯૭ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા, આ અકસ્માતોમાં કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા, | (૧) શૂન્ય. |
| (૨) સદરહું પ્રાણઘાતક અકસ્માતોમાં સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં રેલ્વે ફાટક પહોળું કરવા તથા પુલ ઉંચો કરવા બાબત**

૪૫૦૪૦ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના ગડુ ગામે રેલ્વે ફાટક પહોળું કરવા તથા કામનાથ મંદિર પાસે નોળી નદી પર આવેલ પુલ ઉંચો કરવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, | (૧) ગડુ ગામે રેલ્વે ફાટક પહોળો કરવા તથા કામનાથ મંદિર પાસે નોળી નદી પર આવેલ પુલ ઉંચો કરવા માટે હાલ કોઈ આયોજન નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કામો માટે વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩)ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લાની કંપનીમાં આગની ઘટના**

૪૪૭૨૭ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં દહેજ ખાતે આવેલ મેઘમણી ઓર્ગેનિક કંપનીના યુનિટમાં આગની ઘટના માર્ચ-૨૦૧૯માં બનેલ તે સાયપર મેપ્થીન પ્લાન્ટને મનાઇ હુકમ આપી બંધ રાખવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત પ્લાન્ટને તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા સમય માટે બંધ રાખવામાં આવેલ, | (૨) ૧૦ મહિના અને ૨૫ દિવસ. |
| (૩) ઉક્ત પ્લાન્ટ ઉક્ત સ્થિતિએ કાર્યરત છે કે બંધ, અને | (૩) હાલની સ્થિતિએ કાર્યરત છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્લાન્ટને કઇ શરતોને આધીન કાર્યરત કરવાની મંજૂરી ક્યારે આપવામાં આવી ? | (૪) સૂચનોનું પાલન કર્યા બાદ તા.૨૦-૦૨-૨૦૨૦ના હુકમથી બિન શરતી કાર્યરત કરવાની મંજૂરી આપવામાં આવી. |

- - - - - - - - -

**રાજ્યમાં સી-પ્લેનની સેવા**

૪૪૬૪૬ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

તા.૨૪મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા સ્થળે સી-પ્લેન સેવા શરૂ કરવાની ક્યારે ક્યારે જાહેરાત કરવામાં આવેલ,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નાગરિક ઉડ્ડયન મંત્રાલય, ભારત સરકાર દ્વારા ઓક્ટોબર-૨૦૧૮માં રાજ્યમાં અમદાવાદ (સાબરમતી), કેવડીયા (નર્મદા), શેત્રુંજય (પાલીતાણા) અને ધરોઈ ડેમ ખાતે સી-પ્લેન સેવા શરૂ કરવા જાહેરાત કરવામાં આવેલ.

(૨) ઉક્ત સ્થિતિએ ક્યા રૂટ કાર્યરત છે અને ક્યા રૂટ ક્યા કારણોસર બંધ છે,

(૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ (સાબરમતી) થી કેવડીયા (નર્મદા) કાર્યરત રૂટ એર લાઈન ઓપરેટર દ્વારા તા.૧૦-૦૪-૨૦૨૧થી બંધ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત કાર્યરત રૂટ માટે ભાડાના કેટલા દર નક્કી કરવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત રૂટ માટે એર લાઈન ઓપરેટર દ્વારા રૂ.૧૫૦૦ થી રૂ.૪૫૦૦ સુધીના ભાડાના દર નક્કી કરવામાં આવેલ હતા.

(૪) ઉક્ત બંધ રૂટ ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

(૪) સેવા પુનઃ કાર્યરત કરવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે, જે કામગીરી પ્રગતિ હેઠળ છે.

---------

**અમરેલી જિલ્લામાં રસ્તા મંજૂર કરી જોબ નંબર ફાળવવા બાબત**

૪૫૧૬૭ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા નોન-પ્લાન અને કેટલા પ્લાન રસ્તા મંજૂર કરી જોબ નંબર ફાળવવામાં આવ્યા,

(૧)

| વર્ષ ૧/૧/૨૦૨૦ થી ૩૧/૧૨/૨૦૨૦ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકા | મંજૂર થયેલ રસ્તાની સંખ્યા | | |
| | | નોન-પ્લાન | પ્લાન | કુલ |
| ૧ | લાઠી | ૧ | ૧ | ૨ |
| ૨ | લીલીયા | ૫ | ૪ | ૯ |
| ૩ | અમરેલી | ૪ | ૨ | ૬ |
| ૪ | ધારી | ૧૩ | ૯ | ૨૨ |
| ૫ | ખાંભા | ૪ | ૬ | ૧૦ |
| ૬ | સાવરકુંડલા | ૬ | ૧૪ | ૨૦ |
| ૭ | કુંકાવાવ | ૧ | ૧૩ | ૧૪ |
| ૮ | બાબરા | ૦ | ૦ | ૦ |
| ૯ | બગસરા | ૫ | ૧ | ૬ |
| ૧૦ | રાજુલા | ૯ | ૧૧ | ૨૦ |
| ૧૧ | જાફરાબાદ | ૩ | ૪ | ૭ |
| | કુલ | ૫૧ | ૬૫ | ૧૧૬ |

| વર્ષ ૧/૧/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૧ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકા | મંજૂર થયેલ રસ્તાની સંખ્યા | | |
| | | નોન-પ્લાન | પ્લાન | કુલ |
| ૧ | લાઠી | ૦ | ૧૧ | ૧૧ |
| ૨ | લીલીયા | ૨ | ૮ | ૧૦ |
| ૩ | અમરેલી | ૧૨ | ૧૯ | ૩૧ |
| ૪ | ધારી | ૧૮ | ૧૪ | ૩૨ |
| ૫ | ખાંભા | ૯ | ૧૭ | ૨૬ |
| ૬ | સાવરકુંડલા | ૬ | ૨૧ | ૨૭ |
| ૭ | કુંકાવાવ | ૭ | ૪ | ૧૧ |
| ૮ | બાબરા | ૮ | ૮ | ૧૬ |
| ૯ | બગસરા | ૯ | ૭ | ૧૬ |
| ૧૦ | રાજુલા | ૪ | ૬ | ૧૦ |
| ૧૧ | જાફરાબાદ | ૧૫ | ૬ | ૨૧ |

(૨) તે પૈકી તાલુકાવાર ક્યા પ્રકારના ક્યા રસ્તાના કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) વર્ષ ૨૦૨૦ *પરિશિષ્ટ-૧ મુજબ.

| | |
|---|---|
| (૩) ઉક્ત રસ્તાના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | વર્ષ ૨૦૨૧ *પરિશિષ્ટ-૨ મુજબ.<br>(૩) બનતી ત્વરાએ. |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સુરેન્દ્રનગર જિલ્લાના સ્થળોને ઈકો ટુરીઝમ સાઈટ તરીકે વિકસાવવા બાબત**

૪૪૬૫૮ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં થાનગઢ તાલુકાના તરણેતર, ઝરીયા મહાદેવ, માંડવવન અને સુરજદેવળ સ્થળોને ઈકો ટુરીઝમ સાઈટ તરીકે વિકસાવવા કેટલી રજૂઆત/માંગણીઓ મળી, અને | (૧) કોઈ રજૂઆત/માંગણીઓ મળેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલ રજૂઆત/માંગણીઓ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગાંધીનગર જિલ્લામાં રસ્તાની કામગીરી અંગે ફરિયાદો**

૪૪૬૩૪ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર-ઉત્તર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩/૦૩/૨૦૨૧ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૯૭૬(અગ્રતા-૩૨૮)ના અનુસંધાને **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં (૧) કોલવડાથી ધમાસણા રોડ (૨) શેરીસાથી સબાસપુર રોડ અને (૩) જેઠલજથી નાસ્મેદ રોડની કામગીરીમાં હલકી ગુણવત્તાનો માલસામાન વપરાયા અંગેની ફરિયાદો અન્વયે પ્રાથમિક તપાસની કાર્યવાહી હેઠળ હતી તે કાર્યવાહી કોને સોંપવામાં આવેલ, | (૧) અધીક્ષક ઈજનેર, પંચાયત (મા.મ.) વર્તુળ, ગાંધીનગરને સોંપવામાં આવેલ છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તપાસ અહેવાલ સરકારને મળેલ છે કે કેમ, | (૨) ઉક્ત સ્થિતિએ એક રસ્તાનો તેમજ ત્યારબાદ બાકીના બે રસ્તાનો અહેવાલ મળેલ છે. |
| (૩) જો હા, તો ઉક્ત ક્યા રોડમાં કેવા પ્રકારની ખામીઓ કે ગેરરીતિઓ સામે આવી, અને | (૩) ક્રમ-૧ સપાટીને નુકસાન તથા રોડ ફર્નીશીંગ તથા ક્રમ-૨ અને ક્રમ-૩માં સાઈડ સોલ્ડર્સ તેમજ નાળા કામની ખામીઓ જણાયેલ. |
| (૪) તે અન્વયે કેટલા કોન્ટ્રાક્ટરો સામે ઉક્ત સ્થિતિએ શાં પગલાં ભરવામાં આવ્યાં ? | (૪) ક્રમ-૧ માં નાણાકીય વસૂલાત કરવામાં આવેલ છે. તેમજ ક્રમ-૨ અને ક્રમ-૩માં ઈજારદારના ખર્ચે જરૂરી સુધારા વધારા કરાવવામાં આવેલ છે. |

---------

**સવાયો ગુજરાતી કેમ્પેઈન માટે રેડીયોમાં જાહેરાત**

૪૪૬૨૦ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર સવાયો ગુજરાતી કેમ્પેઈન માટે રેડીયોમાં જાહેરાત આપવા અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

**જવાબ**

(૧)

| ક્રમ | માસ | રેડીયોમાં જાહેરાત અન્વયે ચૂકવેલ રકમ | |
|---|---|---|---|
| | | વર્ષ-૨૦૨૦ | વર્ષ-૨૦૨૧ |
| ૧ | જાન્યુઆરી | શૂન્ય | શૂન્ય |

| | | | |
|---|---|---|---|
| ૨ | ફેબ્રુઆરી | શૂન્ય | ૩,૯,૯૮,૯૯૫ |
| ૩ | માર્ચ | શૂન્ય | ૩,૧,૮૭,૨૧૩ |
| ૪ | એપ્રિલ | શૂન્ય | શૂન્ય |
| ૫ | મે | શૂન્ય | શૂન્ય |
| ૬ | જૂન | શૂન્ય | શૂન્ય |
| ૭ | જુલાઈ | શૂન્ય | શૂન્ય |
| ૮ | ઓગસ્ટ | શૂન્ય | શૂન્ય |
| ૯ | સપ્ટેમ્બર | શૂન્ય | શૂન્ય |
| ૧૦ | ઓક્ટોબર | શૂન્ય | શૂન્ય |
| ૧૧ | નવેમ્બર | શૂન્ય | શૂન્ય |
| ૧૨ | ડિસેમ્બર | શૂન્ય | શૂન્ય |

(૨) ઉક્ત રકમ બજેટના ક્યા હેડ હેઠળ ઉધારવામાં આવી ?

(૨) ઉક્ત રકમ બજેટના ૫૧-૫૪૫૨-પ્રચાર અને પ્રસિદ્ધિ હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે.

- - - - - - - - -

## ઓલપાડ તાલુકામાં સહકારી મંડળીમાં ડિરેક્ટરોની નિમણૂક

૪૪૭૪૨ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સાંધીએર ગામની સેવા સહકારી મંડળીમાં ડિરેક્ટરોની નિમણૂક સહકારી કાયદા વિરૂદ્ધ જઈને કરી હોવા અંગેની કેટલી ફરિયાદો વિભાગને મળી, અને | (૧) ૦૧ |
| (૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ક્યા જવાબદારો સામે શું કાર્યવાહી કરી ? | (૨) ઉક્ત મળેલ ફરિયાદ પરત્વે સદર મંડળીની વ્યવસ્થાપક સમિતિને સહકારી કાયદા અન્વયે દાયિત્વ અદા કરવાનો હુકમ કરેલ છે. તેમજ અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવેલ છે. |

- - - - - - - - -

## જોટાણા ખાતે નવીન બસ સ્ટેન્ડ

૪૪૬૨૨ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૪-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૨૧૧૨(અગ્રતા-૨૮૫)ના અનુસંધાને **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં જોટાણા ખાતે આવેલ બસ સ્ટેન્ડ જર્જરિત હાલતમાં હતું તે અન્ય અનુકૂળ જગ્યાએ નવીન બસ સ્ટેશન બનાવવા માટે જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) કલેક્ટરશ્રી, મહેસાણા દ્વારા તા.૨૧-૦૧-૨૦૨૨ના રોજ જમીન ફાળવણીના હુકમ પ્રસિદ્ધ કરેલ છે. જમીનનો કબજો નિગમને સોંપવાની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જમીન મેળવવા માટે શા પ્રયાસો કરવામાં આવ્યા, અને | (૨) જમીન મેળવવા માટે નિગમ દ્વારા સ્થાનિક રેવન્યુ વિભાગને વારંવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને નવીન બસ સ્ટેશન કાર્યરત કરવામાં આવનાર છે ? | (૩) એસ.ટી. નિગમને રેવન્યુ વિભાગ દ્વારા જમીનનો કબજો સુપ્રત થયેથી ઉક્ત જગ્યાએ બસ સ્ટેન્ડનું બાંધકામ હાથ ધરી, બસ સ્ટેશન કાર્યરત કરવામાં આવશે. |

- - - - - - - - -

## શ્રમયોગીઓને વતન મોકલવાની વ્યવસ્થા

૪૪૬૪૯ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમ્યાન અન્ય રાજ્યના શ્રમયોગીઓને એસ.ટી. બસ મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાંથી કેટલા શ્રમયોગીઓને એસ.ટી. બસ મારફત વતન પરત મોકલવામાં આવેલ, અને | (૨) ૬,૯૩,૬૬૦ (છ લાખ ત્રાણું હજાર છસો સાંઠ) |
| (૩) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ ? | (૩) |

| વર્ષ | વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ (સી.સી.બીલની રકમ) |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | રૂ.૧૪,૩૨,૬૭,૬૨૦ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | નીલ |

---------

**ઉડાન યોજનાનો રાજ્યને લાભ**

૪૩૫૬૬ **શ્રી રાકેશભાઈ શાહ** (એલિસબ્રિજ) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ કેન્દ્ર સરકારશ્રી દ્વારા બહાર પાડેલ ઉડાન યોજનાનો લાભ ગુજરાત રાજ્યને મળેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્યમાં ઉક્ત સ્થિતિએ કયા કયા સ્થળોએ આ સેવા શરૂ કરવામાં આવેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં નીચે જણાવેલ સ્થળોએ આ સેવા શરૂ કરવામાં આવે છે. |

| ક્રમ | રૂટ |
|---|---|
| ૧ | મુંબઈ-પોરબંદર-મુંબઈ |
| ૨ | કંડલા-મુંબઈ-કંડલા |
| ૩ | અમદાવાદ-પોરબંદર-અમદાવાદ |
| ૪ | જેસલમેર-અમદાવાદ-જેસલમેર |
| ૫ | સુરત-જેસલમેર-સુરત |
| ૬ | અમદાવાદ-હુબલી-અમદાવાદ |
| ૭ | અમદાવાદ-નાસિક-અમદાવાદ |
| ૮ | અમદાવાદ-કંડલા-અમદાવાદ |
| ૯ | અમદાવાદ-જલગાંવ-અમદાવાદ |
| ૧૦ | અમદાવાદ-ઉદયપુર-અમદાવાદ |
| ૧૧ | અમદાવાદ-કિશનગઢ-અમદાવાદ |
| ૧૨ | અમદાવાદ-બેલગાંવ-અમદાવાદ |
| ૧૩ | કિશનગઢ-સુરત-કિશનગઢ |
| ૧૪ | બેલગાંવ-સુરત-બેલગાંવ |
| ૧૫ | જામનગર-બેંગલોર-જામનગર |
| ૧૬ | જામનગર-હૈદરાબાદ-જામનગર |

| | |
|---|---|
| (૩) રાજ્યના અન્ય કયા કયા સ્થળોએ આ સેવા શરૂ કરવામાં આવનાર છે ? | (૩) ઉડાન યોજના ભારત સરકારની યોજના છે. માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તા.૨૪મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**સવાચો ગુજરાતી કેમ્પેઈન માટે રેડિયોમાં જાહેરાત**

૪૪૬૨૫ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર સવાચો ગુજરાતી કેમ્પેઈન માટે રેડિયોમાં જાહેરાત આપવા અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૨) ઉક્ત રકમ બજેટના ક્યા હેડ હેઠળ ઉધારવામાં આવી ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **માસ** | **રેડિયોમાં જાહેરાત અન્વયે ચૂકવેલ રકમ** | |
|---|---|---|---|
| | | **વર્ષ-૨૦૨૦** | **વર્ષ-૨૦૨૧** |
| ૧ | જાન્યુઆરી | શૂન્ય | શૂન્ય |
| ૨ | ફેબ્રુઆરી | શૂન્ય | રૂ.૯,૯૮,૯૯૫ |
| ૩ | માર્ચ | શૂન્ય | રૂ.૧,૮૭,૨૧૩ |
| ૪ | એપ્રિલ | શૂન્ય | શૂન્ય |
| ૫ | મે | શૂન્ય | શૂન્ય |
| ૬ | જૂન | શૂન્ય | શૂન્ય |
| ૭ | જુલાઈ | શૂન્ય | શૂન્ય |
| ૮ | ઓગસ્ટ | શૂન્ય | શૂન્ય |
| ૯ | સપ્ટેમ્બર | શૂન્ય | શૂન્ય |
| ૧૦ | ઓક્ટોબર | શૂન્ય | શૂન્ય |
| ૧૧ | નવેમ્બર | શૂન્ય | શૂન્ય |

(૨) ઉક્ત રકમ બજેટના ૫૧-૫૪૫૨-પ્રચાર અને પ્રસિધ્ધિ હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે.

---------

**ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પ્રિન્ટિંગ કામ આપવા બાબત**

૪૪૫૯૮ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા પ્રિન્ટિંગના કામો માટે એમ્પેનલ્ડ ન હોય તેવી એજન્સીને કામ આપવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે કઈ એજન્સી સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કોઈ કાર્યવાહી કરવામાં ન આવી હોય તો તેના કારણો શા છે, અને

(૪) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧ (એક) ફરિયાદ તા.૧૦-૧૧-૨૦૨૧ના રોજ મળેલ છે.

(૨) મળેલ ફરિયાદ અનુસંધાને કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) રજૂઆતના મુદ્દાઓ પરત્વે પૂરતી ચકાસણી કરી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.

---------

**રાજ્યમાં સ્થાનિકોને રોજગારી**

૪૩૨૪૬ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડિયા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ઓએનજીસી, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા અને આઈ.ઓ.સી. કંપનીમાં રાજ્યમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી આપવાના પરિપત્રનું પાલન થતું નથી તે હકીકત

**જવાબ**

(૧) હા, જી. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઈ અન્વયે દર છ માસે જૂન અંતિત અને ડિસેમ્બર અંતિત સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવતી હોઈ,

સાચી છે, અને

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ઓએનજીસી, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને આઈઓસી કંપની તરફથી મળેલ માહિતી અનુસાર ૮૫% સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાયેલ નથી.

(૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધાં ?

(૨) સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જળવાવા અંગે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાય તે માટે નાયબ નિયામકશ્રી (રોજગાર) દ્વારા સંબંધિત એકમને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવની જોગવાઈઓ તરફ ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.

(૨) નાયબ નિયામક (રોજગાર) દ્વારા દર છ માસે ઉક્ત ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા એકમોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી ઠરાવની સમજૂતી આપીને સ્થાનિકોની ટકાવારી જાળવવા જણાવેલ છે તથા તેમના એકમમાં સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવામાં પડતી મુશ્કેલીની જાણકારી મેળવી તેનું નિરાકરણ કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં ઝિંગા ઉછેર ફાર્મ માટે યોજના**

૪૩૫૬૯ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં આવેલ ઝિંગા ઉછેર ફાર્મની માળખાકીય સુવિધાના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની અંતર્ગત કઈ કઈ સુવિધા આપવામાં આવે છે, અને

(૨) તેના અંતર્ગત એપ્રોચ રોડ બાંધકામ માટેની સુવિધા આપવામાં આવેલ છે.

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માળખાકીય સુવિધા આપવા પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે ?

(૩)

| **તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માળખાકીય સુવિધા આપવા પાછળ વર્ષવાર થયેલ ખર્ચ** | |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | રૂ.૨૫૨.૫૭ લાખ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | રૂ.૪૩૯.૭૭ લાખ |

---------

**દાહોદ જિલ્લામાં સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય**

૪૩૮૧૯ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે ?

૧૮

---------

તા.૨૪મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**પોરબંદર એરપોર્ટના રન-વે વિસ્તરણની કાર્યવાહી**

૪૪૬૬૭ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવાડ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૨૩-૦૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૯૧૭૯ (અગ્રતા-૫૦)ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પોરબંદર એરપોર્ટના સૂચિત રન-વેના વિસ્તરણની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨)ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ઉક્ત કામગીરી એરપોર્ટ્ સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા, ભારત સરકાર દ્વારા કરવામાં આવતી હોઈ, માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પંચમહાલ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા**

૪૩૫૭૯ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર**

૪૪૬૦૪ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર નોંધાયેલા છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત ઉમેદવારોની સંખ્યાઃ

| ક્રમ | તાલુકો | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાંતા | ૮૯૮ | ૯ | ૯૦૭ |
| ૨ | અમીરગઢ | ૩૬૫ | ૧૬ | ૩૮૧ |
| | **કુલ** | **૧૨૬૩** | **૨૫** | **૧૨૮૮** |

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારીની સંખ્યાઃ

| ક્રમ | તાલુકો | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | |
|---|---|---|---|---|---|
| | | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી |
| ૧ | દાંતા | ૭ | ૨૦૪ | ૦ | ૨૩૦ |
| ૨ | અમીરગઢ | ૧૦ | ૭૧ | ૦ | ૭૯ |

સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો

---------

અતારાંકિત પ્રશ્નો

**કલ્પસર યોજનાની કામગીરી**

૪૪૪૮૬ **શ્રી કાન્તિભાઇ સોઢાપરમાર** (આણંદ) **: માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહી નદીમાં દરિયાની ભરતીના કારણે કિનારાના ગામોની જમીનમાં વધતી ખારાશ અટકાવવા ખંભાતના અખાતમાં કલ્પસર યોજનાનું આયોજન કરેલ છે તે કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ થનાર છે, તેનાથી દરિયા કિનારાના કયા જિલ્લાના કેટલા તાલુકાની જમીનમાં ખારાશ અટકશે ?

**જવાબ**

(૧) પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) બનાવવાના તબક્કે.

(૨) કલ્પસર યોજનાના પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) બનાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ, રાજ્ય/કેન્દ્ર સરકારશ્રી પાસેથી મેળવવાની થતી યોજના સંબંધિત તમામ મંજૂરીઓ મળ્યેથી, આ યોજનાની કામગીરી શક્ય તેટલી વહેલી પૂર્ણ કરવાનું આયોજન છે. નીચેની વિગતો મુજબ જમીનમાં ખારાશ અટકશે.

| નં. | જિલ્લાનું નામ | તાલુકાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦૩ |
| ૨ | ભાવનગર | ૦૧ |
| ૩ | આણંદ | ૦૨ |
| ૪ | વડોદરા | ૦૧ |
| ૫ | ભરૂચ | ૦૩ |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે અરજીઓ**

૪૩૬૦૬ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) **: માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી.

| અ. નં. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી | તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૧૪૩૬ | ૧૦૫૦ | ૨૪૮૬ |
| ૨ | લીંબડી | ૫૦૦ | ૩૭૦ | ૮૭૦ |
| ૩ | ધ્રાંગધ્રા | ૪૯ | ૧૧૬ | ૧૬૫ |
| ૪ | દસાડા | ૨૨૦ | ૨૦૪ | ૪૨૪ |
| ૫ | ચોટીલા | ૧૨૨ | ૧૨૫ | ૨૪૭ |
| ૬ | થાનગઢ | ૨૧૫ | ૧૮૫ | ૪૦૦ |
| ૭ | લખતર | ૬૨ | ૧૩૦ | ૧૯૨ |
| ૮ | મૂળી | ૩૫ | ૧૪ | ૪૯ |
| ૯ | સાયલા | ૬૧ | ૭૮ | ૧૩૯ |
| ૧૦ | ચુડા | ૧૦૧ | ૧૭૯ | ૨૮૦ |
| | **કુલ** | **૨૮૦૧** | **૨૪૫૧** | **૫૨૫૨** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

| અ. નં. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી | તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૫૮૯ | ૬૯૩ | ૧૨૮૨ |
| ૨ | લીંબડી | ૨૮૪ | ૨૧૬ | ૫૦૦ |
| ૩ | ધ્રાંગધ્રા | ૪૯ | ૫૭ | ૧૦૬ |
| ૪ | દસાડા | ૯૬ | ૯૬ | ૧૯૨ |
| ૫ | ચોટીલા | ૯૨ | ૫૮ | ૧૫૦ |
| ૬ | થાનગઢ | ૧૦૨ | ૮૮ | ૧૯૦ |
| ૭ | લખતર | ૨૮ | ૪૨ | ૭૦ |
| ૮ | મૂળી | ૨૪ | ૧૩ | ૩૭ |
| ૯ | સાયલા | ૫૧ | ૬૦ | ૧૧૧ |
| ૧૦ | ચુડા | ૮૩ | ૭૫ | ૧૫૮ |
| | **કુલ** | **૧૩૯૮** | **૧૩૯૮** | **૨૭૯૬** |

(૩) તે અન્વયે ક્યા ક્યા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

(૩) જોડાણ-૧ સામેલ રાખેલ છે.

| **જોડાણ-૧** | |
|---|---|
| ૧ | કડિયાકામ |
| ૨ | સેન્ટીંગકામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રિપેરિંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |
| ૧૧ | ઇલેક્ટ્રીક એપ્લાર્યન્સીસ રિપેરિંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી / વેલ્ડિંગકામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સૂપડા બનાવનાર |
| ૧૬ | દૂધ-દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણા બનાવટ |
| ૨૦ | ગરમ / ઠંડાપીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફ્લોરમીલ |
| ૨૩ | મસાલામીલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઇલ રિપેરિંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશ બનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટીંગ (વાળંદકામ) |

---------

**ભાવનગર જિલ્લામાં રેલ્વે ઓવરબ્રિજની કામગીરી**

૪૪૬૯૪ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૧૦-૧૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૦૧૬૬ (અગ્રતા-૨૮)ના અનુસંધાને **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

| ૨૭ | --"-- | ૧૦૦ | અસરગ્રસ્ત વિસ્તારોમાં અસરગ્રસ્તોને સત્વરે સહાય મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર (ગ્યાસુદ્દીન શેખ, ઋત્વિકભાઈ મકવાણા) |
| ૨૮ | ૨૨૪૫-કુદરતી....રાહત<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ.૪,૧૦,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૧,<br>પાના નં.૧૧૦ અને ૧૧૧ | ૧૦૦ | કુદરતી આફતો વખતે વીજ પુરવઠો ખોરવાતાં અનાજ દળવાની ઘંટીઓ બંધ રહેવાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં જરૂરી લોટનું વિતરણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઈ દેસાઈ |
| *૨૯ | --"-- | ૧૦૦ | ભારે વરસાદ અને પૂરથી ભીનો થઈ કહોવાઈ જતો ઘાસચારો પશુઓ માટે ખાવાલાયક રહેતો નથી જે માટે જરૂરી વ્યવસ્થા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દુધાત (શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા) |
| ૩૦ | --"-- | ૧૦૦ | ચોમાસા પહેલા દરેક જિલ્લામાં પ્રિમોનસુન પ્લાન અંગે આગોતરી કામગીરી કરવામાં આવે છે પરંતુ સમય આવ્યે કરેલ આયોજનને સફળ બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઈ ભુરીયા (પુનમભાઈ પરમાર) |

*** આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.**

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મંત્રીશ્રી ખૂબ ખૂબ આભાર. આજે માનનીય મહેસૂલ મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. ડિજિટલ ગુજરાત, ઈ-ધરા, જનસેવા કેન્દ્ર પારદર્શી સરકાર ૨૦-૨૦ વર્ષ સુધી વાતો સાંભળ્યા પછી પણ મને લાગે છે કે કયાંક સરકારી નીતિઓમાં વિસંગતતાને કારણે એનો લાભ જે પાયાના ગુજરાતીને મળવો જોઈએ એમાં અવરોધ ઉભો થયો છે. મારે ટીકા નથી કરવી. આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. ગુજરાત બન્યું ત્યારથી આજપર્યંત આ ગુજરાતના કેટલાય ગરીબ, દલિત, પછાત, વંચિત એ નાના ખેડૂતો હોય, ખેતમજૂર હોય એને મહેસૂલી સેવાઓનો વિનામૂલ્યે લાભ મળતો હતો, પણ કમનસીબે વિતેલા વર્ષોમાં સરકાર દ્વારા આવી તમામ સેવાઓનું કયાંક વેપારીકરણ કરવામાં આવી રહ્યું હોય એવું લાગી રહ્યું છે. એક તરફ મંદી, મોંઘવારી, બેરોજગારી વચ્ચે લોકોના ધંધા રોજગાર ભાંગ્યા છે. આરોગ્યની મહામારીમાં એની બચતો ઘસાઈ ગઈ છે. મોંઘવારીથી તાવડી ટેકો લઈ ગઈ છે અને એમાંય સરકારી યોજનાઓનો લાભ લેવા જવો હોય તો સામાન્ય માણસે વિવિધ દાખલાઓ માટે જનસેવા કેન્દ્રોમાં લાંબી લાઈનો લગાવ્યા પછી પણ *(xxx )

અધ્યક્ષશ્રી : મેં આપને ગઈ વખતે પણ ના પાડી હતી (xxx )એવા શબ્દો ન વાપરો. એવા શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના બધા જ સન્માનનીય સભ્યશ્રીઓ પાસે આવી ફરિયાદો આવતી હશે. મારી તો નમ્રપણે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે હું ખેડૂતનો દીકરો, ખેડૂતોને ૭/૧૨ ના ઉતારા જોઈતા હોય ૭/૧૨, ૮/અ, ૬ નંબર એ ભૂતકાળમાં વિનામૂલ્યે મળતા હતા. સરકારે પ્રતિ પાનિયાની પાંચ રૂપિયા કિંમત વસૂલવાની શરૂઆત કરી અને એમાંય કદાચ આવકમાં ખોટ પડતી હશે તો ૭/૧૨ નો ઉતારો સાથે હતો એ ૭ અને ૧૨ ના ઉતારાને પણ અલગ કરવામાં આવ્યા. અમારા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બાપદાદાની વારસાઇ જમીન ભૂતકાળમાં વારસાઇ એન્ટ્રી પડાવવા જવું હોય તો જે ખેડૂત છે એ ખેડૂતનું પ્રમાણપત્ર લેવા જવું હોય તો વિનામૂલ્યે મળતું હતું. આજે ખેડૂત ખાતેદારનો દાખલો લેવા માટે થઇને જઇએ તો પણ સરકારે ૨,૦૦૦ રૂપિયા એનો સરકારી ભાવ નકકી કર્યો છે અને બીન સરકારી ભાવ જેવા વસૂલવામાં આવે છે. આમાંથી મુક્તિ મળે એવી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. મેં આજે જ જનસેવા કેન્દ્રની સૂચિ મંગાવી. ગુજરાત સરકાર, તાલુકા સરકાર જનસેવા કેન્દ્રમાં જે અલગ અલગ પ્રકારના ૬૯ જેટલા સર્ટિફિકેટો આપે છે. ભૂતકાળમાં સર્ટિફિકેટ વિનામૂલ્યે મળતા હતા. ધીમેધીમે એનો આંકડો આજે ૬૯ જેટલી સેવાઓ હતી એને વેપારમાં પરિવર્તિત કરવાનું કામ મહેસૂલ વિભાગ મારફત થયું હોય એવું લાગે છે. માણસને જીવવા માટે રેશન કાર્ડ જોઇએ અને રેશન કાર્ડ કઢાવવું હોય, અલગ કરવું હોય, સુધારો કરવો હોય, નામ ચડાવવું હોય, ઉતારવું હોય, આવા દરેક પ્રકારના કામ માટે થઇને ૨૦ રૂપિયા સરકારી ફી ભરવી પડે.આમ છતા જે કાર્ડથી માત્ર જરૂરિયાત મંદ માણસને, ભૂખ્યા, કૂપોષિત માણસને રાશનની જરૂર છે, એને પણ આવા પૈસા ચૂકવવા મજબૂર થવું પડે. આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર જોઇએ તો ૨૦ રૂપિયા, જ્ઞાતિનો દાખલો આદિકાળથી આપણી જે સામાજિક વ્યવસ્થા છે, જે માની કૂખે જન્મે એનો વારસો જળવાતો હોય, પણ એસ.સી.નો દાખલો ૨૦ રૂપિયા, એસ.ટી.નો દાખલા માટે ૨૦ રૂપિયા, નોન ક્રિમિલેયર સર્ટી માટે ૨૦ રૂપિયા, બીન અનામત વર્ગને પ્રમાણપત્ર જોઇતું હોય તો ૨૦ રૂપિયા, વિચરતી વિમુક્તિ જાતિના પ્રમાણપત્રના ૨૦ રૂપિયા, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગનું પ્રમાણપત્ર જોઇતું હોય તો ૨૦ રૂપિયા. રકમ ખૂબ નાની છે. આગળ વધું તો સરકાર દ્વારા વિવિધ સેવાઓ માટે થઇને દાખલાઓ માગવામાં આવે. આંગણવાડી કાર્યકર તેડાગર ભરતી સંદર્ભે રહેઠાણનું સર્ટિફિકેટ જોઇતું હોય તો ૨૦ રૂપિયા, નાની બચતની એજન્સી માટે ૨૦ રૂપિયા, પ્લોટની વારસાઇ કરવાની અરજી પાછળ ૨૦ રૂપિયા, સોલવંશી પ્રમાણપત્ર જોઇતું હોય તો ૨૦ રૂપિયા, ઉંમર અધિવાસ  પ્રમાણપત્રના ૨૦ રૂપિયા, ખેડૂતનું પ્રમાણપત્ર.  હમણા એનો ભાવ વધારવામાં આવ્યો. મફતમાં ખેડૂતનો દાખલો મળતો હતો એના ૨૦ રૂપિયા હતા. આ ૨૦ રૂપિયા પાછળ ભૂલથી બે મીંડા લાગી ગયા હોય તેમ ૨,૦૦૦ રૂપિયા ખેડૂત ખાતેદારના દાખલા માટે ચૂકવવા પડે છે. કોઇને ધાર્મિક લઘુમતિનું પ્રમાણપત્ર જોઇતું હોય તો ૨૦ રૂપિયા, ચારિત્ર પ્રમાણપત્રના ૨૦ રૂપિયા, નોન ક્રિમિલેયર સર્ટી હોય, વારસાઇ પ્રમાણપત્ર હોય, ઉંમર વધવાનો શું  દોષ સિનિયર સિટીઝનનું પ્રમાણપત્ર જોઇતું હોય તો ૨૦ રૂપિયા ચૂકવવા પડે છે. આવી ઘણી બધી બાબતો છે. કુંવરબાઇના મામેરાની વાત કરીએ. કુંવરબાઇ મામેરું લેવા જાય તો સર્ટી માટે ૨૦ રૂપિયા ચૂકવવા પડે તેવી સ્થિતિ છે. માઇ રમાબાઇ સાત ફેરા સમૂહ લગ્નમાં કોઇ ભાગીદાર થાય અને એનું સર્ટી લેવું હોય તો ૨૦ રૂપિયા, પાનીયુ ૩૧૦ અંતર્ગત વિધવા હોવા અંગેનું પ્રમાણપત્ર જોઇતું હોય તો એના માટે મારી વિધવા બહેનોએ ૨૦ રૂપિયા ચૂકવવા મજબૂર થવું પડે છે. આંતરજ્ઞાતિય સમૂહલગ્ન, જાતિ જ્ઞાતિના વાડાથી ઉપર ઉઠીને આપણે અઢારેય વર્ણ એક છીએ. સમાનતાના પાયા ઉપર આ દેશને ઉભો કરવા મથી રહ્યા છે. આંતરજ્ઞાતિય લગ્નનો લાભ લેવા માટે સર્ટી જોઇતું હોય તો ૨૦ રૂપિયા ચૂકવવા પડે છે. હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે સન્માનનીય ગૃહ  જાણવા માગે છે કે મફત મળતી સેવાઓના ૨૦-૨૦ રૂપિયાથી લઇને અલગ અલગ દરો વધાર્યા હશે, પણ આ તો બધી યોજનાઓની  જે વિનામૂલ્યે સેવા મળતી હતી. ગુજરાતના સામાન્ય માણસના ખિસ્સામાંથી સરકારે બે-પાંચ વર્ષમાં કેટલા રૂપિયા વસૂલ્યા છે તે સન્માનનીય ગૃહ સમક્ષ મૂકશે તો ગમશે. વિધાનસભા ગૃહમાં અમારા વિવિધ સભ્યોએ પ્રશ્ન પૂછ્યા. એકબાજુ નાના માણસને ૧૦૦ ચો.વારનો મફત પ્લોટ જોઇતો હોય તો મફત પ્લોટ નથી મળતો. કોઇ ખેડૂતના દીકરાને પાણી માટે ર ગૂંઠા જમીન નથી મળતી ખેતમજદૂર પરસેવો પાડીને કુટુંબનું ભરણ પોષણ કરવું હોય તો એને સાથણીમાં જમીન નથી મળતી. બીજી તરફ છેલ્લાં ર વર્ષમાં  ૧૦૩ કરોડ ૮૦ લાખ ૭૩ હજાર ૧૮૩ ચો.મીટર જેટલી સરકારી પડતર ખરાબા અને ગૌચરની જમીનો ભાડેથી અથવા વેચાણ સરકારે આપી દીધી છે. સરકારને વિનંતી કરવા માગુ છું કે આ નાના માણસો છે, એને જીવાડવાની જવાબદારી સરકારની હોય છે. મોટા મગરમચ્છો ભલે માલ  ખાઇ જાય, પણ માછલીઓ ન મરી જાય એની મહેસૂલ મંત્રીશ્રી ચિંતા કરે. રાજ્યના  આવા હજારો લાખો પરિવાર જેને રહેવા માટે થઇને પ્લોટ જોઇએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, જેને પરસેવો પાડીને કમાવવું છે તેને સાંથણીમાં જમીન જોઇએ છે, કોઇ ખેડૂતનો દીકરો હોય તેને પરસેવાની સાથે પાણીને જોડીને ધાન પકવવું છે તેના માટે સરકાર આવતા દિવસોમાં સરકારાત્મકતાથી વિચારશે તેવી વિનંતી કરું છું. ખેડૂતનો દીકરો છું અને વર્ષ ૨૦૧૬ માં સૌથી પહેલાં આ ગૃહમાં મુદ્દો લઇને આવ્યો હતો. સરકારે આકાશમાંથી સેટેલાઇટ મારફતે જમીન માપણીનો કાર્યક્રમ લાગુ કર્યો અને તેમાં અમારા કુકાવાવ તાલુકાનું ભાયાવદર બ્લોક યોજના એન્જિનિયર મહારાજ હતા. કાટખૂણામાં  સરવે નંબર સેટેલાઇટ માપણીથી તેના હદ નિશાન નક્કી ન થઇ જતા હોય તો રાજ્યના બીજા સરવે નંબરોની શું સ્થિતિ હશે? રાજ્યમાં જમીનોનું જે રિસર્વે થયું, હમણાં જ વિધાનસભામાં જવાબ આપ્યો તે મુજબ ૧ લાખ ૬૭ હજાર જેટલી અરજીઓ મળી છે. આ ૧ લાખ ૬૭ હજાર જેટલી અરજીઓ મળી એ તો ખેડૂતના દીકરા જેને વારસાઇ કરવાની થઇ, ભાગબટાઇ કરવાની થઇ, જમીનમાં કયાંય ફેરફાર કરવાનો થયો અને તેમને ખબર પડી એટલે જાગ્યા. અભણ માણસ, બિચારા ખેડૂતની મિલકતમાં માના જણ્યા ભાઇમાં વિવાદ પેદા થાય તેવી સ્થિતિ આ સેટેલાઇટ માપણીથી થઇ છે અને ભવિષ્યમાં આ કિસ્સાઓ વધવાની શક્યતા છે. ત્યારે સરકાર આ અંગે જમીન ઉપર ઉતરી જે કંઇ વાદ-વિવાદ હોય તેના માટે એક જાહેર સુનાવણીનો કાર્યક્રમ શરૂ કરે. ગામદીઠ સેટેલાઇટ જમીનના નકશા પંચાયતમાં મૂકવામાં આવે અને ખેડૂતોને જાગૃત કરવામાં આવે. જે કંઇ વાદ-વિવાદ હોય તો તેનું સ્થળ ઉપર નિકાલ થાય તો મને લાગે છે કે, આ સમસ્યાને નિવારી શકીશું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, બાર મિનિટ આપી છે.

અધ્યક્ષશ્રી : પૂરેપૂરી આપી છે. ૧૪.૧૦ એ ચાલું થયું અને ૧૪.૨૨ એ પૂરું થયું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી નાની વિનંતી છે. સમય નહીં લઉં. માનનીય દંડકશ્રીની અનુમતિથી ખાલી મુદ્દાઓ ધ્યાન ઉપર મૂકી દઉં. સેટલમેન્ટ કમિશનર દ્વારા તા. ૨૧-૧૨-૨૦૧૯ ના રોજ એક પરિપત્ર કર્યો હતો. ઉક્ત પરિપત્ર મુજબ અરજદારના કબજા અંગે લાગુ ખાતેદારોની સંમતિ અને આર.ઓ.આર તથા ડી.એસ.ઓ.રેકર્ડના સમર્થન વગરના કોઇપણ કબજો ફકત માપણી સમયે દર્શાવ્યા માત્રથી તેની કાયદેસરતા મળતી નથી તેવી સૂચના આપેલ હતી. કોઇ ખાતેદારને પોતાની જમીનની માપણી દરમ્યાન વધઘટના કિસ્સાઓમાં પુનઃ માપણીની માગણી કરે તો ડી.આઇ.એલ.આર. દ્વારા આજુબાજુના તમામ ખાતેદારોની સંમતિ ફરજિયાત કરી છે. જેને મફતમાં માલ મળી ગયો હોય તે શું કામ પાછો આપે. આવી સંમતિના અભાવે આવી કેટલીય અરજીઓનો નિકાલ થતો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી સી.કે.રાઉલજી. આપ આપના જે વિષય હોય તે મંત્રીશ્રીને મળીને આપી દેજો. શ્રી સી.જે.ચાવડા.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની માગણીમાં માપણી અંગે હમણાં જ અમારા પરેશભાઇ ધાનાણી કહી રહ્યા હતા તેમ જમીન માપણીમાં રિસર્વેની લગભગ ૧ લાખ ૫૭ હજાર જેટલી અરજીઓ આવી છે. તે અરજીઓ એવા ખેડૂતોની આવી છે કે, જેઓ જાગૃત છે અને પ્રાંત અધિકારી શું છે અને ત્યાં અપીલ કરી શકાય તેવી ખબર છે તેવા લોકોની આવી છે. લાખો લોકોની જમીનમાં વધઘટ થઇ તેમને જયારે તે જમીનના ઉપયોગની જરૂરિયાત ઉભી થશે ત્યારે પ્રશ્નો ઉભા થશે ત્યારે કાં તો પ્રમોલગેશન થઇ ગયું હશે અને તેઓ ખૂબ હેરાન પરેશાન થશે. તેના લીધે મોટા ઝગડાઓ થશે. ડ્રોનથી કરેલી માપણી જયારથી થઇ છે ત્યારથી આખા ગુજરાતમાં પ્રશ્નો ઉભા થયા છે. અમારી પાર્ટી માગણી કરતી રહી છે કે, આ જમીનની માપણી રદ થવી જોઇએ. જયાં સુધી આ પ્રશ્નો ન પતે ત્યાં સુધી ડ્રોનથી માપણી કરીને જે કંપની ગઇ છે અને તેની રકમ ૩૦૦ કરોડ રૂપિયા જેટલી હતી તેને ટોટલ સરકારે ચૂકવી દીધા છે. તે સરકારની મોટી ભૂલ છે. આ માપણીના કારણે ૭/૧૨ માં ક્ષેત્રફળમાં વધઘટ થઇ અને તેના કારણે આપણે પ્રશ્નોત્તરીમાં જોયું હશે કે, હક્કપત્રકની નોંધો પડે છે તેમાં હજારોની સંખ્યામાં નોંધો નામંજૂર થાય છે, અથવા તો પેન્ડિંગ રહે છે અથવા તો ઉકેલાતી નથી. બીજી બાજુ તલાટી, ડેપ્યુટી મામલતદાર અને કલેકટર કચેરીમાં કારકુન અને અન્ય અધિકારીઓ જે કામ કરે છે એની અછત છે. આઉટસોર્સિંગથી ભરવામાં આવે એને રેવન્યુ કાયદાનું નોલેજ ન હોય અને કોમ્પ્યુટરમાં શું વધ-ઘટ કરી નાંખે એ સમજાય એવી બાબત ન રહે અને બહુ મુશ્કેલીઓ ઉભી થઇ છે તો આ બાબતે સરકારશ્રીએ ફેરવિચારણા કરવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, યુ.પી.એ.ની સરકારે રાઇટ ટુ ફોરેસ્ટ એક્ટ આપ્યો, અનેક એક્ટ આપ્યા હતા. રાઇટ ટુ એમ્પ્લોઇમેન્ટ આપ્યો હતો, રાઇટ ટુ ફૂડ આપ્યો, રાઇટ ટુ ઇન્ફોર્મેશન એક્ટ આપ્યો એમ રાઇટ ટુ ફોરેસ્ટ એક્ટ આપ્યો. આ રાઇટ ટુ ફોરેસ્ટ એક્ટ એ વન સંરક્ષણ અધિનિયમ વર્ષ ૧૯૮૦ છે એના ઉપરવટ જઇને જે આદિવાસી લોકો ત્યાં વસે છે, વર્ષોથી, પેઢીઓથી ત્યાં વસે છે અને પોતાની સંસ્કૃતિ જાળવી રાખે છે અને જમીન ખેડે છે એના નામે ૭/૧૨ કરીને જમીનના માલિક એને બનાવવાની વાત એમાં છે. તો હજારો અરજીઓ પેન્ડિંગ છે અને બીજી બાજુ આર્સેલર જેવી કંપનીઓ કઇ રીતે લાખો ચોરસ મીટર જમીન અથવા લાકો હજારો એકર જમીન લઇ જાય છે એ પણ બહુ મોટો ચિંતાનો વિષય છે. લેન્ડ કમિટી, આ જમીનમાં લેન્ડ કમિટી બહુ અગત્યની બાબત છે. અંગ્રેજોના વખતથી આ લેન્ડ કમિટીઓ ચાલતી હતી. અંગ્રેજો પણ ગરીબોને આવાસ માટે, જમીન ખેડવા માટે, ખેત મજૂર હોય તો એને માટે, સ્વાતંત્ર્ય સેનાની હોય તો એના માટે આ લેન્ડ કમિટીઓ મળતી હતી. કોંગ્રેસની સરકાર હતી ત્યાં સુધી દર ત્રણ માસે એક વખત આ લેન્ડ કમિટી મળતી અને એ લેન્ડ કમિટીમાં ગ્રામ્યના લોકોને સો ચોરસ મીટરના ઘરથાળના પ્લોટ એને મકાન બનાવવા માટે અપવામાં આવતા. સરકારી પડતરે જે જમીનો પડી છે અને જે ખેતીલાયક છે એવી જમીનોનો નિકાલ પણ આ લેન્ડ કમિટીમાં થાય અને ખેત મજૂરી કરતા લોકો અથવા નાના ખેડૂતો જેની પાસે પોષણક્ષમ ખેતીની જમીન નથી એવા લોકોને આ લેન્ડ કમિટીમાં નિકાલ કરવામાં આવતો. આપણી સરહદો જાળવતા આપણા સૈનિકો એ જ્યારે નિવૃત થઇને પોતાના રાજયમાં, પોતાના ગામમાં આવે ત્યારે એમને એમના ભરણ-પોષણ માટે આ લેન્ડ કમિટીમાં ખેતીની જમીન આપવામાં આવતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ લેન્ડ કમિટીઓ બંધ થઇ ગઇ, લેન્ડ કમિટીઓ થતી જ નથી. ઔડા, ગુડા, રુડા, વુડા એ જે શહેરી વિસ્તારની આજુબાજુના ગામો છે એમાં લેન્ડ કમિટીમાં નિકાલ જ નથી થતો એ ગામડાંમાં ઘરથાળના પ્લોટ આપી ન શકાય. એ ઔડા, ગુડા, રુડા કે વુડાના ખેડૂતો પોતાની જમીન બધાના વિકાસ માટે ૪૦ ટકા કપાત આપી દેતા હોય એ વિસ્તારના નાના ખેડૂતોને કે નાના માસણોને ઘરથાળના પ્લોટ મળતા નથી અને ગામતળ નીમ થતા નથી અને મુશ્કેલીઓ વેઠી વેઠીને ગામ છોડીને દૂર જવું પડે છે. દૂરના સુખી સાધન-સંપન્ન લોકો ગામ છોડીને શહેરમાં આવે છે અને શહેરની આજુબાજુના ગરીબ મધ્યમ વર્ગના લોકોને ગામ છોડીને દૂર જવું પડે છે તો એમાં પોલીસી ઘડવાની ખૂબ જ જરૂર છે. માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રી રૂપાણી સાહેબનો આભાર માનીશ કે, એમણે કહ્યું હતું કે અમારી સરકારમાં સૌથી વધારે ભ્રષ્ટાચાર મહેસૂલ અને ગૃહ ખાતામાં થાય છે. હું એમને અભિનંદન આપુ છું કે એમણે સ્વીકાર્યું છે. એવા જ માનનીય શ્રી ગોવિંદભાઇ પટેલ ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યશ્રીએ પણ આવું જ્યાં જ્યાં થયું છે ત્યાં ઉજાગર કર્યું છે, પણ મારે માનનીય મંત્રીશ્રીને ધ્યાન દોરવું છે અને એ માટે એક જ દાખલો આપીશ અને આવા અનેક દાખલા હું તમને તમારી ઓફિસમાં આવીને આપી જઇશ કે જેમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારો થયા છે અને એમાં સરકાર સુધી તમને ખબર પણ ન હોય, તમારા સુધી માહિતી પહોંચી પણ ન હોય અને અધિકારીઓ અને બિલ્ડરોના મિલાપીપણાના કારણે આવી લાખો એકર જમીન બારોબાર સગેવગે થતી હોય છે. સુરત શહેર, ચોર્યાસી જેમાં ૨ લાખ ૨૫ હજાર ચોરસ મીટર જમીન એનો ભાવ ૫૦ હજાર રૂપિયા ચોરસ મીટરનો હોય અને ૬૦ હજાર રૂપિયા ચોરસ મીટરનો પણ હોય છે, એવી જમીન સરકારી ખારપટની હતી એટલે ખેડૂતને ૯૯ વર્ષના ભાડા પટ્ટે નવસાધ્ય કરવા માટે સરકારે આપી હતી. હવે આ ખેડૂતે શરતભંગ કર્યો શરતભંગ કર્યો એટલે કલેકટરશ્રીએ સરકારી પડતરે દાખલ કરી ૭/૧૨માં અને

૨૨૮૮ નંબરની એની નોંધ પડી છે અને શ્રી સરકારનો ૭/૧૨ છે. આ જમીન બારોબાર ખેડૂતે, એને ખેડૂત ન કહી શકાય શહેરની જમીન થઇ ગઇ એટલે બિલ્ડર ગણીએ, એ બિલ્ડરે એસ્સારને વેંચી મારી. એસ્સાર હેવી એન્જિનિયરિંગ સર્વિસને દસ્તાવેજ કરી નાંખ્યો. દસ્તાવેજ કરી નાંખ્યો એટલે ચેક પણ અપાઇ ગયો. ૭/૧૨માં નામ દાખલ કરી શકે એમ નથી કારણ કે કલેકટરશ્રીએ સરકારી પડતરે દાખલ કરેલી છે. એટલે જો દાખલ કરવા જાય તો તેના ઉપર લેન્ડ ગ્રેબિંગનો કેસ બને એટલે આ બહુ ગંભીર બાબત છે અને આવા જેટલા કિસ્સાઓ અમારા ધ્યાનમાં આવ્યા છે તે બધાજ કિસ્સાઓની એક સંકલિત ફાઇલ કરીને હું આપના દફતરમાં પહોંચાડીશ. આવી ખેડૂતોની કે સરકારની જમીન આવી કંપનીઓ પચાવી પાડે અને તે પણ સસ્તા દરથી તેના માટે આપણે ખૂબ ચિંતિત રહેવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે કેટલાંક મારા સૂચનો કરું છું કે મંદિર, મહાદેવ કે ટ્રસ્ટની જમીન હોય અથવા બિન ટ્રસ્ટની જમીન હોય આ દરેક ગામનો પ્રશ્ન છે, એમાં પુજારી સેવા કરે છે, તેની જમીન નથી. ૭/૧૨ના બીજા હક્કમાં તેનુ નામ વહીવટકર્તા તરીકે હોવુ જોઇએ, પરંતુ ૭/૧૨ના વહીવટકર્તા તરીકે નામ ન હોવાના કારણે ૭/૧૨નો માલિક બની જાય છે, જમીનનો માલિક બની જાય છે અને જમીન વેંચીને બીજે ચાલ્યો જાય છે. આ પુજારીને તમે કયાં શોધવા જશો? કારણ કે પુજારી તરીકેનું અલગ નામ હોય છે અને તેઓ બીજા રાજયમાંથી આવીને પણ સેવા કરતા હોય છે એટલે તેને શોધવા જશો તો મળશે નહીં. એટલે બીજા હક્કમાં તેનું નામ હોવુ જોઇએ. પુજારી ગુજરી જાય તો એનો જે શિષ્ય છે તે ફરીથી મુખ્ય પુજારી બને તો પણ તેનું જમીનમાં વહીવટકર્તા તરીકે નામ રહેવું જોઇએ. ગીતામંદિરનો પ્રશ્ન બન્યો છે, બોપલનો પ્રશ્ન બન્યો છે. કરોડો રૂપિયાની કિંમતી જમીન વેંચીને પુજારીઓ ચાલ્યા જાય છે. ૭/૧૨ તમારો બગાડે છે, પછી કેસ દાખલ થાય છે. આ કેસ સુપ્રીમ કોર્ટ સુધી જાય છે. હજારો લોકો અને ગામના જે લોકો મંદિર પ્રત્યે શ્રદ્ધા ધરાવે છે તે તમામ લોકો રખડયા કરે છે, દોડે છે પણ આનો રસ્તો મળતો નથી, કારણ મેટર સબ-જ્યુડિશ બની જાય છે તો આની એક પોલિસી બની જવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ કે ગૌશાળા, પાંજરાપોળને ગાયકવાડ સરકાર વખતની જમીન આપવામાં આવી છે, સારી બાબત છે. અત્યારની સરકાર આપે તે પણ સારી બાબત છે અને કોંગ્રેસની સરકાર પણ આપતી હતી સારી બાબત છે, પરંતુ ગૌશાળા અને પાંજરાપોળની જમીન જયારે શહેરની મધ્યમાં આવી જાય છે ત્યારે ટ્રસ્ટીઓ આ જમીન વેંચી મારે છે અને આ જમીન વેંચી અને ગૌશાળા, પાંજરાપોળ બીજે લઇ જાય છે તો જયારે ખરેખર સરકારે જ આ ગૌશાળા, પાંજરાપોળ બનાવવા માટે જમીન આપી હોય અને જયારે તેના ચોરસ મીટરનો ભાવ ૫૦ હજાર કે લાખ રૂપિયા થતો હોય, ત્યારે એ જમીન સરકાર હસ્તક લઇ અને તેનાથી ડબલ દૂરની જગ્યાએ ગૌશાળા, પાંજરાપોળ માટે આપો એવી કંઇક પોલિસી બનવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, વિનોબાભાવે સ્વાતંત્ર્ય સંગ્રામ પહેલાં, ગામે ગામથી ભૂદાનની જમીન ભેટમાં લઇ, બક્ષિસ લઇ અને નાના ખેડૂતોને આપતા હતા. એ ભૂદાનની જમીન આજે ખેડૂત શું કરે ? તેને વેંચે, એન.એ. કરાવે અથવા ઔડા ગુડા વિસ્તારમાં આવી ગઇ હોય તો તેની પરિસ્થિતિ અને પ્રશ્નો ઉભા થયા છે, એટલે બિલ્ડરો એક પાવર ઓફ એટર્ની લખાવીને તેમને જે કરવાનું હોય તે કરી નાંખે છે અને સાચા અર્થમાં આની પોલિસી જળવાવી જોઇએ તે જળવાતી નથી. સરકારે જવાબ આપ્યો છે કે આની પોલિસી બની રહી છે, બની રહી છે મને લાગે છે કે હું જયારે ડેપ્યુટી કલેકટર હતો ત્યારથી આ જવાબ ચાલે છે. એટલે તેમા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે આમાં પોલિસી બનવી જોઇએ. આવા અનેક પ્રશ્નો એન.એ. થયા બાદ બે પ્લોટનું એકત્રીકરણ થતું હોય તો સબ પ્લોટિંગ થાય તો સબ પ્લોટિંગમાં પીઆર કાર્ડની જરૂર પડતી હોય છે તો પીઆર કાર્ડ મળતાં નથી તો એમાં સરકાર ધ્યાન રાખે. આવા અનેક પ્રશ્નો જમીનના ઉભા થતા હોય છે, એની જમીનનો વહીવટ કરવામાં કલેકટરશ્રીનું જે આખું મહેકમ છે તે સદ્ધર બને અને તલાટીઓ આ કામગીરી સંભાળે એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી સાહેબ મહેસૂલ વિભાગની માગણી નંબર-૭૯, કુદરતી આફતો અને રાહત મહેસૂલી મૂડી ખર્ચની માગણી લઇને સન્માનીય સભાગૃહમાં રજૂ કરી છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત રાજય એ ખૂબ કુદરતીના સૌંદર્ય સાથે એ ૧,૬૦૦ કિલોમિટર દરિયા કિનારો, ભારત પાકિસ્તાનની સરહદ, કચ્છનું રણ, અંબાજીથી ઉંમરગામ સુધીના અરવલ્લીના પહાડો, દક્ષિણ ગુજરાત અને ગુજરાતની અંદર મધ્ય ગુજરાતમાં પવિત્ર નદી એટલે કે સરસ્વતી નદી, નર્મદા નદી, સાબરમતી નદી એવી પવિત્ર નદીઓની સાથે આપણને કુદરતે આપેલી અમૂલ્ય ભેટ અને સાથે સાથે સૌરાષ્ટ્રની અંદર સોમનાથ મંદિર, દ્વારકાધિશનું મંદિર અને સાથે સાથે અંબાજીનું પવિત્ર મંદર તે આપણાં ગુજરાતની એક આગવી ઓળખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે આપણે કુદરતી આફતોની વાત કરી એમાં છેલ્લા ઘણાં વર્ષોથી આપણે જોઇએ છીએ કે આપણે ક્યારેય કુદરતને રોકી શકતા નથી. અચાનક એવી આપત્તિઓ આવે છે કે જેમાં માનવીઓ, પશુ-પક્ષીઓ અને કુદરતી સૌંદર્યને ખૂબ મોટું નુકસાન થતું હોય છે. ગુજરાતમાં અનેક કુદરતી આફતો આવી છે. દુષ્કાળની પરિસ્થિતિ હોય, નદીમાં પૂરની હોનારત હોય, કમોસમી વરસાદ હોય, દરિયાઇ તોફાન હોય, વર્ષ ૧૯૭૯ની મોરબીના મચ્છુ ડેમની હોનારત હોય, વર્ષ ૨૦૦૧નો કચ્છનો ભયંકર ભૂકંપ આજે પણ આપણે ભૂલી શકતા નથી. એ સાથે સુરતમાં પર પૂરની હોનારત પણ આપણા માટે ગંભીર વિષય બન્યો હતો. સુરતમાં ચેપી રોગ ફાટી નીકળ્યો હતો એ ઘટના પણ આપણે ભૂલી શકતા નથી. વરસાદના કારણે પણ ખૂબ આપત્તિઓ આપણે જોઇ છે. તાજેતરમાં વર્ષ ૨૦૧૭માં બનાસકાંઠામાં પૂર આવ્યું હતું. આપણી સમસ્ત સરકારના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, સરકારના કેબિનેટ મંત્રી, સરકારના અધિકારીઓ, પ્રજા અને આપણી ધાર્મિક સંસ્થાઓએ સાથે રહી આવી અનેક કુદરતી આફતોનો સામનો કર્યો છે. સરકારની સાથે આપણી ગુજરાતની ધાર્મિક પ્રજા અને અનેક સંસ્થાઓએ જે રીતે વર્ષ ૨૦૦૧માં

કચ્છના ધરતીકંપમાં મેનેજમેન્ટની સાથે રહી કચ્છને ફરીથી ઊભું કરવા માટે જે કામ કર્યું છે એ ખૂબ પ્રશંસનીય છે. વર્ષ ૨૦૦૧ પછી ગુજરાતમાં ધરતીકંપ થયા પછી આપણી સરકારે ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથૉરિટીની રચના કરી. એ વખતે પણ કેન્દ્રમાં હાઇ પાવર ઓથૉરિટીએ આ ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે કુદરતી આફતોનો સામનો કેવી રીતે કરવો, અગાઉથી આપણે કેવી વ્યવસ્થા ઊભી કરી શકીએ એના માટેની યોજનાઓ ઊભી કરી હતી. વર્ષ ૨૦૦૧માં ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટની સ્થાપના કરી, ત્યારપછી ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ એટલે કે જી.એસ.ડી.એમ.એ.ની રચના કરવામાં આવી હતી. જ્યારે જ્યારે ગુજરાતમાં ભૂકંપ અથવા કોઇ અન્ય કુદરતી આફત આવે ત્યારે એ વિસ્તારોનું પુનઃબાંધકામ કરવાનું હોય, પુનઃસ્થાપના કરવાની હોય, પુનઃવસવાટ કરવા જેવાં વિશાળ કામ આપણે વિશ્વબેંક, એશિયન ડેવલપમેન્ટ બેંક, આંતર રાષ્ટ્રીય સંગઠનો, ભારત સરકાર, રાજ્ય સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી કરી શકીએ છીએ. એના કારણે આપણે આપણા રાજ્યને ઝડપથી બેઠું કરી શકીએ છીએ. મને કહેતાં આનંદ થાય છે કે આ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ આપણા દેશના અત્યારના વડાપ્રધાન અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઊભો કર્યો હતો. આ વિભાગના કારણે ક્યારે વાવાઝોડું આવવાનું છે અને ક્યારે ભયંકર વરસાદ પડશે એની જાણ આપણને અગાઉથી થાય છે. જેથી કરીને આપણે અગાઉથી વ્યવસ્થા ઊભી કરી શકીએ છીએ. આ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ સરકાર સાથે રહીને આપણી પ્રજાને અને સંપત્તિને બચાવવાનું કામ કરતો હોય છે. મને કહેતા આનંદ થાય છે કે તાજેતરમાં ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં તાઉતે વાવાઝોડા સમયે ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા અગાઉથી જે માહિતી મળી તેના લીધે અગમચેતીનાં પગલાઓ ભરવામાં આવ્યાં હતાં. સરકારના કેબિનેટ મંત્રીશ્રીઓએ તમામ જિલ્લાઓમાં વ્યવસ્થા ઊભી કરવા માટે અધિકારીઓને ત્યાં રાખી જે વિસ્તારમાં વાવાઝોડાની મોટી અસર થવાની હતી, તે વિસ્તારમાંથી લોકોને પ્રસ્થાપિત કરી અને સુરક્ષિત જગ્યાએ લઈ જવા માટેની વ્યવસ્થા ડિઝાસ્ટર મેનેજમેન્ટના માધ્યમથી કરી છે. જે પ્રમાણે કોવિડની મહામારીમાં જિલ્લા વહીવટી પધ્ધતિમાં તમામ જિલ્લા ક્ષેત્રે કલેક્ટર કચેરી, તાલુકા ક્ષેત્રે મામલતદાર કચેરી અને તાલુકા પંચાયતના અધિકારીઓ સહિત તમામ લોકોએ જે કામ કર્યું છે એ પ્રશંસનીય છે. કુદરતી આફતોથી બચવા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટની જે રચના કરવામાં આવી છે અને સમય, સંજોગો અને આપત્તિકાળમાં ખર્ચ કરવા માટે માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કુદરતી આફતો અંગે રાહત માટેની જે માગણી લઈને આવ્યા છે તે સંદર્ભમાં વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોયું છે કે તાજેતરમાં જ કોરોનાની પરિસ્થિતિ ગઈ અને કોઈ પણ કુદરતી આફતો આવે ત્યારે તાત્કાલિક ધોરણે પગલાં લેવાનાં હોય અને તાત્કાલિક ધોરણે ખર્ચ કરવાનો હોય તેવા સંજોગોમાં કોઈ સ્પષ્ટ ગાઈડલાઈન કે રકમ વાપરવા માટેની સિસ્ટમ નક્કી હોતી નથી. આવા સંજોગોમાં ખૂબ મોટી રકમનો વપરાશ તેની પાછળ કરતા હોઈએ. સમાજના શ્રેષ્ઠીઓ પાસેથી પણ મોટાભાગે મોટી રકમ મળતી હોય તેનું વ્યવસ્થાપન કમિટી કરતી હોય છે ત્યારે આ પ્રકારના ખર્ચ માટે તેનો ઉપયોગ કઈ રીતે કરવો અથવા તેનું ક્રોસ વેરિફિકેશન કઈ રીતે થઈ શકે તેના માટે સિસ્ટમ હોવી જોઈએ. આમ તો એવું કહેવાય છે કે આફતને અવસરમાં પલટવાની માસ્ટરી સરકાર પાસે છે, પણ આ આફતને અવસરમાં પલટીને પણ ક્યારેક સિસ્ટમનો ગેરલાભ કઈ રીતે લેવાતો હોય છે તેવા બે કિસ્સા મારા ધ્યાને આવેલા છે. આફતને અવસરમાં પલટવાના કિસ્સા તો બને પણ અવસરને મહાઅવસરમાં પલટવાના કિસ્સા પણ મારા ધ્યાનમાં છે અને કદાચ એવું બને કે આ જ મોડસ ઓપરેન્ડીથી આફતને અવસરમાં પલટવાની ઘટનાઓ પણ બનતી હશે. વર્ષ ૨૦૧૮માં ૧૫મી ઓગષ્ટનો કાર્યક્રમ સુરેન્દ્રનગર જિલ્લામાં યોજાયો. એ કાર્યક્રમમાં એક જ કામ માટે અલગ-અલગ વિભાગ સામાન્ય વહીવટ વિભાગ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, ગ્રામ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, મહિલા આર્થિક વિકાસ નિગમ, મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફથી અલગ-અલગ હેડ હેઠળ રૂ. ૨૨૫ લાખ આવે છે. તેની સામે ખાનગી વ્યક્તિઓ, ઉદ્યોગપતિઓ, શ્રેષ્ઠીઓ પાસેથી રૂ. ૧ કરોડ ૧૯ લાખ આવે છે. એવું પણ ધ્યાનમાં આવે છે કે બારોબાર સરકારી કોન્ટ્રાક્ટરો પાસેથી કાર્યક્રમનો ખર્ચ ચૂકવવામાં આવ્યો હોય છતાં પણ તમામ ચૂકવણાના ખર્ચ સરકારી હેડ ઉપર પણ પાડવામાં આવ્યા છે. એવા જ એક કાર્યક્રમમાં માનનીય વડાપ્રધાનશ્રી એરપોર્ટનું ખાતમુહૂર્ત કરવા માટે ચોટીલામાં પધારે છે અને આપણે અંદાજ કરીએ કે વડાપ્રધાનશ્રીના કાર્યક્રમનો એક કલાકનો ખર્ચ કેટલો હોઈ શકે. રૂ. એક કરોડ, બે કરોડ, ત્રણ કરોડ, નહિ પૂરેપૂરા રૂ. ૭ કરોડ ૮૩ લાખ ૪૩ હજાર ૪૭૩. ભારતીય જનતા પાર્ટીનો ૨૫ વર્ષથી વફાદારીપૂર્વક કામ કરતો એક કાર્યકર આર.ટી.આઈ. હેઠળ માહિતી માગે અને તેને માહિતી મળે છે કે 'સાધનિક કાગળો મળતા નથી. મળે ત્યારે તમને ઉપલબ્ધ કરાવવામાં આવશે.' છેલ્લા એક વર્ષથી આ કાગળો રેકર્ડ ઉપરથી ગુમ છે. જે વિસ્તારમાં પીવાનું પૂરતું પાણી નથી, શિક્ષણ માટે પૂરતા ઓરડા નથી, ખેતીવાડી માટે પૂરતી વીજળી નથી એવી જગ્યાએ આપણે આવા રજવાડી ખર્ચ કરી રહ્યા છીએ.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી જે માંગણીઓ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરૂ છું. ખાસ કરીને, આજે ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોની ચિંતા થાય છે. એમાં મારા બનાસકાંઠા, કચ્છ અને સુરેન્દ્રનગર આ ત્રણે જિલ્લાઓમાં વાડા ખરાબાઓનો ખૂબ મોટો પ્રશ્ન છે. વર્ષ ૧૯૬૮થી એના નિયમો માટે એક ઠરાવ કરવામાં આવ્યો. તેમ છતાં કોઇપણ સીમતળના વાડા આજસુધી નિયમબદ્ધ કરવામાં આવ્યા નથી. શહેરોમાં ગેરકાયદેસર સોસાયટીઓ બની હતી તો એની જંત્રીઓ લઇ, ઇમ્પેક્ટ ફી ભરાવી કાયમી કરવામાં આવી. તો અમારા વિસ્તારના આ વાડા ખરાબાઓનો જે પ્રશ્ન છે એની ઇમ્પેક્ટ ફી ઓ લઇ તથા જંત્રી આધારે અમે પૈસા ભરવા પણ તૈયાર છીએ તો બે હાથ જોડીને વિનંતી કરું છું કે આ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવે. વર્ષોથી ખેડૂતો એ વાડાઓનો ઘાસચારો રાખવા, ઢોરઢાંખર રાખવા તથા આજે

રહેણાંક માટે પણ ઉપયોગ કરે છે. શ્રી શંકરસિંહ વાઘેલાની સરકારથી લઇ અત્યાર સુધી જયારે પણ ચૂંટણી આવે ત્યારે પરિપત્ર કરવામાં આવે છે કે તમારા આ વાડા નિયમબદ્ધ કરવામાં આવશે, પણ હજુસુધી અમારા વાડા નિયમબદ્ધ કરવામાં આવ્યા નથી. તો માનનીય મંત્રીશ્રી પાસે અમારી એટલી જ આશા છે કે, જેમ તમે લોકોના પ્રશ્ન સાંભળવા તથા હલ કરવા માટે રીક્ષામાં બેસીને દરેક જગ્યાએ જાઓ છો તથા જલદી નિર્ણય લેવા માટે કહો છો તેમ અમારા વિસ્તારના પ્રશ્નનો પણ કાયમી નિકાલ લાવી આપો. બીજું, પહેલી વખત વર્ષ ૧૯૫૪માં ખેડૂતોના ખેતરો માટે સરવે કરવામાં આવ્યો ત્યારે ટેકનીકલ કારણોસર ત્યાં સરવે ના થયો અથવા નાની મોટી ભૂલના કારણે આજે પણ અમારા વિસ્તારોના વાવ, થરાદ, સુઇગામ કે કચ્છના કેટલાયે ખેડૂતોની જમીનમાં ૩૭(૨) દાખલ થઇ ગઇ છે. અમે મામલતદારથી લઇ હાઇકોર્ટ સુધી લડ્યા. એમાં હાઇકોર્ટ પાછા મામલતદારમાં મોકલે. તેમ છતાં અમારા પ્રશ્નનો હલ થતો નથી. તો આપશ્રીને વિનંતી છે કે, આ ટેકનીકલ કારણોસર અમારા ખેડૂતોની જમીનમાં ૩૭(૨) દાખલ થઇ છે અને જમીન શ્રીસરકાર થઇ ગઇ છે. એમાં પણ અમને મદદરૂપ થાઓ અને અમારા વિસ્તારના લોકોના પ્રશ્ન હલ કરો. લેન્ડગ્રેબિંગનો કાયદો અમારા જેવા સામાન્ય ખેડૂતો કે જેનો વાડા ખરાબાઓનો પ્રશ્ન છે કે ૩૭(૨) નો પ્રશ્ન છે એમના ઉપર લાગું પડે છે. કોઇ મોટા જમીનના ધંધા સાથે સંકળાયેલા લોકો ઉપર આ લેન્ડ ગ્રેબિંગ લાગું પડે તેનો વાંધો નથી. પણ જે ખેડૂતો પોતાના નાના-નાના ઘર બનાવીને વાડાઓ કે ખેતરોમાં રહે છે એના ઉપર મહેરબાની કરીને આ કાયદો લાગુ કરવામાં ન આવે કે જેથી કરીને ગરીબ લોકો ત્યાં પોતાનું જીવન જીવી શકે. પસાયતા ધારો, ઇનામીધારો અને દેવસ્થાનની જમીનોના નિયમબદ્ધ કરવા માટેના જે ૨૮ જેટલા પ્રશ્નો છે એનો કાયમી નિકાલ કરવા માટેના નિયમો નકકી કરવા માટે ૪ વર્ષથી કમિટી બની છે. વારંવાર આપશ્રીને પણ રજૂઆત કરી છે અને અગાઉના મંત્રીશ્રીને પણ રજૂઆત કરી છે. પરંતુ હજુ સુધી આનો કોઇ નિકાલ આવતો નથી. અમારા થરાદ વિધાનસભાના ડોડગામ, નાગલા અને ખાનપુર આ ત્રણે ગામમાં વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૭માં ભયંકર પુર આવ્યું હતું, ત્યારે તત્કાલીન માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ત્યાં આવીને આ ત્રણે ગામોના પુનર્વસન માટેની જાહેરાત કરવામાં આવી હતી. આજ સુધી આ ત્રણે ગામોમાં પુનર્વસનની કોઇ કામગીરી કરવામાં આવી નથી. આજે આખું ગામ ખંડેર બની ગયું છે, ભૂતિયાળ બની ગયું છે ત્યારે આ ત્રણે ગામોનો જે પુનર્વસનનો પ્રશ્ન છે તેનો નિકાલ કરવામાં આવે, તેવી આપશ્રીને વિનંતી છે. ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા બે-ચાર સભ્યો છે એ બોલી શકે એટલા માટે થોડો સમય વધારવા માટે વિનંતી કરું છું.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, બે-ચાર સભ્યો નહીં, બે સભ્યો એમના બોલે એટલી એમને તક આપો. અને મંત્રીશ્રીને એટલો સમય વધારી આપો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, બે સભ્યો માટે પાંચ પાંચ મિનિટ વધારવામાં આવે, અને એ દસ મિનિટ મને પણ વધારી આપવામાં આવે. એ રીતે એમને તક આપો. એ બે સભ્યો બોલી લે પછી હું જવાબ શરૂ કરું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતનો પ્રશ્ન છે, ખેડૂતોની ભાઇઓ ભાગની વહેંચણીમાં હિસ્સા માપણી ફરજિયાતનો એક પરિપત્ર કરવામાં આવ્યો છે. કેટલાયે લોકો હેરાન થાય છે, હિસ્સા માપણી કરવાનો જે પરિપત્ર થયો, કયારેય ભાઇઓ ભાગની વહેંચણીમાં આવી હિસ્સા માપણી કરવાનું નહોતું, અત્યારે સ્થિતિ એવી છે કે કોઇ ચાર ભાઇઓ જુદા થાય એટલે બહેનોના ભાગ ઉઠાવવાના હોય, બહેનોના ભાગ ઉઠાવવામાં એ લોકો સુરત અને અમદાવાદ કે બીજે જયાં રહેતા હોય ત્યાંથી બોલાવીને કાગળો તૈયાર કર્યા હોય, અને એ પ્રોસિજર પૂરી તૈયાર કરી હોય, હિસ્સા માપણીમાં દોઢ વર્ષે વારો આવે છે. માપણી કરાવવાની આજે અરજી કરીએ તો દોઢ વર્ષે વારો આવે, ત્યાં વેઇટિંગ છે, હવે એ દરમિયાન કોઇક એકાદનું મૃત્યુ થયું તો એમણે પાછી પ્રોસિજર કરવાની, બધાનાં નામ પાછાં વારસાઇમાં ચઢાવવાનાં, અને દસ વીઘાનો ખેડૂત હોય અને ચાર ભાઇઓ જુદા થાય, અને હિસ્સા માપણી કરાવ્યા પછી એમાં એક વીઘો જમીન ઘટી તો ચારેયનું પાછું ગોટાળે ચડે છે. એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે, હિસ્સા માપણી છે એ અમૂક જિલ્લાઓમાં જ છે. અમૂક જિલ્લામાં પરિપત્રની અમલવારી નથી થતી, તો અમારા જૂનાગઢ જિલ્લામાં આ પરિપત્રની અમલવારી કરે છે, કરવું હોય તો આખા ગુજરાતમાં એ પરિપત્રની અમલવારી થવી જોઇએ, ફકત અમારા જૂનાગઢ જિલ્લામાં થાય છે, અને અમારા ખેડૂતો ખૂબ દુ:ખી છે. બીજી વાત સબ પ્લોટિંગની કરું. અમારે ત્યાં સબ પ્લોટિંગ નથી થતું, કોઇ બે ભાઇઓ હોય અને ૫૦૦ વારનો પ્લોટ હોય, હવે બે ભાઇઓને ૨૫૦-૨૫૦ વાર જગ્યાની બે ભાઇઓએ ભાગ પાડવાનો હોય તો સબ પ્લોટિંગ નથી થતું, એક જ ભાઇના નામે દસ્તાવેજ થાય, તો અમારા જિલ્લાનો જ આ પ્રશ્ન છે કે આખા ગુજરાતનો છે? તો બે નંબરમાં સબ પ્લોટિંગ થાય અને બન્નેની નોંધ અલગ અલગ પડે તેવી મારી રજૂઆત છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે અમારે ત્યાં કુબા નામનું ગામ છે. આ કુબા ગામ માટે ગયા વર્ષે મેં પ્રશ્ન પૂછયો અને સમય પૂરો થઇ ગયો હતો. દસ વર્ષ પહેલા આ ગામનું છ નંબરનું રેકર્ડ ગૂમ થઇ ગયું છે. દસ વર્ષ થયાં આખા ગામના ખેડૂતો હેરાન થાય છે, છ નંબરના રેકર્ડ ઉપરથી બધું થતું હોય છે, કોઇને બિન ખેતી કરવું હોય, કોઇને લોન લેવી હોય, કોઇને કયાંક જમીનના દાખલા જોઇતા હોય તો એ મળતા નથી. એ રેકર્ડ દસ વર્ષ સુધી મળતું નથી. કોણ ચોરી ગયું તેની સામે ફરિયાદો થઇ પણ હજુ સુધી મળ્યું નથી તો મારી વિનંતી છે કે આખું ગામ હેરાન થાય છે તો ૬ નંબરનું નવું રેકર્ડ ઉભું કરવું પડે તો એ પણ નવું ઉભું કરવું તેવી મારી વિનંતી અને માગણી છે. તો જ એ ખેડૂતોને ન્યાય મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા આપણી રેવન્યુની જમીનો, પછી ગ્રામ પંચાયતની જમીન હોય, ગ્રામ પંચાયતની જમીનમાં પીયત ફોરેસ્ટના નામે, રિઝર્વ ફોરેસ્ટના નામે વનીકરણના નામે તમામ ગૌચરો અને ગ્રામ પંચાયતની જમીન દબાવી દીધી છે. તો મારી વિનંતી છે કે કોઇ પણ સરપંચ એક લેટર લખીને આપી દે કે આ ગ્રામ પંચાયતનો ખરાબો છે અને

વનીકરણમાં આપીએ છીએ, આ ગ્રામ પંચાયતનું ગૌચર છે એ વનીકરણમાં આપીએ છીએ એ ન ચાલે, અધિકારીની પણ સહી જોઇએ, એના ઠરાવ જોઇએ તો જ તમે વનીકરણના નામે ફોરેસ્ટના નામે જમીન આપી શકો. એટલે એવી દરખાસ્ત લાવો કે જેટલી વન વિભાગે ગુજરાતની જમીન દબાવી છે, તમામ ગ્રામ પંચાયતોનો આ પ્રશ્ન છે. ગામડાંમાં ખૂબ હેરાન કરે છે, તો આ વન વિભાગે પિયત ફોરેસ્ટના નામે, રિઝર્વ ફોરેસ્ટના નામે કે વનીકરણના નામે જે જમીન દબાવી છે, તે તમામ જમીન ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ પાસેથી છોડાવવી જોઇએ. અથવા આપણી પાસે લેન્ડ ગ્રેબિંગનો કાયદો છે જ. સરકાર કે તલાટી મંત્રી બે હજારની ફી ભરીને વન વિભાગ ઉપર લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ ગુનો દાખલ કરવો જોઇએ અને આ જમીન છોડાવવી જોઇએ. ગાયોની વાતો કરીએ છીએ, ગૌચરની તમામ જમીનો વન વિભાગે દબાવી દીધી છે. એટલે મારી વિનંતી છે કે આ મારા તમામ પ્રશ્નો બધાને લાગુ પડે છે એનો ઉકેલ આવે તેવી મારી વિનંતી છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, મને સમય આપવા બદલ ખૂબ ખૂબ આભાર. મારે બે ત્રણ વાત ઉપર માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ટુકડા ધારાનો નિયમ છે એમાં હું મારી વાત રજૂ કરું છું. જૂના ટુકડા ધારાનો નિયમ છે એમાં પિયત એક એકર અને બિન પિયત માટે બે એકર છે. સમય સંજોગો પ્રમાણે વસતિ વધારો થયો છે, પરિવારો વધ્યા છે પરિવારો મોટા થયા છે, ત્યારે ટૂંકી જમીનોવાળા ઘણા પરિવારોને આ ટુકડા ધારાના નિયમના કારણે ઘણી બધી મુશ્કેલીઓ થાય છે, એમના ખાતે જમીન ચડતી નથી. એટલે મંત્રીશ્રીને વિનંતી છે કે એમાં સુધારો કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ કરવી છે કે વારસાઇની એન્ટ્રી પાડવામાં આવે છે. આ વારસાઇની અંદર સીધી લિટીના વારસદાર હોય છે, એમાં દીકરા કે દીકરીના સંતાનો પોતાના હક્ક જતા કરે તો કોઇ સ્ટેમ્પ ડયૂટી લેવામાં આવતી નથી. જયારે આની અંદર સીધી લીટીના વારસદાર તરીકે સંતાનનું નામ દાખલ થયેલ હોય એનો મેં કાગળ પણ લખેલ છે. વારસદાર છે એનો હક્ક જતો કરે પુત્રી હોય એ એનો વારસદારનો હક્ક જતો કરે તો પણ એની પાસેથી સ્ટેમ્પ ડ્યૂટી લેવામાં આવે છે તો એનો જે પરિપત્ર છે એમાં સુધારો કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો મુદ્દો એ છે કે જે ફળઝાડની જમીન સરકારે લીઝ પટ્ટે આપેલી છે. ભૌગોલિક પરિસ્થિતિના કારણે આજે ત્યાં ખેડૂતો મહેનત કરે છે છતાં ફળઝાડ થતા નથી એના લીધે વળતર મળતું નથી, ત્યારે સરકારશ્રીને તથા માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જે સાથણીની જમીન છે એને જૂની શરતમાં ફેરવીને ખાતેદારોને હક્ક આપેલ છે, એવી રીતે ફળ ઝાડની જમીન ઘણાં વર્ષોથી એટલે કે સન ૧૯૬૧ કે ૧૯૭૧ થી કબજો જેને આપેલો છે, એમના ખાતેદાર હક્ક તરીકે એમને જમીન આપવી જોઇએ, જેથી એ જમીન ઉપર બીજું વાવેતર કરીને પોતાનું ગુજરાન ચલાવી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારી સરકારશ્રીને વિનંતી છે કે ગામતળની અંદર સરકારી ખરાબો નથી પણ જયાં ગૌચર છે. ગામમાં વસતિનું પ્રમાણ વધ્યું છે, જયાં પ્લોટ ધરાવવા કે પરિવાર મોટા થતા હોય ત્યાં જમીનની જરૂરિયાત હોય ગામતળ નીમ કરવા માટે જે ગૌચરની જમીન હોય એને નીમ કરવાનો પરિપત્ર કરે, તો ઘણા ગામોમાં સો ઓરસવારથી લઇને સરકારી આવાસ યોજનાનો લાભ લઇને જેણે મકાનો બનાવવા છે, જે જમીનના કારણે બનાવી શકતા નથી, તો ગૌચરમાંથી ગામતળ નીમ કરવાનો સરકાર અધિકાર આપે અને આ નિયમ કરવામાં આવે તેવી સરકારશ્રીને મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં મારું પોતાનું ગામ દરિયા કાંઠા ઉપર આવેલ છે. ત્યાં ત્રણ નદીઓનો સંગમ મારા ગામમાંથી પસાર થાય છે. અતિ વરસાદ ગીરમાં આવે ત્યારે ત્યાં પુષ્કળ પાણી આવે છે એના માટે સરકાર સાઇકલોન સેન્ટર બનાવવા ડિઝાસ્ટર મેનેજમેન્ટનું બિલ્ડિંગ બનાવવાની યોજના છે. એના માટે મેં મારી ત્રણ હજાર મીટર જમીન એલોટ કરી દીધી છે. પરંતુ ડિઝાસ્ટર મેનેજમેન્ટનું બિલ્ડિંગ બનાવવાનું હતું એ આજની તારીખ સુધી બન્યું નથી. તો એ વહેલામાં વહેલી તકે બનાવવામાં આવે. કારણ કે આની અંદર મેં મારી માલિકીની ત્રણ હજાર મીટર જમીન આપી છે. અમારું ગામ દરિયાકાંઠા ઉપર આવેલ છે અને નીચાણવાળો વિસ્તાર છે. પાણી આવે એટલે દર વર્ષે નીચાણવાળા વિસ્તારમાંથી ઉંચાણવાળા વિસ્તારમાં શિફટ થવું પડે છે. એટલે વહેલી તકે સાઇકલોન સેન્ટર બનાવવામાં આવે તેવી મારી રજૂઆત છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મારો પ્રશ્ન એ છે કે ગામતળ વાળા પ્લોટ શહેરી વિસ્તારની બાજુમાં દોઢ કિલોમીટર દૂર હોય તો પણ શહેરી વિસ્તારનું મૂલ્યાંકન કરીને ગામતળના પ્લોટ પાડ્યા હોય એને શહેરી વિસ્તાર સાથે કરીને એની મૂલ્યાંકન કિમતમાં વધારો થયો છે, એના લીધે ગ્રામ્ય વિસ્તારના ગરીબ માણસો પ્લોટ લઇ શકતા નથી. એટલે એમાં સરકારશ્રી વિચારણા કરીને સુધારો કરે તેવી મારી વિનંતી છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના મિત્રોએ મહેસૂલની બાબતમાં ખૂબ ચિંતા કરી છે. વિગતવાર રજૂઆતો પણ કરી છે. માનનીય શ્રી પરેશભાઇ ધાનાણીજીએ પણ ખૂબ મુદ્દા રજૂ કર્યા છે. હું મારા વિભાગની વાત પછી કરીશ. આપના પ્રશ્નોની થોડી વાત કરી લઉં. પહેલો મુદ્દો જે રજૂ કર્યો તેમાં પાંચ રૂપિયા કેમ લેવાય છે? વીસ રૂપિયા શા માટે લેવાય છે? આ દાખલા માટે વીસ રૂપિયા, તે દાખલા માટે વીસ રૂપિયા. મારું નમ્રતાપૂર્વક માનવું છે અને આપને વિનંતી પણ કરવી છે કે એક જમાનો હતો કે આપણને શહેર-ગામની અંદર લોકો માટલાં મૂકીને પાણી મફત આપતા હતા. લોકો સેવા માટે પાણી પીવડાવતા હતા. સમય બદલાઇ ગયો, હવે પાણીની બોટલ વીસ રૂપિયામાં પણ આપણે શોધવી પડે કે ક્યાં મળશે? કદાચ સરળતાથી મળે તો ઠંડી ન હોય. એટલે સરકાર પાંચ રૂપિયા અને વીસ રૂપિયા કેમ લે છે, માનનીય શ્રી પરેશભાઇને એ પણ કહેવું છે અને મારે એમને અભિનંદન પણ આપવા છે અને આભાર એ રીતે માનવો છે કે આપે ખૂબ સ્પષ્ટ વાત પણ કરી કે રકમ ખૂબ નાની છે. આ શબ્દ આપે વાપર્યા. જ્યારે રકમ ખૂબ નાની છે તો તેના માટે આ પ્રશ્નને વિધાનસભામાં લેવો, હું માનું છું ત્યાં સુધી રકમ

ખરેખર નાની છે અને એની કોઇ એવી આવક નથી. પાંચ રૂપિયા અને વીસ રૂપિયાની એવી કોઇ આવક ન થાય. રી-સરવેની વાત કરી તેની વાત પર હું આવું છું, કારણ કે લાંબો વિષય છે. માનનીય શ્રી ભગાભાઇએ જે રજૂઆત કરી. એ ટુકડા ધારાનો જે નિયમ છે તેમાં એક એકર અને પિયત હોય તો બે એકર. આ વિષયની બાબત ચોક્કસ વિચારણામાં લેવી જોઇએ અને મારો એવો પ્રયાસ હશે કે આ પ્રશ્નનો નિકાલ આવે. વારસાઇ, સીધી લીટીની જે વાત આપે કરી, એ માગણીની અંદર સ્ટેમ્પ જે માગવામાં આવે છે એ વિચારણા હેઠળ છે. સ્ટેમ્પડ્યૂટી એ બાબતોમાં ન લેવાય એવો મારો મત પણ છે. જે હકારાત્મક પ્રશ્નો છે, જેના જવાબો હકારાત્મક રીતે આપી શકાય તેમ છે, મારો તેમાં પ્રયાસ રહેશે. ફળાઉ ઝાડ, સાંથણીની જમીનની બાબતમાં ફળાઉ ઝાડની જે જમીન હોય, સરકારે આપી હોય, વર્ષ ૧૯૬૦ની સાલથી ખેડતા હોય અને એ પ્રશ્નોની બાબતમાં ખેડૂત ખાતેદારના હક્કની વાત આપે કરી, જેથી ખેતી કરી શકે એ બાબત ચોક્કસ જોઇશું. ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે ૩૦૦૦ મીટર જમીન આપે આપી છે. આપને અભિનંદન, આ વિગત પણ અમે ધ્યાનમાં લઇશું. ગામતળ નીમ કરવા અને ગૌચરની જમીન. ગૌચરની જમીનની બાબતમાં નામદાર સુપ્રીમ કોર્ટ પણ બહુ જ કડક છે. અન્ય જગ્યા ન હોય તે સંજોગોમાં ગૌચરની જમીનને ગામતળ તરીકે નીમ કરી દેવી, બાંધકામ માટે, ગામના માણસો માટે. આ પ્રશ્ન છે પણ તેનો સહેલાઇથી ઉકેલ મળે તેવું મને લાગતું નથી. માનનીય શ્રી હર્ષદભાઇએ પણ ગામઠી ભાષામાં હિસ્સા માપણીની વાત કરી, ચાર ભાઇઓ હોય, બે બહેનો હોય, દોઢ વર્ષે વારો આવે અને વારો આવે ત્યારે કોઇનું મૃત્યુ થયું હોય. બધાના મૃત્યુ થાય એવી અપેક્ષા આપણે ન કરીએ. બધી અરજીઓમાં એવું નહીં થતું હોય, કદાચ એ પ્રશ્ન ખરો પણ દોઢ વર્ષે વારો આવે છે એ બાબતમાં ચોક્કસપણે ઝડપથી નિકાલ થવો જોઇએ એ બાબતમાં સરકાર તરીકે અને વ્યક્તિગત મારા તરફથી હકારાત્મક રીતે ચોક્કસ જોઇશું. ૬ નંબરના ૧૦ વર્ષથી રેકર્ડ ગૂમ છે. આપના ગામની વાત કરી અને નવું રેકર્ડ ઉભું થવું જોઇએ આ બાબત સાથે હું સંમત છું. આ બાબતે વિભાગ પાસે ચોક્કસપણે વિગતો મંગાવીશું. ગ્રામપંચાયતનો જે ઠરાવ થાય છે તેમાં વનીકરણમાં કોઇક નીમ થઇ જાય, કંઇક લખાઇ જાય, એમાં અધિકારીની સહી જોઇએ. આ બાબત પણ જાણવા જેવી અને મંજૂર રાખવા જેવી બાબત છે. તેની પણ અમે ચોક્કસ વિચારણા કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સી.જે. ચાવડાજીએ જે વાત મૂકી અને એમનો તો ખૂબ અનુભવ છે. મને એક વાતનો જરા ખચકાટ એવો લાગ્યો, જો કે એ બહુ સ્પષ્ટ છે. એ જ્યારે ડેપ્યુટી કલેક્ટર હતા ત્યારથી એ પ્રશ્ન ચાલે છે. એ પ્રશ્નની બાબતમાં એટલો લાંબો અને ગૂંચવાયેલો પ્રશ્ન હશે એવું માનું છું. આ પોલિસી મેટર છે. આ અંગે અમે ચર્ચા કરીશું. ૧ લાખ અને ૬૭હજાર રિસરવેની અરજી આવી એનો હું વિગતવાર જવાબ આપવા માગીશ. આદિજાતીના લોકો જમીન ખેડે છે એને માલિક બનાવવાની જે વાત છે, એમાં આ સરકારે ઘણુબધુ કર્યું છે એની વિગત હું આપને આપીશ, પણ આપે અંગ્રેજોના સમયમાં આમ થતું હતું એમ કરીને અંગ્રોજોના વખાણ કર્યા એ જરા મને ના ગમ્યું. ઘરથાળના પ્લોટ સૈનિકોને આપવા જોઇએ એવી વાત કરી તો અમે ઘણા બધાને આપ્યા છે એની હું વિગત આપું છું. લેન્ડ કમિટી જે બંધ થઇ ગઇ છે એની આપે વાત કરી, ઔડા, વુડા, સુડાની એ જે બાબત છે એ શહેરી વિકાસને લગતી પણ આવે છે એટલે હું એમાં વધારે નહીં કહી શકું. આપે જે એમ કહ્યું કે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થાય છે અને આવી કંઇક રજૂઆત પણ આપે આપી છે. સુરતની સરકારી જમીનની, ખેડૂતની જે વાત આપે કરી એ ૫૮૮ નંબર, આ બાબતે અમે ચોક્કસ જોઇશું. જે મંદિરની જમીનની વાત કરી એ પ્રશ્ન વિચારણા હેઠળ છે. પૂજારી જે હોય છે એના બીજા હક્કમાં મારું વ્યક્તિગત એવું માનવું છે અને એવો પ્રયાસ કરીશું કે એ મિલકત ડેટીની છે, મંદિરની છે, ભગવાનની છે, અને ડેટી ઇઝ ઓલસો અ પર્સન અંડર ધ લૉ તો એ જમીન ડેટીના નામ ઉપર જ ચાલવી જોઇએ એમાં બીજા કોઇના હક્કની વાત પણ ન હોવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગૌશાળાની વાત કરી, જ્યારે ગૌશાળા સિટીની અંદર આવી ગઇ હોય અને એને બીજે લઇ જવા માટે અને એને વેચીને જે કંઇ ધંધો થાય છે એમ આપે કહ્યું એમાં સરકાર તરફથી મારો એવો સ્પષ્ટ મત છે કે જ્યારે એ જમીન બીજે આપતા હોઇએ ત્યારે એ જમીન પાછી લેવી જોઇએ અને એના બાબતમાં ચોક્કસ -પણે યોગ્ય અને ન્યાયી જ કરવું જોઇએ. માનનીય શ્રી અરવિંદભાઇ પટેલે પણ ખૂબ સારાં સૂચનો આપત્તિ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના સંદર્ભમાં એમણે કહ્યા છે અને આ ગુજરાત વિકાસની ચરમસીમા ઉપર પહોંચી રહ્યું છે પરંતુ આપણે કેટલી મુશ્કેલીઓમાંથી પસાર થયા છીએ, જેમ કે પહાડ છે, જંગલ છે, સાગરનો ૧૫૦૦ કિલોમિટરનો દરિયાકીનારો છે, મહાનદીઓ છે એમાં વારંવાર પૂર આવે છે, કોઇક વખત ધરતીકંપ પણ આવી જાય છે એ સંજોગોની અંદર ડિઝાસ્ટર મેનેજમેન્ટ આદરણીય પ્રધાનમંત્રીશ્રી જ્યારે તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે આ વિભાગ શરૂ કર્યો, એ જોઇને કે આ રાજયમાં આટલી બધી આપદાઓ પહેલા પણ આવી છે અને હજી પણ આવી રહી છે, એના માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી ઉભી કરી, હું આ તબક્કે આદરણીય પ્રધાનમંત્રીશ્રીને આ ગુજરાતની જનતા માટે જે કાર્ય કર્યું છે એના માટે અત્યારે બિરદાવું છું. પાટલી થપથપાવી શકો. આ બાબતમાં કમસેકમ સારું કામ થયું છે, એક આખો વિભાગ ઉભો થયો છે. આપણે ત્યાં તાળી પાડવાની પ્રથા નથી, આપણે ત્યાં પાટલી થપથપાવવાની પ્રથા છે. આપણે આપદા મિત્રો નોંધ્યા છે, મને ખ્યાલ છે ત્યાં સુધી લગભગ ૫૦હજારથી વધારે આપદા મિત્રોની નોંધણી થઇ છે, એમને ટ્રેનિંગ અપાવાની ચાલુ થઇ છે જેને કારણે દરિયાકિનારે તાઉતે જેવું વાવાઝોડું આવે તો એ લોકો આપણને ઉપયોગમાં આવી શકે. જેમ મકવાણાજીએ આફતને અવસરમાં પલટવાની વાત કરી, અવસરને મહાઅવસર બનાવે છે એવી વાત કરી અને એની અંદર અનેક વિભાગ સાથે હતા અને આટલો ખર્ચ થયો એવી માહિતી સન ૨૦૧૮ની આપી રહ્યા છે. આ બાબત મારા એમાં કદાચ નથી આવતી. ભ્રષ્ટાચાર થયો એ અંગેની એમણે જે તે વિભાગને ફરિયાદ કરવી જોઇએ તો તપાસ થઇ શકે. ચોટીલા એરપોર્ટનો ખર્ચ થયો, મને એવું લાગે છે કે વિગત જુદી છે અને પ્રશ્ન જુદો આવી ગયો છે એટલે મારે આમાં કોઇ જવાબ આપવાનો રહેતો નથી. માનનીય શ્રી ગુલાબસિંહ રાજપૂતે પણ બે વાતો ખૂબ મહત્વની એમના વિસ્તારની કરી છે. ઘણાં વર્ષોથી ૧૯૬૮થી ઠરાવ થયો. વાડાના સંદર્ભની અંદર વર્ષોથી ત્યાં લોકો રહે છે તો આ અંગે પરિપત્ર વાડાને નિમયબદ્ધ કરવા માટે અને મને કંઇ નાયકની વાત કરી, હું નાયક નથી, મારે અનિલ કપુર બનવું પણ નથી,

પરંતુ મારે ચોક્કસ રીતે આ તમારા પ્રશ્નોની બાબતમાં વારંવાર તમે રજૂઆત નથી કરી. આપે મને એક વખત આવીને આની વિગતવાર રજૂઆત કરેલી અને તે દિવસે પણ હું સંમત થયેલો કે એની અંદર સરકારે જોવું જોઇએ અને સરકાર તરીકે મારે આમાં રસ લઇને કામ કરવું જોઇશે. ૩૭-૨ હાઇકોર્ટમાંથી મામલતદાર ટેકનિકલ કારણસર સરકાર આમાં મદદરૂપ થાય અને ૩૭-બીની જે આપે વાત કરી. એ બાબત ચોક્કસપણે જોઇશું અને નિરાકરણ માટે અવકાશ છે. લેન્ડ ગ્રેબિંગની વાત કરી. ગરીબ લોકો રહે છે, પસાયતા ધારો છે, ચાર વર્ષથી કમિટી થઇ નથી. અવાર નવાર રજૂઆતો આપે કરી હશે. આ બાબતમાં સરકારે જોવું જોઇએ. કારણ કે મહેસૂલ એટલો મોટો વિભાગ છે, બીજો પણ એક વિભાગ છે કમાઉ દીકરા તરીકે જી.એસ.ટી.ને એ બધું અને ટેક્સિસ અલગ હતા એ એક થઇ ગયા. પરંતુ મહેસૂલ એ સરકાર માટેનો કમાઉ દીકરો છે. એટલે ક્યાંકને ક્યાંક નાની મોટી બાબતમાં કોઇ રકમ મૂકવી જોઇએ. નહીં તો ખેડૂત ખાતેદારનો દાખલો ૨૦ રૂપિયામાં મળતો હોય તો માનનીય શ્રી સી.જે. ચાવડાજી એમના બધા કાર્યકર્તાને કહી દે કે આપણે કલેકટર ઓફિસમાં પરેશાન કરવા છે. રોજ ૨૦ રૂપિયા ભરે અને કહે ખેડૂત ખાતેદારનો દાખલો જોઇએ છે તો તંત્ર પરેશાન થઇ જાય. તંત્ર જ્યારે સારી રીતે કામ કરતું હોય તો સામાન્ય રકમ અમુક જગ્યાએ રાખવી જોઇએ એટલે એ રાખેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલના ઇતિહાસની વાત કરવા માગતો નથી. મારે એ નથી કહેવું, આપ જાણો છો કે ટોડરમલના સમયમાં મહેસૂલની બાબતમાં ઘણી પ્રગતિ થઇ હતી અને ત્યારથી જમીનની બાબતમાં માપણી અને બધી વિગતો આપણે જાણીએ છીએ. પરંતુ ગુજરાતની વાત કરીએ ત્યારે મારે સર સયાજીરાવ ગાયકવાડની વાત અવશ્ય કરવી પડે. એમના સમયની અંદર જમીન સુધારણાના ક્ષેત્રમાં એમનું બહુ જ મોટું પ્રદાન હતું. આજે જ્યારે જમીન મહેસૂલની વાત છે ત્યારે મારે આ બાબતમાં ગાયકવાડ સરકારને અભિનંદન આપવા જોઇએ. એમનાં ઘણાં એવાં પગલાંઓ છે કે આજે પણ વાંચીએ તો થાય કે સાંપ્રત છે. મારે એ નથી કહેવું કે સમગ્ર દેશમાં ગ્રોથ એન્જિન તરીકે આપણું ગુજરાત વિકાસનું મોડલ વિકસ્યું છે. કેમ કે આપ જાણો જ છો. મારે એ પણ નથી કહેવું કે આ મોડલને આગળ ધપાવવામાં માનનીય વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી તરીકે ખૂબ જ અથાગ પરિશ્રમથી ગુજરાતના નાગરિકો માટે કામ કર્યું છે. આ સંવેદનશીલ યશસ્વી મુખ્યમંત્રી માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના કુશળ નેતૃત્વ હેઠળ અમે કામ કરી રહ્યાં છીએ ત્યારે અને પારદર્શિતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના આધાર પર ગુજરાતના વિકાસની ઇમારત ચણાઇ ગઇ છે અને આગળ વધી રહી છે. ઇઝ ઓફ રેવન્યુ સર્વિસિઝના નેજા હેઠળ મહેસૂલ વિભાગે સેવાઓને સરળ, ઝડપી, પારદર્શક અને પ્લેટફોર્મે iora ની સફળતા બાદ તેને વધુ ઝડપી બનાવવા માટેનો અમારો પ્રયાસ છે. ઇ-ધરા, Anyror અને ગામ નમૂના નંબર ૭/૧૨ ના ૮ કરોડથી વધુ પાના સ્કેનિંગ અને ઇ-સીલ અને બારકોડયુક્ત પ્રમાણિત નકલ તેમજ આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી રિસરવેની કામગીરીથી મહેસૂલી સેવાઓને વધુ ડિજિટલ સ્વરૂપ આપવામાં આપણે સફળ થયા છીએ. નાગરિકલક્ષી તમામ મહેસૂલી સેવાઓમાં ઇ-સાઇન અને ઇ-સીલનો ફરજિયાતપણે ઉપયોગ કરીને તેઓ અમલ કરનાર મહેસૂલ વિભાગ રાજ્યનો પ્રથમ વિભાગ બન્યો છે. મારા મહેસૂલ વિભાગને હું અભિનંદન પણ આપું છું. મહેસૂલની વાતમાં હું એ વાત કરવા માગતો નથી કે આગામી નાણાકીય વર્ષના અંદાજપત્રમાં કુલ ૪,૩૯૪.૩૬ કરોડની રકમ મારા વિભાગને ફાળવવા બદલ હું ગુજરાતના યશસ્વી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો સમગ્ર રાજ્યના નાગરિકો વતી હું આભાર વ્યકત કરું છું. કારણ કે આપ એ જાણો જ છો. હું એ પણ વિપક્ષના મિત્રોને કહેવા માગતો નથી કે કાપ દરખાસ્ત પાછી ખેંચો અને માગણીઓ સર્વાનુમતે મંજૂર કરવા વિનંતી કરું છું. કારણ કે આપ જાણો છો કે હું આ વિનંતી આપને કરવાનો છું. મારે એ પણ નથી કહેવું કે revenue department is directly or indirectly connected with human life from cradle to grave. જન્મથી મરણ સુધી મહેસૂલ વિભાગ આપણી સાથે વણાઇ ગયેલો છે. કુદરતી આફત હોય કે માનવ સર્જિત આપત્તિ હોય, લોકોના ખભેખભા મીલાવીને લોકોની સુરક્ષા અને સલામતી માટે લોકોનું સ્થળાંતર, કેશડોલનું વિતરણ, ફૂડ પેકેટનું વિતરણ, જીવન જરૂરિયાતની અન્ય વસ્તુઓનું વિતરણ મારા મહેસૂલના અધિકારીઓ રાત દિવસ જોયા વગર કરે છે અને કોરોના કાળની અંદર પણ જોયું છે કે મહેસૂલ વિભાગના તમામ કર્મચારી/અધિકારીઓએ જાનના જોખમે આખો પ્રયાસ કર્યો છે. એમણે નિષ્ઠાપૂર્વક એમની જવાબદારી પૂર્ણ કરી છે. પશુ પંખી હોય કે કુદરતી આપત્તિ, ઘાસચારાના વિતરણથી માંડીને બધી જ જગ્યાએ મહેસૂલ વિભાગે ખૂબ કામ કર્યું છે. હું આપને અભિનંદન આપું છું. હું માનું છું કે મહેસૂલ વિભાગની અંદર ઘણા પ્રશ્નો છે અને એ પ્રશ્નો દરિયા જેવડા પ્રશ્નો હોય એવું માની લઇએ અને છે એ પ્રશ્નોના સુધાર અને ઉકેલ માટે લોકોના પણ સાથ સહકારની જરૂર છે અને આપના પણ સાથસહકારની જરૂર છે અને જે કોઇ પ્રશ્નો મારી પાસે આવશે એનો હકારાત્મક રીતે નિકાલ કરવાનો મારો પ્રયત્ન રહેશે અને એટલે જ મારે આ કહેવું છે કારણ કે નવું છે. મહેસૂલ વિભાગ અને ઉદ્યોગ વિભાગ કદમથી કદમ મિલાવીને કાર્યવાહી કરે છે. સરકારી પડતર જમીન કે જે અગાઉ ઔદ્યોગિક હેતુસર બજાર કિંમતના ૧૫ ટકાના દરે આપવામાં આવતી હતી એ નિતિમાં સુધારો કર્યો છે અને પૂર્ણ બજાર કિંમતના ૬ ટકાના વાર્ષિક દરેક દરે વસૂલી અને ફાળવણી કરવામાં આવતી હોય છે, કારણ કે મહેસૂલ વિભાગ અને આ સરકાર એવું ઇચ્છે છે કે ઔદ્યોગિક જેટલું વધે નોકરીઓ એટલી વધે, સરકારની આવક એટલી વધે, રાજ્ય ગૌરવપૂર્ણ વિકાસ વધુ કરી શકે એટલે એ નીતિમાં પણ અમે ફેરફાર કર્યો છે. ઔદ્યોગિક હેતુ માટે ૫૦ વર્ષના લાંબાગાળાના ભાડાપટ્ટે જમીનની ફાળવણી કરવાની તથા ૫૦ વર્ષ બાદ લીઝ રિન્યુ કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલી છે. રાજયમાં મૂડીરોકાણ વધુ ને વધુ આવે, રોજગારીનું વધુમાં વધુ સર્જન થાય અને વિકાસના વધુ ને વધુ આયામો સર કરી શકાય એ આ સુધારાનો હેતુ છે. મહેસૂલ વિભાગની અંદર આ પ્રોજેકટમાં ૫૦ કરોડથી ૧૦૦ કરોડનું લઘુત્તમ રોકાણ હોય અને ઉદ્યોગના પે રોલ ઉપર ૫૦ થી ૧૦૦ વ્યક્તિઓને રોજગારી મળે એવું ઔદ્યોગિક સંકુલ બનવાનું હોય તો એ પ્રોજેકટસને આ બધા લાભ આપવામાં આવે છે. ઔદ્યોગિક હેતુસર સેઝ સિવાય ફાળવેલ જમીનના કિસ્સામાં કંપની એકટની જોગવાઇઓ મુજબ મર્ઝર, ડીમર્ઝર, એમાલ્ગમેશન, એક્વિઝેશન

તથા શેર હોલ્ડિંગના ફેરફારને પરિણામે કંપનીનું નામ ફેર તબદીલી થવાના પ્રસંગે એ સંયુકત સાહસને જમીન તબદીલી પ્રસંગે બજાર કિમતની જગ્યાએ જંત્રી કિમતના ૨૦ ટકા પ્રિમિયમ વસૂલ કરવા બાબતે તા. ૨૨-૬-૨૦૨૧ ના રોજ ઠરાવ કરવામાં આવેલો છે. પ્રયાસ એવો છે કે કોઇક રીતે પણ ગુજરાતની જનતાને કયાંકને કયાંક લાભ થાય, એની ઉન્નતિ થાય, પ્રગતિ થાય એટલા જ માટે નાના ઇંટ ઉત્પાદકો માટે હાલમાં જ અમે નિર્ણય લીધો કે મોટા ઉદ્યોગોની સાથે સાથે ઇંટ ઉત્પાદકો માટે અમારો જે સહાનુભૂતિપૂર્વકનો અભિગમ છે. ૧૦,૦૦૦ એવા નાના ઇંટના ઉત્પાદકો છે, એમના માટે ઓનલાઇન જ ટેમ્પરરી એપ્લિકેશન કરવાની રહેતી હતી. એક ઝાટકે એમાં નિર્ણય લીધો કારણકે આ સરકાર ત્વરિત અને હકારાત્મક નિર્ણય લેવા માટે ખૂબ પ્રયાસ કરી રહી છે અને એને કારણે આપણે ઓફ લાઇન પણ ટેમ્પરરી એની પરમિશન આપી, જેને કારણે ૧૦,૦૦૦ ઇંટના ઉત્પાદકોને લાભ થયો. કોઇ એવી બાબત નહીં હોય કે જયાં આગળ અમારો પ્રયાસ ન રહ્યો હોય. ડાંગ જિલ્લામાં સાપુતારા ખાતેના ૨૪૨ જેટલા આદિવાસી વિસ્થાપિતોના વર્ષો જૂના રહેણાકના પ્રશ્નોને ઉકેલીને એક રૂપિયાના ટોકન દરે ૯૯ વર્ષના ભાડાપટ્ટે ૩૦૦ ચોરસમીટર સુધીના પ્લોટોની ફાળવણી કરવાનું ઠરાવ્યું છે. આ સરકાર માત્રને માત્ર ખેડૂતો હોય કે ઉદ્યોગકારો હોય એમની જ નથી. આદિવાસી હોય, કોઇ પછાત વર્ગના હોય એને માટે પણ ચિંતિત છે અને એટલે જ આદિવાસી ખેતમજૂરો માટે સરકારી આવાસની વાત જયારે આવે છે, ત્યારે ચીખલી ગામ ખાતે ૨૨૮ વ્યક્તિઓને કુલ ૨૮,૪૮૫ ચોરસમીટર જમીન ફાળવી છે. પાટલી થપથપાવવી હોય તો જોરથી થપથપાવવી અને તમે થપથપાવશો સારી વાતમાં તો વિપક્ષના મિત્રો એની અંદર પાછા નહીં પડે. કચ્છ ભૂજની વાત કરીએ, જે આપણે વાત કરીએ છીએ ગરીબ માણસો, છેવાડાનો માનવી, જે હંમેશા પરિસ્થિતિથી વિપરીત જીવન જીવી રહ્યા છે, એવા કચ્છ ભૂજના ડુમરા ગામે આપ તો જાણો છો સાથણીની ૯૮૪ એકર જમીનનો કબજો તા. ૧૧-૧૧-૨૦૨૧ ના રોજ મારા જ હસ્તે ૨૮૫ લાભાર્થીઓને સોંપીને તેમના વર્ષો જૂના પ્રશ્નોનું નિરાકરણ કર્યું છે. આ તબકકે હું કહેવા માગું છું. વર્ષ ૨૦૦૧માં જે ભૂકંપ આવ્યો, એના કારણે લગભગ ૨૦,૦૦૦ જેટલા મકાનો ધરાશયી થઇ ગયા. અનેક લોકોની જાન ગઇ. આ મકાનો પડી ગયા એમને તાત્કાલિક રહેવા કયાં જવું? સ્થળ ઉપર ડેબરીસ હતું. એટલે જયાં ત્યાં મકાનો બાંધ્યા. મકાનો બાંધવા માટે કેટલીક એન.જી.ઓ. મદદમાં આવી. રાજ્ય બહારના લોકો મદદે આવ્યા. વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી હોય એ લોકો મદદે આવ્યા, સ્વામિનારાયણના સંતોએ પોતે ફાળો કરીને મકાનો બાંધી આપ્યા. આ મકાનોની લગભગ ૧૭,૦૦૦ની નોંધણી થઇ છે. છેલ્લા ૪ મહિનાથી પ્રયાસ રહ્યો છે. આ ૧૭,૦૦૦ મકાનોમાં લગભગ ૧ લાખ લોકો રહે છે. આ મકાનો એમના નામ ઉપર નથી. ગમે ત્યાં બાંધેલા છે. કયાંક સરકારી કે ખાનગી છે. આ પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે ભરપૂર પ્રયાસો કરી રહ્યા છીએ. એમાં અમે આગળ વધ્યા છીએ. લગભગ ૧૬,૬૦૦ જેટલા મકાનોની નોંધણી થઇ ગઇ છે. વિગતો લઇ રહ્યા છીએ. પરિપત્ર કરવો પડે તો કરી રહ્યા છીએ. તમામ મકાનો માલિક ધારકો એ પોતે લોન લઇ શકે, મકાન બાંધી શકે, વેચી શકે, આપી શકે. ૨૦ વર્ષ થયા. આ પ્રશ્નોનો હકારાત્મક નિકાલ મહેસૂલ વિભાગ કરી રહ્યું છે. જોરથી પાટલી વગાડો તો તેઓ પણ વગાડે. તમારો હાથ જેટલો ઝડપી હશે હું મદદ કરવા તૈયાર છું. હું કયાંય નથી જોતો કે આ વિપક્ષનો છે કે મારા પક્ષનો છે. સરકાર તટસ્થ હોય છે અને હું આ ગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓને આશ્વાસન આપવા માગુ છું કે તમારો કોઇપણ પ્રશ્ન જેનું નિરાકરણ હશે, ન્યાયી હશે, તો ચોક્કસપણે હું મદદ કરવા માટે તૈયાર છું. આપને બધાને માટે ખુશીની વાત કરવા માગુ છું. સરકારી જમીન ઉપર કેટલીક નગરપાલિકાએ હેતુફેર કરાવ્યા સિવાય વિના મંજૂરીએ અજાણપણે શોપિંગ સેન્ટર બંધાવી દીધા. કયાંક ઓટલા બંધાવી દીધા અને એની ઓટલાની સંખ્યા ૧૦૦ ઉપરની હોય એવા મકાનો. ૭૦-૭૦ દુકાનો હોય, ૧૪૦ દુકાનો બાંધીને શોપિંગ સેન્ટર બનાવ્યાં હોય. આવા પ્રશ્નો ૨૦ વર્ષથી માંડી, ૧૭ વર્ષથી, ૯ વર્ષથી, ૫ વર્ષથી માંડી છેલ્લાં ૨ વર્ષમાં આવી ૧૧ નગરપાલિકાના પ્રશ્નો હતા. હું આપના માધ્યમથી તમામ માનનીય ધારાસભ્યશ્રીઓને કહેવા માગુ છું કે પ્રશ્નો ઉકેલવા અને ઝડપી ઉકેલ કરવા માટે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારની સૂચના છે અને એમનું માર્ગદર્શન છે. આવા પેન્ડિંગ પ્રશ્નોને તાત્કાલિક ઉકેલો. નગરપાલિકા ઇડર, જાફરાબાદ, વડનગર, ધાંગધ્રા, કપડવંજ, કોડિનાર, હળવદ જિલ્લાની કુલ ૧૦ નગરપાલિકાઓના આ ૨ વર્ષથી ૨૦ વર્ષના પ્રશ્નોના નિરાકરણ મીટિંગ બોલાવીને એનો ઠરાવ કર્યો છે અને નિયમિત કરવા માટેનો નિર્ણય લઇ લીધેલ છે. સંખ્યા કહું તો જાફરાબાદ નગરપાલિકા ૭૮ દુકાનો, ધાંગધ્રાની ૮ ઓફિસ, ૧૦૮ મોટા ઓટલા અને ૧૩૪ દુકાનો, વડનગર નગરપાલિકા ૧૬ દુકાનો, કપડવંજ ૪૨ દુકાનો, કોડિનારની ૧૦૬ દુકાનો, હળવદની ૧૪૦ દુકાનો આવાં શોપિંગ સેન્ટરનાં નિર્ણય લીધાં છે. સરકાર ખૂબ ઝડપથી કામ કરવા ઇચ્છે છે. હકારાત્મક રીતે નિકાલ લાવવા માટે ઇચ્છે છે. મારે શ્રી ગુલાબસિંહે જે રીતે કહ્યું તમે રીક્ષામાં જાવ છો. બધે નથી જતો. ત્યાં ગયેલો, કારણ કે જો હું સરકારી વાહન લઇને જાવ, પાયલોટ આગળ હોય તો વિભાગને ખબર પડી જાય. આ ખબર ન પડે એટલા માટે રીક્ષા પકડેલ. ચાલીને ૧.૫ કિ.મી. ભર તડકામાં રી-સરવે કયાં ચાલી રહ્યો છે. તો રી-સરવે ચાલતો હતો ત્યાં આગળ ચાલીને ગયો. ગાડી જાય તેમ નહોતી. તો ત્યાં જઇને ખેડૂતોની વચ્ચે અને તંત્રને ત્યાં સૂચના આપી છે. જયાં જયાં ગુજરાતની અંદર રી-સરવેના પ્રશ્નો છે. ૧૦૦ થી વધારે પ્રશ્નો છે તેવા ગામોમાં જઇ તેમના પ્રશ્નો જયાં સુધી ઉકલે નહિ ત્યાં સુધી ગામમાંથી પાછા આવવું નહિ. રી-સરવેના પ્રશ્નો ઉકેલી રહ્યા છીએ. હું માનું છું કે રી-સરવેના પ્રશ્નો છે. એની બાબત હું વિગતો આપીશ. મહેસૂલી મેળા શરૂ કર્યા એના કારણે મારા મહેસૂલના કર્મચારીઓ, અધિકારીઓ ઝડપી નિર્ણય લેવા માટે પ્રેરિત થયા છે. અને મને કહેતાં આનંદ થાય છે કે, વલસાડની અંદર, નવસારીની અંદર,આણંદની અંદર અને તે જ રીતે આપણા પ્રદેશના અન્ય જિલ્લાઓની અંદર સળંગ મહેસૂલી મેળા થવાના છે. તેના કારણે લોકોને એવી હિંમત થઇ છે કે, નાના નાના પ્રશ્નો હોય તો પણ ત્યાં લઇને આવે છે. તેના હું કેટલાક દાખલા આપીશ. આણંદ ખાતે નિલય દેવેન્દ્રભાઇ મહેતાને એકઝામના ફોર્મ ભરવાના ત્રણ દિવસ બાકી હતા. તેને આર્થિક રીતે નબળા વર્ગની પાત્રતાનું પ્રમાણપત્ર મેળવવાનું હતું. તે પ્રમાણપત્ર માટે બધા વિભાગે ના પાડી દીધી હતી. અહીં રહેતો હતો તો અહીં પણ પ્રયત્ન કર્યો, તેના પિતાશ્રી જે ગામમાં રહેતા ત્યાં પ્રયત્ન કર્યો અને જયાં જન્મ થયો હતો ત્યાં પણ પ્રયત્ન કર્યો. તે શક્ય ન બન્યું. તે જયારે

આણંદમાં આવ્યો અને તેના પિતાશ્રી જયાં કામ કરતા હતા તો ત્યાં આગળ બધી વિગતો લઇને ચર્ચા કરી, અધિકારીઓ સાથે નિયમની અંદર રહીને આર્થિક રીતે નબળા વર્ગની પાત્રતાનું પ્રમાણપત્ર તેના તે જ દિવસે તેને આપવામાં આવ્યું. એવી જ રીતે શાંતાબેન કાન્તીભાઇ ગોહિલ વૃદ્ધ પેન્શન યોજના માટે આવ્યા. વાત આપણને નાની લાગે છે પણ તેમના માટે ખૂબ મોટો પ્રશ્ન છે. તે પ્રશ્ન પણ ત્યાંને ત્યાં જ તે દિવસે આપણે હલ કર્યો. ગૌરીબેન રાજુભાઇ દેવીપૂજકને વીસ હજાર રૂપિયાની સહાયની વાત હતી. જે રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ મળે છે. તે સહાય તે જ દિવસે ત્યાં મંજૂર કરી દેવામાં આવી. વિષ્ણુભાઇ પટેલ ધર્મજના વતની હતા અને તેમનો જમીન સંપાદનનો પ્રશ્ન પડતર હતો. અમેરિકા પરત જવાનું હતું. તેઓ મહેસૂલી મેળામાં આવ્યા અને તેના તે જ દિવસે તેમને વળતરનો ચેક સુપરત કરવામાં આવ્યો. જલાલપોર તાલુકાના અબ્રામા ગામનો ન માન્યામાં આવે તેવો એક કિસ્સો છે. રમેશભાઇ પટેલ અને શંકરભાઇ દેસાઇ બે ખેડૂતો આવ્યા. માનનીય ધારાસભ્યશ્રી હાજર હતા, માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ પણ હાજર હતા. આ પ્રશ્ન આવ્યો તો બીજા ભાઇ દોડીને આવ્યા કે સાહેબ મને પણ આમાં સાંભળજો. તો મેં કહ્યું તમને શા માટે સાંભળવાના? તો કહે સાહેબ અમારા બંનેનો જ આ પ્રશ્ન છે. બંનેને બેસાડયા અને બંનેને ધીરજથી સાંભળ્યા. ઘણીવાર એવું બનતું હોય છે કે, સમયનો અવકાશ હોતો નથી એટલે પ્રશ્ન સોલ્વ થતો નથી. બંનેને સાંભળીને અને સમજાવ્યા અને ત્યાં જ સમાધાન થઇ ગયું. વર્ષો જૂના જમીનના પ્રશ્નનો ત્યાં નિકાલ થઇ ગયો, ત્યાં લખાણ થઇ ગયું અને ત્યાં એન્ટ્રીઓ પડી ગઇ. નિયમોની મર્યાદામાં રહીને હકારાત્મક રીતે અધિકારી વિચારતા થાય તેવો મારો હંમેશાં આગ્રહ રહ્યો છે અને તેનું આ પરિણામ છે. એક કિસ્સો તો એવો હતો કે, તે જ દિવસે મુંબઇથી અનાયાસે અને તેમને ખબર ન હતી કે અહીં આજે મહેસૂલી મેળો છે. એક ૮૦ વર્ષની ઉંમરના વૃદ્ધ વતનપ્રેમના કારણે વિચાર કર્યો કે, મારી વતનમાં જે જમીન છે તે અને હું મુંબઇ રહું છું એટલે વલસાડની જમીન મારે શિક્ષણના હેતુ માટે દાનમાં આપી દેવી છે. એ આવ્યા અને તેમનો પ્રશ્ન અમે હાથ પર લીધો. તેમની વહેંચણી ફેરફારની નોંધની મુશ્કેલીઓ હતી તેને તે જ દિવસે સોલ્વ કરી. તેમણે પ્રિમિયમની રકમના ૨ લાખ ૮૦ હજાર ૫૦૦ રૂપિયા ભરવાના હતા તેના માટેનો ઇન્ટીમેશન પત્ર ત્યાં જ આપી દીધો. તેમણે ભાવવિભોર થઇને કહ્યું કે, મને તો એમ હતું કે એકાદ વર્ષ લાગશે. ૮૦ વર્ષની ઉંમર છે અને તબિયત સારી રહેતી નથી. હું હોંઇશ કે નહીં હોઉં હું આ જમીન દાન નહીં આપી શકું. મહેસૂલી મેળાના કારણે કામમાં ગતિશીલતા આવી છે. ઝડપથી કામો થઇ રહ્યાં છે. આવા અનેક પ્રયાસો અમે કરી રહ્યા છીએ. આપના માધ્યમથી આ ગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓને જણાવવા માગુ છું કે, આધુનિક ટેકનોલોજીનો ઉપયોગની શરૂઆત તે વખતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ખૂબ આગ્રહથી ગુજરાત રાજ્યની અંદર આમેજ કરી છે. તેના કારણે ૭ કરોડથી વધુ ફેરફાર નોંધોના ડોકયુમેન્ટ અપલોડ થયા છે. જમીન વ્યવહારો અંગે થતા હુકમોની ૬ લાખ ૫૧ હજારથી વધુ નોંધો ઓનલાઇન દાખલ થઇ છે. તેને ત્યાં આવવું પડયું નથી અને તેને કોઇ તકલીફ પડી નથી. મારો કહેવાનો ભાવાર્થ એ છે કે, જયારે સરકાર ઓનલાઇન કરવા જઇ રહી છે ત્યારે ઘણીબધી પ્રક્રિયાઓ ઝડપથી થાય છે. તેમાં મહેસૂલી સેવાઓ ખૂબ આગળ છે. બે વર્ષની અંદર વારસાઇની ૩ લાખ ૭૮ હજાર અરજીઓ iORA પોર્ટલ પર ઓનલાઇન મળી. જયારે ઇ-ધરા કેન્દ્રમાં વારસાઇ અંગેની કુલ ૯૧ હજારથી વધુ અરજીઓ ઓનલાઇન મળી છે. કુલ વારસાઇ નોંધો ૪ લાખ ૯૧ હજારથી વધુ મળી છે. ૫૫ હજારથી વધુ ખેડૂત ખાતેદારોને ખરાઇ પ્રમાણપત્રો ઓનલાઇન આપવામાં આવ્યા છે. ૧૩ લાખથી વધુ મહેસૂલી કેસોની વિગતો ઓનલાઇન કરી છે. એ જ રીતે વર્ષ ૨૦૦૪ થી ૨૦૨૨ સુધીમાં ગામન નમૂના નંબર ૭/૧૨, ૮-અ, ૬ ની ૨૯ કરોડથી વધુ નકલો ગ્રામ પંચાયત ખાતેથી તથા ૫૪ કરોડથી વધુ નકલો ઇ-ધરા કેન્દ્ર ખાતેથી વિતરણ થયું છે. એટલે માનનીય પરેશભાઇએ જે કહ્યું કે લાંબી લાંબી લાઇન એ ઘણી ઘટી ગઇ છે અને આવી લાઇનો હવે લાગતી બંધ થઇ છે. સમગ્ર રાજયમાં iORAની ૨.૦ સિસ્ટમ લાગુ કરી છે અને ૩૪ જેટલી ઓનલાઇન સેવાઓ કરી છે અને તે ફેસલેસ કરી છે તમારે રૂબરૂ જવું પડે તેમ નથી. iORAના માધ્યમથી એ બધી ૩૪ જેટલી સેવાઓનો નિકાલ થાય છે વ્યક્તિઓએ પ્રત્યક્ષ જવાની જરૂર રહેતી નથી. ૧.૪૮ લાખથી વધુ અરજીઓ મળી જે પૈકીની ૧.૨૯ લાખ વધુ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. અરજીઓના નિકાલની ટકાવારી ૮૬.૭૬ ટકા છે. આ મારા વિભાગનો પ્રયાસ છે, ખાસ સરકારનો પ્રયાસ છે. એજ રીતે તા.૧૮-૧૧-૨૦૨૧ના ઠરાવથી કોમ્પ્યુટરાઇઝ્ડ જનરેટ થતા મહેસૂલી દસ્તાવેજોમાં ગામ નમૂના નંબર ૬, ૭/૧૨ અને ૮(અ)ની ડિજિટલી સાઇન QR કોડવાળી નકલો, પ્રમાણિત નકલો ઓનલાઇન પોર્ટલ ઉપરથી ઉપલબ્ધ થઇ રહી છે. જેમાં તા.૨૧-૦૩-૨૦૨૨ની સ્થિતિએ ૧૦.૪૬ લાખથી વધુ નકલો ઓનલાઇન ઇસ્યૂ કરવામાં આવી છે. ઇ-ચાવડી પહેલા આપણે ત્યાં ચાવડીમાં નોટિસ ચોંટાડવામાં આવતી. ૧૩૫(ડી)ની નોટીસ હોય ઇ-ચાવડીના માધ્યમથી આજે પરદેશ બેઠેલો કોઇ વ્યક્તિ પણ એ જોઇ શકે છે કે ઇ-ચાવડીમાં કોઇ નોટિસ તો નથી આવીને, મારા જમીનની કોઇ ફેરફાર નોંધની અરજી આવેલી તો નથીને? એ બધું જોઇ શકે છે. આ ડિજિટલી સમયને અનુરૂપ આ મહેસૂલ વિભાગ ખૂબ ઝડપથી કામ કરી રહ્યું છે અને એની સાથે સાથે પોર્ટલ ઉપર ઇ-ચાવડીમાં દુનિયાના કોઇ પણ ખૂણેથી આ જોઇ શકાય એમ છે. ઓટો-મ્યુટેશન, આપણે ઓટો-મ્યુટેશન પર ગયા છીએ, એમાં ખેડૂતો દ્વારા ખેતીની જમીનના જે વ્યવહારો કરવામાં આવે એની નીમ નોંધ હક્કપત્રમાં આ સાથે પડી શકે એવી વ્યવસ્થા મારા ખેડૂત મિત્રોની સરળતા અને એમના રક્ષણ માટે ઓટો-મ્યુટેશન કરવામાં આવ્યું છે, સીધી જ નોંધ પડી જાય છે. એજ રીતે ખેતીની જમીન, વેચાણના દસ્તાવેજની નોંધણી થતા તરત જ ઇ-ધારામાં આપો આપ હક્કપત્રમાં તેની નોંધ દાખલ કરવામાં આવે છે અને આજ દિન સુધીમાં ૪૪,૨૬૫ નોંધો ઓટો-મ્યુટેશનથી દાખલ કરવામાં આવી છે. પ્રોપર્ટી કાર્ડની ડિજિટલ શીલ્ડ નકલ iORA પોર્ટલના માધ્યમની ઓનલાઇન કરવામાં આવી છે જેમાં QR કોડ, આપણે બધા જ જાણીએ છીએ કે, QR કોડથી આપ જોઇ શકો છો એ સર્ટીફાઇડ નકલ છે, એ પ્રમાણિત નકલ છે. બેન્કમાં રજૂ કરી શકો છો, સરકારી કામકાજમાં રજૂ કરી શકો છો. ઇ-ધારાના જોડાણથી ખેતીની જમીનની ઓનલાઇન પરવાનગીથી કોઇની કોઇ પણ અરજી વિના બિનખેતી કરાવનારના નામે સીધું જ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવે એવી વ્યવસ્થા કરવામાં છે. ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી અને કરપ્શનને પણ અમે ડામવા માગીએ

છીએ. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રિસરવેની વાત છે તો એના સંદર્ભમાં ગુજરાત એક માત્ર રાજય છે કે જે નેશનલ લેન્ડ રેકોર્ડ મોર્ડનાઇઝેશન પ્રોગ્રામ હેઠળ કામ કરી રહ્યું છે. ફીલ્ડમાં જઇને માપણી કરવી, આધુનિક પદ્ધતિ અને આધુનિક સાધનોનો ઉપયોગ કરીને રિસરવે કરવો.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપને ૧૦ મિનિટનો સમય વધાર્યો છે. એટલે મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી આપણે ચાલુ રાખીએ પછી રિસેસ રાખીશું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજીનો ઉપયોગ કરીને ૧૬ બાય ૧૬ કિલોમીટરના અંતરે એક પોઇન્ટ નક્કી કરવામાં આવતું, કેન્દ્ર નક્કી કરવામાં આવતું અને એના માટે પ્રાઇમરી ગીડ ૪ બાય ૪ કિલોમીટરના અંતરે સ્ટેશનો નાંખી સેકન્ડરી ગીડ ઉભી કરવામાં આવી. પહેલા શું હતું કે ૧૬ બાય ૧૬ કિલોમીટરના માપથી કામ કરતા એની અંદર પાછા ૪ બાય ૪ કિલોમીટરના અંતરે સ્ટોન રોપી અને ખેતરોનો રિસરવે કરવામાં આવે છે અને આ જે મૉડેલ આપણે દાખલ કર્યું છે એ મૉડેલ જોવા અને અભ્યાસ કરવા માટે દેશના ૮ રાજયો આપણે ત્યાં ગુજરાતમાં આવી ગયા છે અને તમે કઇ રીતે આ નવેસરથી માપણી કરી રહ્યા છો ગુજરાતમાં એ જાણવા માટેનો એમનો પ્રયાસ છે. માનનીય અધ્યક્ષશ્રી, ખાતેદાર મિત્રોને જે તક આપવામાં આવે છે એમાં ગામે જઇને ગ્રામ સભાઓ કરવામાં આવે છે. ખાતેદારોને એની સમજણ આપવામાં આવે છે, માપણી સમયે ખેડૂત ખાતેદારોને હાજર રહેવા માટેની જાહેરાત અને ઢંઢેરો કરવામાં આવે છે. માપણી બાદ એલપીએમનું દરેક ખેડૂત ખાતેદારને વિતરણ કરવામાં આવે છે. આખરી રેકર્ડ તૈયાર કરીને ગામે પ્રમોલગેશન માટે ૩૦ દિવસ માટે રેકર્ડ ખૂલ્લું રાખતી વખતે વાંધાઓનો સ્વીકાર અને તેનો નિકાલ પણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રિસરવેના પ્રમોલગેશન બાદ પણ જો ખેડૂત ખાતેદારને વિના મૂલ્યે સાદી અરજીથી વાંધા નિકાલની અરજી કરવાની તક પહેલાં વર્ષ ૨૦૧૬ સુધી હતી. મારા વિભાગે અને આ સરકારે તે મુદ્દત આપણે વધારી દીધી છે અને આજે પણ ચાલુ છે. વાંધા નિકાલની અરજદારો દ્વારા મળતી અરજીઓ સંદર્ભે નિકાલ કરવાની સતત પ્રક્રિયા છે. પૈકી હિસ્સા માપણીની લગભગ ૬૦ ટકા જેટલી અરજીઓ જોતાં તેમાં અરજદારશ્રીઓ દ્વારા નિયમ મુજબ સંમતિ પત્રક રજૂ ન થતા તથા અરજદારોના પોતાના કૌટુંબિક પ્રશ્નો હોય આવી અરજીઓનો નિકાલ કરવામાં મુશ્કેલી અનુભવાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે એક ખાસ ઝુંબેશ પણ આના માટે શરૂ કરી છે અને મારો પ્રયાસ છે કે જયાં આગળ જામનગરની પણ વાત આવે છે માનનીય મંત્રીશ્રીએ પણ મને કહ્યું છે તો એવી તમામ જગ્યાઓએ જયાં આગળ સૌથી વધારે કેસ છે ત્યાં ઝુંબેશના ભાગરૂપ રિસરવેની કામગીરી ચાલી રહી છે. ૪૦ હજાર અરજીઓના લક્ષ્યાંકની સામે ૩૮ હજાર અરજીઓ અને ૬૪,૧૯૮ સરવે નંબરની માપણીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલી છે. ઝુંબેશની ખાસિયત એ છે કે, મેં અગાઉ પણ કહ્યું કે ૧૦૦ થી વધુ અરજીવાળા ગામોના ક્લસ્ટર બનાવીએ છીએ, એવા ૬૮ ગામોની ૧૧,૮૮૪ અરજીઓની માપણીની કામગીરી પૂર્ણ કરેલી છે. રાજયમાં રિસરવેની કામગીરી થયેલી છે, આ એક જાણવા જેવી વિગત છે જેમને પણ મહેસૂલ વિભાગની આ બાબતોમાં રસ છે ૯૫ લાખ સરવે નંબરોની સામે અત્યાર સુધીમાં માત્ર ૫.૨૮ લાખ વાંધા હતા. એટલે વાંધા ઓછા આવ્યા છે. જે રીતે આપણે ટી.વી.માં અને બધે પ્રચારાત્મક રીતે જોઇએ છીએ કે ખૂબ વાંધા જે આખા ગુજરાતની અંદર રિસરવેના પ્રશ્નો છે એવુ નથી, ૯૫ લાખની સામે જયારે ૫.૨૮ લાખ વાંધા આવતા હોય તો ટકાવારીની દ્રષ્ટિએ જોઇએ તો માત્ર ૫ ટકા વાંધા આવેલા છે અને તે આ સરકારની કામગીરી છે, તે આ ભારતીય જનતા પાર્ટીની સરકારની કામગીરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરવેની કામગીરી એક જટિલ પ્રક્રિયા છે તે આપ બધા જાણો છો, તેમાં માપણી, દુરસ્તી, સુધારા હુકમો, કેજેપી મને પણ ખબર નહોતી કારણ કે આ વિષય મારો નહોતો પણ કેજેપી એટલે કમી જાસ્તિ પત્રકનું શોર્ટફોર્મ છે. કેજેપી આ બધી નોંધ દાખલ કરવાની જે બાબતો છે માનનીય અધ્યક્ષશ્રી, વધુ સાધનોની ખરીદી પણ કરી રહ્યાં છીએ. ૯૬ સર્વેયરોને ૧૦ જિલ્લાઓમાં જિલ્લાના પોતાના સ્ટાફ ઉપરાંત આ કામગીરી ફાળવેલી છે. દસ જિલ્લામાં ૧૨ ડીજીપીએસ અને ૮૪ ઇટીએસ મશીનો કાર્યરત છે. આ કામગીરીને સુદ્રઢ બનાવવા માટે ડીજીપીએસ ૬૬ બેઝ વત્તા ૩૫૦ રોવર જેવા આધુનિક સાધનોની ખરીદી માટે રાજય સરકારે વર્ષ ૨૦૨૦-૨૧માં ૫૨ કરોડ જેવી માતબર રકમ ફાળવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલ આ કામગીરી માટે જીઆઇએલ દ્વારા ટેન્ડર કાર્યવાહી પ્રગતિમાં છે. મહેસૂલ વિભાગનો અથાગ પ્રયાસ છે. આપના તમામ સહકારની મને જરૂર છે. માપણી હેઠળના ૧૮,૦૪૬ ગામો પૈકી આપના માધ્યમથી તમામ માનનીય સભાસદોને, ધારાસભ્યશ્રીઓને હું જણાવવા માગુ છું કે, ૧૮,૦૪૬ ગામો પૈકી કુલ ૧૮,૦૩૫ ગામમાં માપણી પૂર્ણ થયેલી છે અને ૧૧,૯૮૮ ગામનાં રેકર્ડ પ્રમોગેટ થઇ ગયેલા છે. હાલમાં રાજયના કુલ ૩૩ જિલ્લા છે તે પૈકી ૫,૫૦,૩૯૬ વાંધા આવ્યા છે, જે મેં અગાઉ પણ જણાવ્યું જેમાંથી ૪,૨૯,૫૯૪ વાંધા અરજીનો માપણી પૂર્ણ કરીને નિકાલ કરવામાં આવેલો છે. હવે તો સ્વામિત્વ યોજના આવેલી છે. મારે થોડુંક હજુ કહેવાનુ બાકી છે કે જેથી કરીને આપણા તમામ ધારાસભ્યશ્રીઓને સંતોષ થાય. સ્ટેમ્પસ અને નોંધણીના પ્રભાગની અંદર બહુ ઓછું એવુ બને કે કરપ્શનને અટકાવવા માટે એક મંત્રી સ્વયં જાતે જઇને અને ચકાસણી કરે, તપાસણી કરે અને તેની ફરિયાદ નોંધાય.અને એન્ટી કરપ્શન બ્યુરોમાં એની ફરિયાદ નોંધાય. નવસારીમાં જે લોકોએ બનાવટી ડૉક્યુમેન્ટ તૈયાર કરીને, બનાવટી પાવર ઓફ એટર્ની તૈયાર કરવાની જે કાર્યવાહી કરી છે, જે ગુના કર્યા છે એવી ૧૦ ફરિયાદો ત્યાં જાતે જઇને નોંધાવી છે. ડી.એસ.પી.ને જઇને સૂચના આપી છે કે આ ગુના બન્યા છે એ તમામની ફરિયાદ થવી જોઇએ. મહેસૂલ વિભાગનો પ્રયાસ છે કે ખૂબ જ ઝડપથી અને તમામ કિસ્સામાં હકારાત્મક નિકાલ થવા જોઇએ. શ્રી બળદેવજી ભાઇએ હમણા જ રિસેસના સમયે એક અતિ ગંભીર વાત કરી કે જે લોકો અશિક્ષિત છે, જે લોકો ગરીબ છે, જેમને કાયદાનું જ્ઞાન નથી એવા વ્યક્તિઓની પાસે પાવર ઓફ એટર્ની તૈયાર કરાવવામાં આવે છે. વચ્ચેના પાના બદલી નાંખવામાં આવે છે અને બીજાં કામ માટે

પાવર ઓફ એટર્ની આપી હોય એના બદલે મિલકતો વેચાઈ જાય છે. એમની આ ફરિયાદે મને પણ વિચારતો કરી મૂકયો છે. આપનો પ્રશ્ન સાચો છે. એમાં સરકાર ચોક્કસ વિચારણા કરશે. પાવર ઓફ એટર્નીના કિસ્સામાં વધુ ચોક્કસાઇ રાખવાની રહેશે એ અંગેની જરૂરી સૂચનાઓ વિશે ચર્ચા-વિચારણા કરીશું. આપે ખૂબ શાંતિથી મને સાંભળ્યો એ બદલ ધન્યવાદ. હવે પ્રશ્નો રહેવા દઇએ પણ હું આપને વ્યક્તિગત રીતે વિનંતી કરું છું કે સરકાર પ્રયત્ન કરી રહી છે, ત્યારે આપની કાપ દરખાસ્ત પાછી ખેંચશો. (આ તબક્કે કૉંગ્રેસના સભ્યોએ પ્રશ્નો પૂછવા માટે હાથ ઊંચા કર્યા.)

અધ્યક્ષશ્રી : ૧૦ સભ્યો હાથ ઊંચા કરે છે. તમે મને વિરજીભાઇનું એક જ નામ આપ્યું છે. તમે નક્કી કરો શું કરવાનું છે? આપના વતી આપના નેતા બોલે છે. એમાં બધું આવી જાય.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા ( વિપક્ષના નેતાશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મેહસૂલ મંત્રીની માગણીઓ પર ચર્ચા કરવાની તક તો નથી મળી પણ માનનીય મંત્રીશ્રી જ્યારે ધારાસભ્યશ્રીઓના પ્રશ્નોના જવાબ આપતા હતા એના પરથી એવું લાગ્યું કે સરકાર પ્રજાના પ્રશ્નો માટે સાનુકૂળ વિચારણા કરી રહી છે. અમે ઇચ્છીએ કે આ પક્ષની વાત હોય કે પેલા પક્ષની વાત હોય પણ સાચી વાતને પ્રાધાન્ય મળે. સાથે-સાથે ખેડૂતોના સાથણીના પ્રશ્નોનો નિકાલ થાય. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ મળેલ જમીન રેવન્યુ રાહે દાખલ થવી જોઇએ. અમારે ત્યાં પડતર છે એની કાળજી રાખો. ખાસ કરીને મારા છોટા ઉદેપુર જિલ્લામાં ખેડૂતોના ખાતામાં ૭૩-(A) અને ૭૩-(AA)ની એન્ટ્રી પાડવાની બાકી છે. સરકારનો પરિપત્ર હોવા છતાં જે તે વખતે કામ કરનાર અધિકારીઓની નિષ્કાળજીના કારણે જે તે ગામમાં નોંધો તો પડી દા.ત. મારા ગામ જામલીમુસટમાં ૧૦૫ ખેડૂતો હોય એમાં ૯૫ ખેડૂતની એન્ટ્રી પડી ગઇ અને ૧૦ ખેડૂતને શા માટે બાકી રાખ્યા? હવે નોંધ પડાવવા જઇએ છીએ તો એમ કહે છે કે પૂરાવા લાવો. છોટા ઉદેપુર જિલ્લામાં આ બાબતે જે વિસંગતતા છે એની ખાતરી કરીને ખેડૂતોની જમીનના સંરક્ષણ માટે ૭૩-(A) અને ૭૩-(AA)ની એન્ટ્રી પાડવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ કે મારા કવાંટ તાલુકા મથકે જ્યારે છોટા ઉદેપુર સ્ટેટ હતું તે વખતના બ્લૉકના મકાનો છે. એ જર્જરિત થઇ ગયા છે. સારી જગ્યા છે. એ મકાનોને પાડીને તાલુકા પંચાયતનું મકાન બનાવો કે મામલતદાર કચેરી બનાવો કે સ્ટાફ માટે વિવિધલક્ષી મકાનો બનાવો. આ પ્રશ્ન સંકલનમાં હોવા છતાં કલેક્ટરશ્રી કે ડી.ડી.ઓ.એ કોઇ કાર્યવાહી કરી નથી. જેનું કોઇ માલિક હોતું નથી એનો માલિક કલેક્ટર હોય છે એવું અમે માનીએ છીએ ત્યારે આ જૂના મકાનો સરકાર હસ્તક લઇ એને ડિસ્ટ્રોઇ કરી નવા મકાનો રહેવા માટે અથવા ઓફિસ માટે બનાવવાની વિચારણા સરકાર કરે એવી માગણી સાથે અમારા સભ્યોની અને ખાસ કરીને શહેરી વિસ્તારની આજુ-બાજુના સભ્યોની કાળજી રાખશો તો અમે તમારી માગણીઓને સમર્થન કરવા સહમત છીએ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું કહેવા માગું છું કે જ્યારે વિપક્ષે આ વાતને હકારાત્મક રીતે લીધી છે ત્યારે હું મારી જાતને અને સરકારના અહોભાગ્ય માનું છું. ધન્યવાદ.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે અમારા મહેશ્વરી સમાજના એક ધર્મગુરુ પરમ પૂજ્ય વેલજી દાદાજીએ એક મહિના પહેલા અગમવાણી કરીને તા.૧૫/૦૪/૨૦૧૭ના આ જ સમયે, આ જ સ્થળે પોતે દેહત્યાગ કરશે એવું જાહેર કર્યું હતું અને એમણે એ જ સમયે અને એ જ સ્થળે દેહ ત્યાગ કર્યો હતો. આ એક ઐતિહાસિક ઘટના હતી. ફક્ત મહેશ્વરી સમાજ નહિ, પરંતુ કચ્છના તમામ સમાજના લોકો આ ઘટનામાં જોડાયા હતાં, ત્યારે સમાધિ માટે એમણે જે સ્થળ નક્કી કર્યું હતું તે સ્થળ માટે સમાજ તરફથી માગણી કરવામાં આવી છે, પરંતુ તે જગ્યાએ ગૌચર હોવાના કારણે હજુ સુધી શક્ય બન્યુ નથી. આ એક આસ્થાનું કેન્દ્ર હોવાના કારણે સમગ્ર કચ્છના લોકો વતી આ જગ્યા સમાજને ફાળવવામાં આવે તેવી હું આપને વિનંતી કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૩ હજારથી વધારે વસ્તી ધરાવતા ગામોમાં પી.આર. કાર્ડ ફરજિયાત કર્યા છે. ક્યાંક બિનખેતી થયેલ જૂના પ્રશ્નોનું એકત્રીકરણ થયું હોય અને ફરી સબ પ્લોટિંગ થયું હોય તેવા મારા અમરેલી જિલ્લામાં અનેક સોસાયટીઓમાં પી.આર. કાર્ડ આપવામાં આવતા નથી. તેના કારણે તે લોકોને લોન માટે ટી. સી. આર. મળતા નથી. સરકારની અઢી લાખવાળી યોજનાની સબસિડી મળતી નથી. બે નંબરમાં જેની નોંધ થઈ છે તેને તો પી.આર. કાર્ડ મળવું જોઈએ. આ મુશ્કેલી દૂર કરવા માટે વિનંતી કરું છું. બીજું, ખોટી રીતે ખેડૂતો બનીને જમીનધારકો થઈને મોટી-મોટી સોસાયટીઓ બનાવી છે, એ બાબતમાં મેં પત્ર પણ લખ્યો છે. આ બાબતમાં તાત્કાલિક તપાસ કરી ખરેખર ગેરકાયદેસર હોય તો તેના ઉપર પગલાં લેવાં વિનંતી છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે મહેસાણા જિલ્લાના કડી તાલુકાના મારા પોતાના ઝાલોદા ગામમાં જમીનના ૮૦ ટકા નકશા જુદા છે. લગભગ પાછલા એક વર્ષથી ચાર થી પાંચ ફરિયાદ કરવામાં આવી હોવા છતાં, આજ દિન સુધી એ ફરિયાદનો નિકાલ કરવામાં આવ્યો નથી. બીજું, ઉત્તર ગુજરાતમાં મોટાંભાગનાં ગામડાઓમાં જેને ખબર પડી એ લોકોએ અરજી કરી તેમની જમીનમાં સુધારા વધારા થઈ ગયા છે, પણ જે લોકોને ૭/૧૨ ની ખબર પડતી નથી, ઘણા બધા અભણ ખેડૂતોએ અરજી કરી નથી તેવા લોકોને એવું હોય છે કે અમારી જમીન કોણ લઈ જવાનું છે. મારે ફક્ત એટલું જ પૂછવું છે કે સરકારે જે જૂના ૭/૧૨ પ્રમાણે ૫ ટકા જમીન ફેરફાર હોય તો ચલાવી લેવું. વધારે ફેરફારવાળી જમીનમાં તલાટી દ્વારા ખાતરી કરીને ૫ ટકાની આજુબાજુ જ જમીનનો ફેરફાર થાય તેના બદલે એ જમીન ખેડૂતની હતી તે રીત કરવા માગો છો કે કેમ?

તા.૨૪મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન(નવમો દિવસ)

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એમના વક્તવ્યમાં એમણે જે બની ગયેલા અથવા ઈરરેગ્યુલેરિટીવાળા કોમર્શિયલ કોમ્પ્લેક્ષને નિયમિત કરવાની વાત કરી તેમાં મારે એમની પાસેથી વિશેષ સમજૂતી જોઈએ છે કે ક્યા પ્રકારના કોમ્પ્લેક્ષને રેગ્યુલરાઈઝ કરવા માગો છો? ક્યાંક એવું ન બને કે ભ્રષ્ટાચારને આપણે કાયદેસર કરી દઈએ. ક્યાંક એવું ન બને કે ગમે ત્યારે ગમે તેવું બિલ્ડિંગ બનાવી નાખે અને ૫-૧૫ વર્ષે આપણે તેને કાયદેસર બનાવી દઈએ. જે લોકો પ્રમાણિકતાથી કામ કરે છે તેની સામે આ ભ્રષ્ટાચાર આચરીને કોમ્પલેક્ષ બનાવી અને બી.યુ. પરમિશન ન લે અને ગમે ત્યાં દબાણ કરે તેને જો નિયમિત કરવાના હોય તો આ ભ્રષ્ટાચારને નિયમિત કરવા જેવી બાબત બનશે. આ બાબતમાં યોગ્ય સમજૂતી આપશો તેવી મારી વિનંતી છે.

નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને સૂચન કરવા માગું છું કે, આપ લોકમેળાઓ કરીને સારા એવા પ્રશ્નો ઉકેલો છો. તો પૂર્વ ધારાસભ્યશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓના જે પ્રશ્નો છે તેનો લોકમેળો રાખીને પ્રશ્નો ઉકેલો તો સારું, એના માટે કંઈક વિચારો?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, અમે વારંવાર રજૂઆતો કરી છે છતાં ગીર સોમનાથ કે જૂનાગઢ જિલ્લામાં ૨ નંબરની જે નોંધો પાડવાની હોય તે નોંધો પડતી નથી. એક માલિક જમીન કે પ્લોટ વેચે તો બીજાને વેચે, બીજો ત્રીજાને વેચે અને પછી એની જે એન્ટ્રી પડવી જોઇએ એ ન પડવાના કારણે મૂળ માલિકના નામે વેરા વસૂલાતનો મુદ્દો ઉભો થાય છે. બીજો મુદ્દો છે કે, જે જમીનની માપણી થઇ છે અને આપે જે અરજીઓનો નિકાલ કર્યો છે તો શ્રી બળદેવજીભાઇએ કીધું એમ, જે લોકોએ રજૂઆતો કરી છે, એનો નિકાલ થયો છે. મારી જમીન ૧૦ વિઘામાંથી ૧૫ વિઘા થઇ ગઇ. એટલે ૫ વિઘા વધી ગઇ. મને વધારે છે એટલે મેં અરજી કરી નથી. જેની ઓછી હોય તો અરજી કરે. એની માપણી કરી દીધા પછી બાજુના સરવે નંબરને તો એની અસર થવાની જ છે. આ સ્થિતિ છેલ્લે જે તે ગામને પાછી આવવાની જ છે. તો એના માટે આપણે શું કરીશું? એના માટે સ્પષ્ટતા કરવા વિનંતી છે.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ શ્રી ભગાભાઇના જવાબમાં કહ્યું કે, ગામતળની જમીનની જે માંગણીની વાત કરી હતી કે, ગૌચરમાં ગામતળ નીમ કરવામાં આવતું નથી. તો માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, આજે પણ ગામડામાં ગૌચરની અંદર ગામતળ નીમ કરવામાં આવે છે. એમાં સુપ્રીમ કોર્ટનો કોઇ બાધ નથી કે સુપ્રીમ કોર્ટ એના વિરુધ્ધમાં નથી. હું તો એમ કહું છું કે આજે ગામડામાં તમામ જગ્યાએ ખરાબામાં દબાણ થઇ ગયું છે. તો આ નીતિને વધારે પ્રાધાન્ય મળે અને ગૌચર નીતિમાં ફેરફાર થઇ એને થોડી હલકી કરી અને ગરીબો માટે ગૌચર નીતિમાં પ્રાવધાન કરવામાં આવે. જો કે ગૌચર નીતિમાં અત્યારે ગામતળ આપવાનું ચાલુ જ છે. મફત પ્લોટની યોજનાઓ છે. એટલે આપશ્રીને ક્લેરિફિકેશન માટે કહું છું કે ગુજરાતમાં ખોટો મેસેજ ન જાય. કલેકટરશ્રીઓ માંડ માંડ ગામતળ નીમ કરતા હોય છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મને સમય આપ્યો તે માટે આભાર. મારી માંગણી એટલી જ છે કે, મૂળ ગામમાંથી બે-ત્રણ કિલોમીટર જે ફળિયું દૂર હોય એવા છોટાઉદેપુર તાલુકાનું રાયસિંગપૂરા ગામથી વરધીફળિયું એ ત્રણ કિલોમીટર દૂર છે અને એની વસતિ ૩૦૦૦ની છે. એ ૩૦૦૦ની વસતિનું અલગ ગામ છૂટું પાડવા માટે મેં તારીખ ૨૬-૦૬-૨૦૧૩ના રોજ માંગણી કરેલી. ત્યારપછી, રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે તારીખ ૧૧-૧૧-૨૦૧૬ના રોજ ૧ થી ૧૭ મુદ્દાઓનું ચેકલિસ્ટ મુજબની તમામ માહિતી તૈયાર કરી કલેકટરશ્રી, છોટાઉદેપુરને તારીખ ૦૪-૦૫-૨૦૧૭ના રોજ સરકારમાં રજૂ કરેલી જે દરખાસ્ત સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામશ્રીની કચેરી ગાંધીનગરે તારીખ ૨૩-૦૨-૨૦૧૮ના રોજ નાયબ સચિવશ્રી, જમીન મહેસૂલ, એલ-૧ શાખા, મહેસૂલ વિભાગ, ગાંધીનગરને મોકલેલ હોવા છતાં તેમજ વર્ષ ૨૦૧૬ની દરખાસ્ત હોવા છતાં આજસુધી આ વરધીફળિયાને અલગ ગામ તરીકે જાહેર કરવાનો હુકમ કરતાં નથી. આટલી બધી મહેનત કરવા છતાં તેમજ જાતે જ આ ગામમાં દસ-દસ વખત ગયો તો પણ હજુ ગામ છૂટું પડતું નથી. તમે વર્ષ ૧૯૯૩ની કલમ -૭ મુજબ ગામનું વિભાજન કરવાની જોગવાઇનો ઠરાવ કરેલો, તેમ છતાં કામ થતું નથી.

શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૫૫ની સાલથી હું વડોદરા જિલ્લામાંથી આ વાઘોડિયા વિસ્તારમાંથી ચૂંટાઇને આવું છું. પણ વર્ષ ૧૯૯૦ની સાલના ગૌચરની અંદર મકાનો બનેલા છે, લાઇટ મળી ગઇ છે. પાણી મળી ગયું છે, એને નીમ કરવા જોઇએ એવું મારું સૂચન છે. મંત્રીશ્રીને મારી વિનંતી છે કે મારા વાઘોડિયાની અંદર સરકારના ધારા ધોરણ મુજબ જે પૈસા ભરવાના હશે તે ભરશે, પણ આવી ત્રણ ચાર જગ્યાએ ગૌચરની જગ્યામાં ગરીબ લોકો રહે છે તો એ ગરીબોને કાયદેસર કરવા માટે મારી વિનંતી છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા બધાનો જ ગ્રામ્ય વિસ્તારનો આ પ્રશ્ન છે. અને મુસડીયાજીએ જે વાત કરી એ સાચી વાત એટલા માટે છે કે ગ્રામ્ય વિસ્તારની અંદર જે ગામતળ છે એમાં ઓલરેડી જે ડેવલપમેન્ટ થવાનું હતું તે થઇ ગયું છે. પણ એમાં જો ૫૦૦ મીટરનો પણ વધારો થાય તો વધારે પડતું ડેવલપમેન્ટ થઇ શકે અને આપણી સરકાર હંમેશા ક્રાંતિકારી નિર્ણય કરવા માટે જાણીતી છે, એટલે આ થઇ શકે એમ છે. તો માનનીય મહેસૂલ મંત્રીશ્રીને અમે વિનંતી કરીએ છીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરવા માગું છું કે અમરેલી શહેરનો જે વિરજીભાઇએ કહ્યું તે મુજબ એક ઠરાવ કર્યો છે તેનો અમલ કરાવવાનો છે. મહેસૂલ વિભાગે તા.૨૦-૦૧-૨૦૨૦ના રોજ ઠરાવ ક્રમાંક સી.ટી.એસ./૧૩૨૦૧૮/૨૪૨૧/હ થી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવા માટે સ્વયંસ્પષ્ટ સૂચનાઓ આપી છે. પણ સેટલમેન્ટ કમિશનર દ્વારા આ ઠરાવનું અમલીકરણ ન થવાના કારણે ઘણાં વર્ષોથી બહુ બધા લોકોને પ્રોપર્ટી કાર્ડ, લોન લેવાના, એની કાયદેસરતાના, રજા ચીઠ્ઠીના પ્રશ્નો છે, આપના દ્વારા વિનંતી કરું છું કે આ ઠરાવ જે થયો છે તે ઠરાવનો અમલ કરવામાં આવે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન(નવમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે માનનીય ધારાસભ્યશ્રી મધુભાઇ શ્રીવાસ્તવએ કહ્યું એમ સો ચોરસ વાર થી ઓછી જમીનમાં જે ગરીબ માણસોના રહેણાકના દબાણ છે, ૧૫૬ નગરપાલિકા, ૨૪૮ તાલુકાના વડા મથકમાં આનો પ્રશ્ન છે. એટલે આવા રહેઠાણ માટેના સો ચોરસ વારથી ઓછી જગ્યાના દબાણો સરકારી ખરાબામાં, પડતરમાં હોય તો એને ટોકન પેનલ્ટી સાથે પણ નિયમિત કરવા સરકાર આગળ વધે એવી મારી વિનંતી છે.

શ્રી પ્રધુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા રેવન્યુ મંત્રીશ્રીને કહેવા માગું છું કે વર્ષ ૧૯૬૬માં જયારે બોર્ડર વિસ્તારમાં કચ્છમાં ખાસ જરૂર હતી, ત્યારે શીખ સમાજને આપણે અહીંયા સ્થાનિક કર્યા અને એ લોકોએ ખેતી કરી અને એ લોકોએ બહુ ડેવલપમેન્ટ કર્યું, કચ્છના લોકો પણ નહોતા કરતા એવી ખેતી એમણે શીખવાડી છે. પણ અત્યારે એમને પર પ્રાંતીય ગણીને ખેડૂત તરીકેની એન્ટ્રી નથી પડતી. આ બોર્ડર વિસ્તારમાં એમણે વધારે ને વધારે ડેવલપ કર્યું છે અને ઝનૂની કોમ છે અને ત્યાં એમની ખાસ જરૂર છે. અને વર્ષ ૧૯૬૬માં એમને વસાવેલા છે. બીજું, વર્ષ ૧૯૭૧માં જયારે લડાઇ વખતે જે આપણા હિન્દુ સમાજના લોકો કચ્છમાં આવ્યા, ત્યારે જે તે ગામો વસાવેલા અને એ ગામોમાં એની વસાહતો રહેલી છે. એ ગામોને તમામ સુવિધા સરકારે આપેલી છે, પાણી, લાઇટ, ગટર, રોડ, પંચાયત ઓફિસ, એના સરપંચ થાય બધું હોય છે. પણ એવા કેટલાયે ગામો છે કે વર્ષ ૧૯૭૧માં એ ગામો વસાવેલા છે એ ગામો રેવન્યુમાં ચડયા નથી, જો એ રેવન્યુમાં ચડે તો પંચાયતને પણ આવક થાય. બીજી વાત જે ગામો પહેલેથી જ વસેલા છે તેવા ગામોમાં નવી માપણી ફોરેસ્ટની થઇ એના કારણે અમુક ગામો ફોરેસ્ટમાં આવે છે. અને ધરતીકંપમાં જે મકાન બન્યા છે અને જે નિર્ણય લીધો છે તે સારો છે, પણ અમુક વિસ્તાર ફોરેસ્ટમાં આવે છે તેને કારણે મુશ્કેલી છે, અગાઉ ખૂબ રજૂઆતો થઇ અને ખૂબ આનંદ થયો, અને મને સો ટકા ખાતરી છે કે રેવન્યુ મંત્રીશ્રી આના ઉપર ગંભીરતાથી નિર્ણય લેશે. આભાર.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં વીલ થી બોગસ ખેડૂતો બનવાના બનાવો બન્યા છે. ઘણી જમીનોમાં બોગસ ખેડૂતો બન્યા એમણે પોતાની જમીન મૂળ ખેડૂતોને વેંચી, આ મૂળ ખેડૂતોને જંત્રીના ૧૦ ટકા ભરવા પડે છે. તો એની જમીન કાયદેસર થાય, ખેડૂતને કાયદાની ખબર નથી, તો આમાં મંત્રીશ્રી કંઇક કરવા માગે છે કે કેમ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને એવી અપેક્ષા છે કે આ મહેસૂલ મંત્રીશ્રી અને આ સરકાર કંઇક કરશે. ગામતળ માટે ગૌચરની જમીન ફાળવી શકાય છે જ. મેં કહ્યું એ પ્રમાણે સુપ્રીમ કોર્ટે એવું કહ્યું છે કે ગૌચરની જમીન આપવી નહિ પણ શરત મૂકી છે કે આપવી હોય તો બીજી કોઇ જગ્યાએ એટલી જગ્યા નીમ કરવી પડે. આ બધાની કલેરિટી માટે કહું છું એટલા ક્ષેત્રફળની અન્ય સરકારી જમીન ગૌચર તરીકે નીમ કરવાની હોય છે તો એ ગૌચરની જમીન આપી શકાય. તા. ૯-૩-૨૦૧૬ના ઠરાવ મુજબ આ થાય છે. એટલે એ પ્રક્રિયામાં જવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં શીખ ભાઇઓની વાત કરવામાં આવી. ત્યાં શીખ ભાઇઓનો ખેડૂતનો પ્રશ્ન છે. માનનીય સભ્યશ્રી જાડેજાજીએ આ પ્રશ્ન ઉભો કર્યો છે એમને કદાચ ખ્યાલ હશે કે આ પ્રશ્ન સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે એટલે એનો નિર્ણય આવશે ત્યારે એનો નિકાલ આવશે એવી આશા રાખીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સુખરામભાઇએ વાત કરી કે ૭૩(એએ)ની એન્ટ્રી બાકી છે. આ અંગે હું ગૃહની અંદર જાહેરાત કરું છું કે મારા મહેસૂલ વિભાગના અધિકારીઓએ છોટાઉદેપુરની અંદર આવી કોઇપણ એન્ટ્રી બાકી હોય એને ઓછામાં ઓછી બે મહિનામાં પ્રયાસ કરીને એનો નિકાલ કરવાનો રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી કવાંટ તાલુકાની વાત કરી કે બ્લોકના મકાનો છે એ કોની માલિકીના છે એ નક્કી નથી એટલે કોઇપણ વસ્તુનો કોઇ માલિક ન હોય એનો માલિક સરકાર છે. સબ કા માલિક એક. એટલે એ બાબતની અંદર ચોક્કસ તપાસ આપણે કરાવીશું એની અંદર કલેકટરશ્રી મારફત જે કંઇ માહિતી આવશે એ અંગે વિચારણામાં લઇ શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મહેશ્વરીજીએ અગમ વાણીની વાત કરી અને ગૌચરની ચાર એકર જમીન છે એ બાબતમાં આખી પ્રક્રિયા કરવામાં આવે. ત્યાં અરજી કરી હશે એ અત્યારે કયાં સુધી પહોંચી છે એની માહિતી હોય તો મને આપજો એ અંગે વિચારણા થઇ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરજીભાઇ ઠુમ્મરે ખોટી રીતે ખેડૂત બન્યા હોય એ બાબતની ફરિયાદ કરી છે. એ જ બાબતની ફરિયાદ માનનીય સભ્યશ્રી યોગેશભાઇએ પણ કરી છે. માનનીય શ્રી બળદેવજીભાઇએ પાંચ ટકા જમીનના ફેરફાર સહિતની બાબત કહી છે એ ચોક્કસ જોવાશે. કોઇપણ ખોટા ખેડૂત થયા હોય આ નીતિ વિષયક નિર્ણય છે અને આ નીતિ વિષયક નિર્ણય ઘણાં વર્ષોથી ચર્ચામાં ચાલતો આવ્યો છે એ અંગે વિચારણા થઇ શકે. સરકાર ભવિષ્યમાં વિચારણા કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નૌશાદભાઇએ કેવા કોમ્પ્લેક્ષને રેગ્યુલરાઇઝ કરવાની વાત છે, એમાં સ્પષ્ટતા માટે કહ્યું છે અભિનંદન આપું છું કે સ્પષ્ટતા થવી જોઇએ. આ કોમ્પ્લેક્ષની વાત હતી એ નગરપાલિકાએ પોતાની જમીનમાં બાંધી દીધા હોય પણ સરકારની પરવાનગી ન લીધી હોય. જમીન સરકારની જ છે અને નગરપાલિકાએ એની અંદર કોમ્પ્લેક્ષ બાંધેલ છે એ સરકારની યોજનાઓ છે એ યોજનાઓ હેઠળ સરકારના પૈસે બાંધ્યું છે હવે એને તોડી નાખવાનો હુકમ કરીએ તો સરકારના પૈસા પણ જાય એટલે પોઝિટિવ નિર્ણય એના પૂરતો છે. આ કોઇ ખાનગી કોમ્પ્લેક્ષ માટેનો પ્રશ્ન નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇએ વાત કરી કે બે નંબરની નોંધ પડતી નથી. એ નિયમ મુજબ કાયદા અન્વયે જે કોઇ નોંધ પડવાપાત્ર હોય એ પડવી જ જોઇએ. એના માટે તંત્રને અમે સૂચના આપીશું કે આવી નોંધો જે બાકી હોય એ પાડી દે અમે એની વિગતો પણ મંગાવીશું.

તા.ર૪મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન(નવમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મુસડીયાજીએ ગૌચરની જમીનની વાત કરી છે એનો જવાબ મેં આપી દીધો છે કે સુપ્રીમ કોર્ટે આ રીતે કહ્યું છે એ રીતે થઇ શકે અને આપી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મોહનસિંહભાઇએ જે વાત કરી કે રાઇસીંગપૂરા ગામ છૂટું પડેલ છે એની ત્રણ હજારની વસતિ છે. તા. ૨૬-૬-૨૦૧૩ની માગણી છે. ૧૧-૧૧-૨૦૧૬ એકથી ૧૭ ચેકલિસ્ટ માગ્યુ એ પણ તમે મોકલી આપેલ છે. સેટલમેન્ટ કમિશનર પાસે એલ-૧ શાખામાં ક્યાંક પડયું છે એમ આપે કહ્યું. હું તંત્રને સૂચના આપીશ કે એ ફાઇલ જે તબક્કે પડી હોય, જેટલું પડ્યું હોય એ મારી પાસે મૂકવામાં આવે. તેમાં શું થઇ શકે તે ચોક્કસ જોઇશું. માનનીય શ્રી મધુભાઇ શ્રીવાસ્તવે ગૌચરની જમીનમાં જે મકાનો બાંધી દીધા છે, ખરાબામાં બાંધ્યા હશે તો તેનો ચોક્કસ નિકાલ આવી શકે. તેની એપ્લીકેશન કરવી પડે. નિયમ મુજબ એ કલેક્ટર પાસેથી અમારા થકી આવશે. તેના અંગે ચોક્કસ વિચારણા કરીશું. ગૌચરની જમીન છે તેની મુશ્કેલી હોય છે. ગૌચરમાં બાંધ્યું હોય તેના માટે એટલી જ જગ્યા બીજી નીમ કરાવવી પડે, તમારે પંચાયતે એ જગ્યા ક્યાંકથી આપવી પડે. તમે એ જગ્યા આપો તો એ અંગે કંઇક વિચારણા થઇ શકે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પંચાયત એટલી જગ્યા નીમ કરે તો કરી દેશે એમ કહી દીધું છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇએ વાત કરી, જે ઠરાવ તા. ૨૦-૧-૨૦૨૦ના સી.ટી.એસ.થી પ્રોપર્ટી કાર્ડની સૂચના, સેટલમેન્ટ કમિશનર પાસે પડ્યું છે છે. કશું કરતાં નથી. આ ઠરાવના અમલની ચકાસણી વિભાગ પાસેથી ચોક્કસ કરી લઇશ અને આ ઠરાવ જેની વાત આપ કરી રહ્યા છો એ અમલમાં હોય તો તેની અમલવારી થવી જોઇએ. કોઇ પણ ઠરાવ થયો હોય તેની અમલવારી ન થતી હોય એ ન ચલાવી લેવાય. તે અંગે ચોક્કસપણે વિચારીશું. ૧૦૦ ચોરસ મીટરની જગ્યાની જે વાત છે, રહેણાંકના મકાનોની. મકાન બાંધી દીધું છે. ૫૦ વર્ષથી રહે છે. કલેક્ટરમાં તેણે અરજી કરી છે અને એ અરજી જ્યારે અમારા વિભાગ પાસે આવે છે અને અમારા નિર્ણય માટે આવે છે તો અમે એમને આપીએ છીએ. તે વખતે એકવડી કિંમતમાં આપીએ છીએ. જો એ જગ્યા એવી કિંમતી જગ્યા ન હોય. ખરાબાની જમીન હોય પણ શહેરમાં હોય તો શહેરમાં તો ખરાબો પણ હીરા જેવો કહેવાય. એટલે ગામની અંદર, તાલુકાની અંદર કોઇ દૂરનું ગામ હોય તો તેની અંદર અમે બે નિર્ણયો એવા લીધા છે, મને આ હાઉસને કહેતા આનંદ આવશે કે એક કિસ્સાની અંદર એક પછાત વર્ગના શિડ્યુલ કાસ્ટના બહેન, તેમની આવી ૯૫ ચોરસમીટર જગ્યા. વિધવા બહેન, આવક નહીં, દીકરો નહીં, કોઇ એમનું સંતાન નહીં કે જે તેમને મદદ કરે અને તાલુકાનું પણ કોઇ છેવાડાનું ગામ અને એની ખરાબાની જમીનમાં ૫૦ વર્ષથી રહે. તેની માગણી આવી. આજે ભલે તેની કિંમત વધી ગઇ હોય, એ માગણીમાં વિભાગ સામાન્ય રીતે અઢીગણી કિંમતે તેને આપતું હોય, અમે એકવડી કિંમતે તેને આપવાનો નિર્ણય કર્યો કે આ શિડ્યુલ કાસ્ટની બહેન, આ ગરીબ બહેનનું બેલી કોણ? તો સરકાર નિર્ણય લઇ શકે છે અને અમે આ નિર્ણય લીધો અને ત્યાર પછી એક બીજી ફાઇલ આવી. મારા વિભાગના અધિકારીઓએ મને કહ્યું કે હવે આમાં શું કરશો? એ ફાઇલ હતી તેમાં એ બ્રાહ્મણ માજી હતા. શિડ્યુલ કાસ્ટના બહેનને તમે શિડ્યુલ કાસ્ટના છે માટે કરીને તમે આપ્યું. મેં કહ્યું કે ઉંમર કેટલી છે, તો કહે કે ઉંમર ૮૫ વર્ષ. માજી છે, વિધવા છે અને એમનું કોઇ નથી અને આ જગ્યાની માગણી કરેલી છે અને કલેક્ટરમાંથી હકારાત્મક અભિપ્રાય આવેલો છે. તો તેને પણ આપી શકાય, કારણ કે બન્નેના ક્રાઇટેરિયા સરખા હોય તો જાતપાતમાં આ સરકાર માનતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી એક-બે પ્રશ્નના જવાબ હું આપી દઉં. અમરેલીના રી-સરવેની બાબતમાં આપને એમાં રસ પણ પડશે. તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૨,૧૩૬ અરજીઓની ભૂલ સુધારીને માત્ર ૨૦૫ અરજી પડતર રહેલી છે. એટલે રી-સરવેની બાબતમાં વિભાગ ખૂબ હકારાત્મક રીતે આગળ વધી રહ્યો છે. નગરપાલિકા અને કોર્પોરેશનની અંદર સમાવિષ્ટ ગામોમાં, ચર્ચાની અંદર એવું કહેવામાં આવ્યું કે નબળા વર્ગોને માટે મકાનોની ફાળવણી માટે સરકારનો શું વિચાર છે, તો શહેરી વિકાસ વિભાગની આવાસ યોજના હેઠળ અનેક મકાનો બની રહ્યા છે, તેમાં નબળા વર્ગોને રાહત દરે મકાનો પૂરા પાડવામાં આવે છે અને ગામતળ નીમ થયા બાદ પંચાયત દ્વારા રહેણાંકના પ્લોટ ફાળવવામાં આવે છે તો તે અંગે પણ સરકાર હકારાત્મક રીતે વિચારતી હોય છે. રી-સરવેમાં ૧૦૦ દિવસનો હવે જે ટાર્ગેટ લીધો છે, તેની અંદર ૬૨,૭૭૬ અરજીઓ હતી. એમાંથી ૫૪,૭૯૦નો નિકાલ થઇ ગયો છે અને જે હવે બાકીની માપણી બાકી છે એની વિગત છે, પરંતુ એની વિગતની જરૂર નથી, આપણે સમય બચાવીએ. ખેડૂત ખાતેદાર હોય તો નોંધ મંજૂર થાય છે, પરંતુ અન્ય જિલ્લાના ખાતેદાર હોય અને પોતે ખાતેદાર છે એવું પ્રમાણપત્ર મેળવવું હોય તો ઓનલાઇન અરજી કરવાની હોય છે. તેજ જિલ્લામાં વેચાણ નોંધ મંજૂર થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી સી.જે.ચાવડાજીએ જે મંદિરના પુજારીની વાત કરી એ અંગે અમે ચોક્કસ પ્રમાણે વિચારીશું. ઘણા બધા બીજા મિત્રોને પણ પ્રશ્નો છે. હું આપના માધ્યમથી તમામ માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે એપ્રિલ મહિનાની અંદર શરૂઆતના બે અઠવાડિયા માત્ર ધારાસભ્યશ્રીઓ પોતાના જે પ્રશ્નો સામૂહિકને લગતા છે એવા લઇને આવે, ચોક્કસ પણે એના ઉપર પહેલો પ્રયાસ કરીશું અને માનનીય શ્રી નિરંજનભાઇ ઘડી ઘડી મને યાદ દેવડાવી રહ્યા છે, તમારા પ્રશ્નની સાથે હું છું આટલું હું કહી શકું, ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : હવે પહેલા તો માનનીય મંત્રીશ્રીને અભિનંદન કે એકે એક પ્રશ્નના જવાબ આપ્યા છે. હવે કંઇ બાકી રહી જતું હોય તો પણ એમણે કહ્યું છે કે મારી પાસે ૧૫ દિવસમાં આવજો. આપણે જે સામૂહિક પ્રશ્નો છે એની વિગતવાર ચર્ચા કરીને નિર્ણય લઇશું એટલે મને લાગે છે કે કાપદરખાસ્તો પાછી ખેંચવા માગો છો?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર પણ હકારાત્મક છે અને માનનીય વિપક્ષ પણ આજે હકારાત્મક છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમો અમારી કાપ દરખાસ્ત ક્રમાંક- **૧, ૨, ૩, ૪ , ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮ અને ૩૦** પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માંગીએ છીએ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમો અમારી કાપ દરખાસ્ત ક્રમાંક **- ૧, ૨, ૩, ૪ , ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮ અને ૩૦ પાછી ખેંચીએ છીએ.**

અધ્યક્ષશ્રીઃ **કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૨, ૩, ૪ , ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮ અને ૩૦ પાછી ખેંચવામાં આવે છે.**

**માગણી ક્રમાંક- ૭૮ અને ૭૯ મત માટે મૂકવામાં આવી અને સર્વસંમતિથી મંજૂર કરવામાં આવી.**

**(વિરામ બપોરના ૪-૧૨ થી ૪-૪૫ )**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**બિન-સરકારી વિધેયકો**

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો**

**સન ૨૦૨૧ નું ગુજરાત વિધેયક ક્રમાંક – ૮**

**ગુજરાત લાંબી બીમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક, ૨૦૨૧**

**જેમાં દર્દીનું કમનસીબે મૃત્યુ થાય તેવી લાંબી બીમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા તેમજ તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર**(**લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૧ના ગુજરાત લાંબી બીમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, તબીબી સેવાઓ અંગેનું આ ગૃહમાં બિન-સરકારી વિધેયક લાવવાની મને એટલા માટે ફરજ પડી છે કે છેલ્લા દિવસોમાં દિન પ્રતિદિત રોગોનું પ્રમાણ વધતું જાય છે. તેમાંય કેન્સર જેવી મહામારીની બીમારી દેશના બીજા રાજ્યો કરતાં ગુજરાતમાં એની અસર વધારે છે. પાન, માવા, જંતુનાશક દવાઓ, ફર્ટિલાઇઝરના કારણે લોકો સતત પીડાતા થયાં છે. શાકભાજીમાં પણ સિસ્ટેમેટિક દવાના કારણે કોઇપણ રીતે બચવું હોય તો પણ બચી ન શકાય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ઓર્ગેનિક ખેતી પર જવા માટેની આ ગૃહે સરસ વાત કરી છે. તે બાબતમાં પણ મેં મારો સૂર પૂરાવ્યો હતો ત્યારે હું કહેવા માગું છું કે, કોઇપણ માણસ બીમાર પડે, બીમારી એ કુદરતી આફત છે. આજે જ મહેસૂલ ખાતાની કુદરતી આફત જેવી મહત્વની બાબતે સર્વાનુમતે માગણીઓ પાસ કરી ત્યારે હું કહીશ કે આપણી હેલ્થ એ બહુ મહત્વની બની છે. wealth is lost, something is lost but health is lost, everything is lost. જ્યારે આપણે પૈસા ગુમાવીએ છીએ તો કંઇ ગુમાવતા નથી પણ જ્યારે હેલ્થ ગુમાવીએ છીએ ત્યારે કરોડોપતિ માણસ હોય પણ પોતે પોતાના હાથે જમી ન શકે. પોતાની જાતે ચાલીને ગાડીમાં બેસી ન શકે એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. ગમે તેવો કરોડપતિ માણસ તો પણ એને જીવવું દુષ્કર બની જાય છે. આ બાબતનું બિલ એટલા માટે લઇને આવ્યો છું કે બીમારી એ કુદરતી આફત છે અને કુદરતી આફતમાં જ્યારે માણસ પડે ત્યારે માણસ દવા કરે, હોસ્પિટલમાં દાખલ થતા હોય છે. સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા પછી એને બધી ટ્રીટમેન્ટ ન મળે એટલે એને પ્રાઇવેટ હોસ્પિટલમાં જવાની ફરજ પડતી હોય છે. પ્રાઇવેટ હોસ્પિટલમાં દાખલ થયા પછી લાખો રૂપિયાના બિલ આવે છે. તાજેતરમાં આપણે જોયું કે આ જ ગૃહના સભ્ય ડો. જોષીયારાને પ્રાઇવેટ હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ લેવી પડી. સરકારે બધી જ મદદ કરી એના માટે હું સરકારને અભિનંદન આપીશ. સરકારે મદદ કરી એના કારણે જોષીયારાજી ટ્રીટમેન્ટ લઇ શક્યા છતાંપણ બચાવી શકાયા નહીં. ધારાસભ્યની જો મુશ્કેલી હોય તો આમપ્રજાની શું મુશ્કેલી હશે? ગરીબ માણસનું શું? એટલા માટે અધિનિયમની જોગવાઇઓના અસરકારક અમલીકરણ માટે એમ્પેનલ્ડ નામ યાદીવાળી સરકારની યોજનામાં જોડાયેલ ખાનગી હોસ્પિટલને ખર્ચ ભરપાઇ કરવા માટે અને લેણી રકમની ચૂકવણી માટે રાજ્ય સરકારે આરોગ્ય કમિશનર, નાણા વિભાગના અગ્ર સચિવ અને નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના નહીં તેવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના એક અધિકારીના બનેલા એક સત્તામંડળની રચના કરવાની મેં માગણી કરેલી છે. ૧૫ લાખ રૂપિયા એણે હોસ્પિટલમાં ભરી દીધા. એને ટ્રીટમેન્ટ મળી, એને આઇ.સી.યુ.માં લઇ ગયા, એના હૃદયને સારું કરવા માટેના પ્રયાસો કર્યા છતાં પણ લાંબા સમય પછી એનું હોસ્પિટલમાં મરણ થાય છે. આના લીધે એમના કુટુંબીજનો ઉપર એક વજ્રઘાત પડે છે. ત્યાર પછી એનું ડેડ બોડી લેવા જવાનું થાય ત્યારે પ્રાઇવેટ હોસ્પિટલમાં ડોકટર એમ કહે છે કે તમારે બીજા ૧૦ લાખ રૂપિયા ભરવા પડશે. મધ્યમ અને ગરીબ વર્ગના કુટુંબ પાસે ૧૦ લાખ હોતા નથી. પોતે પેટે પાટા બાંધીને ખર્ચ કરે છે, કોઇકના ઉછીના લે છે. આજે ડોકટરો મસમોટી ફી લેતા હોય છે. મેં જોયું છે કે ડોકટર માત્ર વિઝિટ કરવા આવે અને એની નાડ તપાસે, ઘણું બધું ભણ્યા પછી ડોકટર બનતા હોય છે, પણ નાડ તપાસે એની વિઝિટ ફી ૧૫ હજાર, ૨૦ હજાર રૂપિયા. જ્યારે માણસનું હોસ્પિટલમાં મરણ થાય ત્યારે આવી મસમોટી ફી ડોકટરોએ પણ માનવતાના ધોરણે માફ કરવી જોઇએ.

*વિધેયક તા. ૯મી માર્ચ, ૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ગુજરાત લાંબી બીમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક, ૨૦૨૧

વિધાનસભામાં એટલા માટે આ બિલ લાવવાની ફરજ પડી છે. મારા ઉદ્દેશ પણ આપ જોશો સરકારની ઘણી યોજનામાં એને લાભ પણ મળે છે. બહોળા સ્તરે આરોગ્યના લાભ પહોંચાડવા માટે સરકારની આયુષ્યમાન ભારત, મા અમૃતમ કાર્ડ અને ત્યારપછી પણ સરકારની જે જે યોજનાઓ આપણે લાવીએ છીએ અને એના કારણે આપણે પ્રાઇવેટ હોસ્પિટલો સાથે જોડાયેલા છીએ. હું તો પાર્લામેન્ટનો સભ્ય પણ રહી ચૂક્યો છું. પાર્લામેન્ટના સભ્ય તરીકે અમારે લાઇફલોંગ કેન્દ્ર સરકારે કોઇપણ આરોગ્ય માટેના, હેલ્થ માટેનું ચૂકવણું કરે છે, પરંતુ સામાન્ય લોકો ચૂંટાય છે, ત્યારે લોકોના મનમાં પણ થાય છે કે ધારાસભ્ય ચૂંટાઇ જાય, કોઇ મોટો અધિકારી બની જાય, કોઇ સાંસદ બની જાય એને સરકારની સહાય મળે છે, ત્યારે અમને કેમ નહીં? એટલા માટે હું આરોગ્ય મંત્રી પાસે આવું એક બિલ લઇને આવ્યો છું. મારો ઉદ્દેશ એટલો જ છે કે કોઇ ગરીબ માણસનું અવસાન ન થાય એના માટે ભગવાનને પ્રાર્થના, પરંતુ અવસાન થાય ત્યારે શું? એના માટેની જે કોઇ મોટી ફી સરકારે પ્રાઇવેટ હોસ્પિટલમાં બાકી રહેતી હોય તો એને માફ કરીને એનું ડેડબોડી આપવા માટેની એક માનવતાના ધોરણે બધી હોસ્પિટલોને ફરજ પાડવી જોઇએ એવી લાગણી સાથેનું આ બિલ લાવ્યો છું. સભાગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ બિલ તમે સ્વીકારો અને સરકાર જો એવું કહે કે અત્યારે બીન સરકારી વિધેયક સ્વીકારીને કાયદો ન બનાવી શકાય તો સરકાર આ બાબતમાં મને હૈયાધારણ આપશે તો પણ હું વિચારણા કરીશ. મારું બિલ રજૂ કરું છું અને ગૃહના બધા સભ્યો આ મારા બિલને ટેકો આપે તેવી વિનંતી કરું છું.

શ્રી કિશોર કાનાણી(વરાછા રોડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર ગુજરાતના નાગરિકોને લાંબી અને અતિ ગંભીર બીમારીની અંદર લોકોને સસ્તી, સારી અને ઝડપી સેવા મળે એ માટેના ખૂબ સારા પ્રયાસો કરી રહી છે. એનો અહેસાસ લોકોના મોંઢે, દર્દીઓના મોંઢે જયારે આપણે સાંભળીએ છીએ ત્યારે થાય છે. હું જતો હતો રસ્તામાં મારા મિત્ર રમણીકભાઇ છે એ મને મળી ગયા. અમે વાત કરતા હતા તો એમના એક મિત્ર રમેશભાઇ ગામડે રહે એ રમણીકભાઇને જોઇ ગયા એટલે એમની પાસે મળવા માટે આવ્યા, તો રમણીકભાઇએ આશ્ચર્યથી એમને પૂછયું કે તારી બંને કિડની સાત વર્ષ પહેલા ખલાસ થઇ ગઇ છે હજુ જીવેછે? હળવી મજા કરી. તારી તબિયત સારી થઇ ગઇ છે. ત્યારે રમેશભાઇએ કીધું કે રમણીકભાઇ, મને ભારતીય જનતા પાર્ટીની સરકારે જીવાડયો છે. જો મા કાર્ડ ન હોત તો આજે હું જીવતો ન હોત. દર વર્ષે એને ૪૦,૦૦૦ રૂપિયા ડાયાલીસીસના થાય. ડાયાલીસીસના પૈસા તો સરકાર આપે પણ આવવા જવાના ભાડાના ૩૦૦ રૂપિયા પણ સરકાર દર્દીને આપે. મારા વિસ્તારમાં એક ગરીબ વસ્તી છે. મરઘા કેન્દ્ર એનું નામ છે. ત્યાં રાત્રે બે વાગે એક ભાઇને છાતીમાં દુઃખવા લાગ્યું. એમના પત્ની એમને અમારે ત્યાં કે.પી. સવાણી હોસ્પિટલ છે ત્યાં લઇ ગયા. ડોકટરે તપાસ અને નિદાનને અંતે કીધું કે એમને નળી બ્લોક છે અને સ્ટેન્ડ મૂકવું પડશે. પોણા બે લાખ રૂપિયા થશે. પૈસાની વ્યવસ્થા કરો અમે ટ્રીટમેન્ટ શરૂ કરીએ છીએ. બહેન ગભરાઇ ગયા. ડોકટરને કીધું ઘરમાં ૨૦૦૦ રૂપિયા નથી પૈસા કયાંથી લાવું? ડોકટરે કીધું તમારી પાસે આયુષ્યમાન કાર્ડ નથી? બહેન સવારે મારી ઓફિસે આવકનો દાખલો લેવા માટે આવ્યા. એણે કાર્ડ કાઢવા માટે પ્રોસેસ શરૂ કરી. ત્રણ વાગ્યે એના હાથમાં આયુષ્યમાન કાર્ડ આવ્યું. એ બહેન કાર્ડ લઇને હોસ્પિટલ ગયા. સ્ટેન્ડ મૂકાવ્યું. માણસ બચી ગયો. ઘરનો આધાર બચાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. મધયમ અને ગરીબ વર્ગના ઘરમાં કોઇ ઓચિંતી લાંબી બીમારી આવે, ઘરમાં પૈસા ન હોય. સમાજ કે મિત્રમાં હાથ લાંબો કરવો પડે, માથે દેવુ કરવું પડે. પૈસાની વ્યવસ્થા થાય પછી દવાખાને જવાય. પછી એની સારવાર થાય. આયુષ્યમાન ભારતનું કાર્ડ એક વ્યક્તિને પાંચ લાખ રૂપિયા ઘરમાં પાંચ વ્યક્તિ હોય તો ૨૫ લાખ રૂપિયા સરકારે રોકડા ગરીબના ઘરમાં સારવાર માટે મૂકયા છે અને એટલા માટે તો જોગવાઇમાં ૭૦ કરોડથી શરૂઆત થઇ હતી. આ યોજના શરૂ થઇ ત્યારે એમાં ૭૦ કરોડની જોગવાઇ હતી. આજે ૧,૫૫૬ કરોડ રૂપિયાની જોગવાઇ બજેટમાં સરકારે કરી છે. સાથે સાથે સરકારી હોસ્પિટલોમાં અનેક સુવિધાઓ મળી રહે છે. સરકારે ખૂબ સારો પ્રાયસ સરકારી હોસ્પિટલોની અંદર કરેલ છે, જેમાં વિનામૂલ્યે સારવાર મળે તેવો પ્રયાસ કર્યો છે. મુખ્યમંત્રી રાહત ફંડ, પ્રધાનમંત્રી રાહત ફંડ હોય આની અંદરથી પૈસા ગુજરાતના નાગરિકોને, દર્દીઓને મળી રહ્યા છે. ડાયાલીસીસ સેન્ટર ગુજરાત સરકારે આખા ગુજરાતમાં ૬૯ ઉભાં કર્યાં છે. હમણા ૬૧૧ જેટલા ડાયાલીસીસ મશીનો મૂકવામાં આવ્યાં છે. મને કહેતા આનંદની લાગણી થાય છે કે આજસુધી ગુજરાતની અંદર સૌરાષ્ટ્રની અંદર જો કોઇ લાંબી બીમારી હોય અને તાત્કાલિક સારવાની જરૂરિયાત ઉભી થાય તો અમદાવાદ, સુરત, બોમ્બે જવું પડતું હતું. આ દેશના વડાપ્રધાન મોદી સાહેબે સૌરાષ્ટ્રના રાજકોટમાં એઇમ્સ આપી છે. લોકોને મુંબઇ નહિ જવું પડે, લોકોને અમદાવાદ નહિ જવું પડે. ગુજરાતના નાગરિકોનો જીવ બચે અને કેન્દ્ર સરકાર હોય કે ગુજરાત સરકાર આની અંદર ખૂબ સારા પ્રયાસો કરી રહી છે. આમાં ઇમાનદારી પૂર્વકનો પ્રયાસ થઇ રહ્યો છે. એટલા માટે લાગે છે કે શ્રી વિરજીભાઇ બિલ લાવ્યા છે તેની કોઇ જરૂરિયાત લાગતી નથી. ઓલરેડી જે માગણી કરી રહ્યા છે. એમાં સરકાર કામ કરી રહી છે. લોકોને લાભ મળી રહ્યો છે. અને એટલા માટે મને એવું લાગે છે કે સરકારના પ્રયાસ, પ્રયત્નો પૂરતા છે. બીજી એક વાત કરવા માગુ છું કે શ્રી પ્રતાપભાઇએ કોમેન્ટ કરી કે સાચું બોલજો. કોઇક બોલ્યું.

અધ્યક્ષશ્રી : આપણે કોમેન્ટનો જવાબ નથી આપવો.

શ્રી કિશોર કાનાણી : મારો કહેવાનો મતલબ એ છે કે આ ગૃહમાં હું ૯ વર્ષથી બેસું છું. કોઇપણ સભ્ય ગમે ત્યારે બોલતો હોય, રજૂઆત થતી હોય, પણ મેં કયારેય કોઇને ડિસ્ટર્બ નથી કર્યા. ઓલરેડી આની અંદર ગમે ત્યારે કોઇ ઉભા થતા હોય તો મારી સીટ ઉપરથી કયારેય હું ઉભો નથી થયો. હું બધાની વાત સાંભળું છું. હું આ વાત મૂકતો હોય ત્યારે કોઇએ મને ડિસ્ટર્બ કરવાની જરૂર નથી. હું બધાને સાંભળું છું. મને બધાએ સાંભળવો જોઇએ. જેને ન સાંભળવું હોય તેણે બહાર જતા રહેવું જોઇએ. સીધો હિસાબ છે. એટલા માટે આ બિલ શ્રી વિરજીભાઇ લાવ્યા છે એ સરકારનો પ્રયાસ છે એ પૂરતો પ્રયાસ છે. આ બિલની કોઇ જરૂરિયાત લાગતી નથી.

ગુજરાત લાંબી બીમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક, ૨૦૨૧

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિરજીભાઇ જે બિલ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દિવસે દિવસે માણસની ઇમ્યુનિટી ઘટતી જાય છે. કારણ ઘણાં બધાં હોય છે. સવારથી આપણે ઉઠીએ અને હવા, પાણીથી શરૂઆત થાય. આ વધતી વસતિમાં બધી જગ્યાએ પાણી અને હવા આપણને દૂષિત મળે છે. શ્રી ભૂપેન્દ્ર દાદા અહીયા બેઠા છે. કદાચ એમને ખબર હશે પહેલા ઘી કેવું મળતું હતું? ભેંસો ટોપરું ખાતી હતી. કપાસિયા ખાતી. એમાંથી ઘી નીકળતું. એમાં આપણે બધા એ પ્રકારનું ઘી ખાતા હતા. અત્યારે માણસ ટોપરું ખાતો નથી. નાના છોકરા ખાઇ શકતા નથી. એના કારણે ઇમ્યુનિટીમાં ઘટાડો થયેલ હોય અને આ બીમારી વધતી હોય તેવું મને જણાય છે. હું ખેતી કરું છું. મારે મોટો પાક ડાંગરનો થાય છે. પહેલા અળસિયા આવતા. ખેતરને પોચું રાખી અને સારા પ્રકારનું અનાજ પેદા થતું. અત્યારે ડાંગરમાં રોગ આવે છે. રોગને અટકાવવા માટે ખોરેજ નામની દવા નાખીએ. અંદરથી સીધો સાંપ જાય તો પણ તે મરી જાય. આ પ્રકારની દવાનો ઉપયોગ કરી આપણે જે અનાજ ખાઇએ છીએ તેના કારણે આપણી ઇમ્યુનિટી પાવરમાં ઘટાડો થયો છે. જેમ વિરજીભાઇએ કહ્યું તેમ લાંબી બીમારીમાં ઘણા બધા ડૉકટરો દ્વારા, ઘણા બધા કાર્યકરો દ્વારા એવું સાંભળવા મળે કે સાહેબ બિલ વધારે થઇ ગયું છે. ડૉકટર અમારી બોડી આપતા નથી. ત્યારે આપણને એમ થાય કે, જો માણસ મરી જાય તો ડૉકટર પોતાની ફરજ સમજી બોડી આપે અને તે કાલે કે બે-ચાર દિવસ પછી પૈસા આપી જશે. તેમાં કોઇ વાંધો હોઇ શકે નહીં. તેના કારણે તેની ચિંતા માટે શ્રી વિરજીભાઇ આ બિલ લાવ્યા હોય તેવું લાગે છે. ડૉકટરોની વચ્ચે બેઠા હોઇએ છીએ ત્યારે એવું સાંભળવા મળે છે કે, અમારા દીકરાને ડૉકટર બનાવવા માટે ચાર કરોડ રૂપિયા ખર્ચ થયો છે, પાંચ કરોડ ખર્ચ થયો છે. કયાંક હોસ્પિટલના બિલ્ડિંગ બનાવવા માટે પાંચ-દસ કરોડની જરૂર પડી છે. શું કરવું? અમારા છોકરા વધારે પૈસા ન લે તો શું થાય? એકબાજુ આવી વાત થતી હોય છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : એટલા માટે વિરજીભાઇ જે બિલ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના મિત્ર ભાઇશ્રી વિરજીભાઇ ઠુમ્મર આજે લાંબી માંદગી બાબતે સન્માનનીય સભાગૃહમાં બિલ લઇને આવ્યા છે. તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં હું માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો એટલા માટે આભાર માનું છું કે, દેશની અંદર અને ઘણા બધા રાજ્યોની અંદર જેમ ભારતીય જનતા પાર્ટીનું શાસન છે અને તેવા અનેક રાજ્યોની અંદર વિપક્ષના મિત્રો એટલે કે કોંગ્રેસનું શાસન છે અને પહેલાં પણ હતું. પ્રજાની આરોગ્યની ચિંતા કરવા માટે અને ગરીબ માણસના દુઃખના આંસુ લૂંછવા માટે કયારેય કોઇએ કોઇ વિચાર કે કલ્પના કરી ન હતી. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે સૌથી પહેલાં જે પ્રમાણે મા-કાર્ડ એટલે કે મા-વાત્સલ્ય કાર્ડની યોજના અમલમાં મૂકી. તે વખતે તેમણે વર્ષ ૨૦૧૧ ના સરવે પ્રમાણે બી.પી.એલ. કાર્ડધારકોને આ યોજનાની અંદર લાભ મળે તેવી વ્યવસ્થા કરી હતી. ત્યારપછી અમારા ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે તેની અંદર સુધારો કર્યો. અનેક ધારાસભ્યો અને પ્રજાની રજૂઆત આવી, તેમાં આર્થિક રીતે નબળા હતા તેવા પરિવારોને આ યોજનાનો લાભ મળે તેવી તેમાં રજૂઆત આવી. તેમાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે અને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે તેમાં પણ સુધારો કર્યો. આવકની મર્યાદા વધારી. પહેલાં આવકની મર્યાદા ૧ લાખ ૨૦ હજાર રૂપિયા હતી તે સુધારીને ૨(બે) લાખ રૂપિયા કરી. તમામ પરિવારોને તેની અંદર લાભ મળતો થાય તેવી અમલવારી કરી અને પ્રજાની દુઃખના આંસુ લૂછવાનું કામ કર્યું. સાથે સાથે તે વખતના મુખ્યમંત્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રી શ્રી માનનીય નીતિનભાઇ પટેલ સાહેબે આ યોજનામાં સુધારો કર્યો. આવકની મર્યાદામાં સુધારો કર્યો અને ખર્ચમાં ઉમેરો કર્યો. ગુજરાતની અંદર સિવિલ હોસ્પિટલ હોય, જિલ્લા કક્ષાની હોસ્પિટલ હોય, તાલુકા કક્ષાની હોસ્પિટલ હોય તેની અંદર પ્રાથમિક સુવિધાઓમાં સુધારા વધારા કરી ગરીબ માણસને આરોગ્યની પૂરેપૂરી સેવાઓ મળે તેવી વ્યવસ્થા કરવાનું કામ કર્યું. સાથે સાથે વર્ષ ૨૦૧૪માં આખા દેશની અંદર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે વિશ્વાસ સાથે દેશનું સુકાન સંભાળ્યું, પ્રજાએ સુકાન સોંપ્યું, ત્યારે ગુજરાતની અંદર મા-વાત્સલ્ય કાર્ડ યોજનાનો ગુજરાતમાં અમલ કર્યો હતો, તે પછી વિપક્ષના અનેક રાજ્યોમાં આ યોજનાને લાગુ કરી. સાથે સાથે પીએમજેએવાય-મા યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બંનેએ સાથે રહી આવકની મર્યાદા અને ખર્ચની મર્યાદાનો વધારો કરી પ્રજાને પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર આપવાનું કામ કર્યું છે. સાથે સાથે મુખ્યમંત્રી રાહત ફંડની હું વાત કરવા માગુ છું. કોરોના મહામારીમાં ક્યાંક કોઇકનું અકાળે અવસાન થતું હોય, બ્રેઇન હેમરેજ થયું હોય અને માણસ કોમામાં જતો રહ્યો હોય અને અંગદાન કરવા માટેની એની ઇચ્છા હોય એવા અનેક કિસ્સાઓ આજે આપણા ધ્યાન ઉપર આવ્યા છે. મારા વિસ્તારના એક ૧૨ વર્ષના દીકરાને કોરોના મહામારીના સમયમાં બંને કિડની એની ફેલ હતી અને કિડની માટે એમણે એચ.એલ.ત્રિવેદી હોસ્પિટલમાં નોંધણી કરાવી હતી. માનનીય શ્રી નીતિનભાઇ સાહેબના પ્રયત્નોથી એને એ વખતે અહીંયાથી રાજકોટ લઇ જઇ તાત્કાલિક બંને કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ કરાવી દીધું અને આજે એ બાળક એના પરિવાર સાથે ખુશ ખુશાલ છે અને એના પરિવારમાં એક નવો દીપક પ્રાગટ્ય કરવાનું અમારી સરકારે કામ કર્યું છે. હમણા તાજેતરમાં અમારા વિસ્તારના એક ગરીબ પરિવારના ભાઇનું હાર્ટ સાવ ખલાસ હતું અને ઘણા ટાઇમથી એમણે સરકારની યોજના પ્રમાણે નોંધણી કરાવી હતી, ત્યારે ૫૫ વર્ષના એ અમારા પૂર્વ કોરપોરેટર હતા એને એક પરિવારે એમના દીકરાનું હૃદય દાનમાં આપ્યું અને સરકારની યોજનામાં પૂરેપૂરો લાભ મળ્યો અને આજે મને કહેતા આનંદ થાય છે કે એ પોતે પોતાના પરિવાર માટે કમાવા માટે સક્ષમ થયા છે. આવી અનેક યોજનાઓ સરકારે કરી છે અને પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી ૧૦ લાખ રૂપિયા સુધીની સહાય મળી છે એવા મારી પાસે ત્રણ દાખલા છે. એપોલો હોસ્પિટલ મદ્રાસ લઇ જઇ એક પરિવારની સારવાર થાય એવા પણ દાખલા છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ જે

યોજના બનાવી છે એમાં સમય પ્રમાણે આગળ વધતા જઇએ છીએ અને આવકની મર્યાદા પણ વધારીએ છીએ અને સાથે સાથે ખર્ચની પણ મર્યાદા વધારીએ છીએ. અત્યારે સરકારી હોસ્પિટલોમાં તમામ જાતની સુવિધા સાથે તમામ લોકોની સેવા કરવામાં આવે છે ત્યારે માનનીય વિપક્ષના સભ્યશ્રી વિરજીભાઇને કહું છું કે આ સરકાર હરહંમેશ સંવેદનશીલ છે અને પ્રજાના આંસુ લૂંછવાનું કામ કરતી હોય ત્યારે આપ આપનો જે પ્રસ્તાવ છે એ પાછો ખેંચી લો એવી આપને મારી વિનંતી છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ (પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સિનિયર સભ્ય આદરણીય શ્રી વિરજીભાઇ જે ગુજરાત લાંબી બીમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે એને અમે સમર્થન એટલા માટે કરીએ છીએ કે, છેલ્લા ઘણા સમયથી ભારત દેશમાં અને આપણા રાજયમાં આરોગ્યની સેવાઓ જે રીતે કથળી રહી છે, એમાં હમણા જ રિપોર્ટ આવ્યો વર્લ્ડ હેપ્પીનેસ ઇન્ડેક્ષ, રિપોર્ટેડ બાય યુ.એન. વર્ષ ૨૦૨૧નો એમાં ટોટલ ૧૪૯ દેશોમાં ભારતનો નંબર ૧૩૬ છે અને નીતિ આયોગે જે હેલ્થ ઇન્ડેક્ષ વર્ષ ૨૦૨૧ પ્રસિદ્ધ કર્યો એની અંદર પણ પહેલો નંબર કેરાલા રાજયનો છે ૭૭.૫૩ ટકા સાથે અને ગુજરાત રાજયનો નંબર ૮મો છે ૬૨ ટકા સાથે. હમણા જ સાથી સભ્યશ્રી કહેતા કે કોંગ્રેસે શું કર્યું? કોંગ્રેસની અમારા રાજીવજીની સરકારે આદરણીય બાજપેયીજીની જે બીમારી હતી એના માટે સારવાર કરાવવા વિદેશ મોકલ્યા હતા એ તમારે ભૂલવું ન જોઇએ. બીજી બાબતમાં હું અભિનંદન આપીશ આરોગ્ય મંત્રીશ્રીને કે અત્યારે આપણી સીવીલ હોસ્પિટલોમાં જે ડાયાલિસિસ સેન્ટર ચાલી રહ્યાં છે એ બહુ સારી રીતે ચાલે છે. પણ જે કાર્ડની વાત કરી તો હું પણ એક બે હોસ્પિટલ સાથે સંકળાયેલો છું એટલે વાત કરીશ કે કાર્ડમાં હીસ્ટેટોમીનું જે પ્રાઉધાન કરવામાં આવ્યું હતું એ રદ કરવામાં આવ્યું છે એટલે હીસ્ટેટોમીનું ઓપરેશન કરવું હોય તો તમારે પહેલા સિવિલ સર્જન પાસે જવું પડે એનો અભિપ્રાય લેવો પડે.એટલે પેશન્ટનો ઘણી વખત સમય બગડે છે એટલે એની જો વય-મર્યાદા નક્કી કરવામાં આવે કે અમુક વયથી ઉપર આ આપૅરેશનની અંદર સિવિલ સર્જનની જરૂર નથી તો તેનાથી ફાયદો થશે. બીજુ, કે કેન્સરની બીમારીની અંદર જે ટ્યૂમર બોર્ડ બનાવ્યું છે તે જેની અંદર રેડિયો થેરાપી અને ઓન્કો. થેરાપીની મંજૂરી હોય તો જ એ ડોકટર આ કેન્સરનું ઓપરેશન કરી શકે તેના લીધે ઘણી વખત દર્દીઓને તકલીફ થાય છે અને ત્રીજી બાબત કે, જે ઇમરજન્સીની અંદર કાર્ડ માગવામાં આવે છે તો ન્યૂરો સર્જન હોય, ટ્રોમા સેન્ટર હોય કે કોઇને એટેક આવ્યો હોય એ વખતે પેશન્ટની પાસે આ કાર્ડ હોતું નથી, એટલે ડોકટર ઝડપી તેનું ઓપરેશન કે ટ્રીટમેન્ટ કરી દે છે અને બીજા દિવસે જયારે આ પેશન્ટ આવુ કાર્ડ લઇને આવે છે તો એ નામંજૂર કરવામાં આવે છે. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આવું ઇમરજન્સી હોય, ટ્રોમાનો કેસ હોય કે હાર્ટનો કેસ હોય કે ન્યૂરો સર્જરીનો કેસ હોય તો એની અંદર જે કાર્ડનું પ્રોવિઝન કરેલુ છે તે કદાચ બીજા દિવસે કાર્ડ રજૂ કરવામાં આવે તો તેનો ફાયદો થાય તો આ રીતનું પ્રોવિઝન કરવામાં આવે તો આ કાર્ડનો આપણે સારી રીતે ઉપયોગ કરી શકીશું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મર જે વિધેયક ક્રમાંકઃ૮ લઇને આવ્યા છે તેમાં હું મારૂં સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાથી વાત આવી પણ શ્રી વિરજીભાઇના વિધેયકને તમે હજુ સમજી નથી શકયા. તેનો કહેવાનો મતલબ એમ છે કે લાંબી બીમારી બાદ પાંચ લાખથી વધારે ખર્ચ હોય તેના માટે શું ? પહેલી વાત તમે જે કાર્ડની વાત કરો છો મા અમૃતમ કાર્ડ હોય કે કોઇ પણ કાર્ડ હોય કાર્ડમાં દવા નથી મળતી ફકત ઓપરેશન થાય છે. દવાઓમાં અત્યારે તમે જુઓ કેટલા મોંઘા ઇંજેકશનો આવી ગયા છે તો આની જોગવાઇ શું ? વિરજીભાઇ લાવ્યા છે પણ મારે તો ખાસ એ જ કહેવાનુ હતું કે, આ જે પ્રાઇવેટ હોસ્પિટલો આપણે જોઇએ છીએ પણ સરકારે ખરેખર આપણી હોસ્પિટલો જે છે સીએચસી છે, પીએચસી છે આમાં થોડુંક જો ધ્યાન આપીએ તો આપણે છેવાડાનો જે ગરીબ માણસ છે તેને લાભ અપાવી શકીએ. આજે મારા વિસાવદરની જ વાત કરું તો ઘણી મેં રજૂઆતો કરી મેં મારી દોઢ કરોડની ગ્રાન્ટ એ મારા દોઢે દોઢ કરોડ મેં મારા ત્રણ સીએચસીમાં ઓકિસજન પ્લાન્ટમાં નાંખી દીધી અને છ મહિનામાં પ્લાન્ટ ઉભા થઇ ગયા. મેં પ્લાન્ટ ઉભા કરી દીધા પણ દવાખાનામાં રોજ મુલાકાત લઇએ તો ત્યાં દવા નથી, દોઢ વર્ષથી બાટલાની નળીઓ નથી. આપણે અહીંયાથી વાત કરતા હતા કે અમે બુઝૂર્ગો માટે લાવ્યા છીએ. અમારૂં આરોગ્ય વિભાગ ઘરે જઇ અને લેબોરેટરીનો રિપોર્ટ કરી આવે છે. અમારે ત્યાં મેં ગ્રાન્ટમાંથી આપેલા સેલ કાઉન્ટર મશીનો જે લેબ રિપોર્ટ થાય છે. આજે બધા બંધ છે તેની પાસે રીએજન્ટ નથી રીએજન્ટ એટલે તેનું કેમિકલ નથી તો આપણે આવું સામાન્ય નથી કરી શકતા? આ પણ સરકાર માટે જરૂરી છે. ફકત વાતોથી કાંઇ નહીં થાય પણ છેવાડાનો ગરીબ માણસ આજે ગરીબ થઇ ગયો છે, તમને ભલે ગમે તે લાગતું હોય પણ આ પણ જરૂરી છે. તમે એક મિનિટનું કહ્યું છે એટલે મારે થોડુંક કાપવું પડશે. આખા વિશ્વમાં જો તમારે દાખલો બેસાડવો હોય આપણે ગુજરાત ગુજરાત કરીએ છીએ, પણ તમે નક્કી કરો અમે સાથે છીએ, માણસને પગના તળીયે કપાસી થઇ હોય ત્યાંથી બ્રેઇન ટ્યૂમર સુધી કોઇ પણ બીમારી હોય તે ફ્રી કોઇ પણ ચાર્જ નહીં પ્રાઇવેટ હોય કે સરકારી હોય કયાંય ચાર્જ નહીં. અમારી શ્રી વિરજીભાઇની વાત આ છે પણ તમે હજુ સમજી નથી શકયા.

શ્રીઋષિકેશ ગ. પટેલ (રાજયકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડીલ સભ્ય આપણા શ્રી વિરજીભાઇ જે બિલ લઇને આવ્યા છે આમ તો લાગણીથી બિલ લાવ્યા છે અને તે લાગણી એટલા માટે હું કહીશ લાગણીથી બિલ લાવ્યા આ લાગણીઓ ગરીબ માટેની, ગુજરાતના ગરીબ, મધ્યમ વર્ગના પરિવારોની આખા ભારતમાં જો પહેલી ચિંતા થઇ હોય તો ગુજરાતમાં થઇ છે. વર્ષ ૨૦૧૨ની અંદર મા કાર્ડ, બીપીએલ લાભાર્થીઓને આપણે આવરી લીધા. બધાં જ બી.પી.એલ. લાભાર્થીઓને આ કાર્ડ દ્વારા સારવાર મળે એની જો કોઇએ ચિંતા કરી હોય તો એ વર્ષ ૨૦૧૨માં ગુજરાતમાં કરી છે અને આ બિલ પણ એટલે જ લાવ્યા છીએ કે એ કાર્ડ આવ્યું છે. પછી વર્ષ ૨૦૧૪માં માત્ર બી.પી.એલ. જ નહિ, પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો કે જેમની આવક ઓછી છે એનું કુટુંબ વેરાઇ જતું હતું. ઘરમાં અચાનક આવેલી બીમારીના કારણે ક્યાંક

દીકરીના લગ્ન અટકી જાય છે. લગ્ન અટકી જાય એનો પણ વાંધો નહિ પણ એનું ઘર વેરાઇ જાય છે અને બધી જ બચત અને મૂડી પણ ખતમ થઇ જાય છે અને દેવુ કરવું પડે એવી પરિસ્થિતિ ઊભી થતી હતી એવા વખતે કોઇએ આરોગ્યની ચિંતા કરી હોય તો આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતથી શરૂઆત કરી છે. વર્ષ ૨૦૧૪માં વિસ્તૃત વ્યાખ્યા કરી. મા વાત્સલ્ય કાર્ડ દ્વારા આખા ગુજરાતમાં ખૂબ મોટા પ્રમાણમાં ગરીબ, મધ્યમવર્ગ અને બી.પી.એલ. કોઇ પરિવાર બાકી ન રહે એવી વ્યાખ્યા કરી અને ગુજરાતને આરોગ્યની સેવા આપવાનું ચાલુ કર્યું. ખૂબ સફળ યોજના છે. આખા ભારતે જોયું અને પછી આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબ જ્યારે દિલ્હીમાં બેઠા ત્યારે ગુજરાતના લોકોના આરોગ્યની ચિંતા અહીંયા થતી હતી એ જ પ્રકારે આયુષ્યમાન કાર્ડ આખા ભારત માટે ઇન્ટ્રોડ્યુઝ કર્યું. એ વખતે એમણે બિલ રજૂ કર્યું ત્યારે એસ.ઇ.સી.સી.નો વર્ષ ૨૦૧૧નો જે ડેટા હતો એમાં પત્યેક કુટુંબોને આવરી લેવાયા. આયુષ્યમાન કાર્ડ ઇન્ટ્રોડ્યુઝ થતાંની સાથે આપણે ત્યાં માત્ર ૪૪ લાખ પરિવારો એસ.ઇ.સી.સી. ડેટામાં હતા. આપણે તો વધારે લાભ આપતા હતા. ૪ લાખ કરતાં ઓછી આવકવાળા અને ૬ લાખ કરતાં ઓછી આવકવાળા સિનિયર સિટીઝન, પત્રકારો એ બધાંને આવરી લઇ અને મોટી સંખ્યામાં એ લોકોને લાભ આપી શકીએ એના કારણે આયુષ્યમાન કાર્ડ, મા કાર્ડ, મા વાત્સલ્ય કાર્ડને સંકલિત કરીને જે કાર્ડ મૂક્યું એના કારણે ૮૦ લાખ કુટુંબોને આ લાભ આપવાના છીએ અને જે સંખ્યા થાય એ ૪ કરોડની આસપાસ થાય છે. શ્રી વિરજીભાઇ જે બિલ લઇને આવ્યા છે એના હાર્દમાં એમણે કહ્યું છે કે ૫ લાખ કરતાં વધારે રકમ થઇ જાય તો શું થાય? છેલ્લા એક વર્ષમાં ૪.૫ લાખ ક્લેઇમ આવ્યા અને માત્ર ૪ જ કેસમાં એવું બન્યું છે કે જેમાં ૫ લાખ કરતાં વધારે રકમની જરૂર પડી છે. આમ ૫ લાખ કરતાં વધારે જરૂર પડે એવું ખૂબ ઓછા કેસોમાં બનતું હતું. એમની જે લાંબી બીમારીની વાત છે એ પણ આપણે આમાં લીધી છે. ૨,૬૮૧ પ્રકારની જુદી-જુદી પ્રોસિજર આપણે ત્યાં પહેલાં ઓછી હતી પણ આયુષ્યમાન કાર્ડમાં વધી. આપણે ત્યાં હતું અને પ્રધાનમંત્રીએ જે આપ્યું એ બધું લઇ અને ગુજરાતની પ્રજાને આ બધું આપવાનું કામ જો કોઇએ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આમ તો બિલનો હાર્દ લાગણીવાળો છે. શ્રી વિરજીભાઇ, અમે તમારી લાગણી સાથે સંમત છીએ, પણ આપના ધ્યાને એવું આવે કે કોઇને ડેડ બોડી મળતી નથી, બિલ વધારે થઇ ગયું છે તો ચોક્કસ અમારા ધ્યાનમાં લાવજો. આ સરકાર એ બાબતે જરૂરથી કાર્યવાહી કરશે. અમે તમારી લાગણી સાથે સંમત છીએ, ત્યારે એમણે જે કહ્યું કે કોઇ પણ પ્રકારની બીમારીમાં વિનામૂલ્યે સારવાર મળે એ માટે ત્રિસ્તરીય માળખું ગોઠવ્યું છે. ખાનગી હૉસ્પિટલમાં પણ આપણે સારવાર આપીએ છીએ. વિવિધ યોજના પણ અમલમાં મૂકી છે અને મા કાર્ડમાં તો દરેક વ્યક્તિના ખિસ્સામાં આપણે ૫ લાખ રૂપિયા તો મૂકીએ જ છીએ. એક વર્ષ સુધી તું આ ૫ લાખ રૂપિયા વાપર અને બીજું વર્ષ આવે એટલે ફરીથી બીજા પાંચ લાખ રૂપિયા આપીશું. એક ઘર હોય એમાં ચાર વ્યક્તિ હોય તો દરેક અલગ-અલગ વ્યક્તિ માટે અલગ-અલગ કાર્ડ અને દરેક માટે ૫ લાખની અલગ-અલગ જોગવાઇ છે. આપણે વર્ષ ૨૦૧૨ પછી અત્યાર સુધી ક્લેઇમના સાડા છ હજાર કરોડ રૂપિયા લોકોને ચૂકવી દીધા છે. મને કહેતાં આનંદ થાય છે કે દેશ અને દુનિયામાં આટલી મોટી ચિંતા કરવાની ગુજરાતથી આપણે શરૂઆત કરીને જરૂરી વ્યવસ્થાઓ લોકો સુધી પરકોલેટ કરી છે. ટ્રમ્પ-ઓબામા- અમેરિકાએ જે કર્યું એ પરંતુ સૌથી પહેલા આપણી શરૂઆત હતી. સામાન્ય ગરીબ જનની સારવાર કરવાનો વિષય ગુજરાતથી બીજાના કોઇના મગજમાં આવ્યો. વિકસિત દેશોમાં સારવાર મોંઘી છે, પણ આપણે ત્યાં ગરીબ, મધ્યમ વર્ગ અને ઝૂંપડામાં રહેતા માણસની પણ ચિંતા સરકારે કરી છે. હું માનું છું ત્યાં સુધી માત્ર જૂજ બીમારીઓ જેવી કે લિવર ટ્રાન્સપ્લાન્ટ, સ્ટેમસેલ ટ્રાન્સ્પ્લાન્ટમાં રૂ. ૫ લાખથી વધારાનો ખર્ચ થાય છે. બાકીની એવી કોઈ સારવારમાં ખૂબ લાંબા સમય સુધી પણ રૂ. ૫ લાખથી વધારે ખર્ચ થતો નથી. હૃદયરોગ કે કેન્સર જેવી સારવાર માટે આપણી પાસે તો અમદાવાદમાં વર્લ્ડ ક્લાસ મેડિસિટી છે. યુ.એન. મહેતા, જી.સી.આર.આઈ., આઈ.કે.ડી. આ બધામાં સારામાં સારી અને તજજ્ઞ ડૉક્ટરો દ્વારા સારવાર કરવામાં આવે છે. તેમાં પણ જ્યારે કિડનીની તકલીફ ઊભી થાય એ વખતે લોકોને ખૂબ દૂર ડાયાલિસિસ કરાવવા માટે જવું પડતું હતું. તેના બદલે અત્યારે ૬૯ જગ્યાએ ૩૦ થી ૪૦ કિ.મી.ના રેડિયસમાં ડાયાલિસિસ સેન્ટર શરૂ કરવામાં આવ્યાં છે. આવતા બે જ મહિનામાં એક ફેર ફ્લેકસ નામની કંપની આપણને બીજા ૧૦૦ મશીન ફ્રી આપવાની છે અને આદરણીય પ્રધાનમંત્રીશ્રીનો આભાર માનીએ કે એમણે આંગળી ચીંધી અને ગુજરાતમાં ૧૦૦ મશીન મળવાના છે. એમાં પણ ખાસ કરીને આદિવાસી વિસ્તાર, ટ્રાયબલ વિસ્તાર અને સાગરકાંઠાના વિસ્તારમાં વધુમાં વધુ ઇમ્પ્લીમેન્ટ થાય એટલે મોટાભાગનાં મશીનો ત્યાં આપવાનાં છીએ. દૂર દરાજના વિસ્તારો કે જ્યાં ૨૦ કે ૨૫ કિ.મી.ની રેડિયસમાં આપણે પહોંચવું છે. આશરે ૨૦ નવાં સેન્ટરો આપણે ઊભાં કરી શકીએ છીએ. એક એસિડ ઍટેકવાળી દીકરી માટે બધું પડતું મૂકીને જેમ માનનીય શ્રી અનિલભાઈને મદદ કરી તે જ રીતે આ દીકરીને પણ આ સરકારે રૂ. ૫ લાખની મર્યાદા ભૂલીને મદદ કરી હતી. આવા કેટલાક ખાસ કિસ્સાઓમાં પણ મદદ કરતા હોઈએ છીએ. તેના સિવાય આ બધી હોસ્પિટલોમાં આશરે ૭૦૦ પ્રકારની દવાઓ મફત આપવામાં આવે છે. સરકારી હોસ્પિટલમાં તો નિઃશુલ્ક જ સારવાર આપીએ છીએ. ત્યાં એક પણ રૂપિયાનો ખર્ચો લેતા નથી, પરંતુ ગુજરાતમાં ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને પણ મોટી હોસ્પિટલની સગવડ મળે, તેને વધારે સારી સારવાર લેવાની ઈચ્છા થાય, કદાચ એવું લાગે કે મારે સિવિલમાં સારવાર નથી લેવી અને સિમ્સ-સ્ટર્લિંગ-એપોલોમાં જવું છે તો પણ તેના ખિસ્સામાં રૂ. ૫ લાખ મૂકવાનું કામ આ સરકાર એટલા માટે કરી રહી છે કે કોઈ પણ ગરીબ કે મધ્યમવર્ગના ગુજરાતીમાં લઘુતાગ્રંથિનો ભાવ ન આવે. આ ઉપરાંત પણ બી.પી.એલ. લાભાર્થીઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના કુટુંબો સહિત ૦ થી ૧૮ વર્ષનાં બાળકો કે જેની વસતિ લગભગ ૧.૬ કરોડ જેટલી છે આ બધાને તો ફ્રી સારવાર આપવામાં આવે જ છે, તેમાં કોઈ ચાર્જીસ લેતા નથી. તેના સિવાય ગરીબ અને મધ્યમવર્ગના રૂ. ૪ લાખથી નીચેની આવક ધરાવતા પરિવારો માટે પણ ચિંતા કરી છે. માનનીય શ્રી વિરજીભાઈએ લાગણી સાથે જે વાત કરી કે ડેડ બોડી મળતી નથી તો ગુજરાતનો કોઈ પણ પ્રતિનિધિ હોય કે સામાન્ય નાગરિક હોય આ બાબતે ધ્યાન દોરશે તો સરકાર ચોક્કસ ધ્યાને લેશે. શ્રી કિરીટભાઈ આપે જે કહ્યું એ વિષયની અંદર મોટાભાગે એ હિસ્ટોટોમીના ઓપરેશનમાં ખોટું

થવાની સંભાવના હોય છે. એટલે આપણે સરકારી તબીબને એમાં ઉમેરવા છે કે જેથી કરીને ખોટુ ન થાય. આપની જે લાગણી છે એના હાર્દ સાથે અમે સંમત છીએ. મેં પહેલા દાખલો આપ્યો કે, સાડા ચાર લાખમાંથી ૪ જ જણને રકમ રૂપિયા ૫ લાખની સારવારની જરૂર પડી. એમાં આર્થિક અનુશાસન રાખવા માટે પણ ક્યાંક ક્યાંક આપણે બંધાવું પડતું હોય છે. માનનીય શ્રી વિરજીભાઇ હું આપને વિનંતી કરૂ છું કે, આપની જે લાગણી અને હાર્દ છે એના માટે સરકારશ્રી સંમત છે. ક્યાંક નાની મોટી મુશ્કેલી આવશે. એમાં પણ કોઇ હોસ્પિટલ ડેડબોડી ન આપતી હોય તો સરકાર તરત જ એને ફોન કરી અથવા તો એની ઉપર જે કરવાનું હોય તે કરવા માટે તૈયાર છે. આપ આ જે બિનસરકારી વિધેયક લઇને આવ્યા છો એ પાછુ ખેંચી લો, એવી મારી વિનંતી છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મેં રજૂ કરેલ બિલમાં, માનનીય મંત્રીશ્રીએ મારા લાગણીસભર બીલને લાગણીથી સ્વીકાર્યુ છે, એટલી વાત અને હાર્દ સાથે હું સંમત થાઉ છું. પૂર્વ આરોગ્ય મંત્રી શ્રી કિશોરભાઇએ કહ્યું કે માત્ર અમે જ કર્યું છે એવું નથી. ભૂતકાળની સરકારે સિવિલ હોસ્પિટલો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને એઇમ્સ જેવી સંસ્થાઓ પણ સ્થાપી લોકોને બચાવવા માટેના પ્રયત્નો કર્યા છે. જ્યારે શીતળામાં લોકો બચતા ન હતા ત્યારે પણ રસીકરણની કામગીરી કરી છે. અત્યારે કોરોનામાં પણ એવા દાખલા બન્યા છે. એટલે કોઇ નાના મોટા દર્દીઓ પીડાય નહી, એના માટેની ચિંતા બિલમાં વ્યકત કરી છે. એટલે માનનીય મંત્રીશ્રીની લાગણીને માન આપીને મારા વિચારોમાં જે શ્રી કિશોરભાઇ કાનાણી, શ્રી બળદેવજી ઠાકોર, શ્રી અરવિંદભાઇ પટેલ, શ્રી કિરીટભાઇ પટેલ, શ્રી હર્ષદભાઇ વિગેરેમાં મને ૩ ધારાસભ્યશ્રીઓએ સમર્થન આપ્યું છે, બાકીના બધા સભ્યશ્રીઓ મારા વિચારો સાથે સહમત થયા છે. ત્યારે હું માનનીય મંત્રીશ્રીની લાગણીને ગ્રાહ્ય રાખી મારૂ આ વિધેયક પરત ખેંચું છું.

હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૧નું વિધેયક ક્રમાંક-૮, ગુજરાત લાંબી બીમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક, ૨૦૨૧ પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૦**

**જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક, ૨૦૨૧**

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૬**

**ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયેક, ૨૦૨૧**

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) :- માનનીય સભ્યશ્રી ગેરહાજર

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૮**

**ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૯**

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) :- માનનીય સભ્યશ્રી ગેરહાજર

**સભાગૃહની બેઠકનું કામકાજ સાંજના ૫-૨૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૨૫મી માર્ચ, ૨૦૨૨ના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

ચૈત્ર ૪, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા. ૨૫મી માર્ચ, ૨૦૨૨**

**ચૈત્ર-૪, શાકે ૧૯૪૪**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**રાજપીપળા નગરપાલિકાને ભૂગર્ભ ગટર યોજના માટે ગ્રાન્ટ**

* ૪૫૦૨૧ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૦૯-૧૨-૨૦૧૯ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૨૩૫ (અગ્રતા-૨૪૩)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજપીપળા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના ભાગ-૨ STPની કામગીરી હાથ ધરાયેલ અને બાકી રહેતા કામો માટે સુધારેલ ડી.પી.આર. બનાવવામાં આવી રહેલ તે કામગીરી કયા તબક્કે છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજપીપળા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના ભાગ-૨ STPની કામગીરી પ્રગતિ હેઠળ છે અને બાકી રહેતા કામો માટે સુધારેલ ડી.પી.આર. મંજૂર કરી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામગીરી શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત કામગીરી કઈ એજન્સીને ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે આપવામાં આવેલ છે ? | (૨)<br>• ભૂગર્ભ ગટર યોજના ભાગ-૨ STP માટે મે. જ્યંતિ સુપર કન્સ્ટ્રક્શન કંપની પ્રા. લિ., મહેસાણાને તા.૧૮-૦૧-૨૦૨૧ થી ૧૮ માસ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાની શરતે વર્કઓર્ડર આપવામાં આવેલ છે.<br>• બાકી રહેતા કામો માટે મે. એન. પી. પટેલ એન્ડ કંપની, અમદાવાદને તા.૦૫-૧૧-૨૦૨૦થી ૨૪ માસ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાની શરતે વર્કઓર્ડર આપવામાં આવેલ છે. |

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે રાજપીપળા નગરપાલિકાને ભૂગર્ભ ગટર યોજના માટે કેટલી ગ્રાન્ટ ફાળવી છે? આ જે ભૂગર્ભ ગટરનું પાણી જવાનું છે એના માટે કોઇ વ્યવસ્થા કરી છે? કારણ કે આ જે ગંદુ પાણી છે એ કરજણ નદીમાં જ જાય છે. એના માટે સુએઝ પ્લાન્ટ અથવા તો બીજી કોઇ વ્યવસ્થા કરી છે કે કેમ?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજપીપળા નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાના કામો સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા. ૨૮-૭-૨૦૧૪ ના રોજ રૂ. ૪૫,૦૯,૦૦,૦૦૦ની વહીવટી મંજૂરી આપવામાં આવેલી હતી. જેમાં સીવર કલેક્ટિંગ સિસ્ટમ, પમ્પિંગ મેન, પમ્પિંગ સ્ટેશન, પમ્પિંગ મશીનરી, હાઉસ કનેકશન ચેમ્બર, એસ.ટી.પી. અને જેટિંગ મશીનરી વગેરે કામોનો આમાં સમાવેશ થાય છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, રાજપીપળા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના અંગેનો પ્રશ્ન મારા સાથી મિત્ર શ્રી પ્રેમસિંહભાઇ વસાવા લઇને આવ્યા છે ત્યારે શહેરી વિકાસ વિભાગે પછી એ છોટાઉદેપુર હોય, કવાંટ હોય, જેતપુર હોય, બોડેલી હોય, ડભોઇ હોય કે રાજયની અન્ય નગરપાલિકાઓમાં આ તમારી યોજના ફેઇલ ગયેલી છે. એનો લાભ મળતો નથી. પાણી નિકાલ કરવાની જગ્યા તમે સિલેકટ કરી છે, એ કામો પૂરાં થયાં નથી, ત્યારે આ યોજનાઓ જે કામ થયું છે એને પૂર્ણ કરવા અથવા તો જે એજન્સીએ કામ કર્યું છે એની સામે પગલાં લેવા સરકાર માંગે છે કે કેમ?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાઓ છે એ સ્વર્ણિમ જયંતિ હેઠળ આ યોજનાઓનું આખા રાજયમાં અત્યારે કામ ચાલુ છે. સારામાં સારી આ યોજના છે. આ યોજના હેઠળ આખા રાજયભરની અંદર આવનારા દિવસોમાં તમામ નગરપાલિકાઓથી લઇને મહાનગરપાલિકા સુધીની ૧૫૬ નગરપાલિકા અને ૮ મહાનગરપાલિકા આ તમામ જગ્યાઓ ઉપર ટૂંક સમયની અંદર એસ.ટી.પી. પ્લાન્ટ સ્થાપિત થઇ જવાના છે અને તમે જે ફેઇલનું કીધું એ પ્રશ્ન રિપીટ કરો?

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે તમે જે ડિઝાઇન બનાવી એ ડિઝાઇન ખોટી હતી અને એને કારણે જે ગંદુ પાણી નિકાલ કરવાની વ્યવસ્થા હતી એ કરી શકયા નથી. તમારા પમ્પિંગ સ્ટેશનો કામ કરતાં નથી અને એને કારણે ગંદુ પાણી ગટરોમાંથી ઉભરાય છે. આ ગંદકી દૂર કરવા પણ પગલાં લેવાતાં નથી. ખાસ કરીને કહું તો પાવી

જેતપુર, કવાંટ, ગોઇલી, છોટાઉદેપુર, નસવાડીની જે યોજનાઓ છે એ પૂરી જ નથી થઇ અને તમે પૂરી બતાવી દીધી છે તો એની સામે તમે શું પગલાં લેવા માંગો છો?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો એ છે કે આ યોજનાના જે કોન્ટ્રાકટરને કામ આપવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૧૪ પછીના પાર્ટ-૧ અને પાર્ટ-૨ એમ બે કામો હતાં. જે તે સમયે કામ કરવામાં આવ્યું, એણે લાઇન કન્સલ્ટની ડિઝાઇન મુજબ લાઇન નાખવામાં આવી હતી. ઉપરાઉપરી બે વર્ષ સુધી ત્યાં વધારે વરસાદ પડવાને કારણે પૂર વધારે આવવાથી ત્યાં નદીની બહારના ભાગમાંથી ધોવાણ થઇ ગયું અને એ પાઇપલાઇનનું ધોવાણ થઇ ગયું અને પાઇપલાઇન અંદરથી તણાઇ ગઇ. જે રિપોર્ટ હતો એ પ્રમાણે લાઇન બરાબર નખાઇ હતી, પરંતુ ત્યારપછી જે નવી લાઇન નાખવા માટે નવી જગ્યા ફાળવવી પડે, કારણકે જે જમીન નદીના કિનારેથી ધોવાઇ ગઇ છે ત્યાં શકય નહોતું એના કારણે થોડું ડીલે થયું છે. બીજી વાત ગટર ઉભરાવવાની કરી છે, તો આવનારા દિવસોમાં તમામ નગરપાલિકાઓની અંદર એક ક્લસ્ટર બનાવવામાં આવશે. ૮,૧૦ નગરપાલિકાઓનું ક્લસ્ટર બનાવીને રિજિયોનલ કમિશનરના અન્ડરમાં એ કામ કરશે. મશીનરી રાજ્ય સરકાર લેવા જઇ રહી છે. રિજિયોનલ કમિશનર અંતર્ગત કામગીરી કરવામાં આવશે. વર્ષમાં દરેક નગરપાલિકાની અંદર વર્ષમાં એક વાર તેની સાફસફાઇ માટે મશીન મૂકવામાં આવશે. કેમ અત્યાર સુધી મજૂરો હોય છે તેઓ ગટરમાં ઉતરીને સાફ કરતા હતા. તેને રાજ્ય સરકારે સૂચના આપી છે કે કોઇપણ જગ્યાએ શ્રમજીવી ગટરમાં ન ઉતરે અને મૃત્યુ ન થાય. પછીના સમયમાં આવનારા દિવસોમાં મશીનથી સાફ સફાઇ કરવા માટેનાં મશીનો ખરીદવા જઇ રહી છે. એ મશીનો દ્વારા દરેક નગરપાલિકામાં રાઉન્ડ ધ ક્લોક એની સાફ સફાઇની કામગીરી કરવામાં આવશે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, જે જવાબ આપ્યો છે એ અમને મંજૂર નથી. તમે લાઇનો નાખી છે અને આ લાઇન તમારી નાની છે. શહેરમાં મોટી કરતા હશો. અમારા ગ્રામ્ય વિસ્તારમાં નાની લાઇન છે. ત્યાંની વસતિના ધોરણે લાઇન નાખી નથી. પરિણામે ગટરો ઉભરાય છે. કામગીરી પૂર્ણ થઇ નથી અને પૂર્ણ બતાવી દીધી છે. પૂર્ણ બતાવી હોય તો તેમાં કોણ સામેલ છે. જિલ્લા પંચાયતના અધિકારીઓ, ગ્રામ્ય પંચાયતના કે નગરપાલિકાના ચીફ ઓફિસર કે તલાટી સામેલ છે અને તેઓની સામે શાં પગલાં લેવા માગો છો?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, લાઇન નાની છે. તો લાઇન નાખવાની ડિઝાઇન બનાવવાનું કામ પ્રાઇવેટ કન્સલ્ટિંગ કામ કરતી હોય છે. જેની સરકારી મંજૂરી મળે એની ટેકનિકલ ડિઝાઇન મંજૂર થતી હોય છે. સાંકડી લાઇનમાં વધારે પ્રેશર જવાથી ગટર ઉભરાતી નથી. બીજી વાત કોન્ટ્રાક્ટર સામે શું પગલાં લેવામાં આવ્યાં છે. કોઇપણ તમારી પાસેથી ફરિયાદ હશે કે આ કામ યોગ્ય નથી થયું, તો તેની માહિતી આપશો તો જે નગરપાલિકા હશે એની સામે તપાસ કરાવીને નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મેં તમને ગામનાં નામ સાથે કહ્યું છે. તેઓની સામે તપાસ કરીને પગલાં લેવાં માગો છો કે કેમ?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એની તપાસ કરાવીશું. ગામના તે નામ ઉપર તપાસ કરાવીશું. અધિકારી કે કોન્ટ્રાક્ટર દોષિત હશે તો નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે રાજપીપળા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર ભાગ-૧ માં કેટલી રકમના કયા કયા કામો લેવામાં આવ્યાં છે? તે પૈકી કેટલી કામગીરી પૂરી થયેલ છે?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજપીપળા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજનાના ભાગ-૧ માં સુએજ કલેક્ટિંગ, સિસ્ટમ હાઉસ કનેક્શન ચેમ્બર, બીઆર જર્જરિત મેઇન લાઇન, બેન્ક પ્રોટેકશન તથા બે વર્ષની મરામત અને નીભાવણીનાં કામો લેવામાં આવ્યાં છે. રાજપીપળા નગરપાલિકા ભૂગર્ભ ગટર યોજના ભાગ-૧ શરૂ કરવા માટે તા. ૫-૩-૧૯ થી સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. સ્થળ, પરિસ્થિતિ મુજબ સર્વેક્ષણ કરી તથા અદ્યતન ભાવસૂચિ મુજબ ડી.પી.આર. બનાવી ભાગ-૧ માટે તા. ૨૬-૨-૨૦૨૦ થી રૂપિયા ૩૬ કરોડ ૫૩ લાખ ૯૩ હજારની રકમની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ કામગીરી માટે રૂપિયા ૩૦ કરોડ ૩૭ લાખ ૪૫ હજારના ભાવ પત્રકો મંગાવવામાં આવ્યા હતા. આ કામનું ટેન્ડર રૂપિય ૧૭ કરોડ ૭૭ લાખ ૧૯ હજારની રકમનું એટલે કે ૧૯:૨૦ ના એસ.ઓ.આર. થી ૪૧.૯૫ ટકા નીચા ભાવે મંજૂર રાખવામાં આવ્યું હતું. આ કામ મે. એન.પી. પેલ એન્ડ કંપની, અમદાવાદને તા. ૫-૧૧-૨૦ થી વર્ક ઓર્ડર આપીને કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ કામો પૈકી ૮૨ ટકા કામ પૂર્ણ થઇ ગયેલ છે. બાકીની કામગીરી પ્રગતિમાં છે. ટૂંક સમયમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી વિદ્વાન મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે વર્ષ ૨૦૧૪ પહેલા જે નગરપાલિકાની અંદર ભૂગર્ભ ગટરનાં કામ આપવામાં આવ્યાં. આ બધાં જ કામોની જવાબદારી પી.એમ.સી. ને એટલે કે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સીને આપવામાં આવ્યું હતું. જે જગ્યાએ કામો ખરાબ થયાં છે, તેમાંની એક પણ જગ્યાએ પી.એમ.સી.ની જવાબદારી સરકારે ફિક્સ કરેલ નથી. તો એ ફિક્સ નહિ કરવાનાં કારણો શાં છે? દેક પાલિકામાં પી.એમ.સી. ને કેટલા ટકા રકમ ચૂકવાઇ તે જણાવશો તો રાજપીપળા સહિત, મારા રાજુલા સહિત આખા ગુજરાતમાં જે પાલિકાઓમાં તકલીફ છે તેઓને બધાને ન્યાય મળશે.

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળ કહ્યું તેમ જે પી.એમ.સી. નક્કી કરી છે તેની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. જયાં પણ જરૂર જણાશે ત્યાં પગલાં લેવામાં આવશે. હાલમાં પણ અમુક જગ્યાએ તપાસ કરાવવામાં આવી રહી છે. આગામી દિવસોમાં તપાસમાં જે લોકો દોષિત ઠરશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજપીપળા શહેર ભૂગર્ભ ગટર યોજના ભાગ-૧ અને રાજપીપળા શહેર ભૂગર્ભ ગટર યોજના ભાગ-૨, એસટીપીની કામગીરી કેટલી પ્રગતિમાં છે ?

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજપીપળા શહેર ભૂગર્ભ ગટર યોજના ભાગ-૧ માં મેં આગળ જણાવ્યું તે મુજબની કામગીરી થયેલ છે. રાજપીપળા શહેર ભૂગર્ભ ગટર યોજના ભાગ-૨ માં સિવર કલેક્ટિંગ સિસ્ટમ પમ્પિંગ મેઇન લાઇન અને જેટિંગ મશીન તથા બે વર્ષની મરામતની કામગીરી વગેરે કામો લેવામાં આવ્યાં હતાં. જે પૈકી એજન્સી દ્વારા વરસાદના કારણે ધોવાઇ ગયેલ અને વૈકલ્પિક લાઇન ન મળવાને કારણે બાકી રહેલ ૪૫૦ મિટરની પાઇપલાઇનની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આખા ગુજરાતમાં સરકારની કરોડો રૂપિયાની ગ્રાન્ટનો બગાડ થાય છે. મારે ત્યાં રાધનપુરમાં પણ પમ્પિંગ સ્ટેશન સાથે ભૂગર્ભ ગટરનું કામ પી.એમ.સી.એ કર્યુ છે. કામમાં તકલીફ તો છે પણ કનેક્શનના અભાવે જોડાણ થઇ શકતું નથી. આ કનેક્શન મળશે કે કેમ? અને આખા ગુજરાતનો સૌથી મોટો પ્રશ્ન એ છે કે, નગરપાલિકાઓને ઓકટ્રોય નાબૂદી પછી આવકનાં સાધનો ટાંચા છે. ત્યારે બધી જ નગરપાલિકાઓના કરોડોના બિલ ચૂકવવાના બાકી છે. આગળ પણ સરકારે નિર્ણય લઇને આ લાઇટબિલ ભર્યા હતા. ફરીથી સરકાર આવો કોઇ નિર્ણય લઇને આ નગરપાલિકાઓને આ કરબોજમાંથી મુક્ત કરવા માગે છે કે કેમ?

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તેમનો બાકીના બિલનો પ્રશ્ન છે તે તેમનું સૂચન છે અને તે માટે વિચારીશું. નગરપાલિકાની અંદર ડ્રેનેજના કનેકશન આપવાની વાત છે તેના માટે સરકારે મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના નીચે સારામાં સારી કામગીરી કરી છે. એક કનેકશનદીઠ રાજ્ય સરકાર તેમને સાત હજાર રૂપિયા દરેક નગરપાલિકાઓને ચૂકવે છે. જે લોકો જાતે કનેકશન નથી લેતા તેના કારણે ડ્રેનેજ નાખી હોવા છતાં તે કામગીરી અધૂરી જણાય છે. એટલા માટે આ વર્ષે રાજ્ય સરકારે કનેકશનદીઠ સાત હજાર રૂપિયાની ફાળવણી કરી છે. આવી વ્યવસ્થા કયારેય કરી નથી. પર્સનલ કનેકશન માટે આવી વ્યવસ્થા કરી છે. ગંદા પાણીની અને ગટરો ઉભરાવવાની કે નાની મોટી ખરાબીની વાત છે તેમાં કહું તો રાજ્યની અંદર ૧૫૬ નગરપાલિકાઓની અંદર પહેલીવાર એવું બનશે કે નદી નાળાં કે કોઇ તળાવની અંદર એકપ ટીંપુ ગંદુ પાણી તેમાં છોડવામાં નહીં આવે. વર્ષોથી ગંદકી નગરપાલિકાઓની બહાર ફેલાતી હતી અને દુર્ગંધ મારતી હતી. હવે પછી ટૂંક સમયની અંદર મોટાભાગની નગરપાલિકાઓ લગભગ ૧૨૫ નગરપાલિકાઓમાં એસટીપીના પ્લાન્ટ ચાલુ થઇ ગયા છે. બે-ચાર જગ્યાઓ ઉપર જમીનના પ્રશ્નો છે. જે નગરપાલિકાઓ પાસે પોતાની જમીન નથી તેને કલેકટર પાસેથી જમીન લેવી પડતી હોય છે. તેવી પાંચ નગરપાલિકા બાકી છે. ટૂંક સમયમાં મહેસૂલ વિભાગ સાથે સંકલન કરી જમીન ફાળવવામાં આવશે. આવનારા દિવસોમાં આખા દેશની અંદર ગુજરાત રાજ્ય એવું બનશે કે એકપણ નગરપાલિકાથી લઇને મહાનગરપાલિકા સુધીમાં એકપણ ટીંપુ ગંદુ પાણી તળાવમાં કે નદીમાં નહીં ઠલવાય.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે,

અધ્યક્ષશ્રી : આપ બેઠા બેઠા નહીં બોલો પ્લીઝ, નિયમ પ્રમાણે ચાલવાનું છે.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના હેઠળ કયા કયા કામો હાથ ધરવામાં આવે છે?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૮-૦૭-૨૦૧૩ના ઠરાવથી સ્વર્ણિમજયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં રાજયમાં આવેલ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં જુદા જુદા આંતર માળખાકીય સુવિધાને લગતા કામ હાથ ધરી શકાય છે. જેમાં ભૌતિક આંતર માળખાકીય સુવિધાને લગતાં કામો જેવા કે સ્ટ્રોમ વોટર, ડ્રેનેજ, જળસંચયનાં કામો, તળાવ બ્યુટીફિકેશનનાં કામો, પાણી પુરવઠાનાં કામો, ભૂગર્ભ ગટર વ્યવસ્થાનાં કામો, રસ્તા અને ટ્રાફિક તથા સર્કલનાં કામો, ખાનગી સોસાયટીમાં જનભાગીદારી હેઠળના આંતરિક રસ્તા, પીવાના પાણી, પાણીની પાઇપલાઇન, સ્ટ્રીટ લાઇટના કામો અને ઇ-ગવર્નર્સ વગેરે કામો આમાં હાથ ધરી શકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક આંતર માળખાકીય સુવિધાનાં કામો જેવા કે, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, આંગણવાડી, અદ્યતન પ્રકારની સુવિધા ધરાવતા જાહેર પે એન્ડ યુઝ શૌચાલય, અર્બન હેલ્થ સેન્ટર વગેરે કામો હાથ ધરી શકાય છે. આ ઉપરાંત શહેરી પરીવહનને લગતાં કામો જેવા કે શહેરી બસ સેવા અને ટ્રાફિક વ્યવસ્થા, રેલવે ઓવર બ્રિજ અને રેલવે અંડર બ્રિજ, રીંગ રોડ, ફ્લાઇ ઓવર બ્રિજ, અંડર પાસ વગેરે કામો હાથ ધરી શકાય છે. શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામો જેવા કે હેરીટેઝ, પ્રવાસન, પ્રદર્શન (અંતરાય) પ્રશ્ન મને પૂછ્યો છે એટલે હું જવાબ આપુ છું. એમણે સ્વર્ણિમ યોજના નીચે (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ગટર વ્યવસ્થાનો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે ગટર વિશે મર્યાદિત રાખો. (અંતરાય) ગટરની સમસ્યા જે છે એ બધાની ચિંતા છે એના પૂરતો જવાબ આપો? (અંતરાય)

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ જે આપુ છું એ માગ્યો એ પ્રમાણે જ આપુ છું. પ્રશ્ન પૂછ્યો એટલે મારે જવાબ આપવો પડે છે.

અધ્યક્ષશ્રી : આપની વાત બરાબર છે, પણ આપ ફકત ગટર પૂરતું મર્યાદિત રાખો.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : પ્રશ્ન મને પૂછ્યો છે એટલે હું જવાબ આપુ છું.

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આપ એમને કહી દો કે આ પ્રશ્ન આમાં નહીં આવે. આપણે એમને કહી દઇએ કે આ પ્રશ્ન આમાં નથી આવતો. (અંતરાય)

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : આ માહિતી બધા સભ્યશ્રીઓ માટે જાણવાલાયક છે. બધા સભ્યોને ખબર નહીં હોય એટલા માટે આ માહિતી બહુ સારી છે એટલા માટે હું જવાબ આપુ છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, આપ ફકત ગટર પૂરતો જવાબ આપો કેમ કે હજુ બે ત્રણ સભ્યશ્રીઓને પૂછવું છે અને આ એક જ પ્રશ્નમાં સમય ઘણો થઇ ગયો છે. પછી આપને જે માહિતી આપવી હોય એ માહિતી આપજો. માનનીયશ્રી લાખાભાઇ ભરવાડ.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિરમગામમાં ખૂબ જ ગટરો ઉભરાય છે, જી.યુ.ડી.સી. દ્વારા પાર્ટ વન અને પાર્ટ ટુ નું જે કામ કર્યું છે તે ક્ષતિયુક્ત છે તો એમાં સુધારા કરવા માગો છો કે કેમ?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જિલ્લા બહારનો પ્રશ્ન છે છતાં હું જવાબ આપવા માટે તૈયાર છું. મારી પાસે માગ્યો એટલે જવાબ આપવો પડે અને મારી પાસે માહિતી છે એટલે હું આપુ છું. વિરમગામ નગરપાલિકામાં પાર્ટ વન અને પાર્ટ ટુની યોજનાનું કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. હાલમાં ત્યાં પાર્ટ થ્રીની સૈદ્ધાન્તિક મંજૂરી પણ આપવામાં આવી છે અને આવનારા દિવસોમાં વિરમગામથી દૂર જે અંતરિયાળ ગામો છે એને માટેની આ યોજના છે અને એની કામગીરી પણ ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવશે.

**જૂનાગઢ ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા**

* ૪૩૮૭૪ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) **: માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા અને ચોરવાડથી સોમનાથ તરણ સ્પર્ધાનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

Hb-959-3-22-SIS-10

(૨) જો હા, તો આ સ્પર્ધાઓ પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા સ્પર્ધકોએ સ્પર્ધાવાર ભાગ લીધો, અને

(૪) વિજેતા સ્પર્ધકોને કેટલી ઈનામની રકમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) જૂનાગઢ ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાનું દર વર્ષે, જ્યારે ચોરવાડથી સોમનાથ તરણ સ્પર્ધાનું દર બે વર્ષે આયોજન કરવામાં આવે છે.

(૨)

| વર્ષ | આરોહણ-અવરોહણ સ્પર્ધા ખર્ચ | તરણ સ્પર્ધા ખર્ચ |
|---|---|---|
| ૨૦૨૦ | રૂ.૪૪.૩૧ લાખ | રૂ. ૫.૦૦ લાખ |
| ૨૦૨૧ | કોરોના મહામારીને કારણે સ્પર્ધાનું આયોજન કરેલ નથી. | એકાંતરે વર્ષે આયોજન કરવાનું હોઈ સ્પર્ધા યોજેલ નથી. |

(૩)

| વર્ષ | આરોહણ-અવરોહણ સ્પર્ધા | તરણ સ્પર્ધા |
|---|---|---|
| ૨૦૨૦ | ૧૯૮૯ સ્પર્ધકો | ૧૯ સ્પર્ધકો |
| ૨૦૨૧ | ૦ | ૦ |

(૪)

| વર્ષ | આરોહણ-અવરોહણ સ્પર્ધા ઈનામ | તરણ સ્પર્ધા ઈનામ |
|---|---|---|
| ૨૦૨૦ | રૂ.૬,૧૬,૦૦૦/- | રૂ.૧૮,૦૦૦/- |
| ૨૦૨૧ | ૦ | ૦ |

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ગિરનાર આરોહણ અને અવરોહણ સ્પર્ધા શું છે? આ સ્પર્ધાની શરૂઆત ક્યારે કરવામાં આવી અને, એમાં કઇ કઇ બાબતનું ધ્યાન રાખવામાં આવેલ છે? તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આ સ્પર્ધામાં છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલા સ્પર્ધકોએ ભાગ લીધો અને, છેલ્લાં બે વર્ષમાં આ સ્પર્ધા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગિરનાર આરોહણ અને અવરોહણ સ્પર્ધા એ રાજયના યુવક યુવતીઓના સર્વાંગી વિકાસ માટે અને તેમની શક્તિઓને સર્જનાત્મક અને રચનાત્મક માર્ગે વાળવા માટે યોજવામાં આવતી આ સાહસિક પ્રવૃત્તિઓ પૈકીની એક સ્પર્ધા છે. ગિરનાર આરોહણ અને અવરોહણ સ્પર્ધાની શરુઆત વર્ષ ૧૯૭૧થી કરવામાં આવી હતી. વર્ષ ૧૯૭૧થી ૧૯૭૭ સુધી ફૂલછાબ રાજકોટ દ્વારા આનું આયોજન કરવામાં આવ્યું. વર્ષ ૧૯૭૮માં ઇનરવીલ ક્લબ જૂનાગઢ અને ફૂલછાબ રાજકોટના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવેલ હતું. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૮૪માં રાજપીપળાની વ્યાયામ પ્રચારક મંડળ દ્વારા આ આયોજન કરવામાં આવેલુ. વર્ષ ૧૯૯૧માં સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર દ્વારા આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલુ. વર્ષ ૧૯૯૬થી આ સ્પર્ધાનું આયોજન રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, ગાંધીનગર દ્વારા કરવામાં આવી રહેલ છે. ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં મુખ્યત્વે ધ્યાનમાં રાખવામાં આવતી બાબત પ્રસ્થાન રેખાથી ગિરનાર

પગથિયા સુધી બન્ને બાજુએ સ્પર્ધકો માટે બેરીકેટિંગ અને અવરોધરૂપ કોઇ વ્યકિત પાલતું જાનવરથી વિક્ષેપ ના પડે તેનુ પણ ખાસ ધ્યાન રાખવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્પર્ધામાં રાજય, રાષ્ટ્રીય કક્ષા તમામ કક્ષાઓમાંથી ખૂબ મોટા પાયે લોકો ભાગ લેતા હોય છે તેના માટે આગળના દિવસથી જ કલેકટર કચેરી મારફત સ્પર્ધાના રાત્રિના ઝીરો અવર્સથી સ્પર્ધાના દિવસના ૧૨ કલાક સુધી આમ જનતા માટે બંધ રાખી, જાહેરનામું પ્રસિદ્ધ કરી સ્પર્ધકો માટે ગિરનારથી સિડીઓ ખુલ્લી મૂકવામાં આવે છે. આ સ્પર્ધકો જયારે આ સ્પર્ધામાં ભાગ લે છે ત્યારે બીજી કોઇ તકલીફ ના પડે તે માટે ડોલીની વ્યવસ્થાઓ પણ ત્યાં રાખવામાં આવે છે. ગિરનાર સ્પર્ધામાં સ્પર્ધકોને સ્પર્ધા દરમિયાન દર ૫૦ પગથીયાં પર એક વ્યાયામ શિક્ષક પણ મૂકવામાં આવે છે જેનાથી કોઇ પણ વ્યકિત જયારે બહારથી આ સ્પર્ધામાં ભાગ લે છે તો નાની મોટી તકલીફ પડતી હોય છે અને તકલીફમાં તરતજ તેને મદદ પહોંચાડી શકીએ તે માટે આ વ્યવસ્થા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે સ્પર્ધકો ભાગ લે છે તેના માટે વીમાની પણ વ્યવસ્થા કરવામાં આવે છે, ત્યાં તમામ પ્રકારની તબીબી સેવાઓ પણ ઉપલબ્ધ હોય છે. આ સ્પર્ધા ખૂબ જ દિલચસ્પ હોય છે ૫,૫૦૦ પગથિયાંની આ સ્પર્ધામાં ગુજરાત રાજયના ખૂબ મોટી સંખ્યામાં ભાઇઓ - બહેનો, સિનિયર સિટીઝનો તમામ લોકો ભાગ લેતા હોય છે અને આ જ રીતે રાષ્ટ્રીય કક્ષાની આ સ્પર્ધા છે જેમાં ખૂબ મોટા પાયે દેશના અલગ અલગ રાજયોમાંથી લોકો ભાગ લેવા માટે આવતા હોય છે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું પૂછવા માગુ છું કે, ગિરનાર આરોહણ અને અવરોહણ જે સ્પર્ધા થાય છે, તેમાં ઇનામની નજીવી રકમ આપવામાં આવે છે તો સ્પર્ધકોને પ્રોત્સાહન મળે તે માટે તમે આ રકમ વધારવા માગો છો કેમ કે ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦માં જે રાજય કક્ષાની સ્પર્ધા હોય છે તેમાં ૧૪ લાખ ૩૧ હજારના ઇનામો આપવામાં આવ્યા છે અને આ જ રીતે રાષ્ટ્રીય કક્ષાની જે સ્પર્ધા હોય છે, તેમાં ૩૦ લાખ રૂપિયાના ઇનામો આપવામાં આવ્યા છે. મારી માનનીય ધારાસભ્યશ્રી, વડીલ ધારાસભ્યશ્રીને વિનંતી છે કે, આવનારી આરોહણ - અવરોહણની સ્પર્ધામાં એ પણ ત્યાં હાજર રહે અને તેમના હાથેથી અમે ઇનામ અપાવીશું અને આ ઇનામની ખૂબ મોટી રાસી છે અને રાજયના અલગ અલગ યુવાનો આમાં ભાગ લઇને તેની અંદર જે પ્રકારની સ્કીલ છે તે સ્કીલને પ્રદર્શિત કરવા માટેનું આ ખૂબ મોટું પ્લેટફોર્મ છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, વીર સાવરકર અખિલ ભારતીય તરણ સ્પર્ધા શું છે ? તે કયારે શરૂ કરવામાં આવી ? અને તેની પાછળનું સરકારનું પ્રયોજન શું છે ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, વીર સાવરકર અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધા આ તરણ સ્પર્ધામાં ખૂબ મોટા પાયે યુવાનો કે જે સ્વિમિંગમાં જોડાયેલા છે તે ભાગ લેતા હોય છે. વીર સાવરકર અખિલ ભારતીય તરણ સ્પર્ધા એ અરબી સમુદ્રમાં ચોરવાડથી વેરાવળ વચ્ચે એકાંતરે, વર્ષે યોજાતી એક પ્રકારની તરણ સ્પર્ધા છે. જેમાં ભાઇઓ માટે ૨૧ દરિયાઇ નોટિકલ માઇલ એટલે આશરે ૩૯ કિલોમીટર અને બહેનો માટે આદરીથી વેરાવળ ૧૬ દરિયાઇ નોટિકલ માઇલ એટલે આશરે ૩૦ કિલોમીટરની આ સ્પર્ધા યોજવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કક્ષાની વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધા વર્ષ ૧૯૭૪થી શરૂ કરવામાં આવેલ છે. અરબી સમુદ્રમાં યોજાતી આ સ્પર્ધાનું મહત્વ એવુ છે કે, આ સ્પર્ધામાં ગુજરાત, મહારાષ્ટ્ર પશ્ચિમ બંગાળ, દિલ્હી, કર્ણાટકથી ૧૪ થી ૪૦ વર્ષની વય - મર્યાદા ધરાવતા લોકો આ સ્પર્ધામાં ભાગ લેતા હોય છે. આ સ્પર્ધામાં વિજેતા થનાર સ્પર્ધકોને વિશ્વની લાંબા અંતરની (long Distance) સ્પર્ધા જેવી કે ઇંગ્લિશ ચૅનલની સ્પર્ધામાં સીધી એન્ટ્રી મળતી હોય છે. એકંદરે વર્ષે યોજાતી આ રાષ્ટ્રીય કક્ષાની આ સમુદ્ર તરણ સ્પર્ધામાં વધુને વધુ લોકો ભાગ લઇને આંતર રાષ્ટ્રીય કક્ષાએ રાજ્યનું નામ રોશન કરે તેવા હેતુથી આ તરણ સ્પર્ધા પહેલાં સ્પર્ધકોને પૂરતી તાલીમ મળી રહે તે માટે એક અઠવાડિયા પૂરતી સમુદ્ર તરણ શિબિરનું આયોજન હાથ ધરવામાં આવે છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, આ તરણ સ્પર્ધા અમારા વતન ચોરવાડથી ચાલુ થાય છે અને મારી ૯૦ - વિધાનસભામાં પૂર્ણ થાય છે ત્યારે વર્ષોથી વતનથી લીલી ઝંડી ફરકાવવાનો અમને મોકો મળે છે અને વિધાનસભા વિસ્તારમાં એમનું સ્વાગત કરવાનો મોકો મળે છે. આ સ્પર્ધામાં લોકો પૂરા દેશમાંથી આવતા હોય છે અને એમને ઇનામ પણ આપવામાં આવતું હોય છે. એમના ઇનામમાં વધારો કરવો જોઇએ અથવા અમારી ધારાસભ્યની ગ્રાન્ટમાંથી પાવર આપવો જોઇએ.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ઇનામની રકમ વધારવી એ એક સારું સૂચન છે. એ બાબતે અમે ચોક્કસ વિચારીશું અને દર વખતે આપ ફ્લેગ ઓફમાં હાજર જ હોવ છો. મારું એવું માનવું છે કે દરેક ધારાસભ્યની એક જવાબદારી છે કે પોતાના વિસ્તારમાંથી વધુને વધુ લોકો ભાગ લે. એ માટે વિધાનસભાને કોઇની પરમિશન લેવાની હોતી નથી. વધુમાં વધુ લોકોને પ્રેરિત કરવા એ આપણી નૈતિક જવાબદારી છે. એ કરવા આપણે પોતે એમાં ભાગ લઇ શકીએ છીએ અને ઇનામની રાશિ વધારવા માટે ૧૦૦ ટકા વિચારીશું.

**રાજકોટ અને વડોદરા શહેરમાં ઝોનફેર કરવાની મંજૂરી**

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

* ૪૫૫૮૬ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૭-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૪૫૨૯ (અગ્રતા-૩૭)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) અને વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા)માં સમાવેશ થતા વિસ્તારમાં અનુક્રમે પાંચ અને બે માંગણીઓમાંજમીનો ઝોનફેર કરવાની મંજૂરી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ આપવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત માંગણીવાર કેટલી જમીન કયા ઝોનમાંથી કયા ઝોનમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવેલ, | (૨) રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) સામેલ પત્રક ''અ'' મુજબ. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) સામેલ પત્રક ''બ'' મુજબ. |
| (૩) ઉક્ત ઝોન ફેરફાર કરવાના કારણો શા છે, અને | (૩) હયાત વિકાસ તથા ભવિષ્યના વિકાસની શક્યતાઓ ધ્યાને લઈ જાહેર હિતમાં ફેરફાર કરેલ છે. |
| (૪) ઉક્ત ઝોન ફેરફારથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત મંજૂરીવાર કેટલી રકમ કોની પાસેથી વસૂલવાની બાકી છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક-અ**

**રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર દ્વિતીય તથા અમલી વિકાસ યોજનામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ઝોનફેરની મંજૂરીઓની વિગત**

| અનુ નં. | ગામનું નામ | સ.નં. બ્લોક નં. | ક્ષેત્રફળ | મંજૂર વિકાસ યોજના મુજબ ઝોન | ફેરફાર થયેલ ઝોન |
|---|---|---|---|---|---|
| ૧ | ખંઢેરી, પરાપીપળીયા | ખંઢેરી રે. સ.નં. ૧૬/પૈકી ૨૭/પૈકી અને પરાપીપળીયા રે.સ.નં. ૧૬૭, ૧૭૦, ૧૯૭/પૈકી (ઉત્તરે આજી નદી દક્ષિણે ૪૫.૦૦મી. ડી.પી. રોડ તથા પરાપીપળીયા વિલેજ એક્સટેન્સન ઝોન, પૂર્વે પબ્લિક હાઉસીંગ રૂડાનાં રિઝર્વેશનની હદ તથા માધાપર ગામની હદ તેમજ પશ્ચિમે વોટરબોડીની હદ વચ્ચેના સર્વે નંબરો) | ૧૨૦૯૫૦૦ ચો.મી. | ખેતી ઝોન | પબ્લિક પરપઝ ઝોન |
| ૨ | મેટોડા | ૧૫ | ૨૯૮૪૬.૦૦ ચો.મી. | ખેતી ઝોન | ગામતળ એક્સટેન્શન |
| ૩ | ખંઢેરી, પરાપીપળીયા | ૯૦.૦૦મી. ડી.પી.રોડ થી શરૂ કરીને સૂચિત AIIMS ની પૂર્વ બાજુએ પસાર કરી ૪૫.૦૦મી તથા ૩૦.૦૦મી.ના ડી.પી. રસ્તાઓ તેમજ રેલ્વે ટ્રેકને ક્રોસ કરીને હયાત જામનગર સ્ટેટ હાઈ-વે સુધીના ૪૫.૦૦મી.ના નેટવર્ક રસ્તાને | | | |
| ૪ | ખીરસરા | ૪૧૨ પૈકી ૨૬ (નવા સર્વે નં.૪૩૭) | ૨૪૨૮૧.૦૦ ચો.મી. | ખેતી ઝોન | રહેણાંક ઝોન |
| ૫ | રાજકોટ | ટી. પી સ્કીમ નં. ૪, મૂળ ખંડ નં.-૩૮, આખરી ખંડ નં.-૯૬૪ | ૪૫૮૧.૦૦ ચો.મી. | ઔદ્યોગિક ઝોન | રહેણાંક ઝોન |

**પત્રક-બ**

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર દ્વિતીય તથા અમલી વિકાસ યોજનામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ઝોનફેરની મંજૂરીઓની વિગત**

| અનુ. નં. | ગામનું નામ | સ.નં. બ્લોક નં. | ક્ષેત્રફળ | મંજૂર વિકાસ યોજના મુજબ ઝોન | ફેરફાર થયેલ ઝોન |
|---|---|---|---|---|---|
| ૧ | નાગરવાડા | સ.નં. ૧૦૮ | ૧૧૬૩૫ ચો.મી. | પબ્લિક ઈન્સ્ટીટ્યુશનલ ફોર એમ.એસ.યુ. | રહેણાંક ઝોન (આર-૧) |
| ૨ | દુમાડ | બ્લોક નં. | આશરે ૨૦૨૩૪૨.૮૨ | ખેતી વિષયક ઝોન-૧ | રહેણાંક ઝોન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ૮૦૦/પૈકી | ચો.મી. | | (આર-૧) |

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, બિલ્ડરોની ભાષામાં ઝોન ફેર એટલે કે ભાવ ફેર. ઝોન ફેરમાં આખું મંત્રીમંડળ ફેરબદલ થઇ ગયું. રાજકોટમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ગાર્ડનમાં મૂકેલ જગ્યા ઉપર ઝોન ફેર કરી છે. ૧૮ લાખ ચોરસ મીટર જેટલી જગ્યા ફક્ત રાજકોટમાં અને બીજી વડોદરામાં આ બંને શહેરોમાંથી ૨૦,૨૩,૮૩૯ મીટર જેટલી જમીન ઝોન ફેર કરી છે. છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને વડોદરામાં સત્તામંડળે ફાળવેલ ઝોન ફેરફારની દરખાસ્ત મંજૂર કરી હોય તેવી દરખાસ્તોમાં કેટલી જમીન સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી રહેણાંક ઝોનમાં અને કેટલી જમીનને ગાર્ડન અને પાર્કિંગ ઝોનમાંથી ક્યા ઝોનમાં મંજૂરી આપવામાં આવી?

(૨) આજની તારીખે વડોદરા અને રાજકોટમાં સત્તામંડળની કેટલી જમીન અને કેટલી દરખાસ્ત ઝોન ફેરની મંજૂરી અર્થે પડતર છે અને પડતર દરખાસ્તમાંથી ચોક્કસ દરખાસ્તો સિલેક્ટ કરીને કોના લાભાર્થે મંજૂર કરવામાં આવી છે?

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા : ઝોન ફેરની કામગીરી અરજદાર જે અરજી કરતા હોય છે અને એમની જે માગણી હોય છે એના આધારે કરવામાં આવે છે. એમનું રહેણાંક ત્યાં હોય અને આજુ-બાજુ ઇન્ડસ્ટ્રીયલ ઝોન આવતો હોય તો ત્યાં સ્વાભાવિક રીતે કોઇ રહેવા નહિ જાય.

એટલે અરસપરસ બંને બાજુ ઝોન ફેરફાર માટેની માગણીઓ આવતી રહેતી હોય છે. તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રૂડાની ૨૨ અને વુડાની ૩ માગણીઓ મળેલ હતી. રૂડામાં ૨૨ પૈકી ૭ માગણીઓ અને વુડામાં ૩ પૈકી ૧ માગણી મંજૂર કરવામાં આવી છે. હાલ રૂડામાં ૨૧ માગણીઓ અને વુડામાં ૨ માગણી પડતર છે. માનનીય સભ્યશ્રીએ જમીનની જે વાત કરી છે તે મુજબ રૂડામાં ૧૫૬.૮૨ જમીનના હેતુ ફેરફાર કરવામાં આવ્યા છે. તેમાં ૧૨૦.૯૫ હેક્ટર સરકારી જમીનોના અને ૫.૯૭ હેક્ટર પ્રાઈવેટ જમીનોના હેતુ ફેરફાર કરવામાં આવ્યા છે. વુડામાં નાગરવાડા અને દુમાડમાં હાઈકોર્ટના ચુકાદા મુજબ પબ્લિક ઈન્સ્ટિટ્યુશનલ ફોર એમ.એસ. યુ.ને રહેણાંક ઝોનમાં સામેલ કરવામાં આવ્યા છે. બીજું, વુડામાં સરકારે ૨૦ હેક્ટર જમીન ચિલ્ડ્રન યુનિવર્સિટી માટે આપેલ હતી તેનો ફેરફાર કરવામાં આવ્યો છે. રૂડામાં અને વુડામાં વર્ષ ૧૯૭૬ની કલમ-૧૯ મુજબ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવી છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રૂડામાં ૧૦ હજાર ચો.મી. ગાર્ડન માટે મૂકેલી જમીનનો ઝોન ફેર ક્યા હેતુ માટે કર્યો છે?

શ્રી વિનોદભાઈ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીને ટેબલ ઉપર જવાબ આપી દઈશ.

શ્રી ગોવિંદભાઈ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત રાજ્ય નગર રચના યોજના, વર્ષ ૧૯૭૬ની કલમ મુજબ ઝોન ફેરફારની જોગવાઈ શું છે?

શ્રી વિનોદભાઈ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મંજૂર વિકાસ યોજનામાં સમાવિષ્ટ જમીનોના જમીન માલિકો તરફથી જાહેર હિતમાં વિકાસ યોજનાની મંજૂર દરખાસ્તોમાં ફેરફાર કરવા જેમ કે, એક ઝોનમાંથી બીજા ઝોનમાં ફેરફાર કરવા, અનામત હેઠળની જમીનોમાંથી અનામત દૂર કરી અન્ય ઝોનમાં મુકરર કરવા કોઈ પણ જમીનોને જરૂરિયાત મુજબ જાહેર હેતુ માટેના ઉપયોગ મુજબ અનામતમાં મુકરર કરવા, રસ્તાની પહોળાઈમાં ફેરફાર, રસ્તા રદ કરવા તથા નવા રસ્તા સૂચવવા માટે જે તે સૂચિત સત્તા મંડળોમાં જરૂરી આધાર અને પૂરાવા સાથે રજૂઆત કરવાથી સૂચિત સત્તા મંડળ બોર્ડની બેઠકમાં જરૂરી ઠરાવ કરી ફેરફારની દરખાસ્ત સંબંધિત નકશાઓ વગેરે સાથે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, વર્ષ ૧૯૭૬ની કલમ-૧૯ હેઠળ આવા ફેરફાર કરવાની દરખાસ્ત શહેરી વિકાસ વિભાગને પાઠવે. મહાનગરપાલિકા વિસ્તારમાં અરજદાર દ્વારા થયેલ દરખાસ્ત અથવા મહાનગરપાલિકાને જાહેર હિતમાં ફેરફાર કરવા યોગ્ય જણાય તેવા કિસ્સમાં ફેરફાર અંગે દરખાસ્ત પ્રથમ ટી.પી. કમિટીમાં ઠરાવ કરી અને સામાન્ય સભામાં બહાલી મેળવી સમુચિત સત્તા મંડળની બોર્ડ બેઠકમાં ઠરાવ કરી નિયમોનુસારની દરખાસ્ત તૈયાર કરી સરકારશ્રીને નિર્ણય અર્થે પાઠવવામાં આવે છે. સમુચિત સત્તા મંડળ તરફથી સરકારશ્રીને મળેલ કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં ફેરફારની દરખાસ્તોના ગુણદોષ ધ્યાને લઈ જાહેર હિતમાં આવા ફેરફાર કરતા પહેલા લોકોના વાંધા સૂચનો મંગાવવા માટે સરકારશ્રી પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કરે છે. આ પ્રાથમિક જાહેરનામાની તારીખથી બે માસની સમયમર્યાદામાં મળેલ વાંધા, સૂચનોની વિગતો અન્વયે પ્રાથમિક જાહેરનામાને આખરી સ્વરૂપ આપી,આ ફેરફાર મંજૂર કરતું આખરી જાહેરનામું સરકારશ્રી પ્રસિદ્ધ કરે છે. આખરી જાહેરનામામાં દર્શાવ્યા મુજબની તારીખથી કલમ-૧૯ હેઠળનો ફેરફાર આવી વિકાસ યોજનાનો ભાગ બને છે. મંજૂર થયેલ વિકાસ યોજના સંદર્ભે સરકારશ્રીને જાહેરહીતમાં વિકાસ યોજનામાં ફેરફાર કરવો યોગ્ય જણાય તો કલમ-૧૯ હેઠળ મળેલ સત્તાની રૂએ સરકારશ્રી દ્વારા લોકોનાં વાંધા, સૂચનો મંગાવવામાં આવે છે. આ માટે પ્રાથમિક જાહેરનામુ પ્રસિદ્ધ કરી શકે છે. આ પ્રાથમિક જાહેરનામાની તારીખથી બે માસની સમયમર્યાદામાં વાંધા, સૂચનો રજૂ કરવાનાં હોય છે. મળેલ વિગતો અન્વયે પ્રાથમિક જાહેરનામાને આખરી સ્વરૂપ આપતાં પહેલા સંબંધિત સત્તામંડળનો પરામર્શ મેળવી, આ ફેરફાર મંજૂર કરતું આખરી જાહેરનામુ સરકારશ્રી પ્રસિદ્ધ કરે છે. આ આખરી જાહેરનામામા દર્શાવ્યા મુજબની તારીખથી કલમ-૧૯ હેઠળનો આવો ફેરફાર વિકાસ યોજનાનો ભાગ બને છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે ડી.પી. બનતી હોય છે ત્યારે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, એટલે કે સુએજની જગ્યા ફિક્સ કરવામાં આવતી હોય છે. જયારે તમે ઝોન ફેર કરો એટલે એનો અર્થ એ થયો કે ત્યાં તમે રહેણાંક ઝોન આપ્યો. એટલે કોઇ નિર્દોષ બિલ્ડર કે નિર્દોષ ખેડૂતના ત્યાં આ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ નાખવો જ પડશે. બીજી બાજુ, બગીચાની જગ્યા બદલી અને ઝોનફેર કરી આપ્યો. બીજી કોઇ નિર્દોષ વ્યકિતની જમીન છે ત્યાં બગીચો નાખી દેશો. એટલે અધિકારીઓ

એમની મનમાની અને કરપ્શન કરવા માટે ડી.પી. વખતે આવા બધા સ્ત્રોતો રાખતા હોય છે. પબ્લિક હેતુ માટે કલમ-૧૯ મુજબ ઝોન ફેર કરો છો એ તો સમજી શકાય. એ તો કરવો જ જોઇએ. પરંતુ પબ્લિક હેતુ સિવાય ફક્ત ને ફક્ત વ્યકિત હેતુ માટે જે થાય છે એમાં તમે રહેણાંક ઝોન-૧ કરી નાખો છો. બગીચો હટાવી દો છો. જયાં ટ્રાફિક થતો હોય ત્યાં પાર્કીંગની વ્યવસ્થા કરી હોય એ પાર્કીંગમાં તમે ઝોનફેર કરીને ત્યાં રહેણાંક કે કોમર્શિયલ આપી દીધું. હવે જે નિર્દોષ વ્યકિત છે એના ત્યાં પાર્કીંગ નાખવામાં આવે છે. એટલે *(xxx)આ જે નેકસસ ઉભું થયું છે એમાં સુધારા કરવા માંગો છો કે કેમ? અને ફાઇનલ થતાં પહેલા હજી જેમ હતું તેમ કરવા માંગો છો કે કેમ? અને ૧૦-૧૦ અરજીઓ ભલામણ થઇને આવી હોય તો પર્ટિક્યુલર એક જ વ્યકિતમાં કેમ થયું? એનો જવાબ આપો?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે સૂચિત ડી.પી. બનતો હોય છે તેવા સમયે એ જે રિઝર્વેશન છે એને સૂચિત જ કહેવામાં આવે છે. એનો મતલબ છે કે એ ફાઇનલ હોતો નથી. જયારે ડી.પી.બનાવતા હોય છે ત્યારે ડી.પી. બનાવવાવાળા પાસે પરફેક્ટ માહિતી હોતી નથી કે અહીંયા આ જ બનાવવાનું થશે. પરંતુ ડી.પી. એનું પૂર્વ પ્લાનિંગ કરવા માટે બનાવીએ છીએ. ટાઉનપ્લાનિંગ એડવાન્સમાં એટલા માટે બનાવવું જરૂરી છે કે આજે ૧૦, ૧૫ કે ૨૦ વર્ષના ભાવિને ધ્યાનમાં રાખીને આ ડી.પી. બનતો હોય છે. જયારે ડેવલપની શરૂઆત થાય ત્યારે લોકો અલગ અલગ પ્રકારના ડેવલપ કરવા માંડે. કોઇ જગ્યાએ નાના-નાના કોટન ઉદ્યોગ પણ બનાવવામાં આવે છે. હવે એવું બને કે એને જે મંજૂરી મળે છે એ રેસિડન્ટ વિસ્તારમાં જ મળે છે અને જયારે સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ બનવા માંડે ત્યારે પછી આજુબાજુમાં રહેણાંક માટે કોઇ તૈયાર થતાં નથી. કોઇ વ્યકિત કે કોઇ જમીન માલિક હોય તે એની જમીનમાં પછી કોઇપણ પ્રકારનું ડેવલપ ન કરી શકે. જેથી કરીને મજબુરીથી એને સ્મોલ ઇન્ડસ્ટ્રીઝમાં કનવર્ટ કરવાની એની જરૂરિયાત ઉભી થતી હોય છે. એવા સમયે એ માંગણી કરતો હોય છે અને પછી સરકાર એની વિચારણા કરે છે. પહેલા સ્થાનિક સત્તા મંડળ એની યોગ્યતા અને ગુણવત્તા જુએ છે કે ખરેખર આની જરૂરિયાત છે તેમજ જાહેરહીતને તો કોઇ નુકસાન થતું નથી, એ પણ ધ્યાનમાં રાખવામાં છે. પરંતુ સભ્યશ્રીએ જે કીધું કે કોઇવાર કોઇ અધિકારીઓ આવું કરે તો માની શકાય કે આવું કરે, પરંતુ જે તે સમયે ડી.પી. બનાવવા વાળા વ્યકિત એ ત્યાંના ત્યાં રહેતો હોતો નથી. કારણ કે, જે ડી.પી. બનાવતા હોય તેઓ જે તે મંજુરી આપતા હોય ત્યારે ઉચ્ચ કક્ષાના આઇ.એ.એસ. ક્લાસ-૧ ઓફિસર હોય છે અને એમની ટ્રાન્સફર થતી હોય છે. ઝોનિંગ ફેર તો એવું હોય છે કે ૧૦-૧૫ વર્ષ જતાં રહે, એનો મૂળ નિયમ ૧૦ વર્ષ સુધી રાખવાનો હોય છે. પરંતુ જાહેર હીતને ધ્યાનમાં રાખી તેનો હેતુફેર કરવામાં આવતો હોય છે. સૂચિત જે કર્યુ હોય તેમાં સ્થાનિક સત્તા મંડળ દ્વારા ઘણીવાર જમીનનો વધારો પણ માંગવામાં આવતો હોય છે. કોઇ વાર એવું બને કે રિઝર્વેશનની એટલી બધી જરૂરિયાત ન હોય. મેં હમણાં વાત કરી કે જે સૂચિત છે એ સૂચિત જ હોય જેમ ડ્રાફ્ટ ટી. પી., ડ્રાફ્ટ જયાં સુધી ફાઇનલ ન થાય ત્યાં સુધી ડ્રાફ્ટ રહે છે એમ આ સૂચિત જે છે એ જયાંસુધી ફાઇનલ ન થાય ત્યાં સુધી સૂચિત જ રહે છે. છતાં પણ એવી કોઇ જગ્યાએ જરૂરિયાત જણાય, તો લોક હિતની અંદર આ રિઝર્વેશન હોય, એને પણ નાનો મોટો મહદઅંશે ફેરફાર કરવામાં આવે છે. શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એટલું જ જાણવું છે કે રાજકોટની ૪,૫૮૧ ચો. મી. જગ્યા જે ઔધ્યોગિક ઝોનમાં હતી અને વડોદરાની ૧૧,૬૩૫ ચો. મી. જગ્યા એ પણ ઔધ્યોગિક ઝોનમાં હતી, એટલે ઔધ્યોગિક ઝોનમાં જે જગ્યા હતી, ત્યાં બાજુમાં રહેઠાણમાં ઝોનમાં ફેરવવામાં આવી છે. તો આ રહેઠાણ ઝોનમાં ફેરવી તેની આજુ બાજુ આજે ઇન્ડસ્ટ્રીઝ છે કે નથી? અને ઇન્ડસ્ટ્રીઝ હોય તો કયા કારણોસર એને રહેઠાણ ઝોનમાં ફેરવવામાં આવી છે? એક એ પ્રશ્ન છે, અને બીજો મારો પ્રશ્ન છે કે રાજકોટની જે ખંઢેરી પરાપીપળીયાની જે જગ્યા છે તે ૧૨,૦૯,૫૦૦ ચો. મી. જે ખેતી ઝોનમાં હતી તેને પબ્લિક પર્પઝ માટે ઉપયોગ માટે, એટલે કયા પબ્લિક પર્પઝ માટે ઉપયોગમાં લેવાના છો? ઝોનમાં પબ્લિક પર્પઝ લખેલ છે તો કયો પબ્લિક પર્પઝ છે?

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટની ખેતી ઝોનમાંથી પબ્લિક પર્પઝ ઝોન કરવામાં આવ્યો છે તે ૧૨૦ હેકટર જમીનની જે વાત કરો છો તે એઇમ્સ માટે રેસિડેન્સ ઝોનમાં ફેરવવામાં આવેલ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : બે ઝોન એવા ફેરફાર કર્યા છે જે ઇન્ડસ્ટ્રીઝ ઝોનમાં હતા, ઇન્ડસ્ટ્રીઝ ઝોનમાં હોય એટલે હું માનું છું કે ત્યાં ઇન્ડસ્ટ્રી હોવી જોઇએ, આજુ બાજુ પણ ઉદ્યોગો હશે, તો તેને તમે રહેઠાણ ઝોનમાં ફેરફાર કર્યો છે. નોર્મલી રહેઠાણમાંથી ઇન્ડસ્ટ્રીઝ ઝોનમાં ફેરફાર થાય કારણ કે ઉદ્યોગ વધતા હોય, પણ આ તો તમે ફેરફાર કઇ રીતે કર્યો છે?

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે એમણે વાત કરી છે કે આને રેસીડેન્સ ઝોનમાં કેમ ફેરવવામાં આવ્યું મારું એવું માનવું છે કે જે પ્રમારે મેં વાત કરી તેમ ઇન્ડસ્ટ્રીઝ હોય અને એની આજુબાજુમાં જગ્યા અત્યારે હાલમાં નકશા મારી પાસે ઉપલબ્ધ નથી, પણ જે જમીન માલિક છે એ પોતે જયારે એવું કહેતો હોય કે મારે આમાં આ કામ નથી થતું અને મને તકલીફ છે અને મને રેસીડેન્સ ઝોન કરી આપવામાં આવે, તો સહજ રીતે સરકાર લોકો માટે હોય છે, પછી વ્યક્તિ નાનો હોય કે મોટો હોય, તેને ઝોન ફેરફાર કરી આપવો જોઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રહેઠાણ ઝોનમાં ફેરવી, તમારી પાસે પાવર છે અને ફેરવી છે. પણ પોલ્યુશન બોર્ડના એકટ મુજબ જે જગ્યાએ ઇન્ડસ્ટ્રી આવેલી હોય તે ઇન્ડસ્ટ્રીની બાજુમાં રહેઠાણ ઝોનમાં મંજૂરી આપવામાં આવતી નથી.

અધ્યક્ષશ્રી : એટલે એની આજુબાજુમાં ઇન્ડસ્ટ્રીયલ ઝોન છે, ત્યાં આજુબાજુમાં ઇન્ડસ્ટ્રીઝ છે કે નહીં?

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તારાંકિત પ્રશ્નો

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એમની વાત બિલકૂલ સાચી છે, પણ માનો કે નોન પોલ્યુશન હોય, અને આવા એરિયામાં રાજય સરકાર પણ જે જે મોટી ઇન્ડસ્ટ્રીઝ છે ત્યાં રેસીડેન્ટ ઝોન કરીને કંપનીઓને પણ કહેવામાં આવે છે કે તમે રેસીડેન્સ બનાવો અને જેથી ઉદ્યોગોને નજીક પડે એટલા માટે આ ઉપલબ્ધ કરી હોય ત્યાં રેસીડેન્ટ ઝોન ફાળવવામાં આવ્યો હોય છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મંજૂર થયેલ વિકાસ યોજનામાં અધિનિયમની કલમ ૧૯ હેઠળ વિકાસ યોજનામાં ઝોન ફેરફાર કરવાથી સરકારશ્રીને અથવા સત્તા મંડળને કોઇ આવક થાય છે કે કેમ?

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મંજૂર થયેલ વિકાસ યોજનામાં અધિનિયમની કલમ ૧૯ હેઠળ જે ઝોન ફેરફાર કરવા માટે રાજય સરકાર અથવા સત્તા મંડળે કોઇ પણ પ્રકારની ફી કે રકમ વસૂલ કરવાની જોગવાઇ નથી. જેથી આવા ઝોન ફેરફાર કરવાથી સરકારને અથવા તો સત્તા મંડળને કોઇ પણ પ્રકારની આવક થતી નથી. પરંતુ સરકારશ્રી દ્વારા કરાયેલ ઝોન ફેર વાળી જમીનમાં વિકાસ પરવાનગી વખતે નિયમોનુસાર મળવાપાત્ર ચાર્જીસ જેવા કે પ્લાન મંજૂર કરાવડાવે તો પ્લાન મંજૂર કરાવવામાં ઇક્વિપમેન્ટ ચાર્જ એમને ભરવો પડતો હોય છે, આવી જે આવક થાય એ સ્થાનીક સત્તા મંડળને થતી હોય છે અને એ કરવાથી ત્યાં નો વિકાસ થતો હોય છે અને વિકાસ થકી સત્તા મંડળને પ્લાન મંજૂરી વખતે જે આવક મળતી હોય તે સ્થાનીક સત્તા મંડળને મળે છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે રાજકોટ અને વડોદરા શહેરમાં સૌ પ્રથમવાર નગર વિકાસ યોજના કયારે મંજૂર કરવામાં આવેલ હતી? અને હાલ કઇ નગર વિકાસ યોજના અમલમાં છે અને તે કયારે મંજૂર કરવામાં આવેલ છે?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, દેશ આઝાદ થયા પછી લગભગ ૨૫-૩૦ વર્ષ પછી આ યોજના જે તે સમયની સરકારોએ ડી.પી. બનાવવાની વિચારણા કરી. એ પછી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ હેઠળ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળની રચના તા. ૧-૨-૧૯૭૮થી થયા બાદ પ્રથમ વિકાસ યોજના સરકારશ્રી દ્વારા તા. ૨૭-૪-૧૯૮૮ના રોજ જાહેરનામાથી મંજૂર થઇ અને ૧-૬-૧૯૮૮થી આનો અમલ કરવામાં આવ્યો. એટલે કે દસ વર્ષ પછી અમલ થયો. સન ૧૯૭૬માં આ કાયદો લાવવામાં આવ્યો. જે બાદ આ વિકાસ યોજનામાં પુનરાવર્તન કરીને પ્રથમ પુનરાવર્તિત યોજના તા. ૨૦-૨-૨૦૦૪ના રોજ જાહેરનામાથી મંજૂર કરવામાં આવેલ. જે તા. ૬-૪-૨૦૦૪ના રોજથી અમલમાં આવ્યો. હાલ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળની ડી.પી. પુનરાવર્તિત વિકાસ યોજના તા. ૨૭-૧૦-૨૦૧૬ના રોજ મંજૂર થઇ અને તે જ તારીખથી એ અમલમાં છે. ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ વડોદરાની વાત કરું તો વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળની રચના તા. ૧-૨-૧૯૭૮ થી થયા બાદ પ્રથમ વિકાસ યોજના સરકારશ્રી દ્વારા તા. ૨૨-૧૨-૧૯૮૩ના જાહેરનામાથી મંજૂર થઇ. તા. ૨૪-૧-૧૯૮૪ થી અમલમાં આવી. જે બાદ આ વિકાસ યોજનામાં પુનરાવર્તિત કરીને પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના તા. ૨૫-૧૦-૧૯૯૬ના રોજ જાહેરામાથી મંજૂર કરવામાં આવેલ. જે તા. ૨૬-૧૧-૧૯૯૬ના રોજથી અમલમાં આવેલ છે. હાલ વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળની ડી.પી. પુનરાવર્તિત તા.૧૮-૧-૨૦૧૨ના રોજ મંજૂર થઇ અને તે જ તારીખથી આજે અમલમાં છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે પ્રશ્ન રાજકોટનો છે, પણ અમારા સુરેન્દ્રનગરની અંદર પણ જે ઇન્ડસ્ટ્રીયલ ઝોન છે અને જે ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ છે એની ઉપર કોમર્શિયલ કોમ્પ્લેક્ષો બાંધીને પછી આખે આખું નેકસેસ ચાલી રહ્યું છે. ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ ઉપર ડી માર્ટ જેવા મોટા મોટા મોલ બની ગયા છે અને વારંવાર અમે આ પ્રશ્ન ઉઠાવીએ છીએ, પરંતુ અધિકારીઓની પૂરેપૂરી સામેલગીરી છે તો આ બાબતની તપાસ કરાવીને જવાબદાર અધિકારીઓ સામે અને જયાં આવા કોમર્શીયલ કોમ્પ્લેક્ષ બન્યા છે એની સામે પગલાં ભરવા માગો છો કે કેમ?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયાઃ માનનીય અધ્યક્ષશ્રી, આના માટે અલગ નોટિસ જોઇશે તેમ છતાં એની તપાસ કરાવીશું.

**સુરેન્દ્રનગર જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

* ૪૩૮૮૩ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં MSME (માઇક્રો, સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઇઝ) એકમોની કેટલી કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૫૦૨ અરજીઓ. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૪૬૪ એકમોને રૂ. ૧૮૮૦.૧૩ લાખની સહાય. |

## તા.૨૫મી માર્ચ ૨૦૨૨

## તારાંકિત પ્રશ્નો

શ્રી ધનજીભાઇ પટેલ : આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૧-૧-૨૦૨૧થી ૩૧-૧૨-૨૦૨૧ સુધીમાં ઔદ્યોગિક નીતિ,૨૦૧૫ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં વ્યાજ સહાય યોજના હેઠળ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા તાલુકાવાર કેટલા કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી અને મંજૂર કરવામાં આવેલા એકમો કયા કયા પ્રકારની ઇન્ડસ્ટ્રીઝ છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં વ્યાજ સહાય યોજના હેઠળ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા તાલુકાવાર માનનીય સભ્યશ્રીએ માગણી કરી છે. એમાં સુક્ષ્મમાં જોઇએ તો વઢવાણની અંદર ૬૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. લીંબડીમાં- ૦, ચુડામાં- ૦, સાયલામાં-૦, મુળીમાં -૨, લખતરમાં- ૦, દસાડામાં -૧, ધાંગધ્રામાં-૩ થાનગઢ-૧ અને ચોટીલામાં-૦ એમ કુલ ૬૮અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. વધુમાં જોઇએ તો વઢવાણમાં-૧૭૫, લીંબડીમાં-૬, સાયલામાં-૪૦, મુળીમાં-૩૦, લખતરમાં-૨૮, દસાડામાં-૬, ધાંગધ્રામાં-૧૮, થાનગઢમાં-૨૪ જયારે ચોટીલામાં-૧૯ એમ ૪૦૬ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. એ જ રીતે મધ્યમાં જોઇએ તો વઢવાણમાં-૩ સાયલામાં-૪, મુળીમાં-૫, દસાડામાં-૪ ધાંગધ્રામાં-૨, થાનગઢ-૭ ચોટીલામાં-૩ એમ કુલ ૫૦૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. સાથે સાથે હું કહીશ કે જે ઇન્ડસ્ટ્રીઝ આવી છે, જે વ્યાજ સહાય યોજના રાજ્ય સરકાર આપી રહી છે, તેમાં પાર્ટીકલ બોર્ડ બનાવવાની ઇન્ડસ્ટ્રીઝ હોય, ceramic, goggles glasses, stone crusher, pharma industries, engineering, corrugated boxes, tape, insulation, forging works, stone crusher industries, sugar industries, salt industries, magnesium, bromine, ફુડ આઇટમ છે, જે માનનીય ધારાસભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે તેમને કહું કે મેં મારી માગણીમાં કહ્યું હતું કે આખા દેશની ૬૦ ટકા ચોકલેટ સુરેન્દ્રનગરમાં બને છે અને તેની મશીનરી પણ ત્યાં જ બને છે. આવા અલગ અલગ ઉદ્યોગોને આપણે વ્યાજ સહાય આપીએ છીએ.

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧-૧-૨૦૨૧થી તા. ૩૧-૧૨-૨૦૨૧ સુધીના સમયગાળામાં સુરેન્દ્રનગર જિલ્લામાં વ્યાજ સહાય યોજના હેઠળ એમ.એસ.એમ.ઇ. એકમોને તાલુકવાઇઝ કેટલી સહાય ચૂકવવામાં આવી છે અને જો વ્યાજ સહાય યોજનામાં ઔદ્યોગિક નીતિ વર્ષ ૨૦૧૫નો શું લાભ આપવામાં આવે છે અને વર્ષ ૨૦૨૦માં શું લાભ આપેલ છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, વઢવાણમાં ૫૧૦ લાખ રૂપિયા, લીંબડીમાં ૫૧.૨૮ લાખ રૂપિયા, ચુડામાં ૧૬.૯૦ લાખ રૂપિયા, સાયલામાં ૨૫૨.૪૯ લાખ રૂપિયા, મૂળીમાં ૯૮.૪૩ લાખ રૂપિયા, લખતરમાં ૧૭૬.૮૩ લાખ રૂપિયા, દસાડામાં ૪૬.૬૬ લાખ રૂપિયા, ધ્રાંગધ્રામાં ૧૧૬.૧૫ લાખ રૂપિયા, થાનગઢમાં ૫૫૩.૪૩ લાખ રૂપિયા, ચોટીલામાં ૫૮.૦૧ લાખ રૂપિયા. આમ કુલ ૧૮૮૦.૧૩ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે અને હું સભાગૃહના તમામ સભ્યોને એક જાણકારી આપું છું કે ઔદ્યોગિક નીતિ વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૨૦ હમણાં બદલવામાં આવી છે. વર્ષ ૨૦૧૫માં એમ.એસ.એમ.ઇ. એકમોને જે વ્યાજ સહાય આપવામાં આવે છે તેમાં મ્યુનિસિપલ વિસ્તારની અંદર ટર્મ લોનના ૫ ટકા લેખે વાર્ષિક રૂ. ૨૫ લાખની મર્યાદામાં પાંચ વર્ષ માટે આપવામાં આવતી હતી. એવી રીતે મ્યુનિસિપલ વિસ્તાર સિવાયમાં ટર્મ લોનના ૭ ટકા લેખે વાર્ષિક રૂ. ૩૦ લાખની મર્યાદામાં પાંચ વર્ષ માટે આપવામાં આવતી હતી, સાથે સાથે એક ટકા વધારાની વ્યાજ સહાય દિવ્યાંગો માટે હતી. એક ટકા વધારાની વ્યાજ સહાય મહિલા અરજદારો માટે હતી. એક ટકા વધારાની વ્યાજ સહાય ૩૫ વર્ષથી ઓછી ઉંમરના અરજદારો જે સ્ટાર્ટઅપ હોય એવા લોકો માટે હતી. સાથે સાથે મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં મહત્તમ સહાય ૭ ટકા અને અન્ય વિસ્તારમાં મહત્તમ ૯ ટકા મળવાપાત્ર છે. વર્ષ ૨૦૨૦માં આનો વ્યાપ વધારવા માટે વધુ ઉદ્યોગકારોને લોન મળી રહે તેના માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇનું સ્વપ્ન રહ્યું છે કે વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ બને અને એવી જ રીતે દરેક તાલુકાવાઇઝ મારો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો, એટલે દરેક તાલુકાનું ડેવલપમેન્ટ થાય, શહેરી વિસ્તારની અંદર જે ડેવલપમેન્ટ થઇ રહ્યા છે અને શહેરોમાં જે ધસારો વધી રહ્યો છે આને પહોંચી વળવા માટે તાલુકઓને ડેવલપ કરવા, તાલુકાઓમાં નવી નવી ઇન્ડસ્ટ્રીઝ લાવવી આવો સરકારશ્રીનો ખાસ એઇમ રહ્યો છે, તે અંતર્ગત સરકારશ્રીએ તાલુકાવાઇઝ કેટેગરી કરી છે. કેટેગરી-૧, કેટેગરી-૨, કેટેગરી-૩, એટલે જે જગ્યાએ કદાચ એગ્રીકલ્ચર યુનિટો વધારે છે તેને કેટેગરી-૧માં લઇ જઇએ છીએ. જ્યાં સૌથી વધારે ઉદ્યોગો છે તેને કેટેગરી-૩માં લઇ જઇએ છીએ. તો કેટેગરી-૧માં જે ટર્મ લોન છે તેમાં વધુ સહાય આપીએ છીએ. ટર્મ લોનના ૭ ટકા લેખે વધુમાં વધુ ૩૫ લાખ રૂપિયા સહાય આપીએ છીએ અને મર્યાદા ૭ વર્ષ વધારી છે. કેટેગરી-૨ તાલુકામાં ટર્મલોનના ૬ ટકા લેખે અને વધુમાં વધુ ૩૦ લાખ રૂપિયા અને વાર્ષિક મર્યાદા ૬ લાખ રૂપિયા કરી છે. કેટેગરી-૩ તાલુકા અને મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં ટર્મ લોનના ૫ ટકા લેખે અને વધુમાં વધુ ૨૫ લાખ રૂપિયા અને વાર્ષિક મર્યાદા ૫ વર્ષ સુધી આપીએ છીએ. સાથે સાથે એક ટકા વધારાની સહાય દિવ્યાંગો માટે, એક ટકા વ્યાજ સહાય મહિલા અરજદારો માટે, એક ટકા વ્યાજ સહાય ૩૫ વર્ષથી ઓછી ઉંમરના અરજદારોને અને એક ટકા વધારાની વ્યાજ સહાય સ્ટાર્ટઅપ અંતર્ગત જે લોકો રજિસ્ટર્ડ થાય છે તેમને વધારે સહાય આપવા માટેની જોગવાઇ કરી છે.

અધ્યક્ષશ્રી : બહુ લાંબો જવાબ હોય તો તેમને લિસ્ટ આપી દો.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિગત એટલા માટે ધ્યાને મૂકવી જોઇએ કે દરેક ધારાસભ્યોની લાગણી હોય છે કે તેમના વિસ્તારમાં ધંધા-રોજગાર આવે, લોકોને નોકરી મળી રહે, ઉદ્યોગો ત્યારે જ સ્થપાશે કે જ્યારે સરકાર આ રીતની પોલિસી લાવશે. એટલા માટે સરકાર ખૂબ ઉદારતાથી ઉદ્યોગ નીતિને વિકસાવવા માટે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ વાઇબ્રન્ટ લઇ આવ્યા છે અને વાઇબ્રન્ટ અંતર્ગત જે એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગો આવે છે એટલા માટે તાલુકાને ડેવલપ કરવાનું આપણું આયોજન છે.

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એક તો આ સરકારે નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા માટેની જે સન ૨૦૧૫ની ઔદ્યોગિક નીતિ છે એમાં જરૂર જણાયે સન ૨૦૨૦માં સુધારો કર્યો છે એટલા માટે હું અભિનંદન આપું છું. આ પ્રશ્ન માનનીય મંત્રીશ્રીના જવાબમાંથી ઉભો થયો છે. એમણે એમ કહ્યું કે આટલી વ્યાજ સહાયની રકમ ચૂકવવામાં આવી છે.

તારાંકિત પ્રશ્નો

સરેન્દ્રનગર જિલ્લો મારો પડોશી જિલ્લો છે એટલા માટે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ સન ૨૦૨૧ના એક વર્ષના સમયગાળા દરમિયાન આ ઔદ્યોગિક નીતિ સન ૨૦૧૫ હેઠળ વ્યાજ સહાયની આ યોજનાના એમ.એસ.એમ.ઇ. એકમો દ્વારા તાલુકાવાર કેટલું મૂડીરોકાણ થયું અને કેટલા લોકોને રોજગારી મળી અને આ યોજનાનો લાભ લેવા માટેની જો કોઇ પદ્ધતિ હોય તો એ પદ્ધતિ આ ગૃહના માધ્યમથી ગુજરાતની પ્રજાને જાણકારી મળે એ માટે પદ્ધતિનો જવાબ માનનીય મંત્રીશ્રી આપશે તો હું એમનો ખૂબ આભાર માનીશ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ ટૂંકમાં જવાબ આપજો.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આપની લાગણીને માન આપું છું. ટૂંકમાં જવાબ આપીશ, પણ આ સભાગૃહ સમક્ષ મારે એ જાણકારી આપવી જોઇએ કે વઢવાણ તાલુકામાં રૂ. ૧૨ હજાર નવ લાખ રૂપિયાનું રોકાણ થયું છે. લીંબડીમાં રૂ. ૧,૪૬૩ લાખનું રોકાણ થયું છે. સાયલામાં રૂ. ૫૨૬૮.૯૬લાખનું રોકાણ થયું છે. મૂળીમાં રૂ.૩,૬૨૦ લાખનું રોકાણ થયું છે. લખતરમાં રૂ. ૪,૧૪૮ લાખનું રોકાણ થયું છે. દસાડામા રૂ. ૨,૮૧૨ લાખનું રોકાણ થયું છે. ધાંગ્રધ્રામાં રૂ. ૩,૧૦૬ લાખનું રોકાણ થયું છે. થાનગઢમાં રૂ.૨૦,૦૪૯ લાખ રૂપિયાનું રોકાણ થયું છે. ચોટીલામાં રુ.૪,૪૭૮ લાખનું રોકાણ થયું છે. કુલ રૂ.૫૬,૯૫૮ લાખનું રોકાણ માત્ર સુરેન્દ્રનગર જિલ્લામાં થયું છે અને રોજગારીની વાત કરીએ તો રોજગારીનો આંકડો ખૂબ મોટો છે. ડાયરેક્ટ અને ઇનડાયરેક્ટ ૨૦હજારથી વધુ લોકોને રોજગારી મળી છે. સાથેસાથે હું અમારી ડિજિટલ સરકારને એવું કહીશ કે અમારી સરકાર કોઇપણ ઉદ્યોગકારને આ પ્રકારની અરજી કરવી હોય તો કોઇને પણ સરકારના દરવાજા સુધી જવું ના પડે એટલા માટે આ ઉદ્યોગકારો કોઇપણ ઉદ્યોગ સ્થાપે એ એકમ શરૂ કર્યા બાદ આઇ.એ.બી. ગુજરાત. ગવમેન્ટ.ઇન પોર્ટલ ઉપર અરજી કરવાની હોય છે. આ અરજીએ દર છ માસે અને વર્ષે વ્યાજ સહાય માટે ઓન લાઇન અરજી કરવાની હોય છે. આ બધા જ ડોકયુમેંટ પી.ડી.એફ. ફાઇલ કરી ઓનલાઇન ચડાવવાના હોય છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો દ્વારા એકમની અરજીની ચકાસણી કરવામાં આવે છે. એકમ બેંક લોન ટર્મ લોન દ્વારા તપાસ કરવામાં આવે છે. સાથેસાથે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા એકમની મંજૂરી કરવામાં આવે છે અને જે તે ગ્રાન્ટની અવેલિબિલિટી હોય, બહુ આનંદની વાત છે કે કોઇપણ વ્યકિત ઇન્ડસ્ટ્રી સ્થાપે અને ત્યાં કલેમ કરે, આપણે એ બધી જ પ્રક્રિયા ૬૦ દિવસની અંદર પૂરી કરીએ છીએ અને ઓન લાઇન હોવાને કારણે આખો ટ્રેક રેકર્ડ રાખી શકીએ છીએ અને અરજદારને પોતાને ખ્યાલ આવે કે મારી અરજી કયારે મંજૂર થવાની છે એટલે આ ગતિશીલ સરકારમાં ભારતીય જનતા પાર્ટીના દેશના વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ જે પ્રથા પાડીને ગયા છે એ જ રીતે માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર પણ ગતિશીલ અને ડિજિટલ સરકાર છે. દરેક વિભાગને ઇંટર લિંક કરી અને અરજી મંજૂર કરવામાં આવે છે.

### સુરેન્દ્રનગર જિલ્લાની કેનાલોમાં મીસીંગ લીંક

* ૪૪૯૪૩ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૯-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૩૪૯૦ (અગ્રતા-૩૦૬)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા, લખતર અને લીંબડી તાલુકામાં નર્મદાની બ્રાન્ચ કેનાલોની માઇનોરમાં અનુક્રમે ૧૮૫, ૮૮ અને ૫૮ જેટલી મીસીંગ લીંકો વર્ષ ૨૦૧૪થી હતી તે શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવામાં આવનાર હતી તે પૈકી કયા તાલુકાની કેટલી મીસીંગ લીંકો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવી, અને | (૧) સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા, લખતર અને લીંબડી તાલુકામાં નર્મદાની બ્રાન્ચ કેનાલોની માઇનોરમાં અનુક્રમે ૧૮૫, ૮૮ અને ૫૮ જેટલી મીસીંગ લીંકો વર્ષ ૨૦૧૪થી હતી, તે પૈકી દસાડા તાલુકાની ૨૨ મીસીંગ લીંકો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલી મીસીંગ લીંકો બાકી છે તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ઉક્ત સ્થિતિએ દસાડા, લખતર અને લીંબડી તાલુકામાં અનુક્રમે ૧૬૩, ૮૮ અને ૫૮ જેટલી મીસીંગ લીંકો બાકી છે. જેમાંથી દસાડા તાલુકાની ૬ મીસીંગ લીંકો ખેડૂતના વિરોધના લીધે થઈ શકે તેમ નથી. જેથી ઉક્ત મીસીંગ લીંકોની રદ કરવાની દરખાસ્તની કામગીરી ચાલુ છે. જ્યારે બાકીની મીસીંગ લીંક વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આપેલા જવાબ મુજબ ત્રણેય તાલુકામાં ક્રમશઃ ૧૮૫, ૮૮ અને ૫૮ એમ કુલ ૪૧૬ મીસિંગ લિંક છે, એમાંથી માત્ર ૬ મીસિંગ લિંકમાં ખેડૂતો તરફથી વિરોધ છે તો ૪૧૦ મીસિંગ લિંકમાં સન ૨૦૧૪થી આજ સુધી એટલે કે ૮ વર્ષમાં માત્ર ૨૨ મીસિંગ લિંકનું કામ ચાલુ થયું છે. તો આ બાકીની મીસિંગ લિંકનું કામ બહુ જ ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે એવું કહ્યું છે પણ ૮ વર્ષમાં ઝડપ આવી નથી તો બાકીની કેટલા સમયમાં કરવા માંગો છો એ એક પ્રશ્ન અને બીજો પ્રશ્ન આ કામ પૂર્ણ કર્યા પછી મૂળી, થાનગઢ, ચોટીલા અને સાયલા આ તાલુકાઓને પાણી પૂરું પાડવા માટે બજેટમાં કોઇ જોગવાઇ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**જામનગર જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને લાભ**

૪૩૮૩૯ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના-"પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઈ હેઠળ જામનગર જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઈ હેઠળ જામનગર જિલ્લામાં કુલ ૩,૬૨૩ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે.

| **વર્ષ** | **સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા** |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૧૨૨૮ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૨૩૯૫ |
| **કુલ** | **૩૬૨૩** |

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કુલ ૬,૨૫૭ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે.

| **વર્ષ** | **સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં)** |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૨૨૩૧ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૪૦૨૬ |
| **કુલ** | **૬૨૫૭** |

**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાતી પરીક્ષા**

૪૪૯૩૫ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૯માં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવેલ ભરતી પરીક્ષાઓ પૈકી કેટલી પરીક્ષાઓ, ક્યારે કયા કારણોસર રદ કરવામાં આવેલ,

(૨) ઉક્ત ભરતી પરીક્ષામાં કેટલા ઉમેદવારો નોંધાયેલ, અને

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત પરીક્ષા પુનઃ ક્યારે લેવામાં આવી ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૯માં લેવાયેલ એક ભરતી પરીક્ષા તા.૧૬-૧૨-૨૦૧૯ના રોજ સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (S I T)ની ભલામણ અન્વયે રદ કરવામાં આવી.

(૨) ૧૦૪૫૪૪૨ ઉમેદવારો.

(૩) ઉક્ત પરીક્ષા તા.૨૪-૦૪-૨૦૨૨ના રોજ યોજાનાર છે.

---------

**અભિલેખાગાર ખાતાની કચેરીમાં અદ્યતન કોમ્પેક્ટર રેકોર્ડ સિસ્ટમ**

૪૩૮૪૭ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) **: માનનીય યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭

રેકોર્ડની જાળવણી અને સલામતી માટે અભિલેખાગાર ખાતાની કોમ્પેક્ટર રેકોર્ડ સિસ્ટમની યોજના ક્યારથી અમલમાં છે,

(૨) અભિલેખાગાર ખાતાની કઈ કચેરીઓમાં અદ્યતન કોમ્પેક્ટર રેકોર્ડ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવેલ છે, અને

(૨)

| ક્રમ | કચેરીનું નામ |
|---|---|
| ૧ | ગુજરાત રાજ્ય અભિલેખાગાર કચેરી, ગાંધીનગર |
| ૨ | જિલ્લા અભિલેખાગાર કચેરી, જામનગર |
| ૩ | જિલ્લા અભિલેખાગાર કચેરી, જૂનાગઢ |
| ૪ | જિલ્લા અભિલેખાગાર કચેરી, ભાવનગર |

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩)

| ક્રમ | વર્ષ | ખર્ચ |
|---|---|---|
| ૧. | વર્ષ ૨૦૧૯-૨૦ | રૂ. ૧.૬૬ લાખ |
| ૨. | વર્ષ ૨૦૨૦-૨૧ | રૂ. ૨.૦૦ લાખ |

---------

**રાજ્યમાં અભિલેખાગાર ખાતા દ્વારા રેકોર્ડના કોમ્પ્યુટરાઈઝેશન બાબત**

૪૩૮૪૯ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં અભિલેખાગાર ખાતા દ્વારા અગત્યના અને ભૂતપૂર્વ રાજવીઓના સમયના રેકોર્ડના કોમ્પ્યુટરાઈઝેશન માટે સરકારે કોઈ યોજના બનાવી છે કે કેમ, અને

(૧) હા.

(૨) અભિલેખાગાર ખાતા દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રેકોર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે ?

(૨)

| ક્રમ | વર્ષ | કોમ્પ્યુટરાઈઝેશનની વિગત |
|---|---|---|
| ૧. | વર્ષ ૨૦૧૯-૨૦ | શૂન્ય |
| ૨. | વર્ષ ૨૦૨૦-૨૧ | શૂન્ય |

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૪૮૮૯ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧(પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૨૨૫ (અગ્રતા-૩૮)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી બનાસકાંઠા જિલ્લામાં ૨૩૪ અને કચ્છ જિલ્લામાં ૨૨ ઈસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૧)

| જિલ્લાવાર | ધરપકડ બાકી |
|---|---|
| બનાસકાંઠા | ૪૬ |
| કચ્છ | ૨૧ |

(૨) ઉક્ત બાકી ઈસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૨) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગાસંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડિટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે.

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**રાજપીપળા જિલ્લા જેલમાં કેદીઓને સલાહ અને સહાય**

૪૩૮૫૧ **શ્રી કેતનભાઇ ઇનામદાર** (સાવલી) **:** **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજપીપળા જિલ્લા જેલમાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેદીઓને કાયદાકીય સલાહ અને સહાય આપવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજપીપળા જિલ્લા જેલના કેટલા કેદીઓને કાનૂની સલાહ અને સહાય આપવામાં આવેલ છે ? | (૨) |

| કાનૂની સલાહ | કાનૂની સહાય |
|---|---|
| ૧૬૭૦ | ૧૭૫ |

- - - - - - - - -

**ગુજરાત રાજ્ય યુવક બોર્ડ દ્વારા યુવકોને એવોર્ડ આપવાની યોજના**

૪૩૮૭૧ **શ્રી જગદીશ પટેલ** (અમરાઇવાડી) **:** **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત રાજ્ય યુવક બોર્ડ દ્વારા યુવકોને એવોર્ડ આપવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો આ અંગે રાજ્યના કેટલા યુવકોને એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા, અને | (૨) ૧૧ |
| (૩) આ એવોર્ડના પુરસ્કારની રકમ કેટલી છે ? | (૩) રૂ. ૨૧,૦૦૦/- |

- - - - - - - - -

**પાટણ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ**

૪૩૮૪૨ **શ્રી હિતુ કનોડીયા** (ઇડર) **:** **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ પાટણ જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ પાટણ જિલ્લામાં કુલ ૩,૦૫૦ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે:- |

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૨૦૧૯ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૧૦૩૧ |
| **કુલ** | **૩૦૫૦** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે ? | (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કુલ ૪,૨૮૮ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે:- |

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|

| | |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૩૦૫૩ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૧૨૩૫ |
| **કુલ** | **૪૨૮૮** |

---------

**એફ.એસ.આઇ. વધારવાની દરખાસ્તો બાબત**

૪૫૦૧૮ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૮-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૧૦૩૫૧ (અગ્રતા-૫૭)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેરમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ કાયદો-૧૯૭૬ની કલમ ૨૯-૧ હેઠળ જુદી-જુદી નગર રચના યોજનાઓમાં તા.૩૧-૦૧-૨૦૧૬ થી તા.૩૦-૦૧-૨૦૧૭ સુધીમાં ૪૭ અને તા.૩૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૦૧-૨૦૧૮ સુધીમાં ૩૨ એફ.એસ.આઇ. વધારવાની દરખાસ્તો મંજૂર કરવામાં આવેલ તે અન્વયે વર્ષવાર દરખાસ્તો અન્વયે કેટલું વધારાનું બાંધકામ થવાનું છે, | (૧) તા.૩૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૦૧-૨૦૧૭ ૯,૬૦,૭૫૮.૨૪ ચો.મી. તા.૩૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૦૧-૨૦૧૮ ૧,૮૦,૮૩૮.૨૩ ચો.મી. |
| (૨) ઉક્ત એફ.એસ.આઇ.ની દરખાસ્તો મંજૂર થતાં સંબંધિત મહાનગરપાલિકા અથવા સંબંધિત વિસ્તાર વિકાસ સત્તામંડળે કેટલી રકમ વસૂલવાની થાય છે, | (૨) રૂ.૮૧૩,૯૦,૦૮,૦૧૯ |
| (૩) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સંબંધિત મહાનગરપાલિકા અથવા સંબંધિત વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા કોની પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને | (૩) શૂન્ય. |
| (૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શાં પગલાં લીધાં ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ધોલેરા ખાતે ગ્રીનફીલ્ડ એરપોર્ટ બનાવવા બાબત**

૪૫૦૦૭ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩૧-૦૩-૨૦૨૧(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *પ્રશ્ન ક્રમાંક:- ૩૯૩૭૫ (અગ્રતા-૧૬૮)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવાગામ તા.ધોલેરા ખાતે ગ્રીનફીલ્ડ એરપોર્ટનો અંદાજિત ખર્ચ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા મુજબ રૂ.૨૭૭૨/- કરોડ આંકવામાં આવેલ. ત્યારબાદ એન્જિનિયરિંગ કન્સલ્ટન્ટ દ્વારા રજૂ કરાયેલ વિગતવાર અહેવાલ મુજબ ધોલેરા એરપોર્ટના પ્રથમ ચરણ માટે રૂ.૨૩૬૦/- કરોડ ખર્ચ અંદાજવામાં આવેલ છે તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, | (૧) પ્રોજેક્ટ માટે સુધારેલ અંદાજિત ખર્ચ રૂ.૧૩૦૫ કરોડ છે. પ્રથમ તબક્કાના ડેવલપમેન્ટના ભાગ-૧ માટેની ટેન્ડરિંગ પ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ છે. જો કે, આર્થિક બાબતોની કેબિનેટ કમિટી (CCEA) ની મંજૂરી મેળવ્યા પછી જ કામ આપવામાં આવશે. ઉક્ત અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ અન્વયે કોઇ ખર્ચ થયેલ નથી. ઉક્ત સ્થિતિએ ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિ. દ્વારા એરપોર્ટ પ્રોજેક્ટને આનુષાંગિક ખર્ચ રૂ.૯,૦૨,૬૫,૪૭૨/- કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ થનાર છે, અને | (૨) પ્રોજેક્ટ માટે સૂચિત સમયરેખા કામ સોંપ્યાની તારીખથી ૦૪(ચાર) વર્ષ (૪૮ મહિના) છે. |
| (૩) ક્યાં સુધીમાં ઉક્ત એરપોર્ટ નાગરિકો માટે ખુલ્લું મૂકવામાં આવશે ? | (૩) કામ સોંપાયાના ૦૪ (ચાર) વર્ષે. |

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**દ્વારકા શહેરમાં ભૂગર્ભ ગટર યોજના**

૪૩૮૬૧ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) **:** **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા શહેરની ભૂગર્ભ ગટર યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ યોજનાના કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે,

(૩) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે, અને

(૪) યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા શહેરની ભૂગર્ભ ગટર યોજનાને મંજૂરી આપવામાં આવેલ નથી.

(૨), (૩) અને (૪)

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**આદિજાતિ વિસ્તારમાં રમત-ગમતના મેદાનોનો વિકાસ**

૪૪૮૯૨ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) **:** **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આદિજાતિ વિસ્તારોમાં રમત-ગમતના મેદાનો વિકસાવવાની કોઇ યોજના છે કે કેમ,

(૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા આદિજાતિ જિલ્લાઓમાં રમત-ગમતના મેદાનો વિકસાવવામાં આવ્યા, અને

(૩) જો ના, તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) હા.

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના આદિજાતિ જિલ્લાઓમાં રમત-ગમતના મેદાનો વિકસાવવામાં આવ્યા.

| અનુ. નં. | રમત સંકુલનું નામ | વર્ષ | રમતગમતનાં મેદાનોમાં ઉપલબ્ધ સુવિધાઓ |
|---|---|---|---|
| ૧. | દેવગઢબારીઆ, જિ.દાહોદ | ૨૦૨૦-૨૧ | હોકી ગ્રાઉન્ડ |
| ૨. | સાપુતારા, જિ.ડાંગ | ૨૦૨૧-૨૨ | વોલીબોલ, ખો-ખો, કબડ્ડી, સિન્થેટીક ટ્રેક, ગ્રાસી ફૂટબોલ ગ્રાઉન્ડ તથા ૧/૪ હોકી ગ્રાઉન્ડ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અમદાવાદ અને રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે સહાય**

૪૩૮૭૯ **શ્રી રાકેશભાઇ શાહ** (એલીસબ્રીજ) **:** **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧)

વર્ષમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગતના એફોર્ડેબલ હાઉસીંગ ઇન પાર્ટનરશીપ (AHP) ઘટક હેઠળ કુલ કેટલી સહાય આપવામાં આવે છે, અને

| રાજ્ય સહાય પ્રતિ આવાસ (રૂપિયા) | કેન્દ્ર સહાય પ્રતિ આવાસ (રૂપિયા) | કુલ સહાય પ્રતિ આવાસ (રૂપિયા) |
|---|---|---|
| ૧.૫૦ લાખ | ૧.૫૦ લાખ | ૩.૦૦ લાખ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને રાજકોટ મહાનગરપાલિકામાં કેટલા આવાસો મંજૂર કરાવવામાં આવેલ છે ?

(૨)

| મહાનગરપાલિકા | છેલ્લા બે વર્ષમાં મંજૂર કરાવવામાં આવેલ આવાસો |
|---|---|
| અમદાવાદ | ૧૫૩૪૧ |
| રાજકોટ | ૦૦ |

- - - - - - - - -

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ખનિજચોરીની દંડનીય રકમ**

૪૪૯૬૪ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૩૧૨૯૪ (અગ્રતા-૨૪૮)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ખનિજચોરીના કરવામાં આવેલ કેસો પૈકી જૂનાગઢ જિલ્લામાં રૂ.૨૨૧૩.૦૯ લાખ અને પોરબંદર જિલ્લામાં રૂ.૪૬૩૦૨.૧૭ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૧)

| જિલ્લો | દંડની વસૂલવાપાત્ર રકમ (રૂ. લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલાત થયેલ દંડની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| જૂનાગઢ | ૨૨૧૩.૦૯ | ૫૩.૫૧ |
| પોરબંદર | ૪૬૩૦૨.૧૭ | શૂન્ય |

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ખનિજચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨)

| જિલ્લો | ખનિજચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| જૂનાગઢ | ૨૧૫૯.૫૮ |
| પોરબંદર | ૪૬૩૦૨.૧૭ |

(૩) ઉક્ત રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા કસૂરદારોને નોટિસ પાઠવેલ છે તથા નિયમોનુસાર વસૂલાત અંગેના હુકમો કરેલ છે જેથી કસૂરદારો દ્વારા અપીલ / રિવિઝન અરજી દાખલ કરેલ છે તથા જમીન મહેસૂલ રાહે વસૂલાત કરવા આર.આર.સી. ઇસ્યૂ કરવામાં આવેલ છે તથા નામ. કોર્ટમાં કેસ દાખલ કરેલ છે તેમજ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

- - - - - - - - -

**અમદાવાદ અને સુરત મહાનગરપાલિકાઓમાં મૃત્યુ પામેલ સફાઇ કર્મચારીઓને સહાય**

૪૪૯૭૩ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) નામદાર સુપ્રિમકોર્ટે સફાઇ કર્મચારી આંદોલન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા રીટ પીટીશન (સિવિલ) નં.૫૮૩ / ૨૦૦૩ના કેસમાં ગટર સફાઇ કામદારોના થઇ રહેલા મોતના વળતર બદલ રૂ.૧૦ લાખનું વળતર ચૂકવવા આદેશ આપેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ ?

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં મૃત્યુ

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ ૦૯(નવ) કિસ્સામાં તથા

પામેલા કેટલા સફાઇ કર્મચારીઓના કિસ્સામાં રૂ.૧૦ લાખનું વળતર ચૂકવવાનું બાકી છે,

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ ૦૩(ત્રણ) કિસ્સામાં એમ કુલ ૧૨ કિસ્સામાં.

(૩) ઉક્ત વળતર ચૂકવવાનું બાકી રહેવાના કારણો શા છે, અને

(૩) વળતર ચૂકવવાનું બાકી હોય તેવા કુલ ૧૨ કિસ્સાઓ પૈકી,
૦૮ કિસ્સામાં મૃતકો અથવા તેમના વારસદારો અંગેની કોઇ માહિતી મળેલ ન હોવાથી તથા મૃતકોના વારસદારો દ્વારા જરૂરી પૂરાવાઓ સાથે દાવો રજૂ થયેલ ન હોવાથી, ૦૪ કિસ્સાઓ પૈકી ૦૨ કિસ્સામાં અવસાન ભૂગર્ભ ગટર સફાઇ સિવાય અન્ય કારણોથી તથા ૦૨ કિસ્સામાં અવસાન ખાનગી જગ્યાએ થયેલ હોવાથી, આ કિસ્સાઓમાં વળતર ચૂકવવા સંબંધે નિર્ણય અર્થે પડતર હોવાથી,

(૪) ઉક્ત બાકી રહેલ ચૂકવવાનું વળતર ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૪) કાયદેસરના વારસદારોની ઓળખ થયેથી.

---------

**વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગથી ભરતી**

૪૪૮૯૮ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બંદરો પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) બંદર પ્રભાગ હેઠળ કોઇ નિગમ કાર્યરત નથી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મોરબી જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ**

૪૩૮૩૬ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ મોરબી જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ મોરબી જિલ્લામાં કુલ ૨,૩૦૫ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે:-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૯૫૫ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૧૩૫૦ |
| **કુલ** | **૨૩૦૫** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં કુલ ૩,૭૨૪ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે :-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૧૫૫૩ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૨૧૭૧ |
| કુલ | **૩૭૨૪** |

---------

**માઇન્સ સુપરવાઇઝર, વર્ગ-૩ની જગ્યાઓ**

૪૫૦૦૦ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી ખાતે માઇન્સ સુપરવાઇઝર, વર્ગ-૩ સંવર્ગની કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ બઢતીથી ભરવાની થાય છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજૂર થયેલ જગ્યા |
|---|---|
| માઇન્સ સુપરવાઇઝર, વર્ગ-૩ | ૮૧ |

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| માઇન્સ સુપરવાઇઝર, વર્ગ-૩ | ૪૦ | ૪૧ |

(૩) માઇન્સ સુપરવાઇઝર, વર્ગ-૩માં ખાલી જગ્યાઓ માટે બઢતીથી ભરવાની જોગવાઇ નથી. માત્ર સીધી ભરતીથી જ ભરવાની જોગવાઇ છે.

(૪) માઇન્સ સુપરવાઇઝર, વર્ગ-૩ની ૪૦ જગ્યાઓ તા.૨૨-૧૧-૨૦૨૧ના નિમણૂક હુકમથી ભરવામાં આવેલ છે. જ્યારે બાકીની ૪૧ જગ્યાઓ અંગે માંગણાપત્રક મોકલવાની કાર્યવાહી ચાલુ છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં રેતી લીઝોના બ્લોક પાડવા બાબત**

૪૫૧૫૭ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં રેતી લીઝોનો બ્લોક ક્યા ગામે કેટલા પાડવામાં આવ્યા છે, અને

**જવાબ**

(૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લાના ૦૪ તાલુકાના ૩૪ ગામોમાં નીચેની વિગતેના સાદી રેતી ખનિજના કુલ-૨૨૨ બ્લોક્સ પાડવામાં આવ્યા.

| તાલુકો | ગામ | પાડવામાં આવેલ બ્લોક્સની સંખ્યા |
|---|---|---|
| | અળસિપુર | ૦૧ |
| | ગુડા | ૦૨ |
| | જામલા વસેડી | ૧૧ |
| | ડોલરીયા | ૦૧ |
| | તળાવફળિયા | ૦૮ |
| | દિયાવાંટ | ૦૨ |
| | દુમાલી | ૦૫ |

| | | |
|---|---|---|
| છોટાઉદેપુર | દેવળીયા | ૨૧ |
| | ધંધોડા | ૧૦ |
| | ભોરદલી-ખડકવાડા | ૦૨ |
| | વિરપુર | ૦૧ |
| | તેજગઢ | ૧૨ |
| | ભીલપુર | ૦૨ |
| | રાયસિંગપૂરા (હ) | ૧૨ |
| | વનાર-સુરખેડા | ૦૩ |
| જેતપુરપાવી | નાની રાસલી | ૧૧ |
| | બારાવાડ | ૦૮ |
| | રતનપુર | ૧૩ |
| | સુસ્કાલ | ૦૪ |
| | પાલિયા | ૦૨ |
| | પાવી | ૦૩ |
| | મેસરા | ૧૮ |
| | મોટી રાસલી | ૧૦ |
| | વાંકોલ | ૦૭ |
| બોડેલી | જબૂગામ | ૦૨ |
| | માકણી | ૦૨ |
| | બામરોલી | ૦૧ |
| | વાઘવા | ૦૫ |
| સંખેડા | ખેરવા | ૦૬ |
| | પીપલસટ | ૦૪ |
| | બહાદુરપુર | ૧૨ |
| | રતનપુર (કે) | ૦૯ |
| | વડદલી | ૧૧ |
| | હંડોદ | ૦૧ |
| | **કુલ** | **૨૨૨** |

(૨) તે પૈકી કેટલા બ્લોકોની એન્વાયરમેન્ટ ક્લીયરન્સ (ઇ.સી.) આપવામાં આવી છે અને કેટલા બ્લોકોની બાકી છે ?

(૨) કુલ-૨૨૨ બ્લોક્સ પૈકી ૧૪૮ બ્લોક્સની સફળ હરાજી થયેલ છે. જે પૈકી કુલ-૧૧૫ બ્લોક્સમાં ઇરાદાપત્ર (એલ.ઓ.આઇ.) આપવામાં આવેલ છે. જે પૈકી કુલ-૦૩ બ્લોક્સના એન્વાયરમેન્ટ ક્લીયરન્સ (ઇ.સી.) આવેલ છે. જ્યારે ૧૧૨ બ્લોક્સમાં એન્વાયરમેન્ટ ક્લીયરન્સ (ઇ.સી.) બાકી છે.

સફળ હરાજી થયેલ ૧૪૮ બ્લોક્સ પૈકી ૩૩ બ્લોક્સમાં ૨૦% અપફ્રન્ટ પેમેન્ટ ભરપાઇ થયેલ ના હોઇ ઇરાદાપત્ર (એલ.ઓ.આઇ.) આપવામાં આવેલ નથી. તેમજ ૦૮ બ્લોક્સમાં ટેન્ડર વેચાણમાં પૂરતો પ્રતિસાદ મળેલ ન હોઇ બ્લોક્સ રદ્દ કરવામાં આવેલ છે. અને ૬૬ બ્લોક્સ હરાજીની પ્રક્રિયા હેઠળ છે. જેથી કુલ-૧૦૭ બ્લોક્સમાં એન્વાયરમેન્ટ ક્લીયરન્સ (ઇ.સી.) મેળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૪૩૮૫૭ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) **:** **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ'ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

(૨) ૧૫૦૪

---------

**વલસાડ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ**

૪૩૮૩૭ **શ્રી વિજયભાઇ પટેલ** (ડાંગ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ વલસાડ જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ વલસાડ જિલ્લામાં કુલ ૫૭૧ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે:-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૨૭૭ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૨૯૪ |
| **કુલ** | **૫૭૧** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ ૭૪૭ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે :-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૩૫૦ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૩૯૭ |
| **કુલ** | **૭૪૭** |

---------

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના શહેરી વિસ્તારમાં સફાઇ કામદારોના મોત બદલ વળતર**

૪૪૯૫૨ **શ્રી પ્રવિણભાઇ મુસડીયા** (કાલાવડ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૮-૦૭-૨૦૧૯ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૮૪૭૦ (અગ્રતા-૨૨૦)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) નામદાર સુપ્રિમકોર્ટે સફાઇ કર્મચારી આંદોલન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા રીટ પીટીશન (સીવીલ) નં.૫૮૩/૨૦૦૩ના કેસમાં ગટર સફાઇ માટે ઉતારવામાં આવતા સફાઇ કામદારોના થઇ રહેલા મોતના વળતર બદલ રૂ.૧૦ લાખનું વળતર ચૂકવવા આદેશ આપેલ તે અન્વયે ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના શહેરી વિસ્તારમાં ૨૫ કિસ્સામાં વળતર ચૂકવવાનું બાકી હતું તે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા કિસ્સામાં ચૂકવાયું, કેટલા કિસ્સામાં બાકી છે,

(૧) ૦૩ કિસ્સામાં વળતર ચૂકવાયુ છે અને ૨૨ કિસ્સામાં ચૂકવવાનું બાકી છે.

(૨) ઉક્ત વળતર ચૂકવવાનું બાકી રહેવાના કારણો શા છે, અને

(૨) ૨૧ કિસ્સામાં પુરતા પ્રયત્નો બાદ સફાઇ કામદારોના કાયદેસરના વારસદારો પ્રસ્થાપિત થયેલ ન હોવાથી, ૨૧ કેસો દફતરે કરેલ હોઇ, વળતર ચૂકવવાનું રહેતું નથી અને ૦૧ કિસ્સામાં કાયદેસરના વારસદારની ઓળખવિધી બાકી હોવાથી

(૩) બાકી વળતર ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) કાયદેસરના વારસદારની ઓળખ થયેથી.

- - - - - - - - -

**ગુજરાત રાજ્ય અભિલેખાગાર દ્વારા પ્રકાશિત કરેલ પુસ્તકો**

૪૩૮૭૨ **શ્રી સુરેશભાઇ પટેલ** (મણીનગર) : **માનનીય યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત રાજ્ય અભિલેખાગાર ખાતા દ્વારા છેલ્લા બે વર્ષમાં ક્યા પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યા, | (૧) કોઇ પુસ્તક પ્રકાશિત કરવામાં આવેલ નથી. |
| (૨) જાહેર જનતાની જાણકારી વધે તે માટે આ ખાતા દ્વારા કોઇ પ્રવૃત્તિ કરવામાં આવે છે કે કેમ, અને | (૨) હા. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે ? | (૩) રાજ્ય અભિલેખાગાર ખાતા દ્વારા કચેરીમાં સંગ્રહિત સ્ટેટ સમયના ઐતિહાસિક દસ્તાવેજો, મહાનુભાવોના ફોટોગ્રાફ્સ, વહીવટના ચોપડા, પુસ્તકો, ગેઝેટસ, વહીવટી અહેવાલો, વોલ્યુમો વગેરેનું પ્રદર્શન /સેમીનારનું આયોજન કરવામાં આવે છે. આ પ્રદર્શન દ્વારા જાહેર જનતા, ઇતિહાસવિદો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ, સંશોધકોને જાણકારી મળી રહે છે. વિતેલા અતિતની ઝાંખી કરાવવામાં આવે છે. |

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

૪૩૮૮૫ **શ્રી ગોવિંદભાઇ પટેલ** (રાજકોટ-દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૭) હેઠળ શહેરી વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા, | (૧) ૧૩ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૬ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કાર્યક્રમ હેઠળ શહેરી વિસ્તારમાંથી કેટલી અરજીઓ આવી, અને | (૩) ૮૭૭૮ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | (૪) ૮૭૭૮ |

- - - - - - - - -

**અમદાવાદ શહેર અને જિલ્લામાં કસ્ટોડિયલ ડેથના બનાવો**

૪૪૭૫૪ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કસ્ટોડિયલ ડેથના | (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં પોલીસ કસ્ટડી દરમ્યાન-૦૩ (ત્રણ) જ્યારે જેલ કસ્ટડી દરમ્યાન-૩૬ (છત્રીસ) મળી |

કેટલા કિસ્સાઓ બન્યા,

કુલ-૩૯ (ઓગણચાલીસ) કસ્ટોડિયલ ડેથના કિસ્સાઓ બન્યા છે.

(૨) ઉક્ત કિસ્સાઓમાં જવાબદારો સામે શાં પગલા લીધા, અને

(૨) જવાબદારો સામે ફોજદારી રાહે ગુનો દાખલ કરવાના તથા ખાતાકીય રાહે ફરજમોકૂફી જેવા શિક્ષાત્મક પગલાં લીધાં છે.

(૩) કસ્ટોડિયલ ડેથ થવાના ક્યા કારણો છે ?

(૩)

| કસ્ટોડિયલ ડેથનું કારણ | કસ્ટડીનો પ્રકાર | કસ્ટોડિયલ ડેથની સંખ્યા |
|---|---|---|
| બિમારી | જેલ | ૩૧ |
| | પોલીસ | ૦૧ |
| આપઘાત | જેલ | ૦૫ |
| | પોલીસ | ૦૨ |

- - - - - - - - -

**રાપર તાલુકામાં નર્મદાનું પાણી પીવા તથા સિંચાઇ માટે પૂરું પાડવા બાબત**

૪૪૮૮૦ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : ચોદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૪૯૯ (અગ્રતા-૨૯૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના રાપર તાલુકાના ૨૦ ગામોને પીવા માટે અને ૧૭ ગામોને સિંચાઇ માટે નર્મદાનું પાણી પૂરું પાડવાનું બાકી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત બાકી ગામોને નર્મદાનું પાણી પૂરું પાડવાની કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ઉક્ત બાકી ગામોને પીવાનું અને સિંચાઇનું પાણી પૂરું પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લાના રાપર તાલુકાના ૧૬ ગામોને પીવા માટે અને ૧૭ ગામોને સિંચાઇ માટે નર્મદાનું પાણી પૂરું પાડવાનું બાકી છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લાના રાપર તાલુકાના ૧૬ ગામોને પીવા માટે નર્મદાનું પાણી પૂરું પાડવા ૧૬ ગામો પૈકી, ૭ ગામો ફતેહગઢ ડેમ આધારિત યોજના તથા ૨ ગામ સુવઇ ડેમ આધારિત યોજનામાં સમાવેશ થયેલ છે જેની કામગીરી પ્રગતિ હેઠળ છે, જ્યારે ૪ ગામ રાપર સુધારણા યોજના તથા ૩ ગામ સુવઇ ડેમ આધારિત યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે, જે યોજનાઓ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. ઉપરાંત રાપર તાલુકાના ૧૭ ગામોને નર્મદાનું પાણી સિંચાઇ માટે પૂરું પાડવામાં કેનાલ નેટવર્કમાં આવતા નેશનલ હાઇવે ક્રોસિંગ અને પાઇપ લાઇન ક્રોસિંગની મંજૂરી મેળવવાની થતી હતી. જેમાં નેશનલ હાઇવે ક્રોસિંગ અને પાઇપ લાઇન ક્રોસિંગની કામચલાઉ મંજૂરી મળી ગઈ છે અને નેશનલ હાઇવે ક્રોસિંગની ટેન્ડર પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે. જમીન સંપાદનમાં વિરોધ હતો પરંતુ જમીન સંપાદનની કામગીરી હાલ પ્રગતિમાં છે.

(૩) ઉપર મુજબની કાર્યવાહી પૂર્ણ કરીને બાકી ગામોને શક્ય તેટલી વહેલી તકે પીવાનું અને સિંચાઇનું પાણી પૂરું પાડવામાં આવશે.

- - - - - - - - -

**રાજપીપળા જિલ્લા જેલમાં કેદીઓને સલાહ અને સહાય**

૪૩૮૫૦ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજપીપળા જિલ્લા જેલમાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેદીઓને કાયદાકીય

**જવાબ**

(૧) હા, જી.

સલાહ અને સહાય આપવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજપીપળા જિલ્લા જેલના કેટલા કેદીઓને કાનૂની સલાહ અને સહાય આપવામાં આવેલ છે ?

(૨)

| **કાનૂની સલાહ** | **કાનૂની સહાય** |
|---|---|
| ૧૬૭૦ | ૧૭૫ |

- - - - - - - - -

**સુરત મહાનગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૪૩૮૬૦ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે,

(૨) કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે,

(૩) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે, અને

(૪) કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ

વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૪૭૯.૮૩ કરોડ તથા
વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૪૮૫.૯૪ કરોડની ગ્રાન્ટ મળી કુલ રૂ.૯૬૫.૭૭ કરોડ ફાળવવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૪૦૦.૫૧ કરોડ તથા
વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૪૮૫.૯૪ કરોડની ગ્રાન્ટ મળી કુલ રૂ.૮૮૬.૪૫ કરોડ ફાળવવામાં આવેલ છે.

(૩) વર્ષ ૨૦૧૮-૧૯માં ૦૩ કામો તથા
વર્ષ ૨૦૧૯-૨૦માં ૪૯ કામો તથા
વર્ષ ૨૦૨૦-૨૧માં ૭૧ કામો મળી કુલ ૧૨૩ કામો મંજૂર થયેલ છે.

(૪) વર્ષ ૨૦૧૯-૨૦માં ૩૦ કામો તથા
વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૨ કામો મળી કુલ ૪૨ કામો પૂર્ણ થયેલ છે.

- - - - - - - - -

**ગુજરાત જમીન વિકાસ નિગમના કર્મચારી / અધિકારી વિરૂદ્ધ કેસો**

૪૪૮૯૫ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૭-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૭૫૨૧ (અગ્રતા-૧૦)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત જમીન વિકાસ નિગમમાં ફરજ બજાવતાં અને નિવૃત્ત અધિકારી / કર્મચારી સામે અપ્રમાણસર સંપત્તિના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા કરવામાં આવેલા ૧૨ કેસોમાં ૩ આરોપીઓ વિરૂદ્ધ તપાસ ચાલુ હતી, ૨ આરોપીઓ વિરૂદ્ધ આગોતરા જામીન રદ કરાવવા નામદાર હાઈકોર્ટમાં અપીલ પેન્ડીંગ હતી અને ૨ આરોપીઓની ધરપકડ કરવા ઉપર નામદાર હાઈકોર્ટ સ્ટે આપેલ તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા આરોપીઓને ધરપકડ કરવામાં આવી અને કેટલા આરોપીઓની પકડવાના બાકી છે, અને

(૨) બાકી આરોપીઓની ધરપકડ કરવા શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૦૧ આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે અને ૦૬ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે.

(૨) (૧) ૦૨ આરોપીઓના આગોતરા જામીન સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલ છે.
(૨) ૦૧ આરોપી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ પીટીશન આધારે આરોપી વિરૂદ્ધ

કાર્યવાહી નહી કરવા સારૂનો હુકમ કરેલ છે.

(૩) ૦૧ આરોપીએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ક્વોશીંગ પીટીશન દાખલ કરેલ હોય વધુ તપાસ પર સ્ટે આપેલ છે.

(૪) ૦૧ આરોપી તા.૨૭-૦૪-૨૦૨૧ના રોજ મરણ થયેલ છે.

(૫) ૦૧ વિરૂદ્ધ સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબનું વોરંટ મેળવેલ છે.

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

૪૫૧૭૦ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧૦-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકો ગુમ થયા,

(૨) તે પૈકી કેટલા બાળકો પરત મળી આવ્યા,

(૩) બાળકો ગુમ થવાના કારણો શા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ગુમ થયેલ બાળકો પૈકી બાકી રહેલ બાળકોને શોધવા શી કાર્યવાહી કરેલ છે ?

**જવાબ**

(૧)

| ગુમ થયેલ બાળકો | | |
|---|---|---|
| | **તા.૧૧-૦૨-૨૦૨૦ થી તા.૧૦-૦૨-૨૦૨૧** | **તા.૧૧-૦૨-૨૦૨૧ થી તા.૧૦-૦૨-૨૦૨૨** |
| ખેડા | ૧૧૬ | ૧૧૩ |
| આણંદ | ૯૮ | ૮૩ |

(૨)

| પરત મળેલ બાળકો | |
|---|---|
| ખેડા | ૨૦૪ |
| આણંદ | ૧૬૦ |

(૩) બાળકો ગુમ થવાના કારણો-

- પ્રેમ સબંધ (લગ્નની લાલચમાં)
- માતા સાથે
- કહ્યા વગર જતા રહેલ છે.

(૪) ગુમ થનાર બાળક/મહિલા મળી આવવાની શક્યતા જણાય ત્યાં તપાસ કરવામાં આવે છે.

- ચિલ્ડ્રન કેર હોમમાં તપાસ કરવામાં આવે છે.
- રાજ્યના અન્ય જિલ્લા તથા પોલીસ સ્ટેશનમાં ફોટા સહિતની માહિતી મોકલી તપાસ કરવા મોકલી આપવમાં આવે છે.
- દુરદર્શન તથા સમાચારપત્રોમાં ફોટા અને જાહેરાત કરવામાં આવે છે.
- સમયાંતરે ઝૂંબેશ યોજી શોધી કાઢવા સઘન પ્રયત્નો/દર માસે મીસીંગ ડ્રાઇવનું આયોજન કરવામાં આવે છે.

---------

**સુરત જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૪૩૮૮૪ **શ્રી વી. ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(૧) ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં MSME (માઈક્રો સ્મોલ મીડીયમ એન્ટરપ્રાઈઝ) એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૨૩,૦૨૩ અરજીઓ.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) ૨૦,૯૨૬ એકમોને રૂ.૪૮૨૪૫.૨૦ લાખની સહાય.

---------

**સ્પોર્ટસ ઑથોરિટી ઓફ ગુજરાત દ્વારા રમતગમતોના સંકુલોનું બાંધકામ**

૪૪૯૦૧ **શ્રી રઘુભાઇ દેસાઇ** (રાધનપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૦-૦૩-૨૦૨૧(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૩૫૮૫ (અગ્રતા-૨૦)ના અનુસંધાને **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ગુજરાત દ્વારા પાટણ જિલ્લામાં સમી ખાતે રૂ.૨૦૦.૦૦ લાખના ખર્ચે રમતગમત સંકુલ બાંધવાનું આયોજન કરેલ તે સંકુલ બાંધવાની કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) ઉક્ત રમતગમત સંકુલ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં સમી ખાતે રૂ.૨૦૦.૦૦ લાખના ખર્ચે તાલુકા રમત સંકુલ બાંધવા બાબતે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આર.સી.સી., ચણતર તથા પ્લાસ્ટરની કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે. ફીનીસીંગ, ફેબ્રિકેશન, ફ્લોરિંગ, ઇલેક્ટ્રિકલની બાકી રહેતી કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

(૨) આ કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

(૩) ઉક્ત રમતગમત સંકુલની કામગીરી પૂર્ણ થયા બાદ બનતી ત્વરાએ કાર્યરત કરવામાં આવશે.

---------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં ખનિજ ચોરીની દંડનીય રકમ**

૪૪૯૦૪ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧(પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૨૩૦ (અગ્રતા-૬૮)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખનિજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી મહેસાણા જિલ્લામાં રૂ.૨૩૭૦.૦૯ લાખ અને પાટણ જિલ્લામાં રૂ.૩૯૫.૪૨ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખનિજ ચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | બાકી લેણા (રૂ.લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરપાઇ થયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| મહેસાણા | ૨૩૭૦.૦૯ | ૪૬.૮૦ |
| પાટણ | ૩૯૫.૪૨ | શૂન્ય |

(૨)

| જિલ્લો | ખનિજ ચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| મહેસાણા | ૨૩૨૩.૨૯ |
| પાટણ | ૩૯૫.૪૨ |

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા દંડકીય વસૂલાતની કારણ દર્શક નોટિસ આપેલ છે તથા દંડકીય વસૂલાતના હુકમ કરવામાં આવેલ છે. તેમજ પોલીસ ફરિયાદ દાખલ કરેલ છે.

---------

અતારાંકિત પ્રશ્નો

**એફ.એસ.આઇ. વધારવાની દરખાસ્તો બાબત**

૪૫૦૧૨ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૮-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૦૩૫૧ (અગ્રતા-૫૭)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેરમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ કાયદો-૧૯૭૬ની કલમ ૨૯-૧ હેઠળ જુદી-જુદી નગર રચના યોજનાઓમાં તા.૩૧-૦૧-૨૦૧૬ થી તા.૩૦-૦૧-૨૦૧૭ સુધીમાં ૪૭ અને તા.૩૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૦૧-૨૦૧૮ સુધીમાં ૩૨ એફ.એસ.આઇ. વધારવાની દરખાસ્તો મંજૂર કરવામાં આવેલ તે અન્વયે સરકારને તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમની આવક થઇ, અને | (૧) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત વર્ષવાર મંજૂર કરવામાં આવેલ દરખાસ્તો અન્વયે કેટલું વધારાનું બાંધકામ થવાનું છે ? | (૨) ૧૧,૪૧,૫૯૬.૪૭ ચો.મી. |

---------

**વઢવાણ ખાતે જી.આઇ.ડી.સી. પ્લોટ**

૪૪૯૪૦ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩૧-૦૩-૨૦૨૧ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૯૩૩૧ (અગ્રતા-૨૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ખાતે આવેલ જીઆઇડીસીમાં પરવાનગી અગર અનધિકૃત હેતુ માટે વપરાતા ૪ પ્લોટ ધારકોને કારણ દર્શક નોટિસ આપવામાં આવે તે અંદાજિત ૬-માસ સુધીમાં કાર્યવાહી કરવામાં આવનાર હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ કેટલા પ્લોટ ખાલી કરાવવામાં આવ્યા, અને | (૧) અને (૨)<br>પ્રશ્ન હેઠળના ૦૪-પ્લોટ ધારકોને કારણ દર્શક નોટિસ અને જીપીપી એક્ટની કલમ-૪(૧) હેઠળ કાર્યવાહી કરવાથી વાણિજ્ય પ્રવૃત્તિ બંધ કરવામાં આવેલ હોઇ પ્લોટ ખાલી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત કેટલા પ્લોટ ખાલી કરાવવાના બાકી છે, તે ક્યાં સુધીમાં કરાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બોરસદ શહેરમાં ગેટનું ગેરકાયદેસર બાંધકામ**

૪૪૯૮૮ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ શહેરમાં ટીપી સ્કીમ નં.૧માં ગાંધીગંજમાં ગેટનું બાંધકામ ગેરકાયદેસર થયું હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) ૩૯ (ઓગણચાળીસ). |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે ક્યારે શું કાર્યવાહી કરવામાં આવી, | (૨)<br>● બોરસદ નગરપાલિકા દ્વારા ગેરકાયદેસર બાંધકામ દૂર કરી દેવા માટે ૧૧ નોટિસો આપવામાં આવેલ.<br>● ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ |

એક્ટની કલમ ૬ ખ(બી) મુજબ અરજદારશ્રીની રજૂઆત અન્વયે કલેક્ટરશ્રી, આણંદે અપીલની આખરી સુનાવણી ના થાય ત્યાં સુધી સ્થળસ્થિતીની યથાવત પરિસ્થિતી જાળવી રાખવા તથા અપીલના આખરી નિર્ણય સુધી મોકુફ રાખવા હુકમ કરેલ. જે હુકમ સામે અન્ય અરજદારશ્રી દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટ ખાતે એસસીએ નં.૧૫૭૧૩/૨૦૨૦થી દાવો દાખલ કરેલ છે. જે મેટર હાલમાં સબજ્યુડીસ છે.

(૩) તે અન્વયે માપણી કે અન્ય સર્વે કરવામાં આવેલ હોય તો કેટલુ ગેરકાયદેસર બાંધકામ સામે આવ્યું, અને

(૩) બોરસદ નગરપાલિકા દ્વારા તા.૨૪-૦૩-૨૦૨૧ તથા તા.૧૧-૧૨-૨૦૧૯ના રોજ સ્થળ ઉપર થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે કરેલ પંચકયાસ મુજબ ૧૨૧.૭૦ ચો.મી. ગેરકાયદેસર બાંધકામ સામે આવેલ છે.

(૪) ઉક્ત ગેકકાયદેસર બાંધકામ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

(૪) ગેરકાયદેસર બાંધકામકર્તાએ તેઓના તા.૧૦-૦૨-૨૦૨૨ના પત્રથી પોતાના ખર્ચે અને જોખમે તમામ ગેરકાયદેસર બાંધકામ ત્રણ મહિનાની મુદ્દતમાં દૂર કરવા જણાવેલ છે. સદર સમયમર્યાદામાં જો દબાણ દૂર કરવામાં નહી આવે તો નગરપાલિકા દ્વારા નિયમોનુસારની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં મહિલા અને સગીરાઓને ભગાડી જવાના બનાવો

૪૫૦૦૯ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૭-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૪૫૨૫ (અગ્રતા-૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) છોટાઉદેપુર જિલ્લામાં મહિલાઓ અને સગીર કન્યાઓને ભગાડી જવાના બનાવોમાં ૨૮ ગુનેગારોને પકડવાના બાકી હતા તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા અને કેટલા ગુનેગારો પકડવાના બાકી છે, અને

(૧)

| પકડવાના બાકી ગુનેગારોની સંખ્યા | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પકડવાના બાકી પકડાયેલ ગુનેગારોની સંખ્યા | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પકડવાના બાકી ગુનેગારોની સંખ્યા |
|---|---|---|
| ૨૮ | ૨૨<br>૦૨ આરોપીઓ સામેની ફરિયાદ રદ | ૦૪ |

(૨) બાકી ગુનેગારોને પકડવા શા પગલાં લેવામાં આવ્યા ?

(૨)

- આરોપીઓના સરનામે તપાસ કરવામાં આવેલ છે.
- સી.સી.ટી.વી. ફુટેજના આધારે તથા આરોપીઓના મોબાઈલ નંબરની ટાવર લોકેશન સાથેની સી.ડી.આર. મેળવી તપાસવામાં આવેલ છે.
- સગાસંબંધી તેમજ મિત્ર વર્તુળમાં ખાનગી રાહે તપાસ કરવામાં આવેલ છે.

---------

## સાબરમતી નદીના શુદ્ધિકરણ અંતર્ગત થયેલ ખર્ચ

૪૪૯૯૪ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાંથી પસાર થતી સાબરમતી નદીના શુદ્ધિકરણ માટે કુલ કેટલી રકમનો કયા હેતુસર ખર્ચ

(૧) વર્ષ-૨૦૨૦માં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, જૂની ડ્રેનેજ લાઈનનો રીહેબીલીટેશન, રીલીફ સ્યુઅર લાઈન અને

કરવામાં આવ્યો ?

સ્યુઅર ટ્રન્ક લાઈનના હેતુસર કુલ રૂ.૮૫,૭૧,૭૪,૦૦૦/-નો ખર્ચ કરવામાં આવ્યો.

- વર્ષ-૨૦૨૧માં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, જૂની ડ્રેનેજ લાઈનનો રીહેબીલીટિશન, રીલીફ સ્યુઅર લાઈન અને સ્યુઅર ટ્રન્ક લાઈનના હેતુસર કુલ રૂ.૫૦,૨૯,૫૫,૦૦૦/-નો ખર્ચ કરવામાં આવ્યો.

- - - - - - - - -

**રાજ્યમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાનો કરાર**

૪૪૯૧૩ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૪માં રાજ્યમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાનો કરાર ચીન સાથે થયો હતો તે હકીકત સાચી છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત પાર્ક માટે કયા સ્થળે કેટલી જમીન સંપાદન કરવામાં આવી છે અને કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) ચાઈના ડેવલપમેન્ટ બેંક દ્વારા ફંડ મેળવનાર ચાઈના એસોસીએશન ફોર સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઈઝસ (CASME) દ્વારા ચાઈનીઝ ઈન્ડસ્ટ્રીયલ પાર્કની સ્થાપના માટે જમીન સંપાદનની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. સાણંદ નજીક ૨૦૦ હેક્ટર જમીનની જરૂરિયાત પૈકી ૫૫ હેક્ટર જમીન સંપાદન માટેની કાર્યવાહી તેઓ દ્વારા થયેલ છે. હાલ, જમીન સંપાદનની કાર્યવાહી કાયદાકીય મામલે ગૂંચવાયેલ છે.

ઉપર્યુક્ત સમગ્ર પ્રક્રિયામાં રાજ્ય સરકારની ભૂમિકા માત્ર ફેસિલિટેટરની રહેલ છે.

- - - - - - - - -

**નર્મદા જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૪૩૮૬૨ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૧૫૬

- - - - - - - - -

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં લીઝ ધારકો પાસેથી વસૂલવાની બાકી રકમ**

૪૪૯૫૫ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં તાલુકાવાર બોક્સાઈટના લીઝ ધારકો પાસેથી ડી.એમ.એફ. (ડિસ્ટ્રીક્ટ મીનરલ ફાઉન્ડેશન) માં આપવાની થતી કેટલી રકમ વસૂલવાની થાય છે,

(૧)

| **તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બોક્સાઈટના લીઝ ધારકો પાસેથી ડી.એમ.એફ. અંતર્ગત વસૂલવાપાત્ર રકમ અંગેની વિગતો નીચે મુજબ છેઃ-** | | |
|---|---|---|
| **વસૂલવાપાત્ર રકમ (રૂ. લાખમાં)** | | |
| **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** |
| કલ્યાણપુર | ૩૪૯.૩૯ | ૩૪૮.૮૧ |

| | |
|---|---|
| જામનગર | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર જિલ્લામાં બોક્સાઈટ ખનિજની એકપણ લીઝ આવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વર્ષવાર, તાલુકાવાર વસૂલવામાં આવેલ રકમ તથા વસૂલવાની થતી બાકી રકમ અંગેની વિગતો નીચે મુજબ છેઃ-

| **તાલુકાનું નામ** | **વસૂલવામાં આવેલ રકમ (રૂ. લાખમાં)** | |
|---|---|---|
| | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** |
| કલ્યાણપુર | ૨૭૨.૦૧ | ૪૧૦.૩૧ |
| | **વસૂલવાની થતી રકમ (રૂ. લાખમાં)** | |
| | ૧૫.૮૮ | શૂન્ય |

જામનગરઃ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી રહેલ રકમ વસૂલવા સરકારે શી કાર્યવાહી કરેલ છે?

(૩) દેવભૂમિ દ્વારકાઃ- બાકી રહેલ ૧૫.૮૮ લાખ ડી.એમ.એફ.ની રકમ લીઝધારકોએ ભરપાઈ કરેલ નથી તેમને નોટિસ પાઠવી તેઓની લીઝમાં ખાણકામ બંધ કરવામાં આવેલ છે.

જામનગરઃ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સનાથલમાં ઔડાની હદમાં ગેરકાયદેસર દબાણની ફરિયાદ**

૪૪૯૦૭ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩૧-૦૩-૨૦૨૧(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૯૪૦૧ (અગ્રતા-૧૭૮)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના સનાથલમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની હદમાં ગેરકાયદેસર દબાણ અને બિનખેતી, હેતુફેર કર્યા વગર જમીનનો ઉપયોગ કરતા હોવા બાબતની મળેલ ફરિયાદ અન્વયે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળે નોટિસ પાઠવેલ તે અન્વયે મોજે. સનાથલના રે. સ. નં. ૧૦૯ + ૧૨૯ પૈકી ૯, ૧૦, ૧૧માં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઈ મુજબની બિનઅધિકૃત બાંધકામ દૂર કરવાની કામગીરી જારીમાં હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

**જવાબ**

(૧) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ બિનઅધિકૃત બાંધકામ દૂર કરવા તા.૩૧-૧૨-૨૦૨૧ના રોજ અધિક કલેક્ટરશ્રી, ઔડા કક્ષાએથી મંજૂરી મેળવી તા.૦૧-૦૧-૨૦૨૨ના રોજ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળે હુકમ કરેલ છે.

(૨) તે અન્વયે બિનઅધિકૃત ગેરકાયદેસર કેટલી

(૨) શૂન્ય.

જમીન ખુલ્લી કરાવવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ખુલ્લી કરાવવાની બાકી છે, તેના કારણો શા છે, અને

(૩) ૪૯૬૫ ચો.મી.

મોજેઃ સનાથલના રે.સ.નં. ૧૦૯+૧૨૯ પૈકી ૯, ૧૦, ૧૧માં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઇઓ મુજબ બિનઅધિકૃત બાંધકામ દૂર કરવાની કામગીરી જારીમાં હોઈ.

(૪) ઉક્ત જમીન ક્યાં સુધીમાં ખુલ્લી કરાવવામાં આવશે ?

(૪) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઇઓ મુજબ બિનઅધિકૃત બાંધકામ દૂર કરવામાં આવશે.

---------

**સુરત મહાનગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૪૩૮૮૦ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે,

(૨) કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે,

(૩) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે, અને

(૪) કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ

- વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૪૭૯.૮૩ કરોડ તથા વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૪૮૫.૯૪ કરોડની ગ્રાંટ મળી કુલ રૂ.૯૬૫.૭૭ કરોડ ફાળવવામાં આવેલ છે.

(૨)

- વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૪૦૦.૫૧ કરોડ તથા વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૪૮૫.૯૪ કરોડની ગ્રાંટ મળી કુલ રૂ.૮૮૬.૪૫ કરોડ ફાળવવામાં આવેલ છે.

(૩)

- વર્ષ ૨૦૧૮-૧૯માં ૦૩ કામો તથા
  વર્ષ ૨૦૧૯-૨૦માં ૪૯ કામો તથા
  વર્ષ ૨૦૨૦-૨૧માં ૭૧ કામો મળી કુલ ૧૨૩ કામો મંજૂર થયેલ છે.

(૪)

- વર્ષ ૨૦૧૯-૨૦માં ૩૦ કામો તથા
  વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૨ કામો મળી કુલ ૪૨ કામો પૂર્ણ થયેલ છે.

---------

**ગાંધીનગર મહાનગરપાલિકાને ૨૪ કલાક પાણી પૂરું પાડવા બાબત**

૪૪૯૨૨ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકામાં ૨૪ કલાક પાણી આપવા અંગેની જાહેરાત સરકાર દ્વારા ક્યારે કરવામાં આવેલ,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકામાં વોર્ડવાર કેટલા કલાક પાણી પૂરું પાડવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ ૨૪ કલાક પાણી પૂરું પાડવામાં ન આવતું હોય તો તેના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર મહાનગરપાલિકામાં ૨૪ કલાક પાણી આપવા અંગેની જાહેરાત સરકાર દ્વારા તા.૨૩-૦૮-૨૦૧૯ના રોજ કરવામાં આવી.

(૨) મંજૂર કરાયેલ પાણી પુરવઠા યોજનાના કામોને તા.૨૩-૦૭-૨૦૨૦ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જેની કામગીરી હાલમાં અમલીકરણ હેઠળ છે.

(૩) અને (૪) ઉક્ત કામગીરી જુલાઈ-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરી ગાંધીનગર મહાનગરપાલિકાના લગત વોર્ડમાં ૨૪

(૪) તમામ વોર્ડમાં ક્યા સુધીમાં ૨૪ કલાક પાણી પૂરું પાડવામાં આવશે ?

કલાક પાણી પૂરું પાડવાનું આયોજન છે.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૪૩૮૯૩ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ'ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૨૩૮૦ |

- - - - - - - - -

**માણસા શહેર અને ગ્રામ્ય માટે અલગ પોલીસ સ્ટેશન બનાવવા બાબત**

૪૪૯૨૫ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં માણસા શહેર અને ગ્રામ્ય માટે અલગ પોલીસ સ્ટેશન નથી તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો માણસા શહેર અને ગ્રામ્યનું અલગ પોલીસ સ્ટેશન બનાવવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) ના. |
| (૩) જો હા, તો ક્યાં સુધીમાં આ બંને પોલીસ સ્ટેશન અલગ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને લાભ**

૪૩૮૩૪ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ હેઠળ વલસાડ જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ હેઠળ વલસાડ જિલ્લામાં કુલ ૫૭૧ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે.

| **વર્ષ** | **સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૨૭૭ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૨૯૪ |
| **કુલ** | **૫૭૧** |

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ ૭૪૭ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે.

| **વર્ષ** | **સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં)** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી | ૩૫૦ |

| | |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૨૦ | |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૩૯૭ |
| **કુલ** | **૭૪૭** |

- - - - - - - - -

**રાજ્યમાં પોલીસ વેલ્ફેર ફંડની રચના**

૪૩૮૭૫ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પોલીસ વેલ્ફેર ફંડની રચના કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ વેલ્ફેર ફંડમાં સરકાર તરફથી વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| **સમયગાળો** | **સરકારશ્રી તરફથી ફાળવેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | રૂ.૫૯૦ લાખ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | રૂ.૭૩૫ લાખ |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં રમત-ગમતના મેદાનની માંગણી**

૪૫૪૧૪ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં રમત-ગમતના મેદાન બનાવવા માટેની કેટલી માંગણીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી માંગણી મંજૂર કરવામાં આવી અને કેટલી માંગણીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી પડતર છે, અને

(૩) ઉક્ત પડતર માંગણીઓનો નિકાલ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) એકપણ માંગણી મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સુરત જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

૪૩૮૫૮ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૭) હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યાં,

(૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ આ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાંથી કેટલી અરજીઓ આવી, અને

(૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૫૮

(૨) ૫૬

(૩) ૬૭૭૭૭

(૪) ૬૭૭૭૭

- - - - - - - - -

**તારાપુર પોલીસ સ્ટેશનનું જર્જરિત મકાન**

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

૪૪૯૯૭ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૩૨૬ (અગ્રતા-૧૮૧)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ હાઉસીંગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં આવેલ તારાપુર ખાતે પોલીસ સ્ટેશનનું મકાન જર્જરિત હાલતમાં છે તે નવું મકાન બનાવવા માટે કલેક્ટરશ્રી દ્વારા બોરસદ તારાપુર ચોકડી ખાતે જમીન ફાળવેલ છે તેમાં નવું મકાન બનાવવાની કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) અને (૨) આ હેતુ માટે ફાળવેલ જમીન યોગ્ય ન હોઈ નવા સ્થળે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. |
| (૨) ઉક્ત નવા મકાનમાં પોલીસ સ્ટેશન ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ? | |

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવા બાબત**

૪૫૪૨૧ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા માટે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૧૫માં કુલ સમીટવાર કેટલી રકમના ક્યા ઉદ્યોગોએ એમ.ઓ.યુ. કર્યા, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૦૯માં અમરેલી જિલ્લામાં ૩૮ પ્રોજેક્ટ દ્વારા ૬૩૦૦.૩૧ કરોડનું સૂચિત મૂડીરોકાણ તથા ભાવનગર જિલ્લામાં ૯૦ પ્રોજેક્ટસ દ્વારા ૧૧૪૬૪.૨૬ કરોડનું સૂચિત મૂડીરોકાણ થવાનો અંદાજ હતો.<br>વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૧૧માં અમરેલી જિલ્લામાં ૭૦ પ્રોજેક્ટસ દ્વારા ૩૪૨૦૩.૮૭ કરોડનું સૂચિત મૂડીરોકાણ તથા ભાવનગર જિલ્લામાં ૨૦૯ પ્રોજેક્ટસ દ્વારા ૩૪૮૨૨.૯૦ કરોડનું સૂચિત મૂડીરોકાણ થવાનો અંદાજ હતો.<br>વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૧૫માં અમરેલી જિલ્લામાં ૧૭૬ પ્રોજેક્ટસ દ્વારા ૧૯૦૦૧.૪૪ કરોડનું સૂચિત મૂડીરોકાણ તથા ભાવનગર જિલ્લામાં ૫૭૫ પ્રોજેક્ટસ દ્વારા ૭૯૩૫.૭૭ કરોડનું સૂચિત મૂડીરોકાણ થવાનો અંદાજ હતો.<br>સેક્ટરવાર મંજૂર થયેલ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈંટેન્શનની વિગત આ સાથે *પરિશિષ્ટમાં સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત સમિટમાં ખરેખર કેટલાં ઉદ્યોગો મૂડીરોકાણ સાથે કાર્યાન્વિત થયા ? | (૨) ઉક્ત સ્થિતિએ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૦૯માં મંજૂર થયેલ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈંટેન્શન પૈકી અમરેલી જિલ્લામાં ૨૭ પ્રોજેક્ટસ દ્વારા રૂ.૩૩૧૫.૦૫ કરોડનું મૂડીરોકાણ તથા ભાવનગર જિલ્લામાં ૬૬ પ્રોજેક્ટસ દ્વારા રૂ.૩૮૨.૮૯ કરોડનું મૂડીરોકાણ થયેલ છે.<br>વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૧૧માં મંજૂર થયેલ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈંટેન્શન પૈકી અમરેલી જિલ્લામાં ૨૩ પ્રોજેક્ટસ દ્વારા રૂ.૧૪૮૧.૨૮ કરોડનું મૂડીરોકાણ તથા ભાવનગર જિલ્લામાં ૯૮ પ્રોજેક્ટસ દ્વારા રૂ.૨૫૪૮.૬૨ કરોડનું મૂડીરોકાણ થયેલ છે.<br>વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૧૫માં મંજૂર થયેલ એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈંટેન્શન |

પૈકી અમરેલી જિલ્લામાં ૧૪૨ પ્રોજેક્ટસ દ્વારા રૂ.૧૦૩૪૬.૭૭ કરોડનું મૂડીરોકાણ તથા ભાવનગર જિલ્લામાં ૬૫ પ્રોજેક્ટસ દ્વારા ૨૧૪૫.૯૨ કરોડનું મૂડીરોકાણ થયેલ છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**અમદાવાદ અને સુરત જિલ્લામાં રેગ્યુલેટેડ / રજીસ્ટર્ડ કતલખાના**

૪૫૦૩૩ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલા રેગ્યુલેટેડ / રજીસ્ટર્ડ કતલખાનાઓ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કતલ માટે કતલખાનાવાર કેટલો ક્વોટા માન્ય કરેલ છે,

(૩) ઉક્ત ક્વોટા ક્યારથી અમલમાં છે,

(૪) ઉક્ત ક્વોટામાં છેલ્લે ક્યારે કેટલો વધારો-ઘટાડો કરવામાં આવેલ છે, અને

(૫) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કતલખાનાવાર ક્યા વર્ગના કેટલા પશુઓની કતલ કરવામાં આવી ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લો-૦૧ (એક)
સુરત જિલ્લો-૦૨ (બે)

(૨) કતલ માટે કતલખાનાવાર અઠવાડિક ક્વોટા (ભેંસ / પાડા)

| **અમદાવાદ** | **સુરત** | |
|---|---|---|
| | **સલાબતપૂરા** | **રાંદેર** |

(૩) તા.૧૬-૧૧-૨૦૦૫ થી અમલમાં છે.

(૪) આજદિન સુધી તેમાં કોઈ વધારો-ઘટાડો કરવામાં આવેલ નથી.

(૫)

| **વર્ષ** | **અમદાવાદ (ભેંસ / પાડા વર્ગ)** | **સુરત (ભેંસ / પાડા વર્ગ)** | |
|---|---|---|---|
| | | **સલાબતપૂરા** | **રાંદેર** |
| ૨૦૨૦ | ૮૯૪૧ | ૪૩૪ | ૦૦ |

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં રોઝી બંદર વિકસાવવાની કામગીરી**

૪૪૯૫૮ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૩૦૯૬ (અગ્રતા ક્રમ-૧૪૧)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના રોઝી બંદર ખાતે બંદરીય સુવિધા વિકસાવવાની કામગીરી અંગે ટેન્ડર પ્રક્રિયાથી હાથ ધરવામાં આવનાર હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી કઈ એજન્સીને ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા તા.૦૯-૦૭-૨૦૨૧ ના રોજ બેડી બંદરના રોઝી પીયર ખાતે ૨૫૦ મી હયાત જેટી પરથી કન્ટેનર, રો-પેક્ષ અને કોસ્ટલ કાર્ગો પરિવહન કરવા માટે રીકવેસ્ટ ફોર પ્રપોઝલ (આરએફપી) મંગાવવામાં આવ્યા છે.

(૨) ટેકનીકલ બીડ ખોલી ચકાસણી પ્રક્રિયા પ્રગતિમાં છે.

- - - - - - - - -

**અમદાવાદ મહાનગરપાલિકાના ૪૮ વોર્ડમાં પાણી પૂરું પાડવા બાબત**

૪૪૯૩૧ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકામાં ૪૮ વોર્ડમાં પાણી દૈનિક કેટલા સમય માટે પૂરું પાડવામાં આવે છે,

**જવાબ**

(૧)

| **અ.નં.** | **વોર્ડનું નામ** | **દૈનિક સમય** |
|---|---|---|
| ૧ | ચાંદખેડા | ૨ કલાક ૩૦ મિનીટ |

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| | | |
|---|---|---|
| ૨ | સાબરમતી | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૩ | રાણીપ | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૪ | નવા વાડજ | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૫ | નારણપૂરા | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૬ | સરદાર પટેલ સ્ટેડીયમ | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૭ | સરદારનગર | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૮ | નરોડા | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૯ | કુબેરનગર | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૧૦ | અસારવા | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૧૧ | શાહીબાગ | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૧૨ | નવરંગપૂરા | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૧૩ | વિરાટનગર | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૧૪ | સરસપુર-રખિયાલ | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૧૫ | પાલડી | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૧૬ | વાસણા | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૧૭ | બહેરામપૂરા | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૧૮ | ગોમતીનગર | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૧૯ | અમરાઈવાડી | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૨૦ | ઓઢવ | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૨૧ | ઈન્દ્રપુરી | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૨૨ | ખોખરા | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૨૩ | ઈસનપુર | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૨૪ | વટવા | ૨ કલાક ૩૦ મિનીટ |
| ૨૫ | સૈજપુર બોઘા | ૨ કલાક |
| ૨૬ | શાહપુર | ૨ કલાક |
| ૨૭ | દરિયાપુર | ૨ કલાક |
| ૨૮ | ઈન્ડિયા કોલોની | ૨ કલાક |
| ૨૯ | ઠક્કરબાપાનગર | ૨ કલાક |
| ૩૦ | નિકોલ | ૨ કલાક |
| ૩૧ | ખાડિયા | ૨ કલાક |
| ૩૨ | જમાલપુર | ૨ કલાક |
| ૩૩ | દાણીલીમડા | ૨ કલાક |
| ૩૪ | મણીનગર | ૨ કલાક |
| ૩૫ | વસ્ત્રાલ | ૨ કલાક |
| ૩૬ | ભાઈપૂરા-હાટકેશ્વર | ૨ કલાક |
| ૩૭ | લાંભા | ૨ કલાક |
| ૩૮ | રામોલ હાથીજણ | ૨ કલાક |
| ૩૯ | ગોતા | ૧ કલાક ૪૫ મિનીટ |
| ૪૦ | ચાંદલોડિયા | ૧ કલાક ૪૫ મિનીટ |
| ૪૧ | ઘાટલોડિયા | ૧ કલાક ૪૫ મિનીટ |
| ૪૨ | થલતેજ | ૧ કલાક ૪૫ મિનીટ |
| ૪૩ | બોડકદેવ | ૧ કલાક ૪૫ મિનીટ |
| ૪૪ | જોધપુર | ૬.૩૦ કલાક થી ૨૦ કલાક |
| ૪૫ | બાપુનગર | ૧ કલાક ૪૫ મિનીટ |
| ૪૬ | વેજલપુર | ૧ કલાક ૪૫ મિનીટ |

| | | |
|---|---|---|
| ૪૭ | સરખેજ | ૧ કલાક ૪૫ મિનીટ |
| ૪૮ | મક્તમપૂરા | ૧ કલાક ૪૫ મિનીટ |

(૨) ઉક્ત સ્થિતિએ પાણી પૂરું પાડવાની પૂરતી વ્યવસ્થા ન હોવાના કારણે ટેન્કરો દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) ઉક્ત સ્થિતિએ નીચેના કારણોસર ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છેઃ-

- ➢ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીનું નેટવર્ક નાખવામાં આવેલ છે પરંતુ વસવાટો દ્વારા જરૂરી ચાર્જિસ ભરી કનેક્શન મેળવેલ નથી તેમને ટેન્કરથી પાણી આપવામાં આવે છે.
- ➢ સરકારશ્રીની જગ્યામાં ગેરકાયદેસર રીતે વસવાટો બનેલ છે તે મહાનગરપાલિકાની માલિકીની ન હોઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીનું નેટવર્ક નાખવામાં આવતું નથી. આ વસવાટોને ટેન્કરથી પાણી આપવામાં આવે છે.
- ➢ ખાનગી જગ્યામાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીનું નેટવર્ક નાખવામાં આવતું નથી. પરંતુ આ વસવાટોને ટેન્કરથી પાણી આપવામાં આવે છે.
- ➢ જીઆઈડીસી તથા અન્ય ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીનું નેટવર્ક નાખવામાં આવતું નથી. પરંતુ તેમાં આવેલા વસવાટોને ટેન્કરથી પાણી આપવામાં આવે છે.

(૩) જો હા, તો ક્યા વોર્ડમાં ટેન્કરો દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૩) મક્તમપૂરા, બહેરામપૂરા, રામોલ, હાથીજણ તથા લાંભા વોર્ડના વસવાટોને ટેન્કરો દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે.

(૪) આ વોર્ડમાં પ્રજાજનોને ઘેરઘેર પાણી પૂરું પાડવા માટે શું આયોજન કરવામાં આવેલ છે ?

(૪)  જ્યાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીનું નેટવર્ક નાખવામાં આવેલ છે ત્યાં વસવાટો દ્વારા જરૂરી ચાર્જિસ ભર્યેથી કનેક્શન આપવાની કામગીરી હાલમાં ચાલુ છે.

સરકારી જગ્યામાં ગેરકાયદેસર રીતે વસવાટો બનેલ છે ત્યાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીનું નેટવર્ક નાખવામાં આવતું નથી.

ખાનગી જગ્યામાં આવેલ વસવાટોમાં તેમના દ્વારા સ્વખર્ચે અથવા સરકારશ્રીની ચાલુ યોજના અંતર્ગત પાણીની પાઈપલાઈન નાખવામાં આવ્યેથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીના કનેક્શન આપવામાં આવશે.

જી.આઈ.ડી.સી. તથા અન્ય ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીનું નેટવર્ક નાખવામાં આવતું નથી.

---------

**એ.ટી.એસ. અમદાવાદ દ્વારા ડ્રગ્સ પકડવા બાબત**

૪૫૦૩૬ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એ.ટી.એસ. અમદાવાદ દ્વારા ડ્રગ્સ પકડવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા પ્રકારનો કેટલો ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૨)

| | **જથ્થો** |
|---|---|
| હેરોઈન | ૨૯૦.૬૪૧ કિ.ગ્રા. |
| મેથાએમ્ફેટામાઈન | ૬૫૫.૬૨૧ ગ્રામ |
| મેફેડ્રોન | ૧૪૭.૬૫૨ ગ્રામ |
| અફીણ | ૪૮૮.૪૮૧ ગ્રામ |
| ગાંજો | ૨૬૯૦ ગ્રામ |

(૩) તેમાં સંડોવાયેલા કેટલા ગુનેગારોને ઉક્ત વર્ષવાર પકડવામાં આવ્યા ?

(૩)

| **વર્ષ** | **પકડવામાં આવેલ ગુનેગાર** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૧૭ |
| તા.૦૧-૦૧-૨૦૨૧થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૪૩ |

---------

## જૂનાગઢ ગિરનાર આરોહણ અવરોહણની સ્પર્ધા

૪૩૮૭૦ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) જૂનાગઢ ગિરનાર આરોહણ અવરોહણની સ્પર્ધા ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦માં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી હતી,

(૧)

| **વર્ષ** | **બજેટ જોગવાઈ** |
|---|---|
| ૨૦૧૮-૧૯ | રૂ. ૪૩.૭૧ લાખ |
| ૨૦૧૯-૨૦ | રૂ. ૪૪.૩૧ લાખ |

(૨) તેમાં તા.૩૧-૧૨-૨૦૨૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૨)

| **વર્ષ** | **કરેલ ખર્ચ** |
|---|---|
| ૨૦૧૮-૧૯ | રૂ. ૪૩.૧૪ લાખ |
| ૨૦૧૯-૨૦ | રૂ. ૪૨.૨૧ લાખ |

(૩) ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં કેટલા જિલ્લાઓએ ભાગ લીધો ?

(૩) રાજ્યકક્ષા ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ૨૦૧૮-૧૯માં ૨૦ જિલ્લાઓ તથા ૨૦૧૯-૨૦માં ૨૨ જિલ્લાઓએ ભાગ લીધો.

---------

## સુરત જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી અંતર્ગત મંજૂર અરજીઓ

૪૩૫૭૫ **શ્રી વિવેકભાઈ પટેલ** (ઉધના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી-૨૦૧૨ હેઠળ સુરત જિલ્લામાં ટેક્ષટાઈલ ક્ષેત્રની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૧૬ અરજીઓ.

(૨) ઉક્ત સ્થિતિએ આ એકમોમાં કેટલું મૂડીરોકાણ કરવામાં આવેલ છે ?

(૨) રૂ. ૪૬૩૦૮.૭૧ લાખ.

---------

## અમદાવાદ તથા રાજકોટ શહેર / જિલ્લામાંથી પકડાયેલ જૂની ચલણી નોટો

૪૪૯૧૭ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને રાજકોટ શહેર/જિલ્લામાંથી જૂની ૫૦૦ અને ૧૦૦૦ની કેટલી ચલણી નોટો પોલીસ દ્વારા પકડવામાં આવી,

(૧) પત્રક-અ મુજબ.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમો પકડાયા અને કેટલા ઈસમોને પકડવાના બાકી છે, અને

(૨) પત્રક-અ મુજબ.

(૩) બાકી ઈસમોને પકડવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

| શહેર / જિલ્લાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | | | | |
|---|---|---|---|---|---|
| | પકડાયેલ જૂની ૫૦૦ની ચલણી નોટોની સંખ્યા | પકડાયેલ જૂની ૧૦૦૦ની ચલણી નોટોની સંખ્યા | સંડોવાયેલ આરોપીની સંખ્યા | પકડાયેલ આરોપીની સંખ્યા | પકડવાના બાકી આરોપીની સંખ્યા |
| અમદાવાદ શહેર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| રાજકોટ શહેર | ૭૩૧૭ | ૩૮ | ૫ | ૫ | ૦ |
| રાજકોટ ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **તા.૦૧-૦૧-૨૦૨૧થી તા.૩૧-૧૨-૨૦૨૧ સુધી** | | | | | |
| અમદાવાદ શહેર | ૨૦૦ | ૦ | ૨ | ૨ | ૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| રાજકોટ શહેર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| રાજકોટ ગ્રામ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

- - - - - - - - -

### સુરત અને રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે સહાય

૪૩૮૫૯ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગતના એફોર્ડેબલ હાઉસીંગ ઇન પાર્ટનરશીપ (AHP) ઘટક હેઠળ કુલ કેટલી સહાય આપવામાં આવે છે, અને

(૧)

| રાજ્ય સહાય પ્રતિ આવાસ (રૂપિયા) | કેન્દ્ર સહાય પ્રતિ આવાસ (રૂપિયા) | કુલ સહાય પ્રતિ આવાસ (રૂપિયા) |
|---|---|---|
| ૧.૫૦ લાખ | ૧.૫૦ લાખ | ૩.૦૦ લાખ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને રાજકોટ મહાનગરપાલિકામાં કેટલા આવાસો મંજૂર કરાવવામાં આવેલ છે ?

(૨)

| મહાનગરપાલિકા | છેલ્લા બે વર્ષમાં મંજૂર કરાવવામાં આવેલ આવાસો |
|---|---|
| સુરત | ૨૭૯૧ |
| રાજકોટ | ૦૦ |

- - - - - - - - -

### નર્મદા પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની કોન્ટ્રાક્ટ / આઉટસોર્સીંગથી ભરતી

૪૪૯૯૧ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/ આઉટસોર્સીંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/ આઉટસોર્સીંગથી કરવામાં આવી, અને

(૨) સ.સ.ન.નિ.લિ., હેઠળ કોન્ટ્રાક્ટથી કુલ-૩૯ અધિકારી / કર્મચારીઓ ફરજો બજાવે છે જ્યારે આઉટસોર્સીંગથી નિગમ હેઠળ કુલ-૧૦૪૭ જગ્યાઓની મંજૂરી નાણા વિભાગ પાસેથી મળેલ છે જેની મર્યાદામાં નિયત એજન્સી મારફતે મેનપાવર મેળવવામાં આવેલ.

(૩) કોન્ટ્રાક્ટ/ આઉટસોર્સીંગથી ભરતી કરવાના કારણો શાં છે ?

(૩) સ.સ.ન.નિ.લિ., ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ છે. જેથી નિગમને ભરતી કરવાની કોઈ સત્તા

ન હોઈ, નિગમ હેઠળ મોટા ભાગની જગ્યાઓ ખાલી છે. સ.સ.ન.નિ.લિ. હેઠળની અગત્યની કામગીરી સ્ટાફના અભાવે ખોરંભે ન ચડે તે હેતુથી એક્ષપર્ટ/અનુભવી અધિકારીની સેવાઓ કોન્ટ્રાક્ટથી લેવામાં આવે છે. તદ્ઉપરાંત કચેરીની રોજબરોજની કામગીરીને સમયમર્યાદામાં પરિપૂર્ણ કરવા વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓમાં ટેન્ડર પ્રક્રિયા કરી મંજૂર થયેલ એજન્સી મારફત આઉટસોર્સીંગથી મેનપાવરની સેવાઓ લેવામાં આવે છે.

---------

**ગાંધીનગર શહેરમાં પૂર્વ મંત્રીશ્રીઓને ''ક'' ટાઈપના બંગલા ફાળવવા બાબત**

૪૫૦૦૩ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર શહેરમાં ''ક'' ટાઈપના કેટલા બંગલાઓ પૂર્વ મંત્રીશ્રીઓને ફાળવવામાં આવ્યાં, | (૧) ૫ (પાંચ). |
| (૨) ઉક્ત બંગલાઓ ફાળવણી અન્વયે કયા દર વસૂલવાના થાય છે, | (૨) આર્થિક ભાડાનો દર. |
| (૩) ઉક્ત સ્થિતિએ કોની પાસેથી કેટલી રકમ ક્યારથી વસૂલવાની બાકી છે, અને<br>(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યાં ? | (૩) અને (૪) ઉક્ત સ્થિતિએ બાકી રકમ ભરપાઈ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને લાભ**

૪૩૮૪૦ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૪,૪૦૩ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૨૩૩૯ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૨૦૬૪ |
| **કુલ** | **૪૪૦૩** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં કુલ ૫,૦૯૧ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૨૭૧૦ |

| | |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૨૩૮૧ |
| **કુલ** | **૫૦૯૧** |

---------

**અમરેલી જિલ્લામાં એગ્રોહ ઈન્ફ્રા. પ્રા. લિ. કંપની દ્વારા ખનિજની ચોરી**

૪૪૯૭૯ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૭-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૪૪૮૭ (અગ્રતા-૧૦૦)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં એગ્રોહ ઈન્ફ્રા. પ્રા. લિ. કંપની દ્વારા ખનન/વહન પ્રકારની ૨૧,૭૨૭ મે. ટન જથ્થાની ખનિજ ચોરી સામે રૂ. ૫૭.૬૬ લાખની રકમ વસૂલ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવામાં આવી છે, | (૧) અમરેલી જિલ્લામાં એગ્રોહ ઈન્ફ્રા. પ્રા. લિ. કંપની દ્વારા ખનન/વહન પ્રકારની ૨૧,૭૨૭ મે. ટન જથ્થાની ખનિજ ચોરી સામે રૂ.૫૭.૬૬/- લાખની રકમ વસૂલ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ. ૪.૭૯/- લાખની વસૂલાત કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ રૂ. ૫૨.૮૭/- લાખની રકમ વસૂલ કરવાની બાકી છે. |
| (૩) ઉક્ત બાકી રકમ વસૂલવા શાં પગલાં લીધાં ? | (૩) ૨૧,૭૨૭ મે. ટન જથ્થાની ખનિજ ચોરી સબબ એગ્રોહ ઈન્ફ્રા.પ્રા. લિ. કંપની વિરુદ્ધ તા.૨૪-૦૯-૨૦૨૦થી નાગેશ્રી પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ફરિયાદ નં. ૧૧૧૯૩૦૪૦૨૦૦૬૬ દાખલ કરવામાં આવેલ છે. સદરહું ફરિયાદમાં કસૂરદાર વિરુદ્ધ ચાર્જશીટ નં.૨૬૭/૨૦૨૦ તા.૨૯-૧૨-૨૦૨૦થી દાખલ કરવામાં આવેલ છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને લાભ**

૪૩૮૩૫ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૪,૪૩૨ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૧૭૩૪ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૨૬૯૮ |
| **કુલ** | **૪૪૩૨** |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૭,૬૨૯ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી | ૩૦૮૪ |

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૨૦ | |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૪૫૪૫ |
| **કુલ** | **૭૬૨૯** |

---------

**ધોલેરા તાલુકામાં કાર્ગો એરપોર્ટની કામગીરી**

૪૩૩૨૪ **શ્રી રાજેશકુમાર ગોહિલ (ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ધોલેરા તાલુકાના નવાગામ ખાતે કાર્ગો એરપોર્ટ બનાવવાની કામગીરી પ્રાથમિક અંદાજ મુજબ રૂ.૨૭૭૨/- કરોડના ખર્ચે વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે તે હકીકત સાચી છે, | (૧) પ્રોજેક્ટનો સુધારેલ અંદાજિત ખર્ચ રૂ.૧૩૦૫ કરોડ છે. કામગીરીનો નિયત સમયગાળો એવોર્ડની તારીખથી ચાર વર્ષનો છે. |
| (૨) જો હા, તો ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) તબક્કા-૧ના કામ માટે ટેન્ડર ખોલવામાં આવ્યું છે અને એલ-૧ બિડરની ઓળખ કરવામાં આવી છે, ભારત સરકારની આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA) ની મંજૂરી પછી તબક્કા-૧નું કામ સોંપવામાં આવશે. |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) છેલ્લા બે વર્ષનો ખર્ચ નીચે મુજબ છે. |

| ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ |
|---|---|
| રૂ.૨,૧૭,૪૧,૨૮૪/- | રૂ.૨,૮૭,૨૭,૨૩૭/- |

ઉપરોક્ત ખર્ચ રૂ.૧૩૦૫ કરોડના પ્રોજેક્ટ ખર્ચનો ભાગ નથી.

---------

**સુરત જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ**

૪૩૮૫૫ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં MSME (માઇક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઈઝ) એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૩,૦૨૩ અરજીઓ. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૨૦,૯૨૬ એકમોને રૂ.૪૮૨૪૫.૨૦ લાખની સહાય. |

---------

**રાજ્યમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી માટે ફાળવેલ જમીન**

૪૩૮૭૩ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) **: માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સ્થાપવામાં આવેલ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી માટે સરકાર દ્વારા કોઈ જમીન ફાળવવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) ના. |
| (૨) જો હા, તો આ જમીન ક્યા સ્થળે અને કેટલી ફાળવવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં વાહનોના હીટ એન્ડ રનના બનાવો**

૪૪૯૨૯ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં વાહનો દ્વારા હીટ એન્ડ રનના કેટલા કિસ્સા નોંધાયા,

(૧)

| **તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦** | |
|---|---|
| **શહેર/જિલ્લો** | **કિસ્સાની સંખ્યા** |
| અમદાવાદ શહેર | ૧૦૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૪૭ |
| **તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧** | |
| **શહેર/જિલ્લો** | **કિસ્સાની સંખ્યા** |
| અમદાવાદ શહેર | ૧૦૪ |
| અમદાવાદ ગ્રામ્ય | ૫૯ |

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલા લોકોના મૃત્યુ થયા,

(૨)

| **તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦** | |
|---|---|
| **શહેર/જિલ્લો** | **મૃત્યુની સંખ્યા** |
| અમદાવાદ શહેર | ૫૬ |
| અમદાવાદ ગ્રામ્ય | ૪૪ |
| **તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧** | |
| **શહેર/જિલ્લો** | **મૃત્યુની સંખ્યા** |
| અમદાવાદ શહેર | ૫૪ |
| અમદાવાદ ગ્રામ્ય | ૫૫ |

(૩) કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી, અને

(૩) એકપણ નહીં.

(૪) કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યાં ?

(૪) એકપણ નહીં.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલોની પાઈપલાઈનના કામમાં ગેરરીતિ**

૪૪૯૪૬ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૧૦-૧૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૧૦૬(અગ્રતા-૧૭૯)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલોની પાઈપલાઈનો નાંખ્યા વગર બિલો ઉધારી અંદાજિત રૂ.૮૩.૬૩ કરોડની ગેરરીતિ ધ્યાન પર આવેલ અને વધુ વિગતો ફોરેંસિક ચકાસણી પૂર્ણ થયેથી માલૂમ પડવાની હતી તો આ ચકાસણી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ફોરેન્સીક ઓડિટની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૨) ઉક્ત ચકાસણી પૂર્ણ થયેલ હોઈ તો કુલ કેટલી રકમની ગેરરીતિ સામે આવી, અને

(૨) ઉક્ત ચકાસણી પૂર્ણ થયેલ છે અને કુલ ૧૨૮.૪૮ કરોડ રૂપિયાની ગેરરીતિ ધ્યાને આવેલ છે.

(૩) તે અન્વયે કઈ એજન્સીને બ્લેકલીસ્ટ કરવામાં આવી અને કઈ એજન્સીની માન્યતા રદ કરવામાં આવી ?

(૩) સદર પ્રકરણના અનુસંધાને સરદાર સરોવર નર્મદા નિગમ લિ. દ્વારા ૧૦ (દસ) એજન્સીને ડીબાર અને ૩ (ત્રણ) પાઈપ ઉત્પાદકોની માન્યતા રદ કરવાનો હુકમ કરેલ છે. જેની સામે ૪ (ચાર) એજન્સીના ૫ (પાંચ) દાવા અરજી નામદાર હાઈકોર્ટ સમક્ષ પડતર છે અને નામદાર હાઈકોર્ટનો મનાઈ
હુકમ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં મલ્ટીસ્ટેટ કો.ઓ.સો. બેન્ક સામે છેતરપીંડીની ફરિયાદ**

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

૪૪૮૮૬ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૦-૦૨-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૧૪૯ (અગ્રતા-૧૩૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં મલ્ટીસ્ટેટ કો.ઓ.સો. બેન્ક દ્વારા નાગરિકોને ઊંચા દરે વ્યાજ આપવાની લાલચ આપી ગેરરીતિઓ કરવા અંગેની અર્બન ખેતેશ્વર કો.ઓપરેટીવ સોસાયટી, પાલનપુર સામે છેતરપીંડીની ૭ ફરિયાદો મળેલ તેમાં ગુનાઓ દાખલ કરેલ તેની તપાસ ચાલુ હતી તે તપાસ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત તપાસમાં કેટલા ગુનેગારો હોવાનું સામે આવ્યું,

(૩) ઉક્ત ગુનેગારો સામે શાં પગલાં લીધાં, અને

(૪) આવા ગુનાઓ અટકાવવા માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તમામ ૦૭ (સાત) ગુનામાં પકડાયેલ ૧૫ (પંદર) આરોપીઓ વિરુદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. તેમજ નાસતા ફરતા અને પકડવાના બાકી ૧૫ (પંદર) આરોપી વિરુદ્ધ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૭૦ મુજબ વોરંટ મેળવવા નામ.કોર્ટમાં અહેવાલ કરવામાં આવેલ છે.

(૨) ૩૦ (ત્રીસ).

(૩) ૧૫ (પંદર) આરોપીઓ વિરુદ્ધ સક્ષમ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૪) આવા ગુનાઓ બનતા અટકાવવા સારૂ લોભામણી જાહેરાતોથી છેતરપીંડી ન થાય તે સારૂ જનજાગૃતિ કાર્યક્રમો રાખવામાં આવે છે તેમજ પર્યાપ્ત તકેદારી રાખવા સંબંધિત સર્વેને સૂચના આપવામાં આવેલ છે.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને લાભ**

૪૩૮૩૨ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૬,૫૦૩ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૨૦૩૨ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૪૪૭૧ |
| **કુલ** | **૬૫૦૩** |

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૧૧,૪૨૦ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૩૭૬૪ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૭૬૫૬ |
| **કુલ** | **૧૧૪૨૦** |

---------

અતારાંકિત પ્રશ્નો

**સરદાર સરોવર બંધની સલામતી માટે લીધેલ પગલાં**

૪૩૮૬૬ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સરદાર સરોવર ડેમની સલામતી માટે શાં પગલાં લીધેલાં છે ? | ડેમની સ્ટ્રક્ચરલ સલામતી માટે ડેમ સેફ્ટી રિવ્યુ પેનલની રચના કરી, પેનલની ભલામણ મુજબ વિવિધ પગલાં લેવામાં આવેલ છે. જેવા કે ડેમ બોડીના ડ્રેનેજ હોલનું ડ્રીલીંગ, જૂના ઈન્સ્ટ્રુમેન્ટ કાર્યરત કર્યા, જરૂરિયાત મુજબ નવા ઈન્સ્ટ્રુમેન્ટ મૂક્યા, ડેમ ઉપરવાસની સપાટીને ટ્રીટમેન્ટ કરી, ડેમની ઉપરવાસની સપાટીની ચકાસણી માટે અન્ડર વોટર વિડીયોગ્રાફી કરી, વગેરે.<br>જ્યારે ડેમની બાહ્ય સુરક્ષા માટે વિવિધ પગલાં લેવામાં આવ્યાં છે જેવા કે, રાજ્ય અનામત સુરક્ષા દળ તહેનાત કરવામાં આવેલ છે. જરૂરી વોચ ટાવર ઊભા કરવામાં આવેલ છે, ડેમને જોડતા રસ્તા પર પક્કા મોરચા ઊભા કરવામાં આવેલ છે તેમજ ચેકિંગ માટે જરૂરી સાધનો આપવામાં આવેલ છે. જળાશયમાં પેટ્રોલિંગ માટે સુરક્ષા બોટ મૂકવામાં આવેલ છે અને ડેમ વિસ્તારમાં CCTV લગાડવામાં આવેલ છે. |

- - - - - - - - -

**સુરત શહેરમાં ગૌવંશ-ભેંસ વર્ગના ગેરકાનૂની કતલખાના**

૪૫૦૨૭ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં સભાગૃહમાં તા.૨૨-૦૭-૨૦૧૯ના રોજ દસમી અતારાંકિત યાદીમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૫૭૧૦ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત શહેરમાં ગૌવંશ-ભેંસ વર્ગના કુલ-૧૨ કતલખાના તા.૦૧-૦૩-૨૦૧૭ થી તા.૨૮-૦૨-૨૦૧૯ વચ્ચે ગેરકાનૂની ચાલતા જોવા મળ્યા હતા તે હકીકત સાચી છે, | (૧) હા,જી. |
| (૨) જો હા તો, ઉપરોક્ત ૧૨ ગેરકાનૂની કતલખાનાવાર ક્યા વર્ગના કેટલા પ્રાણીઓની કતલ થયાનું સામે આવેલ છે, | (૨) પત્રક-અ મુજબ. |
| (૩) ઉક્ત ૧૨ ગેરકાયદેસર કતલખાના પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા કતલખાના ચાલી રહ્યા છે, અને | (૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આવી કોઈ પ્રવૃત્તિ ચાલુ નથી. |
| (૪) ઉક્ત તમામ કતલખાનાઓને બંધ કરી તેના માલિકો સામે શી કાર્યવાહી કરવામાં આવી છે ? | (૪) આરોપીઓ સામે ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

**પત્રક-અ**

| અ.નં. | ગૌવંશ વર્ગના ગેરકાનૂની કતલખાનાની વિગત | ગૌવંશના કતલ થયેલ પ્રાણીઓની સંખ્યા | ભેંસ વર્ગના કતલ થયેલ પ્રાણીઓની સંખ્યા |
| --- | --- | --- | --- |
| ૧ | ભરીમાતા રોડ રીવર વ્યુ સોસાયટી, નુરૂદ્દીનની દુકાન | ૩૦ કિ.ગ્રા. ગૌમાંસ | ૦ |
| ૨ | સૈયદપૂરા શાકમાર્કેટ, ફઝલ કોમ્પ્લેક્ષ સામે, ફુટપાથ પર ખુલ્લી જગ્યા | ૧૪ કિ.ગ્રા. ગૌમાંસ | ૦ |
| ૩ | રાંદેર કુરેશી સ્ટ્રીટ પાજની ગરવાડ જાહેરમાં. | ૦૫ કિ.ગ્રા. ગૌમાંસ | ૦ |
| ૪ | રાંદેર નાના બજાર નગજાના સ્ટ્રીટઘરનં.૦૬/૨૦૨૦ | ૫૦ કિ.ગ્રા. ગૌમાંસ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૫ | લિમ્બાયત રતનજીનગર પ્લોટ નં.૧૬૯ | ૬૨૫ કિ.ગ્રા. ગૌમાંસ | ૦ |
| ૬ | નાનાપૂરા હબીબશા મહોલ્લો બડી મસ્જીદ પાસે ઘર નં.૧/૧૬૯૬ | ૭૦ કિ.ગ્રા. ગૌમાંસ | ૦ |
| ૭ | સોદાગરવાડ ચુડગર નગર | ૧૬ કિ.ગ્રા. ગૌમાંસ | ૦ |
| ૮ | લિમ્બાયત મીઠીખાડી પુલ પાસે | ૩૫૦ કિ.ગ્રા. ગૌમાંસ | ૦ |
| ૯ | ભાઠેના રઝાનગર-૧ ઘર નં. ૬૨૪ પ્લોટ નં.૮૮૧, સલાબતપૂરા | ૪૫૦ કિ.ગ્રા. ગૌમાંસ | ૦ |
| ૧૦ | નવસારી બજાર મટન માર્કેટ | ૨૬૦ કિ.ગ્રા. ગૌમાંસ | ૦ |
| ૧૧ | ઘર નં.૫૬ ચીમની ટેકરા જૂના ડેપો | ૪૪૦ કિ.ગ્રા. ગૌમાંસ | ૦ |
| ૧૨ | સલાબતપૂરા ભાઠેના નહેર પાસે રઝાનગર | ૯૯૫ કિ.ગ્રા. ગૌમાંસ | ૦ |

---------

**સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા રમતગમતોના સંકુલોનું બાંધકામ**

૪૫૦૩૦ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૦-૦૩-૨૦૨૧(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૩૫૮૫ (અગ્રતા-૨૦)ના અનુસંધાને **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્પોર્ટ્ સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા તાપી જિલ્લામાં વ્યારા ખાતે રૂ.૫૦૦.૦૦ લાખના ખર્ચે રમતગમત સંકુલ બાંધવાનું આયોજન કરેલ તે સંકુલ બાંધવાની કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) તાપી જિલ્લામાં વ્યારા ખાતે રૂ.૫૦૦.૦૦ લાખના ખર્ચે રમત સંકુલ બાંધવાની કામગીરી બાબતે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગ્રાઉન્ડ ફ્લોર લેવલ સુધી કામગીરી થયેલ છે. બાકી રહેતી કામગીરી જેવી કે ટાઈ બીમ, ચણતર, પ્લાસ્ટર, રૂફ, ફલોરિંગ, ઈલેક્ટ્રીકલ અને કલરકામની કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |
| (૨) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) ઉક્ત કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |
| (૩) ઉક્ત રમતગમત સંકુલ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવનાર છે ? | (૩) આ ઉક્ત રમતગમત સંકુલની બધી જ કામગીરી પૂર્ણ થયા બાદ બનતી ત્વરાએ કાર્યરત કરવામાં આવશે. |

---------

**ટ્રક એસોસીયેશન તરફથી મળેલ ફરિયાદો**

૪૫૦૨૪ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા છ માસમાં ભરૂચ જિલ્લામાંથી કપાસ ભરીને મહેસાણા જિલ્લામાં ઉતારવાના બદલે ભાવનગર જિલ્લામાં સસ્તા ભાવે ટ્રક માલિકો દ્વારા વેચી મારવા અંગેની ટ્રક એસોસીયેશન તરફથી સરકારને કેટલી ફરિયાદો મળી, | (૧) ૦૧ |
| (૨) મળેલ ફરિયાદો અંગે શી કાર્યવાહી કરી, | (૨) ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૩) જો કાર્યવાહી ન કરી હોય તો તેના કારણો શા છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ક્યાં સુધીમાં કાર્યવાહી કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ઉદ્યોગ પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

૪૪૯૬૭ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) ઉદ્યોગ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

(૧)

| વર્ષ | બજેટ જોગવાઇ |
|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ. ૫૩૩૧૧૨.૫૮ લાખ |
| ૨૦૨૦-૨૧ | રૂ. ૬૩૭૯૩૦.૨૯ લાખ |

(૨)

| વર્ષ | ફાળવવામાં આવેલ રકમ |
|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ. ૫૩૩૧૧૨.૫૮ લાખ |
| ૨૦૨૦-૨૧ | રૂ. ૬૩૭૯૩૦.૨૯ લાખ |

(૩)

| વર્ષ | ખર્ચ | બચત |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ. ૪૬૭૬૪૬.૪૭ લાખ | રૂ. ૬૫૪૬૬.૧૧ લાખ |
| ૨૦૨૦-૨૧ | રૂ. ૫૬૮૯૬૫.૦૧ લાખ | રૂ. ૬૮૯૬૫.૨૮ લાખ |

**વર્ષ ૨૦૧૯-૨૦માં વણવપરાયેલ રકમના કારણોઃ**

- ખાલી જગ્યાઓ ન ભરાવાથી અને કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર ન થવાથી.
- લોકડાઉન લાગવાથી બિલો જિલ્લા ટ્રેઝરીમાં સમયસર રજૂ ન થઇ શકવાના કારણે.
- કર્મચારીઓને મોંઘવારી ભથ્થાના તફાવતની ચૂકવણી ન થવાથી.
- વિવિધ યોજનાઓ અન્વયે પૂરતા દાવા ન મળેલ હોવાથી.
- જીઆઇએસ પ્રોજેક્ટમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ ન થવાથી.
- ચેકપોસ્ટ માટે જમીનની ફાળવણી ન થતાં.
- ઓક્શનમાં બ્લોક્સ જે સ્ટેજ પૂર્ણ થયેલ ન હતા તથા ટ્રાન્ઝેક્શન એડવાઇઝર દ્વારા બિલ રજૂ ન કરાતા.
- ડી.જી.પી.એસ (Differential Global Positioning System) સર્વેના તથા સંશોધનના બિલ જમા ન કરાવેલ હોવાથી.
- GGCMP Project (Gujarat Geo-Chemical Mapping Project) ની કામગીરી પૂર્ણ થયેલ હોવાથી.
- ગુજરાતમાં દુર્લભ ભૂમી ખનિજો અને કુલ હેવી ખનિજોનું સંશોધન યોજનામાં GeM હેઠળ કોઇ એજન્સી રજીસ્ટર થયેલ ન હોવાથી.
- ખનિજ પ્રયોગશાળાની ખાલી જગ્યાઓ ન ભરાવાને કારણે.
- તા.૨૪-૦૯-૨૦૧૯ના માન. NGT (નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ)ના આદેશ અનુસાર Miscellaneous એપ્લીકેશન સુનાવણી માટે પડતર હોવાથી.
- લેબોરેટરીમાં આધુનિક સાધનોની ખરીદી ન થવાના કારણે.

**વર્ષ ૨૦૨૦-૨૧માં વણવપરાયેલ રકમના કારણોઃ**

- ખાલી જગ્યાઓ ન ભરાવાથી અને કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર ન થવાથી.

- કોરોનાના કારણે સરકારશ્રી દ્વારા મોંઘવારી ભથ્થું સ્થગિત રાખવાના કારણે.
- કોવિડ-૧૯ની મહામારી હોવાના કારણે કોવિડની વિવિધ ગાઇડલાઇનના પાલનના પરિણામે લાભાર્થી એકમો તરફથી અરજીઓ પુરતા પ્રમાણમાં ન મળવાથી.
- વિવિધ યોજનાઓ અન્વયે પૂરતા દાવા ન મળેલ હોવાથી.
- કોરોનાના કારણે અમુક પ્રોજેક્ટ ભૌતિક રીતે શરૂ ન થઇ શકવાના કારણે.
- કોવિડ-૧૯ના કારણે સ્ટોન માર્ટ મેળાનું આયોજન ન થવાથી.
- મેજરમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ કમ સ્કેનરમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ ન થવાથી.
- કોવિડ-૧૯ તથા સ્ટોન આર્ટીજન પાર્કમાં નવીનીકરણનું કામ ચાલુ હોવાથી તાલીમ શરૂ ન થવાના કારણે.
- કોવિડ-૧૯ ના કારણે તથા સપ્ટેમ્બર-૨૦૨૦ સુધી વરસાદની સીઝન હોવાથી ડ્રીલીંગની કામગીરી ન થવાને કારણે
- REE (રેર અર્થે એલીમેન્ટ) અને THM (ટોટલ હેવી મિનરલ) માં શારકામની દરખાસ્તની પ્રક્રિયા GSI અને AMDના સંકલનમાં રહીને કરવાની રહેતી હોવાના કારણે.
- નાણાં વિભાગના તા.૦૬-૦૬-૨૦૨૦ના ઠરાવમાં જણાવ્યા મુજબ નવા સાધનો ખરીદવા નહીં જેના કારણે સાધનોની ખરીદી ન થવાથી.
- ખનિજ પ્રયોગશાળાની ખાલી જગ્યાઓ ન ભરાવાને કારણે.

---------

**દાહોદ જિલ્લામાં કાર્યરત જી.આઇ.ડી.સી.**

૪૫૦૧૫ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કઇ જી.આઇ.ડી.સી. કાર્યરત છે,

(૨) ગરબાડા તાલુકામાં નવીન જી.આઇ.ડી.સી. બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) ક્યાં સુધીમાં ઉક્ત નવીન જી.આઇ.ડી.સી. કાર્યરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | કાર્યરત જી.આઇ.ડી.સી.ની સંખ્યા |
|---|---|---|
| દાહોદ | દાહોદ | ૦૩ |

(૨) હાલ જી.આઇ.ડી.સી. બનાવવાનું કોઇ આયોજન નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમરેલી જિલ્લામાં એફએસઆરયુ પ્રોજેક્ટ**

૪૪૯૮૨ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના જાફરાબાદ ખાતે મે. સ્વાન એલ.એન.જી.પ્રા.લિ. ને તા.૦૮-૧૨-૨૦૧૬ના રોજ

**જવાબ**

(૧) હા, જી.

એફએસઆરયુ સાથેના એલએનજી ટર્મિનલ પ્રોજેક્ટના બાંધકામની પરવાનગી આપેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત પ્રોજેક્ટનું બાંધકામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું હતું,

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટના બાંધકામની કામગીરી કયા તબક્કે છે, અને

(૪) ઉક્ત પ્રોજેક્ટનું બાંધકામ સમય-મર્યાદામાં પૂર્ણ ન થયું હોય તો શા પગલા લેવામાં આવ્યા ?

(૨) ઉક્ત પ્રોજેક્ટનું બાંધકામ ડિસેમ્બર-૨૦૧૯ સુધી પૂર્ણ કરવાનું હતું. ઉક્ત પ્રોજેક્ટના બાંધકામનો સમયગાળો તા.૩૧-૦૩-૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે.

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટના બાંધકામની કામગીરીમાં આશરે ૬૩.૮૫% પ્રગતિ થયેલ છે.

(૪) ખંડ ૨ ના જવાબની વિગતે, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર માટેની સમિતિ

૪૪૯૭૦ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય બહાર રાષ્ટ્રીય હિત માટે પોતાની જાનનું બલિદાન આપેલ હોય તેવી વ્યક્તિના પરિવારને વીર મેઘમાયા બલિદાન પુરસ્કાર આપવા માટેની રચાયેલ રાજ્યકક્ષાની પસંદગી સમિતિની બેઠકો સમયસર મળતી નથી તે હકીકત સાચી છે, | (૧) ના |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સમિતિની બેઠકો સમયસર નિયમિત મળે તે માટે શા પગલાં લેવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં એમએસએમઈ એકમોને વ્યાજ સહાય યોજના હેઠળ અરજીઓ

૪૩૮૫૪ **શ્રી બાબુભાઇ પટેલ** (દસક્રોઇ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મીડિયમ એન્ટરપ્રાઈઝ) એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૫૦૨ અરજીઓ. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૪૬૪ એકમોને રૂ.૧૮૮૦.૧૩ લાખની સહાય. |

---------

## જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં મહિલાઓ અને સગીર કન્યાઓ સામે અત્યાચારના બનાવો

૪૫૨૦૭ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર મહિલાઓ અને સગીર કન્યાઓને ભગાડી જવાના, બળાત્કાર અને સામુહિક બળાત્કારના કેટલા બનાવો નોંધાયા,

(૧) પત્રક મુજબ.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલા બનાવોમાં એફ.આઇ.આર. નોંધી પોસ્કો હેઠળ કાર્યવાહી

(૨) તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦

| જિલ્લાવાર | બનાવોની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ | ૫૬ |

કરી,

| | |
|---|---|
| ગીર સોમનાથ | ૪૦ |

તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧

| **જિલ્લાવાર** | **બનાવોની સંખ્યા** |
|---|---|
| જૂનાગઢ | ૪૯ |
| ગીર સોમનાથ | ૨૬ |

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, જિલ્લાવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલાને પકડવાના બાકી છે, અને

(૩)

| **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | | |
|---|---|---|
| **જિલ્લાવાર** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
| જૂનાગઢ | ૮૫ | ૦૮ |
| ગીર સોમનાથ | ૮૭ | ૦૧ |
| **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** | | |
| **જિલ્લાવાર** | **ધરપકડ કરી** | **ધરપકડ બાકી** |
| જૂનાગઢ | ૭૧ | ૦૩ |
| ગીર સોમનાથ | ૪૭ | ૦૩ |

(૪)બાકી આરોપીઓને પકડવા શી કાર્યવાહી કરી છે ?

(૪) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઇલ નંબર મળેલ છે તેની કોલ ડીટેઇલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

| **જિલ્લાવાર** | | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | **મહિલાઓ ભગાડી જવાના બનાવ** | **બળાત્કાર** | **રિમાર્કસ** | **સામુહિક બળાત્કાર** | **સગીર કન્યા ભગાડી જવાના બનાવ** | **બળાત્કાર** | **રિમાર્કસ** | **સામુહિક બળાત્કાર** |
| જૂનાગઢ | ૧ | ૯ | લગ્ન કરવાના ઈરાદે-૩<br>એકાંતનો લાભ લઈ-૪<br>મૈત્રી ભાવ કેળવી બળજબરી પૂર્વક-૨<br>બદનામ કરવાનાં ઈરાદે-૧<br>બળજબરી પૂર્વક-૧<br>પ્રેમ સંબંધ-૧ | ૦ | ૧૩ | ૫૨ | લગ્ન કરવાના ઈરાદે-૪૫<br>લોભ લાલચ લલચાવી ફોસલાવી-૫<br>મૈત્રી ભાવ કેળવી બળજબરી પૂર્વક-૧<br>ભાગ ખાવાની લાલચ આપી -૧ | ૦ |
| ગીર સોમનાથ | ૦ | ૧૩ | એકાંતનો લાભ લઈ-૧<br>મૈત્રી ભાવ કેળવી બળજબરી પૂર્વક-૪<br>બળજબરી પૂર્વક-૬<br>વીડિયો વાયરલ કરવાનો ડર બતાવી-૧ | ૦ | ૩ | ૩૭ | લગ્ન કરવાના ઈરાદે-૨૫<br>એકાંતનો લાભ લઈ-૨<br>લોભ લાલચ લલચાવી ફોસલાવી-૩<br>મૈત્રી ભાવ કેળવી બળજબરી પૂર્વક-૧<br>બદનામ કરવાનાં ઈરાદે-૪<br>બળજબરી પૂર્વક-૨ | ૦ |

| **જિલ્લાવાર** | | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | **મહિલાઓ ભગાડી જવાના બનાવ** | **બળાત્કાર** | **રિમાર્કસ** | **સામુહિક બળાત્કાર** | **સગીર કન્યા ભગાડી જવાના બનાવ** | **બળાત્કાર** | **રિમાર્કસ** | **સામુહિક બળાત્કાર** |
| જૂનાગઢ | ૦ | ૭ | લગ્ન કરવાના ઈરાદે-૨<br>એકાંતનો લાભ લઈ-૪<br>મૈત્રી ભાવ કેળવી બળજબરી પૂર્વક-૧ | ૦ | ૧૬ | ૪૬ | લગ્ન કરવાના ઈરાદે-૩૯<br>એકાંતનો લાભ લઈ-૩<br>લોભ લાલચ લલચાવી ફોસલાવી-૩ | ૦૧ પરિવારના સભ્યોને મારી |

| જિલ્લાવાર | મહિલાઓ ભગાડી જવાના બનાવ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | બળાત્કાર | રિમાર્કસ | સામુહિક બળાત્કાર | સગીર કન્યા ભગાડી જવાના બનાવ | બળાત્કાર | રિમાર્કસ | સામુહિક બળાત્કાર |
| | | | | | | | બળજબરી પૂર્વક-૧ | નાખવાની ધમકી આપી |
| ગીર સોમનાથ | ૦ | ૧૪ | લગ્ન કરવાના ઈરાદે-૪<br>એકાંતનો લાભ લઇ-૧<br>લોભ લાલચ લલચાવી ફોસલાવી-૧<br>મૈત્રી ભાવ કેળવી બળજબરી પૂર્વક-૩<br>બદનામ કરવાનાં ઈરાદે-૧<br>બળજબરી પૂર્વક-૩<br>મારી નાખવાની ધમકી આપી તેની ઈચ્છા વિરુદ્ધ શરીર સંબંધ બાંધી-૧ | ૦ | ૬ | ૨૦ | લગ્ન કરવાના ઈરાદે-૧૦<br>એકાંતનો લાભ લઈ-૧<br>લોભ લાલચ લલચાવી ફોસલાવી-૫<br>બદનામ કરવાનાં ઈરાદે-૩<br>બળજબરી પૂર્વક-૧ | ૦ |

- - - - - - - - -

## રાજકોટ અને વડોદરા શહેરમાં ઝોન ફેર કરવાની મંજૂરી

૪૪૯૪૯ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) અને વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા)માં સમાવેશ થતા વિસ્તારમાં કેટલી જમીનોમાં ઝોન ફેર કરવાની માંગણીઓ સરકારને મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જમીનોમાં ઝોન ફેર કરવા મંજૂરી આપવામાં આવી,

(૩) આપવામાં આવેલ મંજૂરીમાં ઉક્ત સત્તામંડળવાર કેટલી જમીન કયા ઝોનમાંથી કયા ઝોનમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવેલ,

(૪) ઉક્ત ઝોન ફેરફાર કરવાના કારણો શા છે, અને

(૫) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂરીવાર કેટલી રકમ કોની પાસેથી વસૂલવાની બાકી છે ?

**જવાબ**

(૧) રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) કુલ-૨૨ (બાવીસ)
વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) કુલ-૩ (ત્રણ)

(૨) રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) કુલ-૭ (સાત)
વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) કુલ-૧ (એક)

(૩) રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) સામેલ પત્રક ''અ'' મુજબ
વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) સામેલ પત્રક ''બ'' મુજબ

(૪) હયાત વિકાસ તથા ભવિષ્યનાં વિકાસની શક્યતાઓ ધ્યાને લઈ જાહેર હિતમાં ફેરફાર કરેલ છે.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

**રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર દ્વિતીય તથા અમલી વિકાસ યોજનામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ઝોનફેરની મંજૂરીઓની વિગત**

| અનુ નં. | ગામનું નામ | સ.નં. બ્લોક નં. | ક્ષેત્રફળ | મંજૂર વિકાસ યોજના મુજબ ઝોન | ફેરફાર થયેલ ઝોન |
|---|---|---|---|---|---|
| ૧ | હડમતીયા બેડી/રાજકોટ | ૨૩૦ પૈકી ૬ અને ૨૩૦ પૈકી ૭/ | ૩૯૦૮૧.૭૫ ચો.મી. | સૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ રૂડા ડી.પી. રીઝર્વેશન | રહેણાંક ઝોન |
| ૨ | ખીરસરા | ૪૧૨ પૈકી/ | ૮૭૧૯.૬ ચો.મી. | ગાર્ડન અને પાર્કિંગ- રૂડા ડી.પી. રીઝર્વેશન | રીઝર્વેશનનાં સ્થાનમાં ફેરફાર કરવા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ખીરસરા | સર્વે નં.૩૪૫/૧ પૈકી | ૪૧૪૭૯.૦૦ ચો.મી. | ખેતી ઝોન | ઔદ્યોગિક ઝોન |
| ૪ | મેટોડા | ૧૫ | ૪૬૦૬૭.૭૫ ચો.મી. | ખેતી ઝોન | ગામતળ એક્ટેન્શન |
| ૫ | ખીરસરા | જૂના ૪૧૨ પૈકી ૨૬ (નવા સર્વે નં.૪૩૭) | ૩૮૫૦૫.૦૦ ચો.મી. | ખેતી ઝોન | રહેણાંક ઝોન |
| ૬ | આણંદપર | ૪૪, ૫૭, ૬૦/૧ તથા માલીયાસણનાં રે.સ.નં.-૨૭ | ૩૬૩૨૨૧ ચો.મી. | રહેણાંક ઝોન | ઈન્ડસ્ટ્રીયલ ઝોન |
| ૭ | રાજકોટ | ટી. પી સ્કીમ નં. ૪, મૂળ ખંડ નં-૩૮, આખરી ખંડ નં.-૯૬૪ | ૪૫૮૧.૦૦ ચો.મી. | ઔદ્યોગિક ઝોન | રહેણાંક ઝોન |

**પત્રક-બ**

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર દ્વિતીય તથા અમલી વિકાસ યોજનામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ઝોનફેરની મંજૂરીઓની વિગત**

| અનુ. નં. | ગામનું નામ | સ.નં. બ્લોક નં. | ક્ષેત્રફળ | મંજૂર વિકાસ યોજના મુજબ ઝોન | ફેરફાર થયેલ ઝોન |
|---|---|---|---|---|---|
| ૧ | નાગરવાડા | સ.નં. ૧૦૮ | ૧૧૬૩૫ ચો.મી. | પબ્લીક ઈન્સ્ટીટ્યૂશનલ ફોર એમ.એસ.યુ. | રહેણાંક ઝોન (આર-૧) |

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૪૯૧૯ **શ્રી જસુભાઇ પટેલ** (બાયડ) **:** ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૩૧૨૪૪ (અગ્રતા-૧૬૪)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી અરવલ્લી જિલ્લામાં ૧૮૬ અને સાબરકાંઠા જિલ્લામાં ૧૧૧ ઈસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત બાકી ઈસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લો | પકડવાના બાકી ઈસમો |
|---|---|
| અરવલ્લી | ૫૮ |
| સાબરકાંઠા | ૭૩ |

(૨) પકડવાના બાકી ઈસમોને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગાસંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઇલ નંબર મળેલ છે તેની કોલ ડીટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ સંબંધી કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**વડોદરા મહાનગરપાલિકા અને વુડા દ્વારા ટાઉન પ્લાનિંગની મંજૂરી**

૪૩૮૬૯ **શ્રી શૈલેષભાઇ મહેતા** (ડભોઈ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા મહાનગરપાલિકા તથા વુડા દ્વારા કેટલી ટીપી સ્કીમોની મંજૂરી અંગેની દરખાસ્તો રાજ્ય સરકારને મળી, | (૧) ૭ (સાત) |
| (૨) તે પૈકી કેટલી ટીપી સ્કીમોને રાજ્ય સરકારે મંજૂરી આપી, અને | (૨) ૨ (બે) |

(૩) કેટલી ટીપી સ્કીમોને મંજૂરી આપવાની બાકી છે ? (૩) ૫ (પાંચ)

- - - - - - - - -

**મુલ્કી સચિવાલયમાં નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ની ખાલી જગ્યાઓ**

૪૪૯૭૬ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧(પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૩૧૩૦૧ (અગ્રતા-૧૩૧)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સચિવાલય નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ની ૬૮૧ ખાલી જગ્યાઓ હતી તે પૈકી કેટલી જગ્યાઓ બઢતીથી અને કેટલી જગ્યાઓ ભરતીથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરવામાં આવી, | (૧) સચિવાલય નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ની ૬૮૧ ખાલી જગ્યાઓ હતી તે પૈકી ૭૫-જગ્યાઓ બઢતીથી અને ૧૪૧-જગ્યાઓ સીધી ભરતીથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) ઉક્ત સ્થિતિએ કુલ-૬૦૫ જગ્યાઓ ખાલી છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ બઢતીથી ભરવાની થાય છે, અને | (૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી ૨૮૨-જગ્યાઓ બઢતીથી ભરવાની થાય છે. |
| (૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ? | (૪) નાયબ સેક્શન અધિકારી સંવર્ગમાં સીધી ભરતી સંદર્ભે ૨૫૭-ઉમેદવારોની ભલામણયાદી ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી મળેલ છે. જે ઉમેદવારોને નિમણૂક આપવા અંગેની આનુષંગિક પ્રક્રિયા હાલ ચાલુમાં છે. તેમજ બઢતીની લાયકાતો ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બઢતીના ફાળાની ખાલી જગ્યાઓ વહીવટી અનૂકૂળતા અનુસાર ભરવામાં આવશે. |

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઇલ પોલીસી અંતર્ગત ચુકવેલ સહાય**

૪૫૧૪૬ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઇલ પોલિસી-૨૦૧૨ હેઠળ ટેક્ષટાઇલ ક્ષેત્રના એકમોને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન કુલ કેટલી દાવા અરજીઓને વેટ/એસજીએસટી સહાયની ચૂકવણી કરવામાં આવી, અને | (૧) ૨૪૧ દાવા અરજીઓને. |
| (૨) ઉક્ત અરજીઓ પેટે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કુલ કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૧૮.૯૩ કરોડ. |

- - - - - - - - -

**જૂનાગઢ શહેર અને જિલ્લામાં પૂરાતત્વ સ્થળોનો વિકાસ**

૪૪૯૬૧ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ શહેર અને જિલ્લામાં ક્યા પૂરાતત્વ સ્થળોનો સમાવેશ થાય છે, | (૧) *પત્રક-અ મુજબ. |
| (૨) ઉક્ત સ્થળોના વિકાસ માટે સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ આપવામાં આવી, અને | (૨) શૂન્ય. |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલી રહી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**અરવલ્લી જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ**

૪૩૮૪૧ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ અરવલ્લી જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ અરવલ્લી જિલ્લામાં કુલ ૪,૬૨૫ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે:-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૨૬૪૫ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૧૯૮૦ |
| **કુલ** | **૪૬૨૫** |

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કુલ ૬,૦૭૨ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે :-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૩૪૨૩ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૨૬૪૯ |
| **કુલ** | **૬૦૭૨** |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને તાલીમ**

૪૩૮૬૪ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૪૧૧૧

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ**

૪૩૮૪૩ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ"

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ

સૂક્ષ્મ સિંચાઇ હેઠળ વલસાડ જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને

સિંચાઇ હેઠળ વલસાડ જિલ્લામાં કુલ ૫૭૧ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે:-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૨૭૭ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૨૯૪ |
| **કુલ** | **૫૭૧** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ ૭૪૭ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે :-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૩૫૦ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૩૯૭ |
| **કુલ** | **૭૪૭** |

---------

**અમદાવાદ શહેરમાં સ્લમ ક્લિયરન્સ એક્ટ અન્વયે મળેલ વાંધા અરજીઓ**

૪૫૨૨૬ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં રામદેવ પીરનો ટેકરો વિસ્તારમાંથી સ્લમ ક્લિયરન્સ એક્ટની કલમ ૧૧,૧૨ અને ૧૩ના હુકમ સામે સરકારને કેટલા લોકોની ન્યાયિક વાંધા અરજીઓ મળી, | (૧) એક પણ નહી. |
| (૨) મળેલ અરજીઓ અન્વયે કેટલી અરજીઓ અંગે નિર્ણય કરવામાં આવ્યો અને કેટલી અરજીઓમાં ક્યા કારણોસર નિર્ણય કરવાનો બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી અરજીઓમાં નિર્ણય કરવા શી કાર્યવાહી કરેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નર્મદા જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૪૩૮૫૨ **શ્રી શૈલેષભાઇ ભાભોર** (લીમખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને ‘સ્ટુડન્ટ પોલીસ કેડેટ’ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૨૧૫૬ |

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**વડનગર શહેરમાં લૂંટની ઘટના**

૪૪૯૧૦ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૩૦૨૭ (અગ્રતા-૨૧૨)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના વડનગર શહેરમાં તેલના વેપારીઓ પાસેથી નોંધાયેલ લૂંટની ઘટનામાં પાંચ આરોપીઓને પકડવાના બાકી હતા તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા, | (૧) શૂન્ય. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને | (૨) ૦૫ |
| (૩) ઉક્ત લૂંટની ઘટનામાં કેટલી રકમની ક્યા પ્રકારની લૂંટ થયાનું સામે આવ્યું ? | (૩) ઉક્ત ઘટનામાં હાઇ-વે પર રાત્રિના સમયે અંધારામાં રૂ. ૨,૫૦,૦૦૦/- ની લૂંટ થયાનું સામે આવેલ છે. |

- - - - - - - - -

**મહાત્મા મંદિર ખાતે સરકારી અને ખાનગી કાર્યક્રમો પેટે વસૂલવાની બાકી રકમ**

૪૪૮૮૪ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગરમાં આવેલ મહાત્મા મંદિર ખાતે કેટલા સરકારી અને ખાનગી કાર્યક્રમો થયા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યક્રમો અન્વયે કુલ કેટલી રકમ ભાડા પેટે વસૂલવામાં આવી અને કેટલી રકમ કોની પાસેથી વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ એજન્સીઓ ઉક્ત રકમો ચુકવતી ન હોઇ કોની સામે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧)

| વર્ષ | સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૧૦ | ૦૫ | ૧૫ |
| ૨૦૨૧ | ૧૩ | ૦૨ | ૧૫ |
| **કુલ** | **૨૩** | **૦૭** | **૩૦** |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ રૂ. ૯,૯૯,૫૨,૦૦૧/- રકમ વસૂલવામાં આવી અને હિન્દુસ્તાન એરોનેટિક્સ લિમિટેડ પાસેથી રૂ. ૫૦,૦૦૦/- વસૂલવાના બાકી છે.

(૩) તા. ૧૬-૧૨-૨૦૨૧ના રોજ થયેલ પ્રોગ્રામ માટે હિન્દુસ્તાન એરોનેટિક્સ લિમિટેડ જે ભારત સરકારની કંપની છે. તેની પાસે બાકી છે. બાકી રકમની વસૂલાત ચાલુ નાણાકીય વર્ષમાં થનાર હોઇ, પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ**

૪૩૮૭૬ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ'ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૧૫૦૪ |

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ**

૪૩૮૩૮ **શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ જૂનાગઢ જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ જૂનાગઢ જિલ્લામાં કુલ ૧૦,૧૧૫ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે:-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૪૧૦૩ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૬૦૧૨ |
| **કુલ** | **૧૦૧૧૫** |

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કુલ ૧૨,૩૬૪ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે:-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૫૦૩૬ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૭૩૨૮ |
| **કુલ** | **૧૨,૩૬૪** |

---------

## નર્મદા જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ

૪૩૮૪૫ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ નર્મદા જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ નર્મદા જિલ્લામાં કુલ ૧,૫૯૪ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે:-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૭૪૯ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૮૪૫ |
| **કુલ** | **૧૫૯૪** |

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કુલ ૧,૭૧૯ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે:-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|

| | |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૮૧૭ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૯૦૨ |
| **કુલ** | **૧૭૧૯** |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ**

૪૩૮૪૪ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના "પર ડ્રોપ મોર ક્રોપ" સૂક્ષ્મ સિંચાઇ હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૪,૪૩૨ ખેડૂતોએ લાભ મેળવ્યો છે. વર્ષવાર લાભાર્થી ખેડૂતોની વિગત નીચે મુજબ છે:-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ લાભ મેળવેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૧૭૩૪ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૨૬૯૮ |
| **કુલ** | **૪૪૩૨** |

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૭,૬૨૯ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષવાર આવરેલ વિસ્તારની વિગત નીચે મુજબ છે:-

| વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરેલ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૩૦૮૪ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૪૫૪૫ |
| **કુલ** | **૭૬૨૯** |

---------

**તાપી જિલ્લામાં બિન-રહેણાંકના મકાનો**

૪૩૮૮૮ **શ્રી મોહનભાઇ ઢોડિયા** (મહુવા) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં તાપી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાંકના કુલ કેટલા મકાનોના બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૨) આ બાંધકામ અંગે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૧૬

(૨) રૂ. ૬૦૯.૭૩ લાખ.

ચૈત્ર ૪, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**ભાવનગર બંદરના ઉત્તર ભાગમાં બ્રાઉન ફિલ્ડ બંદર વિકસાવવા બાબત**

૪૪૯૮૬ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર બંદરના ઉત્તર ભાગમાં બ્રાઉન ફિલ્ડ બંદર (સી.એન.જી. ટર્મિનલ અને અન્ય ટર્મિનલ) વિકસાવવા ઇરાદાપત્ર આપવામાં આવેલ છે તે હકીકત તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત ઇરાદાપત્ર કયા વિકાસકારને ક્યારે આપવામાં આવેલ છે, અને | (૨) મે. ફોરસાઇટ ગ્રુપ-ક્ન્સોર્ટિયમ દ્વારા રચેલ એસપીવી મે. ભાવનગર પોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી.ને તા.૧૫-૦૯-૨૦૨૦ ના રોજ ઇરાદાપત્ર આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત બંદર વિકસાવવાની કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ થનાર છે ? | (૩) ઉક્ત બંદર વિકસાવવાની યોજનાને પર્યાવરણીય અને સીઆરઝેડ ક્લીયરન્સ મળ્યેથી આશરે રૂ.૧૩૦૦ કરોડના ખાનગી મૂડી રોકાણના Phase-Iની કામગીરી માટે મંજૂરી આપવાની વિચારણા કરવામાં આવશે, તદનુસારની મુદત પ્રમાણે કામગીરી પૂર્ણ કરવાની રહેશે. |

- - - - - - - - -

**સરદાર સરોવર બંધની સલામતી માટે લીધેલ પગલાં**

૪૩૮૮૨ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા સરદાર સરોવર ડેમની સલામતી માટે શાં પગલાં લીધેલાં છે ? | (૧) ડેમની સ્ટ્રક્ચરલ સલામતી માટે ડેમ સેફ્ટી રિવ્યૂ પેનલની રચના કરી, પેનલની ભલામણ મુજબ વિવિધ પગલાં લેવામાં આવેલ છે જેવા કે ડેમ બોડીના ડ્રેનેજ હોલનું ડ્રીલીંગ, જૂના ઇન્સ્ટ્રુમેન્ટ કાર્યરત કર્યા, જરૂરિયાત મુજબ નવા ઇન્સ્ટ્રુમેન્ટ મૂક્યા, ડેમ ઉપરવાસની સપાટીને ટ્રીટમેન્ટ કરી, ડેમની ઉપરવાસની સપાટીની ચકાસણી માટે અન્ડર વોટર વિડીયોગ્રાફી કરી, વગેરે.<br>જ્યારે ડેમની બાહ્ય સુરક્ષા માટે વિવિધ પગલાં લેવામાં આવ્યાં છે, જેવા કે, રાજ્ય અનામત સુરક્ષા દળ તહેનાત કરવામાં આવેલ છે, જરૂરી વોચ ટાવર ઊભા કરવામાં આવેલ છે, ડેમને જોડતા રસ્તા પર પક્કા મોરચા ઊભા કરવામાં આવેલ છે તેમજ ચેકિંગ માટે જરૂરી સાધનો આપવામાં આવેલ છે. જળાશયમાં પેટ્રોલિંગ માટે સુરક્ષા બોટ મૂકવામાં આવેલ છે અને ડેમ વિસ્તારમાં CCTV લગાડવામાં આવેલ છે. |

- - - - - - - - -

**ભરૂચમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવાની કામગીરી**

૪૫૦૨૨ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૦-૦૩-૨૦૨૧(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૩૭૦૫ (અગ્રતા-૧૮)ના અનુસંધાને **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ માટે ભરૂચ જિલ્લામાં વર્ષ-૨૦૧૭માં જમીન ફાળવવામાં આવેલ હતી જે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ માટે અનુકૂળ અને પર્યાપ્ત ન હોઈ અન્ય જગ્યાએ જમીન મેળવવાની કામગીરી પ્રગતિમાં હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મોજે.કોસમડી તા.અંકલેશ્વર, જિ.ભરૂચ ખાતે જી.આઈ.ડી.સી.માં જમીન ફાળવેલ છે. |
| (૨) ઉક્ત કાર્યવાહી પૂર્ણ ન થઈ હોઈ તો તેના કારણો | (૨) ઉક્ત જમીનનો કબજો મળેલ નથી. |

શા છે, અને

(૩) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ભરૂચમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ કાર્યરત કરવામાં આવશે ?

(૩) જમીનનો કબજો મળ્યા બાદ બનતી ત્વરાએ આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

- - - - - - - - -

**અમદાવાદ શહેર અને જિલ્લામાં નાણા ઉઘરાવી જતા રહેવાની ફરિયાદો**

૪૫૫૮૭ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૨૦-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં જુદા જુદા ડ્રોની સ્કીમમાં નાણા ઉઘરાવી ફાઈનાન્સર જતા રહ્યા હોવાની કેટલી ફરિયાદો નોંધાઈ,

(૧)

| શહેર / જિલ્લો | નોંધાયેલ ફરિયાદોની સંખ્યા |
|---|---|
| અમદાવાદ શહેર | ૧ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦ |

(૨) ઉક્ત ડ્રોની સ્કીમમાં કેટલા નાગરિકોના કેટલા નાણા ઉઘરાવી ફાઈનાન્સર જતા રહ્યાનું સામે આવ્યું,

(૨) ૫૩૫ નાગરિકોના રૂ.૩,૪૫,૧૨,૦૦૦/- ઉઘરાવી ફાઈનાન્સર જતા રહ્યાનું સામે આવ્યું.

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૩)

| **શહેર / જિલ્લો** | **પકડાયેલ આરોપીની સંખ્યા** | **પકડવાના બાકી આરોપીની સંખ્યા** |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૩ | ૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦ | ૦ |

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા નાગરિકોને કેટલા નાણા પરત કરવામાં આવ્યા અને કેટલા નાણા પરત કરવાના બાકી છે ?

(૪) ૨૬ નાગરિકોના રૂ.૬૦,૦૦,૦૦૦/- પરત કરવામાં આવ્યા અને રૂ.૨,૮૫,૧૨,૦૦૦/- પરત કરવાના બાકી છે.

- - - - - - - - -

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં ખનિજ ચોરીની દંડનીય રકમ**

૪૪૯૪૫ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧(પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૨૭૫ (અગ્રતા-૨૬૦)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખનિજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી સુરેન્દ્રનગર જિલ્લામાં રૂ.૧૧૧૯૩.૨૬ લાખ અને બોટાદ જિલ્લામાં રૂ.૨૭૦.૪૯ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૧)

| **જિલ્લો** | **બાકી લેણા (રૂ.લાખમાં)** | **તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરપાઇ થયેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| સુરેન્દ્રનગર | ૧૧૧૯૩.૨૬ | ૩.૪૦ |
| બોટાદ | ૨૭૦.૪૯ | શૂન્ય |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખનિજ ચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨)

| **જિલ્લો** | **ખનિજ ચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ.લાખમાં)** |
|---|---|
| સુરેન્દ્રનગર | ૧૧૧૮૯.૮૬ |
| બોટાદ | ૨૭૦.૪૯ |

(૩) ઉક્ત રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) ઉક્ત રકમ વસૂલવા દંડકીય વસૂલાતની કારણ દર્શક નોટિસ આપેલ છે તથા દંડકીય વસૂલાતના હુકમ કરવામાં આવેલ છે. વસૂલાત હુકમ અન્વયે દંડની રકમ ન ભરપાઈ કરવાના કારણે જમીન મહેસૂલ રાહે વસૂલાત અંગેના આર.આર.સી. ઈશ્યૂ કરવામાં આવેલ છે. તેમજ પોલીસ ફરિયાદ દાખલ કરેલ છે.

અતારાંકિત પ્રશ્નો

\- - - - - - - - -

**અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી**

૪૪૯૩૬ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : તેરમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૫-૦૨-૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૭૬૨૨ (અગ્રતા-૫૯)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી અન્વયે પ્રથમ તબક્કાનું કામ સને-૨૦૧૮ સુધી પૂર્ણ કરવાનું આયોજન હતું તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) ૬.૫ કિ.મી.ના પ્રાયોરિટી રીચમાં (વસ્ત્રાલ ગામથી એપેરલ પાર્ક) કાર્યરત છે. તથા બાકી લંબાઈમાં આશરે ૮૨% કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ પ્રથમ તબક્કાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ થનાર છે અને મેટ્રો રેલ ક્યાં સુધીમાં શરૂ થશે ? | (૨) સને ૨૦૨૨માં શરૂ કરવાનું આયોજન છે. |

\- - - - - - - - -

**રાજ્યમાં રમતવીરોને પેન્શન આપવાની યોજના**

૪૪૮૯૦ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં નિવૃત્ત રમતવીરોને પેન્શન કે સહાય આપવા અંગેની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો તે અન્વયે પેન્શન કે સહાય મેળવવા અંગેની કેટલી અરજીઓ સરકારમાં પડતર છે, | (૨) શૂન્ય. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકાર દ્વારા કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ મુખ્ય કયા કારણોસર નામંજૂર કરવામાં આવી, અને | (૩) |

| | |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | કુલ-૬૬ અરજીઓ મંજૂર કરવામાં આવેલ, જ્યારે ૨૧૬ અરજીઓ સરકારશ્રીના તા.૦૨-૦૪-૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ રમત/ ૧૦૨૦૧૩/ ૧૬૨/બ અન્વયે પાત્રતા ધરાવતા ન હોવાથી નામંજૂર કરવામાં આવી. |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | શૂન્ય |

| | |
|---|---|
| (૪) ઉક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શા છે અને તેનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૪) લાગુ પડતું નથી. |

\- - - - - - - - -

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૫૦૧૯ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૩૧૩૫૪ (અગ્રતા-૨૪૨)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા | (૧) |

પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી વડોદરા શહેરમાં ૭૯, વડોદરા ગ્રામ્યમાં ૧૭૧ અને છોટાઉદેપુર જિલ્લામાં ૧૬૮ ઇસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્તશહેર/જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

| જિલ્લા | ધરપકડ કરવાની બાકી |
|---|---|
| વડોદરા શહેર | ૪૪ |
| વડોદરા ગ્રામ્ય | ૧૨૮ |
| છોટાઉદેપુર | ૭૩ |

(૨) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૨) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓના કોલ ડિટેઈલ મેળવી તપાસ તજવીજ કરાવેલ છે. સી.આર.પી.સી. મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૫૦૦૮ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૩૧૩૩૫ (અગ્રતા-૧૯૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી મહીસાગર જિલ્લામાં ૫૭ અને પંચમહાલ જિલ્લામાં ૧૧૯ ઇસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૧)

| જિલ્લા | ધરપકડ કરવાની બાકી |
|---|---|
| મહીસાગર | ૧૧ |
| પંચમહાલ | ૭૨ |

(૨) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૨) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓના કોલ ડિટેઈલ મેળવી તપાસ તજવીજ કરાવેલ છે. સી.આર.પી.સી. મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**સરકારી ઉત્સવો/કાર્યક્રમની જાહેરાત પાછળ ખર્ચ**

૪૪૮૯૩ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સરકારી ઉત્સવો અને કાર્યક્રમોની જાહેરાતો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા

(અ) સરકારી ઉત્સવોની જાહેરાતો પાછળ કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી.

(બ) સરકારી કાર્યક્રમોની જાહેરાતો પાછળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવેલ કુલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | રકમ રૂ.લાખમાં |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૪૨૯.૭૫ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૩૧૫.૦૦ |

---------

ચૈત્ર ૪, ૧૯૪૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૪૯૬૬ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૩૧૨૯૦ (અગ્રતા-૨૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી જૂનાગઢ જિલ્લામાં ૧૧૦ અને પોરબંદર જિલ્લામાં ૩૭ ઇસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લાવાર | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ધરપકડ કરવાના બાકી ઇસમોની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ | ૩૭ |
| પોરબંદર | ૧૧ |

(૨) પકડવાના બાકી ઇસમોને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઇલ નંબર મળેલ છે તેની કોલ ડિટેઇલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે.

---------

**નર્મદા પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

૪૪૯૭૪ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી ?

**જવાબ**

(૧)

| નાણાકીય વર્ષ | નર્મદા પ્રભાગની કુલ બજેટ જોગવઈ (કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૫૭૫૦.૦૦ |
| ૨૦૨૦-૨૧ | ૫૭૫૦.૦૦ |

(૨)

| નાણાકીય વર્ષ | ફાળવવામાં આવેલ રકમ (કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૪૦૦૫.૯૫ |
| ૨૦૨૦-૨૧ | ૩૦૫૪.૮૯ |

(૩)

| નાણાકીય વર્ષ | વપરાયેલ રકમ (કરોડમાં) | વણવપરાયેલ રકમ (કરોડમાં) |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૩૯૮૫.૭૮ | ૨૦.૧૭ (૦.૫%) |
| ૨૦૨૦-૨૧ | ૩૦૫૪.૭૪ | ૦.૧૫ (૦.૦૦૫%) |

**વણવપરાયેલ રકમના કારણો નીચે મુજબ છે.**

- નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ખેડૂતો તરફથી સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ સૂક્ષ્મ સિંચાઈ અપનાવવા માટેની માંગ ઓછી આવતા રૂ.૧૯.૮૦ કરોડની રકમ વણવપરાયેલ રહેલ.
- પગાર ભથ્થાની ગ્રાન્ટ ફળવાતી કચેરીઓમાં મંજૂર મહેકમ મુજબ જગ્યાઓ ન ભરાયેલ હોવાના કારણે તેમજ આકસ્મિક ખર્ચ ઓછો થવાના કારણે વર્ષ ૨૦૧૯-૨૦મા રૂ.૦.૩૭ કરોડ અને ૨૦૨૦-૨૧માં રૂ.૦.૧૫ કરોડ વણવપરાયેલ રહેલ.

---------

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૪૮૯૯ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક) ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૩૧૨૭૪ (અગ્રતા-૨૦૩)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૩૬ અને બોટાદ જિલ્લામાં ૮ ઇસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લાવાર | ધરપકડ બાકી |
|---|---|
| સુરેન્દ્રનગર | ૧૦૨ |
| બોટાદ | ૦૪ |

(૨) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડિટેઈલ મેળવી તપાસ લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે.

- - - - - - - - -

**ખેડા અને નર્મદા જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૫૦૦૧ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક) ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૩૧૩૩૦ (અગ્રતા-૨૦૬)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી ખેડા જિલ્લામાં ૩૫ અને નર્મદા જિલ્લામાં ૩૩ ઇસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લા | ધરપકડ કરવાના બાકી ઈસમોની સંખ્યા |
|---|---|
| ખેડા | ૩૦ |
| નર્મદા | ૩૩ |

(૨) પકડવાના બાકી ઇસમોને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડિટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે.

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૪૯૫૩ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૩૧૨૮૫ (અગ્રતા-૨૧)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી જામનગર જિલ્લામાં ૪૭ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૨ ઇસમોની ધરપકડ કરવાની

**જવાબ**

(૧)

| જિલ્લાવાર | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ધરપકડ કરવાના બાકી ઈસમોની |
|---|---|

બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

| | સંખ્યા |
|---|---|
| જામનગર | ૩૨ |
| દેવભૂમિ દ્વારકા | ૦૭ |

(૨) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૨) પકડવાના બાકી ઇસમોને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડિટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે.

---------

**અમદાવાદ શહેરમાં લોકડાઉન-કરફ્યુના ભંગ બદલ નોંધાયેલ ગુના**

૪૪૭૫૫ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં લોકડાઉનમાં સરકારી સૂચનાઓના ઉલ્લંઘન બદલ કેટલા વ્યક્તિઓ સામે ૧૮૮ની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) ૨૮,૩૪૯ વ્યક્તિઓ. |
| (૨) તે અન્વયે કુલ કેટલી દંડની રકમ વર્ષવાર વસૂલ કરવામાં આવી ? | (૨) ૦ (શૂન્ય). |

---------

**મીઠાના અગરની ભાડાની જમીન પર જેટી બનાવવાની મંજૂરી**

૪૪૮૮૧ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કંડલા બંદર નજીક મીઠાના અગરની ભાડાની જમીન પર દરિયાકિનારે જેટી બનાવવા સરકારે તા.૧૯-૮-૨૦૧૯ના રોજ મંજૂરી આપેલ છે તે હકીકત સાચી છે, | (૧) કંડલા બંદર નજીક મીઠી રોહર ખાતે દરિયાકિનારે જેટી બાંધકામની ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા સૈધ્ધાંતિક મંજૂરી તા.૧૯-૦૮-૨૦૧૯ના રોજ આપી છે. |
| (૨) જો હા, તો ઉક્ત જેટી બનાવવાની મંજૂરી કોને આપવામાં આવેલ છે, | (૨) ઉક્ત જેટી બનાવવા મે. આહીર સોલ્ટ એન્ડ એલાઇડ પ્રોડક્ટ પ્રા.લિ.ને મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જેટી બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૩) ઉક્ત મંજૂરીમાં મુખ્યત્વે કિનારાને લગતી ૯૪.૫૬ એકર જમીનને હેતુફેર કરવી, જમીન પોતાના નામે તબદીલ કરવાની તથા બાંધકામ મંજૂરીની તારીખથી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની શરતો રાખવામાં આવેલ. જે મે. આહીર સોલ્ટ એન્ડ એલાઇડ પ્રોડક્ટ પ્રા.લિ. દ્વારા પરિપૂર્ણ થયેલ ન હોઈ, તા.૧૯-૦૮-૨૦૧૯થી બોર્ડ દ્વારા આપેલ સૈધ્ધાંતિક મંજૂરી ગુજરાત સરકારના તા.૨૨-૦૭-૨૦૨૦ના પત્રથી હાલ પૂરતી મુલતવી રાખેલ છે. |
| (૪) ઉક્ત જેટી બનાવવાની કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે મંજૂરી આપવામાં આવેલ છે ? | (૪) તા.૧૯-૦૮-૨૦૧૯થી જેટી બનાવવા આપેલ બાંધકામ સૈધ્ધાંતિક પરવાનગીથી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની શરતે મંજૂરી આપેલ છે. |

**બનાસકાંઠા જિલ્લામાં મલ્ટીસ્ટેટ કો.ઓ.સો. બેન્ક સામે છેતરપીંડીની ફરિયાદ**

૪૪૮૯૭ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૦-૦૨-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૧૧૪૯ (અગ્રતા-૧૩૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં મલ્ટીસ્ટેટ કો.ઓ.સો. બેન્ક દ્વારા નાગરિકોને ઊંચા દરે વ્યાજ આપવાની લાલચ આપી ગેરરીતિઓ કરવા અંગેની પાવર બિલ્ડ હોમ ક્રેડિટ કો.ઓ.લિ., પાલનપુર સામે છેતરપીંડીની ૧ ફરિયાદ મળેલ તેમાં ગુનાઓ દાખલ કરેલ તેની તપાસ ચાલુ હતી તે તપાસ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૧) પકડાયેલ ૦૪ (ચાર) આરોપીઓ વિરુદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. સદરહું ગુનાની કાર્યવાહી નામ.કોર્ટમાં પેન્ડિંગ છે. તેમજ ગુનાના સહ આરોપીઓ પકડવાની તપાસ ચાલુમાં છે.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓને પકડવાના, અટક કરવાના બાકી છે,

(૨) ૦૩ (ત્રણ).

(૩) પકડાયેલા ગુનેગારો સામે શાં પગલાં લીધાં, અને

(૩) ગુનેગારો સામે ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) આવા ગુનાઓ અટકાવવા માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

(૪) આવા ગુના ન બને તે માટે જનજાગૃતિ અંગેના કાર્યક્રમો યોજવામાં આવેલ છે અને પર્યાપ્ત તકેદારી રાખવા સંબંધિત સર્વેને સૂચના આપવામાં આવેલ છે.

- - - - - - - - -

## ખેડા અને આણંદ જિલ્લામાં કેનાલોની પાઈપલાઈન નાખવામાં ગેરરીતિ

૪૫૧૭૨ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૧૦-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લાઓમાં નર્મદા કેનાલોની પાઇપલાઇન નાખવાના કામમાં ગેરરીતિ થયા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૧) તા.૧૦-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લાઓમાં નર્મદા કેનાલોની પાઇપલાઇન નાખવાના કામમાં ગેરરીતિ થયા અંગેની કોઈ ફરિયાદો મળેલ નથી.

(૨) ઉક્ત ફરિયાદો અન્વયે ગેરરીતિ આચરનાર એજન્સી ઉપર શું કાર્યવાહી કરવામાં આવી?

(૨) જવાબ (૧) વંચાણે લેતા ફરિયાદો મળેલ ન હોવાથી કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

## ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારી / અધિકારીઓને મળવાપાત્ર આવાસો

૪૪૯૦૨ **રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં સરકારી આવાસો મેળવવા કેટેગરી મુજબ કેટલી અરજીઓ પડતર છે,

(૧)

| આવાસની કક્ષા | પડતર અરજીઓ |
|---|---|
| ક | ૧૯ |
| ખ | ૧૩ |
| ગ | ૦ |
| ગ-૧ | ૧૯ |
| ઘ | ૧૪૨ |
| ઘ-૧ | ૧૪૮ |
| ચ | ૧૩૩૮ |
| ચ-૧ | ૩૭૭ |
| છ | ૮૬૪ |
| જ | ૧૩૯૭ |
| જ-૨ | ૩૭૯ |
| જ-૧ | ૨૦ |
| **કુલ સંખ્યા** | **૪૭૧૬** |

(૨) ઉક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે, અને

(૨) આવાસની ઉપલબ્ધતા મુજબ ફાળવણી થતી હોઈ પડતર રહેલ છે.

(૩) ઉક્ત કર્મચારીઓ/અધિકારીઓને ક્યાં સુધીમાં સરકારી આવાસ ફાળવવામાં આવશે ? | (૩) આવાસ ઉપલબ્ધ થયેથી.

- - - - - - - - -

**વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી ભરતી**

૪૪૯૦૫ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ શહેરી વિકાસ પ્રભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી કરવામાં આવી, અને | (૨) કોન્ટ્રાક્ટઃ - ૩૫૪<br>આઉટસોર્સીંગઃ- ૪૨૨ |
| (૩) કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી ભરતી કરવાના કારણો શાં છે ? | (૩) કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગથી ભરતી કરવાના કારણો નીચે મુજબ છેઃ-<br>(૧) સરકારશ્રીની સૂચનાનુસાર વર્ગ-૪ની જગ્યાઓ રદ કરેલ હોઈ, તે જગ્યાઓ આઉટસોર્સીંગ દ્વારા ભરવામાં આવે છે.<br>(૨) અમુક કામગીરી પ્રોજેક્ટલક્ષી હોઈ, નિયત સમયગાળા માટે કોન્ટ્રાક્ટ કે આઉટસોર્સીંગથી જગ્યાઓ ભરવામાં આવે છે. |

- - - - - - - - -

**વિશ્વામિત્રી નદીના શુદ્ધીકરણ અંતર્ગત થયેલ ખર્ચ**

૪૫૦૧૩ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા શહેરમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીના શુદ્ધીકરણ માટે કુલ કેટલી રકમનો કયા હેતુસર ખર્ચ કરવામાં આવ્યો ? | -વર્ષ-૨૦૨૦માં નદીના પટ ઉપર જંગલ કટિંગ, લેવલીંગ, કાટમાળ હટાવવાની કામગીરી વગેરેના હેતુસર કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી જ્યારે આ કામો માટે વર્ષ-૨૦૨૧માં રૂ.૧૭,૦૦,૦૦૦/- નો ખર્ચ કરવામાં આવ્યો.<br>- વર્ષ ૨૦૨૦માં નદીના વિસ્તારમાં પ્રેશરલાઈન નાખવાની કામગીરી, ડ્રેનેજ નેટવર્કની કામગીરી, STPની કામગીરી, એપીએસ અપગ્રેડેશનની કામગીરી વગેરેના હેતુસર રૂ.૧૭,૭૩,૪૩,૮૪૪/- નો ખર્ચ કરવામાં આવેલ છે અને સદર કામો માટે વર્ષ-૨૦૨૧માં રૂ.૫૩,૯૧,૦૧,૭૯૬/- નો ખર્ચ કરવામાં આવ્યો. |

- - - - - - - - -

**પાટડી નગરપાલિકામાં ખાનગી પ્લોટમાં નિયમ વિરુદ્ધ બાંધકામ**

૪૪૯૪૧ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ પાટડી નગરપાલિકાની હદ વિસ્તારમાં ખાનગી પ્લોટધારકો દ્વારા સીજીડીસીઆરના નિયમો વિરુદ્ધ બાંધકામ કરેલ હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) ૧ (એક). |

(૨) મળેલ ફરિયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ શાં પગલાં લેવામાં આવ્યાં,

(૨) સીજીડીસીઆરના રેગ્યુલેશન ૩.૧૨.૩ મુજબ નાયબ સચિવ (ન.પા.), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા તા.૦૫-૦૮-૨૦૨૧ના પત્રથી કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનને અભિપ્રાય આપેલ. પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓ, અમદાવાદ દ્વારા તા.૨૦-૦૧-૨૦૨૨ના રોજ બાંધકામ મંજૂરીના ઠરાવને મોકૂફ રાખવાનો હુકમ કરવામાં આવેલ. જે અન્વયે પાટડી નગરપાલિકા દ્વારા સંબંધિતને તા.૨૭-૦૧-૨૦૨૨ થી નોટિસ આપવામાં આવેલ છે.

(૩) કેટલી જમીન ખુલ્લી કરાવવામાં આવી અને કેટલી જમીન ખુલ્લી કરાવવાની બાકી છે, અને

(૩) તમામ જમીન ખુલ્લી કરાવવાની બાકી છે.

(૪) ઉક્ત બાકી જમીન ખુલ્લી કરાવવા અંગે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં હથિયાર પરવાના આપવા તથા રિન્યૂ કરવા બાબત**

૪૪૯૮૯ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા હથિયાર પરવાના આપેલ છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર હથિયાર પરવાના ધારકોની સંખ્યા નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **પાક રક્ષણ પરવાનાની સંખ્યા** | **સ્વરક્ષણના પરવાનાની સંખ્યા** | **કુલ** |
|---|---|---|---|
| આણંદ | ૫૭ | ૪૦૨ | ૪૫૯ |
| ઉમરેઠ | ૧૯ | ૩૫ | ૫૪ |
| બોરસદ | ૩૩ | ૭૧ | ૧૦૪ |
| આંકલાવ | ૧૨ | ૨૩ | ૩૫ |
| પેટલાદ | ૩૬ | ૪૭ | ૮૩ |
| સોજીત્રા | ૦૧ | ૩૮ | ૩૯ |
| ખંભાત | ૪૮ | ૭૬ | ૧૨૪ |
| તારાપુર | ૧૩૮ | ૨૧૪ | ૩૫૨ |
| **કુલ** | **૩૪૪** | **૯૦૬** | **૧૨૫૦** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત તાલુકાવાર તે પૈકી કેટલા હથિયાર પરવાના નવા આપવામાં આવ્યા અને કેટલા રિન્યૂ કરવામાં આવ્યા,

(૨) **પાક રક્ષણ હથિયાર પરવાના**

| **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૨૦ નવા ઇશ્યૂ પરવાના** | **વર્ષ ૨૦૨૧ નવા ઇશ્યૂ પરવાના** | **વર્ષ ૨૦૨૦ રિન્યૂ કરેલ પરવાનાની સંખ્યા** | **વર્ષ ૨૦૨૧ રિન્યૂ કરેલ પરવાનાની સંખ્યા** |
|---|---|---|---|---|
| આણંદ | ૦૧ | ૦૦ | ૦૯ | ૩૦ |
| ઉમરેઠ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૮ |
| બોરસદ | ૦૧ | ૦૧ | ૨૯ | ૧૫ |
| આંકલાવ | ૦૦ | ૦૧ | ૦૫ | ૦૬ |
| પેટલાદ | ૦૦ | ૦૦ | ૧૦ | ૦૭ |
| સોજીત્રા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ખંભાત | ૦૦ | ૦૦ | ૪૩ | ૩૮ |
| તારાપુર | ૦૦ | ૦૦ | ૧૩૮ | ૮૪ |

| કુલ | ૦૨ | ૦૨ | ૨૩૬ | ૧૮૮ |
|---|---|---|---|---|

**સ્વરક્ષણ હથિયાર પરવાના**

| ક્રમ | વર્ષ ૨૦૨૦ નવા ઇશ્યૂ પરવાના | વર્ષ ૨૦૨૧ નવા ઇશ્યૂ પરવાના | વર્ષ ૨૦૨૦ રિન્યૂ કરેલ પરવાનાની સંખ્યા | વર્ષ ૨૦૨૧ રિન્યૂ કરેલ પરવાનાની સંખ્યા |
|---|---|---|---|---|
| કુલ | ૧૨ | ૦૭ | ૨૬૭ | ૨૮૯ |

(૩) ઉક્ત સ્થિતિએ હથિયાર પરવાના રિન્યૂ ન થયેલ હોય તો તેના કારણો શું છે, અને

(૩) નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) હથિયાર પરવાના રિન્યૂ ન કરાવનાર સામે શું કાર્યવાહી કરી ?

(૪) નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**ગાંધીનગર શહેરમાં નિવૃત્ત અધિકારી / કર્મચારીઓ દ્વારા આવાસ વધુ સમય રાખવાની અરજી**

૪૫૦૧૦ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૧-૦૪-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૩૯૪૭૬ (અગ્રતા-૨૭૩) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારીઓ/ અધિકારીઓને આવાસ ફાળવેલ હોય તે અધિકારીઓ, કર્મચારીઓ નિવૃત્ત થયેલ હોવા છતાં આવાસનો કબ્જો પરત સોંપવાના બદલે આવાસ વધુ સમય રાખવા મંજૂર કરેલ અરજીઓ પૈકી ૬૯ કર્મચારીઓ પાસેથી રૂ.૪૨,૯૪,૬૮૮ વસૂલવાના બાકી હતા. તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ વસૂલવામાં આવી,

(૧) કુલ રૂ.૨૭,૭૦,૧૩૭/-ની વસૂલાત કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨) કુલ-૧૫,૨૪,૫૫૧/- રકમ વસૂલવાની બાકી છે.

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) નિયમોનુસાર નોટિસ આપવાની/ઈવીકશન કોર્ટ કેસ કરવાની કાર્યવાહી ચાલુ છે.

- - - - - - - - -

**વિભાગ માટે બજેટમાં કરેલ નાણાકીય જોગવાઇ**

૪૪૯૯૫ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૧)

| ક્રમ | નાણાકીય વર્ષ | જોગવાઇ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧) | ૨૦૧૯-૨૦ | રૂ. ૫૭૯૨૬.૦૦ |
| ૨) | ૨૦૨૦-૨૧ | રૂ. ૫૫૯૬૮.૭૫ |

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)

| ક્રમ | નાણાકીય વર્ષ | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧) | ૨૦૧૯-૨૦ | રૂ. ૪૭૭૫૮.૬૪ |
| ૨) | ૨૦૨૦-૨૧ | રૂ. ૩૬૫૭૫.૬૮ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩) પત્રક-અ મુજબ.

**પત્રક-અ**

| ક્રમ | નાણાકીય વર્ષ | વપરાયેલ રકમ (રૂ.લાખમાં) | વણવપરાયેલી રકમ (રૂ.લાખમાં) | ખર્ચ ન થવાના કારણ |
|---|---|---|---|---|
| ૧) | ૨૦૧૯-૨૦ | ૩.૪૫૫૨૬.૨૯ | ૩.૨૨૩૨.૩૫ | નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં વહીવટી કારણોસર તથા નાણાકીય વર્ષના અંતભાગમાં કોવિડ-૧૯ની પરિસ્થિતિ તથા લોકડાઉનના કારણોસર ખર્ચ થઇ શકેલ નથી. |
| ૨) | ૨૦૨૦-૨૧ | ૩.૩૫૪૪૮.૩૯ | ૩.૧૧૨૭.૨૯ | નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કોવિડ-૧૯ની પરિસ્થિતિ તથા લોકડાઉનના કારણોસર વિવિધ યોજનાઓ તથા કાર્યક્રમોનું આયોજન થઇ શકેલ ન હોઇ બચત રહેલ છે. |

**સનાથલમાં ઔડાની હદમાં ગેરકાયદેસર દબાણની ફરિયાદ**

૪૪૯૧૫ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૮-૦૭-૨૦૧૯ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૧૮૪૮૩ (અગ્રતા-૪૪)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના સનાથલમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની હદમાં ગેરકાયદેસર દબાણ અને બિનખેતી, હેતુફેર કર્યા વગર જમીનનો ઉપયોગ કરતા હોવા બાબતની મળેલ ફરિયાદ અન્વયે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળે નોટિસ પાઠવેલ તે ગેરકાયદેસર જમીનનો ઉપયોગ સબબ કેટલી જમીન તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખુલ્લી કરાવવામાં આવી, | (૧) શૂન્ય. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ખુલ્લી કરાવવાની બાકી છે, તેના કારણો શા છે, અને | (૨) ૮૫૨૭ ચો.મી.<br>(૧) મોજે:સનાથલના રે.સ.નં.૪૭૪/બ તથા ૪૭૯/બમાં અરજદારશ્રી દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ.નં. ૩૫૮/૨૦૨૦ દાખલ કરેલ હોઈ.<br>(૨) મોજે:સનાથલના રે.સ.નં.૧૦૯+૧૨૯ પૈકી ૯, ૧૦, ૧૧માં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઇ મુજબની બિનઅધિકૃત બાંધકામ દૂર કરવાની કામગીરી જારીમાં હોઈ. |
| (૩) ઉક્ત જમીન ક્યાં સુધીમાં ખુલ્લી કરાવવામાં આવશે ? | (૩) (૧) ગુજરાત હાઈકોર્ટમાં થયેલ એસ.સી.એ.નં. ૩૫૮/૨૦૨૦ના આખરી ચુકાદાને આધીન ખુલ્લી કરવામાં આવશે.<br>(૨) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઇઓ મુજબ બિનઅધિકૃત બાંધકામ દૂર કરવામાં આવશે. |

---------

**નવા સચિવાલય બિલ્ડિંગમાં લીફ્ટમેન પૂરા પાડવા બાબત**

૪૫૮૨૦ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવા | (૧) (૧) મે. ઉદય અનિલભાઈ મેહતાને તા.૨૯- |

સચિવાલય ગાંધીનગર ખાતે આવેલ બિલ્ડિંગોમાં લીફ્ટમેન પૂરા પાડવાની કામગીરી કઈ એજન્સીને ક્યારે કેટલા સમય માટે આપવામાં આવેલ છે,

૧૦-૨૦૨૧ના રોજ એક વર્ષ માટે
(૨) મે. ચંદ્રકાંત પી. રાવલને તા.૨૯-૧૦-૨૦૨૧ના રોજ એક વર્ષ માટે
(૩) મે. શિવમ રેફ્રિજરેશનને તા.૧૧-૦૮-૨૦૨૧ના રોજ એક વર્ષ માટે

(૨) ઉક્ત એજન્સીને લીફ્ટમેન દીઠ કેટલી રકમ ચૂકવવામાં આવે છે,

(૨) (૧) મે. ઉદય અનિલભાઈ મેહતાને માસિક રૂ.૧૩,૩૯૫.૮૫ પ્રતિ લીફ્ટમેન
(૨) મે. ચંદ્રકાંત પી. રાવલને માસિક રૂ.૧૩,૩૫૯.૬૫ પ્રતિ લીફ્ટમેન
(૩) મે. શિવમ રેફ્રિજરેશનને માસિક રૂ.૧૨,૭૮૧.૩૫ પ્રતિ લીફ્ટમેન

(૩) ઉક્ત એજન્સી દ્વારા લીફ્ટમેનને અપાતી રકમ ખાતામાં જમા કરાવીને રોકડ રકમ પરત લેવામાં આવતી હોવાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૩) ના, જી.

(૪) જો હા, તો તે અન્વયે કઈ એજન્સી સામે છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધાં ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પાટણ જિલ્લામાં કાર્યરત લીઝો**

૪૪૯૦૮ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કયા પ્રકારના ખનિજની કેટલી લીઝો કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર ખનિજના પ્રકારવાર નીચે મુજબની લીઝો કાર્યરત છે.

| અનુ. નં. | તાલુકાનું નામ | મુખ્ય ખનિજ | ગૌણ ખનિજ |
|---|---|---|---|
| ૧ | પાટણ | શૂન્ય | ૦૬ |
| ૨ | ચાણસ્મા | શૂન્ય | શૂન્ય |
| ૩ | હારીજ | શૂન્ય | ૦૧ |
| ૪ | સમી | શૂન્ય | ૦૪ |
| ૫ | શંખેશ્વર | શૂન્ય | શૂન્ય |
| ૬ | રાધનપુર | શૂન્ય | શૂન્ય |
| ૭ | સાંતલપુર | શૂન્ય | ૦૨ |
| ૮ | સિદ્ધપુર | શૂન્ય | ૨૯ |
| ૯ | સરસ્વતી | શૂન્ય | શૂન્ય |
| | **કુલ** | **શૂન્ય** | **૪૨** |

(૨) ઉક્ત તાલુકાવાર ગેરકાયદેસર ખનન અંગેની કેટલી ફરિયાદો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૨)

| અનુ. નં. | તાલુકાનું નામ | મળેલ ફરિયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાટણ | ૦૪ |
| ૨ | ચાણસ્મા | ૦૫ |
| ૩ | હારીજ | ૦૩ |
| ૪ | સમી | ૦૧ |
| ૫ | શંખેશ્વર | ૦૧ |
| ૬ | રાધનપુર | ૦૪ |
| ૭ | સાંતલપુર | ૦૪ |

| | | |
|---|---|---|
| ૮ | સિદ્ધપુર | ૦૬ |
| ૯ | સરસ્વતી | ૦૪ |
| | **કુલ** | **૩૨** |

(૩) ઉક્ત ફરિયાદો અન્વયે જવાબદારો સામે શું કાર્યવાહી કરી ?

(૩) ૧૫ ફરિયાદ અરજી અન્વયે કાર્યવાહી કરી રૂ.૩૧.૦૮ લાખની દંડકીય વસૂલાત કરવામાં આવેલ છે. ૦૧ ફરિયાદ અરજી અન્વયે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. ૦૪ ફરિયાદ અરજી અન્વયે તપાસ કરી પૂર્તતા/સ્પષ્ટતા કરવા કારણદર્શક નોટિસ પાઠવવામાં આવેલ છે. જેની કાર્યવાહી ચાલુમાં છે. ૦૧ ફરિયાદ અરજી અન્વયે તપાસ કરતા બિનઅધિકૃત ખનન/વહન ધ્યાને આવેલ જે બનાસકાંઠા જિલ્લાની હદમાં હોઇ બનાસકાંઠા જિલ્લા કચેરીને આગળની કાર્યવાહી સારુ તબદીલ કરવામાં આવેલ છે. ૧૧ ફરિયાદ અરજી અન્વયે તપાસ કરતા ગેરરીતિ માલૂમ પડેલ ન હોઇ કસૂરદારશ્રીઓ સામે કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજ્યમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ માટે સમિતિનું ગઠન**

૪૪૯૨૩ **ડૉ. સી.જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ સિદ્ધ કરવા કોઈ સમિતિનું ગઠન થયેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સમિતિનું ગઠન ક્યારે થયેલ છે,

(૨) ઉક્ત સમિતિનું ગઠન તા.૨૮-૦૫-૨૦૧૯ના ઠરાવથી કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે, અને

(૩) સ્ટેટ એમ્પાવર્ડ કમિટીની બેઠક તા.૨૯-૦૧-૨૦૨૦ના રોજ મળેલ છે. જિલ્લા કક્ષાએ મળેલ બેઠકોની *યાદી આ સાથે સામેલ છે.

(૪) ઉક્ત બેઠકમાં કેટલા અધિકારી અને પદાધિકારી હાજર રહેલ ?

(૪) સ્ટેટ એમ્પાવર્ડ કમિટીની બેઠકમાં ૧૩ અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

જિલ્લા કક્ષાએ મળેલ બેઠકોમાં ૧૬૮૯ અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

(*યાદી સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લા/શહેરમાં પોલીસ અધિકારી /કર્મચારી પર હુમલાના બનાવો**

૪૪૯૨૬ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લાવાર પોલીસ અધિકારી /કર્મચારી પર હુમલાના કેટલા બનાવો બન્યા,

(૧)

| **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | |
|---|---|
| **શહેર/જિલ્લો** | **બનાવોની સંખ્યા** |
| અમદાવાદ શહેર | ૬૬ |
| અમદાવાદ ગ્રામ્ય | ૯ |
| ગાંધીનગર શહેર | ૪ |
| ગાંધીનગર જિલ્લો | ૬ |

| **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** | |
|---|---|
| **શહેર/જિલ્લો** | **બનાવોની સંખ્યા** |

| | |
|---|---|
| અમદાવાદ શહેર | ૫૮ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૦ |
| ગાંધીનગર શહેર | ૨ |
| ગાંધીનગર જિલ્લો | ૧ |

(૨) તે અન્વયે કેટલા કિસ્સામાં કેટલા ઇસમો સામે કાર્યવાહી કરવામાં આવી,

(૨) ૧૫૬ કિસ્સામાં ૭૩૭ ઇસમો સામે કાર્યવાહી કરવામાં આવી છે.

(૩) કેટલા ઇસમો સામે કાર્યવાહી કરવાની બાકી છે, અને

(૩) ૧૦

(૪) તેના કારણો શા છે ?

(૪) આરોપીઓના નામ-સરનામા અધૂરા હોવાના કારણે તેમજ આરોપી નાસતા-ફરતા હોવાથી.

---------

**સોજીત્રા તળાવના બ્યુટીફીકેશનની કામગીરી**

૪૪૯૯૮ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક :- ૩૩૧૩૧ (અગ્રતા-૧૯૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સોજીત્રા નગરપાલિકા દ્વારા મોગરી તળાવના બ્યુટીફીકેશન અંગેની દરખાસ્ત વિચારણાધીન હતી તે વિચારણા તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૧) જે તે સમયે આ કામો માટે દરખાસ્ત કરેલ હતી પરંતુ તત્કાલિન સમયે કોરોના-૧૯ની પરિસ્થિતિને કારણે કરકસરની પરિસ્થિતિને કારણે આવા કામોની દરખાસ્ત ન કરવા નિર્ણય લેવાયેલ જેથી આગળની કાર્યવાહી થયેલ ન હતી.

(૨) ઉક્ત પ્રક્રિયા પૂર્ણ કરીને ક્યાં સુધીમાં ઉક્ત કામગીરી પૂર્ણ કરવામાં આવશે ?

(૨) આ અંગે પુનઃ દરખાસ્ત મળ્યેથી નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

---------

**વલસાડ જિલ્લાના નારગોલ ખાતે ખાનગી ક્ષેત્રે નવું બંદર વિકસાવવાની કામગીરી**

૪૫૦૩૪ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વલસાડ જિલ્લાના નારગોલ ખાતે ખાનગી ક્ષેત્રે નવું બંદર વિકસાવવાનું હતું તે કામગીરી કયા તબક્કે છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નારગોલ બંદરના વિકાસ માટે વિકાસકાર નક્કી કરવા બિડીંગ પ્રક્રિયા અંતર્ગત બિડ્સ આમંત્રિત કરેલ છે.

(૨) ઉક્ત બંદર વિકસાવવાની કામગીરી કઇ ખાનગી કંપની/એજન્સીને આપવામાં આવેલ છે, અને

(૨) વિકાસકાર નક્કી થયેલ નથી.

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) વિકાસકાર નક્કી થયેથી આગળનું આયોજન નક્કી થઇ શકે.

---------

**ઓખા ખાતે નવું એલ.પી.જી. ટર્મિનલ સ્થાપવા બાબત**

૪૪૯૫૯ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા ખાતે નવું એલ.પી.જી. ટર્મિનલ સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. તે હકીકત તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતિએ કયા

(૨) ઉક્ત કામગીરી પ્રાથમિક પ્રક્રિયાત્મક તબક્કે રહેલ છે.

તબક્કે છે,

(૩) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે, અને

(૩) પ્રથમ તબક્કામાં રૂ.૭૩૬.૪૦ કરોડના ખાનગી મૂડી રોકાણથી વિકસાવવા માટે મેસર્સ એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ઈન્ડિયા) પ્રાઈવેટ લિ.ને ઈરાદાપત્ર (LOI) આપવામાં આવેલ હતો, જેની મુદ્દત પૂર્ણ થયેલ હોવાથી તે લંબાવવા માટે સદરહું કંપની તરફથી રજૂઆત મળેલ છે.

(૪) ઉક્ત ટર્મિનલ કોના દ્વારા સ્થાપવામાં આવનાર છે ?

(૪) મેસર્સ એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ઈન્ડિયા) પ્રાઈવેટ લિ.ને આપવામાં આવેલ ઈરાદાપત્રની મુદ્દત પૂર્ણ થયેલ હોવાથી તે લંબાવવા માટે કંપની તરફથી રજૂઆત મળેલ છે.

---------

**અમદાવાદ ખાતેની સ્લમ ક્લિયરન્સ બોર્ડની વસાહતોના રી-ડેવલપમેન્ટ માટેની દરખાસ્ત**

૪૪૯૩૨ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ ખાતેની સ્લમ ક્લિયરન્સ બોર્ડની વસાહતોના મકાનો જર્જરિત થઇ ગયા હોવા અંગેની હકીકતથી સરકાર વાકેફ છે,

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઇ વસાહતોના કેટલા મકાનો રી-ડેવલપમેન્ટ કરવાની મંજૂરી આપવામાં આવી, અને

(૨) વસાહતોના લાભાર્થીઓ / એસોસીએશન તરફથી રી-ડેવલપમેન્ટ પોલિસી અનુસાર કોઈ સંમતિ પત્રક આવેલ નથી. જેથી રી-ડેવલપમેન્ટ મંજૂરી આપવામાં આવી નથી.

(૩) ઉક્ત કામગીરી પેટે સરકારે કેટલી રકમની ફાળવણી ઉક્ત વર્ષવાર કરી ?

(૩) રી-ડેવલપમેન્ટ માટેની નિયમાનુસારની કોઈ લેખિત માંગણી આવેલ ન હોઈ સરકાર દ્વારા કોઈ રકમની ફાળવણી કરવામાં આવેલ નથી.

---------

**નવસારી અને વલસાડ જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૫૦૩૭ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક) ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ-૩૧૩૭૨ (અગ્રતા-૧૨૧)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી નવસારી જિલ્લામાં ૩૨૨ અને વલસાડ જિલ્લામાં ૭૫૭ ઇસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૧)

| જિલ્લા | ધરપકડ કરવાની બાકી |
|---|---|
| નવસારી | ૨૪૦ |
| વલસાડ | ૪૯૬ |

(૨) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૨) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગાસંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓના કોલ ડિટેઈલ મેળવી તપાસ તજવીજ કરાવેલ છે. સી.આર.પી.સી. મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**સુરત જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

૪૩૮૮૬ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૭) હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યાં, | (૧) ૫૮ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૬ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાંથી કેટલી અરજીઓ આવી, અને | (૩) ૬૭૭૭૭ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | (૪) ૬૭૭૭૭ |

---------

## આણંદ અને મોરબી જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો

૪૪૯૯૨ **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ-૩૧૩૨૩ (અગ્રતા-૪૭)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી આણંદ જિલ્લામાં ૧૦૧ અને મોરબી જિલ્લામાં ૪૦ ઇસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લા | ધરપકડ કરવાના બાકી ઇસમોની સંખ્યા |
|---|---|
| આણંદ | ૮૫ |
| મોરબી | ૭ |

(૨) પકડવાના બાકી ઇસમોને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગાસંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઇલ નંબર મળેલ છે તેની કોલ ડિટેઇલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે.

---------

## રોયલ્ટી ઇન્સ્પેક્ટર, વર્ગ-૩ની જગ્યાઓ

૪૫૦૦૪ **શ્રી કાળાભાઇ ડાભી** (કપડવંજ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૭-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૪૫૦૪ (અગ્રતા-૭૩)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે રોયલ્ટી ઇન્સપેક્ટર, વર્ગ-૩ની ૨૭ ખાલી જગ્યાઓ પૈકી ૨૭ જગ્યાઓ બઢતીથી ભરવાની થતી હતી તે પૈકી કેટલી જગ્યાઓ તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બઢતીથી ભરવામાં આવી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રોયલ્ટી ઇન્સ્પેક્ટર, વર્ગ-૩ની કોઇ જગ્યા બઢતીથી ભરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા કર્મચારીઓ ફિડર કેડરમાં બઢતીપાત્ર ઉપલબ્ધ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ ફિડર કેડરમાં કોઇ બઢતીપાત્ર કર્મચારીઓ ઉપલબ્ધ નથી. |
| (૩) ઉક્ત બઢતીથી ભરવાની બાકીની ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ? | (૩) રોયલ્ટી ઇન્સ્પેક્ટર, વર્ગ-૩ની ફિડર કેડર માઇન્સ સુપરવાઇઝરની ભરાયેલ ૪૦ જગ્યાઓ પરથી બઢતીપાત્ર |

ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બઢતીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

- - - - - - - - -

**ક્લબ ઓ-૭ થી સાણંદ તરફના રસ્તાનું કામ બંધ થવા બાબત**

૪૪૯૮૦ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૧-૦૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫૮૭૯ (અગ્રતા-૨૧૦)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ક્લબ ઓ-૭ થી સાણંદ રસ્તાનું કામ શૈલા તરફથી બંધ થયેલ તે કામ તા. ૩૦-૧૨-૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાનું છે તે કામ તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત કામ પૂર્ણ ન થયેલ હોઇ તો તેના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત કામ પૂર્ણ થાય તે માટે શાં પ્રયાસો કરવામાં આવ્યાં ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**ધોલેરા એસ.આઇ.આર.માં કામગીરી**

૪૪૯૩૮ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોલેરા એસ.આઇ.આર.માં સીવેજ પંપીંગ સ્ટેશન, સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી), માસ્ટર બેલેન્સિંગ રીઝર્વેયરની કામગીરી સંબંધિત કોન્ટ્રાક્ટર, એજન્સીએ તા. ૧૮-૦૬-૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાની હતી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, | (૨) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત કામગીરી ૮૨.૪૫ % પૂર્ણ થયેલ છે. |
| (૩) ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૩) ખંડ-૨ જોતા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત કામગીરી ઉક્ત નિયત સમયમાં પૂર્ણ ન થઇ હોઇ તો સંબંધિત કઇ એજન્સી સામે શાં પગલાં લીધા ? | (૪) આજની સ્થિતિને ધ્યાને લઇ ઉક્ત કાર્ય ઝડપથી પૂર્ણ થાય તે માટે, સંબંધિત કોન્ટ્રાક્ટર (L&T)ના અધિકારીઓ સાથે ઉચ્ચ કક્ષાએ નિયમિત બેઠકો કરવામાં આવે છે. તેમજ કામ ઝડપથી પૂર્ણ થાય તે માટે સાઇટની કામગીરીનું ઝીણવટાપૂર્વક નિરીક્ષણ કરવામાં આવે છે. |

- - - - - - - - -

**અમદાવાદ શહેર અને જિલ્લામાં પોલીસ ફોર્સને સ્પીડ ગન આપવા બાબત**

૪૪૯૩૦ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં પોલીસ ફોર્સને કેટલી સ્પીડ ગન આપવામાં આવેલ છે, | (૧) |

| શહેર / ગ્રામ્ય | આપેલ સ્પીડ ગનની સંખ્યા |
|---|---|
| અમદાવાદ શહેર | ૦૬ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી સ્પીડ ગન ચાલુ છે અને કેટલી સ્પીડ ગન ક્યારથી બંધ છે, અને

(૨) ઉક્ત તમામ સ્પીડ ગન ચાલુ અવસ્થામાં છે.

(૩) ઉક્ત સ્પીડ ગન બંધ હોવાના કારણો શાં છે અને તે ક્યાં સુધીમાં કાર્યરત કરાવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજકોટ અને વડોદરા શહેરમાં ઝોન ફેર કરવાની મંજૂરી**

૪૪૯૪૭ **શ્રી લલીતભાઇ કગથરા** (ટંકારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) અને વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા)માં સમાવેશ થતા વિસ્તારમાં કેટલી જમીનોમાં ક્યા પ્રકારના ઝોન ફેર કરવાની પરવાનગીઓ સરકાર દ્વારા આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સત્તામંડળવાર કેટલી જમીનોમાં ક્યા પ્રકારના ઝોન ફેર કરવા અંગેની દરખાસ્તો સરકારમાં પડતર છે, અને

(૩) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી રકમની આવક સરકારને થઇ ?

**જવાબ**

(૧) રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા)
કુલ-૭ (સાત)
સામેલ *પત્રક 'અ' મુજબ
વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા)
કુલ-૧ (એક)
સામેલ *પત્રક 'બ' મુજબ

(૨) રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા)
કુલ-૨૧ (એકવીસ)
સામેલ *પત્રક 'ક' મુજબ

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા)
કુલ-૨ (બે)
સામેલ *પત્રક 'ડ' મુજબ

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**સુરત જિલ્લામાં તાપી નદીમાં ખનિજોની કાર્યરત લીઝો**

૪૫૦૨૮ **શ્રી આનંદભાઇ ચૌધરી** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર તાપી નદીમાં રેતી તથા અન્ય ખનિજોની કેટલી લીઝો કાર્યરત છે,

(૨) ઉક્ત તાલુકાવાર તાપી નદીમાં રેતી તથા અન્ય ખનિજોના ગેરકાયદેસર ખનન અંગેની કેટલી ફરિયાદો ઉક્ત

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર તાપી નદીમાં રેતી તથા અન્ય ખનિજોની નીચે મુજબની ૧૧૫ લીઝો કાર્યરત છે,

| ક્રમ | તાલુકાનું નામ | સાદી રેતી ખનિજની લીઝોની સંખ્યા | બ્લેકટ્રેપ ખનિજની લીઝોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | કામરેજ | ૫૮ | શૂન્ય |
| ૨ | માંડવી | ૩૮ | ૧૨ |
| ૩ | બારડોલી | ૦૬ | શૂન્ય |
| ૪ | મહુવા | ૦૧ | શૂન્ય |
| ૫ | સુરત સિટી | શૂન્ય | શૂન્ય |
| | **કુલ** | **૧૦૩** | **૧૨** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ૨ (બે) વર્ષમાં મળેલ ફરિયાદોની વિગત નીચે મુજબ છે.

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી, અને

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ ફરિયાદો | ખનિજ (સાદી રેતી) | અન્ય ખનિજ |
|---|---|---|---|---|
| ૧ | કામરેજ | ૧૧ | ૧૧ | શૂન્ય |
| ૨ | માંડવી | ૦૮ | ૦૮ | શૂન્ય |
| ૩ | સુરત સિટી | ૦૨ | ૦૨ | શૂન્ય |
| | **કુલ** | **૨૧** | **૨૧** | શૂન્ય |

(૩) ઉક્ત ફરિયાદો અન્વયે જવાબદારો સામે શું કાર્યવાહી કરી ?

(૩) સાદી રેતી ખનિજ અન્વયે મળેલ ૨૧ ફરિયાદ / રજૂઆત પૈકી ૧૬-ફરિયાદ અરજી અન્વયે કાર્યવાહી કરી રૂ. ૩૦.૬૪ લાખ દંડકીય રકમની વસૂલાત કરવામાં આવેલ છે. ૦૪-ફરિયાદ અરજી અન્વયે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. ૦૧-ફરિયાદ અરજી અન્વયે તપાસ કરતાં ગેરરીતિ માલૂમ પડેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**તાપી અને વલસાડ જિલ્લામાં ખનિજ ચોરીની દંડનીય રકમ**

૪૫૦૩૧ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧(પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૩૬૯ (અગ્રતા-૧૪૦)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ખનિજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી તાપી જિલ્લામાં રૂ.૩૯૫૩.૯૪ લાખ અને વલસાડ જિલ્લામાં રૂ.૧૦૮૫.૭૮ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૧)

| જિલ્લો | દંડની વસૂલવા પાત્ર બાકી રકમ (રૂ.લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલાત થયેલ દંડની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| તાપી | ૩૯૫૩.૯૪ | ૧૨.૭૭ |
| વલસાડ | ૧૦૮૫.૭૮ | ૨.૩૩ |

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ખનિજ ચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨)

| જિલ્લો | ખનિજ ચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| તાપી | ૩૯૪૧.૧૭ |
| વલસાડ | ૧૦૮૩.૪૫ |

(૩) ઉક્ત રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) કસૂરદારોને દંડકીય વસૂલાત માટે કારણદર્શક નોટિસ આપેલ છે તથા દંડકીય વસૂલાતના હુકમ કરવામાં આવેલ છે. વસૂલાત હુકમ અન્વયે દંડની રકમ ભરપાઇ ન કરવાના કારણે જમીન મહેસૂલ રાહે વસૂલાત અંગેના હુકમ કરવામાં આવેલ છે. લીઝોના ઓનલાઇન એકાઉન્ટ એ.ટી.આર. બંધ કરવામાં આવેલ છે તેમજ લીઝ પણ રદ્દ કરવામાં આવેલ છે અને પોલીસ ફરિયાદ દાખલ કરેલ છે.

- - - - - - - - -

**પોરબંદર અને છાયા નગરપાલિકાના ઠરાવો જી.ડી.સી.આર. વિરુદ્ધ હોવા બાબત**

૪૫૭૬૨ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) પોરબંદર નગરપાલિકા અને છાયા નગરપાલિકાની ટાઉન પ્લાનીંગ કમિટી દ્વારા ઘણા ઠરાવો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને જી.ડી.સી.આર.ની વિરુદ્ધ હોવા છતાં મંજૂર કરી ધારા ધોરણ વગર પરવાનગી આપવામાં આવેલ હોઈ પ્લાનીંગ કમિટીને રદ કરી તેના કાર્યો કરવા પોરબંદર/છાયા નગરપાલિકાની પ્લાનીંગ કમિટીના કાર્યો કરવા સરકારી અધિકારીની નિમણૂક

(૧) તા.૦૨.૦૨.૨૦૨૨ના રોજ.

કરવા કમિશનર, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારમાં ક્યારે રજૂઆત, માંગણી કે ફરિયાદ કરી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) સરકારશ્રીની વિચારણાધીન છે.

(૩) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને સરકારી અધિકારીની નિમણૂક કરવામાં આવશે ?

(૩) ખંડ-(૨) મુજબ નિર્ણય થયેથી.

---------

**ગીર સોમનાથ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખનિજ ચોરીની દંડનીય રકમ**

૪૪૯૬૮ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧(પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૩૦૩ (અગ્રતા-૨૭૪)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ખનિજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી ગીર સોમનાથ જિલ્લામાં રૂ.૧૩૩૦૧.૩૧ લાખ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રૂ.૧૮૯૮૬.૬૩ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૧)

| જિલ્લો | દંડની વસૂલવાપાત્ર બાકી રકમ (રૂ.લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલાત થયેલ દંડની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ગીર સોમનાથ | ૧૩૩૦૧.૩૧ | ૭.૦૬ |
| દેવભૂમિ દ્વારકા | ૧૮૯૮૬.૬૩ | ૧૪.૫૧ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખનિજચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨)

| જિલ્લો | ખનિજચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ગીર સોમનાથ | ૧૩૨૯૪.૨૫ |
| દેવભૂમિ દ્વારકા | ૧૮૯૭૨.૧૨ |

(૩) ઉક્ત રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા કસુરદારોને નોટિસ પાઠવેલ છે તથા નિયમોનુસાર વસૂલાત અંગેના હુકમો કરેલ છે જેથી કસુરદારો દ્વારા અપીલ/રિવિઝન અરજી દાખલ કરેલ છે તથા જમીન મહેસૂલ રાહે વસૂલાત કરવા આર.આર.સી. ઈશ્યુ કરવામાં આવેલ છે તેમજ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

---------

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૫૦૧૬ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧(પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૩૪૨ (અગ્રતા-૨૫૧)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી દાહોદ જિલ્લામાં ૧૫૩ અને છોટાઉદેપુર જિલ્લામાં ૧૬૮ ઈસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્તશહેર/જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૧)

| જિલ્લા | ધરપકડ કરવાની બાકી |
|---|---|
| દાહોદ | ૭૬ |
| છોટાઉદેપુર | ૭૩ |

(૨) ઉક્ત બાકી ઈસમોને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૨) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગાસંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓના કોલ ડિટેઈલ મેળવી તપાસ તજવીજ કરાવેલ છે. સી.આર.પી.સી. મુજબની કાર્યવાહી

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**ખાણ અને ખનિજ પ્રભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

૪૪૯૭૧ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) **:** **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખાણ અને ખનિજ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **બજેટ જોગવાઇ** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ. ૩૩૯૨૭.૩૨ લાખ |
| ૨૦૨૦-૨૧ | રૂ. ૨૫૭૫૦.૭૨ લાખ |

(૨)

| **વર્ષ** | **ફાળવવામાં આવેલ રકમ** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ. ૩૩૯૨૭.૩૨ લાખ |
| ૨૦૨૦-૨૧ | રૂ. ૨૫૭૫૦.૭૨ લાખ |

(૩)

| **વર્ષ** | **ખર્ચ** | **બચત** |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ. ૨૯૬૧૩.૦૫ લાખ | રૂ. ૪૩૧૪.૨૭ લાખ |
| ૨૦૨૦-૨૧ | રૂ. ૧૭૭૩૨.૯૪ લાખ | રૂ. ૮૦૧૭.૭૮ લાખ |

**વર્ષ ૨૦૧૯-૨૦માં વણવપરાયેલ રકમના કારણો :**

- ખાલી જગ્યાઓ ન ભરાવાથી અને કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર ન થવાથી.
- જીઆઇએસ પ્રોજેક્ટમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ ન થવાથી.
- ચેકપોસ્ટ માટે જમીનની ફાળવણી ન થતાં.
- ઓક્શનમાં બ્લોક્સ જે સ્ટેજ પૂર્ણ થયેલ ન હતા તથા ટ્રાન્ઝેક્શન એડવાઇઝર દ્વારા બિલ રજૂ ન કરાતા.
- ડી.જી.પી.એસ (Differential Global Positioning System) સર્વેના તથા સંશોધનના બિલ જમા ન કરાવેલ હોવાથી.
- GGCMP Project (Gujarat Geo-Chemical Mapping Project) ની કામગીરી પૂર્ણ થયેલ હોવાથી.
- ગુજરાતમાં દુર્લભ ભૂમી ખનીજો અને કુલ હેવી ખનિજોનું સંશોધન યોજનામાં GeM હેઠળ કોઇ એજન્સી રજિસ્ટર થયેલ ન હોવાથી.
- ખનિજ પ્રયોગશાળાની ખાલી જગ્યાઓ ન ભરાવાને કારણે.
- તા.૨૪-૦૯-૨૦૧૯ના માન. NGT (National Green Tribunal) ના આદેશ અનુસાર Miscellaneous એપ્લીકેશન સુનાવણી માટે પડતર હોવાથી.
- લેબોરેટરીમાં આધુનિક સાધનોની ખરીદી ન થવાના કારણે.

**વર્ષ ૨૦૨૦-૨૧માં વણવપરાયેલ રકમના કારણો :**

- કોવિડ-૧૯ના કારણે સ્ટોન માર્ટ મેળાનું આયોજન ન થવાથી.
- મેજરમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ કમ સ્કેનરમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ ન થવાથી.
- કોવિડ-૧૯ તથા સ્ટોન આર્ટીજન પાર્કમાં નવીનીકરણનું કામ ચાલુ હોવાથી તાલીમ શરૂ ન થવાના કારણે.
- કોવિડ-૧૯ના કારણે તથા સપ્ટેમ્બર-૨૦૨૦ સુધી વરસાદની સીઝન હોવાથી ડ્રીલીંગની કામગીરી ન થવાને કારણે
- REE (રેર અર્થ એલીમેન્ટ) અને THM (ટોટલ હેવી મિનરલ)માં શારકામની દરખાસ્તની પ્રક્રિયા GSI અને AMDના સંકલનમાં રહીને કરવાની રહેતી હોવાના કારણે.
- નાણાં વિભાગના તા.૦૬-૦૬-૨૦૨૦ના ઠરાવમાં જણાવ્યા મુજબ નવા સાધનો ખરીદવા નહીં જેના કારણે સાધનોની ખરીદી ન થવાથી.
- ખનિજ પ્રયોગશાળાની ખાલી જગ્યાઓ ન ભરાવાને કારણે.

---------

**જૂનાગઢ જિલ્લામાં ખનિજ ચોરીના બનાવો**

૪૫૨૦૮ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખનિજ ચોરીના કેટલા બનાવો નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર, તાલુકાવાર ક્યા પ્રકારના ખનિજનો કેટલો જથ્થો પકડાયો,

(૩) ઉક્ત વર્ષવાર, તાલુકાવાર કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરી, અને

(૪) ઉક્ત વર્ષવાર, તાલુકાવાર કેટલી રકમનો દંડ વસૂલવામાં આવ્યો ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ |
|---|---|---|
| જૂનાગઢ | ૫૭ | ૩૪ |
| વંથલી | ૪૬ | ૩૧ |
| માણાવદર | ૧૧ | ૭ |
| કેશોદ | ૨૪ | ૪૭ |
| માંગરોળ | ૧૫ | ૪૧ |
| માળીયા | ૪૮ | ૧૭ |
| મેંદરડા | ૮ | ૧ |
| વિસાવદર | ૫ | ૭ |
| ભેંસાણ | ૩ | શૂન્ય |
| **કુલ** | **૨૧૭** | **૧૮૫** |

(૨) પત્રક - અ સામેલ છે.

(૩) અને (૪) ઉક્ત વર્ષવાર, તાલુકાવાર વર્ષ ૨૦૨૦માં કુલ ૨૧૭-ઈસમો પૈકી ૨૧૧-ઈસમો સામે દંડની રકમની વસૂલાત કરેલ, અને બાકી રહેતા ૬-ઈસમો પૈકી ૪-ઈસમો સામે પોલીસ ફરિયાદ દાખલ કરેલ છે, અને ૨-ઈસમો દ્વારા અપીલ/રીવીઝન દાખલ કરેલ હોઈ જે નિર્ણય અર્થે પડતર છે,

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

અને

વર્ષ ૨૦૨૧માં કુલ ૧૮૫-ઇસમો પૈકી ૧૭૮-ઇસમો સામે દંડની રકમની વસૂલાત કરેલ, અને બાકી રહેતા ૭-ઇસમો પૈકી ૨-ઇસમો સામે પોલીસ ફરિયાદ દાખલ કરેલ છે, અને ૨-ઇસમો દ્વારા અપીલ/રીવીઝન અરજી દાખલ કરેલ હોઈ, જે નિર્ણય અર્થે પડતર છે, તથા ૧-ઇસમનો કેસ નામ.હાઈકોર્ટ ખાતે પડતર છે, ૨-ઇસમો સામે દંડકીય રકમની વસૂલાતની કાર્યવાહી ચાલુમાં છે.

| તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | |
|---|---|---|---|---|
| | કેસ | રકમ (રૂ.લાખમાં) | કેસ | રકમ (રૂ.લાખમાં) |
| જૂનાગઢ | ૫૩ | ૪૩.૪૯ | ૩૨ | ૪૦.૮૩ |
| વંથલી | ૪૬ | ૪૦.૭૪ | ૩૦ | ૨૦.૭૬ |
| માણાવદર | ૧૧ | ૭.૫૭ | ૬ | ૫૯.૩૮ |
| કેશોદ | ૨૪ | ૨૫.૦૩ | ૪૬ | ૩૯.૦૮ |
| માંગરોળ | ૧૪ | ૧૫.૭૮ | ૪૦ | ૩૫.૮૧ |
| માળીયા | ૪૭ | ૬૦.૭૩ | ૧૬ | ૨૫.૮૨ |
| મેંદરડા | ૮ | ૭.૯૦ | ૧ | ૧.૮૯ |
| વિસાવદર | ૫ | ૨.૬૫ | ૭ | ૯.૮૦ |
| ભેંસાણ | ૩ | ૨.૬૭ | શૂન્ય | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| **કુલ** | **૨૧૧** | **૨૦૬.૫૬** | **૧૭૮** | **૨૩૩.૩૭** |

**પત્રક-અ**

| વર્ષ ૨૦૨૦માં પકડાયેલ તાલુકાવાર ખનિજવાર જથ્થાની વિગત દર્શાવતું પત્રક (જથ્થો મે.ટનમાં) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **તાલુકા** | **બિ.લા.સ્ટોન** | **બ્લેકટ્રેપ** | **લાઈમસ્ટોન મેજર** | **સાદી માટી** | **સાદી રેતી** | **હાર્ડમુરમ** | **કુલ** |
| જૂનાગઢ | ૧૩૦૬૧.૦૬ | ૩૯.૮૮ | ૩૭.૪૮ | ૧૮૫૯૪૮.૭૯ | ૧૭૭.૪૨ | શૂન્ય | ૧૯૯૨૬૪.૬૩ |
| વંથલી | ૨૯.૭૫ | ૧૩૬૦.૦૩ | શૂન્ય | ૫૦૩.૦૦ | ૧૩૬૯.૫૬ | શૂન્ય | ૩૨૬૨.૩૪ |
| માણાવદર | શૂન્ય | ૧૧૩૪.૪૨ | શૂન્ય | ૧૦૦.૦૦ | શૂન્ય | શૂન્ય | ૧૨૩૪.૪૨ |
| કેશોદ | શૂન્ય | ૧૦૪.૩૮ | શૂન્ય | ૭૪.૦૦ | ૨૩૮.૩૦ | ૨૪.૭૩ | ૪૪૧.૪૧ |
| માંગરોળ | ૨૪૩૩.૬૮ | ૧૦.૫૭ | શૂન્ય | શૂન્ય | ૨૧.૩૨ | શૂન્ય | ૨૪૬૫.૫૭ |
| માળીયા | ૧૦૪૮.૧૩ | ૩૫૬૪.૪૮ | ૧૫૦૨૩.૨૫ | ૨૪૨.૮૭ | ૧૫૧૮.૯૭ | ૧૬૭.૬૪ | ૨૧૫૬૫.૩૪ |
| મેંદરડા | ૧૦.૦૦ | ૨૮૧.૪૫ | શૂન્ય | શૂન્ય | ૩૨.૯૫ | શૂન્ય | ૩૨૪.૪૦ |
| વિસાવદર | શૂન્ય | શૂન્ય | શૂન્ય | ૬.૧૭ | ૧૬.૬૦ | શૂન્ય | ૨૨.૭૭ |
| ભેંસાણ | શૂન્ય | ૮૨.૨૦ | શૂન્ય | શૂન્ય | ૨૭.૩૬ | શૂન્ય | ૧૦૯.૫૬ |
| **કુલ** | **૧૬૫૮૨.૬૨** | **૬૫૭૭.૪૧** | **૧૫૦૬૦.૭૩** | **૧૮૬૮૭૪.૮૩** | **૩૪૦૨.૪૮** | **૧૯૨.૩૭** | **૨૨૮૬૯૦.૪૪** |

| વર્ષ ૨૦૨૧માં પકડાયેલ તાલુકાવાર ખનિજવાર જથ્થાની વિગત દર્શાવતું પત્રક (જથ્થો મે.ટનમાં) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **તાલુકા** | **બિ.લા.સ્ટોન** | **બ્લેકટ્રેપ** | **લાઈમસ્ટોન મેજર** | **સાદી માટી** | **સાદી રેતી** | **હાર્ડમુરમ** | **કુલ** |
| જૂનાગઢ | ૨૧.૨૯ | ૧૨૭.૨૫ | ૨૫૨.૪૨ | ૧૦૬૦.૨૨ | ૩૩૪.૪૯ | ૪.૦૦ | ૧૭૯૯.૬૭ |
| વંથલી | શૂન્ય | ૨૩૮.૯૬ | શૂન્ય | શૂન્ય | ૧૭૨.૬૩ | શૂન્ય | ૪૧૧.૫૯ |
| માણાવદર | શૂન્ય | ૨૪૯૮૫.૨૯ | શૂન્ય | ૫૧૮૯.૫૦ | ૩૯૭૮.૧૭ | શૂન્ય | ૩૪૧૫૨.૯૬ |
| કેશોદ | શૂન્ય | ૨૮૧૭.૯૪ | શૂન્ય | ૩૬૨૯.૮૯ | ૧૮૧.૧૩ | શૂન્ય | ૬૬૨૮.૯૬ |
| માંગરોળ | ૨૯૬૮.૦૨ | શૂન્ય | શૂન્ય | ૨૧૦.૧૧ | ૭.૦૬ | શૂન્ય | ૩૧૮૫.૧૯ |
| માળીયા | ૧૨૮૮.૩૪ | ૨૭.૭૮ | ૧૬૮૬.૯૦ | શૂન્ય | ૨૬.૪૯ | શૂન્ય | ૩૦૨૯.૫૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| મેંદરડા | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | ૧૭.૭૫ | શૂન્ય | ૧૭.૭૫ |
| વિસાવદર | શૂન્ય | શૂન્ય | શૂન્ય | ૫૪૪.૦૨ | ૭૪.૬૩ | શૂન્ય | ૬૧૮.૬૫ |
| ભેંસાણ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| **કુલ** | **૪૨૭૭.૬૫** | **૨૮૧૯૭.૨૨** | **૧૯૩૯.૩૨** | **૧૦૬૩૩.૭૪** | **૪૭૯૨.૩૫** | **૪.૦૦** | **૪૯૮૪૪.૨૮** |

- - - - - - - - -

## મુલ્કી સચિવાલયમાં ના.સે.અ., વર્ગ-૩ની જગ્યાઓ

૪૪૯૫૦ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સચિવાલય નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ સંવર્ગમાં કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ બે વર્ષથી ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ બઢતીથી ભરવાની થાય છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સચિવાલય નાયબ સેક્શન અધિકારી, વર્ગ-૩ સંવર્ગમાં ૬૦૫-જગ્યાઓ ખાલી છે.

(૨) આ ખાલી જગ્યાઓ પૈકી ૨૩૦-જગ્યાઓ બે વર્ષથી ખાલી છે.

(૩) ઉક્ત ૬૦૫-ખાલી જગ્યાઓ પૈકી ૨૮૨-જગ્યાઓ બઢતીથી ભરવાની થાય છે.

(૪) નાયબ સેક્શન અધિકારી સંવર્ગમાં સીધી ભરતી સંદર્ભે ૨૫૭-ઉમેદવારોની ભલામણયાદી ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી મળેલ છે. જે ઉમેદવારોને નિમણૂક આપવા અંગેની આનુષંગિક પ્રક્રિયા હાલ ચાલુમાં છે. તેમજ બઢતીની લાયકાતો ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બઢતીની ફાળાની ખાલી જગ્યાઓ વહીવટી અનુકૂળતા અનુસાર ભરવામાં આવશે.

- - - - - - - - -

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખનિજચોરીની દંડનીય રકમ

૪૪૯૨૦ **શ્રી જસુભાઈ પટેલ** (બાયડ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૩૧૨૪૫ (અગ્રતા-૨૪૭)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખનિજચોરીના કરવામાં આવેલ કેસો પૈકી અરવલ્લી જિલ્લામાં રૂ.૪૬.૩૫ લાખ અને સાબરકાંઠા જિલ્લામાં રૂ.૮૯૩.૨૧ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ખનિજચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | બાકી લેણાં (રૂ. લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરપાઈ થયેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| અરવલ્લી | ૪૬.૩૫ | શૂન્ય |
| સાબરકાંઠા | ૮૯૩.૨૧ | ૧૧૨.૯૩ |

(૨)

| જિલ્લો | ખનિજચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| અરવલ્લી | ૪૬.૩૫ |
| સાબરકાંઠા | ૭૮૦.૨૮ |

(૩) ઉક્ત રકમ વસૂલવા કસૂરદારોને દંડકીય વસૂલાતની કારણદર્શક નોટિસ આપેલ છે તથા નિયમોનુસાર દંડકીય વસૂલાતના હુકમ કરવામાં આવેલ છે. જમીન મહેસૂલ રાહે વસૂલાત માટે આર.આર.સી. ઇસ્યૂ કરવામાં આવેલ છે. લીઝના ઓનલાઈન એકાઉન્ટ એ.ટી.આર. (વર્ચ્યુઅલ એકાઉન્ટ) બંધ કરવામાં આવેલ છે. લીઝો પણ રદ કરેલ છે તેમજ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**ખાણ-ખનિજ વિભાગના તાબા હેઠળના નિગમોમાં ભરતી**

૪૪૯૭૭ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખાણ-ખનિજ વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને | (૨) |
| (૩) કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શા છે ? | (૩) |

(૨)

| | |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૨૦૬ |
| તા.૦૧-૦૧-૨૦૨૧થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૨૪૬ |

(૩)

- સરકારશ્રીની કરકસરની નીતિ અન્વયે કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી ભરતી કરવામાં આવે છે.
- છેલ્લા બે વર્ષમાં નિયમિત કર્મચારીઓનો વયનિવૃત્તિનો દર ખૂબ જ ઊંચો છે.
- નિગમમાં ડી.જી.એમ.એસ.ની નોટિસો અંતર્ગત વૈધાનિક સંવર્ગોમાં કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી ભરતી કરવાની ફરજ પડેલ છે.
- નિગમનો પાવર પ્રોજેક્ટ જે વિભાગીય રીતે કાર્યરત રાખવા માટે જરૂરી ટેકનિકલ મેનપાવર આઉટસોર્સિંગથી ભરવામાં આવેલ છે.

---------

**મેટ્રો રેલ પ્રોજેક્ટમાં સહાય માટે કેન્દ્ર સરકારમાં રજૂઆત**

૪૪૯૧૧ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૪-૦૨-૨૦૧૯ના રોજ કેન્દ્ર સરકારને અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-૨ના પ્રોજેક્ટના ડીપીઆરની મંજૂરી અર્થે રજૂઆત કરવામાં આવેલ તે માટે સકારાત્મક પ્રતિભાવ આપેલ તે હકીકત તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની કેન્દ્રીય સહાય મળેલ છે ? | (૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શેરમૂડી પેટે તથા પેશગી પેટે રૂ.૨૦૧.૬૧ કરોડ ભારત સરકાર તરફથી મળેલ છે. |

---------

**રાજ્ય સરકાર દ્વારા પોલીસ વેલ્ફેર ફંડની રચના**

૪૪૮૮૫ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પોલીસ વેલ્ફેર ફંડની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત ફંડમાં કેટલી | (૨) રૂ. ૧,૦૪,૮૩,૬૬,૪૦૮/- |

રકમ જમા છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોલીસ વેલ્ફેર ફંડમાં સરકાર તરફથી વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩)

| સમયગાળો | ફાળવેલ રકમ |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | રૂ. ૫૯૦ લાખ |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | રૂ. ૭૩૫ લાખ |

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ પોલીસ વેલ્ફેર ફંડમાંથી મુખ્ય ક્યા હેતુઓ માટે કરવામાં આવ્યો ?

(૪)

| સમયગાળો | થયેલ ખર્ચ |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | રૂ. ૨૨,૦૭,૫૬,૬૧૦/- |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | રૂ. ૪૫,૨૨,૩૭,૬૨૪/- |

ઉક્ત રકમનો ખર્ચ મુખ્યત્વે પોલીસ કર્મચારી/અધિકારી અને તેઓના પરીવારજનોને વિવિધ સહાય, લોન, ઈનામ આપવા તથા આરોગ્ય ચકાસણી, શિક્ષણ, રોજગાર અને કૌશલ્યવર્ધન વિગેરે જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવા કરવામાં આવેલ છે.

---------

**ભાવનગર અને અમરેલી જિલ્લામાં ખનિજચોરીની દંડનીય રકમ**

૪૪૯૮૭ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૩૧૩ (અગ્રતા-૮૨)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ખનિજચોરીના કરવામાં આવેલ કેસો પૈકી ભાવનગર જિલ્લામાં રૂ.૨૨૪૦.૭૨ લાખ અને અમરેલી જિલ્લામાં રૂ.૬૪૭૧.૮૯ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૧)

| જિલ્લો | બાકી લેણા (રૂ.લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરપાઈ થયેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ભાવનગર | ૨૨૪૦.૭૨ | ૪૦.૯૫ |
| અમરેલી | ૬૪૭૧.૮૯ | ૫.૦૯ |

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ખનિજચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨)

| જિલ્લો | ખનિજચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ભાવનગર | ૨૧૯૯.૭૭ |
| અમરેલી | ૬૪૬૬.૮૦ |

(૩) ઉક્ત રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા દંડકીય વસૂલાતની કારણ દર્શક નોટિસ આપેલ છે તથા દંડકીય વસૂલાતના હુકમ કરવામાં આવેલ છે. તેમજ પોલીસ ફરિયાદ દાખલ કરેલ છે.

---------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં ખનિજચોરીની દંડનીય રકમ**

તા.૨૫મી માર્ચ ૨૦૨૨
અતારાંકિત પ્રશ્નો

૪૫૦૨૩ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૩૫૮ (અગ્રતા-૧૩)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખનિજચોરીના કરવામાં આવેલ કેસો પૈકી ભરૂચ જિલ્લામાં રૂ.૨૫૦૪.૮૪ લાખ અને નર્મદા જિલ્લામાં રૂ.૨૮૪૪.૭૬ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ખનિજચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લો | દંડની વસૂલવાપાત્ર રકમ (રૂ. લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલાત થયેલ દંડની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ભરૂચ | ૨૫૦૪.૮૪ | ૦.૩૩ |
| નર્મદા | ૨૮૪૪.૭૬ | શૂન્ય |

(૨)

| જિલ્લો | ખનિજચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ભરૂચ | ૨૫૦૪.૫૧ |
| નર્મદા | ૨૮૪૪.૭૬ |

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા કસૂરદારોને નોટિસ પાઠવેલ છે તથા નિયમાનુસાર વસૂલાત અંગેના હુકમો કરેલ છે તથા જમીન મહેસૂલ રાહે વસૂલાત કરવા આર.આર.સી. ઈસ્યૂ કરવામાં આવેલ છે તેમજ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

---------

**રાજ્યના સ્વાતંત્ર્ય સેનાનીઓ તથા તેમના આશ્રિતોને પેન્શન બાબત**

૪૫૫૯૨ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ તથા તેમના આશ્રિતોને રાજ્ય સરકારની પેન્શન સેવા હેઠળ કેટલી રકમ આપવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ તથા તેમના આશ્રિતોને રાજ્ય સરકાર દ્વારા મળતા પેન્શનની રકમમાં વધારો કરવા કોઈ રજૂઆત સરકારને મળેલ છે કે કેમ, અને

(૩)જો હા, તો ઉક્ત બાબતે સરકારે શાં પગલાં ભર્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં સ્વાતંત્ર્ય સેનાનીઓને માસિક રૂપિયા ૧૦,૦૦૦/- તથા તેમના આશ્રિતોને માસિક રૂપિયા ૭૦૦૦/- રાજ્ય સરકારની પેન્શન સેવા હેઠળ પેન્શન આપવામાં આવે છે.

(૨) હા, જી.

(૩) નોંધ લીધેલ છે.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ખનિજચોરીની દંડનીય રકમ**

૪૪૮૯૧ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૨૨૩ (અગ્રતા-૧૫૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ખનિજચોરીના કરવામાં આવેલ કેસો પૈકી બનાસકાંઠા જિલ્લામાં રૂ.૨૩૬૦.૬૪ લાખ અને કચ્છ જિલ્લામાં રૂ.૪૬૭૫૮.૫૪ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૧)

| જિલ્લો | દંડની બાકી રકમ (રૂ. લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલાત થયેલ દંડની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| બનાસકાંઠા | ૨૩૬૦.૬૪ | ૪૧.૮૮ |
| કચ્છ | ૪૬૭૫૮.૫૪ | ૧૦.૩૨ |

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ખનિજચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨)

| જિલ્લો | ખનિજચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| બનાસકાંઠા | ૨૩૧૮.૭૬ |
| કચ્છ | ૪૬૭૪૮.૨૨ |

(૩) ઉક્ત રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા કસૂરદારોને નોટિસ પાઠવેલ છે તથા નિયમાનુસાર વસૂલાત અંગેના હુકમો કરેલ છે. લીઝના એ.ટી.આર. (વર્ચ્યુઅલ એકાઉન્ટ) લોક કરવામાં આવેલ છે જેથી કસૂરદારો દ્વારા અપીલ/રિવિઝન અરજી દાખલ કરેલ છે તથા જમીન મહેસૂલ રાહે વસૂલાત કરવા આર.આર.સી. ઈસ્યૂ કરવામાં આવેલ છે તથા નામ. કોર્ટમાં કેસ દાખલ કરેલ છે તેમજ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

---------

## વડોદરા અને ડાંગ જિલ્લામાં ખનિજચોરીની દંડનીય રકમ

૪૫૦૨૦ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૩૫૨ (અગ્રતા-૭)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ખનિજચોરીના કરવામાં આવેલ કેસો પૈકી વડોદરા જિલ્લામાં રૂ.૩૦૩૦.૧૫ લાખ અને ડાંગ જિલ્લામાં રૂ.૧.૮૩ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૧)

| જિલ્લો | બાકી લેણા (રૂ.લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરપાઈ થયેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| વડોદરા | ૩૦૩૦.૧૫ | ૨૯.૫૯ |
| ડાંગ | ૧.૮૩ | શૂન્ય |

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ખનિજચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨)

| જિલ્લો | ખનિજચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| વડોદરા | ૩૦૦૦.૫૬ |
| ડાંગ | ૧.૮૩ |

(૩) ઉક્ત રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) દંડકીય વસૂલાતની કારણદર્શક નોટિસ આપેલ છે તથા દંડકીય વસૂલાતના હુકમ કરવામાં આવેલ છે. જમીન મહેસૂલ રાહે વસૂલાત કરવા આર.આર.સી. ઇસ્યૂ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**પોરબંદર અને છાયા નગરપાલિકા વિરૂદ્ધ સરકારને મળેલ ફરિયાદો**

૪૫૭૬૩ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૧૫-૦૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ તથા મંજૂર અમલી સામાન્ય વિકાસ નિયંત્રણ, વિનિયમોની કાનૂની જોગવાઇઓ વિરૂદ્ધ અપ્રસ્તુત ઠરાવો/નિર્ણયો/મંજૂરીઓ કરવા અંગેની કોઈ જ કાર્યવાહી સત્તામંડળની ટાઉન પ્લાનીંગ કમિટીમાં બહુમતીથી કરવી નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ પોરબંદર નગરપાલિકા અને છાયા નગરપાલિકા (પોરબંદર-છાયા નગરપાલિકા) દ્વારા ઉક્ત જોગવાઇઓનો ભંગ થતો હોવાની કેટલી ફરિયાદો સરકારને છેલ્લા બે વર્ષમાં મળી,

(૨) ૧૩

(૩) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) સરકારશ્રીની વિચારણાધીન છે.

(૪) ઉક્ત જોગવાઈનો ભંગ થાય તેવા સંજોગોમાં કેવા પ્રકારની કાર્યવાહી કરવાની જોગવાઈ છે ?

(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૦-૦૮-૨૦૦૦ના આદેશ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૦/ ૨૫૨૩/લ મુજબ.

- - - - - - - - -

**સામાન્ય વહીવટ વિભાગ માટે બજેટમાં નાણાકીય જોગવાઈ કરવા બાબત**

૪૪૮૯૪ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સામાન્ય વહીવટ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ,

(૧)

| વર્ષ | બજેટ જોગવાઇ |
|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ. ૨૦૩૦૮૩.૬૪ લાખ |
| ૨૦૨૦-૨૧ | રૂ. ૧૭૬૬૧૮.૨૧ લાખ |

(૨) જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)

| જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ ફાળવેલ રકમ | |
|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ. ૨૦૨૮૭૬.૩૮ લાખ |
| ૨૦૨૦-૨૧ | રૂ. ૧૩૧૮૩૪.૧૮ લાખ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી ?

(૩)

| | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ |
|---|---|---|
| વપરાયેલ રકમ | રૂ. ૧૯૮૫૭૩.૬૮ લાખ | રૂ. ૧૨૯૯૯૪.૪૨ લાખ |
| વણવપરાયેલ રકમ | રૂ.૪૩૦૨.૭૦ લાખ | રૂ.૧૮૩૯.૭૬ લાખ |
| મુખ્ય કારણો | (૧) કેટલીક કચેરીઓમાં જગ્યાઓ ખાલી રહેલ હતી. (૨) કોવિડ-૧૯ મહામારીને કારણે કેટલાક બીલો રજૂ ન થતા તથા પોલીસ ઈન્સ્પેક્ટરની પ્રાથમિક પરીક્ષા ન યોજાતા ખર્ચ ઓછો થયેલ હતો. (૩) ૧૨૫ મોરવા હડફ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી કોર્ટ કેસના કારણે મોકૂફ રહેલ હતી. (૪) ઈવીએમ અને વીવીપેટ વેરહાઉસોનું વધારાનું કામ મહાનગરપાલિકા અને માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવેલ હતું. (૫) અન્ય રાજ્યમાં ગુજરાતી સમાજ ભવનના બાંધકામ/ મરામત માટે દરખાસ્તો ઓછી મળેલ હતી. (૬) કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓને બે વર્ષના પારિતોષિકો આપવાનો કાર્યક્રમ મુલતવી રહેલ હતો. (૭) જિલ્લાના વિકાસના કામોમાં તાંત્રિક મંજૂરીની રકમ ઓછી આવેલ હતી. કર્મચારીઓ/અધિકારીઓ તરફથી મકાન/વાહન પેશગી માટે દરખાસ્તો મળેલ ન હતી. | (૧) કેટલીક કચેરીઓમાં જગ્યાઓ ખાલી રહેલ હતી. (૨) કોવિડ-૧૯ મહામારીને કારણે બીલો રજૂ ન થતા ખર્ચ ઓછો થયેલ હતો. (૩) કોવિડ-૧૯ મહામારીને કારણે સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન થઈ શકેલ ન હતું. (૪) પ્રોત્સાહક યોજનાના કામો માટે લોકફાળાની જરૂરી રકમ મળી ન હતી. (૫) જિલ્લાના વિકાસના કામોમાં તાંત્રિક મંજૂરીની રકમ ઓછી આવેલ હતી. (૬) કોવિડ-૧૯ મહામારીને કારણે રાષ્ટ્રીય મતદાતા-૨૦૨૧ની ઉજવણી ડિજિટલ માધ્યમથી કરવામાં આવેલ હતી. અને યુવા મતદાર મહોત્સવનું આયોજન થયેલ ન હતું. (૭) કર્મચારીઓ/અધિકારીઓ તરફથી મકાન/ વાહન પેશગી માટે દરખાસ્તો મળેલ ન હતી. |

---------

**ગાંધીનગર શહેરમાં નિવૃત્ત સરકારી કર્મચારીઓ દ્વારા આવાસો પરત સોંપવા બાબત**

૪૪૯૦૦ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારીઓ, અધિકારીઓને આવાસ ફાળવેલ હોય તે અધિકારીઓ, કર્મચારીઓ નિવૃત્ત થયેલ હોવા છતાં આવાસનો કબ્જો પરત સોંપેલ ન હોય તેવા કઈ કેટેગરીના કેટલા આવાસો છે,

(૧)

| કક્ષા | હાલમાં ચાલુ આવાસ |
|---|---|
| ગ | ૦૪ |
| ગ-૧ | ૦૨ |
| ઘ | ૧૧ |
| ઘ-૧ | ૦૫ |
| ચ | ૪૦ |
| ચ.૧ | ૧૪ |
| છ | ૧૭૩ |
| જ | ૫૦ |
| જ.૨ | ૧૩ |

(૨) આવા કર્મચારીઓ, અધિકારીઓ પાસેથી સમય-મર્યાદામાં આવાસ ખાલી કરાવવા શાં પગલાં લેવામાં આવ્યાં, અને

(૨) ઉક્ત આવાસો પૈકી ૧૩૧ સામે ઈવિક્શન કોર્ટ કેસ દાખલ કરેલ છે. અન્યો સામે નિયમાનુસાર નોટિસ પાઠવી/ ઈવિક્શન કોર્ટ કેસ કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) આવા આવાસો સમય-મર્યાદામાં પરત મેળવવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

(૩) નિયમાનુસાર નોટિસ પાઠવવી/ઈવિક્શન કોર્ટ કેસ કરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

**ખેડા અને મહીસાગર જિલ્લામાં ખનિજચોરીની દંડનીય રકમ**

૪૫૦૦૨ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૩૩૨ (અગ્રતા-૧૯૦)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(૧) ખનિજચોરીના કરવામાં આવેલ કેસો પૈકી ખેડા જિલ્લામાં રૂ.૮૨૯.૮૧ લાખ અને મહીસાગર જિલ્લામાં રૂ.૫૪૬.૨૬ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૧)

| જિલ્લો | દંડની વસૂલવાપાત્ર રકમ (રૂ. લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલાત થયેલ દંડની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ખેડા | ૮૨૯.૮૧ | ૫૦.૦૦ |
| મહીસાગર | ૫૪૬.૨૬ | ૧૩.૯૯ |

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ખનિજચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨)

| જિલ્લો | ખનિજચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ખેડા | ૭૭૯.૮૧ |
| મહીસાગર | ૫૩૨.૨૭ |

(૩) ઉક્ત રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા કસૂરદારોને નોટિસ પાઠવેલ છે તથા નિયમાનુસાર વસૂલાત અંગેના હુકમો કરેલ છે તથા લીઝના એ.ટી.આર. (વર્ચ્યુઅલ એકાઉન્ટ) લોક કરવામાં આવેલ છે જેથી કસૂરદારો દ્વારા અપીલ/રિવિઝન અરજી દાખલ કરેલ છે તેમજ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

- - - - - - - - -

**અમદાવાદ અને જામનગર જિલ્લામાં ખનિજચોરીની દંડનીય રકમ**

૪૪૯૫૪ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૨૫૯ (અગ્રતા-૧૯૬)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ખનિજચોરીના કરવામાં આવેલ કેસો પૈકી અમદાવાદ જિલ્લામાં રૂ.૨૮૫૦.૮૯ લાખ અને જામનગર જિલ્લામાં રૂ.૨૦૭૧.૦૬ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૧)

| જિલ્લો | બાકી લેણા (રૂ.લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરપાઈ થયેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| અમદાવાદ | ૨૮૫૦.૮૯ | ૩.૩૩ |
| જામનગર | ૨૦૭૧.૦૬ | ૦.૪૦ |

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ખનિજચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૨)

| જિલ્લો | ખનિજચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| અમદાવાદ | ૨૮૪૭.૫૬ |
| જામનગર | ૨૦૭૦.૬૬ |

(૩) ઉક્ત રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા કસૂરદારને નોટિસ પાઠવેલ છે તથા નિયમાનુસાર વસૂલાત અંગેના હુકમો કરેલ છે. તથા જમીન મહેસૂલ રાહે વસૂલાત કરવા આર.આર.સી. ઇસ્યૂ કરવામાં આવેલ છે તેમજ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં ગ્રામ રક્ષક દળમાં કર્મચારીઓને છૂટા કરવા બાબત**

૪૪૭૫૬ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ગ્રામ રક્ષક દળમાં ફરજ બજાવતાં કેટલા કર્મચારીઓને કયા કારણોસર છૂટા કરવામાં આવ્યા,

(૧) ૨૫૦ માનદ સભ્યોને
કારણો-
તેઓની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવણી, તેઓની સામે ગુનો દાખલ થયેલ હોઈ, ફરજમાં અનિયમિતતા, સતત ફરજ પર ગેરહાજર, અશોભનીય વર્તન, પ્રાઈવેટ કંપની અને હેલ્થ સેન્ટરમાં નોકરી, ચૂંટણી બંદોબસ્તમાં ગેરહાજર, આંગણવાડી નોકરી તથા ધંધા અર્થે અન્ય શહેરોમાં ગયેલ હોવાના કારણે.

(૨) આ છૂટા કરેલા કર્મચારીઓને સ્થાને સરકારે નવા કર્મચારીઓની ભરતી કરી છે તે હકીકત સાચી છે, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો છૂટા કરેલા કર્મચારીઓને નહી લેવાના કારણો શું છે ?

(૩) ખંડ-(૧) મુજબ.

---------

**ગૃહ વિભાગ માટે બજેટમાં કરેલ નાણાકીય જોગવાઈ બાબત**

૪૪૯૦૩ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગૃહ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૬૬૮૭.૦૦ કરોડ અને વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૭૫૦૨.૯૨ કરોડ.

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૬૬૮૭.૦૦ કરોડ અને વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૭૫૦૨.૯૨ કરોડ.

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી ?

(૩)

| નાણાકીય વર્ષ | વપરાયેલ રકમ | વણવપરાયેલ રકમ |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૬૧૮૫.૬૬ કરોડ | ૫૦૧.૩૪ કરોડ |
| ૨૦૨૦-૨૧ | ૬૬૪૩.૨૫ કરોડ | ૮૫૯.૬૭ કરોડ |

Covid-19 ના કારણે ખરીદી ન થઈ શકવાના કારણે તેમજ ખાલી જગ્યાઓના કારણે.

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૪૯૦૬ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૨૩૬ (અગ્રતા-૨૬૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી પાટણ જિલ્લામાં ૩૪૯ અને મહેસાણા જિલ્લામાં ૧૩૯ ઇસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૧)

| જિલ્લા | ધરપકડ બાકી |
|---|---|
| પાટણ | ૬૧ |
| મહેસાણા | ૩૧ |

(૨) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શાં પગલાં

(૨) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક,

લેવામાં આવ્યાં ?

મિત્ર વર્તુળ, સગાસંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઇલ નંબર મળેલ છે તેની કોલ ડીટેઇલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે.

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં એસ.સી./એસ.ટી. સેલની મુલાકાત**

૪૪૪૩૪ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ વિસ્તારોમાં એસ.સી./એસ.ટી. સેલ દ્વારા કયા અધિકારીઓ દ્વારા કયા સ્થળની મુલાકાત લેવામાં આવી, અને | (૧) પત્રક મુજબ. |
| (૨) ઉક્ત મુલાકાત દરમિયાન સ્થળ તપાસમાં કયા પ્રકારના અવલોકનો કરવામાં આવ્યા ? | (૨) ઉક્ત મુલાકાતો દરમ્યાન અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના નાગરિકોને તથા ગામ આગેવાનોની મુલાકાત કરી કોઇ જાતિ વિષયક પ્રશ્નો છે કે કેમ ? તે બાબતે ખાતરી કરવામાં આવેલ તેમજ જે ગામમાં ગુન્હો બનેલ હોય તે ગુનાની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે તેમજ જરૂરી હોય તેવા સકારાત્મક સૂચનો કરવામાં આવેલ છે. |

**પત્રક**

| **અધિકારીશ્રી** | **સ્થળનું નામ** |
|---|---|
| નાયબ પોલીસ અધીક્ષકશ્રી, એસ.સી./ એસ.ટી. સેલ, સુરેન્દ્રનગર | મૂળી |
| !! | ભલગામડા |
| !! | અખીયાણા |
| !! | શેખપર |
| !! | પાણસીણા |
| !! | થાનગઢ |
| !! | પાટડી |
| !! | ધ્રાંગધ્રા |
| !! | વઢવાણ |
| !! | ચુડા |
| !! | લીંબડી |
| !! | સુરેન્દ્રનગર |
| !! | જોરાવરનગર |
| !! | સડલા |
| !! | સાયલા |
| !! | ચોટીલા |
| !! | લખતર |
| !! | સરા |
| !! | બજાણા |
| !! | કંકાવટી |
| !! | રાણાગઢ |

| અધિકારીશ્રી | સ્થળનું નામ |
|---|---|
| !! | વિઠ્ઠલગઢ |
| !! | જનશાળી |
| !! | ધજાળા |
| !! | નાની મોલડી |

---------

**બોરસદ જિલ્લામાં ટ્રાફિક નિયમનો ભંગ બદલ વસૂલેલ દંડ**

૪૪૯૯૦ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ પોલીસ દ્વારા કેટલી રકમનો દંડ વસૂલ કરવામાં આવ્યો ?

**જવાબ**

| વર્ષ | વસૂલ કરેલ દંડ |
|---|---|
| ૨૦૨૦ | ૩.૧૩,૬૦,૭૦૦ |
| ૨૦૨૧ | ૩.૧૦,૩૨,૩૦૦ |

---------

**અમદાવાદ અને અમરેલી જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૫૦૧૧ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : ૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક) ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૨૫૬ (અગ્રતા-૨૨૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી અમદાવાદ શહેરમાં ૧૬૦, અમદાવાદ ગ્રામ્યમાં ૮૨ અને અમરેલી જિલ્લામાં ૨૯ ઈસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત શહેર/ જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત બાકી ઈસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લા | ધરપકડ કરવાના બાકી ઈસમોની સંખ્યા |
|---|---|
| અમદાવાદ શહેર | ૬૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૬૧ |
| અમરેલી | ૧૬ |

(૨) પકડવાના બાકી ઈસમોને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગાસંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઇલ નંબર મળેલ છે તેની કોલ ડીટેઇલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે.

---------

**ભૂસ્તરશાસ્ત્રી વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ**

૪૪૯૯૬ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનર કચેરી ખાતે ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૧ અને વર્ગ-૨ની કેટલી જગ્યાઓ મંજૂર કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ભૂસ્તરશાસ્ત્રી વર્ગ-૧ અને વર્ગ-૨ની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજૂર થયેલ જગ્યા |
|---|---|
| ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૧ | ૨૮ |
| મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ | ૫૫ |

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૧ | ૧૫ | ૧૩ |

| | | |
|---|---|---|
| મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨ | ૨૦ | ૩૫ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

(૩) **ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૧**

૦૭ જગ્યા સીધી ભરતીથી ભરવા અંગે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોને નિમણૂક આપવાની કાર્યવાહી ચાલુમાં છે.

**મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૨**

૦૪ જગ્યા સીધી ભરતીથી ભરવા અંગે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તથા તેની ફિડર કેડર રોયલ્ટી ઈન્સ્પેક્ટરમાંથી ૦૪ જગ્યાઓ બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુમાં છે.

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં બેડી બંદર વિકસાવવાની કામગીરી**

૪૪૯૫૭ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર જિલ્લામાં આવેલ બેડી બંદરને વિકસાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, | (૧)<br>● બેડી બંદર ખાતે આયોજિત બંદરીય સુવિધાઓના કામો જેમ કે વાર્ફ, ડ્રેનેજ અને ડ્રેર્જીંગના કામો પૂર્ણ કરેલ છે.<br>● બેડી બંદરે ખાનગી મૂડી રોકાણથી જેટી નવીનીકરણની કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. આ ઉપરાંત રેલ કનેક્ટિવીટીની કામગીરી પ્રગતિ હેઠળ છે. તથા બેડેશ્વર વાલસુરા મરીન પોલીસ ચેકપોસ્ટથી ગુલાબનગર સ્ટેટ હાઈવે સાથે જોડાણની વધારાની રોડ કનેક્ટિવીટીની યોજના મંજૂરી હેઠળ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત બંદરના વિકાસ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) બેડી બંદરે હયાત સુવિધાઓના મરામત અને જાળવણી પેટે ડ્રેર્જીંગ, મીકેનીકલ અને ઈલેક્ટ્રિકલ અને સિવિલમાં છેલ્લા બે વર્ષમાં રૂ.૨.૩૨ કરોડ, રસ્તાની જમીન સંપાદન પેટે રૂ.૧ લાખ તથા રેલ કનેક્ટિવીટી પેટે રૂ. ૪૦ કરોડ મળી બેડી બંદર ખાતે છેલ્લા બે વર્ષમાં કુલ રૂ. ૪૨.૩૩ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત બંદરના વિકાસની કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે ? | (૩)<br>● રેલ્વે લાઈનના વિકાસની કામગીરી આશરે રૂ. ૭૧ કરોડના ખર્ચે વર્ષ ૨૦૨૨ અંતિત પૂર્ણ કરવાનું આયોજન છે.<br>● બેડેશ્વર વાલસુરાથી મરીન પોલીસ ચેકપોસ્ટથી ગુલાબનગર સ્ટેટ હાઈવે જોડાણની વધારાની રોડ કનેક્ટિવીટીનું કામ અંદાજિત રૂ. ૭૦ કરોડના ખર્ચે આગામી બે વર્ષ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.<br>● ખાનગી મૂડીરોકાણથી જેટી નવીનીકરણની કામગીરી વિકાસકાર નક્કી થયા બાદ કરવામાં આવશે. |

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખનિજ ચોરીની દંડનીય રકમ**

૪૪૯૨૭ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૩૧૨૫૧ (અગ્રતા-૨૬૧)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખનિજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી ગાંધીનગર જિલ્લામાં રૂ.૬૨૮.૩૭ લાખ અને મહેસાણા જિલ્લામાં રૂ.૨૩૭૦.૦૯ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ખનિજચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | બાકી લેણા (રૂ. લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરપાઇ થયેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ગાંધીનગર | ૬૨૮.૩૭ | ૫.૬૬ |
| મહેસાણા | ૨૩૭૦.૦૯ | ૪૬.૮૦ |

(૨)

| જિલ્લો | ખનિજ ચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ગાંધીનગર | ૬૨૨.૭૧ |
| મહેસાણા | ૨૩૨૩.૨૯ |

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા કસૂરદારને નોટિસ પાઠવેલ છે તથા નિયમોનુસાર જમીન મહેસૂલ રાહે વસૂલાત કરવા આર.આર.સી. ઇસ્યૂ કરવામાં આવેલ છે તેમજ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

---------

**આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં ખનિજ ચોરીની દંડનીય રકમ**

૪૪૯૯૯ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૩૧૩૧૯ (અગ્રતા-૭૩)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખનિજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી આણંદ જિલ્લામાં રૂ.૫૦૭.૧૭ લાખ અને છોટાઉદેપુર જિલ્લામાં રૂ.૨૮૨૬.૧૫ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ખનિજ ચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| જિલ્લો | દંડની વસૂલવાપાત્ર બાકી રકમ (રૂ. લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલાત થયેલ દંડની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| આણંદ | ૫૦૭.૧૭ | ૭.૦૮ |
| છોટાઉદેપુર | ૨૮૨૬.૧૫ | ૧૧૩.૭૫ |

(૨)

| જિલ્લો | ખનિજ ચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| આણંદ | ૫૦૦.૦૯ |
| છોટાઉદેપુર | ૨૭૧૨.૪ |

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા કસુરદારોને નોટિસ પાઠવેલ છે તથા નિયમોનુસાર વસૂલાત અંગેના હુકમો કરેલ છે જેથી કસૂરદારો દ્વારા અપીલ/રિવિઝન અરજી દાખલ કરેલ છે તથા નામ. કોર્ટમાં કેસ દાખલ કરેલ છે તેમજ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

---------

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**તાપી અને ડાંગ જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૫૦૩૫ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૩૧૩૬૬ (અગ્રતા-૨૫૮)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી તાપી જિલ્લામાં ૧૦૮ અને ડાંગ જિલ્લામાં ૪ ઇસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લા | ધરપકડ કરવાની બાકી |
|---|---|
| તાપી | ૬૫ |
| ડાંગ | ૦૨ |

(૨) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓના કોલ ડિટેઇલ મેળવી તપાસ તજવીજ કરાવેલ છે. સી.આર.પી.સી. મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પૂરાતત્વ સ્થળોનો વિકાસ**

૪૪૯૬૦ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પૂરાતત્વ હસ્તકના કેટલી જમીન, મિલ્કતો, મંદિરો કયા સ્થળે આવેલા છે,

(૨) ઉક્ત સ્થળોના વિકાસ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર કયા સ્થળોના વિકાસ માટે કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પૂરાતત્વ હસ્તકના રાજ્ય રક્ષિત સ્મારકોની વિગતો દર્શાવતું પત્રક-અ સામેલ છે.

(૨) શૂન્ય.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

| ક્રમ | સ્મારકનું નામ | ગામ | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|---|
| ૧ | પ્રાચીન મંદિર | દાત્રાણા | ખંભાળીયા | દેવભૂમિ દ્વારકા |
| ૨ | કાલીકામાતાનું મંદિર | ધ્રાસણવેલ | દ્વારકા | દેવભૂમિ દ્વારકા |
| ૩ | કિલેશ્વર પાસેનો કિલ્લો | ઘુમલી | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૪ | ગણેશ મંદિર | ઘુમલી | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૫ | નવલખા મંદિર | ઘુમલી | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૬ | પ્રાચીન મંદિર (છેલસર તળાવને કાંઠે) | ઘુમલી | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૭ | રામપોળ દરવાજો | ઘુમલી | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૮ | વિકિયા વાવ | ઘુમલી | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૯ | સોન કંસારી | ઘુમલી | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૧૦ | પાંચ મંદિરો | પાછતર | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૧૧ | ભીમેશ્વર મહાદેવનું મંદિર (ગામના પાદરમાં) | પાછતર | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૧૨ | ભવનેશ્વરના બે મંદિરો | ભવનેશ્વર | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૧૩ | કિલ્લો | મોડપર | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૧૪ | વાવ | મોડપર | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | સ્મારકનું નામ | ગામ | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|---|
| ૧૫ | ધિંગેશ્વર મહાદેવનું મંદિર અને શૈલ ગુફાઓ | મોડપર (રાણપર) | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૧૬ | પનોતીનું મંદિર | હાથલા | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |
| ૧૭ | શનીની વાવ | હાથલા | ભાણવડ | દેવભૂમિ દ્વારકા |

- - - - - - - - -

**ધોલેરા તાલુકામાં કાર્ગો એરપોર્ટની કામગીરી**

૪૩૩૧૨ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ધોલેરા તાલુકાના નવાગામ ખાતે કાર્ગો એરપોર્ટ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તબક્કા-૧ના કામ માટે ટેન્ડર ખોલવામાં આવ્યું છે અને એલ-૧ બિડરની ઓળખ કરવામાં આવી છે, ભારત સરકારની આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA)ની મંજૂરી પછી તબક્કા-૧નું કામ સોંપવામાં આવશે.

(૨) પ્રોજેક્ટનો સુધારેલ અંદાજિત ખર્ચ રૂ.૧૩૦૫ કરોડ છે. કામગીરીનો નિયત સમયગાળો એવોર્ડની તારીખથી ચાર વર્ષનો છે.

- - - - - - - - -

**રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ-૩ની જગ્યાઓ**

૪૫૦૩૮ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ-૩ સંવર્ગની કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ બઢતીથી ભરવાની થાય છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ-૩ સંવર્ગની ૬૮ જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ૪૦ જગ્યાઓ ભરાયેલ છે.

(૩) ખાલી જગ્યાઓ પૈકી તમામ જગ્યાઓ બઢતીથી ભરવાની થાય છે.

(૪) રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ-૩ની ફિડર કેડર માઇન્સ સુપરવાઇઝરની ભરાયેલ ૪૦ જગ્યાઓ પરથી બઢતીપાત્ર ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બઢતીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

- - - - - - - - -

**ગાંધીનગર શહેરમાં નિવૃત્ત અધિકારી/કર્મચારીઓ દ્વારા આવાસ વધુ સમય રાખવાની અરજી**

૪૪૯૯૩ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારીઓ/અધિકારીઓને આવાસ ફાળવેલ હોય તે અધિકારીઓ, કર્મચારીઓ નિવૃત્ત થયેલ હોવા છતાં આવાસનો કબ્જો પરત સોંપવાના બદલે આવાસ વધુ સમય રાખવા અંગેની કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

**જવાબ**

(૧) સને.૨૦૨૦ કુલ-૪૬૪
સને.૨૦૨૧ કુલ-૪૪૨

(૨) સને.૨૦૨૦ કુલ-૩૬૩
સને.૨૦૨૧ કુલ-૩૮૨

(૩) આવા કર્મચારીઓ, અધિકારીઓ પાસેથી ઉક્ત વર્ષવાર આવાસના ભાડા પેટે ક્યા દરે કેટલી રકમ વસૂલવામાં આવી, અને

(૩)

| | સ્ટાન્ડર્ડ દર | આર્થિક દર | માર્કેટ દર |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૧૦૯૮૦૮૮/- | ૧૦૭૦૫૦૮/- | ૧૫૨૨૫૫૧/- |
| ૨૦૨૧ | ૩૯૯૩૬૦/- | ૨૦૯૨૫૫૭/- | ૨૦૨૯૨૬૨/- |

(૪) કેટલા કર્મચારીઓ/ અધિકારીઓ પાસે કેટલી ભાડાની રકમ વસૂલવાની બાકી છે ?

(૪) ૧૨૪ કર્મચારીઓ/અધિકારીઓ પાસેથી કુલ રકમ = રૂ. ૩૬,૬૭,૨૭૧/- વસૂલવાની બાકી છે.

---------

### ગાંધીનગર અને રાજકોટ જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો

૪૫૦૦૫ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧(પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૧૨૫૦ (અગ્રતા-૨૦૮)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી ગાંધીનગર જિલ્લામાં ૬૧ અને રાજકોટ શહેરમાં ૬૧ અને રાજકોટ ગ્રામ્યમાં ૮૮ ઇસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત શહેર/ જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લા/શહેર | ધરપકડ કરવાના બાકી ઈસમોની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૨૪ |
| રાજકોટ શહેર | ૪૩ |
| રાજકોટ ગ્રામ્ય | ૭૭ |

(૨) પકડવાના બાકી ઈસમોને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગા સંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડિટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે.

---------

### અમરેલી જિલ્લામાં એફએસઆરયુ પ્રોજેક્ટ

૪૪૯૮૧ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા-જાફરાબાદ ખાતે એફએસઆરયુ પ્રોજેક્ટની કામગીરી ક્યારે કોને આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની હતી,

(૩) સમયસર ઉક્ત કામગીરી પૂર્ણ ન થઈ હોઈ તો સમયમર્યાદામાં કેટલો વધારો કરવામાં આવ્યો,

(૪) ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે, અને

(૫)ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લાના રાજુલા-જાફરાબાદ ખાતે મે. સ્વાન એલ.એન.જી.પ્રા.લિ. ને તા.૦૮-૧૨-૨૦૧૬ના રોજ એફએસઆરયુ સાથેના એલએનજી ટર્મિનલ પ્રોજેક્ટના બાંધકામની પરવાનગી આપેલ છે.

(૨) ઉક્ત કામગીરી ડિસેમ્બર-૨૦૧૯ સુધી પૂર્ણ કરવાની હતી. ઉક્ત કામગીરી માટેની સમયમર્યાદા તા.૩૧-૦૩-૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે.

(૩) તા.૩૧-૦૩-૨૦૨૨ સુધી સમયમર્યાદા વધારવામાં આવેલ છે.

(૪) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કામગીરીમાં આશરે ૬૩.૮૫% પ્રગતિ થયેલ છે.

(૫) બાંધકામની કામગીરી દરમ્યાન આવેલ મોટા-વાવાઝોડાઓથી થયેલ નુકસાન અને કોવિડ-૧૯ મહામારી જેવા કુદરતી પરિબળોનાં કારણે થયેલ વિલંબ અન્વયે કંપની દ્વારા તા.૩૧-૧૨-૨૦૨૩ સુધી સમયમર્યાદા વધારવા દરખાસ્ત રજૂ કરેલ છે.

---------

અતારાંકિત પ્રશ્નો

**ધોલેરા એસ.આઈ.આર.માં કામગીરી બાબત**

૪૪૯૩૯ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોલેરા એસ.આઇ.આર.માં ઈ.પી.સી. ધોરણે ધોલેરા ખાતે સક્રિય વિસ્તારના રસ્તાઓ અને સેવાઓની રચના અને બાંધકામની કામગીરી સંબંધિત કોન્ટ્રાક્ટર, એજન્સીએ તા.૦૯-૦૯-૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાની હતી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, | (૨) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત કામગીરી ૯૦% પૂર્ણ થયેલ છે. |
| (૩) ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૩) ખંડ-૨ જોતા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત કામગીરી ઉક્ત નિયત સમયમાં પૂર્ણ ન થઇ હોઇ તો સંબંધિત કઇ એજન્સી સામે શાં પગલાં લીધા ? | (૪) આજની સ્થિતિને ધ્યાને લઇ ઉક્ત કાર્ય ઝડપથી પૂર્ણ થાય તે માટે, સંબંધિત કોન્ટ્રાક્ટર (L&T)ના અધિકારીઓ સાથે ઉચ્ચ કક્ષાએ નિયમિત બેઠકો કરવામાં આવે છે. તેમજ કામ ઝડપથી પૂર્ણ થાય તે માટે સાઇટની કામગીરીનું ઝીણવત્તા પૂર્વક નિરીક્ષણ કરવામાં આવે છે. |

---------

**મોરબી અને રાજકોટ જિલ્લામાં ખનિજ ચોરીની દંડનીય રકમ**

૪૪૯૪૮ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૨૭૬ (અગ્રતા-૯૩)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખનિજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી મોરબી જિલ્લામાં રૂ.૨૫૧૦.૮૧ લાખ અને રાજકોટ જિલ્લામાં રૂ.૯૮૭.૧૭ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

**જવાબ**

(૧)

| જિલ્લો | બાકી લેણા (રૂ.લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરપાઇ થયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| મોરબી | ૨૫૧૦.૮૧ | ૫.૦૯ |
| રાજકોટ | ૯૮૭.૧૭ | શૂન્ય |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખનિજ ચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

**જવાબ**

(૨)

| જિલ્લો | ખનિજ ચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| મોરબી | ૨૫૦૫.૭૨ |
| રાજકોટ | ૯૮૭.૧૭ |

**પ્રશ્ન**

(૩) ઉક્ત રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા કસૂરદારને નોટિસ પાઠવેલ છે તથા નિયમોનુસાર વસૂલાત અંગેના હુકમો કરેલ છે. જેથી કસૂરદારો દ્વારા અપીલ / રિવિઝન અરજી દાખલ કરેલ છે તથા જમીન મહેસૂલ રાહે વસૂલાત કરવા આર.આર.સી. ઈશ્યૂ કરવામાં આવેલ છે તથા નામ.કોર્ટમાં કેસ દાખલ કરેલ છે તેમજ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

---------

તા.૨૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**સુરત અને નવસારી જિલ્લામાં ખનિજ ચોરીની દંડનીય રકમ**

જ૫૦૨૯ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૩૬૧ (અગ્રતા-૬)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખનિજ ચોરીના કરવામાં આવેલ કેસો પૈકી સુરત જિલ્લામાં રૂ.૬૯૭૭.૮૫ લાખ અને નવસારી જિલ્લામાં રૂ.૧૨૧.૦૬ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખનિજ ચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લો | દંડની વસૂલવાપાત્ર બાકી રકમ (રૂ. લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલાત થયેલ દંડની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| સુરત | ૬૯૭૭.૮૫ | ૧૬૧.૩૫ |
| નવસારી | ૧૨૧.૦૬ | ૧૪.૩૪ |

(૨)

| જિલ્લો | ખનિજ ચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| સુરત | ૬૮૧૬.૫ |
| નવસારી | ૧૦૬.૭૨ |

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા કસૂરદારોને નોટિસ પાઠવેલ છે તથા નિયમોનુસાર વસૂલાત અંગેના હુકમો કરેલ છે. જેથી કસૂરદારો દ્વારા અપીલ / રિવિઝન અરજી દાખલ કરેલ છે તથા જમીન મહેસૂલ રાહે વસૂલાત કરવા આર.આર.સી. ઈશ્યૂ કરવામાં આવેલ છે તેમજ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

\- - - - - - - - -

**સુરત અને ભરૂચ જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

જ૫૦૩૨ **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક) ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૩૧૩૬૩ (અગ્રતા-૨૪૧)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી સુરત શહેરમાં ૧૭૧, સુરત ગ્રામ્યમાં ૨૦૭ અને ભરૂચ જિલ્લામાં ૨ ઇસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્તશહેર / જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લા | ધરપકડ કરવાની બાકી |
|---|---|
| સુરત શહેર | ૧૨૬ |
| સુરત ગ્રામ્ય | ૧૪૮ |
| ભરૂચ | ૦ |

(૨) પકડવાના બાકી આરોપીઓને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગાસંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓના કોલ ડીટેઈલ મેળવી તપાસ તજવીજ કરાવેલ છે. સી.આર.પી.સી. મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

\- - - - - - - - -

**જંબુસર સબ જેલનું જર્જરિત મકાન**

જ૫૦૨૬ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય જેલમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જંબુસર સબજેલનું મકાન જર્જરિત હોવાની હકીકત સાચી છે કે કેમ,

**જવાબ**

(૧) તા. ૧૧-૦૨-૨૦૦૯ થી જંબુસર સબ જેલના મકાનનો ઉપયોગ બંધ કરેલ છે.

(૨) જો હા, તો ઉક્ત જેલનું મકાન નવીન બનાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી ફરિયાદો/રજૂઆત મળી,

(૨) ૦૧ (એક)

(૩) ઉક્ત સબજેલનું મકાન ક્યાં સુધીમાં કેટલા ખર્ચે નવીન બનાવવામાં આવશે ?

(૩) જંબુસર તાલુકા સબ જેલમાં રાખવાપાત્ર કેદીઓને ભરૂચ જિલ્લા જેલમાં રાખવામાં આવતા હોવાથી હાલ જરૂર નથી.

- - - - - - - - -

**ગાંધીનગર શહેરમાં નિવૃત્ત સરકારી કર્મચારીઓ દ્વારા આવાસો પરત સોંપવા બાબત**

૪૪૯૬૯ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૩૬૮૬૪ (અગ્રતા-૨૬૬) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારીઓ, અધિકારીઓને આવાસ ફાળવેલ હોય તે અધિકારીઓ, કર્મચારીઓ નિવૃત્ત થયેલ હોવા છતાં વિવિધ કેટેગરીના ૪૪૯ આવાસનો કબ્જો પરત સોંપેલ ન હતો, તે પૈકી કઈ કેટેગરીના કેટલા આવાસનો કબ્જો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મેળવવામાં આવ્યો,

(૧)

| **કક્ષા** | **ખાલી થયેલ આવાસ** |
|---|---|
| ખ | ૦ |
| ગ | ૩ |
| ગ-૧ | ૩ |
| ઘ | ૧૩ |
| ઘ-૧ | ૧૦ |
| ચ | ૩૯ |
| ચ-૧ | ૧૫ |
| છ | ૧૪૯ |
| જ | ૫૫ |
| જ-૨ | ૧૯ |
| જ-૧ | ૨ |
| **કુલ** | **૩૦૮** |

(૨) ઉક્ત સ્થિતિએ કઈ કેટેગરીના કેટલા આવાસોનો કબ્જો મેળવવાનો બાકી છે, અને

(૨)

| **કક્ષા** | **હાલમાં ચાલુ આવાસ** |
|---|---|
| ખ | ૧ |
| ગ | ૧ |
| ગ-૧ | ૧ |
| ઘ | ૨ |
| ઘ-૧ | ૧ |
| ચ | ૨૦ |
| ચ-૧ | ૬ |
| છ | ૮૩ |
| જ | ૨૨ |
| જ-૨ | ૪ |
| જ-૧ | ૦ |
| **કુલ** | **૧૪૧** |

(૩) આવા આવાસોનો કબ્જો સમય-મર્યાદામાં પરત મેળવવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

(૩) નિયમોનુસાર ઈવીકશન કોર્ટકેસ કરવાની કાર્યવાહી ચાલુ છે.

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ખનિજ ચોરીની દંડનીય રકમ**

૪૫૦૧૭ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૩૧૩૪૪ (અગ્રતા-૨૩૨)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

તા.૨૫મી માર્ચ ૨૦૨૨
અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) ખનિજચોરીના કરવામાં આવેલ કેસો પૈકી દાહોદ જિલ્લામાં રૂ.૧૧૭.૮૮ લાખ અને પંચમહાલ જિલ્લામાં રૂ.૨૦૬૧.૭૬ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખનિજચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત રકમ વસૂલવા શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લો | બાકી લેણા (રૂ.લાખમાં) | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરપાઇ થયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| દાહોદ | ૧૧૭.૮૮ | શૂન્ય |
| પંચમહાલ | ૨૦૬૧.૭૬ | ૦.૩૯ |

(૨)

| જિલ્લો | ખનિજચોરીની વસૂલવાની બાકી રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| દાહોદ | ૧૧૭.૮૮ |
| પંચમહાલ | ૨૦૬૧.૩૭ |

(૩) ઉક્ત બાકી રકમ વસૂલવા કસૂરદારને નોટિસ પાઠવેલ છે તથા નિયમોનુસાર વસૂલાત અંગેના હુકમો કરેલ છે તથા લિઝના એ.ટી.આર. (વર્ચ્યૂઅલ એકાઉન્ટ) લોક કરવામાં આવેલ છે જેથી કસુરદારો દ્વારા અપીલ/રિવિઝન અરજી દાખલ કરેલ છે તેમજ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરેલ છે.

---------

**ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો**

૪૪૯૭૨ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧ (પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ- ૩૧૨૯૮ (અગ્રતા-૧૩૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો પકડવામાં આવેલ તે પૈકી ગીર સોમનાથ જિલ્લામાં ૧૩ અને ભાવનગર જિલ્લામાં ૫૩ ઇસમોની ધરપકડ કરવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત બાકી ઇસમોને પકડવા માટે શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| જિલ્લાવાર | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ધરપકડ કરવાના બાકી ઈસમોની સંખ્યા |
|---|---|
| ગીર સોમનાથ | ૦૩ |
| ભાવનગર | ૧૫ |

(૨) પકડવાના બાકી ઈસમોને તેમના રહેણાંક, મિત્ર વર્તુળ, સગાસંબંધી તથા મળી આવવાની સંભવિત જગ્યાઓએ તપાસ તજવીજ કરાવેલ છે. જે આરોપીઓના મોબાઈલ નંબર મળેલ છે તેની કોલ ડિટેઈલ મેળવી લોકેશન પર તપાસ તજવીજ કરાવેલ છે. આરોપીઓ બાબતે સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવામાં આવેલ છે.

---------

**વિભાગ માટે બજેટમાં કરેલ નાણાકીય જોગવાઈ**

૪૪૯૫૧ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

**જવાબ**

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર નીચે મુજબની રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ.

(રૂ.લાખમાં)

| વર્ષ | જોગવાઈ | સુધારેલ જોગવાઈ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૩૧૪૮૮૭.૦૦ | ૧૩૯૫૭૧૬.૪૨ |
| ૨૦૨૦-૨૧ | ૧૩૪૩૯૭૫.૯૪ | ૧૨૯૦૭૧૯.૮૩ |

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નીચે મુજબની રકમ ફાળવવામાં આવી.

(રૂ.લાખમાં)

| વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૩૭૨૦૩૮.૨૩ |
| ૨૦૨૦-૨૧ | ૧૧૬૫૪૫૪.૫૪ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી ?

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર નીચે મુજબની રકમ વપરાઈ- વણવપરાયેલી રહી.

(રૂ.લાખમાં)

| વર્ષ | વપરાયેલ | વણવપરાયેલ |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૩૪૭૪૪૬.૧૩ | ૨૪૫૯૨.૧૦ |
| ૨૦૨૦-૨૧ | ૧૧૬૫૩૭૩.૭ | ૮૦.૮૪ |

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તરફથી ગ્રાંટની દરખાસ્ત ન મળવાના કારણે, તેમજ વિભાગ તથા ખાતાના વડાની કચેરીઓમાં કચેરી ખર્ચમાં ઘટાડો થવાના કારણે ઉક્ત રકમ વણવપરાયેલ રહેલ છે. બચત સરકારને સુપરત કરેલ છે.

---------

## બંદરો પ્રભાગ માટે બજેટમાં જોગવાઈ

૪૪૯૭૮ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બંદરો પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી ?

**જવાબ**

(૧)

| વર્ષ | જોગવાઈ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ (ફેરફાર કરેલ અંદાજપત્ર મુજબ) | રૂ.૬૫૭૩.૩૦ |
| ૨૦૨૦-૨૧ | રૂ.૯૦૯૧.૮૭ |

(૨) ખંડ-(૧) મુજબની બજેટ જોગવાઈ સામે વર્ષઃ ૨૦૧૯-૨૦માં સુધારેલા અંદાજો રૂ.૭૬૯૭.૩૬ લાખ અને વર્ષઃ ૨૦૨૦-૨૧માં સુધારેલા અંદાજો રૂ.૩૯૩૧.૨૩ લાખ રાખવામાં આવેલ. જે અનુસંધાને નીચે મુજબ રકમ ફાળવવામાં આવી.

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ.૪૩૫૬.૯૫ |
| ૨૦૨૦-૨૧ | રૂ.૩૮૮૧.૨૩ |

(૩)

| વર્ષ | વપરાયેલ રકમ (રૂ.લાખમાં) | વણવપરાયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ.૪૩૩૪.૧૦ | રૂ.૨૨.૮૫ |
| ૨૦૨૦-૨૧ | રૂ.૩૬૮૮.૩૮ | રૂ.૧૯૨.૮૫ |

રકમ વણવપરાયેલ રહેવાનાં કારણોઃ

વર્ષઃ ૨૦૧૯-૨૦માં બંદરો પ્રભાગમાં ગેઝેટેડ અને નોન-ગેઝેટેડ જગ્યાઓ ખાલી રહેવા સહિતના કારણોસર આ રકમ વણવપરાયેલ રહેલ હતી. જ્યારે, વર્ષ ૨૦૨૦-૨૧માં પ્રભાગની ગેઝેટેડ અને નોન-ગેઝેટેડ જગ્યાઓ ખાલી રહેવા સહિતના કારણો ઉપરાંત તેમજ અપગ્રેડેશન ઓફ અલંગ સોસીયા શીપ રીસાયકલીંગ યાર્ડ યોજના અંતર્ગત ફાળવવામાં આવેલ રકમ પૈકી આંતરરાષ્ટ્રીય સ્તરે પર્યાવરણીય નિયમોનો અમલ વધુ સુદઢ થતા તથા મોટાભાગના શીપ રિસાયક્લીંગ પ્લોટો શીપરિસાયકલરો દ્વારા જાતેજ અપગ્રેડ કરવામાં આવતાં પ્રોજેક્ટમાં નિર્ધારીત કરેલ ઘટકોમાં ઘટાડો કરવાની ઉભી થયેલ જરૂરિયાત સંદર્ભે ઘટકોને રિવાઈઝ્ ડ કરવાનું કાર્ય પ્રોજેક્ટના સ્ટેકહોલ્ડરો સાથે વિચારણા હેઠળ હોવાથી આ પ્રોજેક્ટ અંતર્ગત ફાળવેલ ગ્રાંટનો સંપૂર્ણ ઉપયોગ થવા ન પામતા ગ્રાન્ટ અંશતઃ વણવપરાયેલ રહેવા પામેલ હતી.

---------

તા. ૨૫મી માર્ચ ૨૦૨૨

પોઇન્ટ ઓફ ઓર્ડર

**વિભાગના તાબાની કચેરીઓમાં આઉટસોર્સિંગ / કોન્ટ્રાક્ટથી ભરતી કરવા બાબત**

૪૯૧૨ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તાબા હેઠળની કચેરીઓમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને | (૨) ૧૮૨૫ |
| (૩) કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શાં છે ? | (૩) ૧. સામાન્ય વહીવટ વિભાગની આઉટસોર્સિંગથી ભરતી કરવાની નીતિ અંતર્ગત વર્ગ-૪ અને ડ્રાઈવરની જગ્યાઓ ઉપર સેવાઓ આઉટસોર્સિંગથી લેવાના હુકમો થયેલ હોઈ તે મુજબ સેવાઓ લેવામાં આવે છે.<br>૨. વહીવટી અનુકૂળતા અને જરૂરિયાત ધ્યાને લઈને કોન્ટ્રાક્ટ / આઉટસોર્સિંગથી સેવાઓ લેવામાં આવે છે. |

- - - - - - - - -

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**વિધાનસભા પરિસરમાં સભા ભરી પ્રદર્શન કરવા બાબત.**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૧૧ મુજબ મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. વિધાનસભાના પટાંગણમાં ગૃહની હદનો ભાગ હોઇ તેમાં કોઇપણ વ્યક્તિથી સભા યોજી શકાય નહીં (પાન નં. ૧૬) આજે શ્રી અંબરીશભાઇ ડેર, શ્રી લલિતભાઇ વસોયા, શ્રી કિરીટભાઇ પટેલ, શ્રી ભગાભાઇ બારડ, શ્રી રઘુભાઇ દેસાઇ, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી લલિતભાઇ કગથરા, શ્રી વિરજીભાઇ ઠુમ્મર, શ્રી ચિરાગભાઇ કાલરિયા, શ્રી લાખાભાઇ ભરવાડ, શ્રી નૌશાદભાઇ સોલંકી, શ્રી શીવાભાઇ ભુરિયા અને શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર આ સભ્યોએ આજ રોજ વિધાનસભામાં બેઠક શરૂ થાય એ પહેલાં વિધાનસભાની નીચેના ભાગમાં પ્રવેશ દ્વારા પાસે બેસીને ધરણા કર્યા હતા એ યોગ્ય નથી. આપ એમને ઠપકો આપો અને આદેશ આપો એવી વિનંતી છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના પર્વ્યુમાં આવતું આ વિધાનસભા સંકુલ છે. આપે અનેકવાર એના માટે નિર્ણયો પણ જાહેર કરેલા છે. આપ મહિલા છો અને મહિલા ધારાસભ્યશ્રીઓ અહીંયા આવે છે, મહિલા અધિકારીઓ અહીંયા આવે છે, મહિલા પત્રકારો હોય ત્યારે શર્ટ કાઢીને આ પરિસરમાં આવીને બાઇટ આપવી એ કેવા પ્રકારના સંસ્કાર વિપક્ષના છે? વિરોધ કરવાનો બધાને અધિકાર છે. પણ એટલું પણ આપણા ધ્યાનમાં ન હોય કે મહિલાઓ આવે છે, શર્ટ કાઢીને ઉભા રહેવાનું? સંકુલમાં આ પ્રકારના વિરોધ કરવાના, કોઇપણ સંજોગોમાં ચલાવી લેવાય નહીં. આ સંકુલની બહાર જે કરવું હોય તે કરી શકે છે. એમને અધિકાર છે. આપ મહિલા અધ્યક્ષ છો. આપ વધારે સારી સમજી શકો કે આ કેવા પ્રકારની માનસિકતા છે? મારે કહેવું છે કે આપના દ્વારા આ બાબતમાં કડકમાં કડક આદેશો થાય. મારો બીજો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય શ્રી સી.જે. ચાવડાજીએ તમારી નેકસસ ચાલે છે આવું એમણે અમારા મંત્રીશ્રી વિનુભાઇને કહ્યું છે. ભગવાન જગન્નાથજીની યાત્રા બૂલેટપ્રુફમાં નીકળે (અંતરાય) મારે બીજી વાર ઉભા ન થવું પડે એટલે કહું છું.

અધ્યક્ષશ્રી : એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર પૂરો થાય પછી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

અમિત ચાવડા: માનનીય અધ્યક્ષશ્રી, દંડકશ્રી પંકજભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડરના માધ્યમથી મુદ્દો ઉઠાવી વાત કરી છે. આખા ગુજરાતમાં ખેડૂતોને અત્યારે વીજળી નહીં મળવાના કારણે ઉભો પાક નિષ્ફળ જાય (અંતરાય)

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડરની જે બાબત છે એની વાત કરો. (અંતરાય) એવું નહીં. તમને તક આપી એનો અર્થ એવો નથી કે બીજી વાતો કરો. પોઇન્ટ ઓફ ઓર્ડરની સ્પષ્ટ વાત કરો?

શ્રી અમિત ચાવડા : વિરોધ પ્રદર્શન કર્યું, પ્લે કાર્ડ લઇને વિરોધ કર્યો.

અધ્યક્ષશ્રી : એ યોગ્ય નથી કર્યું એ તો સમજીએ છીએ ને બધાં?

શ્રી અમિત ચાવડા : આ પ્રિમાઇસિસની અંદર આપણે આખા ગુજરાતમાંથી લોકોને બસો ભરીને બોલાવીએ છીએ અને નીચે માઇક સાથે પ્રવચન કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર વિશે આપ ચર્ચા કરો. ગૃહના કેમ્પસમાં થઇ શકે કે નહીં એમાં કંઇ કહેવું હોય તો કહો? આપ બીજી વાત કરો છો?

શ્રી અમિત ચાવડા : આપણે આ જ પ્રિમાઇસિસની અંદર નીચે ભાષણો કરીએ છીએ. રાજકીય ભાષણો કરીએ છીએ. ચૂંટણી જીતવાના મત માટેની વાતો કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : આપે પોઇન્ટ ઓફ ઓર્ડર વિશે કાંઇ કહેવું છે કે નહીં?

શ્રી અમિત ચાવડા : આપના અન્ડરની પ્રિમાઇસિસ છે એટલે એક વિરોધ પ્રદર્શન થયું એને ધ્યાનમાં રાખીને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો, તો રોજ આવા કાર્યક્રમો સરકાર દ્વારા અને ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવે છે. એ અંગે પણ એમને ઠપકો આપવો જોઇએ.

શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી પંકજભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે, ૧૦૦ ટકા વિધાનસભા ગૃહની ગરિમા જળવાવી જોઇએ અને આ ગરિમાના અનુસંધાનમાં આખું પરિસર આપના નેજા હેઠળ આવે છે. કોંગ્રેસ પાર્ટી માટે અને ભારતીય જનતા પાર્ટી માટે નિયમો જુદા હોવા જોઇએ નહીં. બીજું, માનનીય શ્રી જીતુભાઇ, મેં આપની સ્પીચ સાંભળી. આપ જે રીતે બોલી રહ્યા હતા કે આ કેવા સંસ્કાર છે? સંસ્કારની વ્યાખ્યા આપવાની જરૂર નથી.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર વિશે વાત કરો?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે જીતુભાઇ કોંગ્રેસના સંસ્કારોની વાત કરે છે. તમે અમારા સંસ્કારોની વાત ના કરો. તમે તમારા સંસ્કાર પૂરતા રહો તો જ ઇનફ છે.

અધ્યક્ષશ્રી : ડીબેટ બહાર જઇને કરજો. અહીંયા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલો?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપરજ આવું છું. માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ભૂતકાળમાં આ ચાલુ વિધાનસભા હોવા છતાં પણ કોઇપણ મીડિયાના મિત્રને વિધાનસભા પરિસરની અંદર એલાઉ કરવા નહીં એવો આપનો ઓર્ડર છે, તેમ છતાં પણ રાજયના ગૃહમંત્રી દ્વારા એમની ઓફિસમાં મીડિયાને બોલાવીને એમને બાઇટ આપવામાં આવે છે. એની સામે અમે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતા નથી (અંતરાય) મારી વાત સાંભળો, માનનીય અધ્યક્ષશ્રીના નિયમની વિરુદ્ધ જાય છે. આપ એમને ઠપકો આપી દો છો.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : આ અલગ મુદ્દો છે.

શ્રી શૈલેષ મ. પરમાર: શ્રી પંકજભાઇ, મારી વાત તો પૂરી થવા દો. માનો કે માનનીય ધારાસભ્યશ્રીઓએ વિધાનસભાગૃહ પરિસરની બહાર એટલે કે જયાં કાર બધી આવે છે ત્યાં. ત્યાં ઓલરેડી મીડિયા છે જ. લોકો એમને ત્યાં ઇન્ટર્વ્યૂ આપે જ છે. ભૂતકાળની અંદર પણ અને આ ચાલુ સત્રમાં પણ કોંગ્રેસ પાર્ટીના અલગ અલગ ધારાસભ્યો દ્વારા પોતાની વિધાનસભા વિસ્તારના જે પ્રોબ્લેમ હોય એને પ્લે કાર્ડ લઇને નીચે એ લોકોએ બાઇટ પણ આપેલી છે. સવાલ એટલો છે કે ભારતીય જનતા પાર્ટીની તમારી સરકાર ખેડૂતોને વીજળી નથી આપતી માટે અમારે કપડા કાઢવા પડે છે, એટલે આપ ન્યાય કરો તો વ્યાજબી ન્યાય કરો એવી મારી આપને વિનંતી છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામથી શ્રી શૈલેષભાઇએ વાત કરી છે એટલે હું આપના મારફત કહેવા માગું છું કે માનનીય શૈલેષભાઇએ એવું કહ્યું છે કે અમારા સંસ્કારો, હજી પણ કહું છું કે મેં એવું જ કહ્યું છે કે આ પ્રકારના કેવા તે સંસ્કારો કે મહિલા પત્રકારો હોય, મહિલા બહેનો આવતી હોય, મહિલા ધારાસભ્યો હોય, મહિલા પોલીસ અધિકારીઓ હોય, મહિલા કોન્સ્ટેબલો હોય એમની સામે શર્ટ કાઢીને વિરોધ કરવો એ કયા સંસ્કારો છે? એ કેવા સંસ્કારો કહેવાય એ એકવાર સ્વીકારી લે. આ અમારા સંસ્કાર હોય તો મારે કશું કહેવું નથી હું પાછું ખેંચી લઇશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજાઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે એના સંદર્ભમાં મારે એવું કહેવું છે કે આ વિધાનસભાનું પટાંગણ એ માનનીય અધ્યક્ષશ્રીના કાર્યક્ષેત્ર અને અધ્યક્ષશ્રીના અન્ડરમાં આવતી વ્યવસ્થા છે. કોઇએ પોતાના રાજકીય કોઇપણ પ્રકારના કાર્યક્રમો કરવા હોય તો કરી શકે છે, પરંતુ એ આપના કાર્યક્ષેત્રની બહાર કરી શકે છે. માનનીય શ્રી જીતુભાઇ વાઘાણીએ એના સમર્થનમાં જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે કે વિધાનસભાની ગરિમા જાળવવી એ આ સન્માનનીય સભાગૃહના સભ્યોના હાથમાં છે. જે માનનીય ધારાસભ્યશ્રીઓએ આજે નીચે વરવું પ્રદર્શન કર્યું આવતીકાલે જો કોઇ પગલાં નહીં લો તો આ સભાગૃહની અંદર કરશે. આ ચિંતાનો વિષય છે. આપ એક મહિલા અધ્યક્ષ તરીકે છો અને જયારે આ મુદ્દો ઉપસ્થિત કર્યો છે, ત્યારે આ સન્માનનીય ગૃહની પરંપરાઓના જતન માટે જેને આપણે મંદિર કહીએ છીએ, એના જતન માટે આપના તરફથી યોગ્ય આદેશ આપવામાં આવે એવી અમારી એમના સમર્થનમાં વાત છે.

## તા. ૨૫મી માર્ચ ૨૦૨૨

### પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રી : માનનીય દંડકશ્રી પંકજભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપાડયો અને જે માહિતી આપી અને શ્રી અમિતભાઇ, શ્રી જીતુભાઇ, શ્રી શૈલેષભાઇ અને શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જે પોતાની વાત આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર રજૂ કરી છે. આ જે કાંઇ વીડિયો હશે, જે કાંઇ ક્લિપો હશે એ હું જોઇશ અને જોયા પછી હું મારો નિર્ણય જાહેર કરીશ. નેક્સ્ટ.

પોઇન્ટ ઓફ ઓર્ડર

મંત્રીશ્રીની નેકસસ ચાલતી હોવાના ઉચ્ચારણો કરવા અંગે

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર પ્રશ્નોત્તરીનો જ છે. માનનીય સી.જે. ચાવડાજી અમારા સિનિયર સાથી છે, આગેવાન પણ છે અને ખૂબ સન્માનનીય રીતે આ ગૃહને ચલાવવામાં પણ સહકાર આપે છે. એમના પ્રશ્નોત્તરીના કાળ દરમિયાન અમારા મંત્રી માનનીય વિનુભાઇને કહ્યું કે. *(xxx) એ બિલકુલ વ્યાજબી નથી. ભૂતકાળની અંદર જગન્નાથજીની યાત્રા બુલેટ પ્રૂફમાં કાઢવી પડે એ *(xxx) ઇભલા શેઠ કોનું *(xxx), મહોમ્મદ સુરતી કોના *(xxx)ચાલતું હતું,

અધ્યક્ષશ્રી : એટલે આવા શબ્દો ના બોલાય એટલું જ કહેવું છે ને?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : ઇજ્જુ શેખ કોના *(xxx) ચાલતું હતું. એ રાજ્યની જનતા જાણે છે. આ પ્રકારના નેક્સસવાળી વાત કરવી એ યોગ્ય નથી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કદાચ એમ કહ્યું હોય નેક્સસ ચાલતું હતું એ ખોટી વાત હોય. તો એમણે જે બધા *(xxx) ચર્ચા કરી એ પણ પાછા ખેંચજો કે રદ કરશો. મારું પણ રદ કરશો.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ ઉપર આક્ષેપ નથી કર્યા. કોના કારણે કેવી રીતે ચાલતું હતું એ રાજ્ય જાણે છે એવું કહ્યું છે. મેં કોઇ કોંગ્રેસનું નામ નથી લીધું કે કોઇ વ્યક્તિનું નામ નથી લીધું. તમે માનનીય મંત્રીશ્રીના નામથી બોલેલા છો.

અધ્યક્ષશ્રી : જીતુભાઇ અને સી.જે.ચાવડાએ જે પોઇન્ટ ઓફ ઓર્ડરની ચર્ચા કરી છે. એ ચર્ચા હું રેકોર્ડ ઉપર જોઇ લઇશું અને આવું કઇ હશે તો રેકોર્ડ ઉપરથી દૂર કરીશ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

ધોલેરા ઇન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડના વાર્ષિક અહેવાલ

શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ઇન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડના સન ૨૦૧૬-૧૭ થી ૨૦૧૮-૧૯ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલો

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૭-૧૮ થી ૨૦૨૦-૨૧ સુધીના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ સુધીના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી પ્રદીપભાઇ ખ. પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના અંદાજપત્રો

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ ( ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૨૨-૨૩ના અંદાજપત્ર તથા સન ૨૦૨૧-૨૨ના સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજપત્રો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળના હિસાબો તથા ઓડિટ અહેવાલો

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા ( રાજ્ય કક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૪-૧૫ના વર્ષનો મહાનગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ સન ૨૦૧૮-૧૯ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનું જાહેરનામું

શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયેના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૮/૦૩/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક: -જીએચકેએચ/૩૮/૨૦૨૨/જીસીએસ/૧૦/૨૦૨૧/ એમએલએ-૧૬/છ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ વિભાગ

**માગણી ક્રમાંક- ૨૨**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**

શ્રી નરેશભાઇ મ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠા સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯,૩૦,૫૦,૩૯,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

તા. ૨૫મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૨૩**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**

શ્રી નરેશભાઇ મ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯૩,૪૪,૫૧,૦૦૦/-ની તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૨૫,૫૮,૦૯,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૯૩**

**આદિજાતિ વિકાસ વિભાગ**

શ્રી નરેશભાઇ મ. પટેલ ( આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬,૩૨,૧૫,૫૧,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૪૯,૯૨,૫૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૯૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૯૩ રજૂ કરવામાં આવી.**

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક ૯૬**

**આદિજાતિ વિકાસ વિભાગ**

નરેશભાઇ મ. પટેલ **(**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી**)**: માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજના સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯૮,૮૮,૮૦,૭૫,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪૦,૬૪,૧૫,૪૯,૦૦૦/-ની માગણી ક્રમાંક ૯૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક ૧૦૫**

મહિલા અને બાળ વિકાસ વિભાગ

શ્રીમતી મનીષા વકીલ **(**રા.ક.ના મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી**)**: માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ વિભાગ સેવાને લગતી મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪,૩૫,૮૧,૦૦૦/- ની માગણી ક્રમાંક ૧૦૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૦૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૩ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૪ રજૂ કરું છું.

તા. ૨૫મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૪ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૫ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૬ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>**માગણી નં.૨૨** | | |
| ૧ | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-PDS-6<br>નાગરિક...કચેરી<br>રૂ.૫,૩૬,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં.૭,પાના નં.૧૬ | ૧૦૦ | ગેરરીતિ આચરતા રેશનીંગના દુકાનદારોનું લાયસન્સ કાયમી ધોરણે રદ કરી તેઓ સામે સખ્ત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા (ગુલાબસિંહ રાજપૂત) |
| ૨ | --"-- | ૧૦૦ | ગરીબ રેશનકાર્ડ ધારકોને અન્નોત્સવ કાર્યક્રમ અંતર્ગત રાજકીય છાપવાળી થેલીમાં મફત અનાજ આપનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીષભાઈ ડેર |
| ૩ | --"-- | ૧૦૦ | સરકારી ગોડાઉનમાંથી બારોબાર ગેરકાયદેસર રીતે અનાજ વેચનાર ઈસમો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ વાજા |
| ૪ | --"-- | ૧૦૦ | સસ્તા અનાજના દુકાનદારોને કરવા પડતા પ્રાથમિક ખર્ચની સામે નાણાકીય સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૫ | --"-- | ૧૦૦ | રેશનીંગ કાર્ડ ધારકોની ફક્ત એક જ વસ્તુની ખરીદી સામે કાર્ડમાં મળવાપાત્ર તમામ વસ્તુઓનું બીલ બનાવનાર દુકાનદારો સામે કડક કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| ૬ | --"-- | ૧૦૦ | અનાજના નકલી સોફ્ટવેર દ્વારા કરોડો રૂપિયાનું સસ્તું અનાજ સગેવગે કરવાના બનાવો બનવા છતાં રાજ્યવ્યાપી દરોડાઓ પાડી સઘન કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૭ | --"-- | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાં બારોબાર ગેરકાયદેસર રીતે અનાજ વેચી દેનાર ઈસમો સામે કડક કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| ૮ | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-PDS-6<br>નાગરિક...કચેરી<br>રૂ.૫,૩૬,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં.૭,પાના નં.૧૬ | ૧૦૦ | સસ્તું અનાજ લેતા તવંગર રેશનકાર્ડ ધારકો સામે કાર્યવાહી કરી કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| ૯ | --"-- | ૧૦૦ | હલ્કી ગુણવત્તાવાળું અનાજ ગરીબોને અપાતું હોવાની વ્યાપક ફરિયાદો છતાં જવાબદારો સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૧૦ | --"-- | ૧૦૦ | અન્ન ઉત્સવ કાર્યક્રમ અંતર્ગત ગરીબ રેશનકાર્ડ ધારકોને આપવામાં આવેલ મફત અનાજના ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી લલીતભાઈ કગથરા |
| ૧૧ | --"-- | ૧૦૦ | ગરીબોને આપવામાં આવતા અનાજનું ફોરેન્સીક ફુડ રિસર્ચ લેબોરેટરી દ્વારા ટેસ્ટીંગ થતું હોવા છતાં સસ્તા અનાજની દુકાનો દ્વારા વિતરણ થતાં ખરાબ અનાજની તપાસ કરી જવાબદારો સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઈ માડમ |
| ૧૨ | --"-- | ૧૦૦ | અન્ન, નાગરિક પુરવઠા નિયામક હસ્તકની કચેરીઓની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા. | |
| ૧૩ | - - " - - | ૧૦૦ | બંધ થયેલ સસ્તા અનાજની દુકાનોના કાર્ડ ધારકોને નજીકની દુકાનેથી અનાજ મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૧૪ | - - " - - | ૧૦૦ | રાજ્યમાં આમજનતા માટે વ્યાજબી ભાવની દુકાનોની સંખ્યામાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| *૧૫ | - - " - - | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં સસ્તા અનાજની દુકાનોના અભાવે આમજનતાને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દુધાત |
| ૧૬ | - - " - - | ૧૦૦ | સરકારી અનાજના ગોડાઉનોમાં યોગ્ય વ્યવસ્થાના અભાવે વ્યાપક પ્રમાણમાં અનાજને બગડતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઇ મકવાણા (કાળાભાઇ ડાભી) |
| ૧૭ | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-ભાવ...અમલ<br>રૂ. ૧૫,૦૧,૬૩,૦૦૦<br>અં.પ્ર.નં-૭<br>પાના નં-૧૬ અને ૧૭ | ૧૦૦ | ખાદ્યતેલના ભાવ વધારા ઉપર નિયંત્રણ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઇ કાલરીયા (નૌશાદ સોલંકી) |
| *૧૮ | - - " - - | ૧૦૦ | ખાદ્ય પદાર્થોનો ગેરકાયદેસર રીતે સંગ્રહ કરી ભાવવધારો લેનાર ઈસમો સામે કડક શિક્ષાત્મક પગલાં ભરવામાં નિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |
| ૧૯ | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-ભાવ...અમલ<br>રૂ. ૧૫,૦૧,૬૩,૦૦૦<br>અં.પ્ર.નં-૭<br>પાના નં-૧૬ અને ૧૭ | ૧૦૦ | સસ્તા અનાજની દુકાનોની સ્થળ તપાસ કે અનાજની ચકાસણી ન કરતાં અધિકારીઓ સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૨૦ | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૪-PDS-23 ગ્રાહક ..પંચ<br>રૂ. ૪,૭૪,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં-૭<br>પાના નં-૧૬ થી ૧૮ | ૧૦૦ | ગ્રાહક તકરાર પંચમાં કેસોનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ભગાભાઇ બારડ |
| *૨૧ | - - " - - | ૧૦૦ | ગ્રાહક તકરાર પંચમાં અપૂરતા સ્ટાફના કારણે કામગીરી ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| | | | માગણી નં. ૨૩ | |
| ૨૨ | ૨૪૦૮-ખાદ્ય.....વ્યવસ્થા<br>૦૧-ખોરાક<br>૧૦૧-પ્રાપ્તિ...પુરવઠો<br>૦૪-ભાવ....દુકાનો<br>રૂ.૧,૮૪,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પાના નં. ૫ થી ૧૧ | ૧૦૦ | ટેકાના ભાવે સમયસર ખેત પેદાશોની ખરીદી ન થતા ખેડૂતોને ઓછા ભાવે ખેતપેદાશો વેચવાની ફરજ પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| ૨૩ | - - " - - | ૧૦૦ | ટેકાના ભાવે ખરીદીમાં થતા વિલંબથી ખેડૂતોને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૨૪ | - - " - - | ૧૦૦ | ટેકાના ભાવે મગફળી, ચણા તેમજ અન્ય અનાજની ખરીદીમાં ખેડૂતોને થઈ રહેલ અન્યાયની વ્યાપક ફરીયાદો છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| ૨૫ | - - " - - | ૧૦૦ | ટેકાના ભાવે ખરીદેલ અનાજના સંગ્રહ વખારોમાં થતી ભેળસેળ/ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| ૨૬ | - - " - - | ૧૦૦ | ટેકાના ભાવે અનાજની ખરીદીના જથ્થામાં પડતી ઘટને નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૨૭ | ૪૪૦૮-ખાદ્ય...જોગવાઈ<br>૦૨-સંગ્રહ ...વ્યવસ્થા<br>૮૦૦-અન્ય ખર્ચ | ૧૦૦ | ચોમાસામાં વરસાદથી અનાજ બગડતું અટકે તે માટે વખારોના ટકાઉપણા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. સી. જે. ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧-ગોડાઉનનું બાંધકામ<br>રૂ.૯,૫૧,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પાના નં.૩૪ અને ૩૫ | | | |
| ૨૮ | ૪૪૦૮-ખાદ્ય...જોગવાઈ<br>૦૨-સંગ્રહ ...વ્યવસ્થા<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-ગોડાઉનનું બાંધકામ<br>રૂ.૯,૫૧,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પાના નં.૩૪ અને ૩૫ | ૧૦૦ | ખાદ્ય અન્નની સાચવણી માટે નવી વખારો બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| **આદિજાતિ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૯૩** | | | | |
| *૨૯ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>8૦૦-અન્ય ખર્ચ<br>૦1-EDN-47 આદિજાતિ ... જોગવાઈ<br>રૂ. ૨,૩૩,૮૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(ભાગ-૩)<br>પાના નં. ૬ | ૧૦૦ | મોબાઈલ સુવિધાઓના અભાવના કારણે ગરીબ અને પછાત આદિવાસીઓના બાળકોના અભ્યાસ માટે કરેલ વૈકલ્પિક વ્યવસ્થાની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૩૦ | - - " - - | ૧૦૦ | આદિજાતિ વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓ સુધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૩૧ | - - " - - | ૧૦૦ | આદિજાતિ પેટા યોજના હેઠળ શિક્ષકો માટે ક્વાર્ટસની સુવિધાઓ ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૩૨ | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૨- અનુસૂચિત...કલ્યાણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-વીકેવાય-૫૩ વહીવટી .. બનાવવું<br>રૂ.૨,૯૨,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(ભાગ-૩)<br>પાના નં.૧૨ | ૧૦૦ | આદિવાસીઓનો ઝડપથી વિકાસ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઈ પરમાર |
| ૩૩ | - - " - - | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોના છેવાડાના ગામોમાં પાયાની સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઈ સોલંકી |
| ૩૪ | - - " - - | ૧૦૦ | આદિજાતિ માટે ફાળવેલ ગ્રાન્ટનો કાર્યક્ષમ રીતે ઉપયોગ ન કરાતાં, વણવપરાયેલ ગ્રાન્ટ માટે જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૩૫ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૧-શ્રમ<br>૮00-અન્ય ખર્ચ<br>૦૧-EMP-41 આદિજાતિ....... જોગવાઈ<br>રૂ.૨૧,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(ભાગ-૩)<br>પાના નં.૩૪ | ૧૦૦ | રોજીરોટી માટે આદિજાતિ વિસ્તારોમાંથી અન્ય જિલ્લાઓમાં સ્થળાંતર કરતાં, શ્રમિકોની નોંધણી કરી પૂરતાં લાભો આપવા માટેનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૩૬ | ૨૨૫૧-સચિવાલય... સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-આદિજાતિ...વિભાગ<br>રૂ.૨,૭૭,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(ભાગ-૩)<br>પાના નં. ૩૬ | ૧૦૦ | આદિવાસીઓના ઉત્કર્ષ માટે લાખો રૂપિયાનો ખર્ચ કર્યા બાદ જીવનધોરણમાં સુધારો થયેલ આદિવાસીઓની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| *૩૭ | - - " - - | ૧૦૦ | આદિવાસીઓના ખોટા ઓળખપત્રોને આધારે લાભ લેનાર ઇસમો સામે તપાસ પંચ નીમી યોગ્ય કાર્યવાહી | શ્રી ભાવેશભાઈ કટારા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૩૮ | - - " - - | ૧૦૦ | દક્ષિણ ગુજરાતની નદીઓના જોડાણથી વિસ્થાપિત થનાર આદિવાસીઓના પુનઃવસન અંગેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૩૯ | - - " - - | ૧૦૦ | આદિજાતિ અંતરીયાળ વિસ્તારમાં શાળા-કોલેજો શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| *૪૦ | - - " - - | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં સિંચાઈની સુવિધાઓ વધારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| ૪૧ | - - " - - | ૧૦૦ | ગરીબ વિદ્યાર્થીઓના અભ્યાસ અર્થે આદિજાતિ વિસ્તારોમાં ગ્રાન્ટેડ શાળાઓ ખોલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઈ પટેલ |
| ૪૨ | - - " - - | ૧૦૦ | આદિવાસીઓને કઢાવવાના થતા પ્રમાણપત્રો સરળતાથી પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| | | માગણી નં. ૯૬ | | |
| ૪૩ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૩-યુનિવર્સિટી...શિક્ષણ<br>૭૯૬- આદિજાતિ..યોજના<br>04-END-28<br>સરકારી...વિકાસ<br>રૂ.૬૬,૬૮,૫૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(ભાગ- ૪)<br>પાના નં. ૩૩ અને ૩૪ | ૧૦૦ | નર્મદા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ માટે ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના અંતર્ગત કરવાની થતી કામગીરી હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |
| ૪૪ | - - " - - | ૧૦૦ | બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપવા માટે સત્વરે જમીન ફાળવી બાંધકામ શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૪૫ | - - " - - | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોની સરકારી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ મળવામાં પડતી તકલીફો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| ૪૬ | - - " - - | ૧૦૦ | આદિવાસી વિસ્તારોના ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓના અભ્યાસ માટે પૂરતી સંખ્યામાં સરકારી કોલેજોનો વિકાસ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| | | **મહિલા અને બાળ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૧૦૫** | | |
| ૪૭ | ૨૨૫૧-<br>સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-મહિલા...વિભાગ<br>રૂ.૪,૨૫,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૭<br>પાના નં. ૫૫ | ૧૦૦ | મહિલાઓ ઉપર થતા અત્યાચાર સામે મહિલા આયોગ દ્વારા સઘન કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૪૮ | - - " - - | ૧૦૦ | આદિવાસી જિલ્લામાં બંધ થયેલ દૂધ સંજીવની યોજના પુનઃ ચાલુ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૪૯ | - - " - - | ૧૦૦ | આંગણવાડી બહેનો પાસે અંગ્રેજીમાં માહિતી ભરવાના થતાં દુરાગ્રહને નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| ૫૦ | - - " - - | ૧૦૦ | નવી આંગણવાડી કેન્દ્રો માટે કરવામાં આવેલ દરખાસ્તો સામે ફાળવવામાં આવેલ આંગણવાડીઓ અંગેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઈ દેસાઈ<br>(રાજેશકુમાર ગોહિલ) |
| ૫૧ | - - " - - | ૧૦૦ | મહિલા અને બાળકલ્યાણ સમિતિઓ દ્વારા મહિલા અને બાળકલ્યાણ યોજનાનું સઘન અમલીકરણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| ૫૨ | - - " - - | ૧૦૦ | મહિલા અને બાળ વિકાસ વિભાગની કામગીરીને સંગીન બનાવવા યોગ્ય આયોજન સહિતના પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈમરાન ખેડાવાલા |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૩ | - - " - - | ૧૦૦ | રાજ્યમાં કુપોષણ દૂર કરવાની નીતિમાં આમૂલ પરિવર્તન કરી નવી નીતિ બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| ૫૪ | - - " - - | ૧૦૦ | બાળકોમાં કુપોષણ નાબૂદ કરવા નકકર આયોજન કરી ધાર્યા પરિણામો લાવવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૫૫ | - - " - - | ૧૦૦ | મહિલા અને બાળ વિકાસ વિભાગના કાર્યક્રમો અંતર્ગત રાજ્યની મહિલા અને બાળકોના કલ્યાણ માટે ધાર્યા પરિણામો લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| ૫૬ | - - " - - | ૧૦૦ | રાજ્યના કુપોષિત બાળકોના કલ્યાણ અર્થે માઇક્રો પ્લાનીંગ દ્વારા લોકભાગીદારી સાથે આ પડકારનો સામનો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઈ પટેલ |

*** આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.**

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને અને રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા (વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના મંત્રીશ્રી તેમના વિભાગની અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષા વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગ આ ત્રણ વિભાગની માગણીઓ લઇને આ સન્માનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે ત્યારે તેમના વિભાગની કામગીરી, એનું મૂલ્યાંકન અને એનું અમલીકરણ જે રીતે થઇ રહ્યું છે તે બાબતે મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આદિજાતિ વિકાસની માગણીઓ છે રાજ્યના દરેક જિલ્લામાંથી આદિવાસીઓ અમારા શ્રી નરેશભાઇ પટેલ આદિવાસીઓ માટે શું શું નવી યોજનાઓ લાવવાના છે અને જૂની યોજનામાં શું તકલીફ થઇ રહી છે અને તેના અમલમાં ગામડાંમાં જે મુસીબત થઇ રહી છે, તેનો કોઇ ઉકેલ લાવશે તેને સાંભળવા માટે પણ અને વર્ષોથી આદિવાસીઓની માગણીઓ પડતર છે, તે બાબતે બધા નેતાઓ એકત્ર થવાના છે અને તેની મંજૂરી સરકારે આપી છે તેનો આનંદ છે. રસ્તામાં અમારા કોઇ આદિવાસી આવતા હોય તો તેને રોકે નહીં તેના માટે પણ વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતની યુપીએ સરકાર રાઇટ ટુ ફોરેસ્ટ એક્ટ લાવી અને આ જંગલ અધિનિયમ હેઠળ ગામડાંમાં ઘણા બધા આદિવાસીઓને જંગલની જમીન મળી અને તે જંગલની જમીન જે મળી છે તેમાં મહેસૂલમાં ૭/૧૨માં દાખલ થાય તે માટે આજદિન સુધી પ્રયત્ન થયેલ નથી. જેને જંગલની જમીન મળી છે તેને એફઆરએ સિસ્ટમમાં જમીન સમતળ કરવા, તેની જમીનનું ધોવાણ અટકાવવા તેની જોગવાઇ થવી જોઇએ તે જોગવાઇ પણ અપૂરતી છે. આદિવાસી વિસ્તારમાં જંગલની જમીન મેળવવા માટેની અરજીઓ હજારોની સંખ્યામાં હજુ પડતર છે. સરકાર શા માટે નિર્ણય લેતી નથી ? જિલ્લા કક્ષાની સમિતિ જે સમયાંતરે મળવી જોઇએ તે મળતી નથી. મળવી જોઇએ અને જેને નથી આપવી તેને ના પાડી દો, તમને કોણ અટકાવે છે ? આ આદિવાસીઓની એક આશા બંધાયેલી છે કે તમને અરજી કરી છે તે અરજીનો નિકાલ આવશે એમ માનીને હજુ પણ જંગલનું ખેડાણ ચાલુ છે. તમે આદિવાસીઓને જમીન આપવાના છો ? હા તો હા અને ના તો ના કહેવુ જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારના પ્રશ્નોનો ઉકેલ આવે, તેની સમસ્યાઓ આ સન્માનીય ગૃહમાં રજૂ થાય અને તેના માટે જે તે વિસ્તારના આદિવાસીઓ આપના એટલે શાસકીય પક્ષના ધારાસભ્યશ્રીઓને પણ આવેદનપત્ર આપવામાં આવ્યુ છે. માનનીય શ્રી અભેસિંહભાઇ તડવીને પણ આપ્યું હશે. તમે પણ આદિવાસીઓના પ્રશ્નમાં સાચી વાત કહેજો, રાજકીય વાત નહીં કરતા, તમે હંમેશા રાજકીય વાત કરો છો. આદિજાતિ વિસ્તારમાં પ્રાથમિક શાળાઓના ઓરડા ખૂટે તો શિક્ષણ મંત્રીશ્રીએ એમ કહ્યું કે અમે બનાવી દેવાના. અમારા આદિજાતિ મંત્રી પણ બીજી યોજનાની ગ્રાન્ટ કાપીને ગામડાંમાં શિક્ષણનું પ્રમાણ વધે, બાળકોને શિક્ષણ મળી રહે તે માટે તમે ઓરડા બનાવો, નથી જોઇતા રસ્તા જાવ, તમે રસ્તાની ગ્રાન્ટ કાપી નાંખો, પણ પ્રાથમિક શાળા અને બાલવાડી આ બન્નેના મકાનો તમે કેમ નથી બનાવતા ?

માનનીય અધ્યક્ષશ્રી, મને ચોક્કસ ખબર છે કે તમારું આદિજાતિ વિભાગ થકી ચાલતી આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી શાળાઓ, તમારી સરકારી હોસ્ટેલોમાં બાળકોનું રસોડું બનાવવા માટે કલાસ-૪ની જગ્યા લાંબા સમયથી ખાલી અને તમારા વિભાગના અધિકારીઓ જયારે ગામડાંમાં ચકાસણી કરવા માટે થઇને જાય ત્યારે તમે એમ કહો છો કે છોકરાઓ પાસેથી કામ લેવડાવો છો. ૧,૫૦૦ રૂપિયાનો પગાર અને તે ૧,૫૦૦ રૂપિયાના પગારની જગ્યાઓ પણ તમે ભરવા માટે ના પાડો છો. જે તે વખતે સંસ્થાઓ ભરતી હતી હવે તમે તેને અડહોક ધોરણે ભરવા માટે સંસ્થાઓને નહીં આપો તો ચાલશે, પણ જે તે જિલ્લાનો વહીવટી અધિકારી તેને તમે પાવર આપો. આ બાળકો પાસેથી કામ લેવામાં આવે છે ત્યારે તપાસણી કરનાર અધિકારી જે તે સંચાલક મંડળને દોષિત ગણે છે. આ સરકારી તંત્ર જાણતું હોવા છતાં પણ એનો નિકાલ લાવતું નથી. મારી તમને વિનંતી છે કે તમે આ કરાવો. આદિજાતિ વિસ્તારમાં પૂરતા દવાખાનાં નથી. દવાખાનાંની સાથે-સાથે પૂરતો સ્ટાફ પણ નથી. અગાઉ વાત થયેલી છે. મારે વાત કરવી નથી. આદિજાતિ વિસ્તારમાં સિંચાઇની સગવડો ખૂબ જ ઓછી છે. ૫ ટકા જ હશે. આદિજાતિ વિસ્તારમાં જ્યાં નદીઓના વહેણ છે જે તે ગામડાંના માણસો એલ.આઇ. સ્કીમ બનાવવા માંગતા હોય અથવા તો તમારા વહીવટી અધિકારી મારફતે સચિવાલયમાં અરજીઓ પડતર હોય અને જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં નાના-મોટા ચેકડેમો જરૂરિયાત મુજબ બનાવીને, લિફ્ટ ઇરિગેશન કરીને ગામડાંઓમાં સિંચાઇની સુવિધા વધારવી જોઇએ. પાર તાપી નર્મદા લિંક યોજનાની હું વાત કરીશ. માનનીય મંત્રીશ્રી ના પાડશે. પાર તાપી નર્મદા લિંક યોજનામાં જે નુકસાન થવાનું છે, જે ડુબાણમાં જવાના છે તેવા આદિવાસીઓ પણ

રેલીમાં આવીને બેઠા છે. એ આદિવાસીઓ તમને સાંભળવા માગે છે કે તમે ગૃહના માધ્યમથી શું કહેવાના છો? આ યોજના અમલમાં લાવવાના છો કે નથી લાવવાના? ત્યાંનો સમાજ બિલકુલ આક્રોશમાં છે. આ આક્રોશને દૂર કરવાનો છે. તમે બજેટમાં ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. તે દિવસે વાત થઇ કે ૮૦ જેટલા નાના-મોટા ચેકડેમો બનાવવાના છે. એક ચેકડેમ બનાવવાનો હોય તો એક કરોડથી વધારે ખર્ચ નહિ થાય. માનનીય શ્રી નરેશભાઇ, આ તમારું સરકારી તંત્ર સાથે આવે, તમને જગ્યા બતાવીએ કે કેટલાનો ચેકડેમ થાય, પણ તમારી મનસા ક્યા પ્રકારની છે, એ તમારે કહેવું પડશે કે અમે આ ડેમ કરવાના નથી. અમને તો તમારી સરકાર ઉપર વિશ્વાસ નથી. આદિવાસીઓને ડૂબાડીને, એમની જમીન ગુમાવીને, એમનું સ્થળાંતર કરીને જો ડેમ બનાવવા માગતા હોય અને એ પાણી અનેક જગ્યાએ લઇ જવા માગતા હોય તો એ અમારો આદિવાસી સમાજ હરગિજ નહિ ચલાવી લે. અમે ત્યાં કહીને આવ્યા છીએ કે તમે જો ત્યાં ડેમ બનાવશો તો ત્યાં પાયાના પથ્થરમાં અમારા આદિવાસી સમાજ અને નેતાઓનું શરીર હશે, અમારું ધડ હશે. માનનીય અધ્યક્ષશ્રી ત્યાંનો સમાજ તમારી પાસે અપેક્ષા રાખે છે. અહીંયા ચાર મંત્રીઓ બેઠા છે અને ચારેય મંત્રી ત્યાંના આદિવાસીઓને એવું કહે છે કે આ યોજના થવાની નથી. ચૂંટણી વખતે પણ આ વાત આવી હતી. હમણાં પણ વાત ચાલે છે. તમે શ્વેતપત્ર બહાર પાડો, લેખિતમાં આપો, કેબિનેટમાં નિર્ણય લો અને એ નિર્ણય ભારત સરકારને મોકલો અને ભારત સરકાર એમ કહે કે અમારે આ યોજના કરવાની નથી, પડતી મૂકવાની છે. જેમ અમારા લાલપુર જળાશયની યોજના આદિવાસીઓએ બંધ કરાવી હતી એ રીતે બજેટમાંથી નાબૂદ કરો ત્યારે જ અમારો આદિવાસી સમાજ માનશે કે આ યોજના બંધ થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ કોરીડોર ઝાલોદ, દાહોદ, દેવગઢબારીયા, છોટા ઉદેપુર, બોડેલી તરફથી પાસ થવાનો છે. એમાં પણ સરકારને આદિવાસીઓની જ જમીન દેખાય છે. એમાં જે વળતર આપવાનું છે એ વળતરનું ધોરણ ઓછું-વધતું કેમ છે? શું ગામડાંઓની જમીન ઓછામાં મળે છે અને શહેરની જમીન મોંઘી મળે છે. આ જે ધોરણ છે એ એક સરખું રાખો. જો જમીન ગઇ તો પાછી આવવાની નથી. આ કોરીડોર આદીવાસી વિસ્તારના વિકાસ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીથી સાપુતારા સુધી લઇ જવાની છે. આ આખા વિસ્તારમાં આદિવાસીઓ વસે છે અને આદિવાસીઓનું નિકંદન કાઢવા માટેનો આ રસ્તો હોય તેવું લાગે છે. શા માટે તમે અટકાવતા નથી? પર્યટનના નામ પર, તો પર્યટન કોણ કરશે? આદિવાસીઓ તો શહેરો અને કારખાનામાં મજૂરી કરવા જાય છે. આ રસ્તો અને ડેમ બને તો કેટલા આદિવાસીઓને તમે રસ્તે રઝળતા કરવાના છો? આદિવાસીઓના કલ્યાણની વાતો કરો છો પણ કલ્યાણ થવાના બદલે તેમને અન્યાય થઈ રહ્યો છે. માનનીય શ્રી નરેશભાઇને ખબર છે કે અમારા જિલ્લામાં જાતિ અંગેના પ્રમાણપત્રોની ચોકસાઈમાં અધિકારીઓ હેરાનગતિ કરે છે. માનનીય શ્રી ગણપતભાઈ વસાવા કાયદો લાવેલા. સુધારવાની કામગીરી તમારા હાથમાં આવી છે. તેને જે મિનિમાઈઝ કરવો હોય તે કરો. અમે વિશ્લેષણ સમિતિને અને તમને વખતોવખત પૂરાવા આપ્યા છે. જે રેકર્ડ ગુજરાત સરકાર પાસે કે રેવન્યુ વિભાગમાં નથી તેવું રેકર્ડ અમારા આદિવાસીઓ પાસે માંગો છો. જેને નોકરી મળી ગઈ છે તેની કોઈકે અરજી કરે તો તપાસ ઊભી થાય અને તપાસના નામે વિશ્લેષણ સમિતિ તેને હેરાન કરે છે. તેના નિયમોમાં છૂટછાટ આપવાના છો કે નહિ? આ બાબત પર સરકાર વલણ સ્પષ્ટ કરે? સરકાર પાસે રેકર્ડ ન હોય તો વાંધો નહિ પણ અમારી પાસે રેકર્ડ છે. સન ૧૮૮૦ ગેઝેટ બોમ્બે પ્રેસિડેન્સી વોલ્યુમ નં.૬, પાના નં. ૩૨, ચેપ્ટર-૩ આ વસતીમાં કોળી જાતિને ૨૧ પેટાજાતિમાં વિભાજિત કરેલી છે. આમ, મૂળ કોળી જાતિ આદિવાસી હોઈ, તેમાં આવતી ૨૧ જાતિ આદિવાસી જ કહેવાય. આવા પૂરાવા પણ તમને રજૂ કરેલા છે. સન ૧૯૦૧-૦૨ છોટા ઉદેપુર સ્ટેટના વાર્ષિક વહીવટી અહેવાલ, પાના નં.૨૨, ફકરા ક્રમાંકઃ ૮૧ ભીલો, કોળીઓ, ધાણકાઓ, નાયકાઓ વગેરેને આદિવાસી ગણવામાં આવ્યા છે તેમજ સમયાંતરે સન ૧૯૧૦, ૧૯૨૧, ૧૯૨૫, ૧૯૨૬, ૧૯૨૮, ૧૯૨૯, ૧૯૩૧, ૧૯૩૨, ૧૯૪૫ અને ૧૯૪૬ના વહીવટી અહેવાલમાં પણ રાઠવા જાતિનો જ ઉલ્લેખ કરેલો છે. સન ૧૯૩૬માં શ્રીમંત ગાયકવાડ સરકાર, વડોદરાના તા.૨૧/૧૦/૧૯૩૬ના ઠરાવ નં.૭૨ કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં રાની પરજ નામની આદિવાસી જાતિ રહે છે. સન ૧૯૫૧નો વસતિ ગણતરી રિપોર્ટ, છોટા ઉદેપુર, સંખેડા, ડભોઈ, વાઘોડિયા, સિનોર આમ કુલ પાના નં.૧૨૧માં સરકારના ગેઝેટમાં પણ આદિવાસીઓની સંખ્યા દર્શાવેલી છે. ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના પુનર્ગઠન દ્વારા સન ૧૯૬૦ના આધારે ગુજરાત સરકારના ગેઝેટ તા.૦૨/૦૬/૧૯૬૦ વિભાગ-૬ માં પ્રસિદ્ધ થયા પ્રમાણે અનુસૂચિત જાતિમાં રાજકોટ વિભાગ કચ્છ સિવાયના રાજ્યોમાં જે આદિવાસીઓ વસે છે તેમાં ક્રમ-૧૭ માં રાઠવા જાતિનો ઉલ્લેખ કરેલો છે. સન ૧૯૬૯માં લોકર કમિટીએ પણ સ્વીકાર્યું છે કે આ વિસ્તારમાં આદિવાસીઓ રહે છે. લોકર કમિટીના પાના નં. ૮૫, અનુક્રમ નં.૨૨ પર રાઠવા અને રાઠવા-કોળીનો ગુજરાતના આદિવાસી તરીકે સમાવેશ કર્યો છે. તમારી સરકારે વર્ષ ૨૦૧૩માં કરેલ આદિજાતિ વિકાસ વિભાગનો પરિપત્ર નંબર -૧૧૮૬ તા. ૦૫/૧૨/૨૦૧૩માં જણાવ્યા મુજબ રાઠવા કોળી, ખરેખર રાઠવા જાતિના છે તેમને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્ર આપવાના રહેશે. આમ, સરકારે પોતે પણ આવું સ્વીકાર્યું છે તેમ છતાં અમારા આદિવાસીઓ પાસેથી વર્ષ ૧૯૫૦ પહેલાનું રેકર્ડ તમારા દ્વારા માંગવામાં આવે છે. અમે પણ મહેનત કરી છે. વર્ષ ૧૯૫૦ પહેલા ભુમસવાડા જે જૂનું ગામ હતું ત્યાંના રજિસ્ટરમાં કોળી (રાઠવા) કોળી (ચંગોડીયા) કોળી (ડામરિયા) કોળી (બારીયા) એવા અમારા ૨૧ પેટા ગોત્ર છે. એ ૨૧ જાતિઓમાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. પગી, બારિયા, ડામોર, ચૌહાણ, સોલંકી, કુતર, ડામણ, કટારા, પટેલ, ડેર, શેણવાઈ, ગમાર આવા ઉલ્લેખ ત્યાં રજિસ્ટરમાં છે. પંચમહાલ જિલ્લા તરફના અમારા જે આદિવાસીઓ છે તેઓ ભીલ હોવા છતાં એમનું પેટા ગોત્ર લખાવે છે અને પેટા ગોત્રને આ સરકારે માન્યતા આપી હોય તો આ છોટાઉદેપુરના રાઠવા એ આ કોળીમાંથી જ પેદા થયેલું ગૌત્ર છે તો તમે શા માટે ના પાડો છો? અમને રાજકીય રીતે હેરાન કરો છો? રાજકીય હેરાન કરતાં હોય તો ચૂંટણી આવે ત્યારે સામસામે જોઇ લેવાનું પરંતુ સમાજને નુકસાન થઇ રહ્યું છે એ ન થવું જોઇએ. તમારા સમાજને પણ નુકસાન થઇ રહ્યું છે. તમારા ત્યાં પણ વર્ષ ૧૯૫૦, વર્ષ ૧૯૬૦ના પૂરાવા તમારી પાસે માંગશે. અમારા વડીલો, દાદાઓ ભણેલા ન હતા, અભણ હતા અને એ પૂરાવા અમારી પાસે નથી. તમારા ત્યાં પણ નહીં હોય. આ પ્રશ્ન સમગ્ર ગુજરાતને, આદિવાસી સમાજને લાગે વળગે છે ત્યારે તમે

આની ઉપર શાં પગલાં લેવાનાં છો? બબ્બે વખત મિટિંગ થઇ, તમે નવુ જાહેરનામું બહાર પાડ્યું એ પછી પણ કંઇક ખૂટતું હોય તો તમારા અધિકારી પાસે એને પૂરુ કરાવો. આદિવાસી તમારા સાચા જવાબની રાહ જોઇને બેઠો છે. ગુજરાતના તમામ આદિવાસીઓનો આ પ્રશ્ન છે. મારા એકલા વડોદરાનો નહીં, નર્મદા, તાપી, સુરત, દાહોદ, લુણાવાડા, પંચમહાલ, સાબરકાંઠા આ તમામ જિલ્લાઓના આદિવાસીઓનો પ્રશ્ન છે. તમે જે નિયમો કર્યા છે, એમાં તમે આટલું બધું રેકર્ડ મંગાવો છો? આપણે કોઇપણ પ્રશ્ન લખ્યો હોય તો પ્રશ્નખંડ નંબર-૧ તેનો જવાબ ૧,૨ અને ૩ જે સાચો હોય તે લખવો. તમે અથવા, અથવા, અથવા એમ કરીને ચાર જાતનું રેકર્ડ માંગો છો. અધિકારીને ૭૩ની નકલ આપી હોય તો એમ કહે કે ડબલ ૭૩ની નકલ લાવો. તમારો બાપ રાઠવો હોય તો એનો પૂરાવો લાવો. આમ, એક ખંડની અંદર તમે પાંચ-પાંચ દાખલા માંગો છો. એ કયા પ્રકારનો વહીવટ છે? એવો કોણ અધિકારી છે કે જેના કારણે આ આદિવાસી સમાજને નુકસાન થઇ રહ્યું છે? અમારા વડોદરા જિલ્લામાં જે અધિકારી બેઠા છે એમને સૂચના આપો કે આ જાતિના ચકાસણીના દાખલામાં કયા કયા મુદ્દા ધ્યાનમાં લેવાના છે. મારી આ જે માંગણી છે, વાતો છે તે સાચી વાતો છે અને આદિવાસી સમાજની વાતો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની વાત કરું તો, સરકારી ગોડાઉનમાંથી અનાજની ચોરી થાય. ચોરી થયા પછી એની તપાસ કયાં થાય છે? કોને જેલમાં પૂર્યા? એવો કયો મેનેજર હતો કે તમારા ગાડીઓ ભરેલા ઘઉં ખાઇ ગયો? પછી એને સુસાઇડ કરવું પડે. આવા જે બનાવો બને છે તેને રોકવા જરૂરી છે. જિલ્લાકક્ષાએથી અનાજ લિફ્ટિંગ કરીને તાલુકાકક્ષાના ગોડાઉન સુધી જાય છે? પકડો, જી.પી.એસ. લગાવો. આ વાતો કરનારા માણસો જ ચોર છે. એ જ તાલુકા સુધી અનાજ પહોંચાડતા હોય છે. એ જ ગાડી નંબર હોય છે. એ તમારી જે સિસ્ટમ છે એ સિસ્ટમમાં સુધારો લાવવો એટલા માટે જરૂરી છે કે ગરીબના પેટમાં જે અનાજ જવાનું છે એ અનાજની ચોરી કરનારાને મેં કોઇ દિવસ કોઇને સુખી જોયા નથી.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ વર્ષ ૨૦૨૨-૨૩નું બજેટ લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને મારુ અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતી મંત્રીશ્રી આદિજાતિ વિકાસ વિભાગને લગતી માગણીઓ ૯૩ અને ૯૬ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરું છું. સન ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષમાં બજેટમાં આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ રૂ. ૨,૯૦૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ રાજય સરકાર અને કેન્દ્ર સરકાર હરહંમેશ અમારા આદિવાસીઓની ચિંતા કરતી હોય છે. ત્યારે અમારા આદિવાસી એ આદિ-અનાદિ કાળથી મૂળ વંશઝ છે, અને આ ધરતીની પ્રકૃતિને પૂજનારો છે. અમારા આદિવાસી વિસ્તારમાં રાજયના છેવાડાના વિસ્તારો અને અંતરિયાળ વિસ્તારોમાં વસતા આદિવાસી પરિવારો માટે આંતરમાળખાકીય સુવિધા માટે માનનીય શ્રી ભૂપેન્દ્ર પટેલ સાહેબની સરકાર ચિંતા અને ચિંતન કરી રહી છે. અમારા આદિવાસી વિસ્તાર માટે હમણાં વાતો કરતા હતા કે સ્કૂલો નથી, ઓરડા નથી, પણ અગાઉની સરકારોમાં મારા બાપ-દાદા નીચે બેસીને ભણતા હતા. ઝાડ નીચે બેસીને ભણતા હતા. અમારી સરકાર આવી ત્યારથી માંડીને બબ્બે માળ વાળી અને ત્રણ ત્રણ માળ વાળી શાળાઓમાં અમારા દીકરા દીકરી અભ્યાસ કરે છે. અને કોમ્પ્યૂટર માટે આલિશાન લેબ છે, અને ખૂટતી કડીના ઓરડાઓનો પણ આ બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આજે ટેકનોલોજીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સ્વામી વિવેકાનંદ શિષ્યવૃત્તિની યોજના, સમરસ છાત્રાલયોની યોજના, આશ્રમ શાળાઓ, અમારા દીકરા-દીકરી માટે કપડાં-ગણવેશ સહાય, એ મફત આપવામાં આવે છે. સરકારી અને અર્ધ સરકારી નોકરીઓ માટે પૂર્વ પરીક્ષા તાલિમ કેન્દ્રો ઉભાં કર્યાં છે, વકીલો, ડોકટરો નો વ્યવસાય શરૂ કરવા માટે લોનની સહાય આપવામાં આવે છે. કુંવરભાઇનું મામેરું, અમારી દીકરી લગ્ન કરે તો મદદ કરવા માટે ૫૦ હજારની સહાય આ ભાજપની સરકાર આપી રહી છે. સાત ફેરા સમૂહ લગ્નની યોજના, આદિવાસી વિસ્તારની અંદર દીકરા-દીકરી જે આંગણવાડીનીમાં ભણતા નાનાં બાળકો છે એ નાનાં બાળકો માટે દૂધ સંજીવની યોજના થકી મફત દૂધ આપવાની આ યોજના દાખલ કરી છે. આદિજાતીઓ માટેની યોજનાઓ, ટ્રાયબલની યોજનાઓ માટે અલગ અલગ હેડમાં ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને આરોગ્યની ગ્રાન્ટ હોય, શિક્ષણની ગ્રાન્ટ હોય, હેન્ડ પંપ હોય, બોર હોય, કૂવા હોય આદિવાસીની ચિંતા કરતી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. છેવાડાના વિસ્તાર સુધી આ ટ્રાયબલની યોજના આપનારી સરકાર છે. ત્યારે રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અમારા આદિવાસી વિસ્તારોને આગળ લઇ જવા વનબંધુ કલ્યાણ શરૂ કરી અને આજે એ યોજનાનો બીજો તબક્કો શરૂ કરીને એના માટે એક લાખ કરોડ ની જોગવાઇ કરેલ છે. અમારા આદિવાસી વિસ્તારમાં ડુંગરાળ વિસ્તાર આવેલા છે ત્યાં દરેક વ્યક્તિ પાસે મોબાઇલ છે, હવે મોબાઇલના ટાવર પકડાતા નથી તેના માટે પણ અમારી સરકારે આદિવાસી વિસ્તારમાં નેટવર્ક ઉભું કરવા માટે ૫૦૦ નવા મોબાઇલ ટાવર બે વર્ષમાં ઉભાં કરવા માટે ૧૦૦ કરોડ રૂપિયાની યોજના દાખલ કરી છે. અનુસૂચિત જન જાતિ માટે છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ માટે અંદાજિત ૧ લાખ ૪૩ હજાર વિદ્યાર્થીઓને નિભાવ ભથ્થાં માટે પહેલા માસિક ૧,૫૦૦ રૂપિયા ગ્રાન્ટ રૂપિયા આપવામાં આવતી હતી, તેમાં ૬૬૦ રૂપિયાનો વધારો કરીને હવે ૨,૧૬૦ રૂપિયા આપવામાં આવનાર છે. અને તેના માટે ૫૦૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે. અનુસૂચિત જનજાતિના ૨ લાખ વિદ્યાર્થીઓ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિનો લાભ આપવા માટે ૭૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ છે. આદિવાસી વિસ્તારની અંદર જયારે આદિજાતિ ખેડૂતો માટે આ સરકારે ચિંતા કરી છે, તળાવો ઉંડા કરી, કડાણા જળાશય આધારે છેક દાહોદ સુધી પાણી પહોંચાડવામાં આવેલ છે. તળાવો ઉંડા કરીને પાણી ભરવામાં આવેલ છે જેના લીધે ખેડૂત ખેતી કરી શકે પગભર બની શકે અને આ રીતે અમારો ખેડૂત આગળ જાય એના માટે આ સરકારે ચિંતા કરીને તળાવોમાં પાણી નાખવામાં આવેલ છે એના લીધે કૂવા, હેન્ડપંપના પાણી ઉંડા ન જાય એના માટે તળ ઉંચા આવે એના માટે વ્યવસ્થા કરી છે. એ સિવાય કૂવામાંથી પાણી કાઢી શકે એ માટે ૩ એચ.પી. સોલર પંપ સહાય માટે ૭૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળામાં ભણતા અનુસૂચિત જનજાતિના ૧૩ લાખ વિદ્યાર્થીઓને પહેલા ૬૦૦ રૂપિયા ગણવેશ સહાય આપવામાં આવતી હતી, એમાં ૩૦૦ રૂપિયાનો વધારો કરીને હવે ૯૦૦ રૂપિયા આપવામાં આવશે. કોરોના મહામારીમાં અમારા વિસ્તારના લોકો કપરી પરિસ્થિતિમાં હતા, ત્યારે આ સરકારે ચિંતા કરીને એ ગરીબ માણસ ભૂખ્યો ન સૂવે એના માટે આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ચિંતા કરી અને ગરીબ લોકોને મફત અનાજ મળે એના માટે બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉની સરકારોમાં આદિવાસીઓમાં ચોરી,લૂંટ, બળાત્કાર અને ડાકેયતી આવા ખૂબ બનાવો બનતા હતા ત્યારે મારે યાદ કરવા છે. પૂર્વ ગૃહમંત્રીશ્રી અને હાલના કેન્દ્રીયમંત્રી શ્રી અમિતભાઇ શાહ સાહેબ, અત્યારના ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવી સાહેબ તથા પૂર્વ ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા સાહેબે કડક કાયદો બનાવીને આવા વ્યકિતઓને જેલના સળીયા પાછળ ધકેલવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું માનગઢની વાત કરું તો એ ધરતી પર અમારા શહીદવીરો શહીદ થયા હતા. અમારા વિસ્તારમાં ગુરુ ગોવિંદે આદિવાસીભાઇઓને જાગૃત કરવાનું કામ કર્યું હતું અને દેશને આઝાદ કરવા માટે ૧,૫૦૦ જેટલા આદિવાસીભાઇઓ શહીદ થયા હતા. મારે એ વાત કરવી છે કે અમારા આદિવાસીઓની અગાઉની સરકારોએ કોઇ ચિંતા નહોતી કરી, ત્યારે અમારા ગુરુ ગોવિંદે અમારા ભાઇઓને જાગૃત કરવાનું કામ કર્યું છે ત્યારે મને ગુરુ ગોવિંદે એક ભજન ગાયું હતું એ રજૂ કરવાની અનુમતિ મળે.

માનગઢમાં મારી ધૂણી છે ભુરેટીયા નઈ માનુ રે,
ઝાલોદમાં મારી કુંડી છે ભુરેટીયા નહિ માનુ રે.
દાહોદમાં મારી થાળી છે ભુરેટીયા નહિ માનુ રે,
ગોધરામાં મારી લગામ છે, ભુરેટીયા નહિ માનુ રે.
અમદાવાદમાં મારી જાજમ છે, ભુરેટીયા નહિ માનુ રે,
બેણેશ્વર (રાજસ્થાન) મારો ચોપડો છે, ભુરેટીયા નઈ માનુ રે.
દિલ્હીમાં મારી કલમ છે ભુરેટીયા નહિ માનુ રે.

માનનીય અધ્યક્ષશ્રી, અંગ્રેજો વખતે આવું ભજન ગાયું હતું અને લોકોને ખૂબ જાગૃત કર્યા હતા. એટલે માનગઢમાં મારી ધૂણી એટલે આદિવાસી સમાજના લોકોને જાગૃતિ કરવા માટે શરૂ કરી હતી, એટલે જેમાં ભજન કિર્તન પૂજાપાઠ થતા હતા. ઝાલોદમાં નગારૂ છે જેને વગાડીને લોકોને એકત્રિત કરવામાં આવતા હતા. દાહોદમાં મારી થાળીએ એટલે બધા લોકો થાળી લઇને જમવા જાય. ગોધરામાં ઘોડેસવારીનું આયોજન કરવામાં આવતું હતું. અમદાવાદમાં મારી જાજમ એટલે કે ગુરુ ગોવિંદસિંહ સહિત સમાજના લોકોને પુરેલા હતા એમના માટે જેલમાં જાજમ પથરાતી હતી. એવા ગીત ગાતા અને બેણેશ્વર એટલે કે રાજસ્થાન મારો ચોપડો છે એટલે કે ઇતિહાસ છે. અને દિલ્હીમાં મારી કલમ છે એટલે કે કાયદો લખાયેલ છે એવો ઇતિહાસ ગાતા હતા. આજે પણ અમારી ગાદી દિલ્હીમાં છે સન ૨૦૨૨માં તમારો કોઇ મેળ પડવાનો નથી. ગમે તેટલો વિરોધ કરો કે ધમપછાડા કરો અમારી સરકાર છે અમારા મોદી સાહેબ છે. આ બજેટને મારું સમર્થન આપું છું.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ વિભાગની માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભાઇ શ્રી રમેશભાઇ અને અમારા સાથીઓએ જે રીતે વાત કરી છે કે કોરોનામાં બધાંને ૫-૫ કિલો અનાજ આપ્યું, પરંતુ સરકાર જે પૈસાવાળા લોકો હતા તેને વિમાનમાં લઇ આવ્યા અને ગરીબ માણસો ૫ કિલોમીટર, ૫૦ કિલોમીટર, ૫૦૦ કિલોમીટર. પગના તળિયા ઘસાઇ ગયા. ચાલતા ચાલતા છોકરાઓ ભૂખ્યા થઇને મરી ગયા પણ સરકારે દરકાર કરી નથી. માનનીય વડાપ્રધાનશ્રી આવે તો તમે હજારો બસો ભેગી કરો, ત્યારે તમને દયા નથી આવતી તો ગરીબ માણસો માટે જ કાયદો છે? આજે પણ માનનીય ગૃહમંત્રી શ્રી અને માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આદિવાસીઓ પોતાની માગણી લઇને રજૂઆતો કરવા ગાંધીનગર આવતા હોય તો રસ્તે બસો ડીટેઇન કરીને, ધમકાવીને ભાજપના કાર્યકર્તાઓએ કહ્યું કે તમારે બસ લઇ જવી હોય તો ક્યારેય તમારો ધંધો નહીં થાય. તમને ડીટેઇન કરીશું અને પાંચ-પાંચ લાખ રૂપિયાનો દંડ કરીશું. આ ગુજરાત છે?

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે જે રીતે આદિજાતિ વિભાગના પૈસા ૧ લાખ કરોડ, જે વનબંધુ કલ્યાણ યોજના જાહેર કરી, ૧૪ હજાર કરોડ રૂપિયા, ૨૫ હજાર કરોડ રૂપિયા, ૪૫ હજાર કરોડ રૂપિયા, ૧ લાખ કરોડ રૂપિયા. આપણાં ગુજરાતમાં આદિવાસીની વસતિ ૧ લાખ કરોડ છે. યોજનાઓ કરોડોની છે પણ આદિવાસી વિસ્તારમાં શિક્ષણની શું પરિસ્થિતિ છે, તમે ૬,૦૦૦ પ્રાથમિક શાળાઓ બંધ કરી દીધી. કેમ કરી દીધી? મારા મિત્ર કટારા સાહેબ હમણા કહેતા હતા કે કોંગ્રેસની સરકારમાં વૃક્ષ નીચે ભણતા હતા, પણ ભણતા તો હતા. આજે તમે સ્કૂલો બંધ કરી દીધી. એટલા માટે કે તમારે આ ગુજરાતમાં ભણેલા મજૂર પેદા કરવા છે, આદિવાસીઓના છોકરાઓ કે, તમારા ખેતરમાં કોણ જાય? તમારા ઘરમાં સફાઇ કોણ કરશે? તમારા ઉદ્યોગોમાં સફાઇ કોણ કરશે? એટલા માટે આ પ્રથા. આ પ્રથા તમારી નથી, આ પ્રથા નાગપુરથી આવી છે, આર.એસ.એસ.ની. જંગલોમાં જે આદિવાસી વિસ્તારમાં લોકો રહે છે તેને જમીનથી વિખૂટા કરવાના. તાપી પારલિંક યોજના. માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ કહેતા હતા કોઇ પણ ભોગે અમે આ યોજના કરીશું. કોઇ પણ ભોગે એટલે આદિવાસીઓને મારી,

ધમકાવી અને હટાવીને કરવી છે? એક બાજુ માનનીય મંત્રીશ્રી નરેશભાઇ કહેતા હતા કે આ યોજના નથી કરવાના, તો ૫૦૦ કરોડ શેના કર્યા છે એ તમે જાહેર કરો? એક બાજુ નિર્મલા સીતારમણજીએ જે યોજનાઓ જાહેર કરી છે. અમારા વિસ્તારમાં ડ્રોનથી સરવે થાય છે. વિભાગવાળા મામલતદારશ્રીને કાગળ લખે છે કે તમારી આ આદિવાસીની જમીન છે તેની જંત્રી બતાવો કે કેટલા પૈસા આપીને તેને સંપાદન કરવાની? બીજી બાજુ તમે એમ કહો છો કે આ યોજના કરવાના નથી. એટલે આદિવાસીઓ જે રીતે ગુમરાહ થાય છે અને આખા વિસ્તારમાં જે આક્રોશ છે એ બાબતે અમે તમારી સાથે ચર્ચા કરવા તૈયાર છીએ. કમિટી બનાવો અને આદિવાસીઓમાં જે ઉહાપોહ છે તેનો નિકાલ થાય અને જે યોજના વિસ્થાપનવાળી છે એ પણ બંધ થાય.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ક્લેરીફિકેશન છે કે માનનીય સભ્યશ્રીએ જે વાત કરી. શિક્ષણની માગણીમાં પણ તેની રજૂઆત થઇ છે કે ગુજરાતમાં કુલ માત્ર ૮૬ શાળાઓ બંધ થઇ છે એટલે રેકર્ડમાં ખોટું ન જાય એટલા માટે. ૮૬ શાળાઓ બંધ થઇ છે. રેકર્ડમાં ૬,૦૦૦ શાળાઓનો મુદ્દો ન જાય એટલા માટે.

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા(જેતપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુરવઠા મંત્રીશ્રી માગણી ક્રમાંક-૨૨ અને ૨૩ આ સન્માનનીય ગૃહ સમક્ષ લઇને આવ્યા છે. આ માગણી ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પુરવઠા વિભાગ એટલે રાજયના છેવાડાના લોકો માટે કામ કરતો વિભાગ. આ વખતના બજેટમાં ગત વર્ષ કરતાં પણ વધારે જોગવાઇ કરી છે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ, માનનીય નાણામંત્રીશ્રી અને પુરવઠા મંત્રીશ્રીને હું હ્રદયપૂર્વકના અભિનંદન આપું છું. જ્યારથી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો એપ્રિલ-૨૦૧૬થી અમલમાં આવ્યો ત્યારથી લઇને આજ દિવસ સુધી રાજયની અંદર જાહેર વિતરણ વ્યવસ્થા ૭૧ લાખથી વધારે એન.એફ.એસ.ના લાભાર્થી પરિવારોને દર મહિને સસ્તા ભાવે અનાજ મળી રહે તે માટે રાજયની ૧૭,૦૦૦થી વધુ દુકાનો ઉપરથી સમગ્ર રાજયની અંદર જાહેર વિતરણ વ્યવસ્થા અત્યારે ચાલુ છે. છેવાડાના માણસ સુધી અનાજ પહોંચે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન ચાલુ રહેશે. વિરામનો સમય થયો છે.

**વિરામ-બપોરના ૧૨-૦૦થી ૧૨-૩૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, પુરવઠા વિભાગ માટે રાજય સરકારે જે મહત્વના નિર્ણયો લીધા હતા એમાં અત્યાર સુધી NFSA ના કાર્ડનું જયારે વિભાજન થાય છે ત્યારે એ કાર્ડ non NFSA થઇ જતું. વિભાગે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો, અને NFSA કાર્ડધારક હોય એનું વિભાજન થાય તો નવું કાર્ડ જે બને એ પણ NFSA કાર્ડ બને એ માટે આ વિભાગે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. સાથેસાથે રાજયના તમામ દિવ્યાંગ લાભાર્થીઓ જેનો પણ NFSAમાં સમાવેશ કરવામાં આવ્યો. એવી જ રીતે આ રાજયની ગંગાસ્વરૂપ બહેનોનો પણ NFSAમાં સમાવેશ કરવામાં આવ્યો. સાથેસાથે રાજયના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા બાંધકામ શ્રમિક બોર્ડના જે શ્રમિકો નોંધાયેલા છે આવા શ્રમિકોનો પણ NFSA ની અંદર સમાવેશ કરવામાં આવ્યો અને આ બધાનો જેમનો નવો સમાવેશ કર્યો, એમાં અંદાજે દસ લાખથી વધુ પરિવારો અને ૫૦ લાખની જનસંખ્યાને NFSA હેઠળ અનાજની વ્યવસ્થાનો એમને લાભ મળ્યો. સાથેસાથે આ વિભાગની મહત્વની એવી કામગીરી કરી, જયારે કોરોનાની પરિસ્થિતિમાં સમગ્ર રાજયમાં લોકડાઉનની પરિસ્થિતિ હતી ત્યારે રાજય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો અને NFSAના ૭૧ લાખથી વધુ લાભાર્થીઓને એપ્રિલ, મે અને જૂન એમ ૩ માસ દરમિયાન ઘઉ, ચોખા, ચણા દાળ, ખાંડ અને મીઠું એમ આખું ફૂડ બાસ્કેટ બનાવી અને સતત ૩ માસ સુધી ૭૧ લાખથી વધુ લાભાર્થી પરિવારને વિનામૂલ્યે વિતરણ કરવાની શ્રેષ્ઠ કામગીરી પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવી હતી. એવી જ રીતે નોન NFSAના લાભાર્થી અંદાજે ૬૧ લાખ પરિવારો જે લાભાર્થીઓ હતા એમના માટે એ સમય મુશ્કેલોનો સમય હતો. રાજય સરકાર અને પુરવઠા વિભાગે ત્યારે પણ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો અને આવા ૬૧ લાખ NON NFSA પરિવારોને પણ પરિવારદીઠ ૧૦ કિલો ઘઉં, ૩ કિલો ચોખા, ચણાદાળ અને ખાંડનું વિનામૂલ્યે વિતરણ કરી અને કોરોનાની પરિસ્થિતિમાં આ રાજયનો એક પણ નાગરિક ભૂખ્યો ના સૂવે એની ચિંતા આ વિભાગે કરી છે. એની સાથે સાથે પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ વર્ષ એપ્રિલ ૨૦૨૦થી નવેમ્બર ૨૦૨૦ અને વર્ષ મે ૨૦૨૧ થી ફેબ્રુઆરી ૨૦૨૨ સુધી વિનામૂલ્યે આખા દેશની જનતાને અનાજ વિતરણ કરવાનું કામ પણ ભારત સરકારે કર્યુ હતું. એવી જ રીતે વન નેશન, વન રેશન કાર્ડની આ વિભાગની મહત્વની યોજનાઓ કે જયાં શ્રમિકો કામ માટે સૌરાષ્ટ્ર સાઇડ આવતા હોય છે અને એવા પરિવારોને જયારે દર મહિને અનાજ લેવા જવાનું થતું હોય ત્યારે એનું વતન દૂર હોય અને કામ કરવા માટે સૌરાષ્ટ્રમાં આવતા હોય અને ત્યારે માલ લઇ શકતા નહોતા, એટલે એવી પરિસ્થિતિ થતી હતી કે દર મહિને એમનો માલ બચેલો પડયો હોય અને અમૂક સમયે એ કાર્ડની અંદર એન્ટ્રી ના થઇ હોય તો સાયલંટ હોય એટલે એ કાર્ડ રદ થતા હતા ત્યારે ભારત સરકારની મહત્વપૂર્ણ યોજના ''વન નેશન, વન રેશનકાર્ડ '' યોજના એટલે કોઇપણ શ્રમિક કોઇપણ ગામમાંથી, કોઇ જિલ્લામાંથી કે રાજય બહાર પણ ગયા હોય તો ત્યાંથી અનાજ દર મહિને મેળવી શકે એ માટે મહત્વપૂર્ણ નિર્ણય આ વિભાગે કર્યો છે. જાહેર વિતરણ વ્યવસ્થા, પુરવઠા વિભાગની મહત્વની કામગીરી છે અને એની સાથે સાથે આ રાજયના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી, રાજયના નાગરિક પુરવઠા નિગમે મગફળી, ડાંગર, મકાઇ, બાજરી તુવેરથી લઇને અનેક જણસીઓની ખરીદી ટેકના ભાવે નાગરિક પુરવઠા નિગમે નોડલ એજન્સી તરીકે કામગીરી કરી હતી અને છેલ્લા ચાર વર્ષમાં ૧૫ હજાર કરોડ રૂપિયાથી વધુ રકમની ટેકાના ભાવે ખરીદી રાજયના ખેડૂતો પાસેથી કરી હતી. એટલે જાહેર વિતરણ વ્યવસ્થા આ વિભાગનું મુખ્ય કામ છે. છતાં પણ છેલ્લા ચાર વર્ષથી રાજયના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરીને પારદર્શક વહીવટ કરીને ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં

પુરવઠા વિભાગ અને નિગમના જે કર્મચારીઓએ કામગીરી કરી છે એ અભિનંદનને પાત્ર છે. કેમ કે પોતાના વિભાગની કામગીરી સહિત વધારાની કામગીરી જ્યારે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે રાજ્ય સરકાર ખરીદી કરતી હોય ત્યારે એવી કામગીરી કરનાર કર્મચારીઓને અભિનંદન આપીને માનનીય મંત્રીશ્રી જે પુરવઠા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી આદિજાતિ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓનો જે મુદ્દો છે એ જળ, જંગલ અને જમીનનો જે હક્ક છે એ ના છીનવાઇ જાય એ માટે અહીંયા બોલવા ઉભી થઇ છું ત્યારે આજે દુ:ખ સાથે કહેવું પડે છે કે ૧૪ જિલ્લાના અમારા આદિવાસી ભાઇ-બહેનો આજે સત્યાગ્રહ છાવણીમાં પધાર્યા છે. જાહેરમાં મંત્રીશ્રી, આદિજાતિના ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય અમારી પાસે ભાષણ કરે કે અમે તમારી સાથે છીએ. જળ, જંગલ અને જમીનમાં તમારી કોઇ જમીન પડાવવાનું નથી એવું ખુલ્લેઆમ ચેલેન્જ કરે ત્યારે આદિવાસી ધારાસભ્ય તરીકે તમામને ઓફર આપું છું કે, આજે આપણો આદિવાસી, અહીંયા પાર્ટીની વાત નથી. આપણો આદિવાસી આજે આવ્યો છે ત્યારે આદિવાસીના નાતે વાતો કરવાની છે, ત્યારે શ્રી રમેશભાઇ કહેતા હતા કે બધું આદિવાસી વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. શ્રી મેશભાઇ, તમે મારા નાના ભાઇ છો અને તે વખતે કોંગ્રેસની સરકારની નિશાળ ચાલતી હતી ત્યારે આપ ભણ્યા છો. કોલેજ, આઇ.ટી.આઇ., આશ્રમશાળાઓ કોંગ્રેસની સરકારમાં મળી છે ત્યારે કોંગ્રેસને આજે યાદ કરવી જોઇએ. આજે છાત્રાલયો, આશ્રમશાળાઓમાં આ સરકાર સંખ્યા વધારો પણ આપી શકતી નથી ત્યારે તમે કેવી વાત કરવા બેઠા છો? આજે આપણો આદિવાસી આવ્યો છે, પાણી માટે વલખાં મારે છે. નલ સે જલની યોજના એ પણ આપણા ખેતરોમાં આમથી તેમ ફેરવી રહ્યા છે. કાલે તમારા મત વિસ્તાર રૂપાખેડામાં જે બહેનોએ રેલી કાઢી વીરડામાંથી પાણી કાઢતી જોઇને મને શરમ આવે છે કે હું મહિલા છું અને દંડક સાહેબના ગામમાં પાણી ન મળતું હોય તો અમારું તો શું થાય? બીજી દાહોદ ટ્રાઇબલની વાત કરું તો ન્યૂ પેટર્નમાં વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્ય કક્ષાના જે કામો કરવામાં આવે છે એમાં કોંગ્રેસના ધારાસભ્યો છે, ત્યાં આયોજન લેવામાં આવતું નથી અને ડાયરેક્ટ એન.જી.ઓ.ને ફાળવે છે. મારી પાસે પ્રૂફ છે. ૧૪ જિલ્લાની વાત કરું તો કુલ ૩૦૭ કામો મંજૂર કર્યાં છે. આજે આદિવાસીઓને માટે ૧૫ હજાર, ૨૦ હજાર, ૫૦ હજારના પેકેજની વાતો કરીને શું *(xxx) આદિવાસીઓને સારું લગાડવાનું કામ કરો છો? જયાં સુધી ડીસેગ નહીં કાઢો ત્યાં સુધી આદિવાસીઓનો વિકાસ થવાનો નથી. આ ગ્રાન્ટ જંગલોમાં ક્યાં ખોવાઇ ગઇ છે? ક્યાંય વધારે એસ.ટી.ઓ ખોવાઇ ગઇ છે. *(xxx) એવી આ વાત છે.

શ્રી પૂર્ણેશ મોદી : (xxx)એ શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા દક્ષિણ ગુજરાતનું ગૌરવ અને અમારા આદિવાસી મંત્રીશ્રી નરેશભાઇ ૨૨, ૨૩, ૯૩,૯૬ અને ૧૦૫ની માગણી લઇને આવ્યા છે, એમાં મારું સમર્થન અને મારા વિચારો દર્શાવવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રાજયમાં રાજકીય સ્થિરતા હોય, રાજકર્તાની દ્રઢઇચ્છા શક્તિ હોય, ઇમાનદાર રાજકર્તા હોય તેમજ રાજકર્તાનું જનતા પ્રત્યેનું સમર્પણ હોય ત્યારે જ રાજય વિકાસ સાધી શકે છે. આપણને શ્રી નરેન્દ્રભાઇ મોદી જેવું મજબૂત અને દ્રષ્ટિવાન નેતૃત્વ ૧૩ વર્ષ સુધી મળ્યું જે રાજયની પ્રજાનું સૌભાગ્ય ગણાય. શ્રી નરેન્દ્રભાઇ મોદીના મુખ્યમંત્રી તરીકેના સમયગાળા દરમિયાન ગુજરાતના સર્વાંગી વિકાસને વેગ મળ્યો અને ગુજરાત વિકાસના રોલ મોડલ તરીકે ઉભરી આવ્યું. વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૭ ના સમયગાળામાં આ વિધાનસભાગૃહમાં ધારાસભ્ય તરીકે હતો અને તે સમયે આ દેશના વડાપ્રધાન અને તે સમયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ અહીંના મુખ્યમંત્રી હતા અને આ જ સન્માનનીય ગૃહમાં એમણે વર્ષ ૨૦૦૭માં આદિવાસી સમાજ માટે વનબંધુ કલ્યાણ યોજના ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની મૂકી હતી અને એ ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની યોજના મૂકયા બાદ સર્વાંગી વિકાસ આદિવાસી સમાજમાં વિવિધક્ષેત્રે વિકાસ થાય, શિક્ષણ ક્ષેત્રે, સિંચાઇ ક્ષેત્રે, અન્ન, પ્રવાસન, આંગણવાડીથી માંડીને દરેકક્ષેત્રે કાર્ય થાય એવા આશયથી ૧૫,૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ મૂકવામાં આવ્યું હતું. તે સમયે આ સન્માનનીય ગૃહમાં મને કહેતા આનંદ થાય છે કે તે સમયે અમારા આદિવાસી નેતા સ્વ. અમરસિંહભાઇ પણ આ સન્માનનીય ગૃહમાં ધારાસભ્ય તરીકે હતા અને વિપક્ષના નેતા પણ હતા. તે સમયે એમ કહેતા હતા કે આ ૧૫,૦૦૦ કરોડ રૂપિયા લાવશે કયાંથી? પણ આજે મને કહેતા આનંદ થાય છે કે ૧૩ વર્ષ સુધી આ દેશના વડાપ્રધાન અને તે સમયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ રહ્યા અને ૧૩ વર્ષમાં ૧,૦૦,૦૧૮ કરોડ રૂપિયા વાપરવામાં આવ્યા. એના અમે બધા સાક્ષી છીએ. આપણે બધા સાક્ષી છીએ. દરેક ક્ષેત્રે આ વિકાસનું કાર્ય કર્યું અને આજે મને કહેતા આનંદ થાય કે હાલના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના વડપણ હેઠળની સરકાર અને અમારા શ્રી નરેશભાઇએ કેટલીક યોજના મૂકી છે. અત્યારે ગામડાંની અંદર કનેક્ટિવિટી જોડવા માટે ૫૦૦ જેટલા ટાવરો મૂકયા છે. ૧૦૦ કરોડ રૂપિયા જેટલી આ બજેટની અંદર જોગવાઇ કરવામાં આવી છે. કોરોના મહામારીના સમયમાં આદિવાસી વિસ્તારની અંદર ખૂબ મોટી સમસ્યા અને એ સમયે આ રાજય સરકારના મુખ્યમંત્રી તરીકે શ્રી વિજયભાઇ રૂપાણીસાહેબ અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે એટલી બધી કેર લીધી છે કે આદિવાસી સમાજને કયાંય મુશ્કેલી ન પડે અને કયાંય એ ભૂખ્યો કે તરસ્યો સૂવે નહીં એની ચિંતા કરી છે અને આ દેશના વડાપ્રધાનશ્રીએ તો એવી ચિંતા કરી કે મફત રાશન આપવામાં આવ્યું, મફત આદિવાસી સમાજને જેને ગેસની જરૂર છે એમાં ગેસના પૈસા પણ જમા કરી આપવામાં આવ્યા અને આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને શ્રી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૫મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

નીતિનભાઇ પટેલ સાહેબે કાર્ડ ગ્રાહકોને હજાર રૂપિયા પણ એના ખાતામાં જમા કરાવ્યા. એ કોરોના મહામારીના સમયમાં અમારા ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબે ભા.જ.પા.ના ધારાસભ્યોને આદેશ કર્યો કે આદિવાસી સમાજમાં કોઇને મુશ્કેલી ન પડે એટલા માટે તમે કોવિડ હોસ્પિટલ ખોલો. મને કહેતા આનંદ થાય છે કે મારા કાર્ય વિસ્તારની અંદર આદિવાસી વિસ્તારની અંદર ૧૫૦ બેડની કોવિડ હોસ્પિટલ મારા તરસાડી વિભાગમાં મહુવા તાલુકામાં ખોલી આપી. ૧૦૦ બેડની મારા વાલોલ તાલુકામાં ખોલી હતી. આદિવાસી સમાજને કયારેય મુશ્કેલી ન પડે એની ચિંતા કરી હતી. મને કહેતા આનંદ થાય છે કે હમણા એમ કહેતા હતા કે આરોગ્ય વિભાગમાં કોઇ સુવિધા નથી, પણ અમારા શ્રી નીતિન પટેલ સાહેબે એટલા બધા આરોગ્ય પ્રાથમિક કેન્દ્રો સુવિધાવાળાં આપ્યાં છે તમે જોવા ચાલો. તમને લઇ જવા માગુ છું. અમારા મત વિસ્તારમાં એક પણ ગામમાં સબ સેન્ટરો જેવા કે પી.એચ.સી. કે સી.એચ.સી.બાકી રહ્યાં નથી. એ આદિવાસી વિસ્તારનો વિષય નથી? આ આદિવાસી વિસ્તાર એ જુદો છે? આ ૧૦૦ ટકા આરોગ્ય કેન્દ્રોમાં સંપૂર્ણ આરોગ્યની સુવિધા મળતી હોય ત્યારે એનાથી વિશેષ સુવિધા તમારે કઇ જોઇએ?

અધ્યક્ષશ્રી : તમારું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય આદિજાતિ મંત્રી સાહેબ જે પોતાની માગણીઓ લઇને આવ્યા છે, તે માગણી નં. ૯૩ અને ૯૬ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ લાગણી હતી કે સમગ્ર ગુજરાતના ૧૮,૭૦૦ થી ઉપર ગામો છે એ ગામોની અંદર લાખોપતિઓ, કરોડોપતિઓ, અબજોપતિઓ જમીનો પણ ધરાવે છે અને જુદા જુદા ઉદ્યોગો પણ ધરાવે છે. આ વિસ્તારનાં વિકાસનાં કામો માટે એ મકાનો બાંધવાના હોય તો કોઇ ૪ માળનું બનાવે કોઇ ૮ માળનું કે કોઇ ૧૨ માળનું બનાવે. એ મકાનો બાંધવા માટે સમગ્ર ગુજરાતના ૫,૮૮૪ ગામો ગુજરાતના છે, એ ૫,૮૮૪ ગામો અને ૧,૯૬,૦૮૪ કિ.મી. નો આખો ગુજરાતનો વિસ્તાર એ વિસ્તારમાંથી આ ૫,૮૮૪ ગામમાંથી હજારો ખેતમજૂરો મજૂરી કરવા માટે દાહોદ હોય, છોટાઉદેપુર જિલ્લો હોય કે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લામાંથી હજારો લોકો મહેનત, મજૂરી કરવા માટે જાય છે અને કેટલીક જગ્યાએ મજૂરી આખા વર્ષ દરમિયાન કરી હોય અને કેટલીક જગ્યાએથી કેટલાક મજૂરોને પૈસા મળ્યા નથી અને કાઢી મૂક્યા છે. એની રજૂઆતો જે તે વિસ્તારના ડી.એસ.પી., પી.એસ.આઇ. ને લેખિત અમે કરી છે. વિભાગના માનનીય મંત્રીશ્રીને પણ લેખિત નામો સાથેની રજૂઆત કરી છે, પણ તેમને એક પૈસો મળ્યો નથી. એવી પરિસ્થિતિ આજે છે. આદિવાસી વિસ્તારમાં ડેમો બનાવ્યા. કરજણ ડેમ, ઉકાઇ ડેમ, દમણગંગા ડેમ, નર્મદાનો ડેમ, સુખી સિંચાઇ યોજનાનો ડેમ, માછણનાળાનો ડેમ, પાનમનો ડેમ, કડાણાનો ડેમ આવા તમામ ડેમો બાંધ્યા છે તે તમામ આદિવાસી વિસ્તારના ખેતમજૂરોની જમીનો લઇને જ આ ડેમો બનાવ્યા છે એ વિસ્તારને પીવાનું અને સિંચાઇનું પાણી મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી એટલી જ છે કે, આ વિસ્તારમાંથી જે છોકરાઓ ભણીગણીને તૈયાર થયા છે, વર્ષો પહેલાં પ્રાથમિક શાળાના શિક્ષકો, તલાટીઓ, ગ્રામસેવકો, પોલીસ કોન્સ્ટેબલ, બીટગાર્ડ એ તમામ લોકોને જે સરકારે નોકરી આપી છે, અત્યારે તો કેટલાક નિવૃત્ત થઇ ગયા છે. આ સરકારમાં જેને નોકરી આપવાની છે તે શિક્ષિત બનીને આજે નોકરી લેવા માટે વલખાં મારે છે પણ કોઇને અને મેં બે દિવસ પહેલાં જ વાંચ્યું છે કે, આ જુદી જુદી નોકરી લેવા માટે *(xxx)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી વિજયભાઇ પટેલ.

શ્રી વિજયભાઇ ર. પટેલ(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહમાં માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ શ્રી નરેશભાઇ પટેલ સાહેબ જે માગણી નંબરઃ ૯૩ અને ૯૬ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું. આ ગુજરાતનો પૂર્વ પટ્ટીનો વિસ્તાર એટલે કે ઉમરગામથી માંડીને અંબાજી સુધીના ૫૩ તાલુકામાં વસતો મારો આદિવાસી સમાજ લગભગ એક કરોડ જેટલી....

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઇ.

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાઠવા સાહેબના છેલ્લા શબ્દો છે તે રેકર્ડ પરથી દૂર થાય તે જરૂરી છે.

અધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે. માનનીય શ્રી વિજયભાઇ પટેલ.

શ્રી વિજયભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ એક કરોડની વસતિ ધરાવતો મારો આદિવાસી સમાજ આ વિસ્તારમાં રહે છે. ત્યારે આ વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય તે માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આ દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૦૭ ની અંદર વનબંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકી. આ વનબંધુ કલ્યાણ યોજના થકી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આશય હતો કે બીજા સમાજની હરોળમાં આદિવાસી સમાજ પણ આવવો જોઇએ. તેના માટે દસ જેટલા મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા. આ મુદ્દાઓ થકી આજે સમગ્ર આદિવાસી વિસ્તારની અંદર રસ્તા, પાણી, વીજળી, આરોગ્ય, શિક્ષણ દરેક ક્ષેત્રે આજે સર્વાંગી વિકાસ થયો છે. ત્યારે આ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અને ગુજરાતની સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. વર્ષ ૨૦૦૭ થી ૨૦૨૧ સુધી આદિવાસી વિસ્તારની અંદર લગભગ ૧ લાખ ૦૨ હજાર કરોડનો ખર્ચ થયો છે. કોઇપણ સમાજને આગળ આવવા માટે અને તેની ઉન્નતિ માટે શિક્ષણ જરૂરી છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે દરેક સમાજની અંદર શિક્ષણનું પ્રમાણ વધે તેના માટે શાળા પ્રવેશ મહોત્સવની ઉજવણી શરૂ કરી. કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી શરૂ કરી. તેના ભાગરૂપે આજે મને ગૌરવ થાય કે આ દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ મારા ડાંગ જેવા આદિવાસી વિસ્તારની અંદર આવ્યા અને અમારા ડાંગના આદિવાસીઓને તેમણે આહવાન કર્યું હતું કે જો સમાજની ઉન્નતિ અને પ્રગતિ કરવી હોય તો આવનાર પેઢીને તમે શિક્ષણ આપો. તેના કારણે આજે અમારો સમગ્ર

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આદિવાસી વિસ્તારની અંદર શિક્ષણનો ડ્રોપ આઉટ રેશિયો છે તે વર્ષ ૨૦૦૧-૦૨ માં ૩૭.૨૨ ટકા હતો તે આજે રેશિયો વર્ષ ૨૦૧૮-૧૯ની અંદર ઘટીને ૪ ટકાથી નીચે ગયો છે. આદિવાસી બાળકો સારું શિક્ષણ મેળવે તેના માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. શિષ્યવૃત્તિની સાથે સાથે ટ્યૂશન ફી, પરીક્ષા ફી અમારા ૧૬ લાખ જેટલાં આદિવાસી બાળકોના ખાતામાં ડાયરેક્ટ જમા થાય છે. વર્ષ ૨૦૨૧-૨૨ ની અંદર આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ૬૭,૧૫૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આદિવાસી સમાજની દીકરીઓ છે તેને કોઇ તકલીફ ન પડે અને શિક્ષણથી વંચિત ન રહી જાય, તેના માટે વિદ્યા સાધના યોજના અંતર્ગત ૪૦ હજાર આદિવાસી દીકરીઓને મફતમાં સાઇકલ આપવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧૫૧૮.૫૫ લાખનો ખર્ચ કર્યો છે. પ્રાથમિક શાળાની અંદર જે બાળકો ભણે છે તેવા લગભગ ૧૩ લાખ જેટલા વિદ્યાર્થીઓને મફતમાં ગણવેશ પૂરા પાડવા વર્ષ ૨૦૨૧-૨૨ ની અંદર ૮,૧૪૬.૩૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. અમારા આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ શહેરોની અંદર ભણવા આવે છે ત્યારે તેમને રહેવા માટેની ખૂબ તકલીફ પડે છે. તેના માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૦ જેટલાં શહેરોમાં કુમાર અને કન્યા છાત્રાલયો ઉભા કરીને ૧૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ માટેની ભારતીય જનતા પાર્ટીની સરકારે સુવિધા કરી છે, ત્યારે સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણનો વ્યાપ વધે અને એના માટે આ રાજયની સરકારે આદિજાતિ વિસ્તારમાં ૮,૦૩૫ જેટલી પ્રાથમિક શાળાઓ, ૧,૦૬૪ જેટલી સેકન્ડરી શાળાઓ, ૫૦૯ જેટલી ઉંચ્ચ શિક્ષણની શાળાઓ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે, કહેતા હતા અહીંયા કે સારું શિક્ષણ મળવું જોઇએ ત્યારે કહું છું કે આજે આખા આદિવાસી પટ્ટામાં ૪૭ જેટલી એકલવ્ય મૉડેલ સ્કૂલો શરૂ કરવામાં આવી છે અને એમાં અમારા આદિવાસી દીકરા-દીકરીઓ સૂટ-બૂટ  સાથે બેંચીસ પર બેસીને અભ્યાસ કરે છે એનું અમને ગૌરવ છે અને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ આદિવાસી વિસ્તારમાં ૧૧ સાયન્સ કોલેજ, ૧૧ કોમર્સ કોલેજ અને ૨૩ આર્ટ્સ કોલેજ એમ ૪૫ જેટલી કોલેજોનું નિર્માણ કરીને આજે આદિવાસી સમાજને આગળ લઇ જવાનું કામ અમારી સરકારે કર્યું છે. મેડિકલ ક્ષેત્રે પણ અમારો આદિવાસી સમાજ આગળ આવે એના માટે વલસાડ અને દાહોદમાં આજે મેડિકલ કોલેજો સ્થાપવામાં આવી છે. જંગલની જમીનની ખૂબ વાતો કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, જંગલની જમીન આદિવાસી સમાજને આપવાનું જો કોઇએ કામ કર્યું હોય તો આ રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આખા આદિવાસી વિસ્તારમાં ૯૧,૮૮૪ જેટલા વ્યક્તિગત દાવાની અંદર ૬૦,૮૬૭ હેક્ટર જંગલની જમીન આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે અને એમાં પણ ગૌરવ થાય છે કે ૮૦,૬૦૨ જેટલા વ્યક્તિગત દાવાઓના ૭/૧૨ની અંદર રેકોર્ડ પૂર્ણ કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં આરપાર તાપી લિંકની વાત કરવામાં આવે છે, હું પણ આદિવાસી વિસ્તારમાંથી આવું છું, ડાંગની વાત આવે છે, ડાંગની પ્રજાએ મને પ્રતિનિધિત્વ આપ્યું છે, ડાંગને રક્ષણ આપવું, ડાંગને ન્યાય આપવો એ અમારી જવાબદારી છે અને એના માટે અમે સરકારશ્રીને રજૂઆત કરી છે. આરપાર તાપી લિંકેજ જ્યારે હું વર્ષ ૨૦૦૨માં ઉમેદવાર હતો ત્યારે પણ આ ડેમની વાત આવી પછી ચૂંટણી પતી ગઇ ડેમ જતા રહ્યા, વર્ષ ૨૦૦૭માં પાછા આ ડેમ આવ્યા ચૂંટણી પતી ગઇ એટલે પાછા ડેમ જતા રહ્યા, વર્ષ ૨૦૧૨માં પણ આજ લિંકની આજ વાત કરવામાં આવી અને કહેવામાં આવ્યું કે ડાંગના આદિવાસી ભાઇઓ તમને કચ્છ મોકલી દેવામાં આવશે, દાહોદ મોકલી દેવામાં આવશે, મધ્યપ્રદેશમાં મોકલી આપવામાં આવશે, પણ ચૂંટણી પતી ગયા પછી ડેમ પણ જતા રહ્યા અને વર્ષ ૨૦૧૭માં પાછા આ ડેમ આવ્યા અને પાછી આની આજ વાત કરવામાં આવે છે. આ બાબતે જે તે સમયે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અમે મળ્યા હતા અને રજૂઆત કરી હતી અને નરેન્દ્રભાઇ મોદી સાહેબે અમને ખાતરી આપી હતી કે, અમે આદિવાસીઓનો સર્વાંગી વિકાસ કરવા માગીએ છીએ. અમે કોઇ પણ આદિવાસી દુ:ખી થાય, કોઇ પણ વિસ્થાપિત થાય એવી કોઇ યોજના આદિવાસી વિસ્તારમાં અમે લાવવા માગતા નથી. તે સમયે ખાતરી આપવામાં આવી છે ત્યારે હું પણ એક પ્રજાના પ્રતિનિધિ તરીકે આપના મારફત રાજય સરકાર અને કેન્દ્ર સરકારને વિનંતી કરું છું કે એવી કોઇ યોજના અમારા આદિવાસી વિસ્તારમાં ન આવે જેથી અમારા આદિવાસી સમાજને વિસ્થાપિત થવું પડે, અમારા આદિવાસી સમાજને દુઃખી થવું પડે એવી કોઇ યોજના ન આવે એના માટે આપના મારફત સરકારશ્રીને મારો અવાજ પહોંચ્યો એ બદલ ખૂબ ખૂબ આભાર.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ મંત્રીશ્રી આ સન્માનીય ગૃહમાં પોતાના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એના પર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્ર હમણા જ પ્રવચનમાં બોલી ગયા કે અમારા વિસ્તારમાં અમારા વખતે જે કામ શિક્ષણને લગતું થયું છે એ કોંગ્રેસના સમયમાં થયું જ નથી. માનનીય શ્રી વિજયભાઇ, તમે કઇ શાળામાં ભણીને આવ્યા, કઇ કોલેજમાં ભણીને આવ્યા? એટલું કહેશો એટલે કોંગ્રેસે શું કર્યું છે એ ખબર પડી જશે. આ સન્માનીય સભાગૃહમાં મારી સામે શ્રી ગણપતભાઇ વસાવા સાહેબ બેઠા છે તેઓ કઇ સ્કૂલમાં ભણ્યા હતા, જરા પૂછી જુઓ એમને પછી બીજી વાત કરજો. તે તેમને પૂછી જુઓ, પછી બીજી વાત કરજો. શ્રી રત્નસિંહજી મહિડા સાહેબે બનાવેલી હાઇસ્કૂલમાં એ ભણ્યા છે. માનનીય શ્રી મનસુખભાઇ વસાવા, સંસદ સભ્ય તેઓ કયાં ભણ્યાં પૂછજો ? તેઓ ગૃહમાં નથી તે અમારી ઘાટોલીની આશ્રમશાળામાં રહીને ભણ્યા છે અને મિનિસ્ટર થયા છે, તે કોની સંસ્થાઓ છે ? કોના સમયમાં ભણ્યાં છે? તમે કહો છો કે કોંગ્રેસે કંઇ કર્યુ જ નથી, કોંગ્રેસે કંઇ કર્યુ જ નથી પણ કોંગ્રેસે કર્યુ છે તે તમે કર્યુ જ નથી. હા, તમને બોલતા કર્યા, તમને સારી નોકરીઓ આપી બધુ જ કર્યુ છે, નથી કર્યું એવુ નથી. દેશ જયારે આઝાદ થયો તે વખતે આ દેશમાં ટાંકણી પણ નહોતી થતી તે વખતે, તે સમય સમયની વાત છે. જે રીતનું બજેટ હતું, જે રીતનું ફંડ હતું તે જ આજની યોજનાઓ હતી. શિક્ષણ તો ત્યારથી થયુ છે અંગેજોએ તો બધુ ખોખલું કરી નાંખ્યુ હતું, પણ તે વખતે કોંગ્રેસે જે શિક્ષણનું કર્યુ તે બીજી કોઇ સરકારે કર્યુ નથી.

## તા. ૨૫મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, બોલતા તો બધાને આવડે છે. હમણાં જે સમય છે તે સમયમાં બધા આવકના સોર્સ છે તો થાય, સ્વભાવિક છે પણ તે જમાનામાં કંઇ નહોતું, તે વખતે કોંગ્રેસે રસ્તાઓ કર્યા છે, સડકો કરી છે, ડેમ કર્યા છે, દવાખાનાં કર્યાં છે, વીજળી આપી છે, કપડાં પહેરતા કર્યાં છે, એ કોંગ્રેસે કર્યુ છે તેનો અમને ગર્વ છે કે આ દેશને આઝાદી અપાવી તો એ કોંગ્રેસે અપાવી છે, આ કોંગ્રેસે કર્યુ છે. દેશ આઝાદ જ ના હોત, આઝાદ થયો જ ના હોત તો શું આપણે બધા અહીંયા હોત? આપણે અહીં બેસી શકત? લોકશાહી અને બંધારણ જો આપ્યું હોય તે તો કોંગ્રેસે આપ્યું છે. વિધાનસભામાં આજે મારા મંત્રી થાય છે તે અનામત તમને કોણે આપી છે ? બંધારણ કોણે ઘડયું તે તો મને કહો?

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ(કાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મહિલા અને બાળ કલ્યાણ વિભાગના માનનીય મંત્રીશ્રી, અમારા બહેનનો આજે જન્મ દિવસ છે ત્યારે તેમને હું લાખ લાખ અભિનંદન આપુ છું. મહિલા અને બાળ કલ્યાણ વિભાગના માનનીય મંત્રીશ્રી સન્માનીય સભાગૃહ સમક્ષ જે માગણીઓ લઇને આવ્યા છે તેમને હું સમર્થન આપુ છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ, સૌનો વિકાસની પરિકલ્પનાને સાકાર કરતું બજેટ જે રાજય જનહિત એવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો હું આભાર માનુ છું. રાજયના વિકાસ મહિલા અને બાળ કલ્યાણ વિભાગનું યોગદાન દેશ માટે નમૂનારૂપ રહ્યું છે. રાજય સરકારના વિભાગને વિશેષ મહત્વ આપે છે. મહિલા અને બાળ વિકાસમાં ૪,૯૭૬ કરોડની જોગવાઇ બજેટમાં કરવામાં આવી છે ત્યારે એ જ મહિલા બાળ વિકાસ પ્રત્યે અમારી સરકારને પ્રતિબદ્ધતાનું દર્શન કરાવે છે. સમાજમાં દરેક જગ્યાએ મહિલાઓનું પ્રતિનિધિત્વ જળવાય છે તે માટે સરકાર નક્કર કામ કરી રહી છે. રાજય સરકારે બેટી બચાવો, કન્યા કેળવણી, વિધવા સહાય, વિધવા તાલીમ, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો, સરકારી ભરતીમાં ૩૩ ટકા અનામત, સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ૫૦ ટકા અનામત, વિના મૂલ્યે શિક્ષણ, અભિયાન ૧૮૧ હેલ્પ વગેરે આ યોજના થકી મહિલાને સશકિત દિવસમાં નક્કર આયોજન કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પણ મહિલાઓના વિકાસને હંમેશા વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યુ છે તે માટે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ કાર્યરત છે. વિભાગ દ્વારા મહિલા અને બાળકોના વિકાસ માટે અનેકવિધ યોજનાનું સફળ અમલીકરણ છે. સૌનો સાથ, સૌનો વિકાસને ચરિતાર્થ કરી છે. મહિલા વિકાસના અનેકવિધ કાર્યોના અમલીકરણમાં ગુજરાત હંમેશા કાર્યરત રહ્યું છે. રાજયમાં માતા અને બાળ આરોગ્ય કાર્યક્રમના સરકારના યોગ્ય અમલીકરણને કારણે સંસ્થાકીય પ્રસૂતિનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે જેથી માતા અને બાળ મૃત્યુ દરમાં સતત ઘટાડો થઇ રહ્યો છે એટલે હું ગર્વ સાથે કહું કે સરકાર વાયદા નહીં નક્કર ઇરાદાઓ સાથે કામ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા શક્તિનો આદર અને બાળ વિકાસને આધાર બનાવી રાજય સરકારે હાથ ધરેલી નાણાકીય જોગવાઇમાં ''સૌનો સાથ, સૌનો વિકાસ''ની વાતે અનેરો રણકાર કર્યો છે. મહિલા શક્તિને આર્થિક, સામાજિક અને શૈક્ષણિક તમામ રીતે વધુ સશક્ત બનાવવા માટે સરકાર દ્વારા વિશેષ ભાર આપવામાં આવે છે જે રાજ્ય સરકારની મહિલા વિકાસ પ્રત્યે કટિબદ્ધતા દર્શાવે છે. મહિલા જાગૃતિ શિબિર યોજના વર્ષ-૨૦૦૬ થી અમલમાં મૂકવામાં આવી છે. મહિલા આર્થિક વિકાસની વિવિધ યોજનાની માહિતી મહિલાઓને એક જ જગ્યાએથી મળી રહે તે હેતુથી દરેક જિલ્લા તથા મહાનગરોમાં મહિલા જાગૃતિ શિબિરનું આયોજન થાય છે. માતા જશોદા ગૌરવ વીમા નિધિ યોજનામાં સરકાર દ્વારા ૯૩,૨૦૦ આંગણવાડી કાર્યકર અને તેડાઘર બહેનોને વીમા કવચ હેઠળ આવરી લેવામાં આવી છે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીશ્રી જે માગણી ક્રમાંક-૯૩ અને ૯૬ લઇને આવ્યા છે ત્યારે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રીએ તા.૩/૩/૨૦૨૨ના રોજ વિધાનસભામાં આખા રાજ્યનું રૂ.૨,૪૩,૦૦૦/- કરોડનું વર્ષ ૨૦૨૨-૨૩નું વાર્ષિક બજેટ રજૂ કરેલ છે. ભારતના બંધારણની જોગવાઇને ધ્યાને લઇને રાજ્ય સરકારે વાર્ષિક બજેટના ૧૪.૭૫ ટકા આદિજાતિની વસ્તી હોવાથી રૂ.૨,૪૩,૦૦૦/- કરોડના ૧૪.૭૫ ટકા મુજબ રૂ.૩૫,૮૪૨/- કરોડ આદિજાતિના બજેટમાં માગણી ક્રમાંક-૯૩ અને ૯૬ હેઠળ ફાળવવાના થાય છે. આ રૂ.૩૫,૮૪૨/- કરોડ ફાળવવાના બદલે નાણામંત્રીશ્રીએ માત્ર રૂ.૧૪,૫૦૦/- કરોડનું બજેટ ફાળવેલ છે. આમ ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષ માટે આદિજાતિની વસતીના માપદંડ મુજબ રૂ.૨૧,૩૦૦/- કરોડ જેટલું ઓછું બજેટ ફાળવીને આદિજાતિના લોકોને અન્યાય કરેલ છે. આદિવાસી વિભાગના તા.૩/૯/૧૯૯૭ના મુખ્ય સચિવની સહીથી બહાર પાડવામાં આવેલ અંગ્રેજી ઠરાવ મુજબ ગુજરાત રાજ્યના આદિજાતિ વિસ્તાર ૧૭.૫૭ ટકા હોવાથી તે મુજબ ગણતરી કરીએ તો રૂ.૨,૪૩,૦૦૦/- કરોડના ૧૭.૫૭ ટકા મુજબ રૂ.૪૨,૬૯૫/-કરોડ આવતા વર્ષે ૨૦૨૨-૨૩માં ફાળવવાના થાય. તેના બદલે માત્ર રૂ.૧૪,૫૦૦/- કરોડનું બજેટ ફાળવેલ છે. આમ ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષ માટે આદિજાતિ વિસ્તારના માપદંડ મુજબ ગણતરી કરતાં રૂ.૨૮,૨૦૦ કરોડ જેટલું ઓછું બજેટ ફાળવીને આદિજાતિના લોકોને અન્યાય કરેલ છે. માનનીય શ્રી નીતિનભાઇ પટેલ નાણામંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૨૧-૨૨ના નાણામંત્રીના પ્રવચનમાં તેમણે આદિજાતિના લોકો માટે આગામી પાંચ વર્ષ માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ.૧,૦૦,૦૦૦/- કરોડની વન બંધુ કલ્યાણ યોજના ભાગ-૨ની જાહેરાત કરેલ હતી. તે બદલ આદિજાતિના લોકો શ્રી નીતિનભાઇ પટેલનો આભાર પણ માનીએ છીએ, પણ સાથે-સાથે રાજ્યના આદિવાસી લોકોને અન્યાય થયો હોય તેવી લાગણી પણ આદિવાસી સમાજ અનુભવી રહ્યો છે. કારણ કે, રૂ.૨,૪૩,૦૦૦/- કરોડના ૧૪.૫૭ ટકા મુજબ રૂ.૩૫,૮૪૨/- કરોડ દર વર્ષે જોગવાઇ કરીએ તો આગામી પાંચ વર્ષની વન બંધુ

કલ્યાણ યોજનાની રકમ રૂ.૧,૭૯,૨૦૦/- કરોડની જોગવાઇ કરવાની થાય છે અને જો વિસ્તાર આધારિત ૧૭.૫૭ ટકા મુજબ ગણતરી કરીએ તો રૂ.૪૨,૬૫૯/- દર વર્ષે જોગવાઇ કરીએ તો આવતા પાંચ વર્ષની વન બંધુ કલ્યાણ યોજનાની રકમ રૂ.૨,૧૩,૪૭૫/- કરોડની જોગવાઇ કરવાની થાય છે. છેલ્લાં ૨૫ વર્ષથી ઘણી બધી વાતો સાંભળી પણ વાસ્તવિકતા એ છે કે આદિવાસી વિસ્તારમાં શિક્ષણના પૂરતા ઓરડા જોઇએ, શુદ્ધ પીવાનું પાણી જોઇએ, સિંચાઇ માટે પાણીની સગવડ હોવી જોઇએ, બસો વ્યવસ્થિત ચાલુ હોવી જોઇએ.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી માગણી નં. ૨૨ અને ૨૩ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના જરૂરિયાતમંદ લોકોને અન્નની સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા દર મહિને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા, ૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબોને કુલ મળી ૭૧ લાખથી વધુ રેશનકાર્ડ ધારકોની ૩.૪૭ કરોડ જનસંખ્યા કે જેમાં અંત્યોદય કુટુંબોને પ્રતિ કુટુંબ ૩૫ કિલો અનાજ તેમજ અગ્રતા ધરાવતા કુટુંબોને ૫ કિલો અનાજનું રાહત દરે વિતરણ કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ માટેના માપદંડો વર્ષ ૨૦૧૪માં નિયત કરવામાં આવેલ હતા. જેમાં પાત્રતા ધરાવતા હોય પરંતુ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા ૨૦૧૩ના લાભથી વંચિત રહી ગયેલા હોય તેવા લાભાર્થીઓને સમાવવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ નીતિ વિષયક નિર્ણયો લઇને અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ કરવા માટેના માપદંડોમાં જરૂરી ફેરફાર કરી બાકી રહેલ લાભાર્થીઓનો અન્ન સલામતી કાયદા હેઠળ સમાવેશ કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં રાજ્ય સરકાર દ્વારા આવકની મર્યાદા ધ્યાને લીધા સિવાય સમાજિક અને ન્યાય અધિકારીતા વિભાગ હેઠળ નોંધાયેલા ગંગા સ્વરૂપા બહેનો અને રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ નોંધાયેલા બાંધકામ શ્રમિકોને એન.એફ.એસ.એ. હેઠળ સમાવેશ કરવામાં આવ્યો હતો. ' વન નેશન વન રેશનકાર્ડ' યોજનાનું અમલીકરણ કરવામાં આવ્યું છે, ત્યારે આ યોજના અંતર્ગત દેશના કોઈ પણ લાભાર્થીને બીજા રાજ્યમાં જઈને પણ અનાજ મેળવવું હોય તો આ નેશનલ પોર્ટેબિલિટી અંતર્ગત મેળવી શકે છે. સાથે સાથે સ્ટેટ પોર્ટેબિલિટી જેમ કે ગુજરાતમાં રહેતા હોય અને એક જિલ્લાના બદલે બીજા જિલ્લામાંથી રેશન મેળવવું હોય તો આ યોજનાન લાભ થકી મેળવી શકે છે. કોરોનાકાળ દરમિયાન પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત આ યોજના શરૂ કરવામાં આવી હતી. તેમાં અત્યાર સુધી ૧૦ લાખ કુટુંબોને આવરી લઈને ૭૦ લાખથી વધુ કુટુંબોને અંદાજિત ૩.૪૭ કરોડ જનસંખ્યાને પોષણયુક્ત આહાર પૂરો પાડ્યો છે. કોરોનાકાળ દરમિયાન આ યોજના શરૂ કરવામાં આવી તેના કારણે આ યોજનાનો લાભ લેતા લાભાર્થીઓ માનનીય વડાપ્રધાનશ્રી અને રાજ્ય સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપે છે ત્યારે આપણા આવા વિશ્વગુરુ વિશે મારે કંઈક કહેવું છે.

વિશ્વ ગુરુ ભારત છે દેશ અમારો ડોલરિયો
દિલમાં છે કમલમ અને ઉપર ફરકે છે રંગ કેસરિયો
દુનિયાએ માપી લીધી છે છપ્પનની જેની છાતી
ભારતનું ગૌરવ છે અમારા મોદીજી ગુજરાતી
ભ્રષ્ટાચારી ધ્રૂજે છે જેના સંકલ્પ છે સિદ્ધાંતવાદી
નીડર સાથે રહેતાં અમિતજી અમદાવાદી
જયશ્રી રામનો નારો છે કેસરિયો રંગ પ્યારો છે
રામ-કૃષ્ણ જન્મ્યા છે ભૂપર એ પાવન દેશ અમારો છે
કાશી થી ઉજ્જૈન સવાર્યા, ગંગાજીના ઘાટ સુધાર્યા
કલમ હટાવી ૩૭૦ અવધપુરી મંદિર બનાયા
સાચા કરવા છે જેને બસ રામ રાજના સપના
કામ ગમે છે બસ હવે એક ભાજપના

માનનીય અધ્યક્ષશ્રી, અમે બધા લોકો પાસેથી વિચાર લેતા હોઈએ છીએ ત્યારે ખબર પડે છે કે વર્ષ ૨૦૨૨માં ભારતીય જનતા પાર્ટી ફરીથી સરકાર બનાવવા જઈ રહી છે. લોકોનાં સાચા કામ કરેલાં છે ત્યારે આ બધું શક્ય છે. આ નેશનલ પોર્ટેબિલિટી અને સ્ટેટ પોર્ટેબિલિટી યોજના હેઠળ દેશના કે રાજ્યના કોઈ પણ લાભાર્થી કોઈ પણ જિલ્લાની વ્યાજબી ભાવની દુકાનેથી આ યોજનાનો લાભ મેળવી શકે તેમ છે. એટલા માટે પરપ્રાંતિય શ્રમયોગી, વતનથી દૂર નોકરી કરતા લાભાર્થીઓ સરળતાથી અનાજ મેળવી પોતાનું ગુજરાન ચલાવે છે. કોરોનાની જે પરિસ્થિતિ હતી એમાં બધાને તકલીફ પડતી હતી ત્યારે અનાજ માટે કોઇપણ ભૂખ્યું સૂઈ ન જાય એના માટે આપણા વડાપ્રધાનશ્રીએ ખરેખર ખૂબ જ લાગણીશીલ ચિંતાઓ દાખવી હતી. ત્યારે આજે આપણે આ પરિસ્થિતિમાંથી બહાર નિકળ્યા છીએ. કારણ કે, રાજ્ય સરકાર હોય કે કેન્દ્ર સરકાર હોય દરેક જણની ચિંતા અમારા વડાપ્રધાનશ્રીએ કરી છે અને એટલા માટે આજે લોકો ભારતીય જનતા પાર્ટીની સરકારને લાખ લાખ અભિનંદન આપી રહ્યા છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિભાગના મંત્રીશ્રી જે માંગણીઓ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિજયભાઇ અને શ્રી મોહનભાઇ જે રીતે પાયાના શિક્ષણ અને કોલેજનું શિક્ષણની વાત કરતા હતા. તેમાં હું વાત કરુ તો તમને લાગશે કે આ ખોટી વાત છે, પરંતું હું સાચી વાત કહેવા જઇ રહ્યો છું. અત્યારે પ્રશ્નના જવાબમાં મેં મારા મતવિસ્તાર તાપી જિલ્લામાં જોયું તો ધોરણ-૧ થી ૮ ની ૫૯ શાળાઓ એવી છે જેમાં માત્ર એક જ શિક્ષક છે. તમે બૂટ શૂટની

વાત કરતા હતા. તમારા ડાંગ જિલ્લાની બૂટ શૂટની શું વાત કરો છો, પણ તાપી, સુરત અને વલસાડ જિલ્લામાં તમારા જ વિસ્તારનાં બાળકોને લઇને આજે વાલીઓ શેરડી કાપવા જાય છે. મારા મત વિસ્તારની શાળામાં એક શિક્ષકની ધોરણ-૧ થી ૮નાં બાળકોને કેવી રીતે ભણાવી શકશે? એ ચિંતાનો વિષય છે. સાથે સાથે વ્યારા અને તાપીમાં સરકારી કોલેજો હોવી જોઇએ. મેં શ્રી નીતિનભાઇ સાહેબને પણ કહ્યું કે, મારી તાપી અને ડોલવણ તાલુકામાં સાયન્સ કોલેજ જોઇએ છે, એન્જિનિયર કોલેજ જોઇએ છે, એ પણ થઇ નથી. તો આ તમે કરવા માંગો છો કે કેમ? તો એમણે કહ્યું કે કરી દેશું પણ આજસુધી થયું નથી. આ રીતે તમારી સરકાર આજે શિક્ષણ આપી રહી છે. આજે સો-સો કિલોમીટર દૂર અમારે વ્યારાથી ભણવા માટે જવું પડતું હોય છે એવી આજે શિક્ષણની પરિસ્થિતિ ખાડે ગયેલી છે. હું આ સાચું કહી રહ્યો છું. અહીંયા તાપી પાર લિંકની પણ વાત કરી. આજે મારા મત વિસ્તારનાં ૧૯ ગામડાઓ જાય છે. આજે પણ ત્યાં સરવે કરવાનું ચાલું છે. શ્રી વિજયભાઇ તમે આવો, તમારા અધિકારીઓ છે, પત્રો છે એ પણ તમને બતાવું. દિવસે સરવે ન કરવા દઇએ તો રાત્રે ડ્રોનથી સરવે કરાવે છે. બંધ બનાવવા માટે બજેટમાં રકમ રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ કરી છે. ત્યારે એમને ઉઠાવીને કયાં મુકવાના છો એની તો તમે કોઇ વાત કરી નથી. એમના પુનઃવસવાટની કોઇ વાત કરી નથી એમના માટે કોઇ જોગવાઇ કરી નથી. તો એ પણ થવી જોઇતી હતી. જે રીતે મારા વ્યારા અને ડોલવણ બંને તાલુકાનાં ગામડાઓ જે ઉઠે છે એ ગામડાને તમે કઇ જગ્યા ઉપર વસાવવા માંગો છો? એની પણ કોઇ જોગવાઇ કરી નથી. શ્રી વિજયભાઇને શા માટે વિનંતી કરવી પડી, તો આવનારા દિવસોમાં એનો બદલો મળી જવાનો છે. કોગ્રેંસની સરકારમાં પુનઃવસવાટની જે રીતે જોગવાઇઓ કરી હતી, ત્યારે તમે ઉકાઇ અને નર્મદાનું પાણી લો છો. મારા મત વિસ્તારના બોરખડી ગામમાં મધ્યપ્રદેશના લોકોને પણ વસાવવામાં આવ્યા છે.

શ્રી અભેસિંહ મો. તડવી**(**સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૯૩ અને ૯૬ લઇને આવ્યા છે ત્યારે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તારમાં વન બંધુ કલ્યાણ યોજના માટે આદરણીય ભારતના વડાપ્રધાનશ્રી અને તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને આજે અભિનંદન આપવા પડે, આદિવાસી વિસ્તારમાં ઉમરગામ થી આબુ સુધી ૫,૮૮૪ ગામડાં અને ૧૫ જિલ્લા આવે છે. અને એ વિસ્તારમાં આરોગ્યની સેવાઓ માટે જે તે વખતે જે કચાશ હતી, અને આદિવાસીઓને આરોગ્યની સુવિધાઓ બરાબર મળી શકે તેના માટેની યોજનાઓ નહોતી, ઘણી બધી વાતો થઇ, શિક્ષણની વાત થઇ, રોજગારની વાત થઇ, પાણીની વાત થઇ, અને શિક્ષણની બધી વાતો થઇ. આ સમાજ માટે મોદી સાહેબના આવ્યા પછી ઉત્તરોત્તર સુવિધાઓમાં વધારો પણ થયો છે. પણ મારે આરોગ્યની જયારે વાત કરવી છે ત્યારે અમારા આદિજાતિ વિસ્તારમાં પહેલા મેડિકલ કોલેજ નહોતી. આદિવાસી વિસ્તારમાં મેડિકલ શિક્ષણની સુવિધા મળી રહે તે માટે વલસાડ અને દાહોદ ખાતે નવી મેડિકલ કોલેજ કાર્યાન્વિત કરવામાં આવે છે. માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ સાહેબને અભિનંદન આપવા પડે કે આ વિસ્તારોમાં આ વર્ષે નવી મેડિકલ કોલેજ રાજપીપળા, ગોધરા, નવસારી અને મોરબીમાં આપી છે. આદિવાસી વિસ્તારનાં બાળકો ડોકટર બની શકે તેને માટેની સારી વ્યવસ્થા કરી છે. માંડવી, દાહોદ, ભરૂચ, વલસાડ, રાજપીપળા, આહવા, સંતરામપુર, ધરમપુર, વ્યારા, માંડવી ખાતે નર્સિંગ સ્કૂલ પણ શરૂ કરવામાં આવી છે. અમારી દીકરીઓ નર્સ બને એના માટેના પણ આ સરકારે પ્રયત્નો કર્યા છે. પંચમહાલ જિલ્લામાં ગુરુગોવિંદસિંહ યુનિવર્સિટી અને નર્મદા જિલ્લામાં બિરસા મૂંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી તેના કારણે અમારાં આદિવાસી સમાજનાં બાળકો ભણી શકશે. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અમારા વિસ્તારમાં ૨૭ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને ૮૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી, જેના લીધે આ વિસ્તારમાં ટ્રાયબલ બેલ્ટની અંદર તેને સુવિધા મળી શકે છે. આ સરકારને મારે અભિનંદન આપવા પડે કે, આદિવસી વિસ્તારમાં એક સાથે ૩૨ જગ્યાએ ડાયાલીસીસનાં સેન્ટરો શરૂ કરવામાં આવ્યાં છે. અમારા પ્રભારી મંત્રી કે એમને આજે અભિનંદન આપવા પડે કે અમારા વિસ્તારમાં આવ્યાં અને અમારા વિસ્તારમાં પણ આ સેન્ટર શરૂ કર્યાં. છોટા ઉદેપુર જિલ્લાના પ્રભારી છે. અમે કેમ્પો કર્યા, અમે દવાખાનામાં ગયા, અમારે કોવિડની અંદર જયારે લોકો રસી નહોતા મુકાવતા તે વખતે પણ અમે ધન્વંતરી રથ હોય, આખા જિલ્લામાં અમે રથ શરૂ કર્યા, આખા વિસ્તારમાં લોકોને કેટલાક લોકો ભરમાવતા હતા કે આ રસી ન મૂકાવીએ, એવો વિષય હતો સાહેબ, ત્યારે અમારા પ્રભારી મંત્રી અને બધા લોકો, ધારાસભ્યો સાથે જઇને આદિવાસી વિસ્તારમાં જયારે ગેરસમજ ઉભી કરવામાં આવી હતી એવા સમયે સાચી વાત કહેવા, સત્ય કહેવા લોકો વચ્ચે ગયા છે. અને આજે તેના કારણે સો ટકા રસીકરણ થયું છે. આરોગ્ય મંત્રીશ્રીને પણ આજે અમારે અભિનંદન આપવા પડે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું છું ત્યારે આ વિસ્તારમાં ખૂબ સારું કામ થયું છે. આ વિસ્તારમાં પ્રધાનમંત્રી અમૃતમ કાર્ડ, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ, કુપોષણ મુકત ગુજરાત, ચિરંજીવી યોજના, ટેલી મેડિસીન, ઇ સંજીવની, ધન્વંતરી રથ, આ બધી યોજનાઓ આદિવાસી વિસ્તારમાં કોઇએ ચિંતા નહોતી કરી ત્યારે અમારી ભાજપની સરકારે આ વિષય મૂકયો છે. સત્ય હોય તો એ સ્વીકારવું પડે અને સાચુ બોલવું પડે. લોકો જાણે છે, લોકો વચ્ચે ગયા છીએ ત્યારે પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબને પણ અભિનંદન આપવા પડે, કોરોના કાળની અંદર અમારા આદિવાસી વિસ્તારમાં આખા ગુજરાતને જેમ બધાને જીવાડયા, એમ અમે દુકાન ઉપર જતા હતા ત્યારે આદિવાસી બહેનો મળતી હતી તે બહેનો એવું કહેતી હતી કે મોદી સાહેબનું ભલું થાજો, અમોને અમારો દીકરો ન ખવડાવે, પણ અમારો મોદી સાહેબ ખવડાવે છે. આ વાત અમે પ્રજા વચ્ચે ગયા છીએ અને પ્રજા બોલી છે. અમારા ઘરની વાત અમે નથી કરતા, દુકાનો ઉપર જઇએ ત્યારે લોકો બોલે છે, જેનું કાર્ડ ન હોય, તરત જ એને હુકમ કરીએ કે ભાઇ આ ભાઇને મળતું નથી તો એવા મારા વિસ્તારમાં ૯૦૦ થી ૧૦૦૦ લોકોને અનાજ અપાવ્યું છે. એટલે એ મોદી સાહેબનો આભાર માને છે અને આજે પણ આ ચાલુ છે. બીજી વાત કરું છું ત્યારે આ વિસ્તારમાં ખૂબ લાગણી થઇ છે અને કોરોના

કાળની અંદર ખૂબ સારું કામ થયું છે. અને આ મહામારી દરમિયાન ૮૧ ખાનગી લેબોરેટરી તથા બીજી મળીને કુલ ૧૯૨ લેબોરેટરીમાં આર.ટી.પી.સી.આર. ની સુવિધા પ્રાપ્ત થઇ છે. આખું વિશ્વ કોરાનામાં હતું અમારા શ્રી નીતિનભાઇને અભિનંદન આપવા પડે તે વખતના આરોગ્ય મંત્રી હતા. સાહેબ અમે ત્યાં વાત કરી અમારા બોડેલીમાં ભાજપના કાર્યકર્તા લોકો વચ્ચે એ આવીને ઉભા હતા. તમારા કાર્યકર્તા ઉમટયા હોય તેવું ક્યાંય દેખાતું નહોતું. અમારા વિસ્તારમાં અમારા ભાજપના કાર્યકર્તાઓનો માનવ મહેરામણ ઉમટીને લોકો વચ્ચે જાય. કચ્છ મોરબીથી લોકો આવતા હોય, અમારા દસ હજાર આદિવાસીઓ આવ્યા એનો આર.ટી.પી.સી.આર. ટેસ્ટ થાય એને ઘરે મોકલીએ એનો યસ આ ભારતીય જનતા પાર્ટીની સરકારને છે. આરોગ્યની સેવાની ટ્રીટમેન્ટ કરાવીએ. આંખનો નિદાન કેમ્પ હોય એમાં અમે ગયા હતા અને અમારી બહેન પણ હાજર રહ્યા હતા.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી(દાંતા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૨૨, ૨૩,૯૩,૯૬ અને ૧૦૫ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તાર દાંતા અને અમીરગઢની ચર્ચા કરું, ત્યારે મારા જિલ્લામાં ૧૦ હજાર દાવા જંગલ વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા એને આજે ૨૨ વર્ષ થઇ ગયાં છતાં ત્યાંને ત્યાં છે. મારા વિસ્તારના ખેડૂતોએ બે એકરની માગણી કરી હતી અને વર્ષોથી ખેડતા આવ્યા છે. એ લોકો બે એકરની માગણી કરી, પરંતુ એમને એક પ્લોટ આપ્યો બાકીની જમીન નથી આપી એ આપવા માટે મંત્રીશ્રીને વિનંતી કરું છું. એ વિસ્તારના ખેડૂતો અને આદિવાસીઓ પાસે એટલી મોટી જમીન પણ નથી આવેલી એમાં પણ આ સરકારે આપવામાં *(xxx) કર્યા એવું દેખાય છે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ અસંસદીય હોવાથી રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : હમણાં તાજેતરમાં ચર્ચા થતી હતી કે તાપી લિંક કેનાલમાં તળાવો બનાવો છો. મારા વિસ્તારમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે સિંચાઇના નાના તળાવો બનાવેલા હતા એ તળાવો આજે ખાલી પડેલા છે ત્યારે વિનંતી એટલા માટે કરું છું તાપી બાજુ તમે બનાવો છો, પરંતુ દાતા, અમીરગઢમાં જે નાની સિંચાઇના ડેમો અને તળાવો ભરો જેથી પાણીના તળ ઉંચા આવે. અમારે ત્યાં સો ફૂટ નીચે કાળો પથ્થર આવેલો છે ત્યાં પાણી રહ્યા નથી, ત્યારે આ ડેમો અને તળાવો ભરો તો પાણીના તળ ઉંચા આવશે. અમારા વિસ્તારમાં લોકોને પીવાના પાણીના પણ ફાફા મારવા પડે છે. અમારે ત્યાં હેન્ડપંપ સિવાય બીજો ઉપયોગ થઇ શકે તેમ નથી. મારી વધારાની માગણી એ છે કે ધરોઇ ડેમ બનાવ્યો છે એ પાણી મારા દાંતા, અમીરગઢ અને પોસીના વિસ્તારનું પાણી છે. ધરોઇનું પાણી મારા વિસ્તારમાં આપવામાં આવે તો પાણીના તળ ઉપર આવશે તેવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જંગલની જમીન છે એમાં મોટે ભાગે ખેડૂતોને અન્યાય કર્યો છે એ વિસ્તારના લોકો એમ કહે છે કે પહેલા ગુજરાતની અંદર અને દેશની અંદર ગોરા અંગ્રેજો રાજ કરતા હતા, પરંતુ આજની તારીખમાં એ લોકો એમ કહે છે કે ટ્રાયબલ મારફત ગરીબોને આદિવાસીઓની ટ્રાયબલ તરફથી જે લાભો આપવામાં આવે છે એમાં આ સરકાર તરાપ મારીને પૂરેપૂરી ગ્રાન્ટો આવે છે, એ ડીસેક નામની સંસ્થા છે એના મારફત આપવામાં આવે છે, એના લીધે આદિવાસીઓને પૂરેપૂરી ગ્રાન્ટનો લાભ મળતો નથી, એના લીધે આદિવાસીઓને અન્યાય થાય છે. તેથી સરકારને ફરીથી વિનંતી કરું છું કે ગરીબોને લાભ આપવા માગતા હોય તો આ ડીસેક સંસ્થા બંધ કરીને સીધે સીધે ગરીબોને હક્ક આપો તેવી વિનંતી કરું છું.

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નરેશભાઇ પટેલ માગણી ક્રમાંક-૯૩ અને ૯૬ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી આદિવાસીઓના કલ્યાણ માટે પાયામાં શિક્ષણ રહેલું છે એ મુખ્ય હેતુ જાળવ્યો છે. તેના માટે આદિવાસી વિસ્તારમાં આદિવાસી બાળકોને સારું શિક્ષણ મળે, સારા સંસ્કાર મળે તે માટે આશ્રમશાળાઓ, છાત્રાલયો, નિવાસી શાળાઓ, મોડેલ સ્કૂલો, આવી અનેક સ્કૂલો શરુ કરીને ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિવાસી બાળકો માટે ખૂબ સારું કામ કર્યું છે. જે આશ્રમશાળાઓ આદિવાસી વિસ્તારમાં શરૂ કરવામાં આવી છે, તેમાં ધોરણ ૧થી ૮ની આશ્રમશાળાઓ, ધોરણ ૯થી ૧૦ની ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, ધોરણ-૧૧ અને ૧૨ની ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળા એમ કુલ મળીને ૬૬૧ આશ્રમશાળાઓ શરૂ કરવામાં આવી છે. તેમાં ૯૨,૬૬૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ આશ્રમશાળાઓના રીનોવેશન માટે માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ સાહેબે ૮૦ કરોડ રૂપિયા જેટલી જોગવાઇ આ બજેટમાં કરી છે તે બદલ નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છે એ વિસ્તાર વલસાડ જિલ્લાનો ધરમપુર અને કપરાડા તાલુકો ડુંગરાળ અને પહાડી પથરાળ વિસ્તાર છે. આ વિસ્તારમાં પીવાના પાણીના પ્રશ્નો હતા. વર્ષોથી ટેન્કરો ચાલતા હતા. બોર કરો તો પણ ૫૦૦ ફૂટે પાણી આવતું નહોતું. એવા વિસ્તારમાં અસ્ટોલ પાણી પુરવઠા યોજના ધરમપુર અને કપરાડા તાલુકા માટે ૫૮૬ કરોડ રૂપિયાના ખર્ચે ચાલુ છે. આ યોજના હેઠળ કપરાડા તાલુકાના ૧૨૪ ગામો અને ૮૧૬ ફળિયા અને ધરમપુર તાલુકાના ૫૦ ગામો તેમાં ૨૧૨ ફળિયા આવરી લીધેલ છે. આ વિસ્તારમાં આજે અસ્ટોલ પાણી પુરવઠા યોજનાની ૯૩ ટકા કામગીરી પૂર્ણ થઇ છે. ૪૪૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને વર્ષ ૨૦૨૨ એપ્રિલ સુધીમાં યોજના શરૂ કરવામાં આવનાર છે. આજે આ વિસ્તારમાં પશુપાલનનો વ્યવસાય, પીવાનું પાણી આ અનેક સમસ્યા છે તે દૂર થશે. વર્ષોથી આ વિસ્તારમાં પીવાના પાણીના પ્રશ્નો અંગે રજૂઆતો થતી. અમારા સાથી મિત્ર પાર-તાપી-નર્મદા લિંક યોજના બાબતે ગુમરાહ કરી રહ્યા છે અને અમારા વિસ્તારમાં મોટા

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ચેકડેમો, પીવાના પાણીના પ્રશ્નો, ખેતીના પ્રશ્નો માટે સ્થાનિક લોકોની રજૂઆત હતી એ રજૂઆત અમે સરકારમાં કરી અને આ સરકારમાં ચેકડેમ માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઇ કરી છે એ બદલ પણ હું માનનીય નાણામંત્રીને ખૂબખૂબ અભિનંદન આપું છું. આ ચેકડેમ થકી આ વિસ્તારના લોકોને સિંચાઇનું પાણી મળશે અને પીવાનું પાણી પણ મળશે. આજુબાજુના વિસ્તારના પાણીના સ્તર પણ ઉપર આવશે. તેના થકી આદિવાસી વિસ્તારના લોકોનો વિકાસ પણ થવાનો છે અને આવનારા દિવસોમાં પાર-તાપી-નર્મદા રીવર લિંક બાબતમાં આદિવાસીઓ ભયના ઓથાર નીચે છે. અમે અમારા પ્રતિનિધિ મંડળ સાથે અમારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાહેબ અને પ્રદેશપ્રમુખ શ્રી સી.આર. પાટીલ સાહેબને રૂબરૂ મળ્યા અને ત્યાં અમારા નાણામંત્રીશ્રી, સિંચાઇ મંત્રીશ્રી, આદિજાતિ મંત્રીશ્રી નરેશભાઇથી માંડીને બધાએ ભેગા થઇને રજૂઆત કરી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પાર્ટીની વિચારધારા હરહંમેશ લોકો માટેની રહી છે. કેન્દ્રમાં જ્યારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે અન્ન નાગરિક સુરક્ષા કાયદો લાવ્યા. શિક્ષણનો અધિકાર. આર.ટી.ઇ.નો કાયદો લાવ્યા. રોજગાર ગેરેન્ટી યોજના જેવી અનેક પ્રજાલક્ષી યોજનાઓ લાવીને લોકોને લાભો આપ્યા છે. આજે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. કે રાજયની અંદર જે બી.પી.એલ. કાર્ડ ચાલે છે, એનો સન ૨૦૦૨માં સરવે કરવામાં આવેલો, આજે ૨૦-૨૦ વર્ષથી નાગરિકો, પ્રજાજનો, ગરીબ, શોષિત, પીડિત, આર્થિક સામાજીક રીતે નબળા વર્ગના લોકો છે એ રાહ જોવે છે, પણ એમને બી.પી.એલ. કાર્ડ કાઢી નથી આપવામાં આવતા. આ એક ખૂબ ગંભીર બાબત છે. સરકાર એમાં ધ્યાન આપે અને એની અંદર જે વર્ષો પહેલાના માપદંડો છે, આજે સમય બદલાઇ ગયા, ચાલીઓમાં, ઝૂંપડપટ્ટીઓમાં તમે જાવ તો લોકો કાચા મકાનો ઉપર ચણતર કરીને ધાબું ભરી દેતા હોય છે. ચોરસ મીટરો પણ વધી જતા હોય છે, ત્યારે જૂના માપદંડોને કારણે એમને બીપીએલ કાર્ડ કાઢી નથી આપવામાં આવતા. ૨૦-૨૦ વર્ષથી એનો સરવે નથી થયો એનો તાત્કાલિક સરવે થાય અને ગરીબ લોકોને બીપીએલ કાર્ડ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત, સસ્તા અનાજની દુકાન ઉપર સરકાર જાહેરત તો કરી દે છે કે તમને આ અનાજ, આ વસ્તુ મળશે પણ સરકારની જાહેરાત પછી દુકાનોની અંદર જે માલ પહોંચવો જોઇએ એ અનાજ પહોંચતું નથી એની વહેંચણી થતી નથી અને ગ્રાહક અને દુકાનદાર વચ્ચે તકરાર થાય છે. લોકો અનાજ લેવા પહોંચી જાય છે ત્યારે ગોડાઉનમાંથી એની પાસે માલ પહોંચતો નથી અને આવા સંઘર્ષો અને ઘર્ષણો અનેક જગ્યાએ થાય છે અને લોકોને મુશ્કેલી પડે છે તો એના માટે સરકાર ગંભીરતાથી વિચારે અને બાયોમેટ્રિક જે ફિંગર છે એ પણ જે સિનિયર સિટીઝન છે, વૃદ્ધ છે એવા અનેક લોકો છે કે જેમની ફિંગર મેચ થતી નથી એ ટેકનિકલ મુદ્દો છે એનો પણ સરકારે સોલ્યુશન લાવવું જોઇએ, અનેક ગરીબ લોકો છે કે વૃદ્ધ લોકોની ફિંગર મેચ નથી થતી તો પણ એમને અનાજ મળે અને એમને ધક્કા ના ખાવા પડે આ પણ એમની જે સુવિધાઓ છે એ સુવિધાઓ લોકોને મળી શકે. સસ્તા અનાજની, પુરવઠાની, રેશનિંગ કાર્ડની જે જરૂરિયાત હોય, સામાન્ય લોકો હોય એ આર્થિક, સામાજીક અને શૈક્ષણિક તમામ રીતે પછાત હોય છે. જયારે પુરવઠાની ઓફિસે જતા હોય છે ત્યારે ત્યાં એમને ધક્કા ખાવા પડતા હોય છે. સામાન્ય ફેરફાર કરવા માટે, એમને કોઇ રજૂઆત કરવી હોય તો અધિકારીઓ સમયસર હાજર ના હોય, કાયદાની વિસંગતતા હોય એમાં એમને સમજણ ના પડતી હોય અને કયાંક સર્વર ડાઉન હોય, કયાંક કોમ્પ્યૂટર કામ ના કરતું હોય આવી બાબતોના લીધે લોકો પોતાનો ધંધો રોજગાર છોડીને આખે આખા દિવસોના દિવસો લોકો લાઇનોમાં ઉભા રહે, ધક્કા ખાય છતાં લોકોને ન્યાય ના મળે, આ ખૂબ ગંભીર બાબત છે અને સરકાર આવી વ્યવસ્થા ગોઠવે અને ખાસ કરીને રેશનિંગ કાર્ડની ઓફિસમાં મહિલાઓ કાર્ડ કઢાવવા માટે જતા હોય છે, ત્યારે ત્યાં બાથરૂમ પણ નથી હોતા. આવી બેઝિક અને આવશ્યક સેવાઓ છે એ ત્યાં ઉપલબ્ધ કરવામાં આવે અને સર્વરની બાબત છે તો આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવા માગુ છું કે વારંવાર સર્વર ડાઉન થઇ જાય છે એના કારણે સમયસર લોકોને લાભો નથી મળી શકતા અને લોકોને લાભોથી વંચિત રાખવામાં આવે છે. આ બાબત નાની બાબત લાગે પણ એ ખૂબ ગંભીર બાબત છે અને લોકોને સીધી અસર કરતી બાબત છે અને બીજું અત્યારે આયુષ્યમાન કાર્ડ કાઢીએ છીએ એ અંગ્રેજીની અંદર હોય છે અને આપણું રેશનિંગ કાર્ડ ગુજરાતીમાં હોય છે. જયારે આયુષ્યમાન કાર્ડ કઢાવવા માટે જઇએ તો અંગ્રેજી અને ગુજરાત ભાષાના કારણે એ લોકોને ધક્કા ખાવા પડતા હોય છે તો સરકારે એની અંદર પણ વિચારીને લોકોને સરળતા થાય એવા નિયમો બનાવવા જોઇએ.

શ્રી અંબરીશભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહિલા અને બાળવિકાસ મંત્રીશ્રી પોતાના વિભાગ ઉપર ચર્ચા અને માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું મારા થોડા વિચારો રજુ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતના તમામ ગામડાઓમાં અને શહેરોના ગરીબ વિસ્તારમાં અંદાજે એક લાખ જેટલી આંગણવાડી વર્કર બહેનો અને હેલ્પર બહેનો વિવિધ ક્ષેત્રોની અંદર કાર્યક્રમોની ખૂબ ઝાઝી વણઝાર હોવા છતાં પણ જૂદી જૂદી યોજનાની અમલવારી જે કરી રહી છે અને અમૂક કિસ્સાઓમાં પોતાની ફરજ અને પોતાનું કર્તવ્ય નિભાવવામાં, પોતાના ખુદના બાળકોને પાડોશમાં મૂકી અને ગામના બાળકોનું ભવિષ્ય સુધરે એના માટે જે સતત મહેનત કરી રહી છે એવી સૌ આંગણવાડી બહેનોને કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યો વતી હું નતમસ્તક વંદન કરું છું. મહિલા સશકિતકરણની વાતો, બાળકોના વિકાસની વાતો જયારે રાજયની અંદર અને ગૃહની અંદર બહુ ગંભીરતાથી જયારે થઇ રહી હોય ત્યારે એમના પણ પ્રશ્નો છે એને વાચા આપણા માટે અમે આગળ આવ્યા છીએ ત્યારે હું નમ્ર સૂચન અને નમ્ર વિનંતી માનનીય મંત્રીશ્રીને કરું છું કે આ બાબતમાં એમના જે કોઇ પ્રાણપ્રશ્નો છે પછી એ લઘુતમ વેતનની વાત હોય તો પણ ભલે, અન્ય કામગીરી ઓછી કરવાની વાત હોય, કોરોનાની અંદર મૃત્યુ

પામેલ ૨૫થી વધુ બહેનોને કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા જે રકમ જાહેર કરવામાં આવી છે એ રકમ આપવાની વાત હોય તો પણ ભલે. ૫૮ કે ૬૦ વર્ષની વાત બહેનોએ કરી છે એ વાત વય મર્યાદાની હોય તો આ વાતમાં મારે અને તમારે ગંભીરતાથી સહકાર આપવો પડશે. એક બાજુ મહિલાઓના સશક્તિકરણની વાતો કરીએ, વિકાસની વાતો કરીએ અને આવી બહેનો ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓથી વધુ કામ કરીને સરકારને ઉજળી કરી બતાવે છે, ત્યારે એનો એક પણ પ્રશ્ન પેન્ડિંગ ન રહે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આશા વર્કર બહેનો, ફેસિલિટેટર બહેનો આ બધાને લઘુતમ વેતન કરતા પણ ઓછું વેતન મળે છે. મને સમજાવો કે આ બહેનો ૩,૫૦૦ કે ૪,૦૦૦ રૂપિયામાં પોતાના કુટુંબનું ગુજરાન કઇ રીતે ચલાવતી હશે એ ગંભીર વિષય છે. આજે ઘણા બધા ક્ષેત્રોમાં મહિલાઓનું યોગદાન ખૂબ રહ્યું છે ત્યારે આવી બહેનોને આપણે અન્યાય ન કરીએ. એમનો પણ સર્વાંગી વિકાસ થાય. દરેક ક્ષેત્રમાં વિકાસ થાય એવો નમ્રપણે પ્રયાસ કરવા માટે જ્યારે આપણે બધા કમર કસી રહ્યા હોય ત્યારે આ બાબતની અંદર આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે એક પણ પ્રશ્ન એમનો પેન્ડિંગ ન રહે. ગામડે ગામડે ફરે છે. ગરીબ વિસ્તારમાં ફરે છે. દરેક યોજનાની અમલવારી કરે છે ત્યારે એમને પૂરેપૂરો ન્યાય મળે એટલા માટે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. જયહિન્દ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી મનીષાબેનનો આજે જન્મદિવસ છે. તેમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

શ્રીમતી મનીષા વકીલ (રાજ્ય કક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ જ્યારે હું માગણી ક્રમાંક-૧૦૫ લઇને આવી છું ત્યારે હું મહિલાઓ માટે બે પંક્તિઓ કહેવા માગું છું.

સ્ત્રી જીવનમાં ઘણા કીરદાર નીભાવે છે. દરેક કીરદાર બખૂબી જીવી જાણે છે. માતા બનીને મમતા રસનું રસપાન કરાવે છે તો દીકરી બનીને ઘરનું આંગણું શોભાવે છે. જીવનસંગિની બનીને જીવનભર પ્રેમ, સહકાર અને હુંફ આપે છે તો વહુ બનીને સાસરીમાં સ્નેહરૂપી પ્રકાશ ફેલાવે છે. સ્ત્રી જીવનમાં ઘણા કીરદાર નીભાવે છે. દરેક કીરદારને તે બખૂબી જીવી જાણે છે. એક બહેન તરીકે તે હંમેશા ભાઇની પડખે ઉભી રહે છે, મિત્ર તરીકે હંમેશા સાચા રસ્તા બતાવે છે. પરિવારની ખુશી માટે પોતાના સ્વપ્નને ન્યોછાવર કરે છે. પરિવાર પર સંકટ આવે તો ઢાલ બનીને રક્ષણ કરી જાણે છે. સ્ત્રી જીવનમાં ઘણા કીરદાર નીભાવે છે. દરેક કીરદાર બખૂબી જીવી જાણે છે. નારી માટે વનિતા, મહિલા, સ્ત્રી વગેરે પર્યાયવાચી શબ્દો ઉપયોગમાં લેવામાં આવ્યા છે. પરંતુ વાત જ્યારે ગુજરાતની આવે છે, સશક્તિકરણ જ્યારે મહિલાઓનો પર્યાયવાચી શબ્દ બની ગયો છે. આનું ઉત્તમ ઉદાહરણ આપસૌ જોઇ રહ્યા છો. આપણા અધ્યક્ષશ્રી પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે આપ બિરાજમાન છો ત્યારે આપણા આ સૌ ગૃહ વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. મહિલાઓ તેમના સશક્તિકરણ માટે, અધિકારો માટે જાગૃત થાય એ સમયની માંગ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર મહિલાઓના આવતી કાલના ભવિષ્ય માટે વિવિધ યોજનાઓના માધ્યમથી કામ કરી રહેલ છે. ડો. બાબાસાહેબ આંબેડકર સ્ત્રીને સમાજનું આભૂષણ ગણાવતા હતા. તેમના મતે કોઇપણ સમાજના ઉત્થાન અને પતનની પારાશીશી તે સમાજની નારીના ઉત્થાનથી નક્કી કરી શકાય છે. એટલા માટે તેમણે ભારતીય સમાજની વ્યવસ્થામાં સ્ત્રીની જે દશા જોઇ અને અનુભવી તેનાથી દ્રવિત થઇને તેમની મુક્તિ માટે આજીવન લડત ચલાવતા રહ્યા. એટલું જ નહીં, હિન્દુ કોડ બિલની રચના કરી અને સ્ત્રીઓની મુક્તિ સમાનતા અને સ્વતંત્રતા માટે લડત ચલાવી. ભૂતકાળ અને વર્તમાનમાં અનેક નારીઓએ નારાયણી જેવું કામ કરીને આખા વિશ્વને દિશા બતાવી છે. વર્ષ ૨૦૦૧ પહેલાં મહિલાઓ માટે કંઇ નાની મોટી યોજનાઓ ચાલતી હતી અને તે માત્રને માત્ર કોઇ વિભાગ દ્વારા ચલાવવામાં આવતી હતી. તેના ઉપર કોઇનું ધ્યાન કેન્દ્રિત ન હતું. પછી તે આંગણવાડી કે મહિલા બાળ કલ્યાણ કે સુરક્ષાની વાત કરવાની હોય કે મહિલાને લગતા કોઇ ઉદ્યોગની વાત કરવાની હોય ત્યારે અલગ અલગ વિભાગો હોવાના કારણે તેના ઉપર કોઇનું ધ્યાન જતું ન હતું. એટલા માટે વર્ષ ૨૦૦૨ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં મહિલા અને બાળ વિકાસ વિભાગની રચના કરી. અને સમગ્ર દેશમાં નવી રાહ બતાવી. વિભાગના પ્રથમ વર્ષે પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે મંત્રીપદ સંભાળ્યું અને આ મંત્રાલય દ્વારા રાજયમાં મહિલાઓ અને બાળકોના વિકાસનો પાયો નાખ્યો. આ વિભાગ હેઠળ આઇ.સી.ડી.એસ. યુનિટ શરૂ કરીને આંગણવાડી કાર્યકર્તાઓ દ્વારા મહિલાઓ અને નાનાં બાળકોના પોષણની, આરોગ્યની ચિંતા અમારી સરકાર કરી રહી છે ત્યારે આપણે સૌ જનપ્રતિનિધિ પક્ષાપક્ષીથી પર રહીને મહિલા ઉત્થાન, મહિલા સશક્તિકરણ અને કુપોષણમુકત ગુજરાત માટે સંકલ્પબદ્ધ બનીએ એ આજના સમયની તાતી જરૂરિયાત છે. અમારા શ્રી અંબરીશભાઇ વાત કરતા હતા. બહેનો માટે જેમણે કોરોના કાળમાં કર્તવ્ય નિભાવ્યું છે અને કયાંક એમનું મૃત્યુ થયું એવી ૨૦ બહેનોને લગભગ પાંચ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે. અમારી સરકાર માત્ર વાતો કરતી નથી, કરીને બતાવે છે. મહિલાઓના સશક્તિકરણ માટે અમે સૌ પ્રથમવાર જેન્ડર બજેટ બનાવીને લગભગ ૮૯૧ જેટલી મહિલાલક્ષી યોજનાઓ કાર્યાન્વિત કરી છે અને એમાં ૧૭૮ યોજનાઓ માત્રને માત્ર મહિલાઓ માટે જ છે એટલે અંકે રૂપિયા ૮૯,૩૩૭ કરોડ ૧૦ લાખની જોગવાઇ બહેનો માટે આ વર્ષના બજેટમાં આપી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કુપોષણના મુદ્દે ખૂબ જ પ્રોએક્ટિવ રહે છે. રાજયના સર્વાંગી વિકાસની સતત ચિંતા કરતા અને સર્વોદયના ધ્યેયને સિદ્ધ કરવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ કુપોષણ મુદ્દે ખૂબ જ સંવેદના ધરાવે છે અને કુપોષણના મુદ્દે એમણે કહ્યું પણ છે અમારા ગુજરાતમાંથી કુપોષણ શબ્દ જ દૂર કરી દેવો છે. માત્ર સુપોષણ શબ્દ જ રહે એવી ગુજરાત સરકારની નેમ છે. આ શબ્દને સાર્થક કરવા માટે આ વર્ષના મહિલા અને બાળ વિકાસ વિભાગના બજેટમાં ૪૨ ટકાનો ધરખમ વધારો સૂચવેલ છે. આ પ્રસંગે હું નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું. આ બજેટમાં કુપોષણ સામે યુદ્ધના ધોરણે લડવા ૮૧૧ કરોડની સુપોષિત માતા સ્વસ્થબાળ યોજના સૂચવેલ છે. માત્ર એક જ યોજના ૮૧૧ કરોડની છે એટલા માટે કહીશ કે બીજા કોઇપણ રાજયમાં આટલી મોટી યોજના પ્રથમવાર કયાંય નથી આવી ગુજરાતમાં આવી છે. સાયન્ટિફિક રિસર્ચ

પ્રમાણે ગર્ભધારણ થાય ત્યારથી લઇને જયારે બાળક બે વર્ષનું થાય એટલે કે ૧૦૦૦ દિવસ. ૧૦૦૦ દિવસ ક્રિટિકલ વિન્ડો ઓપર્ચ્યુનિટી એટલે કે એ સમય દરમિયાન પૂરતું ધ્યાન આપવામાં આવે તો કુપોષણ જે બાળકોમાં થાય છે એનું નિવારણ ૫૦ ટકા સુધી થઇ શકે છે. ઉપરાંત આ જે યોજના છે આ બાબતને ધ્યાનમાં રાખીને આવી બધી વસ્તુઓ છે કે કેવી રીતે કુપોષણને દૂર કરાય તો પ્રથમ સ્ટેપ એ છે કે બાળક જન્મે એ પહેલાથી માતાનું એટલે કે જે પ્રેગ્નન્ટ બહેન છે એનું ધ્યાન રાખવાનું ધ્યાન રાખવામાં આવે. આ યોજના અંતર્ગત બાળકને પહેલા ૧૦૦૦ દિવસ માટે પોષણ કીટ રાશન એટલે કે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક કિલો સિંગતેલ આપવાનું નકકી કરેલ છે. ગુજરાતની આશરે લગભગ ૧૭ લાખ સગર્ભા અને ધાત્રી માતાઓ આ પોષણકીટનો લાભ લેવાના છે. આપણા દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી દ્વારા પણ આપવામાં આવેલા જનઆંદોલન તથા જનભાગીદારીના મૂલ્યવાન સૂત્ર ખરા અર્થમાં ચરિતાર્થ કરવાની આપણા સૌની પણ નૈતિક ફરજ છે. રાજયનું એક પણ બાળક કુપોષિત ન રહે તે માટે સરકાર સંપૂર્ણ પ્રયાસો કરી રહી છે. સાથેસાથે મારે એક બીજી વાત પણ કહેવી છે. સંગઠન અને સરકાર એ સિકકાની બે બાજુ છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખશ્રી સી.આર. પાટીલ દ્વારા પણ તેઓના જન્મદિન નિમિત્તે રાજયભરમાં અલાયદી મુહીમ ચલાવીને બાળકો, માતા અને બહેનોને સુપોષિત રાખવાનો અપ્રતિમ પ્રથમ પ્રયાસ શરૂ કરવામાં આવ્યો છે, ત્યારે આપ સૌએ પણ એને આપણી સામાજિક જવાબદારી ગણીને પક્ષાપક્ષીથી દૂર રહીને આ સંનિષ્ઠ પ્રયાસોમાં જોડાવું જોઇએ. કુપોષણ એક જટિલ સમસ્યા છે. કુપોષણના મુળભૂત કારણોમાં કયાંક આપણી ખાવાપીવાની ટેવ પણ જવાબદાર હતી હશે એટલે આ સંદર્ભે ગુડ હેલ્થ અને વેલ થીંકને પ્રોત્સાહન આપવાનું ખૂબ જ જરૂરી છે અને આ માટે સંતુલિત આહારમાં આપણે જે કાંઇ ખાઇએ એ ખાવામાં ઝીંક હોવું જોઇએ, પ્રોટીન હોવું જોઇએ, મલ્ટીન્યૂટ્રીશન હોવું જોઇએ ત્યારે આપણે કહી શકીએ કે આપણી થાળીમાં જે કંઇ ખાઇએ છીએ એ સંપૂર્ણ આહાર છે. આજે ગર્ભવતી બહેનો કે ધાત્રી માતા હોય છે, એમના ડીશમાં પણ સંપૂર્ણ આહાર હોવું ખૂબ જરૂરી છે. મારે વાત કરવી છે પોષણ સુધા યોજનાની. માતાને કૂપોષણના વ્યાપની દુરુગામી અસર માતા અને બાળકના સ્વાસ્થ્ય ઉપર થાય છે. માતાનું નબળું પોષણ સ્તર ગર્ભમાં રહેલાં બાળકના વિકાસને અવરોધે છે. અને આગળ જતાં બાળકના નબળાં આરોગ્યમાં પરિણમે છે. સગર્ભા માતા, કૂપોષણ અને પાંડુ રંગ એ રોગ બાળકના વિકાસ અને વૃદ્ધિ ઉપર ગંભીર અસર કરે છે. જેને ધ્યાનમાં લઇને પોષણ સુધા યોજના અંતર્ગત ગુજરાત રાજ્યમાં આદિજાતિ જિલ્લાઓ જેવા કે દાહોદ, વલસાડ, મહીસાગર, છોટા ઉદેપુર અને નર્મદા એવા ૧૦ આઇ.સી.ડી.એસ. ઘટકો અને ૨૬,૦૦૦ સગર્ભા અને ધાત્રી માતાઓને એક વખતનું સંપૂર્ણ ભોજન આ યોજના પાયલોટ પ્રોજેકટ તરીકે વર્ષ ૨૦૧૭ માં ચાલુ કરવામાં આવી હતી. આ વર્ષે ૨૦૨૨-૨૩ માં યોજનાનો વ્યાપ વધારવા માટે લગભગ ૧૪ આદિજાતિ જિલ્લાઓના બાકી રહેતા લગભગ ૭૩ આઇ.સી.ડી.એસ. ઘટકોમાં અમલ થઇ ગયેલ છે અને આ યોજના અંતર્ગત ૧.૩૬ લાખ સગર્ભા અને ધાત્રી માતાઓને લાભ થશે અને જેનું બજેટ ૧૧૮ કરોડ છે. મારે બીજી એક સુંદર વાત મારા વિભાગની મૂકવી છે. એક પ્રોજેકટ 'પા-પા પગલી પ્રોજેકટ'. આ પા-પા પગલી પ્રોજેકટનો મતલબ શું છે? જયારે બાળક ૬ થી ૮ વર્ષનું પહોંચે ત્યાં સુધી એ લગભગ ૮૫ પર્સન્ટેઇઝ ઓફ નોલેજ એ ગેઇન કરી લેતું હોય છે, એટલે જેટલું એક્સપોઝર એને આપો એ એજ્યુકેશન હોય, કે કોઇ વસ્તુ ક્રિએટિવિટીની વાત હોય એ જેટલું એક્સપોઝર આપો એ એટલું ગેઇન કરતું હોય છે. ત્યારે સુંદર વસ્તુ એ છે કે જ્યારે પ્રથમવાર કોઇ પણ રાજયમાં આવું થયું હોય તો ગુજરાત પ્રથમ રાજ્ય હશે. જ્યાં પ્રી-સ્કૂલ એટલે સ્કૂલમાં જતા પહેલા એને એજ્યુકેશન આપવામાં આવશે. જેવી પ્રાઇવેટ પ્રી-સ્કૂલો ચાલતી હોય છે, એવું જ કામ, એવું જ નોલેજ એને આંગણવાડીઓમાં શીખવાડવામાં આવશે. એટલે એક સાઇકોલોજીકલ રિસર્ચના અનુસાર ૮ વર્ષનું બાળક થાય ત્યાં સુધીમાં એ નોલેજ ગેઇન કરે છે. એના સંદર્ભે આ પ્રોજેકટ અંતર્ગત અમે લોકોએ ૪૭૧ ઇન્સ્ટ્રકટરોને તૈયાર કર્યા છે. જે બી.એ.ડ છે અને પી.ટી.સી. છે. આવી બહેનો ટ્રેઇન થયેલી હશે જે આંગણવાડી બહેનોને શીખવાડશે કે કેવી રીતે બાળકને તૈયાર કરવાનું છે. આ સુંદર પ્રકારનો પ્રયોગ છે, જેના માટે પણ ૫૧૨ કરોડની જોગવાઇ બજેટમાં મૂકવામાં આવી છે. કોઇપણ મહિલાને પોતાના વિચારો સમાજ અને રાજ્યના વિકાસમાં વ્યક્ત કરવાની સ્વતંત્રતા હોવી જોઇએ. સમાજમાં સ્ત્રી અને પુરુષને સમાન દરજ્જો આપવો જોઇએ એ જરૂરી છે. રાજયની અવિરત વિકાસ યાત્રામાં મહિલાઓને વધુમાં વધુ ભાગીદાર બનાવવા પ્રયત્નો કરવા જોઇએ. પોલીસની ભરતીમાં પણ ૩૩ ટકા મહિલા અનામત અને ૫૦ ટકા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં મહિલા અનામત આપવામાં આવ્યું છે. આ બાબતની નોંધ તમામ મહિલાઓ લઇ રહી છે, ત્યારે એક ઝલક તાજેતરના ઉત્તરપ્રદેશના વર્ષ ૨૦૨૨ના ઇલેક્શનમાં તમે જોયું હોય તો સૌથી વધારે વોટિંગ બહેનોએ કર્યુ છે. સૌથી વધારે મત ભાજપને જો મળ્યા હોય તો એ બહેનોના મળ્યા છે. આજની હું ડિબેટ સાંભળતી હતી ત્યારે પણ જે અનાજ મળતું હતું અને હજી પણ મળી રહ્યું છે, એટલે બહેનો ખૂબ ખુશ છે. અને આજે જયારે યોગીજી એની શપથવિધિ કરવાના છે, ત્યારે યોગીજીને પણ આ ગૃહ વતિ ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ. ભાજપ સરકારના ભગીરથ પ્રયત્નોના કારણે યોજનાની અમલવારી થતા મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. યોજનાથી લાભન્વિત થઇ મહિલાઓના જીવનમાં ગરીબી, અંધકાર હટાવવાનું કામ આ સરકાર કરી રહી છે. મહિલાઓના આરોગ્ય માટે પણ વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. આપણે સૌ જાણીએ છીએ કે તંદુરસ્ત માતા હશે તો તંદુરસ્ત બાળકનો જન્મ થશે. જ્યારે આપણે માતાની વાત કરતા હોઇએ ત્યારે આપણે દીકરીઓ કેવી રીતે ભૂલી શકીએ. દીકરીઓને મદદ નહિ, પણ તકની જરૂર છે. તક બનાવશે તેમને મહાન. ''ખોલ દે પંખ મેરે કહેતા હે પરિંદા, અભી ઓર ઉડાન બાકી હે, જમીન નહિ મંજીલ મેરી અભી તો પૂરા આસમાન બાકી હે''. મારે વાત કરવી છે કચ્છ જિલ્લાની ભૂજ તાલુકાની ત્યાં કુનેરિયા ગામ, નખત્રા તાલુકાનું મોટા અંગિયા ગામ તથા માંડવી તાલુકાના મસ્કા ગામે આ ૩ ગ્રામ પંચાયતમાં પાયલોટ પ્રોજેકટ હસ્તગત ૧૮ વર્ષની નીચે છે એવી દીકરીઓએ ચૂંટણી લડી અને ગ્રામ પંચાયતની ખૂબ સારી ભાગીદારી કરી અને ગામની મહિલાઓ પોષિત કેવી રીતે રહી શકે છે અને બાળકોને પોષણ કેવી રીતે આપી શકાય છે, તેની ચિંતા એ લોકોએ કરેલી છે. આ બધી દીકરીઓ સાથે દીકરી દિવસ હતો ત્યારે મેં વર્ચ્યુઅલ કોન્ફરન્સના માધ્યમથી વાત કરી છે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

અધ્યક્ષશ્રી : આપની પાસે પાંચ મિનિટ છે.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દીકરીઓની જનસંખ્યા માટે પણ ખૂબ ચિંતા કરે છે. દીકરીઓને સારું શિક્ષણ મળે, દીકરીઓ સુખી થાય, શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટે તેના માટે વ્હાલી દીકરી યોજના આ સરકાર લાવી છે. તેના માટે આ વર્ષના બજેટમાં ૮૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. હું વાત કરું ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાની તો તેમાં સમાજમાં વિધવા થયેલ મહિલાઓને કોઇની આગળ હાથ ફેલાવવો ના પડે, તે પોતાનું ગુજરાન ચલાવી શકે તે આશયથી અમારી સરકાર ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના શરૂ કરી છે. તે યોજના અંતર્ગત ૧,૨૫૦ રૂપિયાની માસિક સહાય આપવામાં આવે છે. ભૂતકાળમાં લાભાર્થીનો પુત્ર ૨૧ વર્ષનો થાય ત્યારે આ યોજનાનો લાભ બંધ કરવામાં આવતો હતો. તેને રદ કરીને આજીવન સહાય આપવાનો નિર્ણય આ સરકારે કર્યો છે અને તેના માટે ૯૧૭ કરોડની જોગવાઇ આ બજેટમાં સૂચવેલ છે. એવી જ રીતે સમાજમાં કંઇક તો ચેઇન્જ આવવો જોઇએ તે વાતને ધ્યાનમાં લઇને ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજનાની વાત કરવી છે. ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાની સાથે સાથે આ યોજના થકી વિધવા પુનઃલગ્ન કરશે અને પુનઃસ્થાપિત થઇ નવું જીવન જીવી શકશે. તેના જીવનમાં નવી ઉર્જા આવશે અને તે પોતે સ્થાયી થઇ પગભર થશે. તેના માટે સરકાર ખૂબ ચિંતિત છે. તેના માટે ૨૫૦ લાખની જોગવાઇ આ બજેટમાં સૂચવેલ છે. એક લગ્નનો અવસર હતો. પરંતુ આ લગ્નનું આંગણું સવિશેષ હતું. આ એ દીકરીઓનું લગ્નનું આંગણું હતું તો એ વડોદરા હતું. વડોદરામાં બે દીકરીઓના લગ્ન કરવામાં આવ્યા. આવી ઘણી દીકરીઓના લગ્ન ગુજરાતમાં આગળ પણ થઇ ગયા છે. આ દીકરીઓએ તેમના માતા-પિતાનો આશરો ગુમાવી દીધો હતો. આ કપરી પરિસ્થિતિમાં રાજ્ય સરકારે તેનું લાલનપાલન કર્યુ. ઘરેલું હિંસાથી પીડિત ત્યજી દીધેલ મહિલાઓને આશ્રય, રક્ષણ, પોષણ, વ્યવસાયિક તાલીમ અને શિક્ષણ આપીને તેને સમાજમાં પુનઃસ્થાપન કરવાનું કામ આ સરકારે કર્યુ છે. અનાથ દીકરીઓનો નાથ આ સરકાર બની છે. ત્યારે મારે કહેવું છે કે, આ બજેટમાં ૪ કરોડ ૯૪ લાખ ૨૩ હજારની જોગવાઇ આ નારી સંરક્ષણ ગૃહ માટે કરવામાં આવેલ છે. આવી તો ઘણીબધી યોજનાઓ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ મારે નારી અદાલતની વાત કરવી છે. ઘણી વખતે મહિલાઓ તેમની સસ્યાઓના ઉકેલ માટે કાનૂની પ્રક્રિયાઓથી ડરતી હોય છે. જયારે તેના હક્કો અને અધિકારો માટે તેને લડવું પડતું હોય છે, જટિલ કાનૂની વ્યવસ્થાની તેમને સમજણ નથી હોતી. ત્યારે આ સરકારે નારી અદાલતોનો નવતર અભિગમ શરૂ કરીને અલાયદી વ્યવસ્થા ઉભી કરીને બહેનો માટે કાનૂની માર્ગદર્શન આપવાનું કામ આ સરકારે કર્યુ છે. તેના માટે ૫૭૦ લાખ ૨૫ હજારની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જયારે આપણે વાત વિકાસની કરીએ છીએ અને બહેનોના બદલાવની વાત કરીએ છીએ. ત્યારે આમાં પક્ષ વિપક્ષની વાત ન આવે. ત્યારે મારે ખૂબ સુંદર નિદાહ ફેંસલની એક કવિતા આ ગૃહની સામે મૂકવી છે.

"સફરમે ધૂપ તો હોંગી, જો ચલ શકે તો ચલો.<br>
સફરમે ધૂપ તો હોગી જો ચલ શકે તો ચલો.<br>
સભી ભીડમે હૈ, તુમ ભી નિકલ શકો તો ચલો.<br>
કિસીકે વાસ્તે રાહે કહાં બદલતી હૈ, તુમ અપને આપકો ખુદ હી બદલ શકો તો ચલો.<br>
યહાં કિસીકો કોઇ રાસ્તા નહીં દેતા, મુજે ગિરાકે અગર તુમ ચલ શકો તો ચલો.<br>
યહી હૈ જિંદગી કુછ ખ્વાબ, યહી ચંદ ઉમ્મીદે, ઇન્હી ખિલૌનો સે તુમભી બહલ શકો તો ચલો ".

માનનીય અધ્યક્ષશ્રી, જયારે બહેનો અને બાળકોની વાત આવે છે તો એક અપીલ કરવા માગુ છું. મેં મારા વિભાગનું જે બજેટ રજૂ કર્યુ છે અને માગણી મૂકી છે તેના માટે આપ સૌ સાથે મળીને સર્વાનુમતે પસાર કરો તેવી મારી વિનંતી છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ(આદિજાતિ અને અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રા.બા.ના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા બંને વિભાગ આદિજાતિ વિભાગ અને અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષાની બાબતોના વિભાગની માગણીઓ રજૂ કરી છે. અન્ન, નાગરિક પુરવઠાની માગણી નંબરઃ ૨૨ અને ૨૩ તથા આદિજાતિ વિકાસ વિભાગની માગણી નંબરઃ ૯૩ અને ૯૬ લઇને હું આવ્યો છું ત્યારે આ બંને વિભાગની માગણી મંત્રી તરીકે પહેલીવાર આ ગૃહ સમક્ષ રજૂ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલા આદિવાસી વિકાસ વિભાગ અને અન્ન, નાગરિક પુરવઠા વિભાગ સંભાળતા આદરણીય શ્રી ગણપતભાઇ સાહેબ પણ અહીંયા બેઠા છે. એ પહેલા મંગુભાઇએ પણ ખૂબ લાંબા સમય સુધી આ વિભાગ સંભાળ્યો છે અને આજે મધ્યપ્રદેશના માનનીય રાજયપાલ તરીકે ફરજ બજાવી રહ્યા છે. સ્વ. ડો. અનિલ જોષીયારા ભલે આજે આપણી વચ્ચે નથી રહ્યા, પરંતુ એક સમયે એમણે પણ આ વિભાગ સંભાળેલો એમને પણ હું ભૂલી શકતો નથી. અમારા વડીલ શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી રમણભાઇ પાટકર, શ્રી કાનજીભાઇ પટેલ આ બધા લોકોને હું આજે યાદ કરીને મારી વાતની શરૂઆત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં આપણે આઝાદીના ૭૫ વર્ષ પૂરાં થવા જઇ રહ્યા છે અને આઝાદીનો અમૃત મહોત્સવમાં આપણું રાજ્ય સૌનો સાથ સૌનો વિકાસના ધ્યેય સાથે પ્રગતિના પંથે આગળ વધી રહયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે મંત્રી તરીકે જયારે પહેલી વાર આદિજાતિ વિકાસ વિભાગ અને અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાની જ્યારે હું માગણીઓ લઇને આવ્યો છું ત્યારે મારી પાર્ટીને હું ભૂલી શકતો નથી અને પાર્ટીનો હું આભાર માનુ છું. માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે મારી મા ને પણ હું ભૂલી શકતો નથી કારણ કે, હું બે માસનો હતો ત્યારે મેં મારા પિતાની છત્રછાયાં ગુમાવી છે. અનેક સંઘર્ષો અને અનેક કષ્ટો વચ્ચે મારી મા એ મને સંસ્કાર આપ્યા છે અને અનેક સંઘર્ષો પછી રાજકીય કારકિર્દી મારાથી શરુઆત થઇ છે મારી પહેલા મારા કુટુંબમાં કોઇએ રાજકીય કારકિર્દી શરુ કરેલ ન હતી. ધીરે ધીરે અનુભવના આધારે જયારે મંત્રી તરીકે એક ખૂબ મહત્વની જવાબદારી મળી છે અને મારા બંને વિભાગો ખૂબ ગરીબ લોકોને સ્પર્શે છે ત્યારે મારા બંને વિભાગોને ન્યાય આપવાનો હું ચોક્કસ પ્રયત્ન કરીશ. મારા

બંને વિભાગમાં વિપક્ષના ૭ જેટલા સભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો રજૂ કરીને ભાગ લીધો છે અને મારા પક્ષના ૫ જેટલા માનનીય સભ્યશ્રીઓએ પણ પોતાના વિચારો રજૂ કરીને એમાં ભાગ લીધો છે અને અન્ન, નાગરિક પુરવઠા વિભાગની માગણીઓ પર ૩ જેટલા સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. દરેકના સૂચનો, દરેકની રજૂઆત મેં પૂરી શાંતિથી સાંભળવાનો પ્રયત્ન કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત શરૂ કરું એ પહેલા હું એટલું કહીશ કે,

"હો ભલે પડકારો અનેક અમે નહીં અટકવાના,
લાંઘશુ અમે સીમાઓ અને લાંઘીશું આકાશ જંગલ, નદી, પર્વત
એમ કુદરતના ખોળે છે વિશ્વાસ, આદિ છીએ અનાદિ છીએ,
ઉડાન ઉંચી ભરવાના અમે નહીં અટકવાના, અમે નહીં અટકવાના".

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આદિજાતિ વિભાગ માટે તત્કાલIન મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને ઉપ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ ચારેક વર્ષ સુધી ખૂબ સારું કામ અમારા આદિજાતિ વિસ્તાર માટે અનેક યોજનાઓ દ્વારા કરવાનો પ્રયત્નો કર્યો છે. આજે માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આગેવાનીવાળી અમારી સરકાર છે અને અત્યારના નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ આદિજાતિ વિસ્તાર માટે ૧૪4૬૩૮ કરોડ રૂપિયાની જે જોગવાઇ કરી છે4 ત્યારે હું સૌ પ્રથમ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને શ્રી કનુભાઇનો ખૂબ ખૂબ આભાર માનુ છું. એજ રીતે અન્ન, નાગરિક પુરવઠામાં પણ ગયા વર્ષ કરતા ૩૦૦ કરોડથી પણ વધારે રકમનો વધારો કર્યો છે એની પણ હું નોંધ લઉં છું અને એ માટે પણ હું એમનો આભાર માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉંમરગામથી અંબાજી સુધીનો અમારો આદિવાસી પટ્ટો છે. ૧૪ જિલ્લા, ૫૩ તાલુકા છૂટોછવાયો પણ કેટલાક વિસ્તારમાં અમારો આદિવાસી સમાજ આવેલો છે. મને લાગે છે કે અંદાજે અત્યારે ૧ કરોડથી પણ વધારે આદિવાસી વસતિ થવા જઇ રહી છે અને માગણી ક્રમાંક ૯૩ અને ૯૬ ગૃહ સમક્ષ હું લઇને આવ્યો છું ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું જે સમાજની માગણીઓ લઇને આવ્યો છું તે આદિવાસી સમાજ આદિ-અનાદિકાળથી તેની સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણી કરતો આવ્યો છે. આદિવાસી સમાજ એ લડાયક સમાજ પણ છે જરૂર પડે ત્યારે સમાજ માટે કે દેશ માટે જયાં લડવું પડે ત્યાં એ લડે છે અને એટલા માટે આઝાદીની લડાઇમાં પણ દેશમાં જયાં જયાં અંગ્રેજો સામે લડવું પડયું ત્યાં લડીને આઝાદી માટે ખૂબ મોટું યોગદાન આપ્યું છે4 ત્યારે આજના પ્રસંગે સમગ્ર આદિવાસી સમાજમાં જેમનું ભગવાન તરીકેનું સ્થાન છે 4એવા ભગવાન બિરસા મુંડાજીને પણ હું વંદન કરું છું તેમજ માનગઢ, દઢવાવ વગેરે સ્થળોએ આઝાદી માટે બલિદાન આપનારા આદિવાસી સમાજના મહાન શહIદોને પણ હું વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી વિસ્તારની અંદર જયારે પ્રમુખ સ્વામિ મહારાજે પણ એક વાત કરેલી હતી કે આદિવાસી વિસ્તારમાં તેમનો જયારે પ્રવાસ પૂરો થયો ત્યારે તેમણે એક વાત કરેલી કે આદિવાસી સમાજમાં મને ભગવાનના દર્શન થાય છે. એવો આ આદિવાસી સમાજ ભગાવન શ્રીરામ તો શબરીમાતા જેવા આદિવાસીના ઘરે સામે ચાલીને બોર ખાવા ગયા અને સાથે દર્શન પણ આપ્યા. અંબાજી, ઉંમરગામ સુધી વસતા આદિવાસી સમાજ ઉપર માં અંબાજીના પણ આશીર્વાદ રહ્યાં છે. મને કહેતા આનંદ થાય છે કે, અંબાજીની અંદર માં અંબાજી ત્યાંથી આગળ વધીએ એટલે અમારા આદિવાસી પટ્ટા ઉપર પાવાગઢ કે જયાં કાલિકા માતાજીનું સ્થાન છે4 એનાથી આગળ વધીને જાવ તો દેવમોઘરા અને ત્યાં મોઘી માતાનું પણ સ્થાન છે. એનાથી મારા દક્ષિણમાં જાવ તો ઉનાઇ માતા છે. જયારે આદિવાસી પટ્ટાની અંદર જયારે આવી માતાઓના પણ આશીર્વાદ રહ્યા છે, ત્યારે આ જે શ્રદ્ધાના જે સ્થાનો છે હું આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇને પણ હું ભૂલી શકતો નથી. તેમના શાસન વખતે એ યાત્રાધામની અંદર જેમનો સમાવેશ કરીને જે રીતે આદિવાસી પટ્ટાની અંદર આવા ખૂબ મહત્વના જે સ્થાનો છે જે તેમણે ડેવલપ કરવાનો પ્રયત્ન કર્યો અને આજે હજારો નહીં લાખો પ્રવાસીઓ આ માતાઓના દર્શન કરવા માટે જયારે આવે છે ત્યારે આપણે સૌ ગર્વ લઇ શકીએ તેવી બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહને જણાવવા માગુ છું કે, જયારે ગુજરાત રાજય મહારાષ્ટ્રથી અલગ થયુ ત્યારે વર્ષ ૧૯૬૧માં આદિજાતિ વિભાગ અને સમાજ કલ્યાણ વિભાગનું સંયુકત બજેટ હતું. તે સમયે હશે, આપણે કોઇ ટીકા-ટિપ્પણીમાં નથી જતા, જેમ શ્રી પી.ડી.વસાવાજીએ કહ્યું તેમ તે સમયે પ્રગતિ પણ ઓછી હતી તે સમયે ૫૮ કરોડ રૂપિયાનું બજેટ હતું. આ રાજયની શ્રી કેશુભાઇથી લઇને આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ ધૂરા સંભાળી તેમણે ગયેલા વર્ષોનો અભ્યાસ કર્યો મને બરાબર યાદ છે કે છ થી સાડા છ કરોડ રૂપિયાનું ૩૫ થી ૪૦ વર્ષના સમયગાળામાં આદિવાસી વિસ્તાર માટે રૂપિયા ખર્ચાયા હતા અને જે યોગ્ય લાગ્યો હશે તે પ્રકારનો વિકાસ પણ થયો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં શ્રી કેશુભાઇ પટેલ સાહેબથી લઇને શ્રી નરેન્દ્રભાઇથી લઇને શ્રીમતી આનંદીબહેન હોય કે અમારા શ્રી વિજયભાઇ હોય કે આજે અમારા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ હોય, પરંતુ અમે પૂરા અભ્યાસ સાથે જે રીતે શ્રી નરેન્દ્રભાઇએ જે કંડારી, જે અમને આંગળી ચીંધીને દિશા બતાવી છે તે દિશાએ જ અમારી નવી ટીમ પણ ધીમે ધીમે અને વ્યવસ્થિત રીતે, યોગ્ય રીતે દરેકની જે અપેક્ષા છે તે અપેક્ષા કેવી રીતે સંતોષાય એ રીતે અમે આદિજાતિના વિભાગ દ્વારા પણ આવનારા દિવસોમાં કામ કરવા જઇ રહ્યાં છીએ અને હું ચોક્કસ આશા રાખુ છું કે સુખાકારી એ અમારા માટે મહત્વની બાબત છે અને પ્રજાની સુખાકારી હોય તો જ કોઇ પણ રાજકીય પક્ષોને તેનો સંતોષ થતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નરેન્દ્રભાઇ સાહેબને લાગ્યું કે આદિવાસી પટ્ટાની અંદર જયારે ડુંગરાળ વિસ્તાર છે, ખડકાળ છે, પહાડી છે, નદી-નાળાઓથી ઘેરાયેલો વિસ્તાર છે, છૂટોછવાયો છે તેનો વિકાસ કરવો હોય તો ખૂબ મુશ્કેલીઓ છે. સામાન્ય બજેટ તેને આપો તેનાથી તેનો વિકાસ નહીં થાય, પરંતુ મને આજે કહેતા આનંદ થાય છે કે, જયારે તેમણે વર્ષ ૨૦૦૭ની અંદર નિવેદન-

૪૪ હેઠળ તેમણે જાહેરાત કરીને વનબંધુ કલ્યાણ યોજનાઓ દ્વારા દસ મુદ્દાના કાર્યક્રમ સાથે આ આદિવાસી પટ્ટાનો વિકાસ કરવા માટે તેમણે માતબર રકમની જોગવાઇ કરી. શ્રી નીતિનભાઇ સાહેબ અહીંયા શ્રી વિજયભાઇ સાથે બેઠા છે. એમણે વર્ષ ૨૦૨૫-૨૬ સુધી એટલે કે પાંચ વર્ષ માટે રૂ.૧,૦૦,૦૦૦/- કરોડ રૂપિયા વનબંધુ કલ્યાણ યોજનાને આપવા માટેનું આયોજન કર્યું છે. એના આધારે જ અમે આગળ વધી રહ્યા છીએ. આજે હું નીતિનભાઇ અને વિજયભાઇનો પણ આભાર માનું છું. હવે અમે ફેઝ-૨માં આગળ વધી રહ્યા છીએ. આ ફેઝ-૨માં અનેક પ્રકારની નવી યોજનાઓ પણ છે. જૂની યોજનાઓ પણ ચાલુ રાખી છે. એને પણ વેગ આપવાનો પ્રયત્ન અમે કર્યો છે પણ સમયની માંગ પ્રમાણે નવી-નવી બાબતોને સંતોષવા માટેનો પ્રયત્ન પણ અમે કરીશું. મને કહેતાં આનંદ થાય છે કે અમારી વનબંધુ કલ્યાણ યોજનામાં રાજ્યના વિવિધ ૩૦વિભાગો પેટા યોજના તરીકે અમને મદદ કરે છે. એ ૩૦ વિભાગોનો પણ હું આભાર માનું છું. કેટલીક વાર વિપક્ષના સભ્યો એમ પણ કહેતા હોય છે કે અન્ય વિભાગો કરતાં તમે ટ્રાયબલ વિભાગ સંભાળી લો, પરંતુ માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ ઉપરાંત અમારા અન્ય વિભાગો આદિવાસી પટ્ટા ઉપર પૂરેપૂરું ધ્યાન આપે છે અને એના માટે જે ગ્રાન્ટ ફળવાયેલ છે, એ વ્યવસ્થિત રીતે લોકોની સુખાકારી માટે વપરાય એની કાળજી લેવામાં આવી છે. એના પરિણામે જ વિપક્ષના કેટલાંક લોકોએ વાત કરી કે એમને પણ સંતોષ થાય છે. ડાંગ એ આપણો છેવાડાનો જિલ્લો છે. આજે આપણે ડાંગમાં જઇએ તો એક પ્રકારની પ્રગતિ જોવા મળે છે. મને કહેતા આનંદ થાય છે કે મહામહિમ રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં આ જિલ્લાને અમે પ્રાકૃતિક જિલ્લા તરીકે જાહેર કર્યા છે. ત્યાંના આદિવાસી ખેડૂતો પાસે જે નાની-મોટી જમીનો છે એમાં સારી ઉપજ લે અને ઓર્ગેનિક ઉપજ તરીકે આગળ વધી આવનારા દિવસોમાં એ ઉપજના ત્રણ થી ચાર ગણા ભાવ લે એ પ્રકારની વ્યવસ્થા સાથે અમે આ જિલ્લાને મહત્ત્વ આપી રહ્યા છીએ. મારે ભારત સરકારનો પણ આભાર માનવો છે. હું ડાંગ જિલ્લાનો પ્રભારી મંત્રી છું. ત્યાં પ્રધાનમંત્રી કિસાન યોજના દ્વારા અઢી હજાર જેટલા કૂવા બનાવવા જઇ રહ્યા છે. ડાંગના લોકો દક્ષિણ ગુજરાતમાં મજૂરી કરવા આવતા હતા એ આજે ત્યાં કૂવા આધારિત એમની પાસે જે જમીન છે એમાં સારી રીતે ખેતી કરીને ઉત્પાદન લઇ રહ્યા છે. એનો અમને સંતોષ છે. માનનીય અધ્યક્ષશ્રી, ભગવાને ભારત દેશની ભૂમિ ઉપર મનુષ્ય તરીકે વિવિધ જ્ઞાતિમાં આપણને સૌને જન્મ આપ્યો છે. ભગવાને બધાંને સરખી બુદ્ધિ આપી છે. પરંતુ સમાજ અને સરકાર તેને કેવી સુવિધા અને કેવું વાતાવરણ આપે છે તેની પરથી તેનું ભવિષ્ય નક્કી થતું હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને અમારી સરકાર શિક્ષણ માટે પણ બજેટમાં વધુને વધુ જોગવાઇ કરીને આદિવાસી સમાજની ખૂબ ચિંતા કરી રહી છે. અત્યારે વિપક્ષના સભ્યો પણ ચિંતા કરી રહ્યા હતા કે આદિવાસી વિસ્તારમાં ઓરડાઓ નથી. અમે માનીએ છીએ કે અમે તમારા સમયમાં ભણ્યા છીએ, પરંતુ અમે એ સમયે અમે આકાશ અને ઝાડવાં નીચે પણ બેઠા છીએ. લીપણવાળા ઓટલીઓ ઉપર પણ અમે બેઠા છીએ. અમે જ્યાં સુવિધા થઇ છે એની પણ વાત કરીએ છીએ અને બાકી છે એની પણ વાત કરીશું. આજે પાકા ઓરડા છે, કૉમ્પ્યૂટર રૂમો છે, પાણીની વ્યવસ્થા છે. એક સમયે શિક્ષકો માટે પણ શૌચાલય ન હતા આજે બાળકો માટે પણ શૌચાલય છે. ઉપર ફેન છે, કોમ્પ્યૂટર રૂમ છે એ પ્રકારની વ્યવસ્થિત સગવડો આપી છે, ત્યારે વર્ષો સુધી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇએ આ વિભાગ સંભાળ્યો છે તે બદલ તેમેનો પણ હું આભાર માનું છું. આદિવાસી વિસ્તારને કોઇ ભૂલી શક્યા નથી. માનનીય શ્રી જીતુભાઇનો પણ આભાર માનું છું કે એમણે આ ધૂરા સંભાળ્યા પછી આવતાની સાથે જ મારી સાથે મીટિંગ કરી. અમારા વિભાગ દ્વારા ચાલતી એકલવ્ય રેસિડેન્સિયલ સ્કૂલ કે અન્ય શાળાઓને ધ્યાનમાં રાખીને એમણે એક વિચાર મૂક્યો. ૧૪ જિલ્લામાં ગુણવત્તાવાળું શિક્ષણ આપવું હોય તો સામાજિક સંસ્થાઓને જોડવી જોઇએ. સામાજિક સંસ્થાઓને જોડીને ૧૪ જિલ્લાઓમાં આવનારા દિવસોમાં ૫૦ હજારથી વધારે વિદ્યાર્થીઓ ધોરણ-૬ થી ૧૨ સુધી અભ્યાસ કરે તે પ્રકારની શિક્ષણની વ્યવસ્થા ગોઠવવી છે. માનનીય શ્રી કનુભાઇએ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમારી આ વાત સ્વીકારી અને તેના માટે આ બજેટમાં રૂ. ૪૫ કરોડની જોગવાઈ કરી છે તે બદલ હું નાણામંત્રીશ્રીનો ખૂબ આભાર માનું છું. આવનારા દિવસોમાં આદિવાસી બાળકોને ખૂબ મોટી સગવડો સાથે ગુણવત્તાવાળું શિક્ષણ મળશે તેવી મને અપેક્ષા છે. આ બેજેટ વિશેની કેટલીક બાબતો માનનીય રમેશભાઇએ તેમની વાતમાં લઈ લીધી છે. મને કહેતા આનંદ થાય છે કે આશ્રમ શાળાઓ કે ગ્રાન્ટેડ છાત્રાલયોમાં અનેક જગ્યાએ ભણતા બાળકોને રૂ. ૧,૫૦૦ નિભાવ ગ્રાન્ટ તરીકે આપતા હતાં તેને રૂ.૨,૧૬૦ કરવા જઇ રહ્યા છીએ ત્યારે હું ચોક્કસ રીતે નાણામંત્રીશ્રીનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે ગૃહમાતા, ગૃહપતિ અને રસોઇયા વિશે જે વાત કરી તેમાં ગૃહપતિ સ્નાતક હોય તેને રૂ. સાડા પાંચ હજાર મળતા હતા તેના બદલે હવે રૂ. ૯ હજાર મળશે અને ગૃહમાતાને રૂ. ૧૦ હજાર મળશે. રસોઇયાને રૂ. સાડા ત્રણ હજાર મળતા હતા તેના બદલે હવે રૂ. ૬ હજાર મળશે અને ચોકીદારને રૂ. ૩ હજાર મળતા હતા તેના બદલે રૂ. ૫ હજાર મળશે. આ ઉપરાંત અનેક બાબતો જેવી કે ગણવેશમાં વધારો કર્યો છે. મારી પાસે સમય ઓછો છે એટલે બધો ઉલ્લેખ થવાનો નથી. અમારા દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે પણ ચિંતા કરી છે. કેટલીક બંધ પડેલી અથવા મંદ ગતિએ ચાલતી ખાંડ મડળીઓને પુનઃ કાર્યાન્વિત કરવા માટે પણ રૂ.૪૦ કરોડની જોગવાઈ કરી છે. કોરોના મહામારી વખતે આદિજાતિ વિભાગ માટે રૂ.૧૦૦ કરોડની ટાવર માટે જોગવાઈ કરી છે. આમ તો મારા અભ્યાસ મુજબ રૂ.૧૧૧ કરોડ થયા છે કારણ કે આગળ પણ જોગવાઈ કરી હતી. આદિવાસી પટ્ટાના દરેક ગામમાં પૂરૂં નેટવર્ક આપવામાં આવશે. ત્યાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ હોય કે ૧૦૮ની ઉપયોગ કરતી બહેનો હોય કે ઓનલાઈન સીસ્ટમ દ્વારા અનેક પ્રકારની સબસિડીઓ મેળવતા ખેડૂતો આ યોજનાનો લાભ લેતા હોય છે. દરેકને પૂરૂં નેટવર્ક મળે તે માટે ચોક્કસ રીતે લાભ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠામાં રૂ. ૧,૫૨૬ કરોડની જોગવાઇઓ કરી છે. ૨૫ ટકાનો વધારો કરીને આ બજેટમાં પૂરેપૂરી રકમ સાથે જોગવાઈ કરી છે. આ વિભાગમાં માનનીય શ્રી જયેશભાઇએ ખૂબ સારી વાત કરી છે, એમનો

અનુભવ પણ હતો, પરંતુ આવતાની સાથે મેં અન્ન નાગરિક પુરવઠામાં અનેક પ્રકારની કાળજી લેવાનો પ્રયત્ન કર્યો છે. વિપક્ષ દ્વારા કેટલીક ચિંતાઓ થઇ છે કે એમાં ગેરરીતિઓ થતી હોય છે. એ ગેરરીતિમાં પણ અમે કોઇને છોડવા માંગતા નથી અને પૂરેપૂરુ ધ્યાન આપવા માંગીએ છીએ. હું આ ગૃહનું પણ ધ્યાન દોરું છું કે, રાત્રે પણ મને મારા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ માટે ઉઠાડો, હું તૈયાર છું. ગેરરીતિ કરનાર કોઇને પણ આ સરકાર છોડવાની નથી. એના લીધે જ મારા દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓમાં, મેં આવતા જ મારી સ્પીચમાં પણ કહ્યું છે કે જે જિલ્લામાં જે ધાન વપરાય છે એ ધાન આપણે આપવું જોઇએ. પરંતુ આજે ભરૂચથી લઇને વલસાડ જિલ્લા સુધી ત્યાં ચોખાનું ચલણ વધારે છે, એના કારણે જે સાડા ત્રણ કિલો ઘઉં અને દોઢ કિલો ચોખા આપતા હતા એની જગ્યાએ આપણે ત્રણ કિલો ચોખા અને બે કિલો ઘઉં આપવાનું કરી દીધું અને તેના કારણે સાતે સાત જિલ્લાઓમાં આજે પૂરેપૂરો સંતોષ થઇ રહ્યો છે. એમાં મને લાગે છે કે, પારદર્શિતા પણ આવશે અને લોકોને સંતોષ પણ થશે. અહીંયા અનેકવાર દાળ માટે પણ ચર્ચા થઇ છે. શ્રી નીતિનભાઇએ પણ એમના બજેટ વખતે વિચાર કરેલો અને એમને જે કામ અધૂરુ મુકેલું હતું, એમાં અમારી નવી સરકાર આગળ વધી રહી છે. દાળનો ભાવ ગમે ત્યારે વધે છે અને ઓછો પણ થાય છે. પણ અમારા મગજમાં હતું કે સાડા ત્રણ કરોડ જનતાને ફિક્સ ભાવે દાળ મળે તો મને લાગે છે ત્યાં સુધી આ ખૂબ સારું કામ હશે. આ સરકારે તરત જ આ વાતને ઉપાડી અને અમે નક્કી કર્યુ છે કે, દાળના ભાવ ગમે તેટલા વધે, અમે સબસિડીમાં વધારો કરીશું પણ દાળ ખાનારાઓને અમે રૂપિયા ૫૦/-માં જ દાળ આપીશું. એ પ્રકારની વ્યવસ્થા પણ આ બજેટમાં અમે કરી છે. સાથે સાથે ૧૭,૦૦૦ જેટલા દુકાનદારો છે અને કોરોના મહામારીમાં એમનું પણ ખૂબ સારું યોગદાન રહ્યું છે. એને પણ હું ભૂલી શકતો નથી. કોરોના મહામારીમાં આપણે લાંબા સમય સુધી એમની સેવા લીધી છે. ગરીબોને સમયસર અનાજ મળી રહે, અને કોઇ ભૂખ્યું સૂઇ ન જાય એની ચિંતા કરવામાં એમનું પણ યોગદાન રહ્યું છે. આવા દુકાનદારોની પણ વર્ષોથી માંગણી હતી કે અમારા કમિશનમાં વધારો થવો જોઇએ. આ સરકારે એની પણ ચિંતા કરીને જે રકમ રૂપિયા ૧૦૮/- કમિશન હતું એના આપણે રકમ રૂપિયા ૧૫૦/- જેટલું કમિશન કરીને ૧૭,૦૦૦ જેટલા દુકાનદારોને પણ સંતોષ આપવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. આ વખતે તાલુકા વિકાસશીલ તરીકે જે તાલુકા ડિકલેર થયેલા છે. એની અંદર ગરીબ લોકોને કઠોળનું સાંરુ પોષણ મળે એના માટે આપણે ૧ કિલો વધારાના ચણા આપવાનો નિર્ણય લીધો છે. આ બજેટની અંદર આ ચણા માટેની પણ જયારે જોગવાઇ થઇ છે ત્યારે હું ચોક્કસ રીતે મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર માનું છું. મીઠામાં પણ આપણે ફેરફાર કરીએ છીએ. ફોર્ટીફાઇડ મીઠું આપવાનો આપણે નિર્ણય કર્યો છે. આપણે ભલે ૧ રૂપિયાનું મીઠુ આપતાં હોઇએ છીએ, પણ ગુજરાત માટે એના ઉપર રકમ રૂપિયા ૭૬ કરોડનો બોજ આવે છે, પરંતુ આપણે આ મીઠા જેવી આઇટમ પણ જરૂરિયાતમંદોને કેવી રીતે મળી શકે એના માટેની ચિંતા કરી છે. મારા વિભાગ દ્વારા અનેક પ્રકારની ઘણી બધી નવી આઇટમો પણ અમે લીધી છે. હું ચોક્કસ રીતે મારા બંને વિભાગના મંત્રી તરીકે ન્યાય આપવાનો પ્રયત્ન કરીશ. વિપક્ષના સભ્યશ્રીઓને પણ હું ખાતરી આપું છું. પરંતુ જયારે તાપી પાર લિંક યોજનાની વાત આવે છે ત્યારે હું આદિવાસી વિસ્તારમાંથી આવું છું. આ તાપી પાર લિંક યોજના મેં જે જાણ્યું છે એ પ્રમાણે વર્ષ ૧૯૮૦થી કોગ્રેસની સરકારમાં એનો આ વિચાર મૂકેલો. વર્ષ ૧૯૯૫માં એની ફિઝિબિલિટી તૈયાર થઇ. ત્યાર પછી અનેક સરકારો આવી. આ યોજના એક રાજ્ય પૂરતી નથી. આ યોજના અનેક રાજ્યો સાથે જોડાયેલી છે. આજે મેં શ્રી નીતિનભાઇ સાહેબ સાથે પણ એની ચર્ચા કરી કે જયારે આદિજાતિ વિસ્તારની વાત આવે, અમારા સભ્યશ્રીઓએ વાત કરી છે કે ડાંગ જિલ્લા જેવાની અંદર અમે ૨૦,૬૫૩ હેક્ટર જમીન આદિવાસીઓને આપી છે. તો શું અમે આદિવાસી જમીન ઝૂંટવી લઇએ? શું અમે ત્યાં એને વિસ્થાપિત કરીએ? શું અમે બીજી જગ્યાએ મોકલાવીએ? હું આ ગૃહના ધ્યાન ઉપર મુકુ છું કે અમે એક પણ આદિવાસીને વિસ્થાપિત નથી કરવાના, કોઇની એક પણ ઇંચ અમે જમીન લેવાના નથી. પરંતુ ૯માં પાનાં ઉપર અમે જે યોજના લાવ્યાં છીએ.

અધ્યક્ષશ્રી : માગણીઓ અને કાપ દરખાસ્તો મતદાન ઉપર મુકવાની છે. સમય લંબાવવો પડે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટમાં પૂરું કરું છું. આ યોજનામાં પાંચ વર્ષ માટે ૫૦૦ કરોડ ખર્ચવાના છીએ. (અંતરાય) હું પૂરું જ કરું છું. શ્રી શૈલેષભાઇ બે ત્રણ મિનિટમાં પતી જશે. પરંતુ જયારે વિપક્ષના લોકોએ મારી પાસે હું શું બોલું તે અપેક્ષા રાખી છે ત્યારે મારી જવાબદારી બને છે એટલે આ વાત કરું છું. પાંચ વર્ષમાં અમારા દિક્ષણ ગુજરાતની નદીઓ, એમાં કોઇ જગ્યાએ તાપીનો ઉલ્લેખ થયો નથી. શ્રી કનુભાઇ, એમાં પાર, ટાન, નાર, અને અંબિકા પછી કાવેરી હોય કે ખરેડો હોય, એ દક્ષિણ ગુજરાતની નદીઓ ઉપર અમે નાના મોટા ચેક ડેમ બનાવીશું. અમે યાં ઉદ્વહન સિંચાઇ દ્વારા પાણી ખેડૂતોને આપીશું. એક પણ ઇંચ અમે જમીન લેવાના નથી, અને અમે આ જ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ આગળ દોરીશું. એનું જીવન ધોરણ અમારે બદલવું છે. અમારે એને મજૂર રાખવો નથી, અમારે માઇગ્રેટ કરવો નથી, એની સદ્ધરતા એ જ અમારું સ્વપ્નું છે. એની સુખાકારી એ જ અમારો ધ્યેય છે. એટલા માટે અમે આવી યોજના લાવી રહ્યા છીએ. માનનીય શ્રી સુખરામભાઇએ જાતિ અંગેની વાત કરી છે હું ચોકકસ મંત્રી તરીકે એની પણ ચિંતા કરીશ. હું વિનંતી કરું છું કે આ આદિજાતિ અને અન્ન નાગરિક પુરવઠાની માગણીઓ છે તેને સર્વસંમતિથી મંજૂર કરે એવી અપેક્ષાએ મારી વાત પૂરી કરું છું. ધન્યવાદ.

(આ તબક્કે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ પોતાના સ્થાન પર ઉભા થઇને પ્રશ્ન પૂછવાનો આગ્રહ કરવા લાગ્યા)

અધ્યક્ષશ્રી : હજુ મારે મતદાન કરાવવાનું છે. સમય તો આપવો પડે ને? સમય નથી હવે, મતદાન કરાવવાનું છે.

ચૈત્ર ૪, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫ અને ૫૬ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા)

**માગણી ક્રમાંક-૨૨, ૨૩, ૯૩, ૯૬ અને ૧૦૫ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૦૨-૨૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૮મી માર્ચ, ૨૦૨૨ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક ૯૦ | વિષય સૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પેજ નં.** |
| અક્ષયકુમાર ઇ. પટેલ | ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,માર્ગ અને મકાન વિભાગ | ૧૭૮ |
| | રાજ્યમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળની પ્રયોગશાળાઓ | 24 |
| | વડોદરા આર.ટી.ઓ. કચેરીમાં વાહનો માટે ઓલ ઇન્ડિયા પરમિટ | ૨૬૧ |
| | સરદાર સરોવર બંધની સલામતી માટે લીધેલ પગલાં | ૪૨૯ |
| અજમલજી ઠાકોર | અરવલ્લી જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ | 424 |
| | ખેરાલુ અને સતલાસણા તાલુકાને ધરોઈ બંધનું ચોમાસામાં વહી જતું પાણી આપવા બાબત | 126 |
| | મહેસાણા જિલ્લામાં ઉંઝા જૂથ પાણી પુરવઠા યોજના | 86 |
| | મહેસાણા જિલ્લામાં તાલુકા પંચાયતના નવીન મકાનો | 259 |
| | સતલાસણા તાલુકામાં તળાવો ઉંડા ઉતારવા બાબત | 35 |
| અજીતસિંહ ચૌહાણ | ધોલેરા ખાતે ગ્રીનફીલ્ડ એરપોર્ટ બનાવવા બાબત | 385 |
| | પોરબંદર અને છાયા નગરપાલિકા વિરૂદ્ધ સરકારને મળેલ ફરિયાદો | ૪૫૮ |
| | બાલાસિનોર તાલુકાનું ઘાંટીયા તળાવ ભરવા બાબત | 15 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયેલ વાહનો | 264 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો | ૪૩૨ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં યાત્રાધામ વિકાસ માટે રકમ | 310 |
| | મહીસાગર અને વલસાડ જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના | 114 |
| | મહીસાગર જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના | 65 |
| અનંતકુમાર પટેલ | એ.ટી.એસ. અમદાવાદ દ્વારા ડ્રગ્સ પકડવા બાબત | 407 |
| | કલ્પસર યોજનાની કામગીરી | 280 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયેલ વાહનો | 321 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના | 129 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો | 444 |
| | નવસારીની એમ.જી.જી. સિવિલ હોસ્પિટલ બિલ્ડિંગની કામગીરી | 41 |
| | પાર-તાપી-નર્મદા રીવર લીંક પ્રોજેક્ટ હેઠળ ડેમો બનાવવા બાબત | 89 |
| | રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ-૩ની જગ્યાઓ | ૪૬૭ |
| | વલસાડ જિલ્લામાં મત્સ્યકેન્દ્ર વિકસાવવાની કામગીરી | 231 |
| અંબરીશભાઇ જી. ડેર | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ વિભાગ | 496 |
| | ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,માર્ગ અને મકાન વિભાગ | 168 |
| | અમરેલી જિલ્લાની બંધ નાની સિંચાઇ યોજના | 11 |
| | અમરેલી જિલ્લામાં એફએસઆરયુ પ્રોજેક્ટ | ૪૧૮ |
| | અમરેલી જિલ્લામાં બંધ નાની સિંચાઈ યોજનાઓ | ૧૧૨ |
| | રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં વાસ્મો યોજના | 63 |
| | અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતોના મકાન | 276 |
| | ઉંબા ખાતે પ્રવાસન સ્થળનો વિકાસ | 319 |
| | ખત્રીવાડાથી ધારાબંદર સુધીના રસ્તા પર પુલ બનાવવા બાબત | 226 |
| અભેસિંહ તડવી | છોટાઉદેપુર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો | 45 |
| | છોટાઉદેપુર જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના | 92 |
| | છોટાઉદેપુર જિલ્લામાં રોડ બનાવવા આયોજન | 278 |
| | છોટાઉદેપુર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | 227 |
| | નર્મદા જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ | 399 |
| | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ વિભાગ | ૪૯૪ |
| | ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ,માર્ગ અને મકાન વિભાગ | 170 |
| અરૂણસિંહ રણા | ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો | 53 |

| | | |
|---|---|---|
| | ભરૂચ જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન | 99 |
| | રાજપીપળા જિલ્લા જેલમાં કેદીઓને સલાહ અને સહાય | 393 |
| અરવિંદ છો. પટેલ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ વિભાગ | 495 |
| | નવસારી જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજના | ૭૫ |
| | રાજ્યમાં નવી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલોને મંજૂરી | 56 |
| | વલસાડ જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ | 424 |
| | વલસાડ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો | 22 |
| | વલસાડ જિલ્લામાં પુલ બનાવવા બાબત | 264 |
| અરવિંદ રાણા | અભિલેખાગાર ખાતાની કચેરીમાં અદ્યતન કોમ્પેક્ટર રેકોર્ડ સિસ્ટમ | 382 |
| | રાજ્યમાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી | 58 |
| | ભરૂચ જિલ્લામાં ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના | 107 |
| | રાજ્યમાં ભાંભરા પાણીમાં મત્સ્યોદ્યોગનો વિકાસ | 246 |
| અરવિંદકુમાર ગાં. પટેલ | ગુજરાત લાંબી બીમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક, ૨૦૨૧ | 367 |
| | મહેસૂલ વિભાગ, | 352 |
| | અમદાવાદ આર.ટી.ઓ. કચેરી દ્વારા ઓવરલોડ વાહનો સામે કેસ | 263 |
| | રાજ્યમાં પોલીસ વેલ્ફેર ફંડની રચના | 403 |
| અશ્વિનભાઈ કોટવાલ | સવાયો ગુજરાતી કેમ્પેઈન માટે રેડિયોમાં જાહેરાત | 254 |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આર.ટી.ઓ કચેરીમાં નોંધાયેલ વાહનો | 337 |
| | સાબરકાંઠા જિલ્લામાં નવા ચેકડેમ | ૭૫ |
| | ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકામાં સિંચાઈ સુવિધા | 22 |
| | રાજ્યમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાનો કરાર | 399 |
| | રાજ્યમાં ઉડાન યોજના અન્વયે સેવાઓ | 304 |
| | સનાથલમાં ઔડાની હદમાં ગેરકાયદેસર દબાણની ફરિયાદ | 440 |
| | સાબરકાંઠા જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના | 120 |
| આત્મારામ પરમાર | બોટાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૧૩૦ |
| | બોટાદ જિલ્લામાં ગઢડા જૂથ પાણી પુરવઠા યોજના | 89 |
| | બોટાદ જિલ્લામાં પ્રાણઘાતક અકસ્માત | 224 |
| | બોટાદ જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી | 41 |
| આનંદભાઈ ચૌધરી | સુરત જિલ્લામાં તાપી નદીમાં ખનિજોની કાર્યરત લીઝો | 447 |
| | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ વિભાગ | 487 |
| | ઓલપાડ તાલુકામાં સહકારી મંડળીમાં ડિરેક્ટરોની નિમણૂક | ૨૫૨ |
| | સુરત અને તાપી જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજના | 136 |
| | સુરત અને નવસારી જિલ્લામાં ખનિજ ચોરીની દંડનીય રકમ | 470 |
| | સુરત અને વલસાડ જિલ્લામાં કોરોના વોરિયર્સના આશ્રિત કુટુંબને સહાય | 95 |
| | સુરત શહેરમાં ગૌવંશ - ભેંસ વર્ગના ગેરકાનૂની કતલખાના | 415 |
| | સુરતની સરકારી મેડિકલ કોલેજનું સંવર્ગવાર મંજૂર મહેકમ | 50 |
| ઈન્દ્રજીતસિંહ પરમાર | ખેડા અને આણંદ જિલ્લામાં કેનાલોની પાઈપલાઈન નાખવામાં ગેરરીતિ | 436 |
| | ખેડા જિલ્લામાં આવેલ માઈનોર કેનાલો | 18 |
| | ખેડા જિલ્લામાં રૂર્બન યોજના અંતર્ગતની ગટર યોજના | 248 |
| | ખેડા અને આણંદ જિલ્લામાં ગુમ થયેલ બાળકો | 395 |
| ઈમરાન ખેડાવાલા | અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો | 339 |
| | અમદાવાદ જિલ્લામાં આઈ.ટી.આઈ. ના વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડ | 304 |
| | રાજ્યમાં લઘુમતિઓના કલ્યાણ માટે કેન્દ્ર પાસેથી ગ્રાન્ટની માંગણી | 83 |
| | રાજ્યમાં સ્થાનિકોને રોજગારી | 254 |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં કસ્ટોડિયલ ડેથના બનાવો | 392 |

| | | |
|---|---|---|
| | અમદાવાદ શહેરમાં લોકડાઉન-કરફ્યુના ભંગ બદલ નોંધાયેલ ગુના | 435 |
| | કચ્છ જિલ્લામાં ગ્રામ રક્ષક દળમાં કર્મચારીઓને છૂટા કરવા બાબત | 460 |
| | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના બોર્ડ નિગમો | 32 |
| ઋત્વિકભાઇ મકવાણા | ચોટીલા ખાતે નિર્માણાધીન બસ સ્ટેન્ડ પડી જવા બાબત | 335 |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના | ૩૮ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં શ્રમ કાયદાનો ભંગ | ૩૦૨ |
| | મહેસૂલ વિભાગ | ૩૫૩ |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં ખનિજ ચોરીની દંડનીય રકમ | 430 |
| | સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતોને કિસાન સૂર્યોદય યોજના અન્વયે દિવસે વીજળી પૂરી પાડવા બાબત | 87 |
| | સુરેન્દ્રનગર જિલ્લાના સ્થળોને ઈકો ટુરીઝમ સાઈટ તરીકે વિકસાવવા બાબત | 251 |
| | સુરેન્દ્રનગર જિલ્લાની આરોગ્ય વિભાગ હેઠળ આઉટસોર્સિંગ કર્મચારીઓ | 127 |
| | સુરેન્દ્રનગર જિલ્લાની કેનાલોમાં મીસીંગ લીંક | 381 |
| ઋષિકેશ ગ. પટેલ | ગુજરાત લાંબી બીમારીઓની સારવાર માટેનો તબીબી ખર્ચ માફ કરવા બાબત વિધેયક, ૨૦૨૧ | 368 |
| કેતનભાઇ ઇનામદાર | રાજપીપળા જિલ્લા જેલમાં કેદીઓને સલાહ અને સહાય | 384 |
| | વડોદરા જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી | 13 |
| | મહીસાગર જિલ્લામાં નમનાર જૂથ પાણી પુરવઠા યોજના | 64 |
| કનુભાઇ પટેલ | અમદાવાદ આર.ટી.ઓ. કચેરી દ્વારા ઓવરલોડ વાહનો સામે કેસ | 214 |
| | અમદાવાદ જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના હેઠળ વીજ ગ્રાહકોની નોંધણી | 60 |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ | ૪૧૧ |
| કનુભાઇ બારૈયા | ભાવનગર અને બોટાદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલો, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રનું સંવર્ગવાર મંજૂર મહેકમ | 81 |
